# જૈન મહાભારત

ભાગ-૨

પ્રકરણ : ૨૭ થી ૪૮

: પ્રવચનકાર :

પં. ચન્દ્રશેખરવિજયજી

૧૫૩

કમલ પ્રકાશન ટ્રસ્ટ

**પ્રકાશક :**
**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન
૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,
રીલિફ રોડ, અમદાવાદ-૧
ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**લેખક-પરિચય :**
સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**

**આવૃત્તિ :**

| | | |
|---|---|---|
| પ્રથમ સંસ્કરણ | : નકલ : | 3000 |
| દ્વિતીય સંસ્કરણ | : નકલ : | 3000 |
| તૃતીય સંસ્કરણ | : નકલ : | 3000 |
| ચતુર્થ સંસ્કરણ | : નકલ : | 3000 |

તા. ૧૫-૫-૨૦૦૪

*મૂલ્ય રૂ. ૫૦/-*

**ટાઈપસેટિંગ :**
**અરિહંત ગ્રાફિક્સ**
ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ

**મુદ્રક :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર એસ્ટેટ,
બારડોલપુરા, અમદાવાદ-૪

# પ્રકાશકીય

આ છે; પૂ. સિદ્ધાન્તમહોદધિ, કર્મશાસ્ત્રના અજોડ વિદ્વાન, સુવિશાલ ગચ્છાધિપતિ, સ્વ. આચાર્ય ભગવંત **શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજના સુવિનીત શિષ્યરત્ન પૂ.પં. **શ્રી ચન્દ્રશેખરવિજયજી** ગણિવરે આલેખેલો **'જૈન મહાભારત'** ઉપરનો કથાત્મક, સમીક્ષાત્મક અને વિવેચનાત્મક અપૂર્વ ગ્રન્થ !

શ્રી જૈનસંઘમાં 'જૈન મહાભારત' ઉપર આવો સર્વાંગીણ અને સર્વોપયોગી ગ્રન્થ આ સર્વપ્રથમ પ્રકાશિત થાય છે એવું અમે કહીએ તો તે અતિશયોક્તિ નહિ ગણાય. વિ.સં. ૨૦૩૫ની સાલમાં મુંબઈ ચંદનબાળામાં અને વિ.સં. ૨૦૩૬ની સાલમાં નાસિક(મહારાષ્ટ્ર)માં ચાતુર્માસ દરમિયાન પૂજ્ય પંન્યાસશ્રીએ 'જૈન મહાભારત' ઉપર હજારોની જનમેદની સમક્ષ દર રવિવારે જાહેર-પ્રવચનો આપ્યા હતા. આ પ્રવચનોએ પ્રજાને ઘેલું લગાડ્યું હતું અને માટે જ પૂ. પંન્યાસશ્રીની મહાભારતના પાત્રોને અનોખી દૃષ્ટિથી ઓળખાવતી અને જીવન જીવવાની કળાના પાઠ પઢાવતી એ અપૂર્વ ધર્મદેશનાઓ સાંભળવા હજારો ભાવુકો દોડ્યા આવતા હતા.

મુખ્યતઃ જૈન મહાભારતને જ નજર સમક્ષ રાખીને આ ગ્રન્થરત્નનું આલેખન થયું છે. છતાં અજૈન મહાભારતની પણ કેટલીક ઘટનાઓને અવસરે અવસરે સંસ્પર્શ કરીને તેનું ક્યાંક તુલનાત્મક તો ક્યાંક સમીક્ષાત્મક અને ક્યાંક વૈશિષ્ટ્યદર્શક વિવેચન કરવાનું પંન્યાસશ્રી ચૂક્યા નથી. સ્થાને સ્થાને જૈન મહાભારતનું ગરવું ગૌરવ-પ્રતિપાદન પણ એવું અનોખી શૈલીથી કરાયું છે કે જે વાચકને એક નવીન સમ્યગ્ દૃષ્ટિ અર્પી જાય છે.

પ્રારંભમાં પૂજ્યપાદશ્રીએ **રામાયણ** અને **મહાભારત**ની સરસ સંતુલના કરી છે અને ત્યારબાદ શ્રીકૃષ્ણ, ભીષ્મ, દુર્યોધન, કર્ણ, વિદુર, દ્રોણાચાર્ય, અશ્વત્થામા અને દ્રૌપદી જેવા મહાભારતના મુખ્ય પાત્રોનું પૂજ્યશ્રીએ કરેલું પાત્રાલેખન તો ખરેખર અદ્‌ભુત અને અનોખું છે. રખે, એ વાંચવાનું ચૂંતા ! વિશિષ્ટ કોટિની પ્રવચન અને લેખનશક્તિના સ્વામી પંન્યાસશ્રી એક સચોટ સમીક્ષક પણ છે એવી પ્રતીતિ વાચકને થયા વગર નહીં રહે. પાત્રાલેખન બાદ જૈન મહાભારતની મહાકથાનું મનનીય અને મનોહર આલેખન વાચકને હાથમાંથી પુસ્તક છોડવા નહિ દે.

મહાભારતની મહાકથાનો આ મહાગ્રન્થ પૂજ્યપાદશ્રીએ માત્ર પચીસ દિવસના ટૂંકા ગાળામાં, નાસિકના ચાતુર્માસ દરમિયાન સ્વહસ્તે આલેખ્યો છે, જેનો દ્વિતીય ભાગ અમે આપના હસ્તકમલમાં મૂકતાં અનેરો આનંદ અનુભવીએ છીએ.

આ ગ્રન્થના વાંચન અને મનનથી આપને એક અનોખી સમજણ પ્રાપ્ત થશે, સજ્જનોની સજ્જનતા અને દુર્જનોની દુર્જનતાની પરાકાષ્ટા જોઈને તેવા સજ્જન બનવાના અને દુર્જન નહિ બનવાના શુભ સંકલ્પો કરવાનું મન થશે, મનને આનંદ થશે, જીવનને જીવવાનો નવો દૃષ્ટિકોણ પ્રાપ્ત થશે. ટૂંકમાં સદ્‌વિચાર, સદુચ્ચાર અને સદાચારના સન્માર્ગ તરફ લઈ જવામાં આ ગ્રન્થ તમારો રાહબર બનશે.

માંડો ત્યારે વાંચવા, મહાભારતની મોંઘી અને મનનીય મહાકથા....

અમદાવાદ — **લિ. કમલ પ્રકાશન ટ્રસ્ટ**

તા. ૨૬-૫-૧૯૮૧ — **ટ્રસ્ટીમંડળ**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૨૭. | **ધર્મ તો મારો સ્વભાવ છે** | ૧ |
| | દ્રૌપદી અને કુન્તીનો ભાવાવેશ | ૧ |
| | યુધિષ્ઠિરના પ્રત્યુત્તર માટે સહુ આતુર | ૩ |
| | દ્રૌપદી ડાયનેમિક અને યુધિષ્ઠિર સ્ટેટિક | ૩ |
| | ત્રણ ઉત્તમ વિચારરત્નો | ૪ |
| | અપેક્ષા કોઈની રાખશો નહિ | ૪ |
| | આવેશમાં કદી આવશો નહિ | ૪ |
| | અધીરા કદી થશો નહિ | ૫ |
| | કટોકટીના પ્રસંગે ય બે સજ્જનોને અપૂર્વ શાંતિ | ૫ |
| | આવા વખતે તમારી સ્થિતિ શું થાય ? | ૬ |
| | નિત્સેના ત્રણ વાક્યો | ૬ |
| | યુધિષ્ઠિરની મહાનતાને છાજે એવો જવાબ | ૭ |
| | રાજા તરીકેના ગુણો યુધિષ્ઠિરમાં | ૮ |
| | 'ચાહીઅ ધરમસીલ નરનાહુ' | ૮ |
| | સત્યવ્રતી શાહુકાર ભીમ | ૯ |
| | ધાર્મિકતા મોટું પરિબળ | ૯ |
| | યુધિષ્ઠિરની ઉત્કૃષ્ટ સત્યનિષ્ઠા | ૧૦ |
| | ચાતકનો બોધ | ૧૧ |
| | ધર્મની પુનઃપ્રતિષ્ઠા | ૧૨ |
| | સ્વધર્મ સ્વયં ઉપદેશ છે | ૧૪ |
| | આજે ધર્મ ગૂંગળાય છે | ૧૫ |
| | ધર્મ વિના છૂટકારો નથી | ૧૬ |
| | હવે તો ધર્મીના જ ઘર સલામત | ૧૭ |
| | ધર્મહીન લોકો સુખી નથી | ૧૮ |
| | જ્યાં ધર્મ ત્યાં જ સુખ, શાંતિ અને સલામતી | ૧૯ |
| | ગંધમાદન પર્વતે પ્રયાણ | ૨૧ |
| | ઈન્દ્ર અને અર્જુન વચ્ચે મૈત્રી | ૨૧ |
| | ધર્મધ્યાન દ્વારા સમય પસાર કરતા પાંડવો | ૨૨ |
| ૨૮. | **કમળમાંથી પેદા થયેલાં વમળ** | ૨૩ |
| | નિયતિ ય પુરુષાર્થનું જ પરિણામ | ૨૩ |
| | સાદું જીવન=નિષ્પાપ જીવન | ૨૪ |
| | જરૂર : સગવડ : શોખ | ૨૪ |
| | છેવટે શોખનો તો ત્યાગ કરો જ | ૨૬ |
| | ભીમપુત્ર ઘટોત્કચ | ૨૭ |
| | કમળ લાવતો ભીમ | ૨૭ |

| | | |
|---|---|---|
| | ભીમ, અર્જુન આદિ સરોવરમાં ગૂમ | ૨૮ |
| | જ્યાં ધર્મ ત્યાં દુઃખ નહીં | ૨૮ |
| | કાઉસગ્ગ-ધ્યાનમાં લીન કુન્તી અને દ્રૌપદી | ૨૯ |
| | કાર્યસિદ્ધિ નિર્બળને સબળ કરે | ૩૦ |
| | આજના યુવાનો : રખડું 'ટ્રેમ્પ' જેવા | ૩૧ |
| | કુન્તી-દ્રૌપદીનો અખંડ જપ : કાયોત્સર્ગ | ૩૧ |
| | ભક્તિ : શુદ્ધિ : પુષ્ટિ | ૩૧ |
| | બલિદાન વિના સિદ્ધિ ? અસંભવ | ૩૨ |
| | શક્તિથી આરંભ : શુદ્ધિ-પુષ્ટિથી સિદ્ધિ | ૩૩ |
| | બલિદાન એળે જતું નથી | ૩૩ |
| | દૈવી-બળોની સુષુપ્તિ કેમ ? | ૩૪ |
| | શુદ્ધિનો અભાવ જ કારણ | ૩૫ |
| | અમૃતાનુષ્ઠાનની આરાધના કરો | ૩૬ |
| | કુન્તી અને દ્રૌપદીના ધ્યાનથી પાંડવોનો ઉગાર | ૩૭ |
| | નાગરાજના બંધનમાંથી મુક્તિ | ૩૮ |
| ૨૯. | **બે ય સ્વભાવની પરાકાષ્ટાએ** | ૩૯ |
| | દુર્યોધનને મુક્ત કરવા ભાનુમતીની વિનંતિ | ૩૯ |
| | દુર્યોધનને છોડાવવા ભીમનો વિરોધ | ૪૦ |
| | અપકારી ઉપરે ય ઉપકાર કરે તે સાચો સજ્જન | ૪૧ |
| | 'આપણે પાંચ નહિ, એકસો પાંચ' | ૪૧ |
| | અંદરોઅંદર યાદવાસ્થળી | ૪૨ |
| | ભારતના ભેદી રાજકારણ પર દૃષ્ટિપાત | ૪૩ |
| | લોકશાસન દ્વારા સંતશાસનનો નાશ | ૪૪ |
| | ભારતનું બંધારણ દેશહિતકારી અને સંસ્કૃતિનાશક | ૪૫ |
| | આમાં શેં જીવવું ? | ૪૬ |
| | હવે નેતૃત્વ કોણ લેશે ? | ૪૭ |
| | પ્રકાશ અને પ્રગતિની જૂઠી બૂમરાણ | ૪૮ |
| | શું કાળે પડખું બદલ્યું છે ? | ૪૮ |
| | આવી મિથ્યા હૈયાધારણાઓ શા માટે ? | ૫૦ |
| | એકલો જાને રે... | ૫૧ |
| | આપસી પ્રશ્નોને ઝટ ઉકેલો | ૫૧ |
| | કેવો ક્રૂર જમાનો ! છ પ્રસંગો | ૫૨ |
| | એકસંપી તો સાધો | ૫૪ |
| | યાદવાસ્થળી દ્વારા સત્યાનાશ | ૫૪ |
| | વૈદિકો અને જૈનોમાં આવી તાકાત છે ? | ૫૫ |
| | અર્જુન દ્વારા દુર્યોધનની મુક્તિ | ૫૬ |
| | આવી મુક્તિથી નારાજ દુર્યોધન | ૫૬ |
| | યુધિષ્ઠિરનું ટોચકક્ષાનું સૌજન્ય ! | ૫૭ |

આ તે દેશ છે... ૫૭
૩૦. **કૃત્યા રાક્ષસી** ૫૯
અત્યન્ત ઉદાસ દુર્યોધન ૫૯
દૈવીબળ બ્રહ્મચારી અને કૃપાપાત્રને ફળે ૬૦
સ્વાર્થ ખાતર કેવી સાધના ! ૬૦
પાંડવોને નારદજીની ચેતવણી ૬૧
ધર્મના શરણે પાંડવો ૬૧
સૈન્ય સાથે કૃત્યાનું આગમન ૬૨
ભીમનું પરાક્રમ ૬૨
દ્રૌપદીનું અપહરણ ૬૨
ક્રમશઃ પાંચેય પાંડવો મૂર્છિત ૬૩
જાગ્રત પાંડવો સાથે દ્રૌપદીની વાતચીત ૬૩
ઈન્દ્રમિત્ર દિવ્યપુરુષ દ્વારા બચાવ ૬૪
મહાત્માનો લાભ લેતા પાંડવો ૬૫
ધર્મની પ્રચંડ તાકાત ૬૫
શુદ્ધ ધર્મ શીઘ્ર ફળે ૬૬
પ્રસંગ ૬૭
દારૂત્યાગના પ્રભાવે શત્રુંજયાધિષ્ઠાતા બનતો સાળવી ૬૭
શ્રદ્ધાપૂર્વકના ધર્મની અજબ તાકાત : નવકારમંત્રની પ્રબળ શક્તિનું દૃષ્ટાંત ૬૯
ધૂન અને જપનું બળ : સંન્યાસીનું દૃષ્ટાંત ૭૧
'તન્મય-ભક્તિ લેખ ઉપર મેખ મારે' એ સિદ્ધ કરતો એક પ્રસંગ ૭૨
૩૧. **ગુપ્તવાસ** ૭૩
યુધિષ્ઠિરની શિખામણ ૭૩
પાંડવોના સાંકેતિક નામો ૭૪
શસ્ત્રોને સંતાડતો અર્જુન ૭૪
'કંક' બ્રાહ્મણરૂપે યુધિષ્ઠિર ૭૪
'વલ્લવ' રસોઈયારૂપે ભીમસેન ૭૫
'બૃહન્નટ' નપુંસકરૂપે અર્જુન ૭૬
'તંતિપાલ' અશ્વપરીક્ષકરૂપે સહદેવ ૭૭
'ગ્રન્થિક' ગોપાલકરૂપે નકુલ ૭૭
'સૈરન્ધ્રી' સુદેષ્ણાની સખીરૂપે દ્રૌપદી ૭૭
દ્રૌપદીને જોઈને કામુક બનેલો કીચક ૭૮
કીચક દ્વારા દ્રૌપદીની સતામણી ૭૯
ક્રુદ્ધ ભીમને ચૂપ કરતા યુધિષ્ઠિર ૮૦
ભીમને ઉત્તેજિત કરતી દ્રૌપદી ૮૦
ભીમ દ્વારા કીચકનો વધ ૮૧
સૈરન્ધ્રીને બાળી નાંખતા અટકાવતો ભીમ ૮૧
ભીમ દ્વારા કીચકના સો ભાઈઓનો વધ ૮૨
મલ્લકુસ્તીમાં વૃષકર્પરનું મોત ૮૨

| | | |
|---|---|---|
| | વાસના અતિખતરનાક તત્ત્વ | ૮૩ |
| | અનાદિનું વશીકરણ તાણે છે | ૮૪ |
| | જાત-કજાત | ૮૪ |
| | વાસના-વિમુક્તિ જ આશ્ચર્યરૂપ | ૮૪ |
| | પાંડવોને ઉઘાડા પાડવાની દુર્યોધનની ચાલ | ૮૫ |
| | સુશર્મા અને વિરાટનું યુદ્ધ | ૮૬ |
| | વિરાટને બચાવતો ભીમ | ૮૬ |
| | રાજા અને પાંડવોનો નગરપ્રવેશ | ૮૭ |
| | ઉત્તર દિશા તરફ દુર્યોધનનો હુમલો | ૮૭ |
| | સારથિ બૃહન્નટ સાથે યુદ્ધ કરવા જતો ઉત્તરકુમાર | ૮૭ |
| | રાજા વિરાટને આઘાત | ૮૮ |
| | ઉત્તરકુમારનો વિજય | ૮૮ |
| | અર્જુને યુદ્ધમાં દાખવેલું પરાક્રમ | ૮૮ |
| | પશુમાં ય ખુમારી ! માનવમાં નહિ ? | ૯૦ |
| | કર્ણ અને અર્જુન વચ્ચે મુકાબલો | ૯૨ |
| | અંતે... ગાયોને પાછી વાળતાં અર્જુન અને ઉત્તરકુમાર | ૯૩ |
| | એકલવીર અર્જુનને વિરાટના અભિનંદન | ૯૩ |
| | શૌર્યમાં સંખ્યા નહિ, ગુણવત્તા જ વિજય અપાવે | ૯૪ |
| | કિંમત છે સત્ત્વની, સંખ્યાની નહિ | ૯૫ |
| | ઝિંદાદિલીના કેટલાક પ્રસંગો | ૯૬ |
| | (૧) કુમારિલ ભટ્ટ | ૯૬ |
| | (૨) બંગાલી રાણી | ૧૦૦ |
| | (૩) રામલાલ બારોટ | ૧૦૦ |
| | (૪) બલિદાનથી શું ન મળે ? | ૧૦૨ |
| | (૫) કોઈકે તો તૈયાર થવું જ રહ્યું | ૧૦૩ |
| | (૬) જો દેવને પણ માનવ નમાવી શકે તો... | ૧૦૪ |
| | (૭) ગામડે ગામડે ઊભા છે આવા પાળિયાઓ | ૧૦૬ |
| | (૮) બેટા ! હવે પાણી પણ પછી... | ૧૦૮ |
| | (૯) આઝાદીની ચળવળમાં વરરાજાનું બલિદાન | ૧૦૮ |
| | અભિમન્યુ અને ઉત્તરાના લગ્ન | ૧૦૯ |
| | આવી મહાન હતી આર્યાવર્ત્તની મર્યાદાઓ | ૧૦૯ |
| | દુઃખ કરતાં પાપની દયા ખાઓ | ૧૧૦ |
| | સહુએ બલિદાન તો દેવું જ પડશે | ૧૧૧ |
| | સર્વ અનિષ્ટોનું મૂળ : મર્યાદાલોપ | ૧૧૧ |
| ૩૨. | **વિષ્ટિકાર શ્રીકૃષ્ણ** | ૧૧૨ |
| | દ્વારિકામાં પાંડવોનું આગમન | ૧૧૨ |
| | કૃષ્ણનો દૂત હસ્તિનાપુરમાં | ૧૧૨ |
| | કુરુક્ષેત્રમાં લડી લેવા પાંડવોને દુર્યોધનનું એલાન | ૧૧૩ |

શ્રીકૃષ્ણ અને પાંડવોની યુદ્ધ માટે તૈયારી ૧૧૩
દૂત સંજય દ્વારા ધૃતરાષ્ટ્રનો લુચ્ચાઈભર્યો સંદેશ ૧૧૪
દૂત દ્વારા યુદ્ધ અંગેનો અટલ નિર્ણય જણાવતા યુધિષ્ઠિર ૧૧૫
કાયરોની અહિંસા સાચી અહિંસા નથી ૧૧૬
યુધિષ્ઠિરનો સંદેશ સાંભળી ખિન્ન વિદુર અને ધૃતરાષ્ટ્ર ૧૧૭
દુર્યોધનને વિદુર અને ધૃતરાષ્ટ્રની સમજાવટ ૧૧૮
નાલાયકીભર્યો દુર્યોધનનો ઉત્તર ૧૧૮
વિદુરનો ઉજ્જવળ વૈરાગ્ય અને દીક્ષા ૧૧૯
આઘાતોમાંથી આત્મકલ્યાણ-માર્ગના પ્રસંગો ૧૧૯
શ્રીકૃષ્ણનું હસ્તિનાપુરમાં આગમન ૧૨૦
શ્રીકૃષ્ણની ધૃતરાષ્ટ્રને પ્રેમભરી સમજાવટ ૧૨૧
દિવ્યતેજભરી ચમકારા વેરતી શ્રીકૃષ્ણની વાણી ૧૨૧
ધૃતરાષ્ટ્રનો અસહાય જવાબ અને દુર્યોધનને સમજાવવા વિનંતી ૧૨૨
શ્રીકૃષ્ણની દુર્યોધનને સમજાવટ ૧૨૩
દુર્યોધનનો ધૃષ્ટતાપૂર્ણ પ્રત્યુત્તર અને લડી લેવાનો અફર નિર્ણય ૧૨૩
શ્રીકૃષ્ણની જડબાતોડ વાતો અને 'ના-યુદ્ધ'ની ભારપૂર્વક સલાહ ૧૨૪
'એક તસુય જમીન નહિ મળે'-દુર્યોધનના પ્રત્યુત્તરથી
છંછેડાયેલા શ્રીકૃષ્ણ ૧૨૬
ક્રોધે ભરાયેલા દુર્યોધનની વિદાય ૧૨૬
નિયતિ આગળ ભીષ્મ પણ ના-ઈલાજ ૧૨૬
દુર્યોધનને કેદ કરવાની શ્રીકૃષ્ણની ભીષ્મને સલાહ ૧૨૭
દુર્યોધનને ફરી સમજાવવા ધૃતરાષ્ટ્રની ગાંધારીને ભલામણ ૧૨૭
દુર્યોધનને માતા ગાંધારીની સલાહ ૧૨૮
શ્રીકૃષ્ણને પકડી લેવા દુર્યોધનનું કાવતરું ૧૨૯
શ્રીકૃષ્ણનું રૌદ્ર સ્વરૂપ ૧૨૯
શ્રીકૃષ્ણને ભીષ્મની લુચ્ચાઈભરી સલાહ ૧૨૯
ભીષ્મ-વચનનો શ્રીકૃષ્ણ દ્વારા અંશતઃ આદર ૧૩૦
શ્રીકૃષ્ણ પાસે દુર્યોધન અને અર્જુનની યાચના ૧૩૦
આર્યાવર્ત્તમાં કૃપાનું ઊંચું મહત્ત્વ ૧૩૧
સંખ્યામાં શક્તિ માનતા દુર્યોધનની મહાભૂલ ૧૩૨
ભારતીય પ્રજાના સર્વનાશનું મૂળ : બહુમતવાદની માન્યતા ૧૩૩
સંખ્યાસુર ઉપર નભતી લોકશાહી ખતરનાક ૧૩૩
છેવટે યુદ્ધ માટે ઉત્સુક શ્રીકૃષ્ણ ૧૩૫
ભીષ્મે અંતે નિષ્પક્ષ રહેવું જરૂરી હતું ૧૩૫
અપેક્ષાએ અર્જુનથી ય હેઠ દ્રોણ ૧૩૫
અંતે કર્ણને ય સમજાવતા શ્રીકૃષ્ણ ૧૩૬
પોતે કૌન્તેય છે એ જાણીને કર્ણની સ્તબ્ધતા ૧૩૭
અંતે કર્ણને સમજાવવામાં ય કૃષ્ણની નિષ્ફળતા ૧૩૮

| | | |
|---|---|---|
| | અર્જુન સિવાય પાંડવોને નહિ મારવાનું કર્ણનું વચન | ૧૩૮ |
| | કર્ણ : દાનેશ્વરી, ઋણદ્રષ્ટા છતાં અન્યાયી | ૧૩૮ |
| ૩૩. | **ઓળખી લો; સમષ્ટિના હત્યારાઓને !** | ૧૩૯ |
| | શ્રીકૃષ્ણની પક્કા રાજકારણી તરીકેની ભૂમિકા | ૧૩૯ |
| | પ્રજા અને સંસ્કૃતિ આગળ વ્યક્તિનું કોઈ મૂલ્ય નથી | ૧૪૦ |
| | વર્તમાનકાળ : દુર્યોધનોથી ભરેલો કાળ | ૧૪૦ |
| | વિકાસના નામે જ વિનાશ | ૧૪૧ |
| | ઘોર જીવહિંસા અને સંસ્કૃતિહિંસા | ૧૪૨ |
| | જ્ઞાનતંતુઓ ઉપર હુમલા | ૧૪૨ |
| | અરાજકતાનું મૂળ : સત્તાની લંપટતા | ૧૪૪ |
| | પોતાના જ હાથે પોતાની પ્રજાનું નિકંદન | ૧૪૫ |
| | છ લેશ્યાઓ ઉપર જાંબુ-વૃક્ષનું દૃષ્ટાન્ત | ૧૪૮ |
| | શ્રીકૃષ્ણની દૈવી ભેરી | ૧૪૮ |
| | ગુલાબને 'મોડ' ન આપો, તે ચીમળાઈ જશે | ૧૪૮ |
| | નિજ-પાપોને છુપાવવાની ચાલ | ૧૪૯ |
| | બુદ્ધિજીવીઓનો શેતાન બોલે છે | ૧૫૦ |
| | આ શેતાનનો ઉત્પાદક કોણ ? માનવહૈયાનો દુર્યોધન ! | ૧૮૨ |
| ૩૪. | **યુદ્ધની પૂર્વતૈયારી** | ૧૫૩ |
| | જરાસંઘના દૂતનો સંદેશ | ૧૫૩ |
| | શ્રીકૃષ્ણનો ચમચમતો ઉત્તર | ૧૫૩ |
| | જરાસંઘ સાથે યુદ્ધાર્થે પાંડવો અને શ્રીકૃષ્ણનું પ્રયાણ | ૧૫૪ |
| | મદ્રરાજની મૂંઝવણ અને અંતે ઉકેલ | ૧૫૪ |
| | કાતિલ છે સગાંવાદ | ૧૫૫ |
| | પાંડવ-શ્રીકૃષ્ણની અને કૌરવ-જરાસંઘની સેનાના પડાવ | ૧૫૫ |
| | પાંડવોને મારવાનો જશ લેવા દુર્યોધનની કામના | ૧૫૬ |
| | સેનાપતિરૂપે ભીષ્મની વરણી | ૧૫૬ |
| | શ્રીકૃષ્ણ સારથિ : ધૃષ્ટદ્યુમ્ન સેનાપતિ | ૧૫૭ |
| | યુદ્ધ માટે ઉભય પક્ષ સુસજ્જ | ૧૫૮ |
| ૩૫. | **અર્જુનનો વિષાદ** | ૧૫૯ |
| | અર્જુનને યોદ્ધાઓની ઓળખ આપતા શ્રીકૃષ્ણ | ૧૫૯ |
| | અર્જુનનો વિષાદ : મારે રાજલક્ષ્મી ન ખપે | ૧૬૦ |
| | અર્જુનને પાનો ચઢાવતા શ્રીકૃષ્ણ | ૧૬૧ |
| | 'પાપીઓ તેમના પાપે જ મરશે' | ૧૬૧ |
| | વ્યાસ દ્વારા અર્જુનનું વિષાદ-દર્શન | ૧૬૨ |
| | અર્જુન કહે છે : 'મારો મોહ હવે નષ્ટ થયો છે.' | ૧૬૫ |
| | આદિનાથ અને શ્રીકૃષ્ણની વિભિન્ન ભૂમિકા | ૧૬૫ |
| | 'પાર્થને કહો ચડાવે બાણ' | ૧૬૬ |
| | હતાશ ન થાઓ | ૧૬૬ |

ઢાંચો જ ભયંકર ૧૬૭
વિકૃતિઓને હટાવવાનું અશક્ય નથી ૧૬૮
આવો, પ્રતિ-આક્રમણ કરીએ ૧૬૯
ગામડે ગામડે લાખો અમીચંદો ૧૭૦
બહુમતીમાં ભગવાનની માન્યતા : એક ભૂત ૧૭૦
ઊંચા સ્તરોને જ વ્યવસ્થિત કરો ૧૭૧
ધર્મરક્ષા જ એક ઉપાય ૧૭૩
જેટલું સ્વકલ્યાણ જોરદાર તેટલું સર્વકલ્યાણ વ્યાપક ૧૭૩
ઘર-ઘરમાં વિશુદ્ધિનો દીપ જલાવો ૧૭૫
**૩૬. યુદ્ધારંભ : પહેલા દસ દિવસ : સેનાપતિ ભીષ્મ ૧૭૬**
યુધિષ્ઠિરનો મહાન વિનય ૧૭૬
ભીષ્મ પિતામહની ભવ્ય વાતો ૧૭૬
ધનનો પાશ ભયંકર : ચર્ચિલનો પ્રસંગ ૧૭૭
ભૂવા જેવા ધર્મગુરુઓ ય ધનરૂપી ડાકણને વશ ૧૭૮
આર્યદેશની મહાનતા ૧૭૯
પરદેશે 'બૉમ્બ' બનાવ્યા : ભારતે શત્રુતાને જ ખતમ કરી ૧૭૯
વિરોધી સાથે ય મૈત્રી કેળવો ૧૮૦
દુર્યોધનના અન્નથી ભીષ્મની બુદ્ધિ ભ્રષ્ટ ૧૮૧
આહારશુદ્ધિ (અજૈન મહાભારત પ્રસંગ) ૧૮૨
અનીતિના અન્નની જીવન ઉપર માઠી અસર ૧૮૩
વિરાટપુત્ર ઉત્તરકુમારનું આઘાતજનક મોત ૧૮૪
ભીષ્મને દુર્યોધનના કટાક્ષો ૧૮૪
ભીષ્મની ઉદાત્ત વાતો અને દુર્યોધનને આશ્વાસન ૧૮૫
ભીષ્મ પિતામહનો ઝપાટો ૧૮૬
અજબ હતા; નોબતના એ પડછંદા ૧૮૭
ભીષ્મની હાકલ : 'શ્રીકૃષ્ણ ! સાવધાન' ૧૮૭
શ્રીકૃષ્ણની પીતાંબરીની ગાંઠ છૂટી ગઈ ૧૮૮
ભીષ્મને હણી નાંખવાના કૃષ્ણના ઉત્સાહને અટકાવતો અર્જુન ૧૮૮
ભીષ્મને માત્ર ઘાયલ કરવાનો ઉપાય પૂછતા યુધિષ્ઠિર ૧૮૯
શિખંડીની સામે શસ્ત્ર મૂકી દેતા ભીષ્મ ૧૮૯
અન્તે નાછૂટકે ભીષ્મને ઘાયલ કરતો અર્જુન ૧૯૦
ભીષ્મના ગુણ-દર્શનની પરાકાષ્ટા ૧૯૦
દોષમાં ય ગુણદર્શનની કલાના પ્રસંગો ૧૯૦
ભીષ્મના પૂર્વજોની મહાન પ્રતિજ્ઞાચુસ્તતા ૧૯૧
આ દેશના રાજાઓ, ચોરો, બહારવટિયા ય મહાન ૧૯૨
મુનિની ભવિષ્યવાણીને યાદ કરાવતા વિદ્યાધરો ૧૯૩
મુનિની વાણીનો મર્મ સમજાવતા ભીષ્મ ૧૯૩
પિતામહની ચોફેર પાંડવો અને કૌરવો ૧૯૪

| | | |
|---|---|---|
| | જૈનમાત્ર દીક્ષાને ઝંખે | ૧૯૪ |
| | અર્જુનના બાણોના ઓશીકા ઉપર સૂતા ભીષ્મ | ૧૯૫ |
| | ભીષ્મને અણબોટ્યું પાણી પાતો અર્જુન | ૧૯૬ |
| | ઘાની ચિકિત્સા કરવા દેવા ભીષ્મને યુધિષ્ઠિરની વિનંતી | ૧૯૬ |
| | ભીતરી શલ્યોની ચિંતા કરતા ભીષ્મ | ૧૯૬ |
| | દુઃખે અદીન મહાપુરુષો : પ્રસંગો | ૧૯૭ |
| | છેલ્લી પળ સુધી ભીષ્મની દુર્યોધનને શીખ | ૧૯૮ |
| | દુર્યોધનનો નફ્ફટ ઉત્તર અને ભીષ્મની વેદના | ૧૯૮ |
| | ભીષ્મનો દીક્ષા-સ્વીકાર | ૧૯૯ |
| **૩૭.** | **યુદ્ધના મધ્યાહ્નમાં દ્રોણાચાર્ય : સેનાપતિ દ્રોણાચાર્ય (પાંચ દિવસ)** | ૨૦૦ |
| | અર્જુન અને દ્રોણનું યુદ્ધ | ૨૦૦ |
| | ભગદત્તનું મૃત્યુ | ૨૦૦ |
| | અભિમન્યુનો ચક્રવ્યૂહમાં પ્રવેશ | ૨૦૧ |
| | નિઃશસ્ત્ર અભિમન્યુનો વધ | ૨૦૧ |
| | જયદ્રથને મારવાની અર્જુનની પ્રતિજ્ઞા | ૨૦૨ |
| | અર્જુન-દ્રોણ-દુર્યોધન અને ભૂરિશ્રવા-સાત્યકિનું યુદ્ધ | ૨૦૨ |
| | ભીમ અને કર્ણનું યુદ્ધ : કર્ણનું વચનપાલન | ૨૦૩ |
| | અંતે જયદ્રથનો અર્જુન દ્વારા વધ | ૨૦૩ |
| | જબ્બર રાજનીતિજ્ઞ શ્રીકૃષ્ણ | ૨૦૪ |
| | કર્ણ દ્વારા ઘટોત્કચનો અને દ્રોણ દ્વારા વિરાટાદિનો વધ | ૨૦૬ |
| | યુધિષ્ઠિરનું અસત્યોચ્ચારણ અને દ્રોણનો આક્રોશ | ૨૦૬ |
| | શ્રીકૃષ્ણની રાજનીતિ | ૨૦૭ |
| | કેવો છે આ સંસાર ! | ૨૦૮ |
| | દ્રોણાચાર્યનું અન્યાય દ્વારા મૃત્યુ | ૨૦૮ |
| | અંતિમ સમાધિ સદ્ગતિ આપે | ૨૦૮ |
| | મરણને સુધારી જતાં કુમારપાળ : માધવરાવ : પાટડીના વૈદ્ય | ૨૦૯ |
| | અશ્વત્થામાએ છોડેલું ભયાનક નારાયણાસ્ત્ર | ૨૧૦ |
| | ભીમને બોચી પકડીને નમસ્કાર કરાવતા શ્રીકૃષ્ણ | ૨૧૧ |
| | વર્તમાનકાળનો બીજો અશ્વત્થામા | ૨૧૧ |
| | મહાનારાયણાસ્ત્રથી બચવાનો ઉપાય : ઈશ્વરની શરણાગતિ | ૨૧૨ |
| | અરિહંતની શરણાગતિમાં સૂક્ષ્મનું ઉત્પાદન | ૨૧૩ |
| | ભીતરનો ત્રીજો અશ્વત્થામા | ૨૧૫ |
| | છેવટે અશ્વત્થામા પલાયન | ૨૨૩ |
| **૩૮.** | **યુદ્ધની આથમતી સંધ્યાએ સેનાપતિ કર્ણ (બે દિવસ)** | ૨૨૪ |
| | દુઃશાસનને મારવાની પ્રતિજ્ઞા પૂર્ણ કરતો ભીમ | ૨૨૪ |
| | કર્ણના સારથિ બનતા મદ્રરાજ શલ્ય | ૨૨૫ |
| | અર્જુનને હણવાની કર્ણની પ્રતિજ્ઞા | ૨૨૫ |
| | કર્ણ-યુધિષ્ઠિરનું યુદ્ધ અને યુધિષ્ઠિર ઘાયલ | ૨૨૬ |
| | કૃષ્ણની આગઝરતી પ્રેરણા | ૨૨૬ |

| | | |
|---|---|---|
| | અર્જુન અને કર્ણનું તુમુલ યુદ્ધ | ૨૨૭ |
| | અંતે નિઃશસ્ત્ર કર્ણનો અર્જુન દ્વારા વધ | ૨૨૭ |
| | 'કર્ણ કુન્તીપુત્ર છે' એ જાણીને યુધિષ્ઠિરની વેદના | ૨૨૮ |
| | પાંડવો પાસે નાગકુમાર-દેવોનું આગમન | ૨૨૯ |
| **૩૯.** | **યુદ્ધનો છેલ્લો અંક : સેનાપતિ મદ્રરાજ શલ્ય (એક દિવસ)** | ૨૩૦ |
| | કર્ણમૃત્યુથી દુર્યોધનને આઘાત | ૨૩૦ |
| | અશ્વત્થામાનું પ્રોત્સાહન | ૨૩૦ |
| | અંતે મદ્રરાજનું મોત | ૨૩૦ |
| | ભીમે કાઢેલો કચ્ચરઘાણ અને દુર્યોધન પલાયન | ૨૩૧ |
| | ધર્મરાજની દુર્યોધનને હાકલ | ૨૩૧ |
| | દુર્યોધન દ્વારા ભીમને ભારે ગદાપ્રહાર | ૨૩૪ |
| | શ્રીકૃષ્ણની સલાહ મુજબ ભીમનો ભયંકર ગદાપ્રહાર | ૨૩૪ |
| | બળદેવનો ભારે રોષ | ૨૩૪ |
| | પાંડવોને લઈને શ્રીકૃષ્ણ વિદાય | ૨૩૫ |
| | દુર્યોધનની વેદનાથી ત્રસ્ત કૃપાચાર્યાદિ | ૨૩૫ |
| | પાંડવોને મારવાની યોજનાથી દુર્યોધન પ્રસન્ન | ૨૩૬ |
| | પાંડવોને બદલે પાંચાલોના માથા જોઈ અપ્રસન્ન દુર્યોધન | ૨૩૬ |
| | અંતે દુર્યોધનનું મોત | ૨૩૭ |
| | ધૃતરાષ્ટ્ર-ગાંધારીને ભારે આઘાત | ૨૩૭ |
| | કૃષ્ણ દ્વારા બળદેવનું સમાધાન | ૨૩૭ |
| | પાંચાલોના મૃત્યુથી પાંડવોને આઘાત : શ્રીકૃષ્ણનું આશ્વાસન | ૨૩૮ |
| | ધૃતરાષ્ટ્ર-ગાંધારીને આશ્વાસન આપવા જતા પાંડવો | ૨૩૮ |
| | શ્રીકૃષ્ણ દ્વારા સમાધાન અને પાંડવોને ધૃતરાષ્ટ્રાદિના આશિષ | ૨૩૮ |
| | ધૃતરાષ્ટ્રાદિની હસ્તિનાપુર તરફ વિદાય | ૨૩૯ |
| **૪૦.** | **યુદ્ધ ઉપર દૃષ્ટિપાત** | ૨૪૦ |
| | બધું જ દુર્યોધનના વાંકે | ૨૪૦ |
| | સર્વસ્વ ગુમાવતો દુર્યોધન | ૨૪૦ |
| | સ્ટમક : સેક્સ : ઈગો | ૨૪૧ |
| | દુર્યોધન મર્યો પણ અહંકાર જીવતો રાખીને | ૨૪૧ |
| | મહાભારતનું નગ્ન તાંડવ : કેટલાક શબ્દોમાં | ૨૪૨ |
| | યુદ્ધની નીતિની પાછળ ક્રૂર મનોવૃત્તિ | ૨૪૪ |
| | 'કષાયો ભયંકર છે' તેને નજરમાં લાવો | ૨૪૪ |
| | શ્રીકૃષ્ણ : મહાન રાજકારણી | ૨૪૫ |
| **૪૧.** | **જરાસંઘ-વધ** | ૨૪૬ |
| | જરાસંઘ સાથેના યુદ્ધમાં શ્રીનેમિકુમાર | ૨૪૬ |
| | શ્રીનેમિકુમાર દ્વારા અહિંસક યુદ્ધ | ૨૪૬ |
| | ભીમ દ્વારા હિરણ્યનાભનું મૃત્યુ | ૨૪૭ |
| | શ્રીકૃષ્ણના હાથે જરાસંઘનો વધ | ૨૪૭ |

| | | |
|---|---|---|
| | ત્રિખંડાધિપતિ બનતા શ્રીકૃષ્ણ | ૨૪૭ |
| | આર્યાવર્ત્તનો રાજા કેવો હોય ? | ૨૪૮ |
| | ધર્મથી પ્રજાનું પરસ્પર રક્ષણ | ૨૪૯ |
| | ભૂલ કરે તો રાજાને ય ઉઠાડી મુકાતો | ૨૪૯ |
| | 'સેક્યુલર સ્ટેટ'ના નામે ધર્મનો નાશ | ૨૫૦ |
| ૪૨. | **ભીષ્મ મુનિનો કાળધર્મ** | ૨૫૧ |
| | મુનિ ભીષ્મને વંદનાર્થે પાંડવોનું ગમન | ૨૫૧ |
| | પાંડવોને આત્મધર્મ સમજાવતા ભીષ્મ મુનિ | ૨૫૧ |
| | આરાધના કરતાં ભીષ્મનું મૃત્યુ : બારમા સ્વર્ગે પ્રયાણ | ૨૫૨ |
| | અલ્પ પણ ધર્મનું બળ ખૂબ મહાન છે | ૨૫૨ |
| | પાપો પ્રત્યે તીવ્ર ધિક્કાર મુક્તિપ્રદાતા છે | ૨૫૩ |
| | સાચો સાધુ  તે જે શરીર સાથે યુદ્ધ ખેલે | ૨૫૪ |
| ૪૩. | **શ્રીનેમિનાથ : વિવાહ, દીક્ષા, કૈવલ્ય** | ૨૫૫ |
| | નેમ-રાજુલના નવ ભવ | ૨૬૧ |
| | રહનેમિ પ્રસંગ | ૨૬૨ |
| ૪૪. | **દ્રૌપદીનું અપહરણ : પાંડવોની હકાલપટ્ટી : ગજસુકુમાલ** | ૨૬૩ |
| | દેવકીના છ પુત્રો | ૨૬૬ |
| | ગજસુકુમાલ | ૨૬૮ |
| ૪૫ | **ધર્માત્મા શ્રીકૃષ્ણ** | ૨૭૧ |
| | વીરો સાળવી | ૨૭૧ |
| | શ્રીકૃષ્ણની સર્વસંગત્યાગની ઉત્કટતા | ૨૭૩ |
| ૪૬. | **દ્વારકાનો દાહ અને શ્રીકૃષ્ણનું અવસાન** | ૨૭૫ |
| | નિશ્ચિત ભાવિ | ૨૭૫ |
| | સિદ્ધાર્થ સારથિની દીક્ષા | ૨૭૬ |
| | '***किमाश्चर्यमतः परम्*** | ૨૭૭ |
| | યાદવોનું દારૂપાન અને તોફાન | ૨૮૨ |
| | ધર્મક્રિયાની પ્રચંડ તાકાત | ૨૮૪ |
| | સૂક્ષ્મનું પ્રચંડ બળ | ૨૮૫ |
| | દ્વારકા-દહન | ૨૮૮ |
| | જલતી દ્વારકામાંથી બળદેવ અને શ્રીકૃષ્ણની વિદાય | ૨૯૦ |
| | દારૂની ભયાનકતા | ૨૯૧ |
| | જરાકુમાર દ્વારા શ્રીકૃષ્ણની હત્યા | ૨૯૫ |
| | પુણ્ય પરવારે ત્યારે | ૨૯૭ |
| | પુણ્ય : એક અપરિહાર્ય શક્તિ | ૨૯૯ |
| | હત્યારા પ્રત્યે શ્રીકૃષ્ણની કરુણા | ૩૦૩ |
| ૪૭. | **બળદેવનો સંસારત્યાગ, અદ્ભુત સાધના અને સ્વર્ગગમન તથા શ્રી નેમિનાથનું નિર્વાણ અને પાંડવ-દીક્ષા** | ૩૦૬ |
| | બળદેવનો વિલાપ | ૩૦૬ |
| | મોહના તોફાન | ૩૦૭ |

| | | |
|---|---|---|
| | સિદ્ધાર્થદેવ દ્વારા બળદેવને પ્રતિબોધ | ૩૦૮ |
| | પનિહારી પ્રસંગ | ૩૦૯ |
| | કોઈના પાપમાં ય નિમિત્ત ન બનવું | ૩૧૦ |
| | શીલ માટે ત્રણ બલિદાનો | ૩૧૦ |
| | બળદેવ મુનિની અનુપમ સાધના | ૩૧૨ |
| | ***'अहिंसाप्रतिष्ठायां वैरत्यागः'*** | ૩૧૩ |
| | ભાવ આપો : સદ્ભાવ પામો | ૩૧૬ |
| | બળદેવ મુનિ, રથકાર અને હરણિયું | ૩૧૯ |
| | પરગુણપ્રમોદ અને સ્વદોષદર્શન | ૩૨૦ |
| | ધર્મના બે પાયા : ગર્હા અને અનુમોદના | ૩૨૨ |
| | પાંડવો દીક્ષાના માર્ગે | ૩૨૭ |
| | નિમિત્ત મળતાં તો સંસારત્યાગ કરવો જ | ૩૨૭ |
| | દીક્ષા લેવી સહેલી, પાળવી બહુ મુશ્કેલ | ૩૨૮ |
| | પરમાત્મા નેમિનાથનું નિર્વાણ | ૩૩૦ |
| **૪૮.** | **લેખકની વાત** | **૩૩૧** |

## ૨૭.

# 'ધર્મ તો મારો સ્વભાવ છે'

પ્રિયંવદનના ગયા બાદ દ્રૌપદી ભારે આવેશમાં આવી ગઈ. તેનો આવેશવાળો સ્વભાવ તો હતો જ પણ આજે તેણે માઝા મૂકી દીધી.

દ્રૌપદીને વારંવાર વસ્ત્રાહરણનો પ્રસંગ નજર સમક્ષ આવ્યા કરતો હતો. એથી તેનો ક્રોધ કદી શાંત પડતો ન હતો. શત્રુઓના વૈરનો બદલો લેવા માટે તે તીવ્રતાથી તલસતી હતી અને હજી સુધી વૈરનો બદલો લઈ શકાયો ન હતો એટલે એના આવેશમાં ક્યારેક તો અર્ધપાગલ જેવી તેની દશા થઈ જતી.

દ્રૌપદીનો સઘળો આવેશ મુખ્યત્વે યુધિષ્ઠિર પ્રત્યે હતો, કેમકે તે જ મહાબળવાન એવા ભીમ અને અર્જુનને કશુંય પણ નહિ કરવા માટે સમજાવતા હતા.

'ખૂનકા બદલા ખૂન સે' એ દ્રૌપદીનો ન્યાય હતો.

'ખૂનકા બદલા દેર સે' એ યુધિષ્ઠિરની વાત હતી. હવે શી રીતે એ બે નો મેળ પડે ?

### દ્રૌપદી અને કુન્તીનો ભાવાવેશ

પ્રિયંવદન પાસેથી જે વાતો દ્રૌપદીએ સાંભળી તે તેના માટે અસહ્ય હતી.

તેણે ક્રોધથી ચીસ પાડતાં કહ્યું, "આ દુર્યોધન કેટલો નીચ છે ? આપણને હરામખોરીથી વનભેગા કર્યા તો ય હજી તે આપણો પીછો મૂકતો નથી. આપણને મારી નાંખવા માટે તે અત્યંત આતુર છે.

ઓ, સાસુજી ! તમે તો પાંચેય પુત્રો છતાં મારી દૃષ્ટિએ વાંઝણાં છો, કેમકે તમારા પાંચેય પુત્રો નપુંસક પાક્યા છે. જો આ લોકોમાં સામર્થ્ય હોત તો એ પાપિયાને ક્યારનો ય ધરતી ઉપર ઢાળી દીધો હોત.

હાય ! નહિ તો શું તાકાત હતી કે દુઃશાસન મારા કેશ પકડી શકે? અને દુર્યોધન મને જાંઘ ઉપર બેસવાનું કહેવા જેટલો નિર્લજ્જ બની શકે? અને પેલો સૂતપુત્ર કર્ણ મને જાહેરમાં 'વેશ્યા' કહે ? પેલા પિતામહ થઈને બેઠેલા, બધાને ખુશ રાખવાના સ્વભાવવાળા ભીષ્મ મહારાજ ચૂપ રહે ?

એક પતિની સ્ત્રીની પણ જે રક્ષા એનો પતિ કરે તેટલી ય મારી રક્ષા તમારા પાંચેય પુત્રો-મારા પાંચ પાંચ પતિઓ-કરી શક્યા નથી. મારું તો જીવતર ઝેર થઇ ગયું છે !

જો તમારે લોકોએ મારી આવી રીતે લાજ જ લૂંટાવવી હોય તો તમે મને ઝેર આપીને મારી નાંખો તે હું વધુ પસંદ કરું છું. હવે મારાથી આ અન્યાય ખમાતો નથી.

ધન્ય છે તમારા લોકોની સત્યનિષ્ઠાને ! ધન્ય છે તમારા લોકોની વીરતાને ! તમારી સહનશીલતાને !"

દ્રૌપદીના આગઝરતા શબ્દો સાંભળીને કુન્તી ઊકળી પડી. તેણે યુધિષ્ઠિરને સખત ભાષામાં ઠપકો આપતાં કહ્યું, "હવે તારે ક્યાં સુધી આમ નમાલા રહેવું છે ? અરે ! આ દ્રૌપદીના હૈયાની સિતમગાર વેદના જોઈને ય તને કાંઈ થતું નથી ? અરે ! ઉઘાડા પગે ચાલતા અને જીર્ણ વસ્ત્રો પહેરતા તારા ભાઈઓને જોઈને ય તને દયા આવતી નથી ? અરે ! મારા માટે ય તને કશો વિચાર આવતો નથી ?

યુધિષ્ઠિર ! મને વિચાર આવે છે કે તારા કરતાં મારા પેટે પથ્થર....''

કુન્તીને અટકાવીને દ્રૌપદી બોલવા લાગી, ''હે નાથ ! માતાજીના આ વેણ સાંભળો ! હવે તો ઊઠો, શસ્ત્રો સજ્જ કરો. અને સબૂર ! જો તમને તમારી પ્રતિજ્ઞા નડતી હોય 'તેર વર્ષના વનવાસની' તો તમારી પ્રતિજ્ઞા તમારી પાસે અમર રહો ! પણ આ તમારા ભાઈઓ - ભીમ અને અર્જુને તો પ્રતિજ્ઞા લીધી નથી ને? તમે તેમને ઠીક લાગે તે બધું કરી છૂટવાની માત્ર રજા તો આપો. તમારા નિષેધને લીધે તેઓને ચૂપ બેસી રહેવાની ફરજ પડી છે.''

### યુધિષ્ઠિરના પ્રત્યુત્તર માટે સહુ આતુર

ભીમે કહ્યું, ''હું તો આ ઘડીએ તૈયાર છું. મોટાભાઈ રજા આપે કે આ ચાલ્યો હસ્તિનાપુર તરફ! મારે અર્જુનની ય જરૂર નથી. પાપીઓનો તો હું મહાકાળ છું.''

અર્જુને કહ્યું, ''ભીમની વાત તદ્દન સાચી છે. હવે તો સવાલ છે પૂજનીય મોટાભાઈની રજા પ્રાપ્ત કરવાનો ! કદાચ દ્રૌપદી જ આ રજા અમને અપાવી શકશે.''

આટલું કહીને સહુ એકબીજાને ચૂપ રહેવાનો સંકેત કરીને શાંત થઈ ગયા. હવે મોટાભાઈ યુધિષ્ઠિર શો જવાબ આપે છે તે જાણવા માટે સહુ આતુર બન્યા.

સાવ શાંત બેસી રહેલા યુધિષ્ઠિરે હવે વાત શરૂ કરી.

દ્રૌપદીની આગઝરતી બોમ્બવર્ષા સામે યુધિષ્ઠિરે જે શાંતિ પકડી રાખી એ જ એની મહામાનવતા હતી.

જ્યારે કોઈક આક્રમક બને ત્યારે સામેની વ્યક્તિએ શાંત બનવું જ પડે.

### દ્રૌપદી ડાયનેમિક અને યુધિષ્ઠિર સ્ટેટિક

દ્રૌપદી 'ડાયનેમિક' બની એટલે યુધિષ્ઠિર 'સ્ટેટિક' બની ગયા.

લોકો ડાયનેમિક બનીને ધરતી ઉપર દોડાદોડ કરે છે એ વખતે ધરતીએ 'સ્ટેટિક' બનવું જ રહ્યું. તે જો થોડીક પણ અકળાઈને હલનચલન કરે તો મોટી હોનારત સર્જાય.

પુરૂષ ડાયનેમિક છે માટે સ્ત્રીએ હંમેશ સ્ટેટિક બનવું જ જોઈએ. ક્યારેક સ્ત્રી ડાયનેમિક થઈ જાય તો પુરૂષે સ્ટેટિક બની જઈને બગડતી બાજી સુધારી જ લેવી પડે.

અરિહંત ભગવંત ડાયનેમિક છે તો સિદ્ધ ભગવંત કેવા સ્ટેટિક છે!

દ્રૌપદીને આપણે અપેક્ષાએ મર્દ છાપની સ્ત્રી કહી શકીએ અથવા તો આર્યદેશની સ્વમાનભરી સન્નારી કહી શકીએ. જો કે એનો આવેશ વધુપડતો જરૂર કહી શકાય. વળી એનામાં અધીરાઈનું તત્ત્વ પણ વધુપડતું કહી શકાય. એનામાં વૈરની વસૂલાત કરવાની અપેક્ષા પણ વધારેપડતી કહેવાય.

ખરેખર તો આવેશ, અપેક્ષા અને અધીરાઈ ધર્મક્ષેત્રીય પ્રશસ્ત બાબતો માટેના હોય તો જ તે ગુણરૂપ છે. સાંસારિક બાબતો માટેના આવેશો, અપેક્ષાઓ અને અધીરાઈઓ નિતરાં દોષરૂપ છે.

### ત્રણ ઉત્તમ વિચારરત્નો

માનવે જીવનમાં સુખી થવું હોય તો ત્રણ દુર્ગુણોનો હંમેશ ત્યાગ કરવો જોઈએ : ૧. અપેક્ષા ૨. આવેશ ૩. અધીરાઈ.

સુખી થવું હોય તો :

**૧. અપેક્ષા કોઈની (ભૌતિક પદાર્થની) રાખશો નહિ.**

**૨. આવેશમાં કદી આવશો નહિ.**

૩. અધીરા કદી થશો નહિ.

જો જીવનમાં આ ત્રણ વાક્યોનો અમલ કરશો તો તમારા ઘણાં બધા દુઃખો આપોઆપ વિલય પામી જશે.

### અપેક્ષા કોઈની રાખશો નહિ

કદી કોઈની પણ અપેક્ષા રાખો નહિ. 'આ તો આમ જ થવું જોઈએ', 'આણે આટલું કામ તો અવશ્ય કરવું જ જોઈએ', 'કપડાંમાં કરચલી ન જ પડવી જોઈએ', 'શાક આવું જ જોઈએ.' આવી બધી અનેક અપેક્ષાઓ જીવનના દુઃખોનું મૂળ છે. આ અપેક્ષાઓ જીવનના સુખને ચગદી નાંખે છે. અપેક્ષાઓના કાદવમાં અટવાઈ જઈને જીવન ખલાસ કરી નાંખવાની હવેથી માંડવાળ કરો.

### આવેશમાં કદી આવશો નહિ

આવેશ (ક્રોધ) પણ અત્યંત ભયંકર છે. આવેશમાં આવી જઈને માણસો એવા વચનો બોલી નાંખે છે કે જાણે એનાથી બીજાના હૈયાના ટૂકડા થઈ જતા ન હોય ! જેના ઉપર માણસને અથાગ પ્રેમ છે, લાગણી છે, જેને તે મહામૂલ્યવાન વ્યક્તિ માનતો હોય છે એની જ ઉપર જ્યારે ક્રોધનો આવેશ આવે છે ત્યારે તે મૂલ્યવાન ગણાતા માણસને પણ ધુત્કારી નાંખે છે, તિરસ્કારી નાંખે છે. આવેશમાં માણસના મગજના બધા જ 'સેલ' જાણે ખતમ થઈ જતા હોય છે. આવેશમાં બીજાઓ સાથે વૈરના જીવલેણ સંબંધો બંધાઈ જાય છે. ખંજરના ઘા કરતાં ય આવેશ ભરેલી વાણીના ઘા ઘણીવાર પ્રાણઘાતક બની જતા હોય છે. તીરમાંથી છૂટેલા બાણની જેમ વાણીના બાણ છૂટ્યા પછી પાછા ફરતાં નથી. માટે જ આવેશને ખૂબ જ કાબૂમાં રાખવો જોઈએ. આવેશથી જે નુકસાન થાય છે તે આવેશ નહિ કરવાથી થતાં નુકસાન સામે પ્રમાણમાં ઘણું વધુ હોય છે.

### અધીરા કદી થશો નહિ

ત્રીજો દુર્ગુણ છે; અધીરાઈ. તે માણસના મનને ઊંચું-નીચું કરી નાંખે છે. કોઈ પણ કાર્યમાં અધીરાઈ કરવાની જરૂર શી છે ? ભવિતવ્યતાનું જે નિર્માણ હશે તે પ્રમાણે બન્યા જ કરવાનું છે. એમાં ઝાઝી હાયવોયથી શો લાભ ?

કોઈ પણ કાર્યનું પરિણામ આવતાં અમુક સમય તો લાગવાનો જ છે. આજે બી વાવો અને આજે ને આજે જ ફળ બેસી જાય એવું કદી બનવાનું નથી.

જો જીવનમાંથી અપેક્ષા, આવેશ અને અધીરાઈ-આ ત્રણ દૂર કરી દેવામાં આવશે તો અપૂર્વ શાંતિ અને સમાધિ પ્રાપ્ત થઈ જશે.

### કટોકટીના પ્રસંગે ય બે સજ્જનોને અપૂર્વ શાંતિ

એક પ્રોફેસરે વીસ વર્ષની મહેનત બાદ પોતાની એંસી વર્ષની જૈફ ઉંમરે એંસી હજાર શબ્દોનો એક મહાકોષ તૈયાર કર્યો હતો.

કોઈ કારણસર પોતાની ઑફિસમાંથી તેઓ બહાર ગયા. તેમના પાળેલા કૂતરાએ ઓફિસમાં પ્રવેશ કર્યો અને કૂદકો મારતાં ટેબલ ઉપર પડેલા દીવાને એક લાત વાગી ગઈ. સળગતો દીવો ઊંધો વળી ગયો. તેની ઝાળ ટેબલ ઉપર રહેલાં પુસ્તકોને અડતાં પુસ્તકો બળવા લાગ્યા. ધીમે ધીમે મહાકોષના પ્રેસમેટરના તૈયાર કરેલા તમામ કાગળિયાં આગમાં બળી ગયા.

શબ્દકોષના પ્રણેતા જ્યારે ઘરમાં આવ્યા ત્યારે પરિસ્થિતિને જોઈને તેમણે કૂતરાને ખૂબ શાંતિથી એટલું જ કહ્યું, “ટોમી ! તેં શું કરી નાંખ્યું છે તેની તને જ ખબર નથી ! ચાલ, હવે આવું

કરતો નહિ."

વીસ વર્ષની અથાગ જહેમત થોડીક જ પળોમાં સાફ થઈ જવા છતાં અપરાધી ઉપર લગીરે આવેશ નહિ !

આવું જ બીજા એક સજ્જનના જીવનમાં બન્યું હતું. એકાએક પોતાના ઘરને આગ લાગી જતાં દંપતી બહાર નીકળી ગયા. તે વખતે પુરૂષે પોતાની પત્નીને કહ્યું, "જો, આગના ભડકા કેવા લાલપીળા દેખાય છે ! એની ઝાળો એકબીજામાં કેવી હળીમળીને આકાશ તરફ કૂદી રહી છે !"

સામાન્ય કક્ષાના માણસો પણ જો આટલી બધી ચિત્તશાંતિને હાંસલ કરી શકતા હોય તો તમારી પાસે તો અમે કેટલી મોટી સ્વસ્થતાની અપેક્ષા રાખી શકીએ !

**આવા વખતે તમારી સ્થિતિ શું થાય ?**

ધારો કે તમારે કોઈના લગ્નમાં જવાનું હોય, હેંગર ઉપર તમારું બુશર્ટ લટકી રહ્યું હોય અને તમારા જ નાના છોકરાથી તેની ઉપર શાહીના બે-ત્રણ છાંટા પડી ગયા તો તમે કેટલા ગરમ થઈ જાઓ ? ઊંચકીને તમે કેવા બે તમાચા તેને લગાવી દો ? જે તમારો અતિ વહાલો પુત્ર છે એને ય ક્રોધના આવેશમાં આવીને તમે કેવું મારી દો છો ?

ક્રોધના આવેશમાં માણસ શું શું નથી કરતો ?

આથી આ ત્રણ વાક્યોને (heaven-sent sentences) સ્વર્ગથી અવતાર પામેલા ધરતીના વાક્યો જેવા સમજીને જીવનમાં ઉતારો એ ખૂબ મહત્ત્વનું છે.

**નિત્સેના ત્રણ વાક્યો**

જર્મન ફિલસૂફ નિત્સેના જે સુપ્રસિદ્ધ ત્રણ વાક્યો છે તેને દ્રૌપદીએ પહેલેથી જ આત્મસાત્ કરી લીધા હતા. નિત્સેની ગુરુણી દ્રૌપદી હશે એમ લાગે છે.

નિત્સેએ કહ્યું છે :

(૧) **Live dangerously**

-બીજાઓ તમારાથી ડરે એટલા ભયરૂપ તમે બનો.

(૨) **Weakling is evil.**

-નબળાઈ એ જ મોટું પાપ છે.

(૩) **Build your houses on walkanows.**

-તમારા ઘરો ઊકળતા લાવારસના પહાડો ઉપર જ બાંધો. (જેથી તમારા જીવનની પ્રત્યેક પળ સાવધાનીથી જ ગુજારવી પડે.)

પણ દ્રૌપદીના ક્રોધનો એક છેડો હતો જ્યારે યુધિષ્ઠિરની આશ્ચર્યજનક સમતાનો બીજો છેડો હતો. હા, આથી જ સમતુલા સચવાઈ રહી હતી. બે ય આગ બની જાત તો શું થાત તે કલ્પી ન શકાત.

**યુધિષ્ઠિરની મહાનતાને છાજે એવો જવાબ**

યુધિષ્ઠિર ખૂબ શાન્ત ચિત્તે બોલ્યા, "ક્ષાત્રવટને છાજે તેવા તમારા સહુના શૌર્યભાવને જોઈને હું તો ખૂબ રાજી થયો છું. આથી મારું શેર લોહી ચડ્યું છે. પરંતુ તમે એક વાત બરોબર સમજી લો કે દ્યૂત રમવાની ભયંકર ભૂલનો ખાડો મેં જ ખોદ્યો છે અને હું હાથે કરીને એમાં પડીને માર ખાઈ ચૂક્યો છું. આમાં સૌથી વધુ દોષ મારો છે. વળી જે કાંઈ ખોટું પણ બન્યું છે તે બધું ય સત્યના

રસ્તા દ્વારા બન્યું છે. કાયદેસર રીતે તે લોકો વડે દ્યૂત જિતાયો છે અને કાયદેસર રીતે વડીલોની સલાહથી બારવર્ષી વનવાસ વગેરે આપણા લલાટે અંકાયા છે. હવે આપણે તે વનવાસ પૂરેપૂરો ભોગવી લેવો જોઈએ. તેરમું ગુપ્તવાસનું વર્ષ પણ પૂરું કરી જ દેવું જોઈએ. 'બીજાઓ અન્યાય કરે માટે આપણે પણ અન્યાય જ કરવો' એ રાજકારણની ભાષા ભલે ગણાતી હોય પણ મને તે માન્ય નથી અથવા તમે મને રાજકારણનો ખેલાડી જ ન કહો, મને ધર્મકારણનો સેવક કહો. મને ખરેખર રાજકારણ ગમતું નથી. મને ધર્મ જ ગમે છે."

આટલું બોલતાં ગદ્‌ગદ્ થયેલા યુધિષ્ઠિરે કહ્યું, "ધર્મ તો મારો સ્વભાવ છે. હું એનાથી વેગળો રહી શકું નહિ. ના, આપણે અન્યાયની સામે અન્યાય આચરીને નહિ પરંતુ 'ન્યાય' આચરીને બધું જ કરી શકીશું. રાજ પાછું લઈ શકીશું, વસ્ત્રાહરણના કાળા પાપનો બદલો લઈ શકીશું, વૈરની વસૂલાત પણ કરી શકીશું. પણ હા, ન્યાયમાર્ગે જ; અન્યાયને માર્ગે તો કદાપિ નહિ.

એક વાર તેર વર્ષની બે ય પ્રતિજ્ઞા વનવાસ અને ગુપ્તવાસની પૂર્ણ થવા દો પછી તમે મારો ઝપાટો જોઈ લેજો કે કેટલો કાતીલ નીવડે છે. પણ હાલ તો કશું જ ન થાય. મારી ખાતર-તમારા વડીલ બંધુની ખાતર-પણ તમે બધા હાલ તો શાન્તિથી, કશાય સંઘર્ષમાં ઉતર્યા વિના સમયની અવધિ પૂરી કરો."

### રાજા તરીકેના ગુણો યુધિષ્ઠિરમાં

યુધિષ્ઠિરના આ અભિપ્રાયમાં ઉચ્ચારાયેલા શબ્દો, 'ધર્મ તો મારો સ્વભાવ છે' કેટલા બધા અનુપમ છે ! આ કેટલો ઊંચી કોટિનો ધર્માત્મા હશે ! સત્ય, ન્યાય, નીતિ, દયા વગેરે ગુણો એના આત્મા સાથે કેવા એકરસ થઈ ગયા હશે !

મહર્ષિઓ કહે છે કે, "બેઆબરૂ થવાની બીકથી જે લોકો પાપ કરતા નથી તે અધમ લોકો છે. પરલોકમાં સંભવિત દુર્ગતિના દુઃખના ભયથી પાપ નહિ કરનારા લોકો મધ્યમ કોટિના છે. પણ જેઓ સ્વભાવથી જ પાપ કરતા નથી - 'પાપ તે કદાપિ થતું હશે ?' 'ઢેફાં તે ખવાતાં હશે ?' 'આગને તે અડાતું હશે ?'-એવું સહજ રીતે બોલે છે તેઓ ઉત્તમ કોટિના માનવો છે."

યુધિષ્ઠિરમાં રાજા તરીકેના તમામ ગુણો હતા. તુલસી મહારાજે રામચરિત-માનસમાં જે કહ્યું છે 'ચાહીઅ ધરમસીલ નરનાહુ' એ યુધિષ્ઠિરને બિલકુલ સંગત છે.

રામચન્દ્રજી પણ આવા જ મહાન રાજા હતા. તેમના અંગેનો એક પ્રસંગ જાણવા જેવો છે.

### 'ચાહીઅ ધરમસીલ નરનાહુ'

રામચન્દ્રજી વન તરફ પ્રયાણ કરી ગયા પરંતુ ભરતનું મન કેમેય માનતું ન હતું.

જેણે મોટાભાઈને વનવાસ અપાવ્યો એ પોતાની જ માતા હતી કૈકેયી, પરંતુ તો ય ભરતને તેની ઉપર તિરસ્કાર વછૂટી ગયો હતો.

એ કાળ સંતશાસનનો હતો. રાજા ઉપર પણ સંતોનું આધિપત્ય હતું. રાજ્ય તો રાજા જ કરતો, પરંતુ સંતો ઉચિત સમયે સૂચન કરતા રહેતા.

અયોધ્યાનું રાજ્ય રાજાવિહોણું કેમ રહી શકે ? એથી તો અંધાધૂંધી ફેલાય. વસિષ્ઠ ઋષિએ રાજસભા બોલાવી. ભરત પણ તેમાં ઉપસ્થિત રહ્યા. વસિષ્ઠ ઋષિએ ભરતને કહ્યું, "અયોધ્યાના રાજા તરીકે હવે તમારો અભિષેક કરવો જ પડશે. પ્રજાના હિતાર્થે તમે આ વાતનો સ્વીકાર કરો."

અશ્રુભરી આંખે, હાથ જોડીને ભરત બોલ્યા, "ભગવન્ ! રાજા તો ધર્મશીલ હોવો ઘટે. પાપિણી માતાના પાપી પુત્રને જો આપ રાજ્યારૂઢ કરશો તો એના પાપે અયોધ્યાની ધરતી ઉપર સાત સમંદરોના પાણી ફરી વળશે (રસા રસાતલ જાઈહી તબહી). આથી લોકહિતાર્થે મારી આપને

વિનંતી છે કે મારા જેવા પાપાત્માને અયોધ્યાનો રાજા ન બનાવો.''

(સેક્યુલેરિઝમના ઘાતકી વિચારોના ભોગ બનેલા, સર્વનાશ કરવા બેઠેલા આજના નવા મહારાજાઓ આ વાત વિચારશે ખરા ?)

### સત્યવ્રતી શાહુકાર ભીમ

બીજો પ્રસંગ ભીમ નામના શ્રાવકનો આવે છે. તે જૈનાચાર્ય જગચ્ચન્દ્રસૂરિજીનો શિષ્ય હતો. સત્ય એ તેનું મોટું વ્રત હતું. પ્રાણાન્તે પણ જૂઠું બોલવા માટે તે લાચાર હતો.

એક વાર તેની નગરી ઉપર મ્લેચ્છોએ હુમલો કર્યો. તેમણે ભીમને પકડી લીધો. પોતાના પિતાને છોડાવવા માટે દીકરાઓએ મ્લેચ્છોએ માંગ્યા મુજબ ચાર હજાર દીનારો આપ્યા. પણ મ્લેચ્છોને એ દીનારની અસલિયતતા માટે શંકા પડી. તેમણે ભીમને જ તે અંગે પૂછ્યું. બધી દીનાર નકલી હતી. ભીમે સ્પષ્ટ કહી દીધું કે મને છોડાવવા માટે મારા પુત્રોએ તમને આપેલી ચારેય હજાર દીનાર સાવ બોગસ છે.

આ જાણીને મ્લેચ્છો ઉશ્કેરાયા. તેમણે ભીમના ચારેય પુત્રોને તલવારથી મારી નાંખ્યા. પણ તો ય ભીમને અફસોસ સુધ્ધાં ન થયો, સત્ય કહી દેવા બદલ.

### ધાર્મિકતા મોટું પરિબળ

આ દેશની જે જાહોજલાલી હતી, ચોર્યાસી બંદરોના વાવટા આ દેશમાં જે ફરકતા હતા, પ્રજા ખૂબ સુખેથી રહેતી હતી તેની પાછળ તેની 'ધાર્મિકતા' એ જ સૌથી મોટું બળ હતું. એકબીજાની ધર્મનિષ્ઠા જોઈને બીજા અનેક લોકો એવા જ ધર્મી બનવાની પ્રેરણા ઝડપતા હતા.

જેમ ખરાબીનો ચેપ હોય છે તેમ સારાપણાનો ય ચેપ હોય છે.

આથી પ્રજાનો મોટો ભાગ દયા, નીતિ, સદાચારાદિથી સંપથી રહેતો. રાત પડે ઈષ્ટદેવની આરતી ઉતારતા, ભક્તિ કરતા. સવારે પૂજાપાઠથી નિત્યક્રમ શરૂ કરતા. વર્ણાશ્રમ-વ્યવસ્થાના વૈજ્ઞાનિક રહસ્યોના જાણકાર તે લોકો તે વ્યવસ્થાને માન આપતા. કૌટુમ્બિક પ્રેમ પુષ્કળ રહેતો, કેમકે સહુ પરાર્થપ્રેમી હતા. પરલોકમાં દુર્ગતિ થવાના ભયના કારણે પણ લોકો પાપાચરણથી ડરતા. એ ખાતર સરકારી સ્તરે કોઈ સાવધાની રાખવાની જરૂર રહેતી નહિ.

એક મુનીમે પોતાના શેઠને લાભ કરી આપવાની સદ્‌બુદ્ધિથી રેશમની ગાંસડીઓ જકાતનાકે આવી હતી તેને છોડાવતી વખતે સૂતરની ગાંસડીઓ કહીને ઓછી જકાત ભરી. આ વાતની શેઠને ખબર પડી ત્યારે મુનીમને ફરી આવી ભૂલ કરશે તો નોકરીમાંથી 'ડિસમીસ' કરવાની નોટિસ આપી દીધી !

કહેવાય છે કે હિટલરના પક્ષે અન્યાય, વિદ્રોહ, ખુન્નસ વગેરે અગણિત દોષો હતા એટલે જ ભયંકર તાકાત ધરાવતો હોવા છતાં તે હાર્યો અને તેની સામે ચર્ચિલને વિજય મળ્યો, કારણ કે ચર્ચિલના પક્ષે તેવા દોષો ન હતા.

### યુધિષ્ઠિરની ઉત્કૃષ્ટ સત્યનિષ્ઠા

ગમે તેમ હોય, આ હળાહળ કળિયુગમાં પણ વિધિ અને શુદ્ધિવાળો જે ધર્મ આરાધાતો હશે તેની તો તાકાત છે જ. ગમે તેટલી અધાર્મિકતા વ્યાપી હોય, નાસ્તિકોને ગમે તેટલી ફાવટો મળતી હોય, ધર્મદ્રોહીને ઘેર ગમે તેવા ઘીકેળાં જામતાં હોય પણ એક વાત ચોક્કસ છે કે અન્તે તો ધર્મનો વિજય થનાર છે. '***યતો ધર્મસ્તતો જયઃ***' એવું ગાંધારીએ દુર્યોધનને જણાવીને આડકતરો જે કટાક્ષ કરી દીધો છે તે તદ્દન યથાર્થ છે.

કાકજંઘ, ચન્દ્રયશા, દંડવીર્ય વગેરે રાજાઓએ પણ પોતાની પ્રતિજ્ઞાઓનું કેવું ચુસ્તપણે-જાનના ભોગે-પાલન કર્યું હતું તે વાત ધર્મશાસ્ત્રોમાં આપણને વાંચવા મળે છે.

યુધિષ્ઠિર એવો ક્ષમાશીલ હતો કે પાણી પણ પોતાની સ્વાભાવિક શીતલતા છોડીને એક વાર કામચલાઉ ગરમ થઈ જાય, જ્યારે યુધિષ્ઠિર તો તેટલો ય ગરમ થવા માટે લાચાર હતો. તેની સત્યનિષ્ઠા તો બેનમૂન હતી. 'પ્રાણ જાય અરુ વચન ન જાઈ' એ તુલસી મહારાજના વાક્યને જીવંતરૂપે આત્મસાત્ થઈ ગયેલું જો આપણે જોવું હોય તો રામાયણ-કથાના રામમાં અને મહાભારત-કથાના યુધિષ્ઠિરમાં ખૂબ સુંદર રીતે જોવા મળે.

બહુ મોટા માણસો ચાતક જેવા સ્વભાવવાળા હોય છે. તેમની વિશિષ્ટતાઓ અદ્ભુત હોય છે. મરવું પસંદ કરે પણ ચાતક સ્વાતિ નક્ષત્રના વરસાદનું જ જલ પીને જીવે. અહીં રૂપક રૂપે આ વાત રજૂ કરું છું.

### ચાતકનો બોધ

તરસ્યું ચાતકનું બચ્ચું દયામણું મોં કરીને બોલ્યું, "મા ! મારે પાણી પીવું છે, ખૂબ તરસ લાગી છે. હવે મારાથી રહેવાતું નથી."

માએ ખૂબ જ શાંતિથી આકાશ તરફ મીટ માંડીને કહ્યું, "બેટા ! આકાશમાંથી હમણાં જ પાણી ટપકશે. તે તું પીજે."

'મા ! બહુ જ તરસ લાગી છે, ગળું સુકાય છે. હું મરી જઈશ. શું આ સામે ખાબોચિયામાં અને તળાવમાં પાણી છે તે ન પીવાય ?'

માએ કંપતે સ્વરે કહ્યું, "બેટા ! આપણા પૂર્વજોએ વરસાદના પાણી સિવાય બીજું પાણી પીધું નથી અને પીવાય પણ નહિ."

બચ્ચું ગુસ્સાથી બોલ્યું, "તો શું મારે તરસે મરી જવું એમ ને ? તળાવ કે ખાબોચિયાનું ગંદું પાણી ન પીવાય પણ ગંગાજીનું પવિત્ર પાણી પીવામાં શો વાંધો ?"

મા નારાજગીથી બોલી, "જો તું ન જ માનવાનું હોય તો ગંગાજીનું પાણી પી."

અને બચ્ચું ખુશખુશાલ થતું ઉડ્યું. ગંગાજી તો દૂર હતા. બપોર થઈ, સાંજ પડી ને રાત આવી. ત્યાં એક નાનકડું ગામ આવ્યું. તે ગામમાં એક ફળિયામાં પીપળાનું ઝાડ હતું તેના પર રાત વિતાવવાનું નક્કી કર્યું.

રાતે ઝાડ નીચે ખાટલામાં સૂતેલા વૃદ્ધ પિતા અને તેના દીકરાની વાત તેણે સાંભળી. દીકરો કહી રહ્યો હતો, "બાપા ! ખૂબ મહેનત કરું છું, પણ તમારી દવા માટે પૈસા બચતા નથી. આજે રસ્તે જતા ગાડામાંથી એક પોટલું પડ્યું. મન લલચાયું. તેમાં ઘણા પૈસા હતા. મને થયું કે બાપાની દવા થશે. પણ ત્યાં જ પૂર્વજોના પવિત્ર ઓળા ઉતરી આવતા હોય એમ લાગ્યું. તેઓ આપણા કુળની પરંપરાની મને યાદ આપવા લાગ્યા, 'ચોરી ન કરાય. અણહક્કની કોઈ વસ્તુ ન લેવાય !' અને ગાડાવાળાની પાછળ દોડીને તે પોટકું મેં તેને પાછું આપ્યું. તે ઈનામ આપવા લાગ્યો તે પણ મેં ન લીધું."

વૃદ્ધ તેને વળગી પડતાં બોલ્યો, "તેં કુળનો દીવો ઉજાળ્યો. હવે હું શાંતિથી મરીશ."

સવાર થતાં જ ચાતક ગંગા નદી તરફ જવાને બદલે મા પાસે પહોંચ્યું ને તરસ્યા કંઠે ખૂબ થનગનતા અવાજે બોલ્યું, "મા ! મારે ગંગાનું પાણી પીવું નથી. કુળની રીત પ્રમાણે હું વરસાદના પાણીથી જ તરસ છિપાવીશ."

માએ બચ્ચાને પાંખમાં લીધું અને પવનની ડમરી ચઢી. આકાશમાં વીજળીના ઝબકારા થયા. કાળાંભમ વાદળો ચઢી આવ્યા ને બારે મેઘ તૂટી પડ્યા.

'ધર્મ તો મારો સ્વભાવ છે' એ યુધિષ્ઠિર-મુખે બોલાયેલું વાક્ય ખરેખર વાક્ય-શિરોમણિ કહી શકાય.

વર્તમાનકાળમાં 'ધર્મ'ની પ્રતિષ્ઠા કરવાની તાતી જરૂર ઘરઘરમાં અને ઘટઘટમાં ઊભી નથી થઈ શું ? 'બધી જ આપત્તિઓ-ધર્મક્ષેત્રની, સામાજિક ક્ષેત્રની કે રાજકીય ક્ષેત્રની-ને દૂર કરવાની તાકાત માત્ર ધર્મમાં છે' એ વાત આજનો દેશ અને પ્રજાનો સંચાલક બુદ્ધિજીવી વર્ગ જેટલી વહેલી સમજે તેમાં પ્રજાનું વધુ હિત છે, અન્યથા પ્રજાની સરિયામ પાયમાલી જણાય છે.

### ધર્મની પુનઃપ્રતિષ્ઠા

ધર્મની વ્યાખ્યા કરતાં ધર્મજ્ઞોએ કહ્યું છે કે દુર્ગતિમાં પડતા જીવને જે પકડી રાખે તે ધર્મ છે. '***दुर्गतिप्रपतज्जन्तुधारणात् धर्म उच्यते ।***

અનાદિકાલીન વાસનાઓનું જોર, વર્તમાનકાળમાં પુણ્યનો વિચિત્ર ઉદય અને બાહ્ય અશુભ નિમિત્તોનો સંપર્ક-આ ત્રણનો સંગમ થાય એટલે અચ્છા અચ્છા આત્માઓ પણ દુર્ગતિઓમાં પડવા લાગે. ઉપર્યુક્ત ત્રણમાંના કોઈ પણ એકનો સ્પર્શ જો ભયાનક છે તો ત્રણેયનો સંગમ તો કેટલો ભયાનક બની જતો હશે ! તેમાં ય એકલું વાસનાનું જોર હોય તો પણ જો તેની સાથે પુણ્યનો ઉદયકાળ ન ભળે તો તે જોર કદાચ શાન્ત પડી પણ જાય. વળી પુણ્યનો ઉદયકાળ જોડે મળે તો ય જો અશુભ નિમિત્તોનો સંપર્ક ન થાય તો ઊગરી જવાના ઘણા ચાન્સીસ રહે છે. પણ જેને અશુભ નિમિત્તોનો સંગ થાય છે એ તો મોટો ધર્માત્મા હોય તો ય એક વાર તો રહનેમિ, નંદિષેણ કે અષાઢાભૂતિ આદિની જેમ ગબડી પડે છે.

આમ દુર્ગતિમાં જીવોને પડતાં અટકાવવાનું, તેમને પકડી રાખવાનું, તેમની 'ધારણા' કરવાનું કામ જે કરે છે તેનું નામ ધર્મ છે.

ધર્મ બે બાજુથી જીવની ધારણા કરે છે. તે અશુભ નિમિત્તોમાં ન ફસાય તે માટે બાહ્ય શુભ નિમિત્તોના ઢગલા (ક્રિયાકાંડો વગેરે) ઊભા કરી દે છે જેને વ્યવહાર-ધર્મ કહેવાય છે. અને આંતરિક દુનિયામાં વાસનાઓ જોર ન મારે, સાવ નષ્ટ થઈ જાય તે માટે ચિત્તશુદ્ધિને સાધી આપતા ધ્યાનાદિને રજૂ કરે છે જેને નિશ્ચય-ધર્મ કહેવાય છે.

ધર્મ એ દરેક જીવની ધારણા કરે છે. પ્રત્યેક જીવને દુર્ગતિમાં પડતો અટકાવવાનું કામ તે કરે છે. પછી તે એકેકા જીવ દ્વારા અનેકાનેક જીવોની ધારણા કરે છે.

એક જીવનું એવા પ્રકારનું જીવન બને કે જેથી તેની દુર્ગતિ- પતનમાંથી ધારણા થાય તો તે ઉચ્ચ પ્રકારનું જીવન બીજા અનેક જીવો ઉપર જોરદાર ચોટ મારવા લાગી જાય છે. એથી તે બધા જીવો પણ ઉચ્ચ પ્રકારનું જીવન જીવવા લાગે છે. આમ ધર્મ એક દ્વારા અનેકોની પણ ધારણા કરે છે. જો એક જીવનું ધર્મી જીવન અનેકોની યથાયોગ્ય ધારણા ન કરી શકે તો સમજી રાખવું કે તેના પોતાનામાં વસ્તુતઃ ધર્મપ્રવેશ થયો નથી.

### સ્વધર્મ સ્વયં ઉપદેશ છે

સ્વમાં પ્રવેશેલો ધર્મ તે જ ખરો ધર્મ છે જે સર્વમાં ધર્મપ્રવેશની મૂંગી પણ પ્રેરણા કરવા લાગી જાય છે, છેવટે સર્વમાં અધર્મનો સંચાર તો નથી જ કરતો.

જે સ્વીય ધર્મ બીજાઓમાં અંશતઃ પણ અધર્મ-સંચાર કરે તે સ્વીય ધર્મનું નિરીક્ષણ જરૂરી બની

જાય છે.

એક આત્માના જીવનમાં ઉન્નતતા લાવવા માટે તેને દયાળુ, પરગજુ, પ્રામાણિક, ત્યાગી, વિરાગી, વિરતિધર વગેરે બનાવવો જોઈએ; તેને સ્વાર્થી, લુચ્ચો, હિંસક, વિષયી વગેરે બનવા દેવો ન જોઈએ.

આ બે ય બાબતોને હાંસલ કરવા માટે બાળકક્ષાના જીવોને દંડ અને પ્રલોભન બે ય તત્ત્વોની યથાયોગ્ય જરૂર રહે. સરકારમાં દંડ છે અને પ્રલોભનો પણ છે, પરંતુ આ હકીકત કુદરતમાં ખૂબ વ્યવસ્થિત રીતે પડેલી છે. કુદરતમાં નરક વગેરે દુર્ગતિઓ છે અને સ્વર્ગ, અપવર્ગ વગેરે સદ્ગતિ અને પરમગતિઓ પણ છે. જ્યારે આ વસ્તુસ્થિતિ જ છે ત્યારે ધર્મે તેને જગત સમક્ષ મૂક્યા. હિંસા, જૂઠ, ચોરી આદિ કરવાથી દુઃખી થવું પડશે; દયા, પ્રેમ, પ્રામાણિકતા આદિથી સુખ મળશે, આ વાત ધર્મે પ્રગટ કરી. આથી પોતાના દુઃખને તિરસ્કારતો જીવ દયાદિને સેવવા લાગે, હિંસાદિને ત્યજવા લાગે એ સહજ વાત છે. નરકાદિ પદાર્થો અતીન્દ્રિય છે એટલે તેમાં શ્રદ્ધા તો મૂકવી જ રહી. ધર્મજ્ઞોની અતિ ઉચ્ચ કોટિની સત્યવાદિતા, વીતરાગતા અને સર્વજ્ઞતાને લીધે તેમના દ્વારા કહેવાતી આ બધી બાબતો ઉપર ન દેખાય તો પણ શ્રદ્ધા મૂકી દેવાનું કામ અત્યંત સરળ બની જાય છે.

હવે આ રીતે જ્યારે એક જીવ પોતે દયાળુ વગેરે બને અને હિંસક વગેરે ન બને એટલે તેની સીધી અસર તેના સ્વજનો ઉપર થાય, પછી મિત્રજનો ઉપર થાય....એમ ક્રમશઃ અસર વ્યાપક થતી જાય. જીવનમાં ઉતરી ગયેલા ઉપદેશોને જોઈને કયા માણસને તેની અસર ન થાય ! આમ બીજા પણ અનેક આત્માઓ દયાદિનો સ્વીકાર કરે અને હિંસાદિનો ત્યાગ કરે તે સહજ છે.

આ રીતે ધર્મ એ એક જીવને દુર્ગતિમાંથી પડતો ધારી રાખીને, પકડી રાખીને તેના દ્વારા અગણિત જીવોની ધારણા કરે છે.

### આજે ધર્મ ગૂંગળાય છે

ભારતીય પ્રજાના મૂળમાં આવો એકાન્તે મોક્ષલક્ષી ધર્મ પડેલો હતો. રે ! ધર્મસેવન અને અધર્મત્યાગ તો તે પ્રજાના શ્વાસપ્રાણ બની ગયા હતા.

આ જ કારણે આ પ્રજાનું જીવનધોરણ ખૂબ જ ઉન્નત બની રહેતું. પરદેશી લોકો પણ ભારતીય પ્રજાના મન અને જીવનની ઉચ્ચ ગુણવત્તા જોઈને દંગ બની જતા. સ્વાર્થના સ્થાને પરાર્થ, અન્યાય-અનીતિના સ્થાને પ્રામાણિકતા, વિકારોની સામે સંસ્કાર, ભોગની સામે ત્યાગ, રાગની સામે વિરાગ વગેરે તત્ત્વો તેમને અત્યંત આશ્ચર્યમુગ્ધ કરી દેનારા બનતા.

પણ અફસોસ ! આવા ધર્મને આજે ગૂંગળાવીને મારી નાંખવાના પ્રયત્નો થઈ રહ્યા છે. જો ધર્મને મારીશું તો આપણે જ મરીશું. આપણે મરવું હોય તો જ ધર્મને મારી શકાય. આપણી જીવાદોરીને આપણે જ કાપી નાંખીએ તો આપઘાત છે. આજનો બુદ્ધિજીવી વર્ગ કેટલું બધું ખોટું કામ કરી રહ્યો છે ! આમાં બુદ્ધિ શું હશે ?

વળી પ્રજામાં દયા વગેરેની જરૂરીયાત તો આજે ય જણાય છે અને હિંસા આદિનો ત્યાગ આજે પણ આવશ્યક છે. તેને માટે હવે સરકારી દંડ અને સરકારી પ્રલોભનો રજૂ કરાયા છે. પરંતુ આ બધું બૂઠું બની ચૂક્યું છે, કેમકે 'સરકારી'માં કોઈને કશી શ્રદ્ધા રહી નથી. એ તન્ત્ર આખું ય સ્વાર્થી, ધનલોલુપ, ખુરશી-લંપટ, દુરાચારી, અનીતિખોર છે એવી લાગણી પ્રજાકીય સ્તરમાં ખૂબ વ્યાપક બની ચૂકી છે. વાત પણ મહદંશે સાચી જ છે, કેમકે તે તન્ત્રના લોકોમાં પણ 'ધર્મ' તો લગભગ નથી જ.

આ દેશ ઉપર દાયકાઓ સુધી રાજ કરીને ચાલ્યા ગયેલા ગોરાઓ જતાં પહેલાં આપણી જીવાદોરી-ધર્મ કપાઈ જાય તે માટે ઝેરી શિક્ષણ અને માત્ર દેશહિતકર (પ્રજાહિતકર નહિ) બંધારણ મૂકી ગયા છે, જેના ફાંસલા ભારતીય પ્રજાના ગળે બરોબર ભિડાયા છે. આજના શિક્ષિત ભારતીયો દેશી અંગ્રેજો જ છે, એટલે તેમણે પણ પરદેશી અંગ્રેજોના આદર્યા અધૂરા કામ-ફાંસલો પૂરો ભિડાવી દેવાના-જાણતાં કે અજાણતાં પણ ચાલુ જ રાખ્યા છે.

### ધર્મ વિના છૂટકારો નથી

આના પરિણામે પ્રજામાં-ખાસ કરીને નગરવાસી શ્રીમંત અને શિક્ષિત ગણાતી પ્રજામાં કારમી નાસ્તિકતા, હિંસા અને દુરાચાર ભયાનક વેગથી ફેલાઈ ચૂક્યા છે. પરલોકદૃષ્ટિ, આત્મલક્ષિતા અને પરાર્થપ્રધાનતા નષ્ટ થાય અને તેની જગ્યાએ આલોકદૃષ્ટિ, દેહલક્ષિતા અને સ્વાર્થ-પ્રધાનતા ગોઠવાય પછી નાસ્તિકતા અને તેમાંથી પેદા થતાં હિંસા અને દુરાચાર ન વ્યાપે તો બીજું શું વ્યાપે ?

એમાં ય વિશેષતઃ આજના શિક્ષણે નાસ્તિકતાને બહેકાવી છે.

રાજસત્તાએ હિંસાને પ્રસરાવી છે.

શ્રીમંતાઈએ દુરાચારને ઉગ્ર બનાવ્યો છે.

જો શિક્ષણમાં ધર્મ પેસે તો નાસ્તિકતા કાબૂમાં આવે.

જો રાજસત્તા જ હિંસાને ઉત્તેજન ન આપે તો હિંસાનું અઘોર તાંડવ ઘણું શમી જાય.

જો શ્રીમંતો ધર્મી બને તો દુરાચાર ઘણોખરો કાબૂમાં આવી જાય.

જો મહાન વિશ્વનું નિર્માણ કરવું હશે તો પુનઃ ધર્મપ્રતિષ્ઠા કરવી જ પડશે. ઘરઘરમાં અને ઘટઘટમાં શુદ્ધ મોક્ષલક્ષિતાને વરેલો કોઈ પણ ધર્મ હોય, કદાચ ક્રિયાકાંડ વિભાગમાં ફેરફાર (ભેદ) હોય તેનો ય હાલની સ્થિતિમાં કશો વાંધો નથી. અર્થ-કામલંપટતાના ખૂનામરકીભર્યા, સ્વાર્થભર્યા આ યુગમાં તો જે તે મોક્ષલક્ષી અન્ય આર્યધર્મો પણ ખૂબ જ ઉપયોગી બની રહેશે તેમ કહેવામાં કોઈ દોષ જણાતો નથી. એક વાર અધર્મનું વાયુમંડળ તો ખસી જાય, પછી બીજી વાતો કયાં નથી વિચારી શકાતી ?

બેશક, છેલ્લા સૈકાઓમાં પાશ્ચાત્ય પદ્ધતિના શિક્ષણને લીધે 'ધર્મ' એ નામ ઉપર પણ પ્રજામાં નફરત પેદા થઈ છે. પરંતુ હારીને, થાકીને પણ છેવટે પ્રજાને 'ધર્મ'ના શરણે ગયા વિના છૂટકો નથી એ નિશ્ચિત હકીકત છે. આ હકીકતનો સ્વીકાર જેટલો વહેલો થાય તેટલું સારું.

### હવે તો ધર્મીના જ ઘર સલામત

જૈનશાસ્ત્રમાં ભોજનક્રિયાને નિત્યમિત્ર કહ્યો છે, હંમેશાં વારંવાર 'ભોજન'ની જરૂર પડે છે માટે.

કુટુંબીજનોને પર્વમિત્ર કહેલ છે. જરૂર પડે ત્યારે-પર્વ જેવા દિવસોની જેમ-અવારનવાર આવ્યા કરે અને મદદગાર થયા કરે.

જ્યારે ધર્મને જુહારમિત્ર કહ્યો છે. ક્યારેક ભટકાઈ જાય ત્યારે રસ્તામાં જે લટકતી સલામ (જુહાર) કરી લે તે જુહારમિત્ર. આવો મિત્ર ક્યારેક કટોકટીના સમયમાં ખૂબ કામમાં આવી જતો હોય છે.

જ્યારે ભોજન નથી અને કુટુંબીજન પણ નથી ત્યારે પરલોકમાં કટોકટી વખતે ધર્મ જ મદદગાર

થાય છે. માટે તે જુહાર-મિત્ર કહેવાયો.

પણ આ દૃષ્ટિથી તો ધર્મ પરલોક પૂરતો જરૂરી સાબિત થયો. મારે તો એ કહેવું છે કે ધર્મ એ માત્ર મોક્ષ, પરલોક, સદ્‌ગતિ કે મૃત્યુ વખતે સમાધિ આપનારો નથી પરંતુ આ લોકમાં અત્યારે જીવન જીવવાની કળા અને શાન્તિજનિત સાચું સુખ આપનારો છે.

આ વાત વિચારતાં પહેલાં આપણે ધર્મનો અર્થ સમજી લઈએ.

ધર્મ એટલે ધર્મ પ્રત્યેની અતૂટ અને અનન્ય શ્રદ્ધા અથવા ધર્મ પ્રત્યેની સારી અને સાંગોપાંગ સમજણ.

ક્યારેક એવી શ્રદ્ધા અને સમજણ વિનાની ધર્મક્રિયાને પણ ધર્મ કહેવાય છે ખરો. જે માણસ ધાર્મિક ક્રિયાઓ કરે છે તે ધર્મી કહેવાય છે, પરંતુ અહીં ધર્મ તરીકે આપણે તેવી ધાર્મિક ક્રિયાઓને નહિ લઈએ જેમાં મોક્ષનું લક્ષ નથી, ધર્મનો પક્ષ નથી; શ્રદ્ધા કે સમજણ પણ નથી.

જો કે ક્યારેક ધર્મક્રિયાઓ પણ 'ધર્મ' કહેવડાવવાને લાયક બની જતી હોય છે ખરી.

હવે મૂળ વાત ઉપર આવીએ.

(હાલ આપણે તે તે કક્ષાના તે તે મોક્ષલક્ષી ધર્મોને તે તે કક્ષાની દૃષ્ટિથી ધર્મ જ કહીશું.)

જગતમાં તેવા લોકો તરફ તમે નજર કરો જેમના જીવનમાં ધર્મ નથી અને પુણ્યોદય ઠીક ઠીક ચાલે છે. એથી તેમના જીવનમાં, કુટુંબમાં, ઘરમાં સુખની સામગ્રી જોવા મળે છે, કદાચ તેના ગંજ ખડકાયા છે.

### ધર્મહીન લોકો સુખી નથી

આવા ધર્મહીન સુખી માણસોના જીવનમાં તમે ઊંડે ઊંડે તીક્ષ્ણ નજર કરશો તો તમને જોવા મળશે કે તેમનું જીવન અનીતિ, હિંસા અને દુરાચારોના પાપોથી ખદબદી ઊઠેલું છે. બધી જ માનવ-મર્યાદાઓને તેમણે તોડી-ફોડી નાંખવાનું આંધળું સાહસ કરી નાંખ્યું હશે. આવા લોકો ભરપૂર સુખમાં જીવતા જોવા મળશે પણ તેની અંદર જ તેઓના અંતર કોઈ અગમ્ય દુઃખોથી કણસતાં હશે.

પણ તેમાં 'અગમ્ય' જેવું કશું જ નથી. તેમણે જીવનમાંથી જે મર્યાદાઓને તોડી છે, જે હિંસા આદરી છે અને ખાવા-પીવા તેમજ વાસના સંબંધમાં દુરાચાર સેવીને શરીર ઉપર જે જુલમનો અતિરેક ગુજાર્યો તેના જ પરિણામો દુઃખરૂપે પ્રગટ્યા છે.

'બીજાઓને ત્રાસ આપનારા કદી શાન્તિ પામી શકે નહિ' આ કુદરતનો અબાધિત કાનૂન છે.

હિટલરો, સ્ટેલીનો, લેનિનો, ચંગીઝખાનો, માઓત્સે તુંગો, નાદિરશાહો વગેરેનો ઇતિહાસ તપાસો. તેમણે પ્રત્યેકે લાખો માણસોની કતલ કરી. તેઓ શું સુખ પામ્યા ?

ધર્મહીન સુખી લોકો તેમના વર્તમાનમાં પાપમય જીવન જીવતા હોય છે. તેમનું ભાવી દુઃખમય હોય છે. તેઓ પોતાના સ્વાર્થોની સિદ્ધિ માટે બીજાઓના વર્તમાનને દુઃખમય બનાવતા હોય છે.

તમે કોઈ ધર્મહીન સુખી શ્રીમંત અને શિક્ષિતના કુટુંબ તરફ નજર કરજો. ત્યાં તમને દરેક કન્યાના પહેરવેશમાં પણ તેમના મનની ઉન્મત્ત વાસનાઓ વ્યક્ત રૂપમાં જોવા મળશે. તેમના વડીલોના જીવનમાં ક્રૂર કાવાદાવા અને એકલી સ્વાર્થાન્ધતા જોવા મળશે, જેના કારણે સગા ભાઈઓ કે બાપ-દીકરાઓ પણ એકબીજાને પાયમાલ કરી નાંખવા સુધીની યોજનાઓ ઘડતા રહેતા હશે.

પેટના માસૂમ બાળકોના ગર્ભપાત, પ્રણયભંગ, છૂટાછેડા, ચારિત્ર્યનાશ, ચારિત્ર્યશંકા વગેરે બધું જ કદાચ તમને તે કુટુંબના વ્યક્તિ-વ્યક્તિમાં જોવા મળશે. આવા લોકોના ભપકા ભારી હશે

પણ આચાર-જીવનમાં ખિસ્સા ખાલી હશે. એમના સાવ ઉચ્છૃંખલ વ્યવહારોને સગો બાપ પણ ટોકવા માટે અસમર્થ હશે.

બાપનો માર્ગ વિચિત્ર હોય ત્યાં એ બિચારો દીકરા-દીકરીને શું ટોકવાનો ?

આપઘાતના વિચારો, આંસુ, ડૂસકાં, રુદન, નિસાસા...બધું ય કદાચ આ ધર્મહીન સુખી કુટુંબોમાં જ વધુ પ્રમાણમાં જોવા મળશે.

**જ્યાં ધર્મ ત્યાં જ સુખ, શાંતિ અને સલામતી**

હવે આની સામે તમે કોઈ ધર્મી (ધર્મશ્રદ્ધાવાન, ધર્મની સાચી સાંગોપાંગ સમજણવાળા)નું મધ્યમવર્ગીય કુટુંબ જુઓ. ત્યાં કેટલાક ભૌતિક પ્રશ્નોના ઉકેલો નહિ જડતા હોય છતાં ધર્મે તેમને જીવન જીવવાની જે કળા-કે સુખમાં છકવું નહિ, દુઃખમાં ડગવું નહિ તે-શીખવી છે તેથી તેઓ ખૂબ જ મસ્ત પ્રસન્નતાથી કૌટુમ્બિક જીવન જીવતા જોવા મળશે. ત્યાં પિતા પ્રત્યેની પુત્રની લાગણી, માતા પ્રત્યેની પુત્રીની લાગણી, માતા પ્રત્યેની સંતાનોની ભક્તિ, સાસુ-વહુના સુમેળભર્યા સંબંધો, એકબીજા માટે મરી પડવાની વૃત્તિ, એકબીજાના લાગણીના આવેશને સહી લેવાની તૈયારી, ભૂલને જલદી ભૂલી જવાની કે ક્ષમાપના દેવાની ઉદારતા વગેરે અઢળક ગુણોનો એવો અદ્ભુત વિકાસ જોવા મળશે કે તમને એમ થશે કે સ્વર્ગના સુખ પણ આ કૌટુમ્બિક સુખથી હેઠ જ હોવા જોઈએ.

ધર્મહીન શ્રીમંત કુટુંબોની ભીતરમાં ઘેરાયેલી કટોકટીને જોતાં તો મને અસંદિગ્ધપણે કહેવા દો કે હવે તો જ્યાં ધર્મ છે ત્યાં જ સુખ, શાન્તિ કે સલામતી છે. અધર્મી કુટુંબમાં જતી કન્યાઓના પરિણીત જીવનોમાં ક્યારે પણ ચિનગારી ચંપાઈ જાય અને તેમના જીવનનું સુખ ભડથું થઈ જાય તો મને જરાય નવાઈ ન થાય.

હું તો તે ધર્મી કુટુંબોને જણાવીશ કે તમારા જીવનમાં તમને જે કાંઈ કૌટુમ્બિક પ્રેમ, ચિત્તની પ્રસન્નતા, જીવનનો આનંદ મળી શક્યો છે એનું કારણ તમારો માત્ર પુરુષાર્થ નથી અને માત્ર પુણ્યોદય પણ નથી કિન્તુ તમારો ધર્મભાવ છે. એણે જ તમારા જીવનને એક પ્રકારની સુંદર વ્યવસ્થા આપી છે.

જૈન શાસ્ત્રકારોએ મહેશ્વરદત્ત નામના માણસના ધર્મહીન કુટુંબની એક કથા જણાવી છે, જેમાં કુટુંબના વડીલો દુર્ગતિમાં જાય છે. સાસુ-સસરાના મૃત્યુ બાદ પુત્રવધૂ ઉચ્છૃંખલ થઈને પરપુરુષ સાથે પ્રેમ બાંધે છે. તે પુરુષથી થયેલા પુત્રને તેનો પતિ પોતાનો પુત્ર માને છે. દુર્ગતિમાં કૂતરી તરીકે માતાનો અને પાડા તરીકે પિતાનો જન્મ થયો છે. પિતાના કોઈ સ્વર્ગવાસ-દિને પુત્ર મહેશ્વર તે જ પાડાની કતલ કરીને તેનું માંસ સ્વયં ખાય છે. તેના હાડકાં પેલી કૂતરી ચાટે છે વગેરે.

જ્યાં ધર્મ નથી ત્યાં સુખ નથી, શાંતિ પણ નથી એ વાતને આ દૃષ્ટાંતથી અન્તમાં ખૂબ સારી રીતે સમજાવવામાં આવી છે. અન્તે કોઈ સત્પુરુષનો યોગ પામીને મહેશ્વરદત્તનું જીવન સુખદ પરિવર્તન પામે છે.

વર્તમાનકાળમાં જે રીતે ઉચ્છૃંખલતાઓ તેની ભયજનક સપાટીને વટાવી ચૂકી છે એ જોતાં પ્રત્યેક કુમારિકા કન્યાનું જીવન લગ્ન થતાંવેંત છૂટાછેડા આદિની લટકતી તલવાર નીચે શરૂ થાય છે, પ્રત્યેક યુવાનનું જીવન યૌવન પામતાંની સાથે ઉચ્છૃંખલતાના ખડકો સાથે અથડાઈને તૂટવા લાગે છે. 'જલદી મરી જવાય તો જાન છૂટે' આવો વિચાર કોણ નહિ કરતું હોય તે મારે મન વિકટ સવાલ છે.

ધર્મના દૃષ્ટિકોણથી નહિ, પરંતુ વર્ત્તમાનકાળના વિષમ બનેલા જીવનના દૃષ્ટિકોણથી નમ્રપણે

સહુને જણાવીશ કે હવે તો સહુ મોક્ષલક્ષી ધર્મના શરણે જ રહેજો. આ સિવાય સુખ, શાન્તિ, પ્રેમ, સંપ વગેરે ક્યાંય શોધ્યા જડે તેમ નથી.

આજનું શિક્ષણ, આજની સંપત્તિ અને આજનું યૌવન કારમું અજીર્ણ પામેલા છે. આવા જોખમી સમયમાં જો જીવન જીવવાની કળાને શીખવતા ધર્મતત્ત્વને શરણે નહિ જવાય તો મહામૂલું માનવજીવન હાથતાળી દઈને છટકી જશે. જ્યાંથી ભારે મુસીબતે બહાર નીકળ્યા છીએ તે પશુયોનિમાં બહુ સહેલાઈથી ચાલ્યા જવું પડશે અને તે ય અનંતકાળ માટે.

### ગંધમાદન પર્વતે પ્રયાણ

યુધિષ્ઠિરની સમજાવટથી વડીલ-ભક્ત સઘળા પાંડવો વગેરે તથા પુત્ર-ભક્તા કુન્તી પણ શાન્ત થઈ ગયા.

ત્યાર પછી યુધિષ્ઠિરે સહુને કહ્યું કે, ''આ દ્વૈતવનમાં આપણા નિવાસની દુર્યોધનને ખબર પડી ગઈ છે એટલે તે આપણને અહીં રંજાડવાની કોશિશ કરશે. હાલ આપણે તેવા કોઈ સંઘર્ષમાં ઉતરવું નથી માટે આપણે આ સ્થળ બદલી નાંખીએ. અહીંથી થોડેક દૂર ગંધમાદન નામનો પર્વત છે ત્યાં રહેવા માટે ચાલ્યા જઈએ.''

બધાએ યુધિષ્ઠિરની વાતનો સ્વીકાર કરીને બીજે દિ' પ્રયાણ શરૂ કરી દીધું. રસ્તામાં જેટલા તીર્થો આવ્યા ત્યાં રોકાઈને ખૂબ ભાવથી પ્રભુભક્તિ કરી. જેટલા આકાશગામી ચારણમુનિવરો વગેરે મળ્યા તેમના દર્શનાદિ કરીને તેઓ કૃતાર્થ બનવા લાગ્યા.

એક દિવસ સહુ ગંધમાદન પર્વતે આવી ગયા. ત્યાં યોગ્ય સ્થળ શોધીને આશ્રમ જેવું બનાવીને રોકાણ કર્યું.

'રાજાધિરાજોને પણ જે સુખ મળતું નથી એ સુખ સર્વ સાંસારિક ઉપાધિઓથી મુક્ત સંસારત્યાગીઓને મળે છે' એ શાસ્ત્રવાણીને પાંડવોએ પોતાના જીવનમાં સાક્ષાત્ અનુભવી. અહીં તેઓના હૈયાં નૈસર્ગિક તેમજ ધાર્મિક આનંદથી એટલા છલકાતા હતા કે તેઓ રાજવૈભવની ખામીને સાવ વીસરી તો ગયા પણ તે રાજવૈભવને તુચ્છ માનવા લાગ્યા.

### ઈન્દ્ર અને અર્જુન વચ્ચે મૈત્રી

તે દિવસોમાં અર્જુનને અચાનક ખબર પડી કે ગંધમાદન પર્વતથી નજીકમાં જ ઈન્દ્રકીલ નામનો પર્વત છે, જ્યાં ઈન્દ્ર પોતાની પટરાણી શચીની સાથે હંમેશાં ક્રીડા કરવા આવે છે.

અર્જુને એક વાર તે જ પર્વત ઉપર ખેચરવિદ્યા સાધી હતી. તેનું પુનરાવર્તન કરીને નવું બળ પામવાની અર્જુનને ઈચ્છા થઈ. તેણે યુધિષ્ઠિર પાસે તે અંગેની આજ્ઞા અને તેમાં સફળતા પામવા માટેના આશીર્વાદ માંગ્યા.

યુધિષ્ઠિરે સર્વ સ્વજનો સહિત અર્જુનને ભાવભરી વિદાય આપી.

ઈન્દ્રકીલ પર્વત ઉપર અર્જુને એક તીર્થ જોયું. ત્યાં જિનાલયમાં અઠ્ઠમનું તપ કરીને તેણે વિદ્યા ભણવાનું કાર્ય કર્યું. આથી તેનો અધિષ્ઠાયક દેવ પ્રસન્ન થઈને પ્રત્યક્ષ થયો. અર્જુને કહ્યું, ''મને જ્યારે પણ જરૂર પડે ત્યારે હું તમારું સ્મરણ કરીશ. તમારે તરત મને સહાય કરવા માટે હાજર થવું.''

'તથાસ્તુ' કહીને ખેચર વિદાય થયો.

ત્યાર બાદ અર્જુન અને ઈન્દ્રનું મિલન થયું. બે ય વચ્ચે પિતા-પુત્ર જેવો સંબંધ થઈ ગયો. ઈન્દ્ર અર્જુનને પોતાની નગરીમાં લઈ ગયો. ત્યાં તેની ખૂબ આગતાસ્વાગતા કરી.

આમ ઘણો સમય પસાર થયા બાદ સ્વજનો પાસે જવાની અર્જુનને ભાવના થઈ. ઈન્દ્રની રજા લઈને તે નીકળ્યો. ઈન્દ્રે ઘણા બધા વિદ્યાધરો તેની સાથે મોકલ્યા. શિખરજી વગેરે તીર્થોની યાત્રા કરીને વિદ્યાધરો સાથે અર્જુન ગંધમાદન પર્વત ઉપર પુનઃ આવી ગયો. વિદ્યાધરોએ યુધિષ્ઠિરને પ્રણામ કર્યા. 'જ્યારે પણ જરૂર પડે ત્યારે અમને યાદ કરજો' કહીને તેઓ વિદાય થયા.

**ધર્મધ્યાન દ્વારા સમય પસાર કરતાં પાંડવો**

અર્જુને યુધિષ્ઠિર આદિ સ્વજનોને સવાલ કર્યો કે મારી ગેરહાજરીમાં આપ સહુએ શી રીતે કાળ પસાર કર્યો ?

યુધિષ્ઠિરે કહ્યું, "ધર્મધ્યાનથી; તપ, જપ અને જિનભક્તિથીસ્તો. અર્જુન ! ધર્મ જ આપણું સર્વસ્વ છે. નવરાશના આવા મળી ગયેલા સમયમાં પણ જે આત્મા પોતાની ભારે મોટી પુણ્યાઈનો ઉદય ન માને અને ધર્મધ્યાન કરી ન લે તેના જેવો મૂર્ખ બીજો ક્યો માણસ હોઈ શકે!"

## ૨૮.

# કમળમાંથી પેદા થયેલાં વમળ

એક દિવસ અચાનક દ્રૌપદીના ખોળામાં કમળ આવીને પડ્યું. એ કમળ એટલું બધું મોહક હતું કે દ્રૌપદીને તેવા બીજા અનેક કમળો પામવાની ઈચ્છા થઈ. તેણે પોતાની ભાવના ભીમ પાસે રજૂ કરી.

અને...બહુ મોટી ઉપાધિ આ લોકોને માથે આવી પડી.

સરોવરના શાન્ત પાણી એકાએક ડહોળાઈ ગયા.

### નિયતિ ચ પુરુષાર્થનું જ પરિણામ

ભાવિના અકળ ગણિતને કોણ ઉકેલી શક્યું છે ? માનવ માટે જે ઘટનાઓ આશ્ચર્યજનક ગણી શકાય તે ઘટનાઓ કુદરત(કર્મસત્તા)ના દરબારમાં તદ્દન સ્વાભાવિક ગણાય છે, કેમકે તેના નિશ્ચિત ગણિત પ્રમાણે જ તે બધી ઘટનાઓ બન્યા કરતી હોય છે.

પણ હા, તેવા નિશ્ચિત ગણિતનું નિર્માણ તો આત્મા જ કરતો હોય છે. એના તેવા પુરુષાર્થરૂપ સરવાળા, બાદબાકી, ગુણાકાર કે ભાગાકારના પરિણામે જ મનોયત્નના નિશ્ચિત જવાબોરૂપ ગણિત પુસ્તકના છેલ્લા જવાબી-પેઈજ ઉપર આપવામાં આવ્યું હોય છે.

દાખલાના જવાબો એમ ને એમ અધ્ધરતાલ ટપકી પડ્યા નથી. એ તો છે માનવના સરવાળા આદિના પુરુષાર્થનું જ પરિણામ ! એમાં જવાબનો શો દોષ ! દોષ દેવો હોય તો પુરુષાર્થને જ દેવો ઘટે !

દ્રૌપદીએ કમળની લાલચ શા માટે કરી ? આવા શોખ કરવાનું તેણે મન શા માટે કર્યું ? તેણે સીધાસાદા જીવનના પથ ઉપર ચાલી જવું જોઈતું ન હતું ?

પાંચ ઈન્દ્રિયોના વિષયોના આકર્ષણોના શોખ કરવા એ શું વાજબી હતું ?

### સાદું જીવન = નિષ્પાપ જીવન

માનવ હાથે કરીને-સગવડ કે શોખના જીવનની મોજ માણવા જઈને-પોતાના જીવન-સરોવરના જળને ડહોળી નાંખતો હોય છે.

જેમ જરૂરિયાત ઓછી તેમ પાપ ઓછું, કમાણી પણ ઓછી, મનના ઉધામા પણ ઓછા અને ધર્મધ્યાન ખૂબ વધુ.

માનવજીવનની સફળતાનું આ સ્પષ્ટ સમીકરણ છે.

જે તે ચીજોની અપેક્ષાઓમાંથી જ ક્લેશ અને સંક્લેશ પેદા થાય છે, હાથે કરીને જીવનને દુઃખી બનાવાય છે.

દરેકને મારી ખાસ ભલામણ છે કે તે પોતાના ઘરની મુખ્ય દીવાલ ઉપર બોર્ડ લગાડે, જેમાં લખ્યું હોય કે સાદું જીવન : નિષ્પાપ જીવન : મધુર જીવન.

આ વાતને જરાક વિગતથી વ્યવહારુ ભૂમિકા ઉપર આપણે વિચારીએ.

### જરૂર : સગવડ : શોખ

તમારા જીવનને ટકાવવા માટે તમે સહુ મથામણ કરો એ તદ્દન સ્વાભાવિક છે. આર્યદેશનો

પ્રત્યેક માનવ પોતાનું જીવન ટકાવી રાખીને ધર્મપ્રવીણ બનવા પ્રયત્ન કરતો રહે એમાં કશું અનુચિત નથી. આવા જીવનને ટકાવવા માટે ગૃહસ્થને કેટલીક ચીજોની અનિવાર્ય રીતે જરૂર પડે છે. એ ચીજવસ્તુઓ એવા પ્રકારની હોય છે કે એના વિના એનું જીવન ટકી ન શકે અને એનો ઉચિત વ્યવહાર ચાલી ન શકે.

આવી જેટલી અનિવાર્ય ચીજવસ્તુઓ ગણાતી હોય તેને આપણે જરૂરિયાતની વસ્તુઓ કહીશું.

હવે એ જરૂરિયાતની વસ્તુઓના ભોગ-ઉપભોગમાં જો અગવડ પડતી હોય, મુશ્કેલીઓ આવતી હોય, ત્રાસ થતો હોય તો તે ગૃહસ્થ તે વસ્તુના સ્થાને સગવડભરી વસ્તુ વસાવે છે. એવી વસ્તુઓને આપણે સગવડના ખાનામાં મૂકીશું.

પણ વાત આથી ય આગળ વધે છે. કેટલીક વસ્તુઓ એવી હોય છે કે જે માત્ર પોતાની વાસનાઓને બહેકાવવાનું જ કામ કરે છે. આવી ભોગવિલાસની પોષક ચીજવસ્તુને શોખની વસ્તુ તરીકે આપણે સંબોધીશું.

આમ ચીજવસ્તુના કુલ ત્રણ વિભાગ થયા : જરૂર, સગવડ અને શોખ.

હવે એકેકી બાબતમાં આ ત્રણે વિભાગ પાડીએ જેથી આ વાત ખૂબ સ્પષ્ટ થઈ જાય.

(૧) ધારો કે તમારી પાસે પંચોતેર પૈસાની એક જ ઇન્ડિપેન છે. ચોપડો લખવા માટે ઇન્ડિપેન વિના તમારે બિલકુલ ચાલે તેમ નથી એટલે પંચોતેર પૈસાની આ ઇન્ડિપેનને 'જરૂર'ના વિભાગમાં ગોઠવી શકાય.

પરંતુ આ પેન 'લીક' થયા કરે છે, વારંવાર તમારા હાથ બગાડે છે. આ અગવડથી કંટાળી જઈને તમે નવ રૂપિયાની એક પેનને ખરીદી લાવો છો. સગવડતા ખાતર વસાવેલી આ પેનને 'સગવડ'ના વિભાગમાં ગોઠવી શકાય.

પણ એક દિવસ તમારું ભાગ્ય ચમકી ગયું. ધંધામાં તમને વિશેષ લાભ થયો અને તરત તમે 'પાર્કર ૭૫' નામની સોનેરી ખોખાની આકર્ષક પેન ખરીદી લાવ્યા. આ પેનને 'શોખ'ના વિભાગમાં મૂકવી જોઈએ.

(૨) આ જ રીતે જાડું માદરપાટ કાપડનું 'બંદૂક છાપ' ધોતિયું 'જરૂર'માં ગણાય, પણ મલમલનું મર્સરાઈઝ ધોતિયું સગવડમાં ગણાય અને રાયલીનું પરમસુખનું કે બ્રાસલેટનું ધોતિયું શોખમાં ગણાય.

(૩) વાંકડિયા તારવાળી આઠ રૂપિયાની ફ્રેમના ચશ્માં જરૂરમાં ગણાય. વીસ રૂપિયાની ફ્રેમના ચશ્માં સગવડમાં ગણાય, જ્યારે ગોલ્ડન ફ્રેમના ચશ્માં શોખમાં ગણાય.

આ રીતે તમામ બાબતોમાં ત્રણ વિભાગ કરી શકાય.

હવે જુઓ મજા...

તમારે ખરેખર નિષ્પાપ જીવન જીવવું છે ને ? તમારું ચિત્ત ઘણા અંશે વાસનામુક્ત બની જાય એવી ધન્ય પળોને તમારે સ્પર્શવી છે ને ?

હા જ કહો ભાગ્યવાન બંધુઓ ! આ પ્રશ્નનો જવાબ નકારમાં આપશો જ નહિ, કેમકે જો તમે મારી સાદગીની વાત અપનાવી લેશો તો નવી પેઢીના તમારા બાળકો સુધી મારી વાતના વહેણને પહોંચતા થોડી પણ વાર લાગવાની નથી.

### છેવટે શોખનો તો ત્યાગ કરો જ

એટલે જો તમે વાસનામુક્ત મસ્ત ચિત્તના સ્વામી બનવા માંગતા હો તો 'જરૂર', 'સગવડ' અને

'શોખ' એ પ્રમાણે ત્રણ વિભાગો પાડીને તમારા ઘરની તમામ ઘરવખરીને તે તે વિભાગમાં મૂકતા જાઓ.

તમારે જ તમારી જાતે શુદ્ધ બુદ્ધિથી નિર્ણય લઈને નક્કી કરવાનું છે કે આ વસ્તુ 'જરૂર'માં ગણાય અને આ વસ્તુ 'શોખ'માં ગણાય.

ઘરની કોઈ ચીજની નોંધણી કરવાનું બાકી રાખશો નહિ. જ્યારે આ કાર્ય પૂર્ણ થઈ જાય પછી આખું કુટુંબ ભેગું કરો.

સહુને તમે કરેલા વિભાગોની સમજૂતી આપો અને ત્યાર પછી નીચે પ્રમાણે હિતવચનો કહો.

"મારી ઈચ્છા છે કે આપણે જો ન્યાય, નીતિ અને સદાચારથી સુંદર જીવન જીવવું હોય તો જરૂરિયાતથી એક ડગ પણ આગળ વધવું જોઈએ નહિ. છતાં ય આપણી માનસિક નિર્બળતાને કારણે કદાચ એટલેથી ન ચલાવી શકીએ તો 'સગવડ' સુધી આપણે આગળ વધીએ, પરંતુ 'શોખ' સુધી તો આપણે હવે જવું જ નથી, કેમકે એને ઘરમાં વસાવવા માટે અનીતિ, જૂઠ, પ્રપંચ, ચોરી આદિના ન જાણે કેટલાય પાપ મારે કરવા પડે છે. આ બધું મારે તો મૂકીને જવાનું છે. પણ મારા પાપો તો મારી સાથે જ આવવાના છે જેના ફળરૂપે મારે પરલોકમાં દુઃખી દુઃખી થઈ જવાનું છે. શા માટે માનવજીવનમાં આપણે આવા પાપો કરવા જોઈએ ? આજથી જ આપણે બધા ય જો શોખની ચીજોને દેશવટો આપી દઈએ તો ઘણું કમાવાની અને ઘણું કમાવા માટે ઘણા પાપો કરવાની કાળી ચિંતામાંથી હું મુક્ત થઈ જાઉં. કદાચ આપણે આ શોખની ચીજોનો ત્યાગ ન કરી શકીએ તો એટલી પ્રતિજ્ઞા કરીએ કે હવે નવી શોખની ગણાતી કોઈ પણ ચીજ આપણે ઘરમાં લાવીશું નહિ."

ખૂબ જ સહેલાઈથી જીવનના ઘણાં બધા પાપો ઓછા કરી નાંખવાનો રસ્તો એ છે કે જરૂરિયાતથી જરાય આગળ ન વધો. બેશક, સગવડિયું જીવન એ પણ પતનનું કારણ છે જ. એક ચિંતકે તો કહ્યું છે કે, 'સગવડ જેવો કોઈ રોગ આ જગતમાં નથી.' તો પણ શોખીન જીવનની હકાલપટ્ટી કરવા માટે સગવડનો કામચલાઉ ટેકો લેવો પડે તો તેનો ખુલ્લો વિરોધ નથી. ગમે તેમ કરીને શોખને તો આ પળે જ દેશવટો દેવો જોઈએ.

## ભીમપુત્ર ઘટોત્કચ

ઘણા સમય સુધી જ્યારે ભીમ પાછો ન ફર્યો ત્યારે યુધિષ્ઠિર વગેરે તમામ ભાઈઓ તેની તપાસ કરવા રવાના થયા. ખૂબ ચાલ્યા બાદ રસ્તામાં મોટી નદી આવી. તેને શેં પાર કરવી ? તેની વિમાસણમાં યુધિષ્ઠિર પડ્યા ત્યારે અર્જુને પોતાની પાસેની એકાદ વિદ્યાનો ઉપયોગ કરવાનું મોટાભાઈને જણાવ્યું પણ યુધિષ્ઠિરે કહ્યું, "આવી નાની નાની વાતોમાં વિદ્યાનો ઉપયોગ કરવો એ યોગ્ય નથી. એ કરતાં આપણે હેડંબાને જ યાદ કરીએ."

યુધિષ્ઠિરે હેડંબાનું સ્મરણ કર્યું કે થોડી જ ક્ષણોમાં બાળકને લઈને હેડંબા આવતી દેખાઈ.

હેડંબાએ તે બાળકના પિતા ભીમ છે તે જણાવ્યું. તેનું નામ ઘટોત્કચ પાડ્યું છે તેમ કહ્યું. તે બાળકની વિદ્યોપાર્જનની તીવ્ર ગતિને લીધે તે ઘણી વિદ્યાઓ શીખી ગયો છે તેમ પણ કહ્યું. વળી જોષીએ કરેલી આગાહી જણાવી કે બાળક તેના પિતાના શત્રુઓનો મોટી સંખ્યામાં કચ્ચરઘાણ બોલાવશે વગેરે.

યુધિષ્ઠિર આદિએ ઘટોત્કચને ખૂબ વ્હાલ કર્યું.

ત્યાર બાદ હેડંબાએ સરોવરની દિશાનો માર્ગ બતાવીને બાળક સાથે વિદાય લીધી.

## કમળ લાવતો ભીમ

સહુએ તે દિશા તરફ સરોવર જોયું. ત્યાં ભીમને પણ જોયો. બધાને ખૂબ ખૂબ આનંદ થઈ ગયો. ભીમે આવીને સરોવરની વિશેષતાઓનું વર્ણન કર્યું. થોડો સમય વનસૌન્દર્ય માણ્યા બાદ અને પરસ્પર આનંદપ્રમોદ કર્યા બાદ દ્રૌપદીએ ભીમને કહ્યું, "હવે મને સરોવરના કમળો લાવી આપો."

ભીમે સરોવરમાં જઈને ડૂબકી લગાવી. અનેક પ્રકારની જલક્રીડા તે કરતો ગયો અને કમળો તોડી તોડીને બહાર ફેંકતો ગયો, જેને યુધિષ્ઠિરાદિ ઝીલી લઈને દ્રૌપદીને આપતા ગયા.

### ભીમ, અર્જુન આદિ સરોવરમાં ગૂમ

પણ આ શું થયું ? ભીમે પાણીના ઊંડાણમાં ડૂબકી મારી તે મારી. તે પાછો કેમ ન આવ્યો ? કેટલીક વાર રાહ જોઈ પણ ભીમ બહાર ન જ આવ્યો.

તરત ભીમને શોધવા માટે અર્જુન પાણીમાં કૂદી પડ્યો. કાશ ! તે ય પાછો બહાર ન આવ્યો. સહદેવ અને નકુળ પણ વારાફરતી પાણીમાં કૂદી પડ્યા. તેમની પણ એ જ દશા થઈ.

કુન્તી અને દ્રૌપદી સૂનમૂન થઈ ગયા. દ્રૌપદીને લાગ્યું કે કમળની સુવાસ માણવાની મારી લાલચને કારણે જ આ દુઃખદ સ્થિતિ સર્જાઈ છે માટે પોતે જ અપરાધી છે. આથી તે વિશેષ વિલાપ કરવા લાગી.

બે સ્ત્રીઓને વનમાં એકલી છોડીને યુધિષ્ઠિર પાણીમાં ડૂબકી મારવાનું ઈચ્છતા ન હતા પણ કુન્તીએ કહ્યું, "બેટા ! તું અમારી જરાય ચિંતા ન કર. જેના હૈયે પંચ પરમેષ્ઠી ભગવંતો છે તેને કોઈ બાહ્ય આપત્તિ આવનાર નથી. અમે પરમેષ્ઠી જપ અને કાયોત્સર્ગમાં સ્થિર થઈ જઈશું. તું તરત જ પાણીમાં કૂદી પડ અને સંધ્યા થતાં પહેલાં તારા ભાઈઓને હેમખેમ બહાર લાવીને મારા નેત્રોને આનંદિત કર."

માતાની આજ્ઞાથી યુધિષ્ઠિરે પાણીમાં ઝંપલાવી દીધું.

### જ્યાં ધર્મ ત્યાં દુઃખ નહીં

કુન્તી કેવી ઉત્તમ કોટિની ધર્મિષ્ઠ નારી છે કે આવા દુઃખમાં ય તેને પંચ પરમેષ્ઠી યાદ આવ્યા. તેણે ક્હ્યું કે, "જેના હૈયે ભગવાન છે તેને બાહ્ય આપત્તિઓ દીન કરી શકતી નથી. રે ! બાહ્ય આપત્તિઓ શું ? આંતરિક દોષો પણ તેને કાંઈ કરી શકતા નથી. કહ્યું છે ને "***जस्स मणे नवकारो, संसारो तस्स किं कुणई ।***"

પેલા તુલસી મહારાજે ય કહ્યું છે, 'જહાં રામ તહાં નહિ કામ...'

### કાઉસગ્ગ-ધ્યાનમાં લીન કુન્તી અને દ્રૌપદી

અરે ! યુધિષ્ઠિર પણ પાણીમાં ગયા તે ગયા. એ ય પાછા ન આવ્યા.

આ બાજુ સૂર્ય આથમવા લાગ્યો. દ્રૌપદી છાતીફાટ રૂદન કરવા લાગી. કુન્તીએ તેને ખૂબ આશ્વાસન આપ્યું. તેણે એમ પણ કહ્યું કે, "પાંડવો મરનાર નથી, કેમકે હજી તેઓ મહાન રાજા બનવાના છે તેવું મહામુનિએ પૂર્વે જે ભાખ્યું છે તે કદી મિથ્યા થાય નહિ. હા, એટલું ચોક્કસ લાગે છે કે તેઓ કોઈ મોટી આપત્તિમાં ફસાઈ ગયા છે. પણ એના માટે આપણે કાંઈક કરવું જોઈએ. દ્રૌપદી ! ચાલ, આપણે બંને નવકારનું શરણું લઈએ અને કાયોત્સર્ગમાં લીન બની જઈએ. જો સાચા હૃદયથી, વિધિ અને શુદ્ધિપૂર્વક, એકદમ એકાકાર બની જઈને પ્રભુભક્તિભાવના ઊછળતા ને ઊછળતા ઉલ્લાસ સાથે ધ્યાન કરવામાં આવે તો એની તાકાતનું કોઈ વર્ણન ન કરી શકાય.

એનાથી એવું ઉગ્ર પુણ્ય બંધાય કે તત્કાળ તેનો જવાબ મળી જાય: ધાર્યું કામ થઈ જાય. ચાલ, આપણે બે ય હવે નમસ્કાર મંત્રના માધ્યમથી મનને પ્રભુભક્તિના રસમાં તલ્લીન બનાવી દઈએ

અને કાયાને મડદાં જેવી, લાકડા જેવી કરવારૂપ કાયોત્સર્ગમાં સ્થિર થઈ જઈએ."

અને... બંને સ્ત્રીઓ તે રીતે મનસા, વાચા, કર્મણા પરમાત્મમય બની ગઈ. તેમની કાયા તો જાણે કે લાકડું બની ગઈ : ન હાલે કે ન ચાલે.

એ સંધ્યાનો સમય હતો, અંધારું જામી રહ્યું હતું એટલે હિંસક પશુઓ અને રાક્ષસો પોતાના સ્થળોમાંથી બહાર નીકળી ગયા હતા. જે કોઈ પશુ કે રાક્ષસ સરોવર પાસેથી પસાર થયા તે બધા તે બે સ્ત્રીઓને જોઈને ત્યાં જ સ્થિર થઈ ગયા.

સિંહ પણ ત્યાં સજ્જડ ! બકરી પણ ત્યાં સજ્જડ ! સાપ અને નોળિયો બે ય ત્યાં જડાઈ ગયા. સહુ તે બે સ્ત્રીઓના મુખ ઉપરની પરમ શાંતિને આશ્ચર્યથી જોઈ રહ્યા. પરમાનંદની મસ્તી માણતા એ આત્માઓના શરીરની નિશ્ચેષ્ટ દશા જોઈને તે બધા સ્તબ્ધ થઈ ગયા.

સાચે જ તે બંને આત્માઓએ થોડી જ પળોમાં પરમાત્મભાવ સાથે એવું જોડાણ કરી દીધું હતું કે હવે તો તેઓ '***दासोऽहं*** જપતા ન હતા, હવે તો ***सोऽहं*** જપતા હતા. અને તે પછી થોડી પળોમાં ***अहं अहं*** જપવા લાગીને પોતે જ 'ભગવાન' રૂપ બની જઈને અભેદ-પ્રણિધાનમાં લીન બની ગયા હતા.

### કાર્યસિદ્ધિ નિર્બળને સબળ કરે

જ્યારે માણસ પાસે કોઈ કાર્યસિદ્ધિનું લક્ષ આવીને ઊભું થઈ જાય છે ત્યારે નબળામાં ય ભારે બળ પેદા થઈ જતું હોય છે.

પડખું ફેરવવામાં ય કંટાળો લાવતો, મોંએથી કોળિયો ચાવવામાં ય બેચેન બની જતો આળસુ આદમી પણ જો તેના મકાનને બહારથી આગ લાગ્યાના સમાચાર મળે તો તેમાંથી બચવા માટે સૂતો હોય તો કેવો સફાળો બેઠો થઈ જાય, જોરથી કૂદકો મારે અને દોડતો બહાર નીકળી જાય ! તેની આળસ કેવી ગાયબ થઈ ગઈ ! કેમ ? લક્ષ આવીને ઊભું માટે.

એક રાજાએ એક ગુનેગારને એવી સજા કરી કે તેણે તલવાર-નિષ્ણાતની સામે યુદ્ધ કરવું. જો તે જીતી જાય તો તેને ગુનામાં માફી મળે, નહિ તો મોત.

આ ગુનેગારને તલવાર પકડતાં ય આવડતી ન હતી. છતાં જ્યારે તેને જણાયું કે જીતીશ તો જ માફી છે, નહિ તો મોત ! એટલે તેણે તલવાર તો બરોબર ઉપાડી પણ એવા તો ઝનૂનથી તે લડ્યો કે તલવાર-નિષ્ણાતને તેણે મહાત કરીને જમીન ઉપર પાડી દીધો.

સહુ ચકિત થઈ ગયા. રાજાએ તેને પૂછ્યું કે, "તારામાં આટલી બધી શક્તિ શી રીતે આવી ગઈ ?" ગુનેગારે જવાબ આપ્યો, "મોતના લક્ષથી. મને ખબર પડી કે જો તલવાર-નિષ્ણાતને મહાત ન કરું તો મારે મરવાનું જ છે એટલે મારી તમામ શક્તિઓ એકદમ જાગ્રત થઈ ગઈ."

ગુનેગારને સજામાંથી માફી મળી.

### આજના યુવાનો : રખડું 'ટ્રેમ્પ' જેવા

શક્તિના અખૂટ ઝરાઓ ! યુવાનો અને યુવતીઓ ! લક્ષહીન બનીને કેવા સુકાઈ જતા હશે ! અમેરિકાના ન્યુયૉર્ક શહેરના 'ટ્રેમ્પ' (રસ્તાઓ ઉપર રખડતા માણસો) જેવી તેમની દશા ! જમાનાનો વાયરો જ્યાં ઢસડી જાય ત્યાં ઢસડાય, ફંગોળે તેમ ફંગોળાય ! લક્ષહીન, હેતુવિહીન તેમનું જીવન ! મને તો આવી નવી પેઢી છતે માબાપે 'અનાથ' દેખાય છે !

### કુન્તી-દ્રૌપદીનો અખંડ જપ : કાયોત્સર્ગ

કુન્તીએ ધ્યાન શરૂ કરતાં પહેલાં ક્ષેત્રદેવતાઓને યાદ કરીને કહ્યું હતું કે, "હે દેવાત્માઓ ! જો મેં મારા સમગ્ર જીવનકાળ દરમિયાન સુદેવ આદિને જ માન્યા હોય તો અમારી ઈષ્ટસિદ્ધિમાં મદદગાર બનજો."

દ્રૌપદીએ કહ્યું હતું કે, "ઓ દેવાત્માઓ ! જો મેં મારા શીલનું માનસિક રીતે પણ અણિશુદ્ધ પાલન કર્યું હોય તો તમે અમારી ઈષ્ટસિદ્ધિમાં મદદગાર બનજો."

અને ખરેખર તેમ જ થયું. એક રાતનો અખંડ જપ, કાયોત્સર્ગ અને ચિત્તની તન્મયતામાંથી પેદા થયેલા પરમાત્મભાવ સાથે અવર્ણનીય અભેદભાવ. એણે પોતાનું કામ તરત જ કર્યું, ઈષ્ટસિદ્ધિ થઈ.

### ભક્તિ : શુદ્ધિ : પુષ્ટિ

જ્યાં તલ્લીનભાવની ભક્તિ છે ત્યાં શું અસંભવિત છે ? ત્યાં વિઘ્નરૂપ પાપકર્મોની શુદ્ધિ અને વિશિષ્ટ કોટિના પુણ્યની પુષ્ટિ જામ્યા વિના રહેતી નથી.

આવી શુદ્ધિ અને પુષ્ટિમાંથી વિશિષ્ટ કોટિની શક્તિ પેદા થયા વિના રહેતી નથી. આ શક્તિમાંથી શૌર્ય પ્રગટે છે અને એ શૌર્ય (ઓજ, તેજ) સિદ્ધિને હથેળીમાં લાવીને મૂકી દીધા વિના રહેતું નથી.

આ છે; આધ્યાત્મિક જગતનો ક્રમ : ભક્ત બનો, શુદ્ધ અને પુષ્ટ બનો, તેથી શક્તિમાન બનો, તેના વડે શૌર્યવાન થાઓ, તેમાંથી સિદ્ધિ પ્રાપ્ત કરો.

આ ક્રમ તોડી શકાય નહિ. આ ક્રમને તોડીને જેઓ કોઈ સિદ્ધિ પામવા જાય છે તેઓ સ્વયં અધવચમાં જ તૂટી જાય છે.

જેમના હૈયે ભગવાનની ભક્તિ જામી ન હોય, જેમના તારેતાર પ્રભુના નામ-શ્રવણમાત્રથી ઝણઝણી ઊઠતા ન હોય તેવા ભક્તિહીન લોકો પાસે જો જન્માંતરના પુણ્યની પુષ્ટિ જમા હોય અને તેનો તેઓ ઈષ્ટસિદ્ધિમાં ઉપયોગ કરવા લાગે તો તેમનું પતન થયા વિના ન રહે.

પુણ્યની પુષ્ટિને ભક્તિમાંથી પેદા થતી આત્મશુદ્ધિનો સહકાર મળે તો જ પુષ્ટિ કાર્યસાધક બને, નહિ તો આત્મઘાતક જ નીવડે.

આવી શુદ્ધિ અને પુષ્ટિમાંથી જે શક્તિ પેદા થાય તે જ સાચી તારક-કાર્યસાધક-શક્તિ કહેવાય. એવી શક્તિમાંથી જે શૌર્ય પેદા થાય તે જ સાચી સિદ્ધિના દર્શન કરાવી આપે.

દૂધ-ઘીના સેવનથી કે વ્યાયામાદિ કરવાથી જે શૌર્ય મેળવાય છે તેનો આધ્યાત્મિક જગતમાં ઝાઝો ઉપયોગ નથી.

### બલિદાન વિના સિદ્ધિ ? અસંભવ

આ ક્રમથી જેઓ સિદ્ધિ પામતા નથી તેઓ પ્રસિદ્ધિ મેળવીને પતન પામી જતા હોય છે.

કુન્તી અને દ્રૌપદીએ એક જ રાતમાં જો ઈષ્ટસિદ્ધિ મેળવી હોય તો તેની પાછળ ઉપર્યુક્ત ક્રમની આરાધનાનું બળ જોડાયું હતું.

કોઈ પણ વસ્તુની પાછળ 'આદું ખાઈને' મંડી પડવામાં આવે તો તેમાં સફળતા મળવામાં બહુ મુશ્કેલી ન પડે.

અંગ્રેજીમાં કહેવત છે, "Pay the Price-ભાઈ ! તમે મૂલ્ય ચૂકવો, ભોગ આપો, તમને વસ્તુ જરૂર મળશે."

ભોગ આપ્યા વિના, બલિદાન દીધા વિના સિદ્ધિઓ મળી શકતી નથી.

વૈજ્ઞાનિકો મોટી મોટી સિદ્ધિઓ પામતા હોય તો તેની પાછળ તેમનો અવિરત પરિશ્રમ કારણરૂપ હોય છે. ક્યારેક તેમની પેઢી દર પેઢી સંશોધન ચાલે છે ત્યારે છેલ્લે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

આધ્યાત્મિક જગતમાં તો આવા શ્રમથી ઘણા ઓછા પરિશ્રમે સિદ્ધિ મળી શકે છે, પણ શ્રમ કરવો છે કોને ? વિધિ અને શુદ્ધિનો આગ્રહ છે કોને ?

તો... સિનેમાના ગીતો લલકારતાં આત્મદર્શન કરવું છે ? રામ...રામ...કરો.

### શક્તિથી આરંભ : શુદ્ધિ-પુષ્ટિથી સિદ્ધિ

વર્તમાનકાળની એક મોટી કમનસીબી છે કે કાર્યકરો જીવનમાં પ્રભુભક્તિને મહત્વની-અનિવાર્ય-આવશ્યકતા તરીકે સ્વીકારતા નથી. શુદ્ધિ તો આ લોકોની દૃષ્ટિએ બિલકુલ બિનજરૂરી વસ્તુ બની છે.

ભક્તિ અને તેમાંથી જ પેદા થયેલી શુદ્ધિ અને પુષ્ટિ વિના બીજા કોઈ માર્ગો દ્વારા જે શક્તિઓ પેદા થાય છે તેનાથી સસ્તી પ્રસિદ્ધિઓ મળી શકે, તેનાથી કાર્યનો જોરદાર આરંભ પણ થઈ શકે, કિન્તુ સિદ્ધિ તો કદાપિ ન મળે.

શક્તિથી કાર્યારંભ થાય, પણ કાર્યની સફળ પૂર્ણાહુતિ : સિદ્ધિ તો ભક્તિજનિત શુદ્ધિ અને પુષ્ટિથી જ થાય.

આધ્યાત્મિક જગતના કાર્યકરો આ ગણિતને જ્યારે હૃદયથી સ્વીકારશે ત્યારે જ તેમના દ્વારા આધ્યાત્મિક જગતમાં અભ્યુદય થશે, અન્યથા હજી વધુ વિનાશ જ જોવો પડશે.

કુન્તી પાસે પાંચ પરમેષ્ઠી ભગવંતોની એકમેવ શરણાગતિની પરાભક્તિ પ્રધાનભાવે હતી. દ્રૌપદી પાસે પાંચ પતિઓ તરફની અનન્ય નિષ્ઠાની શીલરૂપ શુદ્ધિ પ્રધાનભાવે હતી. એમની સામે પાંડવોને આપત્તિમુક્ત કરવાનું લક્ષ ચોટદાર રીતે ગોઠવાયું હતું. આથી જ તેઓ જપ અને કાયોત્સર્ગ(કાયા હોવા છતાં કાયા ઉપરના મમત્વનો સંપૂર્ણ ત્યાગ : ઉત્સર્ગ તે કાયોત્સર્ગ)માં તલ્લીન બની ગયા હતા.

### બલિદાન એળે જતું નથી

જ્યારે કોઈ પણ માણસ કોઈ પણ પ્રકારનું વાસનાનું કે જાનનું બલિદાન આપે છે ત્યારે તેને સિદ્ધિ મળે છે.

બલિદાન પ્રાયઃ એળે જતું નથી.

ભૌતિક જગતમાં સફળતા પામવા માટે જાનના બલિદાનો કદાચ જરૂરી હશે, પરન્તુ આધ્યાત્મિક જગતમાં ઈષ્ટસિદ્ધિ મેળવવા માટે જાત કરતાં ય વહાલી વાસનાઓના જ બલિદાન આવશ્યક ગણી શકાય.

કુન્તી-દ્રૌપદીના બલિદાનથી દેવાત્માએ ખેંચાઈને આવવું પડ્યું. આજે પણ જો સાચે જ કોઈ જરૂરી બલિદાન આપવામાં આવે (હા, સમૂહમાં, કેમકે આ કળિયુગ છે, એકાદનું અહીં ન ચાલે. કહ્યું છે, ***संघे शक्तिः कलौ युगे !)*** તો આજે પણ દેવાત્માએ ખેંચાઈને આવવું પડે.

ઊંઘતા દેવો કેમ જાગ્રત નહિ થતા હોય ? મને આ અંગે કેટલાક વિચારો આવે છે જે અહીં રજૂ કરું છું.

### દૈવી-બળોની સુષુપ્તિ કેમ ?

અઘોર માંસાહાર, કારમો ભ્રષ્ટાચાર અને વ્યાપક દુરાચારથી વિશ્વના ત્રણેય મુખ્ય વ્યવહારો

નષ્ટભ્રષ્ટ થઈ ગયા છે : ભોજનવ્યવહાર, અર્થવ્યવહાર અને કામવ્યવહાર.

આના જ પરિણામે કુદરત રૂઠી છે, આડા અને ઊભા ફટકાઓ સતત મારી રહી છે. આર્યાવર્ત્તની વાત કરીએ તો તેની પ્રજાના સુખ અને શાંતિ હણાયા છે, કરોડો માણસો ભૂખમરાની ચક્કીમાં પિસાઈ રહ્યા છે.

લાખો શ્રીમંતોના જીવન વિલાસના રૌદ્ર ઘોડાપૂરે બરબાદ થયા છે.

મોક્ષલક્ષી સંસ્કૃતિ ડચકાં લઈ રહી છે.

જીવનપ્રાણ ધર્મની ઈમારત પાયામાંથી હાલમડોલમ થવા લાગી છે.

ભાવુકોની શ્રદ્ધા ડગી છે. સંતોની કર્મણ્યતા શિથીલ થઈ છે. ધર્મીજનોમાં ય જમાનાની અસરો વ્યાપકરૂપે દેખાવા લાગી છે. યુવાનો છતે મા-બાપે અનાથ બનવા લાગ્યા છે. મોટા સામર્થ્યશાળીઓ આપ-સલામતીમાં પડ્યા છે. સત્તાધારીઓ આપ-મતલબમાં પડ્યા છે.

મોગલોના સમયમાં મંદિરો, મૂર્તિઓના ભંજન થયા છે.

દેશી અંગ્રેજોના આ સ્વરાજકાળમાં ભાવનાઓના જ ભાંગીને ભુક્કા થાય છે. હવે મંદિરો રહે તો ય શું ? મંદિરમાં જનારો જ કોઈ રહેવાનો નથી ત્યાં !

કદાચ મંદિરો, મઠો અને ઉપાશ્રયો બની જાય સરકારી ઓફિસો, તીર્થો બની જાય હવા ખાવા માટેના હીલ-સ્ટેશનો, સંતો બની જાય સરકારી પ્રચારકો, ઘણી નારીઓ બની જાય રૂપજીવિનીઓ અને ધર્મગ્રંથો બની જાય પસ્તીના કાગળો તો કોઈ નવાઈ ન પામે, કોઈનું રૂંવાડું ય રડી ન ઊઠે, કોઈના પેટનું પાણી ય ન હાલે એટલી અઘોર અકર્મણ્યતાનો યુગ ટૂંક સમયમાં જ આવી લાગે તે સંભવિત છે.

સવાલ એક જ થાય છે કે આટલી હદનું નૈતિક, આધ્યાત્મિક અધઃપતન થવા છતાં દૈવી બળો કેમ જાગ્રત થતાં નહિ હોય ? દૈવી તત્ત્વો જે નિધર્મી તત્ત્વો છે એની વાત ન કરીએ, જે અત્યંત ધર્મી તત્ત્વો છે તેઓ તો હોનહારનો વિચાર કરતાં પરમ ઉદાસીન ભાવને વરેલાં રહે તે માટે તેમની પાસે ય અપેક્ષા ન રાખીએ, પણ જે મધ્યમ કક્ષાના ધર્મી તત્ત્વો છે, જેમના પૂર્વ-જીવનમાં ધર્મની દાઝ હતી, જેઓ એ જીવનમાં ધર્મપ્રભાવક હતા, જેમણે જીવનમાં અનેક આત્માઓને પ્રબોધ્યા હતા એ આત્માઓ દેવાત્મા બનીને ય અહીંની ભયાનક સ્થિતિ જોઈને દોડી કેમ આવતા નથી ?

શું આ દર્શનનો એમને કોઈ વલોપાત નહિ થતો હોય ? શું એમને એ ધર્મશાસનનું ધનોતપનોત નીકળી જાય, સાંસ્કૃતિક જીવન રહેંસાઈ-પિસાઈ જાય તે બેઠી શાન્તિથી જોઈ શકાય તેવું છે ? તો પછી તેમનામાં જ શી ધાર્મિકતા રહી ? કઈ ધર્મદાઝ રહી ? કઈ શાસનભક્તિ રહી ?

તેઓ કેમ આ ધરતી ઉપર ધસી આવતા નથી ?

કેટલાકો કહે છે કે જ્યાં સુધી આપણું પુણ્ય જ પરિપક્વ થાય નહિ ત્યાં સુધી તેઓ શેં દોડી આવે ? ભિખારીનું જ પુણ્ય ન હોય તો દાનશૂરાને તે કરગરતા ભિખારીને પણ પૈસો દેવાનું ય મન થતું નથી.

આલોકના જીવોનું જ પુણ્ય પરવારી ગયું હોય તો દેવાત્માઓને પણ અહીં દોડી આવવાની ઈચ્છા ન જાગે તે સંભવિત છે.

### શુદ્ધિનો અભાવ જ કારણ

મને આ સમાધાન વજૂદ વિનાનું તો નથી જ લાગતું, પણ મારે આથી પણ વધુ ઊંડા પાણીએ જવું છે. વાચકોને પણ એ ઊંડા પાણીમાં લઈ જવા છે.

મને એમ લાગે છે કે દેવાત્માઓ અહીં ન દોડી આવવામાં આપણા પુણ્યની ખામી કરતાં ય

શુદ્ધિની ખામી વધુ કારણભૂત હશે. પુણ્ય તો આપણું ઓછું નહિ હોય, પરંતુ શુદ્ધિ કદાચ ઓછી પડતી હશે.

પુણ્યની પુષ્ટિ કરતાં વાસનાની શુદ્ધિ-થોડી પણ-ચમચમતા મરચાંના કણ જેવી છે. એની તાકાત કોઈ જુદી જ જાતની છે. પોતાનામાં શુદ્ધિ છે કે નહિ ? એ તો સ્વનિરીક્ષણે જ દરેકને સમજાશે.

હજી થોડા વધુ ઊંડા પાણીએ ઊતરીએ.

હવે મને શુદ્ધિની ખામી કરતાં આગની ખામી વધુ જણાય છે. ધર્મ અને સંસ્કૃતિની ઈમારતોની ચોફેર જલતા આગના ભડકા જોઈને કોના મોંમાંથી ચીસ નીકળી છે એ તો કહો ?

કોણ ભયથી ધ્રૂજી ઊઠ્યો કે અવાચક બની ગયો એ તો જણાવો ?

કોને એક ટંક માટે ખાતાં ય ડચૂરો વળી ગયો એનું નામ તો આપો?

સહુ આપ-સલામતીમાં ! સહુ આપ-મતલબમાં !

દેવાત્માઓ તો તરત જ અહીં ઊતરી પડે, પણ કોક એમને આગભરી વેદનાએ રાડ પાડીને આમન્ત્રણ તો દો કે, ‘‘જલદી પધારો ! હવે જોવાતું નથી અને સહેવાતું પણ નથી !’’

કોણે આવી રાડ પાડી હશે ?

કોણ આખી રાત રડ્યું હશે ?

છે તાકાત કોઈની, માણેકચોકમાં લોહીના છાંટણાં કરવાની ?

છે તાકાત કોઈની, વેરાતો વિનાશ દેખીને હીબકાં ભરીને રોવાની?

જો ના...

તો ખામોશ ! વાતો કરવાથી દેવાત્માઓ કદી અવતાર પામશે નહિ. એ આશા ઠગારી નીવડશે.

એ કદાચ પુણ્ય પણ નહિ માંગતા હોય, કદાચ શુદ્ધિની પણ ભીખ નહિ યાચતા હોય, કેમકે જે પોતે ધર્માત્મા છે, ધર્મ-દાઝવાળા છે, સંસ્કૃતિભક્ત છે તેને બીજાના પુણ્ય કે શુદ્ધિની ઝાઝી અપેક્ષા કદાચ નહિ હોય. પણ તેઓ જરૂર માંગે છે આમંત્રણ; આંસુભર્યું, હીબકાંવાળા રૂદનભર્યું. અને માંગે છે બલિદાન; લોહી-રેડ્યું.

જો હોય આપણી પાસે આંસુ અને બલિદાન !

તો દેવાત્માઓએ આવ્યે જ છૂટકો છે, અન્યથા ઠરાવો કરવાથી તેઓ નહિ આવે. પ્રતીક્ષા કરતાં મરી જઈશું તો ય નહિ આવે.

### અમૃતાનુષ્ઠાનની આરાધના કરો

કુન્તી અને મયણાની એક રાત્રિની આરાધનાને પાંચ પ્રકારની આરાધનાઓમાંથી પાંચમા નંબરની ઉત્કૃષ્ટ કક્ષાની અમૃત-આરાધના (અમૃત-અનુષ્ઠાન) કહી શકાય. આ અનુષ્ઠાનમાં ચિત્તનો આનંદ વર્ણનાતીત બને છે, તેમાં આપત્તિના પરિત્યાગની ભાવના તો રહેતી નથી પરંતુ મોક્ષ પામવાની અભિલાષા ય રહેતી નથી. આવી આરાધનાથી જે પુણ્ય જામે છે તે પ્રાયઃ ઉગ્ર હોય છે અને તેથી તત્કાળ ફલપ્રદ બની જાય છે.

જે કાર્યો વર્ષો, યુગો કે સૈકાઓથી ન થઈ શકે, જે કાર્ય સેંકડો, હજારો કે લાખો માનવોથી કે માનવ-કલાકોથી ન થઈ શકે, જે કાર્ય પ્રચંડ પુરુષાર્થથી ન થઈ શકે તે કાર્ય રાતોરાત; રે ! આંખના પલકારામાં પણ અમૃતાનુષ્ઠાનના આવા ધર્મબળથી થઈ શકે છે. આજે ધર્મરક્ષા કાજે પુરુષાર્થના ઘરની બીજી કશી મહેનત કરવા કરતાં આવા અનુષ્ઠાનોમાં જ સહુ ધર્મરક્ષાપ્રેમીઓએ લાગી જવાની જરૂર છે. આ જ ધર્મરક્ષાનો સાચો માર્ગ છે એમ લાગે છે. આજે નહિ તો આવતી કાલે પણ આ

મહાસત્યને સ્વીકાર્યા વિના કોઈ પણ ધર્મના રખોપાનો છૂટકો નથી.

આવા અનુષ્ઠાનથી જે દૈવીતત્ત્વોનું અનુસંધાન થાય છે, એમના તરફથી જે સહકાર મળે છે એ જ સાચો સહકાર છે. દેવોને રીઝવવા માટેના અનુષ્ઠાનો તો ખૂબ જોખમી છે. એમાં અવિધિ આદિ થાય તો દેવો તો રુષ્ટમાન પણ થઈ જાય અને ધનોતપનોત કાઢી નાંખે.

વસ્તુતઃ ઉત્તમ અનુષ્ઠાનો દ્વારા સ્વાત્માને જ રીઝવવો જોઈએ. એવા આત્મા ઉપર સમ્યગ્દૃષ્ટિ દેવો રીઝ્યા વિના રહેતા નથી અને આવા દેવો નાનીશી ભૂલમાં રુષ્ટમાન થતા પણ નથી.

### કુન્તી અને દ્રૌપદીના ધ્યાનથી પાંડવોનો ઉગાર

બન્ને સ્ત્રીઓ આખી રાત ધ્યાનમાં નિશ્ચલ રહી. સવાર પડ્યું, સૂર્યોદય થયો. ત્યાર બાદ કેટલાક સમયે સરોવરમાંથી વિમાન બહાર નીકળ્યું. તેમાં પાંચેય પાંડવો હતા અને તેમની સાથે દિવ્યપુરુષ હતો. તેઓ ધ્યાનસ્થ કુન્તી પાસે આવ્યા. મોટેથી અવાજો કરીને દિવ્યપુરુષે કુન્તીને સમાધિમાંથી બહાર લાવી. તેણે કહ્યું, ''માતા કુન્તી ! તમારો ધર્મ સફળ થઈ ગયો છે. તેના પ્રભાવે જ તમારા પુત્રો તમારી સામે આવી ઊભા છે. હવે તમે તેમના પ્રણામ ઝીલો અને આશીર્વાદ આપો, પછી તમે આહાર-પાણી સ્વીકારો.''

કુન્તીએ તેમ કર્યું. તેણે દ્રૌપદીને પણ ખૂબ ઢંઢોળીને બાહ્ય ભાનમાં આણી. સહુ એકબીજાને મળવાથી અત્યંત આનંદવિભોર બની ગયા.

કુન્તીએ દિવ્યપુરુષને સવાલ કર્યો કે શું બાબત બની ગઈ ? તેનો જવાબ આપતાં દિવ્યપુરુષે કહ્યું કે તમારા બેના જપ અને કાયોત્સર્ગાદિના પ્રભાવથી જ અકલ્પ્ય બીના બની ગઈ છે. તમે સહુ શાન્તચિત્તે સાંભળો.

### નાગરાજના બંધનમાંથી મુક્તિ

તમે બે આત્માઓ ધ્યાનસ્થ હતા તે સમયે દેવોના રાજા ઇન્દ્ર કોઈ કેવળજ્ઞાની મહાત્માને વંદના કરવા માટે આકાશમાર્ગેથી વિમાનમાં પસાર થતા હતા. તમારી ઉપર તે વિમાન આવ્યું ત્યારે આગળ વધવાને બદલે ત્યાં જ ડગમગવા લાગ્યું. દેવરાજે જ્ઞાનબળથી તમારી સાધના જોઈ. તેમની બાજુમાં હું બેઠો હતો. તેમણે મને તમારી ઓળખ આપી અને તમારી મનઃકામના પૂર્ણ કરવાનો આદેશ કર્યો.

એ મુજબ હું નાગરાજ પાસે ગયો. ત્યાં નાગપાશથી બંધાયેલા તમારા પાંચેય પુત્રોને મેં જોયા. નાગરાજ પાસેથી મેં જાણ્યું કે તમારા પુત્રો તેની માલિકીના સરોવરમાં પરવાનગી વિના પ્રવેશ્યા હતા અને કમળો તોડ્યા હતા. આથી સરોવરની રક્ષા કરતા દેવોએ તેમને પકડી લઈને કેદ કર્યા છે.

મેં નાગરાજને તમારા પુત્રોની ઓળખ આપી. તે પાંચ પાંડવો છે એવું જાણતાંની સાથે નાગરાજને તેમને સતાવ્યા બદલ અત્યન્ત દુઃખ થયું. સહુને તરત મુક્ત કરીને નાગરાજે યુધિષ્ઠિરની ફરી ફરીને ક્ષમા માંગી. એટલું જ નહિ પરંતુ તેમને પ્રસન્ન કરવા માટે અને કાયમની મૈત્રી બાંધવા માટે મણિમાલા અને કમળની ભેટ આપી.

નાગરાજના વિમાન દ્વારા હું પાંચ પાંડવોને અહીં લાવ્યો છું. માતા કુન્તી ! હવે મને કોઈ આજ્ઞા છે ?

કુન્તીએ કહ્યું, ''અમને બધાયને વિમાન દ્વારા અમારા સ્થળે દ્વૈતવનમાં પુનઃ મૂકી દો.''

દેવે તે પ્રમાણે કરીને સહુને પ્રણામ કરીને વિદાય લીધી.

૨૯.

## બે ય સ્વભાવની પરાકાષ્ટાએ

એક દિવસ દુર્યોધનની પત્ની ભાનુમતી દ્વૈતવનમાં પાંડવોની પાસે આવી. પોતાના શત્રુની પત્ની હોવા છતાં પોતાના ભાઈની પત્ની તરીકે જ તેને પાંડવોએ ભારે આદરથી વધાવી. દ્રૌપદીએ તેનું જબરું આતિથ્ય કર્યું. કુન્તીએ વહાલ દેખાડવામાં પાછીપાની ન કરી.

ભાનુમતીની આંખમાં વારંવાર દડદડ આંસુ વહી જતાં જોઈને તમામના મન ખિન્ન બની ગયા.

આતિથ્ય પૂરું કર્યા બાદ યુધિષ્ઠિરે તેને રુદનનું કારણ પૂછ્યું.

ભાનુમતીએ વિસ્તારથી આ પ્રમાણે વાત કરી.

### દુર્યોધનને મુક્ત કરવા ભાનુમતીની વિનંતિ

તમારા ભાઈ (દુર્યોધન) વનના ગોકુળોને જોવા માટે આ વનમાં આવ્યા હતા. તેમની સાથે કર્ણ, જયદ્રથ વગેરે અનેક વીર યોદ્ધાઓ અને મોટું સૈન્ય પણ હતું. તેમને વનમાં ક્યાંક ઉતારો કરીને વિશ્રાન્તિ અર્થે રહેવું હતું. તપાસ કરતાં એક સુંદર મહેલ મળી ગયો. મહેલના ચોકીદારોએ મહેલ આપવાની ના પાડતાં સૈનિકોએ તેમની સાથે ઝપાઝપી કરી. તમારા ભાઈ ખૂબ ગુસ્સે ભરાયા. તેમણે બધા ચોકીદારોને ભગાડી મૂકીને મહેલનો કબજો લીધો, તેમાં રહેવા લાગ્યા, આસપાસમાં જે કાંઈ સુંદર હતું તેને ઉજ્જડ કરી નાંખ્યું. મહેલના માલિકના બાગ, બગીચા, સરોવર વગેરે તમામ ખેદાનમેદાન કરી નાંખ્યા.

એ મહેલનો માલિક વિદ્યાધરોનો રાજા હતો. તેનું નામ ચિત્રાંગદ હતું. તેને ચોકીદારોએ સમાચાર આપ્યા. વિરાટ સૈન્ય લઈને તે આકાશમાર્ગે આવી ગયો. તમારા ભાઈએ એનો મુકાબલો કરવાનું જબરું સાહસ કર્યું. જો કે તેમણે પરાક્રમ દાખવવામાં કશી કમીના રાખી ન હતી, પણ તેમણે ભૂમિ ઉપર રહીને લડવાનું હતું, જ્યારે વિદ્યાધરો આકાશમાં રહીને લડત આપતા હતા. આથી અન્તે તો તમારા ભાઈનો પરાજય થયો. કર્ણ ફૂંફાડા મારીને લડાઈમાં ઉતર્યો પણ થોડી જ વારમાં પરાજય પામતો ક્યાંય ભાગી છૂટ્યો હતો. તમારા ભાઈ વગેરે તમામના પગમાં વિદ્યાધરેશ્વરે લોખંડની બેડીઓ નાંખી. દરેકના ગળામાં પણ સાંકળો નાંખવામાં આવી.

વિદ્યાધરેશ્વરે તેમને ચલાવીને પોતાના મહેલમાં લાવીને કેદ કરી દીધા છે.

આથી હું મોટેથી રૂદન કરતી હતી.

આ બધા દુઃખદ સમાચારો જાણીને હસ્તિનાપુરથી ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય અને કૃપાચાર્ય આ દ્વૈતવનમાં આવી ગયા. મારી પાસેથી સઘળી વિગત જાણી અને મારું કરુણ કલ્પાંત સાંભળીને તેઓ ખૂબ દુઃખી થયા. 'હવે શું કરવું ?' તેના વિચારમાં સહુ પડી ગયા.

થોડી વારે પિતામહે મને કહ્યું, "દીકરી ! તું રોઈશ નહિ. હવે તારે જ એક કામ કરવું જોઈએ. આ જ વનમાં પાંડવો છે. તું તેમની પાસે જા અને દુર્યોધનને કેદમાંથી મુક્ત કરવા માટે વિનંતી કર. મને પૂરી ખાતરી છે કે યુધિષ્ઠિર ધર્મરાજા છે. એ ભૂતકાળ ભૂલી જઈને પોતાના ભાઈ તરીકેના વહાલથી દુર્યોધનની મદદે દોડી આવશે. એના જેવો બીજો ઉત્તમ માણસ મેં આ જગતમાં કદી જોયો નથી. પરોપકારનું તો એને વ્યસન છે. અપકારી ઉપર પણ ઉપકાર કરવામાં એ હંમેશ આતુર હોય છે."

પિતામહનું આ વચન સાંભળીને હું આપની પાસે આવી છું. હવે આપને જે યોગ્ય લાગે તે આપ કરો.

### દુર્યોધનને છોડાવવા ભીમનો વિરોધ

ભાનુમતી દ્વારા દુર્યોધન ઉપર આવી પડેલી આપત્તિ જાણીને ભીમ તો ખૂબ રાજી થઈ ગયો. તેણે કહ્યું કે, ''દ્રૌપદીના કેશ પકડાવીને ભરસભામાં લાજ લેનાર પાપી દુર્યોધનના પાપનું ફળ હવે શરૂ થઈ ગયું. આ ઠીક જ થયું.

વળી આ દ્વૈતવનમાં પણ ગોકુળો જોવાના બહાને અમને જ મારવા તે આવ્યો હતો તે વાત પ્રિયંવદન દ્વારા અમે ક્યારની ય જાણી છે. એટલે આવા માણસની મદદે જવાનું તો મોટાભાઈ યુધિષ્ઠિર પણ ઇચ્છવાના નથી એવી મારી ખાતરી છે.''

યુધિષ્ઠિર બોલ્યા,''ભીમ ! તું આ શું બોલે છે ? ગમે તેમ તો ય દુર્યોધન આપણો ભાઈ છે. તે હાલ મરણાન્ત આપત્તિમાં ફસાયો છે. આપણે તેની મદદે જવું એ જ આપણી આ સમયની ફરજ છે. તું આ ભાનુમતીની સામે તો જો. રડી રડીને એની આંખો કેવી સૂજી ગઈ છે ? તને એની પણ દયા આવતી નથી ?''

ભીમે મોટાભાઈને દુર્યોધને કરેલા ભૂતકાળના લાક્ષામહેલ આદિના કાવતરાંઓની યાદ કરાવી, વસ્ત્રાહરણ પ્રસંગની નીચતા જણાવી, અપકારી ઉપર ઉપકાર કદી ન થઈ શકે તેમ પણ જણાવ્યું.

### અપકારી ઉપરે ય ઉપકાર કરે તે સાચો સજ્જન

યુધિષ્ઠિરે કહ્યું, ''ઉપકારી ઉપર ઉપકાર તો સામાન્ય માણસ પણ કરી શકે છે, પણ અપકારી ઉપર ઉપકાર કરવો એ જ સજ્જનનું લક્ષણ છે. વળી દુર્યોધનને આપણા માટે જે ધિક્કારભાવ છે તેને તેના હૈયેથી દૂર કરવા માટેની આ સોનેરી તક નથી ? છેવટે તો તે ય માણસ જ છે ને ? આપણે મદદગાર બનીશું તો શું તે આપણો સદાનો મિત્ર નહિ બની જાય ? શત્રુને મારવાથી શત્રુ કદી મરતો નથી. શત્રુ તો શત્રુતાને મારવાથી જ મરે છે. શત્રુતાને ખતમ કરવાની આ સોનેરી તક આપણે જવા દેવી ન જોઈએ. ટૂંકમાં સો વાતની મારી એક જ વાત છે કે દુર્યોધન આપણો ભાઈ છે, વળી આપત્તિમાં છે માટે હું તેને મદદ કરીને જ રહીશ.''

આમ કહીને યુધિષ્ઠિરે ભાનુમતીને ખૂબ આશ્વાસન આપ્યું.

ત્યાર બાદ યુધિષ્ઠિરે અર્જુનને આ કાર્ય સોંપ્યું. અર્જુને પ્રણામ કરવા દ્વારા મોટાભાઈની આજ્ઞા શિરસાવંદ્ય કરી.

### 'આપણે પાંચ નહિ, એકસો પાંચ'

યુધિષ્ઠિરે અર્જુનને કહ્યું, ''ભાઈ ! તારી વિદ્યાઓના બળે તું દુર્યોધનને આપત્તિમાંથી સત્વર મુક્ત કર. અત્યારે આપણે પાંચ નથી, અત્યારે તો આપણે એકસો પાંચ છીએ. આપણે પરસ્પર લડતા હોઈએ ત્યારે પાંચ અને સો માં ભલે વહેંચાઈ જઈએ, પરંતુ કોઈ ત્રીજો લડવા આવીને ઊભો રહે ત્યારે તો આપણે બધાએ એક બની જવું જોઈએ. તે વખતે તેની સામે આપણે પાંચ નહિ પણ એકસો પાંચ.''

'આપણે પાંચ નહિ પણ એકસો પાંચ.' યુધિષ્ઠિરનું વાક્ય સત્યથી કેવું ખીચોખીચ ભર્યું છે !

### અંદરોઅંદર યાદવાસ્થળી

આ દેશ ઉપર જ્યારે સદા માટે યાદવાસ્થળીનો અભિશાપ કામ કરી રહ્યો છે ત્યારે તો આ

વાક્યનું મહત્ત્વ પુષ્કળ વધી જાય છે. આપસ-આપસના કોઈ કારણોસર પેદા થયેલા ઝનૂન વખતે આ મહાસત્યનું સ્મરણ થવું મુશ્કેલ બની જાય છે.

વર્તમાનકાળની જે યાદવાસ્થળી છે એ તો વળી સાવ વિલક્ષણ છે. એ કાંઈ પરસ્પર પ્રેરિત નથી પરંતુ કોઈ 'ત્રીજા'એ ઊભી કરેલી છે. શાંતિથી અને સંપથી જીવતાં માણસો, કુટુંબો, જ્ઞાતિઓ, સમાજો, સંઘો, રાજ્યોને કોઈ 'ત્રીજા'એ આપસમાં ફૂટ પેદા કરી એમનામાં યાદવાસ્થળી ઊભી કરી છે. એમને કોઈ લડાવી મારીને ધરતી ઉપરથી નામશેષ કરી દેવા માંગે છે.

એ 'ત્રીજો' છે; અંગ્રેજો : ગોરાઓ. એમણે સર્વત્ર ફાટફૂટો પેદા કરી છે, ચોમેર યાદવાસ્થળીઓ સર્જી છે. એના પરિણામે ઘણી શક્તિઓ, ઘણી કળાઓ, ઘણી બુદ્ધિ, ઘણાં કૌશલો ખતમ થઈ ચૂક્યા છે. હવે તો એ બધા વિનાની મુડદાલ બનેલી જ્ઞાતિઓ, જાતિઓ, વ્યક્તિઓ, સમાજો, સંઘો વગેરે માત્ર જીવવા પૂરતાં જીવતાં રહ્યા છે.

આ પરાયા લોકોની મેલી મુરાદને ઓળખી લેવાની જરૂર નથી લાગતી શું ? હવે આપણે એકસો પાંચ એવો ગગનભેદી ઘોષ કરીને એ પરાયા લોકો સામે યુદ્ધ પોકારવાની (એમનો બહિષ્કાર કરવાની) જરૂર જણાતી નથી શું ?

અહીં ભારતના ભેદી રાજકારણ તરફ દષ્ટિપાત કરીએ.

### ભારતના ભેદી રાજકારણ પર દૃષ્ટિપાત

ઈ.સ. ૧૬૦૦ની સાલમાં 'ઇસ્ટ ઈન્ડિયા કંપની'ની સ્થાપનાની પૂર્વના એકસો વર્ષમાં (૧૪૯૮ થી ૧૬૦૦) અંગ્રેજોએ ભૂમિકા તૈયાર કરી હતી. કલાઇવ, હેસ્ટિંગ્ઝ વગેરે ભારતીય પ્રજા માટે યમરાજ સાબિત થાય તેટલો વિનાશ તેમણે ભારતીય સંસ્કૃતિનો અને તેની પ્રજાનો બોલાવી દીધો.

જે ભારતીય પ્રજા લાખો-કરોડો વર્ષોમાં ય કદી કોઈ પરદેશીને તાબે થઈ ન હતી તેને અંગ્રેજોએ તાબે જ કરવાની ન હતી, પણ ધરતી ઉપરથી સર્વથા નષ્ટ કરી દેવાની હતી. એટલે તેમણે મોગલો, મરાઠાઓના સમયમાં પ્રજામાં ફાટફૂટો પડાવીને પ્રજાના ખમીરને ખોખરું કરી નાંખવાનો દોઢસો વર્ષનો (૧૭૦૦ થી ૧૮૫૭) હપતો ચલાવ્યો.

હવે ગોરાઓ સીધું પોતાનું રાજ દાખલ કરવાનો ત્રીજો એકસો વર્ષનો (ઈ.સ. ૧૮૫૭ થી ૧૯૪૭) હપતો દાખલ કરવા માંગતા હતા. એટલે કંપની-રાજને દૂર કરવાનું જરૂરી બનતાં ઇ.સ. ૧૮૫૭નો બળવો તે અંગ્રેજોએ જ નાનકડા નિમિત્તમાં ઊભો કરાવી દીધો.

ત્રાસ ગુજારાવીને અપ્રિય બનાવાયેલું કંપની-રાજ દેખીતી રીતે ગયું પણ તેને ક્યાંય સારું મનાવે તેવું ગોરાઓનું સીધું રાજ આ બળવા બાદના ચૂંટણીના ઢંઢેરા દ્વારા ભારતીય પ્રજાના માથે ઠોકાઈ ગયું.

પ્રજાનો નાશ એની સંસ્કૃતિના નાશથી થાય છે. જે પ્રજા પાસે પોતાની સંસ્કૃતિ નથી તે પ્રજા ઝાઝી સદીઓ જીવી શકતી નથી. આ વાત ગોરાઓ ખૂબ સારી રીતે જાણતા હતા એટલે તેમણે ૧૮૫૭ના ગાળામાં જ લોર્ડ મૅકોલેને ભારતમાં મોકલીને પાશ્ચાત્ય પદ્ધતિનું શિક્ષણ બંગાળના દ્વારેથી સમગ્ર ભારતમાં ફેલાવી દીધું. તે અરસામાં જ મૅકોલેએ પોતાના સ્વજનને લખેલા પત્રમાં તદ્દન સાચી આગાહી કરતાં જણાવ્યું હતું કે, "જો મારું શિક્ષણ બંગાળમાં બરોબર ચાલ્યું તો ત્રીસ વર્ષમાં જ બંગાળમાં હું તમને મોટી સંખ્યામાં નાસ્તિકોના દર્શન કરાવી શકીશ."

આજે તો સમગ્ર ભારતમાં વ્યાપક બનેલા એ શિક્ષણના પ્રભાવે ઈશ્વર, આત્મા, પરલોક, પૂર્વજન્મ, પુનર્જન્મ વગેરે માન્યતાઓના જનહૃદયમાં ભુક્કા બોલાઈ ગયેલા આપણે આંખેઆંખ

જોઈ રહ્યા છીએ.

ઈ.સ. ૧૮૫૭થી ૧૯૪૭ના એકસો વર્ષના ગાળામાં લોકશાસન, કે જે સંતશાસનને ખતમ કરી નાંખવા માટે તેની સામે ગોઠવાયેલી તોપ હતી તે દાખલ કરવાની પૂર્વભૂમિકા ખૂબ સરસ તૈયાર થઈ ગઈ. ઈ.સ. ૧૮૮૦માં ચૂંટણીનો કાયદો અને ઈ.સ. ૧૮૮૫માં કોંગ્રેસ સંસ્થાની સ્થાપના એ લોકશાસનની પાયલોટકારો ન હતી તો બીજું શું હતું ?

### લોકશાસન દ્વારા સંતશાસનનો નાશ

ગોરાઓ જાણતા હતા કે પ્રજા અને તેની સંસ્કૃતિને નષ્ટભ્રષ્ટ કરી નાંખવી હોય તો અપરિપક્વ અને અણઘડ, પોતાના બાપ-જન્મારામાં રાજ કરવાની કળાને કદી ન જાણનારા, સ્વાર્થપ્રિય લોકોના હાથમાં રાજ્ય મૂકી દેવું જોઈએ. આને 'લોકશાસન' નામ આપવું જોઈએ. આનાથી સંતશાસન-કે જે ભારતીય પ્રજાના સફળતમ સર-સૂત્રધાર તરીકેનું કામ કરતું હતું તે ખતમ થાય અને સાથોસાથ રાજશાસન પણ નષ્ટ થાય.

આ બે ભારતીય પ્રજાના પ્રાણ હતા. તે ગયા બાદનું લોકશાસન તો આપસઆપસની યાદવાસ્થળી, અણઘડ નીતિઓ, સ્વાર્થાન્ધ રાજરમતો તથા અમીચંદ-મીરજાફરી મનોવૃત્તિઓથી આપમેળે જ ખતમ થઈ જવાનું છે.

અરાજકતા, અંધાધૂંધી અને પરિપક્વ નેતૃત્વવિહોણી પ્રજા મોંઘવારી, બેકારી, ગરીબીના ચક્રોમાં એવી જોરથી પિલાઈ જશે કે પ્રજાના હાડમાંસ પણ હાથમાં નહિ આવે. ત્યાં જોવા મળશે વેરાન વિરાટ ભારતની ધરતી; તેની ઉપર ઊભા થયેલા નગરો, બંધો, ઉદ્યોગનગરો, ઔદ્યોગિક વસાહતો, રાજધાનીઓ, લાખો માઈલોના રોડ, બાંધકામો, બંગલાઓ, મંદિરો, વિરાટ ખંડવાળા ઉપાશ્રયો વગેરે.

આ ગણિતને બર લાવવા માટે ગોરાઓએ ૧૯૪૭થી (કદાચ ઈ.સ.૨૦૪૭ સુધી) લોકશાસનના સો વર્ષના છેલ્લા હપતાનો આરંભ કર્યો.

સ્વરાજ આપણે મેળવ્યું કે ગોરાઓએ જ આપણને આપ્યું ? આપણો નાશ કરીને આપણા પસીને, સંપત્તિએ અદ્યતન અમેરિકા જેવી બનેલી ભારતની ધરતીને કાયમ માટે હડપ કરી લેવા માટેની જ આ બધી રમતો નહીં હોય શું ?

### ભારતનું બંધારણ દેશહિતકારી અને સંસ્કૃતિનાશક

કરોડો વર્ષોથી જે વ્યવસ્થાઓ અને મર્યાદાઓ દ્વારા આ આર્યપ્રજા મસ્ત રીતે પોતાનું જીવન જીવતી હતી તે તમામ વ્યવસ્થાઓ અને મર્યાદાઓને ગોરાઓએ અત્યંત આશ્ચર્યજનક ભેદી રમતો દ્વારા ખતમ કરી નાંખી છે. ફરી તે વ્યવસ્થાઓ અને મર્યાદાઓ તરફ પાછા ફરવાના દ્વાર પણ તેમણે સંપૂર્ણપણે ભ્રષ્ટ કરીને સડાવી-કોહડાવી નાંખ્યા છે. આવતી કાલે સંતોની વાણીની કદાચ વર્ષા થાય તો ય શું; બિયારણ જ સડીને સાફ થઈ ગયું હશે ત્યાં ?

વિકાસના નામે આયુર્વેદ, પશુગણ, શિક્ષણ, નારી-જગત, યોગ, ખેતી વગેરે પ્રજાકીય જીવનના ખૂબ ખૂબ મૂલ્યવાન બળોને તે ગોરાઓએ નષ્ટભ્રષ્ટ કરી નાંખ્યા છે.

કમનસીબી જ ગણવી ને આ આર્યાવર્ત્તની કે તેની જ પ્રજાનો અગ્રણી વર્ગ ગોરા-અંગ્રેજોના પક્ષે જઈ બેઠો અને પોતાના ઐહિક સ્વાર્થોની પૂર્તિ થવાથી તેણે પોતાના જાતભાઈઓની મસ્ત જિંદગી બરબાદ કરી, સંસ્કૃતિના મૂલ્યોનો બુકડો બોલાવી દીધો.

ગોરાઓએ ઘડી આપેલું પ્રજાસત્તાક ભારતનું બંધારણ જ એવા પ્રકારનું જણાય છે કે તેના દ્વારા

એક બાજુથી દેશનું (દેશની ધરતીનું) હિત (આબાદી) થતું જ રહે અને તેની સાથોસાથ પ્રજા અને સંસ્કૃતિ બે ય સંપૂર્ણતઃ બરબાદ થતાં જાય.

હવે તો ગમે તે કરો; ધર્મના સ્થાનો ઊભા કરો, રક્ષકોને તૈયાર કરો. ઢાંચો જ એવો ગોઠવાયો છે કે જે કરો તેનાથી છેવટે તો દેશ આબાદ થશે, પ્રજા બરબાદ થશે, સંસ્કૃતિ નષ્ટ થઈ જશે.

જે માણસના શરીરમાં મેદ ઉત્પન્ન થવાની તાસીર જ તૈયાર થઈ ગઈ છે તે દૂધ, ઘી ખાશે તો ય મેદ થશે અને પાણી પીશે તો ય મેદ થશે.

ભારતની પ્રજા અને સંસ્કૃતિને (દેશને નહિ) હવે તો ભગવાન જ ઉગારી શકશે એમ કહીએ તો તે ખોટું નહિ ગણાય. નારીમાંથી શીલ ઊડી ગયા બાદ, વેપારીમાંથી નીતિમત્તા નષ્ટ થઈ ગયા બાદ, યુવાનમાંથી યૌવન ખતમ થયા બાદ, સંતોમાંથી શાસ્ત્રચુસ્તતા ધારાશાયી થયા બાદ, સરકારી સ્તરોમાંથી ન્યાયનો લોપ થઈ ગયા બાદ હવે એવું તે સોગંદ ખાવા જેવું પણ સારું તત્ત્વ કયું રહ્યું છે જેના આધારે ભારતીય પ્રજા અને તેની સંસ્કૃતિને બચાવી શકાય ?

**આમાં શેં જીવવું ?**

ઢોર પણ જીવે છે, દુષ્ટ માણસો પણ જીવે છે. જો આને પણ જીવન કહેવાતું હોય તો એક વાર એમ કહી દેવાનું મન થઈ જાય કે આ કરતાં તો સ્મશાનની ચિતા ઉપર મડદું બનીને સૂઈ જવું વધુ સુખદ હશે. જ્યારે આવા કોઈ વિચારની પળોમાં ખોવાઈ જવાનું બને છે ત્યારે સૉક્રેટિસના પેલા શબ્દો એકદમ યાદ આવી જાય છે : **It is good to become a dissatisfied man then to be a satisfied pig** - સંતોષી ડુક્કર બનવા કરતાં તો અસંતોષી માણસ થવું ખૂબ જ બહેતર છે.

ચારેબાજુ તોફાન છે; વંટોળ છે, ભયાનક આંધીની ડમરીઓ જામ થઈ છે. નર્યો વિલાસ, વાસનાની કારમી ભૂખ, યુવાનો અને યુવતીઓના મોં ઉપર તરવરતી હવસની બેહદ વિચિત્રતા ! આ શું બધું ?

વેપારી, ગ્રાહકો, શ્રીમંતોના જીવનમાં નરી અપ્રામાણિકતા, હરામખોરી, અનીતિ, લુચ્ચાઈ, જૂઠ અને વિશ્વાસઘાત ! આ શું બધું ?

સત્તાધારી વર્ગમાં આકંઠ વ્યાપેલી સત્તાની કારમી લાલસા, અઘોર સગાંવાદ, બેશરમ તકવાદ, સ્વાર્થ, પ્રપંચ, કૂડકપટ અને કાવાદાવા! આ શું બધું ?

બહારથી ધર્મી દેખાતા લોકોની ભીતરનું એક ભયાનક જીવન ! ડોકિયું કરતાં ચીસ પડી જાય એવી ત્યાંની વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ ! લોહીની તરસો ! ધર્મના ઓઠા નીચે સેવાતો કારમો, કાજળથી ય કાળો સંસાર ! આ શું બધું ?

રે, જેમણે સંસાર ત્યાગ્યો છે તેમનામાં ય હવે થોડાક પણ કેટલાક ટકા સડો દેખાવા લાગ્યો છે. સંસારત્યાગીમાં ય નવા જ પ્રકારનો સંસાર! સંસારીને ય ક્ષણ વાર સારા મનાવે તેવો સંસાર ! એ જ સંગ્રહખોરી વગેરે દોષોનું પણ સેવન ! રક્ષક જો ભક્ષક બનશે તો ભક્ષકો શું બનશે તેની કલ્પના કરતાં ય ધ્રુજારી છૂટે છે ! એ વર્ગે યાદ રાખવું જોઈએ કે જાતે ડાલડા ઘી ખાઈને પણ સમાજ સાધુઓને ચોખ્ખું ઘી ખવડાવે છે. એને જો મીઠી નીંદર જ આવી જતી હોય અને રખોપું મરી પરવારતું હોય તો તેના જેવો જીવમાત્રનો દ્રોહી બીજો કયો હશે ? આ વર્ગ અનેક પ્રકારની સગવડો ન માંગે તો ય તેને તે સગવડો ભક્તિભર્યા ભાવુકો તરફથી મળી ગયા વિના રહેતી નથી. રે ! આ તો માથે આવી પડેલું સંઘનું, સમાજનું ઋણ. એનો પણ છેવટે વિચાર કરવામાં આવે તો ય પેલી

મીઠી નીંદર હરામ થઈ જાય! પાપમુક્તિના જેટલું જ મહત્ત્વ ઋણમુક્તિનું છે એ વાત કોઈના ખ્યાલ બહાર ન જવી જોઈએ.

**હવે નેતૃત્વ કોણ લેશે ?**

મને તો લાગે છે કે પ્રજાના તમામ આધ્યાત્મિક મૂલ્યો લગભગ કબરનશીન થયા છે. એવી ઊંડી ખાઈ પડી છે જેને પૂરવા માટે કદાચ સંતો અને સજ્જનોની ૫-૧૫ પેઢીઓએ પોતાના બલિદાન દઈને મડદાં પૂરા પાડવા પડશે.

આ સ્થિતિમાં સંતજન, સારા જન, રે ! સીધા માણસને પણ 'Mob Fear'-ટોળાંના અપવાદનો ભય ડારતો હોય છે, ન છૂટકે લાચારીથી પણ એણે ટોળામાં જોડાવું પડે છે. એવી કોઈ નિર્ભીકતાની કે અભયની આજે તાતી જરૂરિયાત છે જે ભીરુપણાનો નાશ કરીને સમાજને બેઠો કરે, એની નિષ્ક્રિયતાની ટાઢ ઉડાડી મૂકે, એને જાગરૂક બનાવે, સંસ્કૃતિના ખોરવી નાંખવામાં આવેલ મૂળ ચીલાઓ ઉપર એકલવીર બનીને કદમ માંડવાની હિંમત આપે.

આવું 'કાંઈક' ટૂંકા સમયમાં જ બનશે કે કેમ એ પણ એક સવાલ છે. મૂળ માર્ગો ઉપર પાછા ફરવાની પીછેહઠ કરવામાં તો એટલી મોટી તાકાતની જરૂર પડે છે કે જેટલી જરૂર કદાચ આલ્પ્સ પર્વતના સીધા ચઢાણની આગેકૂચમાં પણ ન પડે.

ભડકે જલતી ભોગરસના અનુકરણની આ ભયાનક આગ ! જેને ઠારવા નીકળેલા ફાયર-બ્રિગેડના મોટા રુસ્તમો ઝડપાઈ જઈને તેમાં બળી મૂઆ ત્યાં બીજા કાચાપોચાના તો શાં ગજા !

હાય, તો કોણ નેતૃત્વ લેશે ? કોણ સિંહગર્જના કરશે ? કોણ સાચા રસ્તે આંગળી-ચીંધ્યાનું પુણ્ય બાંધશે આ માનવ-સંઘને ઉગારી લેવા માટે?

**પ્રકાશ અને પ્રગતિની જૂઠી બૂમરાણ**

રે ! નવસર્જન, નવયુગ, વિકાસ, પ્રકાશ અને પ્રગતિની તો સાવ જૂઠી બૂમરાણ છે !

એ નવસર્જનોમાં તો જીવનદાત્રી આપણી સંસ્કૃતિના વિસર્જનો ધરબાયેલાં છે.

એ નવયુગ તો આપણા ન્યાય, નીતિ, દયા, પ્રેમ, કરુણા, ત્યાગ, તપ અને તિતિક્ષાના ગૌરવવંતા મૂળયુગની સામેનું તીક્ષ્ણ ઝેર પાયેલું કાતીલ ખંજર છે.

એ કહેવાતા વિકાસમાં તો સંસ્કૃતિ-વિનાશનું; ના, સર્વનાશનું છાટકું જ ગોઠવાયેલું છે.

એ પ્રકાશ તો આપણા ઘરને બાળી મૂકતા ભડકાનો પ્રકાશ છે.

કોઈ ચેતો, કોઈ જાગો આ નજરબંધીથી, આ ભયાનક છેતરપિંડીથી, આ કુટિલ ચાલથી, મુત્સદ્દીગીરીના આ ભેદી દાવપેચોથી.

નફ્ફટ થઈને, આપઘાતોને જીરવી લઈને જૂઠા, કપટી અને સ્વાર્થી સમાજમાં જીવી લેવું, ચૂપચાપ ! એ કાંઈ જીવન નથી. કોઈ પણ સહૃદયીને આ જીવન જીવવું વસમું બની જાય તેવું આજનું વાયુમંડળ છે.

વાસનાઓથી ઊભરાઈ ગયેલા વાયુમંડળમાં ઈશ્વરની ઉપાસના પણ કોણ કરી શકશે ભલા !

વેદનાઓથી કણસતા દુઃખીઓની વચ્ચે રહીને વિશ્વવંદ્યને ભાવભરી વંદનાઓ પણ કોણ અર્પી શકશે ભલા !

અઘોર હિંસાના તાંડવ વચ્ચે રહીને અહિંસાનો લલકાર પણ કોના ગળેથી પ્રગટશે ભલા !

**શું કાળે પડખું બદલ્યું છે ?**

જૈન શાસ્ત્રકારો જણાવે છે કે એક એવો કાળ ચાલતો હતો જે સમયના ઘણા જીવો ખૂબ શાન્તિથી જીવન જીવતા હતા, કલેશ-કંકાસથી બાર ગાઉ છેટા રહેતા હતા. વિષયવાસના પણ એ બધાની એવી પાતળી હતી કે જીવનના માત્ર થોડાક માસ બાકી હોય તે વખતે જ સંતતિ પ્રાપ્ત કરતા. ન હતો સંઘ અને ન હતો સંઘર્ષ, હતી ચોફેર વાયુમંડળમાં શાન્તિ, શાન્તિ, એકલી શાન્તિ.

આથી જ એ બધા જીવો મરીને સ્વર્ગે જ જતા, નરકમાં કોઈ જતું નહિ.

પણ તેમને માટે નરક ન હતી તેમ તેમના માટે મુક્તિ (મોક્ષ) પણ ન હતી. કેમ જાણે 'સંઘર્ષ' વિના મુક્તિ સંભવિત નથી એવો કોઈ લોકસ્થિતિનો સિદ્ધાન્ત સ્થાપિત થયો ન હોય !

અને...કાળે પડખું બદલ્યું. ધીમે ધીમે સંઘર્ષ થતો ગયો, વધતો ગયો. બેચેની, અજંપો ઉત્પન્ન થતાં ચાલ્યા. આ સંઘર્ષોને કારણે જ સંઘ, રાજ્યસંઘ, ધર્મસંઘ વગેરેની સ્થાપના થઈ. સંઘબળથી બાહ્ય સંઘર્ષોનો કબજો લેવામાં આવ્યો અને એ જ સંઘબળે ભીતરના કર્મો, વાસનાઓ વગેરે સાથે ખૂનખાર સંઘર્ષનો આદેશ આપ્યો.

અને...એ આંતર-જંગ આરંભાયો. અનેક આત્માઓ એ સંઘર્ષમાં વિજયી નીવડીને મુક્તિનું પરમપદ પ્રાપ્ત કરવા લાગ્યા.

આવું ક્યાંય સુધી વિરત અને અવિરતપણે ચાલ્યા જ કર્યું. પણ વળી કાળે પડખું બદલ્યું. મહામુનિ જંબૂસ્વામીજી પછી મુક્તિના દ્વારે લોખંડી ભોગળો દેવાઈ ગઈ.

પડતા કાળનો આરંભ થયો. એમ કરતાં કરતાં આપણો એકવીસમી સદીનો કાળ આવી લાગ્યો. બધા જ ક્ષેત્રોની ભ્રષ્ટતાઓ એકબીજાની સ્પર્ધાએ ચડીને ભીષણ તાંડવ ખેલતી અહીં જોવા મળે છે. ઉત્સાહભરપૂર કાર્યકરો અને અગ્રણીઓના દિલ બેચેન બની જાય એવું વર્તમાન પળોમાંથી પસાર થતી માનવજાતનું દર્શન છે.

અષાઢી મેઘલાઓની સાત સાત દિવસ અને સાત સાત રાત સુધી બારે ખાંગે વરસતી હેલીઓથી વાજ આવી જઈને ધરતીનો રહેવાસી ગગન સામે જોઈને અધીરો બનીને બરાડે કે, 'ઓ મેઘરાજ ! હવે બહુ થયું. ખમૈયા કરો.' આવી જ કોઈ કણસતી વેદનાઓથી ઊભરાઈ ગયા છે અંતર સજ્જનો અને સંતોના; ઊભરાઈ ઊઠેલી ભ્રષ્ટતાઓના દર્શનથી સ્તો.

સહુ આછોપાતળો સધિયારો આપ્યા કરે છે કે, "હવે કાળ પલટાઈ જવાનો છે, અમુક સાલ પછી સૌ સારાંવાના થવાના છે, હવે બહુ ચિંતા કરો મા."

શું આ હૈયાધારણામાં ખરેખર વજૂદ છે ? શું ખરેખર કાળ ફરી પાછું પડખું બદલવાનો છે ? જો તેમ સાબિત જ થતું હોય તો તો ભયો...ભયો.

### આવી મિથ્યા હૈયાધારણાઓ શા માટે ?

પણ તેવી સાબિતીનું કોઈ પણ ચિહ્ન, આછું-પાતળું ય આશાનું કિરણ ન જણાતું હોય તો આવી મિથ્યા હૈયાધારણાઓ શા માટે આપવી જોઈએ ?

જો મને પૂછો તો જે ભયાનક વેગથી નવી પેઢીની 'સંસ્કારિતા'નું ધોવાણ થઈ રહ્યું છે તે જોતાં સ્પષ્ટપણે લાગે છે કે કાળ ઘસઘસાટ ઊંઘી રહ્યો છે. આવી ઘનઘોર નિદ્રામાં પડખું બદલવાની કોઈ જ શક્યતા નથી.

હવે એક, બે, ત્રણ માણસો બગડતાં નથી, કુટુંબની એકેકી વ્યક્તિના પાપે આખા ને આખા કુટુંબો સાંસ્કૃતિક જીવનપદ્ધતિથી બારસો ગાઉ દૂર ફેંકાઈને ફંગોળાઈ ગયા છે.

એવા સેંકડો કુટુંબોએ આખા ને આખા ગામો, નગરો, જિલ્લાઓ અને રાજ્યોને બરબાદ કરી નાંખ્યા છે. સિનેમા, સહશિક્ષણ વગેરે વિકૃતિઓના ઘોડાપૂરે તો કોઈ વડલાને ય સીધો ઊભો રહેવા દીધો નથી !

પરિસ્થિતિ આટલેથી જ અટકી નથી. સમાજનું નેતૃત્વ જેમની પાસે કહેવાય છે તે વર્ગ ખૂબ જ ખરાબ રીતે બગડી ચૂક્યો છે. તેના ભ્રષ્ટાચારો અને દુરાચારોની ભયંકર બદબૂ તે વર્ગના પુણ્યે જ જલદી જલદી બહાર આવી નથી. પણ તેથીસ્તો તે બદબૂમાં નિર્ભીકપણે વધારો થઈ રહ્યો છે.

પાપી પકડાઈ જવા કરતાં ન પકડાઈ જવામાં પાપવૃદ્ધિનું વધુ મોટું ખતરનાક જોખમ ઊભું થાય છે.

નેતાવર્ગ જ જ્યારે અત્યંત ખરાબ સ્થિતિમાં સપડાયો હોય ત્યારે તે પરિસ્થિતિને જાણનારો માણસ શી રીતે એમ કહી શકશે કે કાળ ફરી પોતાનું પડખું સાંસ્કૃતિક જીવનપદ્ધતિની તરફેણમાં બદલી રહ્યો છે ?

### એકલો જાને રે...

સમય તો એવો આવી રહ્યો જણાય છે કે ગણ્યાગાંઠ્યા સારા માણસે કોની સાથે બેસવું, બોલવું, વિચારવું કે સંસ્કૃતિના મહાનાશ ઉપર મોં વાળીને રોવું ? એ જ સવાલ થઈ પડશે.

એવા વખતે ઉપર આભ અને નીચે ધરતી હશે, આંખે આંસુ અને હૈયે કકળાટ હશે, દિલમાં બેચેની અને દિમાગમાં વ્યથા હશે. ત્યારે પણ જરાય હતાશ થયા વિના, કોઈ વ્યક્તિ કે કોઈ સમાજના માથે બધા દોષોનો કે સંસ્કૃતિના પ્રાણવાન મૂલ્યોના ધ્વંસોનો ટોપલો નાંખી દઈને મેદાનમાંથી ભાગી છૂટ્યા વિના, પોતાની જ ખાંધ ઉપર ભંગારનો સઘળો ભાર ઉપાડી લઈને, ઘરના ઘરખોદિયાઓ અને યાદવાસ્થળીના સૂત્રધારોનો આ ભાર માત્ર પોતાને એકલાને ઊંચકવા આપ્યો એનો આભાર અને ઉપકાર હાર્દિક રીતે માનીને 'એકલો જાને...એકલો જાને...'નો નાદ લલકારતો કોઈ આત્મા સમાજ કે સંઘના સઘળા અંગોમાં પ્રાણ પૂરી દેવા એકદમ ઊભો થઈ જશે તો તે દિવસે સાંસ્કૃતિક પ્રભાતના આગમનની વધામણી દેવા ધસી આવતું પ્રકાશનું એકાદ તેજકિરણ આપણને જોવા મળશે.

### આપસી પ્રશ્નોને ઝટ ઉકેલો

પ્રસંગતઃ જૈન સંઘ તરફ વિશેષ લક્ષ કરવાનું મન થાય છે. કેટલાક પ્રશ્નોમાં જો આપણે એવા અટવાયા હોઈએ કે તેથી પરદેશી ધર્મ અને સંસ્કૃતિના ભેદી આક્રમણ તરફ ઉપેક્ષા થઈ હોય અને તેથી તે આક્રમણનો મોટો ભોગ નવી પેઢી બની ચૂકી હોય, તેનામાં હિંસા, દુરાચાર અને નાસ્તિકતા વ્યાપક પ્રમાણમાં ઝપાટાબંધ ફેલાવા લાગ્યા હોય તો એવા આપસના પ્રશ્નોનો શાસ્ત્રનીતિથી ઝટ ઉકેલ લાવી દેવાની વાતને મોટી અગત્યતા આપવી જોઈએ.

આ પ્રશ્નો અનાજની દુકાનમાંથી લૂંટાતા બાજરા જેવા ગણી શકાય, જ્યારે ભેદી આક્રમણ એ દુકાનને લગાવાતી આગ ગણી શકાય. દુકાનના માલિકે પ્રથમ કોની સામે ધસી જવું ? બાજરો લૂંટનારાની સામે કે આગ લગાવનારની સામે ?

મહોપાધ્યાયજીએ દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકામાં એક ઠેકાણે કહ્યું છે કે, "મોટો શત્રુ સામે આવીને ઊભો રહે ત્યારે નાના શત્રુને જતો કરીને મોટા શત્રુની સામે લડવું પડે."

'ઘરકી ફૂટ બૂરી' એ ઉક્તિ એકદમ યથાર્થ છે.

જૈન સંઘમાં આજના ભયાનક કલિકાળમાં પણ અખૂટ શક્તિઓ પડી છે. એની પાસે વિપુલ

ધન છે, વિપુલ સંખ્યામાં પવિત્ર સાધુ-સાધ્વી છે, પુષ્કળ તપોબળ છે, કુનેહ છે, લાગવગ છે, સૂઝ છે... બધું છે. શું નથી ?

કાશ ! પણ બધું આપસી ઉગ્રતાઓ પાછળ વપરાઈ રહ્યું છે. આ સ્થિતિને વહેલી તકે સુધારવી પડશે. એમ નહિ થાય તો થોડા વર્ષો પછી અવગણના પામેલી નવી પેઢીમાં મોટા પ્રમાણમાં દારૂ, માંસ, ઈંડા અને દુરાચાર ફેલાયેલો જોવાના ખૂબ જ ખરાબ દિવસો આવીને જ રહેશે. એને કોઈ પણ સંયોગમાં રોકી શકાશે નહિ.

જો કે આજે પણ પરિસ્થિતિ ઘણી બગડી છે. પ્રજાના ઠીક ઠીક ભાગમાંથી દયા, નીતિ અને સદાચાર ઝપાટાબંધ વિદાય થઈ ગયા છે.

આ રહ્યા કેટલાક નમૂનાઓ.

**કેવો ક્રૂર જમાનો ! છ પ્રસંગો**

(૧) ત્રણ વર્ષનો બાબો ઇન્જેક્સનની સિરિન્જમાં પાણી ભરીને પિચકારી મારતો હતો. કોક મહેમાને તેને પૂછ્યું, 'મોટો થઈને તું શું બનીશ ?' ઉત્તર મળ્યો, 'ડોક્ટર.'

વળી સવાલ થયો કે, 'ડોક્ટર થઈને સૌથી પહેલું કામ તું શું કરીશ?' જવાબ મળ્યો, 'મારા પપ્પા અને મમ્મીને ઝેરનું ઈન્જેક્સન આપીને મારી નાંખીશ.' ('ગુજરાત સમાચાર'માં ફાધર વાલેસે જણાવેલ જાત-અનુભવ.)

(૨) આઠમીમાં ભણતી બેબીએ સ્કૂલના પુસ્તકોની બેગમાંથી ઘેર લેસન કરવા માટે પુસ્તકો બહાર કાઢ્યા. પુસ્તકોની સાથે મરેલો દેડકો પણ નીકળ્યો. તેના પિતાએ તે દેડકો જોયો. કમકમી જતાં તેમણે પૂછ્યું, 'બેટા! બેગમાં મરેલો દેડકો કેમ ?'

ઉત્તર : અમારે દેડકાને ચીરો મારીને, બેભાન કરીને શરીર-વિજ્ઞાન ફરજિયાત ભણવાનું હોય છે. મને આ દેડકો આપવામાં આવ્યો હતો. જો હું આમ નહિ કરીને ભણું તો પરીક્ષામાં નપાસ થાઉં !'

(૩) અઢાર વર્ષની કૉલેજ-કન્યા કોઈ પરકોમના છોકરાના 'લવ'માં પડી. પૂરતો લાભ ઉઠાવીને છેવટે તે છોકરાએ આ કન્યાને તજી દીધી. તે ગર્ભવતી થઈ. ઝેર ઘોળીને જીવનનો તેણે અંત આણ્યો, કેમકે તે સંસ્કારી ઘરની સારી કન્યા હતી !

તે મરતી વખતે માતા-પિતાને પત્ર લખતી ગઈ, જેમાં છેલ્લું વાક્ય હતું : "દુરાચાર કરીને જેનું શરીર ગંધાઈ ઊઠ્યું હતું તેવી તમારી દીકરી મરી ગઈ છે તો તે બદલ જરાય શોક ન કરતા. એવા ગંધાયેલા દેહને આનંદથી બાળી નાંખજો."

(૪) સિનેમાએ જીવનને ઝેર કરી નાંખ્યા બદલ અકળાયેલા યુવાને ગોરખપુરના 'કલ્યાણ'માં જાહેર નિવેદન આપ્યું છે જેમાં તેણે છેલ્લે લખ્યું છે, "અમને સિનેમાના આ સર્વનાશી દોષમાંથી કોઈ છોડાવશે ખરું? આના કારણે અમારા લાખો યુવાનો અને યુવતીઓના યૌવનના કૌવતનો સૂર્ય મધ્યાહ્નમાં જ આથમી ગયો છે !"

(૫) ચોવીસ જ વર્ષની પરિણીતાને પોતાના પતિથી ગર્ભ રહ્યો. મોડે મોડે-ગર્ભના સાત માસ વીત્યા બાદ-તેને લાગ્યું કે અત્યારથી બાળક શા માટે ? હરવા-ફરવાની બધી મજા ખલાસ થઈ જશે.

અને...તેણે ડૉક્ટરની સાફ ના-ગર્ભને વધુ પડતો સમય થઈ જવાથી-હોવા છતાં ગર્ભપાત કરાવ્યો. ખૂબ જલદ દવાઓ લીધી. માંડ માંડ ગર્ભ પડ્યો. તે માંસપિંડને પેટ ચીરીને બહાર કાઢવો પડ્યો. તે વખતે ય તેનામાં જીવ હતો અને તે બાળક ઝીણી ચીસો પાડતું હતું. નર્સે તેને ઊંચકીને

પાંચમા માળેથી ગટરમાં ફેંકી દીધું !

દર વર્ષે ભારતમાં પચાસ લાખ ગર્ભપાત કરાવાય છે. ચૌદ વર્ષની બાળાઓ પણ ગર્ભપાત કરાવે છે; હજારોની સંખ્યામાં !

(૬) ચાલીસ વર્ષના દીકરા ઉપરના પૂર્ણ વિશ્વાસથી પિતાએ પોતાની બધી સંપત્તિ તેના નામ ઉપર કરી. એક દિવસ નાની વાતમાં દીકરાએ ઝગડો કરીને પિતાને ધક્કો મારીને ઘરમાંથી બહાર કાઢી મૂક્યા.

હવે બાપ ક્યાં જાય ? ચોપાટીના દરિયામાં એણે પડતું મૂક્યું !

### એકસંપી તો સાધો

પશ્ચિમના ફૂંકાયેલા ન્યૂવેવે ધર્મને જાકારો દઈને કેટલી વિકૃતિઓને જન્મ દીધો છે તેની પ્રજાના, કોમના, જ્ઞાતિના, સમાજના, સંઘના અગ્રણીઓ નોંધ લે અને તે પછી જો તેમને લાગતું હોય કે હવે એ પવનની સામે કમર કસ્યા વિના કોઈ રસ્તો નથી, એકલદોકલથી આ પવન નાથી શકાય તેમ ન હોવાથી સહુએ શાસ્ત્રનીતિ આધારિત માર્ગે સંગઠિત થયા વિના બિલકુલ ચાલે તેમ નથી તો તેઓ આજે જ, અત્યારે જ એકસંપી સાધે. (એકતા નહિ, કેમકે તે શક્ય જણાતી નથી. અશક્યને શક્ય બનાવવા જતાં ઝગડા વધી પડે તેમ હોય તો તેવું જોખમ લેવું ન જોઈએ.)

આ એકસંપી એટલે, 'આપણે પાંચ નહિ પણ એકસો પાંચ.'

જો આમ નહિ થાય તો પેલા ભેદી પરદેશી ગોરા લોકોએ મૅકોલે શિક્ષણ દ્વારા જે સ્વદેશી ગોરાઓ (Christian without Craist.) પેદા કરી મૂક્યા છે તેઓ તેમની જ જ્ઞાતિ, સમાજ, કોમ, સંઘનો નાશ કરીને જ રહેવાના છે.

કુહાડાના માત્ર પાનાથી કાંઈ વૃક્ષ છેદાતું હશે ? પણ એ વૃક્ષની જ કોઈ ડાળીનું લાકડું હાથો બની જાય અને તે જ પાનાની પાછળ ગોઠવાઈ જાય તો તે પાનાને વિરાટ વડલો ઉખેડી નાંખતા ય ઝાઝી વાર ન લાગે.

### યાદવાસ્થળી દ્વારા સત્યાનાશ

ભારતની પ્રજાને કે તેના કોઈ પણ વિભાગને જ્યારે પણ નુકસાન થયું છે ત્યારે યાદવાસ્થળી દ્વારા, અમીચંદો અને મીરઝાફરો કે જયચંદો દ્વારા જ થયું છે. તે વિના તો ભારતીય જગતના સાંસ્કૃતિક જીવનનો કે તેની પ્રજાનો નાશ મોટામાં મોટી સલ્તનત પણ કરી શકી નથી.

લાકડાના ભારામાંથી છૂટા પડેલ પ્રત્યેક લાકડાનો નાશ જ થાય. પણ જો તે બધા ભેગા મળીને ભારો બને તો તેનો નાશ કરવાનું કામ આસાન તો નથી જ.

એક વાર વાઘ અને સિંહ લડી પડ્યા. બે ની લડાઈ જોઈને આકાશમાં પુષ્કળ ગીધડાં આવીને ચક્કરો મારવા લાગ્યા. એ જોઈને સિંહે વાઘને કહ્યું, "અલ્યા વાઘ ! આપણે બે લડીને કશું ફાવવાના નથી. બંને કદાચ મરી જઈશું અને આ જો, આકાશમાં ચક્કર મારતાં ગીધડાંઓ ! તેમને મોટી મિજબાની મળી જશે. બોલ, હવે આપણે લડીને ખતમ થવું છે ?"

વાઘ સમજી ગયો. બે ય છૂટા પડી ગયા. બિચારા ગીધડાં ! એમની જ્યાફતમાં મોટી આફત પેદા થઈ ! સહુ વીલે મોંએ વેરાઈ ગયા !

### વૈદિકો અને જૈનોમાં આવી તાકાત છે ?

ઈસાઈઓ ખૂબ ચાલાકીથી, મુસ્લિમો ખૂબ ઝનૂનથી ધર્મપ્રચાર કરે છે ! હિન્દુ પ્રજાના વૈદિકો અને જૈનોએ કશું જ કરવું નથી શું ?

ગામડાંની અબૂઝ પ્રજાની હાંસીરૂપે કાંકરા કે ઈંટાળા માથે ખાઈને, ખુરશી ઉપર બેસીને

બાઈબલ વાંચતા કોઈ પાદરીને તમે ક્યાંક જોયો છે? માથેથી લોહી વહી જાય તો ય જરાય અકળાયા વિના ખિસ્સામાંથી રૂમાલ કાઢીને લોહી લૂંછી નાંખીને બાઈબલના વાંચનમાં લીન થતા પાદરીને તમે ક્યારેય જોયો નથી ?

અંતે... ગ્રામલોકોને તેના પ્રત્યે કરૂણા પેદા થાય છે. તે સહુને બાઈબલ સંભળાવવાનું શરૂ કરે છે. અને ગામના ૫-૨૫ લોકો ક્રોસની સામે ઘૂંટણીએ પડવાનું શરૂ કરે છે કે પાદરીનો યજ્ઞ સો ટકાની સફળતા સમજ્યાપૂર્વક પૂરો થાય છે.

તમે મસ્જિદમાં નમાજ પઢવા ભેગા થયેલા મુસ્લિમોની સમક્ષ ધર્મના ઝનૂનથી બોલતા મૌલવીને જોયો છે ? વસતિવધારા માટેની હાકલ કરતા તેના હાકોટા સાંભળ્યા છે ?

છે આમાંની લાખમા ભાગની પણ તમામ વૈદિક કે જૈન ધર્મગુરૂઓની કોઈ આ વિષયમાં મહેનત ?

વાત તો એટલી બધી વણસી ગઈ છે કે તેને મરામત કરવા માટે ધર્મપ્રેમીઓએ-ખાસ કરીને ધર્મગુરૂઓએ-યુદ્ધના ધોરણે પોતાની કામગીરી શરૂ કરવી પડશે, સાચું કહેવા માટેની ખૂબ કડવી ફરજ બજાવીને જ રહેવું પડશે, એ માટે જે કાંઈ સહન કરવું પડે તે માટે સહર્ષ તૈયાર રહેવું પડશે.

ના, નહિ તો સંસ્કૃતિનાશ દ્વારા ભારતીય પ્રજાનાશના ભયાનક આક્રમણને કોઈ પણ રીતે હવે ખાળી શકાય તેમ નથી.

### અર્જુન દ્વારા દુર્યોધનની મુક્તિ

યુધિષ્ઠિરના આદેશથી અર્જુને એકાંતમાં બેસીને ઈન્દ્રનું સ્મરણ કર્યું. તરત જ ઈન્દ્રે ચન્દ્રશેખરની સાથે મોટી સેના મદદમાં મોકલી. અર્જુન ઈન્દ્રની સેનાને લઈને ખેચરો સાથે ટકરાયો. લડત આપતાં આપતાં તે ઠેઠ દુર્યોધનની પાસે આવી ગયો. તે વખતે વિદ્યાધરેશ્વર ચિત્રાંગદે અર્જુનને જોયો. 'અરે, આ તો પરમ મિત્ર !' બોલતાંની સાથે ચિત્રાંગદ અર્જુન પાસે આવ્યો, પ્રણામ કર્યા. બંને મળ્યા. સઘળી વિગતની આપ-લે કર્યા બાદ અર્જુને ચિત્રાંગદને દુર્યોધન વગેરેને મુક્ત કરી દેવા જણાવ્યું.

ચિત્રાંગદે દુર્યોધનને મુક્ત કરતાં કહ્યું કે, "તારે હમણાં જ યુધિષ્ઠિર પાસે જઈને, તેમણે તને છોડાવ્યા બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરીને નમસ્કાર કરવા પડશે."

આવી રીતે મુક્ત થયેલા દુર્યોધનને મુક્તિ પણ ખૂબ જ વસમી બની ગઈ. યુધિષ્ઠિરની પ્રેરણાથી અને અર્જુનની મદદથી તેને મળેલી મુક્તિ તેને મંજૂર ન હતી. તે મનોમન બોલ્યો, "આના કરતાં તો કેદમાં રહીને મરી જવું સારું હતું."

### આવી મુક્તિથી નારાજ દુર્યોધન

અર્જુનનો ઈન્દ્ર સાથે સંબંધ, ખેચરોની મદદ, ચિત્રાંગદની મૈત્રી વગેરે તેણે આંખેઆંખ જોયા, કાનોકાન સાંભળ્યા એથી એ પગથી માથા સુધી ઈર્ષ્યાથી જલી ગયો. કેદમાંથી છુટકારો થવા છતાં તેનું મુખ આનંદિત બનવાને બદલે વધુ કરમાઈ ગયું.

જ્યારે તે પોતાના ભાઈઓ વગેરેની સાથે યુધિષ્ઠિર પાસે આવ્યો ત્યારે સામે ચાલીને યુધિષ્ઠિર તેને ભેટી પડ્યો, તેને વહાલ કર્યું. ભાનુમતી તો પોતાના પતિનો છુટકારો થયેલો જોઈને રાજી થઈ ગઈ, પરન્તુ પતિના મોં ઉપરના ઉદાસીન ભાવ જોઈને તેનો આનંદ બે ડગલાં પીછેહઠ કરી ગયો.

કુન્તીએ દુર્યોધનને તાંબૂલથી વધાવ્યો અને ખૂબ આશીર્વાદ આપ્યા. પણ દુર્યોધને યુધિષ્ઠિરને કે કુન્તીને હાથ જોડીને પ્રણામ સુધ્ધાં ન કર્યા.

### યુધિષ્ઠિરનું ટોચકક્ષાનું સૌજન્ય !

આ અનુચિતતા તરફ યુધિષ્ઠિરે લક્ષ પણ ન આપ્યું. તેણે દુર્યોધનને ખૂબ પ્રેમથી કહ્યું, "ભાઈ ! તું મજામાં છે ને ? ખેચરોએ તારો પરાજય કર્યો તેથી તું ખૂબ ઉદાસ થયેલો જણાય છે. પણ તું

ઉદાસીનતા દૂર કરી દે અને ઝટ હસ્તિનાપુર પહોંચી જા. તારા વિના પ્રજા કેટલી દુઃખી હશે! તારે પ્રજાના રક્ષણ માટે આ ઉદાસીને ખંખેરી નાંખવી જોઈએ.

હશે, ક્યારેક સૂર્ય અને ચન્દ્ર પણ રાહુ વગેરે દ્વારા ગ્રસાતા નથી? માટે જરાય ચિંતા ન કર."

વનના ફળાદિ દ્વારા તૈયાર કરવામાં આવેલી રસવતી ભારે પ્રેમથી જમાડીને દુર્યોધનને યુધિષ્ઠિરે વળાવીને વિદાય આપી.

ત્યાર બાદ ચન્દ્રશેખર, ચિત્રાંગદ, ખેચર-સૈન્યને પણ યુધિષ્ઠિરે અને અર્જુને સત્કાર-ભાવભરી વિદાય આપી.

ક્યાં યુધિષ્ઠિરનું ટોચકક્ષાનું સૌજન્ય ! અને ક્યાં દુર્યોધનની નીચ કક્ષાની દુર્જનતા !

અપકારી ઉપર પણ યુધિષ્ઠિર સહજભાવે ઉપકાર કરી રહ્યો છે !

### આ તે દેશ છે...

આ દેશની માટી જ આવા પ્રકારની છે. આ દેશમાં યુધિષ્ઠિરોની ઓલાદ પેદા થાય તેમાં લગીરે આશ્ચર્ય પામવા જેવું નથી. આશ્ચર્ય તો કોક દુર્યોધન પેદા થઈ જાય તેનું જ થવું ઘટે.

આ તે દેશ છે, જેમાં વિરોધીઓ દ્વારા ફૂટી ગયેલા રસોઈયાએ માલિકને ઝેર આપ્યું તો ય ભક્તો તેનું મોત ન કરે તે માટે ખીસામાં પડેલા વીસ રૂપિયા ગાડીભાડા માટે આપીને રસોઈયાને ભગાડી મૂક્યો છે.

આ તે દેશ છે, જેમાં પુત્રના ખૂનીનો માતા-પિતાએ આપત્તિકાળમાં ભારેથી ભારે અતિથિસત્કાર કર્યો છે.

આ તે દેશ છે, જેમાં ચંડકૌશિક જેવો ઝેરી નાગ મોત લેવા આવ્યો તો ય તેની ઉપર વહાલ વરસાવ્યું છે અને દેવાધમ સંગમે લાગટ છ માસ સુધી કાળો કેર વર્તાવ્યો તો ય તેના ભયાનક ભાવિને નજરમાં લાવીને દુઃખી હૈયે આંસુ છલકાયા છે અને આગ વરસાવનારને દેવાત્મા બનાવ્યો છે.

આ તે દેશ છે, જેના રાજવીઓએ, રાણી સાથે દુરાચાર સેવતા નાલાયક આદમીઓને પકડાઈ જવા છતાં ક્ષમા આપી છે અને પોતે સંન્યાસનો પંથ પકડી લીધો છે !

આ તે દેશ છે, જ્યાં પોતાના દેહ ઉપર વારંવાર થૂંકીને પોતાને અપવિત્ર કરતા તોફાનીઓને સસ્મિત આવકારતાં રહીને દરેક વખત કશાય રંજ વિના નદીમાં સ્નાન કરીને પુનઃ પવિત્ર થવાનું કામ ચાલુ જ રાખ્યું છે; એક-બે વાર નહિ, સાત સાત વાર.

આ તે દેશ છે, જેનો સંન્યાસી પોતાને ડંખ મારીને પાણીમાં પડી જતાં, તરફડતા વીંછીને વારંવાર આંગળીથી બહાર કાઢીને બચાવે છે.

આ દેશની તો શી વાત થાય !

લાખ લાખ વર્ષોના વહાણાં વાઈ ગયા તો ય અપકારી ઉપર પણ ઉપકાર કરવાના યુધિષ્ઠિરના ચોરાએ નખ્ખોદ ગયું નથી, નાના-મોટા અનેક યુધિષ્ઠિરો આજે પણ પેદા થઈ રહ્યા છે.

આપણે સહુ યુધિષ્ઠિરના એ ચોરા ઉપર બેસણાં કરીએ.

ઈતિહાસ ક્યાં સુધી વાંચ્યા કરીશું ? હવે નવા ઈતિહાસના સર્જક પણ બનીએ !

## ૩૦. કૃત્યા રાક્ષસી

### અત્યન્ત ઉદાસ દુર્યોધન

હસ્તિનાપુર તરફ વિદાય થયેલો દુર્યોધન પાંડવોની મદદથી છૂટકારો મળ્યાની હકીકતથી એટલો બધો આઘાત પામ્યો હતો કે એક વાર તો તેણે રસ્તામાં જ પડાવ કરી દઈને સહુને કહી દીધું કે, "મારું જીવન હું અહીં જ પૂરું કરી નાંખીશ. હવે મને કોઈ વાતે રસ રહ્યો નથી. મારી હિંમત અને ઉત્સાહ પણ ખતમ થઈ ગયા છે. તમે સહુ હસ્તિનાપુરનું રાજ ચલાવજો."

કર્ણ વગેરેએ દુર્યોધનને ખૂબ સમજાવ્યો ત્યારે તે હસ્તિનાપુર આવ્યો. પણ હવે તેને રાજના કામમાં લેશ પણ ઉત્સાહ ન હતો. તે અત્યન્ત ઉદાસ થઈ ગયો હતો.

મંત્રીગણે વિચાર કર્યો કે જ્યાં સુધી પાંડવોને મારી નાંખવામાં નહિ આવે ત્યાં સુધી દુર્યોધનનો આનંદ અને ઉત્સાહ જીવતા થઈ શકશે નહિ.

આથી તેમણે નગરમાં સર્વત્ર ઢંઢેરો પિટાવ્યો કે, "કોઈ પણ પ્રકારનો ઉપાય કરીને પાંડવોને સાત દિવસમાં જે મારી નાંખશે તેને મહારાજા દુર્યોધન પોતાનું અડધું રાજ્ય ભેટ આપશે."

પેલો લાક્ષામહેલના કાવતરાનો સર્જક પુરોચન ! એના ભાઈ સુરોચને આ બીડું ઝડપી લીધું. તે જાણતો હતો કે માનવીય બળથી પાંડવોની હત્યા થઈ શકે તેમ નથી. આથી તેણે માનવબળથી પણ ચડિયાતા દૈવીબળને મેળવવાની આરાધના શરૂ કરી.

### દૈવીબળ બ્રહ્મચારી અને કૃપાપાત્રને ફળે

બેશક, માનવબળ કરતાં દૈવીબળ ચડિયાતું જ છે. અરવિંદ ઘોષ પણ એક વાર પોતાના બળથી જગતકલ્યાણ કરવાની અક્ષમતા જોઈને બોલ્યા હતા, "હવે મારે અતિ-માનવ(દેવ) થવું પડશે. તે બળોથી જ હું આ વધુ પડતા દુષ્ટ થઈ ગયેલા માનવીય દોષોનું દહન કરી શકીશ."

અહીં દૈવીબળ એ સચોટ ઉપાય હોવા છતાં એને સાધવાની વિધિ અતિશય કઠણ અને જોખમી હોય છે. કાચાપોચાનું અહીં કામ નહિ. થોડીક જ અવિધિ જાનને પણ ખતરામાં મૂકી દેતી હોય છે. બાકી જો તે બળ સાધવામાં કોઈ દઢ મનોબળી, બ્રહ્મચારી, દેવગુરુની કૃપાનો પાત્ર બેસી જાય તો વર્ષોથી અને હજારો માનવોથી જે આપત્તિ ન હટાવી શકાય તે કદાચ રાતોરાત દૂર કરી શકાય.

સિદ્ધિ માટે એ સૌથી ટૂંકો, સૌથી ઓછી મહેનતનો છતાં સૌથી વધુ જોખમી માર્ગ છે.

### સ્વાર્થ ખાતર કેવી સાધના !

સુરોચને કૃત્યા નામની રાક્ષસીને વશ કરવા માટેની આરાધના શરૂ કરી. એના જપમાં એ એકાકાર બની ગયો.

રાજ્યવૈભવ વગેરે પૌદ્ગલિક વસ્તુ પામવાના સ્વાર્થમાં માણસ બીજાઓને મારી નાંખવા સુધી જઈ શકે છે એ કેવી નવાઈની વાત છે ! અને દૈવીતત્ત્વો તેવાઓને મદદ પણ કરવા લાગે છે એ તો વળી એથી પણ વધુ નવાઈની વાત લાગે છે.

પેલો વિનયરત્ન નામધારી સાધુ !

શત્રુ રાજાનું ખૂન કરનારને મોટું ઈનામ આપવાની એક રાજાએ જાહેરાત કરી તો તે માટે આ

માણસ સાધુ બની ગયો, ગુરુનો ઉત્કૃષ્ટ વિનય કરીને 'વિનયરત્ન' બિરુદ પામ્યો અને બાર વર્ષ સુધી સાધુવેશમાં છરી છુપાવીને રાખી. 'ક્યારે લાગ મળે અને શત્રુ રાજાનું ખૂન કરું ?' એ વિચારમાં જ એના તમામ રાત ને દિ' પસાર થયા.

એક વાર તક મળી ગઈ. તેણે શત્રુ રાજા ઉદાયીનું ખૂન કરી નાંખ્યું ને નાસી છૂટ્યો !

આવી અધમાધમ રીતથી તેણે શત્રુ રાજાનું ખૂન કર્યું તેથી પેલો રાજા ગમગીન થઈ ગયો. તે પાપાત્માને ઈનામ આપવાને બદલે જંગલમાં કાઢી મૂક્યો.

ચેડા જેવા ધર્માત્મા મહારાજા ઉપર વિજય મેળવવા માટે કોણિક રાજાએ દેવોની મદદ લીધી. અફસોસ ! આડકતરી રીતે પણ દેવો મદદગાર બન્યા ! અને મહારાજા ચેડાનો ઘોર પરાજય થયો !

કૃત્યાની આરાધનામાં શરીરનું ભાન ભૂલી જઈને સુરોચન લાકડા જેવો બની ગયો !

જ્યાં આવી તન્મયતા હોય, જ્યાં મોટો શારીરિક ભોગ અપાતો હોય ત્યાં સિદ્ધિને છેટું રહી શકે નહિ.

### પાંડવોને નારદજીની ચેતવણી

નારદજીને આ વાતની ખબર પડતાં તે પાંડવો પાસે પહોંચી ગયા અને તેમને સાવધાન કર્યા.

ભીમે નારદને કહ્યું, "એ કૃત્યાને આવવા દો. મારી ગદાનો એક જ પ્રહાર બસ થઈ પડશે."

પણ યુધિષ્ઠિરે શત્રુબળને ઓછું આંકવાની ભૂલ નહિ કરવા માટે ભીમને જણાવ્યું. કદાચ ગદાના સો પ્રહાર પણ નાકામિયાબ બને. વળી કૃત્યા અધમ કક્ષાની રાક્ષસી હતી. અધમ તત્ત્વોને ન્યાય, નીતિપૂર્વક લડત આપવાનો વિચાર ક્યારેય હોતો નથી એટલે તેઓ એકાએક પણ મુશ્કેલીમાં મૂકી દઈ શકતા હોય છે. વળી નારદે પણ કૃત્યાને સામાન્ય કોટિની રાક્ષસી સમજવાની ભૂલ નહિ કરવાની સલાહ આપી.

'આ સ્થિતિમાં ધર્મ સિવાય હરકોઈ બળ નિષ્ફળ છે' એમ યુધિષ્ઠિરને લાગ્યું.

### ધર્મના શરણે પાંડવો

માનવબળની ઉપર ભલે દૈવીબળ હોય, પણ દૈવીબળની ય ઉપર ધર્મબળ છે. માટે જ દશવૈકાલિક સૂત્રના પ્રથમ શ્લોકમાં જ કહ્યું છે કે, "જેનું મન સદા ધર્મલીન છે તેને તો દેવો ય નમસ્કાર કરે છે. તેના ચરણો ચૂમે છે."

યુધિષ્ઠિરે સહુને કહ્યું, "બધા પોતાને અનુકૂળ આસનમાં સ્થિર થઈને સાત દિવસના ઉપવાસપૂર્વક ચોવીસે ય કલાક પંચ-પરમેષ્ઠી મન્ત્રનો જપ શરૂ કરો, શક્ય હોય તો કાયોત્સર્ગમાં જ રહો."

અને...પાંચે ય પાંડવો, કુન્તી અને દ્રૌપદી-તમામ-નજીકના છતાં જુદા જુદા એકાંત સ્થળોમાં ધ્યાનસ્થ બની ગયા.

છ દિવસ પસાર થઈ ગયા. 'સાતમા દિવસે કૃત્યા આવશે' એવી નારદજી આગાહી કરી ગયા હતા.

### સૈન્ય સાથે કૃત્યાનું આગમન

સાતમા દિવસનું પ્રભાત થયું, સૂર્ય આકાશમાં ચડવા લાગ્યો. એવામાં એકાએક આકાશમાં ધૂળની ડમરીઓ પેદા થઈ. દૂરથી ધસમસતી આવતી કોઈ સેનાના હાથીઓ તથા ઘોડાઓની ખરીથી એ ધૂળ ઊડી હતી.

આંખના પલકારામાં તો જાણે સેના ત્યાં આવી ગઈ. અતિ ભયાનક આકૃતિવાળા કેટલાક માણસો પાંડવોની પાસે આવીને કહેવા લાગ્યા, "તમે લોકો હમણાં જ અહીંથી ચાલ્યા જાઓ. અહીં અમારા મહારાજા ધર્માવતંસક પધારી રહ્યા છે. તેમનો અહીં પડાવ છે."

આ શબ્દો ભીમના કાને પડ્યા.

### ભીમનું પરાક્રમ

પરંતુ ભીમ લગાતાર છ દિવસ સુધી પરમેષ્ઠી-જપમાં તલ્લીન થઈને ચિત્તપ્રસન્નતા પામ્યો હતો તેથી તેને ક્રોધ લાવતાં ખૂબ જ મુશ્કેલી પડી. છેવટે તે પૂરેપૂરો ક્રોધમાં આવી ગયો અને તેણે તે લોકોને ખૂબ ધમકાવી નાંખીને ગળચીથી પકડીને ક્યાંય દૂર ફેંકી દીધા.

પણ થોડીક જ પળમાં વળી પાછા તે માણસો સજ્જ થઈને મોટો હુમલો લાવ્યા. તેમણે પાંડવોને ઘેરી લીધા.

ન છૂટકે પાંડવોએ શસ્ત્રો હાથમાં લેવા પડ્યા. ભયંકર યુદ્ધ થયું. આગન્તુક સૈન્ય ભાગવા લાગ્યું ત્યારે પાંડવોએ તેમનો દૂર દૂર સુધી પીછો પકડ્યો.

### દ્રૌપદીનું અપહરણ

આ બાજુ કોઈ રાજવંશી જેવો દિવ્યપુરુષ દ્રૌપદી અને કુન્તીની પાસે આવીને ઊભો અને જોતજોતામાં તેણે દ્રૌપદીને ઝાલીને ઊંચકીને ઘોડા ઉપર નાંખી દીધી. દ્રૌપદીએ મોટેથી 'બચાવો...બચાવો...'ની ચીસો પાડી. પાંડવો તે ચીસો સાંભળીને યુદ્ધ પડતું મૂકીને પાછા આશ્રમ તરફ દોડી આવ્યા. તે દરમ્યાન પેલો પુરુષ દ્રૌપદીનું અપહરણ કરીને પોતાના સૈન્યમાં ભળી ગયો હતો.

વળી પાછા પાંડવો તે સૈન્યની સામે લડવા આવી ગયા. અર્જુને ભયંકર દેકારો મચાવ્યો એટલે શત્રુ-પક્ષનો નેતા પાંડવો દેખે એ રીતે દ્રૌપદીને જોરથી ચાબૂકો મારવા લાગ્યો. આ દશ્ય જોઈને પાંડવોના શ્વાસ અદ્ધર થઈ ગયા.

### ક્રમશઃ પાંચેય પાંડવો મૂર્છિત

છ દિવસના નિર્જલ ઉપવાસ, શ્રમ અને દ્રૌપદીના તાડનના ત્રાસ વગેરેથી એ વખતે યુધિષ્ઠિરને અસહ્ય તૃષા લાગી. આથી ચાલુ યુદ્ધે સહદેવ અને નકુળ નજીકના સરોવરનું પાણી લેવા ગયા. તેમણે તૃષા છીપાવીને પાંદડાના પડિયામાં પાણી ભરીને યુદ્ધભૂમિ તરફ વિદાય લીધી ત્યાં જરાક ચાલ્યા એટલામાં ચક્કર આવતાં બન્ને બેભાન થઈને ધરતી ઉપર ઢળી પડ્યા.

પાણી લાવવામાં વિલંબ થતાં યુધિષ્ઠિરે અર્જુનને મોકલ્યો. તેની પણ એ જ દશા થઈ.

પછી યુધિષ્ઠિરે ભીમને મોકલ્યો. તેના પણ એ જ હાલ થયા.

છેવટે યુધિષ્ઠિર જાતે ગયા. પણ તેમના ય તે જ હાલ થયા.

પાંચેય પાંડવો એક જ લાઈનમાં મૂર્છિત થઈને સાવ મડદાં જેવા દેખાતાં ઢળી પડ્યા.

'પાંડવો મૃત્યુ પામ્યા છે' એવી કલ્પનાથી વનના પશુ-પંખીઓ પણ હાહાકાર કરવા લાગ્યા. બધા સૂનમૂન બની ગયા હતા.

### જાગ્રત પાંડવો સાથે દ્રૌપદીની વાતચીત

કેટલોક સમય પસાર થયો. પાંડવો ભાનમાં આવ્યા. તેમણે પોતાની સેવા કરતાં કુન્તી અને દ્રૌપદીને પાસે જ બેઠેલા જોયા. આથી પાંડવો સ્તબ્ધ થઈ ગયા. યુધિષ્ઠિરે દ્રૌપદીને પૂછ્યું કે, "તારું તો અપહરણ થયું હતું. પેલો દુષ્ટ ક્યાં ગયો ? આ બધું શું બની ગયું ?"

દ્રૌપદીએ કહ્યું, “મને ઉપાડીને ઉઠાવી ગયેલો પેલો સેનાપતિ અને તેની સેના તમે પાંચે ય સરોવર તરફ ક્રમશઃ વળી ગયા બાદ અલોપ થઈ ગયા. હું એકલી અહીં તહીં વનમાં રડતી ભટકતી હતી ત્યાં કોઈ વૃદ્ધ ભીલ મને મળ્યો. તે મને અહીં લાવ્યો. માતા કુન્તીને પણ તે અહીં લઈ આવ્યો. તમારા શરીરોની મૃતક જેવી અવસ્થા જોઈને અમે બન્ને જોરથી વિલાપ કરતા હતા તેટલામાં જ ચીસો પાડતી આવતી ભયાનક સ્વરૂપવાળી રાક્ષસીને આકાશમાં અમે જોઈ. તેને જોઈને અમે ખૂબ ભયભીત થઈ ગયા પણ પેલા ભીલે જરાય નહિ ગભરાવવાનું અમને આશ્વાસન આપ્યું.

તે રાક્ષસી તમારી પાસે આવી. તમને મરી ગયેલા કલ્પીને તેણે પોતાની દાસી પિંગલાને અત્યન્ત ક્રોધાવેશમાં કહ્યું, ‘પેલો નાલાયક સુરોચન ! આ મડદાંઓને મારવા માટે મને અહીં મોકલીને મારું ઘોર અપમાન કર્યું છે. હું તેને બરોબર જોઈ લઈશ. હવે હું તેને જ મારી નાંખીશ.’

આમ બોલીને રાક્ષસી ચાલી ગઈ. ફરી અમે બન્ને સાસુ-વહુ રૂદન કરવા લાગ્યા ત્યારે ભીલે અમને કહ્યું કે, ‘આ પુરુષના (યુધિષ્ઠિરના) ગળામાંની રત્નમાળાને સરોવરમાં બોળીને તેનું પાણી દરેકની ઉપર છાંટવાથી બધા ગાઢ મૂર્ચ્છામાંથી મુક્ત થઈ જશે.’

અમે તેમ કર્યું અને તમે સહુ સફાળા બેઠા થઈ ગયા.”

યુધિષ્ઠિર ઉપકારી ભીલને જોવા આમતેમ જોવા લાગ્યા પણ તે જ પળે તે ગાયબ થઈ ગયો હતો. અરે ! તે સરોવર અને તે સ્થળ પણ ગાયબ થઈ ગયા હતા.

હવે તેઓ પોતાના આશ્રમ પાસે બેઠેલા જણાતા હતા.

### ઈન્દ્રમિત્ર દિવ્યપુરુષ દ્વારા બચાવ

એ જ વખતે એક દિવ્યપુરુષ ત્યાં આવી ચડ્યો. તેણે કહ્યું, “હું દેવોના રાજા ઈન્દ્રનો ગાઢ મિત્ર છું. તમારી ઉગ્ર તપસાધનાના પ્રભાવે ઈન્દ્રે મને તમારી મદદે મોકલ્યો. આ બધી મારી જ માયાજાળ હતી. કૃત્યાને આ રીતે ગુસ્સામાં પાછી કાઢીને જ હું તમારા પ્રાણ બચાવી શકતો હતો એટલે મારે આ બધું ન છૂટકે ઊભું કરવું પડ્યું છે. તમને મેં જે કષ્ટ આપ્યું તે બદલ તમારી ક્ષમા માંગું છું.”

આમ કહીને તે દિવ્યપુરુષ ત્યાંથી વિદાય થયો.

### મહાત્માનો લાભ લેતા પાંડવો

આઠમા દિવસની સવારે સહુ પારણાં કરવા બેઠા. (ઉપવાસો દરમ્યાન એક વાર સરોવર-જલ પાંડવોએ પીધું છે તે ઉપરથી આ ઉપવાસ સંપૂર્ણ શાસ્ત્રવિધિપૂર્વક ન હતા એમ લાગે છે.)

એ વખતે ‘કોઈ મહાત્માનો લાભ મળે તો સારું’ તેવી તેમને ભાવના થઈ અને યોગાનુયોગ મહાતપસ્વી મહાત્મા તે જ વખતે ત્યાં પધાર્યા. તેમનો લાભ લીધો. મહાતપસ્વી મુનિને આવો નિર્દોષ ભિક્ષાનો લાભ થયાનું જાણીને દેવોએ દુંદુભિ બજાવી, પુષ્પો વગેરેની વૃષ્ટિ કરી.

તે વખતે આકાશસ્થ કોઈ દેવ બોલ્યો, “હે પાંડવો ! આ મુનિદાનના પ્રભાવે હવે તમને સત્વર રાજલક્ષ્મી પ્રાપ્ત થશે. હવે તમારો બાર વર્ષનો વનવાસકાળ પૂરો થઈ રહ્યો છે. તેરમા વર્ષનો ગુપ્તવાસ શરૂ થશે. તમે આ ગુપ્તવાસ વિરાટનગરમાં પસાર કરો અને તમારા વેષ અને કર્મોમાં પરિવર્તન કરો એવી તમને મારી ખાસ ભલામણ છે.”

કૃત્યા રાક્ષસીની ઘટના આજના ભીષણ કાળમાં પશ્ચિમના આક્રમણો સામે હતાશ થઈ ગયેલા ધર્મપ્રેમી વર્ગને ભારે આશ્વાસન આપનારી બને છે.

### ધર્મની પ્રચંડ તાકાત

ધર્મની કેટલી પ્રચંડ તાકાત છે ! તે આ ઘટનામાં સ્પષ્ટ જોવા મળે છે. ‘***स्वल्पमप्यस्य धर्मस्य***

***त्रायते महतो भयात्***– થોડોક પણ ધર્મ ઘણી મોટી આપત્તિમાં આપણું રક્ષણ કરે છે' તે વાત હવે કેટલી બધી યથાર્થ લાગે છે!

(૧) જ્યારે નિર્દોષ શેઠ સુદર્શનને રાજાએ ફાંસીની સજા ફટકારી ત્યારે તેની ધર્મપત્ની મનોરમાએ મન્ત્રજપ સહિત કાયોત્સર્ગનું શરણ લઈને દૈવીબળોને ખેંચ્યા હતા અને પતિને આપત્તિમાંથી મુક્ત કરાવ્યા હતા.

(૨) જ્યારે પોતાના સંસારી ભાઈ થતાં શ્રીયક મુનિને બળ આપીને-ખેંચીને ઉપવાસ કરાવવા જતા તેમના પ્રાણ નીકળી ગયા હતા ત્યારે આઘાતથી યક્ષા સાધ્વીજી બેચેન બની ગયા હતા. શ્રીસંઘે કાયોત્સર્ગ કરીને દૈવી મદદ વડે પરમાત્મા સીમંધરસ્વામીજી પાસેથી 'યક્ષા સાધ્વી સદોષ કે નિર્દોષ ?' એ સવાલનો જવાબ મેળવીને સાધ્વીજીને શાન્તિ થઈ હતી.

(૩) વૃદ્ધાવસ્થામાં જોરથી ગાથા ગોખવાનો ઉદ્યમ કરતા મુનિની અન્ય સાધુઓએ મશ્કરી કરતાં કહ્યું, "હવે ઘરડે ઘડપણ કેટલા વિદ્વાન થઈ જવું છે ? સાંબેલે ઝાડ ઉગતું હશે ?"

ખરેખર... તે વૃદ્ધ મુનિએ એકવીસ ઉપવાસની સાધના કરીને દૈવી મદદથી ભરબજારે સાંબેલા ઉપર ઝાડ ઉગાડી બતાવીને સહુને મુગ્ધ કરી દીધા હતા.

(૪) પાટણના રાજવિહારના જિનાલયના ભગવાન આદિનાથના પંચ્યાસી આંગળના બિંબનું માપ લેતા નિર્ધન પાસિલ વાણિયાને ત્યાં ચૈત્યવંદન કરતી બાળ વિધવા હસુમતીએ વ્યંગમાં પૂછ્યું, "કેમ કાંઈ આવા મોટા પ્રતિમા ભરાવીને જિનાલય બનાવવાની ભાવના થઈ ગઈ છે કે શું ?"

પાસિલે તરત હા પાડી.

ઘરે જઈને અંબાજીની ઉપાસનામાં બેસી ગયો. દસ ઉપવાસ થયા અને દેવીએ પ્રત્યક્ષ થઈને તેની મનોકામના જાણીને તેને સ્વપ્ન આપ્યું જેમાં નિધાન દેખાડ્યું. તેના દ્વારા હસુમતીના મહેણાંનો અમલ કરી બતાવ્યો.

### શુદ્ધ ધર્મ શીઘ્ર ફળે

ધર્મ જો મોક્ષલક્ષી હશે કે અર્થ-કામની યાચનાથી નિરપેક્ષ હશે, વિધિવત્ અને શુદ્ધિમત્ હશે તો તેના ફળ વિશે કોઈએ કદી ઈચ્છા કરવી ન જોઈએ. એનું ફળ મળે જ છે. એમાંય જો તે ધર્મક્રિયામાં આનંદ ઊછળી પડે તો તેનું ફળ ઘણું શીઘ્ર મળી જાય છે.

#### પ્રસંગ

વનમાં ભૂલા પડેલા રાજાનો કોઈ ભીલે ઝૂંપડે લઈ જઈને સુંદર અતિથિસત્કાર કર્યો. પણ જેવો રાજા ઝૂંપડામાંથી બહાર નીકળ્યો કે ભીલ ધરતી ઉપર ઢળી પડ્યો, તત્કાળ મરી ગયો.

રાજાને અપાર દુઃખ તો થયું પણ તેની ધર્મશ્રદ્ધા ડગી ગઈ. 'આવો અતિથિ-સત્કારનો ધર્મ કરનારને તરત મોત !' એને વિચાર આવ્યો.

રાજમહેલે આવીને તમામ ધર્મનેતાઓની સભા ભરીને તેણે સવાલ કર્યો કે, "શું ધર્મનું ફળ મોત છે ?"

વિદ્વાનો જવાબ આપવાની મથામણ કરતા હતા ત્યાં આકાશમાર્ગેથી એક દિવ્યપુરુષ સભામાં આવીને ઊભો. સહુ તેનું પ્રચંડ તેજ જોઈને ચમકી ગયા. તેણે રાજાને પ્રણામ કરીને કહ્યું, "ધર્મમાં જરાય શંકા કરશો નહિ. હું તે જ ભીલ છું, મરીને દેવ થયો છું. નાનકડા પણ અતિથિસત્કારના ધર્મે મારું ભીલપણાનું દુઃખ ટાળીને મને દેવાત્મા બનાવી દીધો છે."

રાજાની ધર્મશ્રદ્ધા સ્થિર થઈ ગઈ.

થોડોક પણ કરેલો ધર્મ કેટલું કામ કરી જાય છે તે ઉપર સાળવીની સત્યઘટના આપણે અહીં જોઈએ.

### દારૂત્યાગના પ્રભાવે શત્રુંજયાધિષ્ઠાતા બનતો સાળવી

એ સાળવી હતો. એ ભયાનક દારૂડિયો હતો.

ગામની સઘળી યુવતીઓ એનાથી નાસતી, છુપાતી ફરતી.

દારૂના દૈત્યે એના તન-મન તો નિચોવી લીધા હતા, પણ એના જીવનના બધા જ રસોને ચૂસી લીધા હતા.

ચોવીસે ય કલાકના નશામાં ચકચૂર બનીને પડી રહેતા સાળવીની દયા સહુને આવતી પણ સહુ લાચાર હતા.

એક દિ' એ ગામમાં કોઈ મુનિરાજ પધાર્યા. થોડા દિવસોનું ત્યાં રોકાણ થયું. એ દરમિયાન લોકોપકાર અર્થે તેમણે ગ્રામલોકો સમક્ષ દેશનાઓ આપી.

સદ્‌નસીબે સાળવીનું ઘર બાજુમાં હતું. કોક કલ્યાણમિત્ર ઢસડીને મુનિવરની પ્રથમ દેશનામાં જ તેને લઈ આવ્યો.

અને કમાલ થઈ ગઈ ! નશાબાજને દેશનામાં નશો દેખાણો. બીજે, ત્રીજે, ચોથે... છેલ્લે દિ' પણ સ્વયંભૂ પ્રેરણાથી દેશનામાં આવતો રહ્યો. મુનિવરના અંતરમાંથી વલોવાઈને નીકળતી દેશનાના પ્રત્યેક શબ્દે શબ્દે સાળવીનું હૃદય વલોવાતું ચાલ્યું.

છેલ્લા દિવસની વાત છે.

ગુરુદેવ વિહાર કરવાની તૈયારી કરતા હતા તે વખતે કોક ગ્રામજને ગુરુદેવને કહ્યું, ‘‘આંગણાની બહાર સાળવી આવીને બેઠો છે અને ચોધાર આંસુએ રડે છે.’’

ગુરુદેવ સાળવીની પાસે ગયા. માતાનું વાત્સલ્ય પણ જ્યાં વિસાતમાં નથી એવા ધર્મવાત્સલ્યથી ગુરુદેવે સાળવીનો બરડો પંપાળ્યો. સ્નેહભર્યા શબ્દોએ તેને આવકાર્યો.

સહુથી તિરસ્કારાતા સાળવીને આ અનોખી મા મળતાં અકથ્ય આનંદની લાગણીઓ પેદા થઈ.

મુનિવરના પગ પકડી લઈને ચોધાર રોતી આંખે તેણે કહ્યું, ‘‘ગુરુદેવ ! મને બચાવો. હું ભયંકર દારૂડિયો છું. આ લત કેમેય છૂટે તેમ નથી. નશો કરવામાં થોડુંક પણ મોડું થાય તો મારી બધી નસો તણાઈ જાય છે. હવે મારે શું કરવું ? આપની દેશના સાંભળ્યા પછી આ પાપ છોડવાને હું ખૂબ જ ઉત્તેજિત થયો છું. પણ તે માટે મારી કોઈ તાકાત નથી.’’

ગુરુદેવે કહ્યું, ‘‘સાળવી ! ચિંતા ન કર. હું તને એક રસ્તો બતાવું. તું એટલી જ પ્રતિજ્ઞા કર કે પૂરા સંતોષથી દારૂ પી લીધા બાદ તારે એક દોરીની ગાંઠ મારી દેવી. આ દોરી તારી પાસે જ ખીસામાં રાખવી. જ્યારે દારૂની તલપ પાછી જાગે કે તરત ગાંઠ છોડી નાંખવી. દારૂનો નશો થઈ જાય પછી તરત જ ગાંઠ બાંધી દેવી. જેટલો સમય ગાંઠ બાંધેલી રાખે તેટલો સમય દારૂનો ત્યાગ. ગાંઠ છોડીને ફાવે તેટલો દારૂનો નશો તું કરી શકે.’’

સાળવીને થયું કે, ‘‘મારા જેવા પાપીને વળી પ્રતિજ્ઞા કરવાની પુણ્યાઈ ક્યાંથી ? આ પ્રતિજ્ઞા તો સાવ સરળ છે.’’

એણે પ્રતિજ્ઞા લીધી.

ગુરુદેવે વિહાર કર્યો.

સાળવી સુંદર રીતે પ્રતિજ્ઞાપાલન કરતો દિવસ પસાર કરતો હતો ત્યાં એક દિવસ એવું બન્યું કે તેને દારૂની તલપ જાગી એટલે તે ગાંઠ છોડવા લાગ્યો. પણ તે ગાંઠની એવી મડાગાંઠ પડી ગઈ કે ઘણી મહેનત કરવા છતાં કેમેય ગાંઠ ન છૂટી. થોડી જ પળોમાં તેની નસો ખેંચાવા લાગી. દયાર્ત્ત બની ગયેલા સ્વજનોએ પ્રતિજ્ઞાભંગ કરીને દારૂનો નશો કરી લેવા જણાવ્યું પણ સાળવીએ પ્રતિજ્ઞાભંગનો સાફ ઇન્કાર કરી દીધો.

થોડી પળોમાં શુભ ચિંતનમાં સાળવીના પ્રાણ નીકળી ગયા. તરત જ તેનો દેવલોકમાં દેવરૂપે જન્મ થયો. દારૂડિયો દેવ બન્યો.

તે તરત જ ઉપકારી ગુરુ પાસે હાજર થયો. તેણે કહ્યું, "ગુરુદેવ ! આપે આપેલી નાનકડી પ્રતિજ્ઞાના પ્રભાવે હું પાપમુક્ત થયો, પરંતુ આપના ઋણમાં બદ્ધ થયો. મને કામ સોંપો. મારે ઋણમુક્ત થવું છે."

ગુરુદેવે તેને શત્રુંજય-તીર્થની રક્ષા કરવાની પ્રેરણા કરી. તીર્થરક્ષા કરીને તે ઋણમુક્તિનો આનંદ અનુભવવા લાગ્યો.

### શ્રદ્ધાપૂર્વકના ધર્મની અજબ તાકાત : નવકારમંત્રની પ્રબળ શક્તિનું દૃષ્ટાંત

શ્રદ્ધાપૂર્વક અને ભારે આદરપૂર્વક જે ધર્મક્રિયા કરાય છે તેમાં પણ પ્રચંડ શક્તિ હોય છે. હા, તે ધર્મની પાછળ વિશિષ્ટ ભાવ, સૂત્રોના અર્થની સમજણ વગેરે ન હોય તો ય એની શક્તિ અજબ-ગજબની હોય છે. તે ઉપર મુંબઈમાં બનેલી ઘટના અહીં રજૂ કરું છું.

એ જૈન ભાઈ હતા. જૈનના સર્વશ્રેષ્ઠ મન્ત્ર નવકારના એ આરાધક હતા. રોજ ૧૦૮ વાર એ નવકાર-મંત્રનો જપ કરતા.

મંત્રના અર્થ કે તેના રહસ્યના ઊંડાણમાં તે કદી ગયા ન હતા, પરંતુ ભારે શ્રદ્ધા અને સદ્ભાવથી રોજ સવારે શુદ્ધ વસ્ત્રો પહેરીને, ટટાર બેસીને, આંખો મીંચીને ૧૦૮ મંત્રજપ તે અખંડિતપણે ગણતા.

તેમની ઈચ્છા જરૂર હતી કે તેમને આ મંત્રશક્તિનો કોઈ પ્રભાવ જોવા મળે.

એક દિવસ શક્તિદેવીના ઉપાસક ભાઈ તેમની પાસે આવ્યા. વાત વાતમાં કહ્યું કે મંત્રશક્તિનો પ્રભાવ અનુભવવો હોય તો મારી સાથે ચાલો. શક્તિદેવીના મંદિરના ભૂવા પાસે હું તમને લઈ જાઉં.

જૈન ભાઈ જવા માટે તૈયાર થયા. એક દિવસ તે ભૂવા પાસે બંને પહોંચી ગયા.

શક્તિના ઉપાસકે ભૂવાને કહ્યું કે, "આ મારા જૈન મિત્ર છે. તેના શરીરમાં માતાજી પ્રવેશ કરીને શક્તિ-તત્ત્વનો પરચો બતાવે તેવી મારી ઈચ્છા છે."

આ વાત સાંભળીને ભૂવો ધીમે ધીમે ધૂણવા લાગ્યો. થોડીક વારમાં એના શરીરમાં કોઈ પ્રવેશ થયો હોય તેમ લાગ્યું.

જોરથી ધૂણતો ભૂવો જૈન ભાઈની ચારેબાજુ કુંડાળામાં ફરવા લાગ્યો. એક વાર, બીજી વાર, ત્રીજી વાર...દરેક વખતે પગ પછાડીને પાછો પોતાની બેઠકે આવી જવા લાગ્યો. એના મોં ઉપર કોઈ પ્રકારની નિરાશા કે લાચારી સ્પષ્ટ થતી જતી હતી. જૈન ભાઈ પોતાનો ઈષ્ટમંત્ર સતત ગણી રહ્યા હતા.

ઉપાસકે ભૂવાની તરફ મોં કરીને કહ્યું, "ઓ માતાજી ! આપ આ જૈન ભાઈને પરચો બતાવવા માટે પ્રયત્ન કરો."

ભૂવાના મોં દ્વારા શક્તિ-માતા બોલ્યા, "મારાથી તેના શરીરમાં પ્રવેશ થઈ શકતો નથી. મેં ઘણી મહેનત કરી પણ હું નિષ્ફળ ગઈ છું, કેમકે એ ભાઈની ચારેબાજુ એના ઈષ્ટમંત્રના શ્રદ્ધાપૂર્વકના જપનું એવું અભેદ્ય વાતાવરણ સર્જાયું છે કે હું તે ભેદીને તેના દેહમાં પ્રવેશી શકતી નથી."

ઉપાસકે કહ્યું કે, "ગમે તેમ કરો, પણ તમારે તેને પરચો દેખાડવો જ પડશે." માતાજી બોલ્યા, "જો તે જૈન ભાઈ એટલું જ કહે કે આજથી મારા ઈષ્ટમંત્રનો જપ અને તેની શ્રદ્ધા-બંને-સંપૂર્ણપણે ત્યાગી દઉં છું તો હું તરત જ તેના દેહમાં પ્રવેશી શકીશ, નહિ તો એ વાત મારા માટે અશક્ય છે."

આ સાંભળીને અજૈન ભાઈ ખૂબ હતાશ થઈ ગયા. જૈન ભાઈ અત્યંત આનંદમાં આવીને ત્યાંથી ઊભા થયા.

ઘેર પહોંચ્યા બાદ તે જૈન ભાઈ ખૂબ રડ્યા. તેમના અંતરમાં એક જ વિચાર ઘૂમરાતો રહ્યો હતો કે, "જેની પ્રચંડ તાકાતના કારણે શક્તિ-માતા પણ ધરાર નિષ્ફળ ગયા તે નવકારમંત્ર ઉપર મારી ભક્તિ કેટલી છે? આવી અદ્‌ભુત વસ્તુ મને મળવા છતાં હું કેવો અભાગી કે આજ સુધી એની આવી પ્રચંડ શક્તિને કદી પામી શક્યો નહિ. માત્ર શ્રદ્ધાથી ગણાતો આ મંત્ર જો મેં પૂરા સદ્‌ભાવ, સમજણ અને વિધિથી ગણ્યો હોત તો મારું કેવું કલ્યાણ થઈ જાત !"

ત્યારથી તે જૈન ભાઈ મંત્રાધિરાજ શ્રીનવકારના અઠંગ ઉપાસક બની ગયા !

માત્ર શ્રદ્ધાથી ગણાતા દ્રવ્ય-નવકારની પણ કેવી તાકાત ! તો ભાવ-નવકારની તો કેટલી શક્તિ હશે !

### ધૂન અને જપનું બળ : સંન્યાસીનું દૃષ્ટાંત

જ્યાં ક્યાંય પણ પ્રભુ સાથે તાદાત્મ્યભાવ જામશે ત્યાં તેનું ફળ મળ્યા વિના, પ્રાપ્ત થયા વિના રહેનાર નથી. ગમે તેવી આપત્તિને હડસેલી મૂકવાની તાકાત પરમાત્મભક્તિમાં હોય છે.

એ હતા એક સંન્યાસી. ફરતાં ફરતાં બંગાળમાં જઈ ચડ્યા. લોકોને સત્સંગ આપતાં આપતાં એમને ખબર પડી કે ત્યાંનો રાજા પ્રજાને ખૂબ જ રંજાડે છે. એનો સ્વભાવ અતિશય ખરાબ છે. આથી સમગ્ર પ્રજા 'ત્રાહિમામ્' પોકારી ગઈ હતી. એની સામે બંડ કરવામાં ય હજારો માનવોની કતલ થઈ જવાનો ભય હતો.

છેવટે સંન્યાસીએ એની સામે કમર કસી. સેંકડો પ્રભુભક્તોને લઈને એ આતતાયી રાજાના મહેલે ગયા. મહેલના વિશાળ પટાંગણમાં સહુ બેસી ગયા. રાજાએ સંન્યાસીને ધમકી આપી પરંતુ જ્યારે સંન્યાસીએ કહ્યું કે, 'અમે લોકો લેશ પણ તોફાન કરવા આવ્યા નથી. અમારે તો અહીં બેસીને પ્રભુ-નામની ધૂન જ મચાવવી છે અને જપ કરવો છે' ત્યારે રાજાએ તેમને ત્યાં બેસવાની સંમતિ આપી.

સંન્યાસીનો પ્રભાવ જ કામ કરી ગયો. સેંકડો પ્રભુભક્તોએ અખંડપણે જપ અને ધૂન શરૂ કર્યા; લગાતાર સાત દિવસ, ચોવીસે ય કલાક.

બીજી બાજુ સંન્યાસીએ રાજાના હિતની પ્રાર્થના શરૂ કરી અને બીજે દિવસે પ્રભાતે જીવનમાં કરેલા અઘોર અત્યાચારોને યાદ કરીને રાજા ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. તે દિવસથી રાજા પ્રજાવત્સલ, પરદુઃખભંજન બની ગયો.

### 'તન્મય-ભક્તિ લેખ ઉપર મેખ મારે' એ સિદ્ધ કરતો એક પ્રસંગ

તન્મય-ભક્તિની પ્રચંડ તાકાતની તો શી વાત કરું ! તેનાથી ભાગ્યના લેખને પણ મેખ લાગી જાય છે, અર્થાત્ (નિકાચિત સિવાયના) અશુભ કર્મોને પણ તે તન્મય-ભક્તિ ધક્કો લગાવીને નિષ્ફળ બનાવી શકે છે.

થોડા વર્ષો પૂર્વે કોઈ ભાઈએ પોતાના પ્રકાંડ વિદ્વાન જોષીને મિત્રની કુંડલિ બતાવી. તે જોઈને જોષીએ કહ્યું,"તમારા તે મિત્ર હાલ કોઈ ભયંકર આપત્તિમાં છે. કદાચ આજે રાતે આપઘાત પણ કરી નાંખશે. તમે જલદી તેમને બચાવો."

ભાઈએ કહ્યું, "મારો તે મિત્ર ખૂબ સુખી છે અને ખૂબ આનંદમાં છે. તમારું કથન સાવ મિથ્યા છે. તમે ફરીથી બરોબર કુંડલિ જુઓ."

ફરીથી ગ્રહો જોયા બાદ પણ જોષીએ તે જ વાત ફરીથી કરી. છેવટે નિર્ણય કરવા માટે બંને ભાઈઓ તે મિત્રને ઘરે ગયા.

ખરેખર મિત્ર ખૂબ આનંદમાં હતો. જોષીએ આશ્ચર્યમુગ્ધ થઈને તે ભાઈને પૂછ્યું, "બહારથી જ આનંદમાં છો કે ભીતરમાં પણ ?"

મિત્રે કહ્યું, "ભીતરમાં પણ."

આશ્ચર્યથી મૂઢ થયેલા જોષીએ મિત્રને બધી વાત વિગતથી પૂછી. મિત્રે કહ્યું, "આજથી છ માસ પૂર્વે તમે કહો છો તેવી ભયાનક પરિસ્થિતિનો હું ભોગ બન્યો હતો. એક દિવસ આપઘાત કરવાનો મેં નિર્ણય કર્યો. છેલ્લી પ્રભુભક્તિ કરવા માટે હું અમારા દેરાસરમાં બપોરે બાર વાગે ગયો. કોણ જાણે, તે દિવસે હું ભક્તિમાં એટલો બધો તન્મય થઈ ગયો કે સાંજના પાંચ વાગી ગયા તો ય મને ખબર ન પડી.

એ પછી ઘેર આવ્યો અને એકાએક ચારેબાજુથી પરિસ્થિતિ સાનુકૂળ થવા લાગી ગઈ. મારો ભાગ્યનો સિતારો ચમકી ગયો. પછી તો હું લાખો રૂપિયા કમાયો."

આ સાંભળીને જોષીએ નક્કી કર્યું કે તન્મય થઈને કરાતી ભક્તિમાં કર્મોને મારી હઠાવવાની અમોઘ શક્તિ પડેલી છે.

કૃત્યા રાક્ષસીનો પ્રસંગ આપણને ખૂબ ખૂબ ધર્મબળ આપી જનારો બનો.

## ૩૧.

# ગુપ્તવાસ

પાંડવો, કુન્તી અને દ્રૌપદીએ વિરાટનગર તરફ એક વર્ષના ગુપ્તવાસ માટે પ્રયાણ કર્યું.

નગરના ઉદ્યાનમાં આવીને સહુ બેઠા. તે વખતે યુધિષ્ઠિરે બધાયને શિખામણ આપી.

### યુધિષ્ઠિરની શિખામણ

તેમણે કહ્યું કે, "આ ગુપ્તવાસનું છેલ્લું વર્ષ છે. આજ સુધી આપણે રાજ્યાવસ્થામાં અને વનવાસીની અવસ્થામાં મન ફાવે તેમ રહ્યા, માથું ઊંચકીને ફર્યા, કોઈની શેહમાં કદી દબાયા-તણાયા નહિ, કોઈનું દાસત્વ સ્વીકાર્યું નહિ.

પણ હવે આખી પરિસ્થિતિ પલટો ખાઈ રહી છે. હવે આપણે કોઈ રાજાના દાસ તરીકેની જિંદગી ગુજારવાની છે. આપણો માલિક જે બનશે તે આપણને ક્યારેક નડે પણ ખરો અને કનડે પણ ખરો. એવા વખતે આપણે ચૂપચાપ સહન કરી લેવું પડશે. ભૂતકાળની આપણી ચાલ પ્રમાણે જો ક્રોધ, અભિમાન વગેરેને સ્પર્શીશું તો તે 'સેવક' તરીકે સારું નહિ ગણાય. આપણે સેવક એટલે સેવક જ; હસ્તિનાપુરના રાજા નહિ, રાજવંશી માણસો પણ નહિ.

સ્વજનો ! સુખના સમયમાં સુખને જેઓ સહન કરતાં (પચાવતાં) શીખી લે છે તેઓ જ દુઃખના સમયમાં દુઃખને સહન કરી શકે છે. સુખમાં છકી જનારા માણસો દુઃખમાં ડગી ગયા વિના રહેતા નથી.

બીજી વાત એ છે કે દરેકે પોતાના માલિકને વફાદાર રહેવું. કૂતરા જેવું પ્રાણી પણ માલિકને વફાદાર રહે છે તો આપણે બુદ્ધિમાન માનવો છીએ. આપણાથી માલિકને બેવફા કદી ન થવાય.

ત્રીજી વાત એ છે કે આપણા માલિકનો ખૂબ પ્રેમ સંપાદન કરવો. એ માટે એના કાર્યો આપણે તાબડતોબ કરી આપવા. કદી કામચોર બનવું નહિ.

ચોથી વાત એ છે કે આપણે સહુએ દરેક વાતમાં નમ્ર રહેવું. આપણી શક્તિનો ગર્વ કદાપિ કરવો નહિ.

### પાંડવોના સાંકેતિક નામો

હવે છેલ્લી વાત કે જ્યારે પણ આપણે કોઈ સંકટમાં આવી પડીએ ત્યારે પરસ્પરની સહાય વગેરે લેવા માટે હું તમને તમારું જે સાંકેતિક નામ આપું તેનો જ ઉચ્ચાર કરવો. ભૂલમાં કે સ્વપ્નમાં પણ આપણા મૂળ નામો બોલવા નહિ.

મારું નામ જય, ભીમનું નામ જયંત, અર્જુનનું નામ વિજય, સહદેવ તે જયસેન અને નકુલ તે જયબલ."

યુધિષ્ઠિર ખરેખર સંસારરૂપી સંગ્રામમાં સ્થિર હોવાથી યુધિષ્ઠિર હતા. તેમનું નામ ખૂબ સાર્થક હતું. કટોકટીની સ્થિતિમાં ઘરના વડીલની જવાબદારી કેટલી હોય છે ! કેટલી વધી જાય છે ! કેવી ખામોશીથી તેણે તે પાર ઉતારવી જોઈએ ! એ પાઠ યુધિષ્ઠિરના આ બોધમાંથી મળે છે.

### શસ્ત્રોને સંતાડતો અર્જુન

આ પ્રમાણે શિખામણ અને નામોની વ્યવસ્થા કર્યા બાદ યુધિષ્ઠિરે દરેકને પોતાના આયુધો મૂકી

દેવા જણાવ્યું. અર્જુને નજીકમાં જ ગાઢ અને ભયાનક સ્મશાન જોયું હતું. ત્યાં ક્રૂર સાપના બિલોવાળું ઘટાદાર શમીવૃક્ષ હતું. ત્યાં કોઈ સમડીના માળામાં બધા આયુધો મૂકી દેવાની અર્જુને મોટાભાઈને વિનંતી કરી. યુધિષ્ઠિરે તે સ્વીકારી. અર્જુન તમામ આયુધોનું પોટલું બનાવીને તે શમીવૃક્ષમાં મૂકી આવ્યો.

### 'કંક' બ્રાહ્મણરૂપે યુધિષ્ઠિર

પ્રથમ યુધિષ્ઠિરે નગરમાં પ્રવેશ કર્યો. તેણે બ્રાહ્મણનો વેષ ધારણ કર્યો, શરીરના બાર અંગો ઉપર તિલક કર્યા હતા. ડાબે ખભે સુંદર યજ્ઞોપવીત ધારણ કર્યું હતું. ચન્દ્ર જેવા ઊજળા વસ્ત્રો પહેર્યા હતા.

તે રાજદરબારે પહોંચ્યો. તેણે દ્વારપાળને કહ્યું કે, "રાજા સાહેબને જણાવો કે એક બ્રાહ્મણ તમારા દર્શન માટે ઉત્સુક છે તો તેમને પ્રવેશ કરવાની રજા મળે."

વિરાટ રાજાએ દ્વારપાળની વાત સાંભળીને સંમતિ આપતા યુધિષ્ઠિરે દરબારમાં પ્રવેશ કર્યો. તેની મુખાકૃતિ અને બ્રાહ્મણત્વ જોઈને જ રાજા સ્તબ્ધ થઈ ગયા. તે મનમાં બોલી ઊઠ્યા, "અરે ! આ તો સાક્ષાત્ ધર્મરાજ આ ધરતી ઉપર અવતર્યા છે કે શું ?"

રાજાએ તેને પ્રણામ કર્યા. યુધિષ્ઠિરે રાજાને આશીર્વચન કહ્યા. યોગ્ય આસને બેસાડીને રાજાએ આગંતુકની ઓળખ પૂછી.

તેણે કહ્યું,"હું કંક નામનો દ્વિજ છું. મહારાજા યુધિષ્ઠિરનો અત્યંત પ્રિય એવો પુરોહિત છું. દ્યુતક્રીડામાં હું અત્યંત કુશળ હોવાથી મારે કૌરવોની સામે તેમના પક્ષે બેસવાનું હતું. પરંતુ મારે એકાએક ગામ જવાનું થયું અને દ્યુતના દાવોના અજાણ યુધિષ્ઠિર કૌરવોના કપટની સામે હારી ગયા. આજે તે વાતને બાર વર્ષ વીતી ગયા છે. હું પાંડવોના રાજ્યકાળની રાહ જોતો જેમ તેમ વર્ષો પસાર કરી રહ્યો હતો ત્યાં આપની ન્યાય, નીતિ, દયાપરાયણતાની ખ્યાતિ સાંભળી એટલે એકાદ વર્ષ અહીં પસાર કરવાની ભાવનાથી આવ્યો છું."

વિરાટ રાજાએ કહ્યું, "ધન્ય છે તે યુધિષ્ઠિરને જેમને તમારા જેવો પવિત્ર બ્રાહ્મણ મળ્યો. દ્વિજવર ! આપ ખુશીથી મારી રાજસભાના પુરોહિત (સભાસદ તરીકે) રહો. મને તેનું ખૂબ ગૌરવ રહેશે. તમારા જેવાનો સંગ પણ મહાભાગ્યનો ઉદય હોય તો જ અમને મળે."

યુધિષ્ઠિર કંક પુરોહિત તરીકે રાજા વિરાટની પર્ષદામાં ગોઠવાઈ ગયા.

### 'વલ્લવ' રસોઈયારૂપે ભીમસેન

બીજે દિ' રાજમાર્ગેથી રાજા પસાર થતા હતા ત્યાં સામેથી અતિ કદાવર કાયાવાળા પહેલવાન આદમીને તેમણે જોયો. તેના હાથમાં કડછો અને રવૈયો વગેરે હતા. એની વિરાટ કદની આકૃતિ જોઈને જ વિરાટ રાજા ખુશ થઈ ગયા. બે ભેગા થયા ત્યારે રાજાએ તેની ઓળખ માંગી.

તેણે કહ્યું, "મારું નામ વલ્લવ છે. મહારાજા યુધિષ્ઠિરને ત્યાં હું રસોઈયાનું કામ કરતો હતો. એની સાથે હું મલ્લવિદ્યાનો નિષ્ણાત પણ છું. પાંડવો વનમાં ગયા પછી હું જ્યાં ત્યાં રહીને વર્ષો પસાર કરતો હતો ત્યાં મેં આપની ખ્યાતિ સાંભળી. તેથી અહીં આવ્યો છું."

રાજાએ કહ્યું, "ભાઈ વલ્લવ ! તું રસોડાના રસોઈયા તરીકે લાયક નથી. તારી કાયા તો રણમોરચાના પ્રકાંડ સૈનિક તરીકે ખૂબ યોગ્ય જણાય છે. છતાં મારે ત્યાં રસોઈયા તરીકે જ રહેવું હોય તો ભલે. આજથી તું મારા રસોડાના અધિપતિ રસોઈયા તરીકે રહે."

### 'બૃહન્નટ' નપુંસકરૂપે અર્જુન

ત્રીજે દિવસે નગરમાં એક સ્ત્રીના વેશવાળી વિચિત્ર બાઈ ફરવા લાગી. નગરલોકો તેના રૂપને જોઈને ચકિત થતા હતા. પણ તેની અનેક વિચિત્રતાઓ જોઈને ખૂબ હસતા હતા. બહાર ફરવા નીકળેલા રાજાએ તેને જોઈ. તેણે કંચુક પહેર્યું હતું, અંબોડો (જટાનો) વાળ્યો હતો. તેના કાને કુંડલ લટકતા-ઝૂલતા હતા, આંખે અંજન હતું અને તેણે સાડલો પહેર્યો હતો.

રાજાએ તેને જોઈને સીધો સવાલ કર્યો કે, "તું સ્ત્રી છે કે પુરુષ ? તારા વક્ષ:સ્થળ ઉપર સ્તન જણાતા નથી માટે મને આ શંકા પડી છે. જો તું પુરુષ હોય તો તારે સ્ત્રીવેષ લેવાની શી જરૂર પડી ?"

તેણે કહ્યું, "રાજન્ ! હું સ્ત્રી પણ નથી, પુરુષ પણ નથી. હું ષણ્ઢ (નપુંસક) છું. સ્ત્રીનો વેષ પહેરીને જ રહું છું. મહારાજા યુધિષ્ઠિરને ત્યાં મારો વાસ હતો. નૃત્ય અને નાટ્ય-બે કળાઓ-માં હું નિષ્ણાત છું. તેમણે મને આ કળાઓ શીખવવા માટે જ રાખેલ. મારું નામ બૃહન્નટ છે. મેં માતા સરસ્વતીની કૃપા પ્રાપ્ત કરી છે. પાંડવોને વનવાસ થતાં અને આપની ખ્યાતિ સાંભળતાં મારે અહીં આવવાનું થયું છે."

રાજાએ તે બૃહન્નટને પોતાની દીકરી ઉત્તરાને નૃત્ય વગેરે કલાઓ શીખવવા માટે રાખી લીધો. નવી નાટ્યશાળા પણ તૈયાર કરાવીને તેને સોંપી દીધી.

### 'તંતિપાલ' અશ્વપરીક્ષકરૂપે સહદેવ

વળતે દિવસે જ્યારે રાજા અશ્વશાળામાં અશ્વોની સાથે ગેલ કરતો હતો ત્યારે રસ્તા ઉપરથી પસાર થતા એક માણસને જોયો. તેના હાથમાં ચાબુક હતી. કમર ઉપર કસીને કપડું વીંટ્યું હતું. રાજાએ તેને બોલાવીને ઓળખ માંગી. તેણે કહ્યું, "હું મહારાજા યુધિષ્ઠિરનો અશ્વપરીક્ષક છું. મારું નામ તંતિપાલ છે. ઘોડાની જાત, ચાલ, રોગાદિ જાણવામાં મારા જેવો નિષ્ણાત આ ધરતી ઉપર ભાગ્યે જ બીજો કોઈ હશે. મહારાજા યુધિષ્ઠિરના વનવાસને લીધે હું આજ સુધી જ્યાં ત્યાં રખડતો હતો. આજે આપની ખ્યાતિ સાંભળીને અહીં આવી ચડ્યો છું."

રાજાએ તેને પોતાને ત્યાં અશ્વશાળાના અધિપતિ તરીકે રાખી લીધો.

### 'ગ્રન્થિક' ગોપાલકરૂપે નકુલ

બીજે દિવસે એક માણસને રસ્તા ઉપર સામેથી આવતો જોયો. તેની છાતી વગેરે અડધું શરીર ખુલ્લું હતું. કમરે કચ્છો માર્યો હતો. હાથમાં કડિયાળી ડાંગ હતી, માથે લાલ પાઘડું હતું. રાજાએ તેની ઓળખ માંગતા તેણે કહ્યું, "હું મહારાજા યુધિષ્ઠિરનો ગોપાલક છું. મારા કબજામાં સૌથી વધુ-એક લાખ-ગાયો રહેતી. હું ગાયોના તમામ લક્ષણો જાણું છું. ગર્ભાધાન સમય, ગર્ભમોચન સમય, રોગ અને પથ્યૌષધ વગેરેનો માહિતગાર છું. મહારાજાનો વનવાસ થયા બાદ જેમ તેમ કરીને મેં બાર વર્ષ પૂરા કર્યા ત્યાં આપની નામના સાંભળીને અહીં આવ્યો. મારું નામ ગ્રન્થિક છે."

રાજાએ તેને પોતાની ગૌશાળાના અધિપતિ તરીકે નિયુક્ત કર્યો.

### 'સૈરન્ધ્રી' સુદેષ્ણાની સખીરૂપે દ્રૌપદી

વળતે દિવસે સુદેષ્ણા રાણીના મહેલમાં એક સ્ત્રી આવી. તમામ દાસીઓ તેનું રૂપ જોઈને સ્તબ્ધ થઈ ગઈ. સહુ તેને રાણી સુદેષ્ણા પાસે લઈ ગઈ. સુદેષ્ણા તેનું અતાગ સૌંદર્ય જોઈને ક્ષણભર તો સ્થિર થઈ ગઈ. રાણીએ તેને પૂછ્યું, "અરે ! સ્વર્ગલોકની અપ્સરા ! તું આ ધરતી ઉપર શી રીતે આવી ગઈ ? તું કોણ છે ? તારું નામ શું છે ?"

તેણે કહ્યું, "હું મહારાણી દ્રૌપદીની દાસી છું. મારું નામ સૈરન્ધ્રીમાલિની છે. મહારાણીને મારા

ઉપર એટલો સ્નેહ હતો કે તેમને મારા વિના એક પળ પણ ચાલતું નહિ. અરે ! શ્રીકૃષ્ણની પત્ની સત્યભામા પણ મારી સાથે ખૂબ પ્રેમાળ સખ્ય રાખતી. મહારાણી દ્રૌપદી પાંડવોની સાથે વનમાં ગયા ત્યારથી હું જેમ તેમ કરીને દિવસો પસાર કરતી આજે અહીં આવી ચડી છું.''

સુદેષ્ણાએ કહ્યું, ''તું હવે મારી પાસે જ રહે. પણ મને ચિંતા એક જ વાતની છે કે તારું રૂપ જોયા પછી રાજા મને સાવ ભૂલી જશે અને તને પોતાની રાણી બનાવી દેશે.''

સૈરન્ધ્રીમાલિનીએ કહ્યું, ''આપ એ વાતની જરાય ચિંતા ન કરો. તેવું કદી બનવાનું નથી, કેમકે મારો એવો પ્રભાવ છે કે મારી તરફ કુનજરથી જે જુએ તેનો નાશ જ થઈ જાય. મારે પાંચ ગાંધર્વપતિઓ છે. તેઓ વિદ્યાબળથી ગુપ્ત રહીને મારી સતત રક્ષા કરે છે.''

આ સાંભળીને નિર્ભય બનેલી સુદેષ્ણાએ તેને પોતાની સખી તરીકે રાખી લીધી.

સહુ-પાંડવો અને દ્રૌપદી-પોતાના માલિકની પાસેથી સારી રીતે પ્રેમ સંપાદન કરીને આનંદથી રહેવા લાગ્યા.

માતા કુન્તીને તેમણે વિરાટનગરમાં જ કોઈ ઘર લઈને ત્યાં રાખી દીધા હતા. સમય મળે ત્યારે સહુ ખાનગીમાં તેમને અવારનવાર મળી આવતા હતા. એકબીજા પણ ત્યાં મળી લઈને આનંદ માણતા હતા.

આમ કરતાં ગુપ્તવાસના તેરમા વર્ષના અગિયાર માસ સારી રીતે પસાર થઈ ગયા. પોતે પાંડવો છે તે વાતની કોઈને કદી ગંધ પણ આવવા દીધી નહિ.

પણ છેલ્લા એક માસમાં મોટી ધમાલ મચી ગઈ.

### દ્રૌપદીને જોઈને કામુક બનેલો કીચક

આ ધમાલનો ખલનાયક હતો; મહારાણી સુદેષ્ણાનો જ ભાઈ કીચક.

દ્રૌપદી વારંવાર તેની નજરમાં આવતી રહી એથી તેના હૈયામાં કામવાસના પ્રજ્વલિત થઈ ગઈ.

કામવાસના ત્યાં જલદી જાગે છે જ્યાં તેનો સંપર્ક વધુ વાર થતો હોય છે. જ્યાં વધુ વખત સંપર્ક નથી ત્યાં જાગેલી પણ કામવાસના વધુ સમય જીવતી રહી શકતી નથી.

જૈન ધર્મના સંસારત્યાગીઓની જે-એક સ્થાને હંમેશ-આશ્રમાદિ કરીને નહિ રહેવાની વ્યવસ્થા છે તે અત્યંત સમુચિત છે. એથી નાહકની ઊભી થઈ જતી-અતિ પરિચયજનિત-આપત્તિઓમાંથી સહજ રીતે ઉગાર મળી જાય છે.

આમેય દ્રૌપદીનું રૂપ તેના અંગેઅંગમાંથી નીતરતું જ હતું અને બીજી બાજુ કીચક કામુક તો હતો જ, એટલે તેના હૈયે કામવાસના ભડકે બળે તેમાં આશ્ચર્ય ન હતું.

એક દિવસ કીચકે સૈરન્ધ્રી (દ્રૌપદી) પાસે દૂતીને મોકલીને કહેવડાવ્યું કે તેનું શરીર ખૂબ અસ્વસ્થ થયું છે માટે તે પોતાના હાથેથી જો સ્પર્શ કરે તો તેના પતિવ્રતાપણાના પ્રભાવથી શરીર સ્વસ્થ બની જાય.

આ કહેણ પાછળનું મલિન બુદ્ધિનું વહેણ સૈરન્ધ્રી જોઈ ગઈ. તેણે ભયંકર ક્રોધ સાથે દૂતીને ધમકાવીને ગળચી પકડીને કાઢી મૂકી.

આ વાત દૂતીએ કીચકને કરી. તે પછી કીચકે દ્રૌપદીને લલચાવવાના અને ફસાવવાના અનેક નિષ્ફળ પ્રયત્નો કર્યા.

## કીચક દ્વારા દ્રૌપદીની સતામણી

છેવટે કીચકની કામવાસના તીવ્ર વેગે ભભૂકી ઊઠી. એક દિ' તે પોતાની જાતને કાબૂમાં રાખી ન શક્યો. એકાએક એકાંતમાં હાથમાં આવી ગયેલી દ્રૌપદીને તેણે જોરથી પકડીને ખેંચી.

પણ ઝાટકો મારીને દ્રૌપદીએ પોતાની જાતને છોડાવી લીધી અને ચીસો પાડતી તે રાજસભા તરફ દોડવા લાગી. પોતાના હાથમાંથી છૂટી ગયા બાદ ગુસ્સે ભરાયેલા કીચકે ભાગતી દ્રૌપદીની પાછળ દોડીને બરડામાં જોરથી લાત પણ મારી. આથી દ્રૌપદી પૃથ્વી ઉપર પછડાઈ ગઈ. પણ તરત ઊભી થઈને ખૂબ રડતી રડતી રાજસભામાં પહોંચી. તેણે રાજાને કહ્યું, "આપ જેવા મહાપ્રતાપી રાજાના શાસનમાં અમારા જેવી દાસીઓ ઉપર અત્યાચાર શેનો હોય ? હવે અમારે ક્યાં જવું ?"

પછી કીચકના તોફાનોનું-બરડામાં લાત મારી ત્યાં સુધીનું-બ્યાન કરીને દ્રૌપદી મોટેથી રડવા લાગી. તેણે કહ્યું, "જો મારા ગાંધર્વપતિઓ હાજર હોત તો તમારા કીચકને જીવતો જ ન રહેવા દેત, પણ તેઓ ય કોણ જાણે ક્યાં જતા રહ્યા છે ?"

## ક્રુદ્ધ ભીમને ચૂપ કરતા યુધિષ્ઠિર

આ સાંભળતાં જ ભીમ ખૂબ ક્રોધે ભરાયો. તે પોતાના સ્થાનેથી ઊભો થતો હતો ત્યાં સંકેત કરીને યુધિષ્ઠિરે તેને એકદમ ચૂપ બેસી રહેવા જણાવ્યું.

વિરાટ રાજાને સાળા-બનેવી તરીકેનું કીચક સાથેનું સગપણ આડું આવ્યું એટલે તે મૂંગા જ રહ્યા. વળી રાજાના કાર્યોમાં રાજાને કીચક બધી રીતે મદદગાર બનતો હતો. એને સૈરન્ધ્રી જેવી દાસી ખાતર ખોવાનું પાલવે તેવું પણ ન હતું.

તે વખતે કંક પુરોહિત (યુધિષ્ઠિર) ઊભો થયો. તેણે સૈરન્ધ્રીને કહ્યું, "જો તારા ગાંધર્વપતિઓ તારી રક્ષા કરે જ છે તો તેઓ જયારે-ક્યારે પણ કીચકને બોધપાઠ આપીને જ રહેવાના છે. વળી પાપીને તો એના પાપો જ હણતા હોય છે, પછી તું આટલી બધી ચિંતા શા માટે કરે છે ? માટે અહીંથી હવે જતી રહે."

સૈરન્ધ્રી ચાલી ગઈ. રાત્રે ગુપ્ત રીતે તે વલ્લવ (ભીમ) પાસે ગઈ.

## ભીમને ઉત્તેજિત કરતી દ્રૌપદી

તે વખતે જોરથી નસકોરાં બોલાવતો ભીમ ઘસઘસાટ ઊંઘતો હતો. તેને જગાડીને દ્રૌપદીએ જોરદાર ઝપાટો બોલાવી દીધો. તેણે કહ્યું, "રાજવૈભવ તો તમારા ગયા પણ સાથે સાથે બુદ્ધિ અને શક્તિ પણ ગઈ લાગે છે. મારી રક્ષા કરવા તમારા પાંચમાંથી કોઈ તૈયાર નથી ? અરે ! પંખીઓ પણ પોતાની માદાની રક્ષામાં સતત જાગ્રત હોય છે. તમે તો તેમનાથી ય હેઠ ગયા. ઓ પાંડુપુત્રો ! તમે આટલા બધા નિર્માલ્ય કેમ બની ગયા છો ?"

દ્રૌપદીને આશ્વાસન આપતા ભીમે કહ્યું, "ગઈ કાલે રાજસભામાં જ હું તો સન્નાટો બોલાવી દેત, પરંતુ મોટાભાઈએ મને રોક્યો. ખેર, આવતી કાલની રાતે જ કીચકના પ્રાણ લઈને જ જંપીશ. હવે હું કહું તેમ તું કર."

## ભીમ દ્વારા કીચકનો વધ

"કીચકની કામવાસના પ્રજ્વલિત થઈ ગઈ છે એટલે તે હજી જંપીને બેસવાનો નથી. કાલે તને ફરી હેરાન કરશે. તે વખતે તું તેને અનુકૂળ થવાનો દેખાવ કરજે અને રાતે અર્જુનની નાટ્યશાળામાં મળવાનો સંકેત આપજે. હું પહેલેથી તારો વેષ ધારણ કરીને ત્યાં ગોઠવાઈ જઈશ. પછી એ મને આલિંગન કરશે ત્યારે તેને બાથમાં લઈને હું તેને ત્યાં જ પૂરો કરી નાંખીશ."

અને વળતે દિ' બધું ય એ જ પ્રમાણે બન્યું. કીચકને બાથમાં લઈને સૈરન્ધ્રીના વેષમાં રહેલા ભીમે તેને તત્કાળ મારી નાંખ્યો. નાટ્યશાળાના ઝરૂખામાંથી તેના શબને ફેંકી દીધું. રાતોરાત ત્યાંથી નીકળી જઈને ભીમ પોતાના રસોડે આવી સૂઈ ગયો.

## સૈરન્ધ્રીને બાળી નાંખતા અટકાવતો ભીમ

સવારે કીચકના કરૂણ મૃત્યુના સમાચાર ચોફેર ફેલાઈ ગયા. કીચકને સો ભાઈઓ હતા. તે બધા કીચકના શબ આગળ બેસીને મોટેથી રડવા લાગ્યા. તેમને ખ્યાલ આવી ગયો કે સૈરન્ધ્રીના ગાંધર્વ-પતિઓએ જ ભાઈને હણી નાંખ્યો છે પણ તેઓ તો ગુપ્ત રહે છે એટલે તેમને હણવા મુશ્કેલ છે.

તેમણે વિચાર્યું કે સૈરન્ધ્રીને જ કીચકની ચિતામાં જીવતી સળગાવી દેવી.

પછી તેઓ સૈરન્ધ્રીને ખેંચીને સ્મશાન તરફ લઈ જવા લાગતાં સૈરન્ધ્રીએ ચીસાચીસ કરી મૂકી. એ સાંભળીને ભીમ ખૂબ ઉશ્કેરાયો. મોટી ફાળ ભરતો ત્યાં આવી ચડ્યો. તેણે સો ભાઈઓને સમજાવ્યું કે, "તમારો ભાઈ કીચક પરસ્ત્રીગમનનું પાપ કરવા ગયો માટે તેને સજા થઈ. તમે પરસ્ત્રીહત્યાનું પાપ શા માટે કરો છો ? આ પાપ તમને પણ નહિ છોડે."

પણ આ ભાઈઓએ ભીમની વાતની અવગણના કરીને કહ્યું, "જેની તાકાત હોય તે આ સ્ત્રીને બચાવવા આવે."

આ શબ્દો સાંભળતાં જ ભીમનો ક્રોધ આસમાનને આંબી ગયો. બાજુમાંથી જ આખું ઝાડ ઉખેડીને લઈ આવ્યો અને તેના પ્રહારોથી તમામ ભાઈઓને ત્યાં જ મારી નાંખ્યા.

લોકોમાં એ વાત ફેલાઈ ત્યારે કોઈએ અફસોસ તો ન કર્યો પણ એમ કહ્યું કે, "ઠીક જ થયું. અત્યાચારીઓનો નાશ થયો. હવે આપણને સહુને શાંતિ મળશે."

## ભીમ દ્વારા કીચકના સો ભાઈઓનો વધ

સૈરન્ધ્રી અને વલ્લવ પોતાના સ્થાને ચાલ્યા ગયા.

સુદેષ્ણાના એકસો એક-તમામ-ભાઈઓ મર્યા તેથી તે ક્રોધથી આંધળીભીંત થઈ ગઈ. તેણે પોતાના પતિ મહારાજા વિરાટ પાસે કકળાટ કરી મૂક્યો. તેણે કહ્યું, "કીચકનો હત્યારો હું જાણતી નથી પણ બીજા સો ભાઈનો હત્યારો ખુલ્લંખુલ્લા વલ્લવ છે તો તમે તેને કેમ સજા કરતા નથી ?"

વિરાટે કહ્યું, "વલ્લવ એટલો બધો બલિષ્ઠ છે કે તે એકલો આપણી આખી સેનાને હણી નાંખે. એની સાથે બાથ ભીડવી એટલે મોતને ભેટવું.

પણ મેં તેને ઠેકાણે પાડવાનો બીજો ઉપાય જરૂર વિચારી રાખ્યો છે. આપણે ત્યાં દુર્યોધન રાજાનો વૃષકર્પર નામનો મહાબલિષ્ઠ મલ્લ આવેલો છે. હું તેની સાથે કુસ્તી કરવાનું વલ્લવને જણાવીશ. આ કુસ્તીમાં વલ્લવ કદી ટકી શકવાનો નથી."

સુદેષ્ણાને આશ્વાસન મળી ગયું. તે અંતઃપુરમાં ચાલી ગઈ.

## મલ્લકુસ્તીમાં વૃષકર્પરનું મોત

આ બાજુ એક દિવસ અખાડામાં વલ્લવ અને વૃષકર્પરની મલ્લકુસ્તી ગોઠવવામાં આવી. પ્રજાજનોને ગંધ આવી ગઈ કે વિરાટ રાજાએ વલ્લવ જેવા મહાપરાક્રમી માણસને મારી નાંખવા માટે આ છાટકું ગોઠવ્યું છે. આથી સહુ રાજાની નિંદા કરવા લાગ્યા.

બે ય લડવા લાગ્યા. ભયાનક રીતે કુસ્તી ચાલી. પણ પછી જોત-જોતામાં વલ્લવે વૃષકર્પરને પછાડી દઈને મારી નાંખ્યો.

પ્રજાજનોએ આનંદની ચિચિયારીઓ પાડી. રાજાએ પણ સુદેષ્ણાને કહ્યું કે, "વલ્લવ અતિશય પરાક્રમી છે. આવો માણસ આપણને મળવાથી ભવિષ્યમાં ઘણો લાભ છે. હવે તું ચિંતા મૂકી દે. વળી કીચક વગેરે તારા ભાઈઓ તારા કારણે ઉચ્છૃંખલ બનીને આખા રાજમાં વધુ પડતો અત્યાચાર ગુજારતા હતા. તેમના મોતથી તારે અફસોસ કરવાની કશી જરૂર નથી."

કીચકની કામવાસનામાં કેવું મહાભારતમાં મહાભારત પેદા થઈ ગયું !

### વાસના અતિ-ખતરનાક તત્ત્વ

એ એકદમ નિશ્ચિત વાત છે કે નારી (વાસના) તરફનો જાતીય ઉન્માદ તીવ્ર પાપકર્મોનો બંધ કરાવીને મુક્તિ અને સદ્‌ગતિના દ્વારે દીર્ઘકાળ સુધી લોખંડી તાળા લગાવી દે છે.

એ પણ નિશ્ચિત વાત છે કે જાતીય ઉન્માદ મૃત્યુને પણ બગાડી નાંખે છે.

એ પણ નિશ્ચિત વાત છે કે જાતીય ઉન્માદ શરીરના રાજા(વીર્ય)ને-જેનાથી જીવન સુખી બની શકે છે. જેનાથી નીરોગી અને દીર્ઘાયુ બની શકાય છે તેને-જ ખતમ કરી નાંખે છે.

એ પણ નિશ્ચિત વાત છે કે એ કલણમાં ખૂંપ્યા પછી બહાર નીકળવાનું કામ અતિ કપરું છે.

એ પણ નિશ્ચિત વાત છે કે સૌંદર્ય અને લાવણ્ય માત્ર ચામડીમાંથી ટપકી રહ્યું છે. બાકી ભીતરમાં મળ, મૂત્ર, હાડકાં, શ્લેષ્મ, થૂંક, પસીનો, મેલ, ચરબી, લોહી વગેરે તમામ ગંદા તત્ત્વો જ ખીચોખીચ ભરેલા છે.

તો... મોટી સંખ્યાના માનવોને, અત્યંત બુદ્ધિમાનોને પણ આ વાત કેમ સમજાતી નથી ? શા માટે તેઓ અહીં લપસી જાય છે ?

રણાંગણના ખૂંખાર યોદ્ધાઓ, પ્રખર વક્તાઓ, દિગ્ગજ પંડિતો, લાખોને દોરનારા રાજાધિરાજો, બીજાઓને સલાહ દેતા ધુરંધર વિદ્વાનો આ ખાબોચિયામાં કેમ ડૂબી મરતા હશે ? બહુ મોટા માણસોની ભીતરની દુનિયામાં વાસનાનું તત્ત્વ શા માટે ખૂબ જોર મારતું હશે ?

આ બધા સવાલોનો જવાબ શું ? મહર્ષિઓ કહે છે કે મદનનો જ્યારે પવન વાય છે ત્યારે મેરુ પણ ચલિત થઈ જાય છે તો પીપળાના પાકેલાં પાંદડા તૂટી-ફૂટી જાય તેમાં કોઈ નવાઈ પામશો નહિ.

ખરેખર... જેની બધી ક્રિયા જુગુપ્સનીય છે, જેના અંગો બિભત્સ છે છતાં તે તરફ જગત તણાયું છે તે કામરાજની કોઈ કમાલ કરામત છે !

### અનાદિનું વશીકરણ તાણે છે

મને તો લાગે છે કે સમજણથી સાવ ત્યાજ્ય સમજાય તો પણ આચરણથી તે ન છોડાય તેમાં માત્ર પૂર્વભવોમાં વારંવાર તીવ્રતાથી અનુભવેલી વાસનાઓના સંસ્કારોનું બળ જ કારણભૂત છે.

કામરાજનું આ અમોઘ વશીકરણ (મેસ્મેરિઝમ) છે. એનાથી ખેંચાઈ જતો આત્મા મનોમન કદાચ ત્યાં જવાની ના પાડે તો તેને તણાઈ જવું પડે તેવી અનિવાર્ય સ્થિતિ વશીકરણથી જ સર્જાય છે.

### જાત-કજાત

આથી જ 'ઇશ્ક ન જુએ...' ઉક્તિ ખૂબ સાર્થક છે.

નિમિત્ત મળતાંની સાથે વાસનાના સંસ્કારો એટલી બધી તીવ્રતાથી જાગી ઊઠે છે કે તે વખતે રૂપ, સૌંદર્ય, શ્રીમંતાઈ, યૌવન-વય વગેરે હોય તો ય ઠીક અને તેમાંનું કશું ય ન હોય; કુરૂપ, કૂબડાપણું, કારમી ગરીબી, પંચ્યાસી વર્ષની ઉંમર હોય તો પણ ચાલી જાય.

### વાસના-વિમુક્તિ જ આશ્ચર્યરૂપ

કેવા કેવા રૂસ્તમો તણાઈ ગયા છે આ વાસનાના ઘોડાપૂરમાં ! ઉન્માદની તાણમાં !

રહનેમિજી! સંભૂતિ મુનિ ! સિંહગુફાવાસી મુનિ ! જૈમિની ઋષિ ! સૌભરિ મુનિ ! ગૌતમાદિ ધુરંધર તપસ્વી ઋષિઓ !

ના, દેવની પરા ભક્તિ હૈયે જમાવ્યા વિના કે સદ્ગુરુ પ્રત્યેનું ઉત્કૃષ્ટ બહુમાન હૈયે ઠાંસીને ભર્યા વિના વાસના ઉપર વિજય મેળવવાનું કામ ધરાર અશક્ય છે.

બિચારો કીચક શી વિસાતમાં !

હવે લાગે છે કે વાસનાઓથી થતાં પતનોની કથા આશ્ચર્યકારક નથી પરંતુ વાસનાઓના નિમિત્તો સામે પણ સાવ નિર્વિકાર રહી જતા મહામાનવોની સાધના ખૂબ આશ્ચર્યજનક લાગે છે.

શી રીતે એ લોકો આટલા બધા નિર્વિકાર રહી શક્યા હશે ? એ વિચાર કરતાં માથું કામ કરતું નથી.

સ્થૂલભદ્રજી ! વિજય શેઠ અને વિજયા શેઠાણી ! બપ્પભટ્ટ- સૂરિજી ! રામકૃષ્ણ પરમહંસ ! શુકદેવ !

આવા તો ઘણા બધા આત્માઓ યાદ આવે છે.

ધન્ય છે; વાસના-વિમુક્ત જીવનના સ્વામીઓને !

### પાંડવોને ઉઘાડા પાડવાની દુર્યોધનની ચાલ

આ બાજુ હસ્તિનાપુરમાં સમાચાર ફેલાઈ ગયા કે વિરાટનગરમાં વૃષકર્પરને કોઈ મહાબળવાન માણસે મારી નાંખ્યો છે.

દુર્યોધને તરત પોતાના મિત્રો તથા ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય વગેરેની સભા બોલાવી. તેણે કહ્યું, ''પાંડવો ગુપ્તવાસમાં ક્યાં છે તે શોધી કાઢવા માટે મેં વૃષકર્પરને ધરતી ઉપર ફરવા મોકલ્યો હતો. પાંડવો સિવાય તેનો મુકાબલો કરવાની તાકાત આ ધરતી ઉપર બીજા કોઈની નથી. તેમાંય ભીમ જ વૃષકર્પરનો મુકાબલો કરી શકે.

વિરાટનગરના સમાચારોથી નક્કી થઈ જાય છે કે પાંડવો જ ત્યાં ગુપ્ત રીતે રહેલા છે. વૃષકર્પરને આપણે ખોયો તે દુઃખની વાત હોવા છતાં આ રીતે પાંડવોને આપણે શોધી કાઢ્યા છે તે ઓછા આનંદની બાબત નથી. હવે આપણે તેમને પ્રગટ કરી દેવા જોઈએ જેથી પ્રતિજ્ઞા મુજબ તેમને ફરીથી બાર વર્ષનો વનવાસ આપી શકાય.

આ માટે મેં જે યોજના ઘડી છે તે આ મુજબ છે.

વિરાટનગર ઉપર આપણે બે વિભાગમાં હલ્લો કરીએ. એક બાજુ હલ્લો કરીને ગાયોને ઉપાડી જવી. આથી વિરાટ રાજા સૈન્ય સાથે ગૌરક્ષણાર્થે દોડી આવશે. આમ થાય કે તરત બીજી બાજુથી પણ હુમલો કરીને ગાયોનું હરણ કરવું. આ વખતે નગરમાં માત્ર પાંડવો જ હશે. તેઓ આ ગૌહરણને સહી નહીં શકે એટલે તરત આપણી સામે લડવા માટે દોડી આવશે. આમ થતાં તેઓ ખુલ્લા પડી જશે.''

### સુશર્મા અને વિરાટનું યુદ્ધ

સહુએ આ યોજનાનો સ્વીકાર કરીને બે વિભાગમાં સૈન્યને કરીને વિરાટનગર તરફ પ્રયાણ કર્યું. પહેલો હુમલો દુર્યોધનના પરમ મિત્ર સુશર્માએ દક્ષિણ બાજુથી કર્યો અને ગોવાળો સાથે

ઝપાઝપી કરીને તેમને મારી ભગાડીને ગાયોનું હરણ કર્યું.

આ ફરિયાદ વિરાટ રાજા પાસે આવતાં જ રાજાએ યુદ્ધની તૈયારી કરીને પ્રયાણ કર્યું. વિરાટને જતાં જોઈને અર્જુનને રોકીને બાકીના ચારેય પાંડવો તેની સાથે જોડાઈ ગયા. શમીવૃક્ષ ઉપર મૂકી દીધેલા શસ્ત્રો સહદેવ લઈ આવ્યો.

અને... સુશર્માના સૈન્ય સાથે વિરાટના સૈન્યનો ભયાનક મુકાબલો થયો. બંને પક્ષે ઘણી મોટી જાનહાનિ થઈ. છેવટે સુશર્મા અને વિરાટ સામસામા આવી ગયા. લડતાં લડતાં છેવટે મલ્લકુસ્તી કરવા લાગ્યા. તેમાં સુશર્માએ વિરાટને બગલમાં પકડી લીધો અને દોડીને રથમાં નાંખી દીધો.

### વિરાટને બચાવતો ભીમ

આ જોઈને યુધિષ્ઠિરે ભીમને કહ્યું,"આપણી હયાતીમાં આપણા માલિકને કોઈ ઉપાડી જાય તે કદી બને ? ઓ ભીમ ! તારો પરચો હમણાં બતાવી દે."

અને... તરત જ ભીમ સુશર્માના રથ પાછળ પડી ગયો. રથમાં ચડી જઈને સુશર્માને ધરતી ઉપર પટકી નાંખીને વિરાટ રાજાને પાછો લઈ આવ્યો. સુશર્મા જીવ લઈને ભાગી ગયો.

વિરાટ રાજાને એ વાતનો બરોબર ખ્યાલ આવી ગયો કે આજે પોતે મોતના મુખમાંથી બહાર નીકળ્યો છે તેમાં વલ્લવનું જ મોટું પરાક્રમ કારણભૂત છે. આથી વિરાટે ચારેયને ભેગા કરીને તેમનો વારંવાર ખૂબ ઉપકાર માન્યો અને કહ્યું કે, "આ ઉપકારનો બદલો વાળવાની તો મારામાં કોઈ શક્તિ નથી પરંતુ મારું આ આખું ય રાજ અને આ શરીર તમારા ચરણોમાં મૂકી દઈને કાંઈક ઋણમુક્ત થવાનો પ્રયાસ કરું છું."

### રાજા અને પાંડવોનો નગરપ્રવેશ

યુધિષ્ઠિરે કહ્યું, "નહિ...તેમ ન કરો. અમે જે કાંઈ કરી શક્યા છીએ તેમાં આપનો જ પ્રભાવ અને અમારા ઉપરની આપની કૃપા જ કામ કરી ગયેલ છે, માટે આ યશના ભાગી આપ પોતે જ છો."

ત્યાર બાદ તમામ ગાયોને સૌથી મોખરે રાખીને સૈન્ય સહિત રાજાએ અને પાંડવોએ નગરપ્રવેશ કર્યો.

પણ નગર સાવ સૂનકાર-ભેંકાર થઈ ગયું હતું. આ સ્થિતિ જોઈને વિરાટ રાજાના મનમાં પુષ્કળ કુવિકલ્પો પેદા થયા.

પાંડવોને બહાર બેસાડીને તે સુદેષ્ણા મહારાણીને મળીને વિગત જાણવા માટે અંતઃપુરમાં ગયા.

### ઉત્તર દિશા તરફ દુર્યોધનનો હુમલો

તેમણે સુદેષ્ણાને પણ સાવ મ્લાન મુખવાળી જોઈ. લાડકવાયો ઉત્તરકુમાર ક્યાંય જોવા ન મળ્યો. આથી વિરાટે એકદમ ચિંતાતુર બનીને સુદેષ્ણાને કહ્યું કે, "જે ઘટના બની હોય તે તુરત જણાવ."

સુદેષ્ણાએ કહ્યું, "તમે નગરમાંથી જેવા નીકળી ગયા કે તરત એક ગોવાળ આવ્યો. તેણે કહ્યું કે ઉત્તર દિશા બાજુથી ભીષ્મ પિતામહ, કર્ણ વગેરે સહિત દુર્યોધને નગર ઉપર હુમલો કર્યો છે અને અમારા ગોવાળોની ગાયોનું હરણ કરીને ભાગી રહ્યો છે. ઘણા બધા ગોવાળો ઝપાઝપીમાં માર્યા ગયા છે.

આ સાંભળીને ઉત્તરકુમાર આવેશમાં આવી જઈને યુદ્ધ માટે તૈયાર થયો પણ તેના રથનો

સારથિ કોણ બને તે સવાલ પેદા થયો.

### સારથિ બૃહન્નટ સાથે યુદ્ધ કરવા જતો ઉત્તરકુમાર

એ વખતે સૈરન્ધ્રી દાસીએ અમને કહ્યું કે, ''નાટ્યશાળામાં જે બૃહન્નટ છે તે અજોડ સારથિ છે. તમે તેને સારથિ તરીકે લઈ જાઓ. તેના ઘણાં બધા પરાક્રમો હું જાણું છું.''

ઉત્તરકુમારે 'આ તો નપુંસક છે' એમ વિચારીને પણ નછૂટકે તેને સારથિ તરીકે લીધો. શસ્ત્રોથી સજ્જ બનીને ઉત્તરકુમાર એકલો દુર્યોધન વગેરેની સામે લડવા ગયો છે એથી હું ખૂબ ચિંતાતુર બની છું. શત્રુઓના ભયથી તમામ પ્રજાજનો ભયભીત બનીને પોતાના ઘરમાં લપાઈ ગયા છે.''

### રાજા વિરાટને આઘાત

આ સાંભળીને વિરાટ રાજાને ભારે આઘાત લાગ્યો. ક્યાં ભીષ્મ સહિત દુર્યોધનનું મહાબલ અને ક્યાં નાનકડો એકલો ઉત્તરકુમાર; અને તે ય નપુંસક સારથિની સાથે... રાજાને લાગ્યું કે ઉત્તરકુમારને મોતને ભેટ્યા વિના હવે કોઈ ઉપાય નથી.

આવા વિચારો કરતાં રાજાની આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યા.

એ વખતે સૈરન્ધ્રીએ વિરાટ રાજાને બૃહન્નટની શક્તિમાં શંકા નહિ કરવા માટે વિનંતિ કરી. એ વિનંતીને યુધિષ્ઠિરે (કંક પુરોહિતે) ફરી દૃઢ કરવા સાથે દોહરાવી. આથી વિરાટ રાજાને તેમની ઉપર ગુસ્સો ચડ્યો કે ''નપુંસકની શક્તિ ઉપર વિશ્વાસ રાખવાનું કહીને તમે લોકો મને મૂર્ખ બનાવી રહ્યા છો ?''

### ઉત્તરકુમારનો વિજય

એ જ વખતે બહારના ભાગમાં કોલાહલ થયો. મોટેથી અવાજો સંભળાવા લાગ્યા, ''ઉત્તરકુમારનો જય થયો છે ! અમર રહો; વિજેતા ઉત્તરકુમાર !''

જોતજોતામાં ઉત્તરકુમાર પણ આવી ગયો. પિતા-પુત્ર ભેટી પડ્યા. માતાએ પુત્રને વહાલભરી આશિષો દેવા સાથે તેના ઓવારણાં લીધા.

### અર્જુને યુદ્ધમાં દાખવેલું પરાક્રમ

આશ્ચર્યચકિત કરી દે તેવા બૃહન્નટના પરાક્રમની જે ઘટના બની હતી તે સઘળી ઉત્તરકુમારે સહુની સમક્ષ રજૂ કરી.

''પિતાજી ! આ દેખાવે સ્ત્રી, કહેવાતા નપુંસક, નામે બૃહન્નટ, એ બધું કલ્પિત છે. આ તો છે; મહાપરાક્રમી, વિશ્વના અજોડ બાણાવલિ, શ્રીકૃષ્ણના પરમપ્રિય, મહારાજા યુધિષ્ઠિરના નાના ભાઈ વીર અર્જુન!''

આ સાંભળતાં જ વિરાટ રાજા, રાણી સુદેષ્ણા વગેરે એક ક્ષણ તો દિઙ્મૂઢ થઈ ગયા. બીજી ક્ષણે તેમના રોમરોમ આનંદથી ઊભરાવા લાગ્યા.

''પિતાજી ! હવે આપ વિગતથી મારી વાત સાંભળો.

દુર્યોધન આદિએ ગૌહરણ કર્યાના સમાચાર મળ્યા એટલે હું ઉકળી પડ્યો. સૈરન્ધ્રીના કહેવાથી સારથિ તરીકે બૃહન્નટને મેં લઈ લીધા.

અને...હું શસ્ત્રસજ્જ બનીને રથમાં મોરચા ઉપર ધસી ગયો. પરંતુ ત્યાં સામા પક્ષે ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય, કર્ણ, દુર્યોધન અને શકુનિ જેવા મહારથીઓને જોયા ત્યાં જ મારા તો મોતિયા મરી ગયા. મારા ગર્વના ચૂરેચૂરા થઈ ગયા. મારી બુદ્ધિ પણ તે વખતે બહેર મારી ગઈ. મારા

શરીરમાંથી ભયની લાગણીઓ જોરથી પ્રવાહિત થવા લાગી. મને લાગ્યું કે મેં બહુ મોટી ભૂલ કરી નાંખી છે.

મેં બૃહન્નટને કહ્યું કે હું અત્યારે જ યુદ્ધમાંથી ભાગી છૂટવા માંગું છું. આવા વિરાટ સૈન્ય અને આવા મહારથીઓની સામે હું તો એક નાનકડા મચ્છર બરોબર છું. આપણી પાસે નથી સૈન્ય, નથી મહારથીઓ.

બૃહન્નટે મારો હાથ પકડીને જરા કડક અવાજે મને કહ્યું, "પરાક્રમી વિરાટ રાજાનો પુત્ર શું રણમાંથી પલાયન થશે ? રે ! તારી ઈકોતેર પેઢીઓને કલંક લાગશે. ક્ષત્રિયને તો રણમાં મોત મળે એ તો વીરમૃત્યુ કહેવાય. એક વાર મરવું તો છે જ ને ? તો આમ શહીદ થઈને જ કેમ ન મરવું ? જો તારાથી રથી ન બની શકાય તેમ હોય તો તું સારથિ થા, હું રથી બનું. તું મારો ઝપાટો જો. તને બહુ મજા આવશે."

પિતાજી ! બૃહન્નટના આ આશ્વાસનથી મેં પલાયનનો વિચાર મોકૂફ રાખ્યો.

ત્યાર બાદ તરત જ બૃહન્નટે પોતાનો સ્ત્રીવેશ ફગાવી દીધો, ગુપ્ત રાખેલું ગાંડીવ ધનુષ હાથમાં લીધું અને તેની ઉપર બાણ ચડાવીને ધનુષ ખેંચીને ટંકાર કર્યો. અહા ! શું એ વખતની આકૃતિ ! શું તેજ ! શું વીરતા ! હું તો સજ્જડ થઈ ગયો.

એ જ વખતે શત્રુઓમાં કોલાહલ મચી ગયો. ભીષ્મ અને દ્રોણાચાર્ય મોટેથી બોલવા લાગ્યા, અરે ! આ તો સાક્ષાત્ અર્જુન છે. આ બાણોની વર્ષાનો ઝપાટો શરૂ થયો છે તે અર્જુન સિવાય બીજા કોઈનો હોઈ શકે જ નહિ.

અને પિતાજી ! જ્યાં મને ખબર પડી કે મારા રથી તો પાંડુપુત્ર અર્જુન પોતે જ છે ત્યાં મને પણ ભારે પોરસ ચડી ગયું. મારામાં એટલો બધો બળનો સંચાર થઈ ગયો કે સારથિ તરીકેની કામગીરીમાં હું એકદમ ઉત્સાહિત બની ગયો."

અહીં મને મહારાણા પ્રતાપનો ચેતક ઘોડો યાદ આવે છે. હલ્દીઘાટીના યુદ્ધમાં તેને ય પોરસ ચડી ગયું હતું. જરાક વિસ્તારથી તે ઘટનાને યાદ કરીએ.

### પશુમાં ય ખુમારી ! માનવમાં નહિ ?

ચારસો વર્ષ વીતી ગયા; એ ઐતિહાસિક યુદ્ધને.

ભારતના ઈતિહાસમાં વિખ્યાત બનેલું એ હલ્દીઘાટીનું યુદ્ધ હતું. આ ખૂંખાર જંગની પૂર્વભૂમિકા કાંઈક આવી હતી. ઘરની યાદવાસ્થળી અને રાષ્ટ્રદ્રોહિતાની ચિનગારીમાંથી જ આ ભડકો થયો હતો.

રાજા માનસિંહે મહારાણા પ્રતાપનો ત્યાગ કરીને દિલ્હીના બાદશાહ અકબરની આણ સ્વીકારી. રાજા માનસિંહ ધરતીના કટકા ખાતર કૂતરાની જેમ બાદશાહ અકબરની ખુશામત કરવા લાગ્યો. રે ! એણે હીરા, મોતી ખાતર પોતાની સગી બહેન યવન સાથે પરણાવીને અકબરના હૈયે પહેલા નંબરનું સ્થાન મેળવી લીધું. મહારાણા પ્રતાપને આ બનાવથી આઘાત લાગ્યો. રાજા માનસિંહ ઉપર તેમને ધિક્કાર વછૂટી ગયો.

અકબરે રાજા માનસિંહને પ્રતાપ પાસે મોકલ્યો; સંધિ કરીને શરણે આવી જવાનું કહેવા માટેસ્તો.

માનસિંહ સાથે પ્રતાપનો પુત્ર જમવા બેઠો ત્યારે માનસિંહે મહારાણા પ્રતાપ અંગે પૂછગાછ કરી. પુત્રે કહ્યું, "પિતાજી અસ્વસ્થ હોવાથી તમારી સાથે જમવા બેઠા નથી." આ શબ્દો ઉપરથી

જ માનસિંહને પ્રતાપની રાજકીય માંદગીની ગંધ આવી ગઈ. રોષમાં જ તેણે ભોજન છોડી દીધું અને પગ પછાડતો ચાલવા લાગ્યો. તે જ વખતે તેની સામે પ્રતાપ આવ્યો. તેણે કહ્યું, "જડ વસ્તુના કટકા ખાતર જેણે પોતાની સગી બહેનને વટલાવી તેવા દુષ્ટ સાથે હું ભોજન કરી શકું જ નહિ."

આ શબ્દોથી માનસિંહ વાઘની જેમ છંછેડાયો. પ્રતાપનું ધનોતપનોત કાઢી નાંખવાની શ્રદ્ધા સાથે માનસિંહે અકબરના પહેલી હરોળના એંસી હજાર સૈનિકો લઈને મેવાડ તરફ પ્રયાણ કર્યું. આ બાજુ મહારાણા પ્રતાપે ચુનંદા બાવીસ હજાર સૈનિકોને તૈયાર કર્યા.

બન્ને સૈન્યો હલ્દીઘાટીમાં ટકરાયા અને ત્યાં ખૂનખાર જંગ ચાલ્યો. મહારાણા પ્રતાપના સૈનિકો આ ધર્મયુદ્ધમાં ખરેખરા જંગે ચડ્યા હતા. ભૂખ્યા વરૂની જેમ તેઓ યવનો ઉપર તૂટી પડ્યા. ઘાસની જેમ માનસિંહના સૈનિકોના માથાં વઢાવા લાગ્યા.

ભલભલાને પોરસ ચડી જાય એવો એ જંગ હતો. મહારાણા પ્રતાપની શમશેર વીજળીની જેમ ચારેબાજુ વીંઝાતી હતી. તેઓ રસ્તો સાફ કરીને માનસિંહના હાથી પાસે પહોંચી જવા માંગતા હતા.

પ્રતાપના જિગરજાન અને વફાદાર ઘોડા ચેતકને એમની ઈચ્છાની ગંધ આવી ગઈ. ભારે ચતુરાઈ સાથે ચેતક દોડ્યો અને આંખના પલકારામાં તે રાણા માનસિંહના હાથી પાસે આવી ઊભો. બીજી જ પળે પોતાના બે પગ હાથીના પેટ ઉપર ટેકવી દીધા. તે જ પળે રાણા પ્રતાપે અંબાડીમાં બેઠેલા માનસિંહ ઉપર ભાલો ઝીંક્યો, પણ અફસોસ ! સહેજ માટે માનસિંહ ભાલાના ઘાથી બચી ગયો !

પ્રતાપ ચારેબાજુ મોગલોથી ઘેરાઈ ગયા. સમયસૂચક ચેતકે તરત દાવ બદલ્યો અને પોતાના માલિકને લઈને એ નાસવા લાગ્યો.ચેતક જ્યાં નાસવા માટે પગ ઉપાડે છે ત્યાં રાણા માનસિંહના હાથીએ એક ગજબ કામ કરી નાંખ્યું. હાથી જાણી ગયો હતો કે તે ઘોડો જ તેના માલિકનો જાન લેવામાં મદદગાર બની રહ્યો છે, એટલે તેણે કોઈ મુસ્લિમ-સૈનિકની તલવાર સૂંઢ વડે પડાવી લીધી અને ધડ કરતીક એ તલવાર ચેતકના એક પગ ઉપર ઝીંકી દીધી. ચેતક ઘાયલ થયો, પણ તો ય લંગડાતે પગે દોડ્યો અને પોતાના માલિકને તેણે શત્રુઓના ઘેરામાંથી કાઢીને બચાવી લીધો ! ચોફેરથી શસ્ત્રોના ઘા ખાઈ ચૂકેલો ચેતક ઢળી પડ્યો. તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. મહારાણા પ્રતાપ તેના શબ ઉપર માથું નાંખીને પુષ્કળ રડ્યા.

એંસી હજાર યવનોમાંથી પચાસ હજાર યવનો કપાઈ મર્યા. પ્રતાપના બાવીસ હજાર સૈનિકોમાંથી બાર હજાર સૈનિકો મૃત્યુ પામ્યા.

ત્રીસ હજારનું યવન-સૈન્ય લઈને દિલ્હી પાછા ફરેલા રાણા માનસિંહનું વિજય વર્યાનું દબદબાભરેલું સ્વાગત તો દૂર રહ્યું પણ પચાસ હજાર સૈનિકોની ખુવારી બદલ અકબરે તેને ભર રાજસભામાં ઠપકો આપ્યો. અને તો ય... પ્રતાપ ન જીવતો પકડાયો, ન હણાયો ! ઉલટું, તે પછી તો પ્રતાપે પોતાના જીવનકાળમાં ચિતોડ સિવાય ગુમાવેલો બધો પ્રદેશ જીતી લીધો !

બાદશાહ અકબરને મળેલો વિજય પરાજયથી પણ ભૂંડો નીવડ્યો !

અય માનવ ! ઓ ધર્મીજન ! આજે તારું ધર્મશાસન ભેદી આક્રમણોનું ભોગ બની ચૂક્યું છે, મૈત્રીના સ્વાંગ નીચે શત્રુઓ ઊભરાયા છે છતાં તારા હૈયે કોઈ ઉકળાટ કેમ નથી ? મનમાં ઉચાટ કેમ નથી ? તારો પ્રત્યેક રક્તકણ શહાદતની તાલાવેલીથી આગ બનીને કેમ ભભૂકી ઊઠતો નથી ? હાય ! દેશની આર્યમહાપ્રજાનું નસીબ !

## કર્ણ અને અર્જુન વચ્ચે મુકાબલો

"પિતાજી ! અર્જુનનો બાણોનો મારો એટલો બધો અસહ્ય હતો કે શત્રુસૈન્યમાં અડધું સૈન્ય ખતમ થઈ ગયું. આથી ચિંતાતુર થયેલા દુર્યોધને કર્ણને પોતાનું કૌવત બતાવી દેવાની સૂચના કરી.

અરે બાપ ! અર્જુન-કર્ણ વચ્ચે કેટલો ભયાનક સંગ્રામ ખેલાઈ ગયો. પિતાજી ! એ જોતાં અમારા સહુના હૃદયની ધડકન થોડી પળો બંધ થઈ ગઈ હતી ! બીજી બાજુ દુર્યોધન ગાયોનું ધણ લઈને પલાયન કરવા લાગ્યો હતો. દુર્યોધનની આ ચાલબાજી હતી. તેણે એક કાંકરે બે પંખી ઘાયલ કર્યા હતા. તે મરતો બચ્યો હતો અને અર્જુનને તેણે છેતર્યો હતો. તે વખતે કર્ણના સારથિએ કર્ણને કહ્યું, "દુર્યોધન તો તમને મોરચો સોંપીને રવાના થયો. અર્જુનની ઉગ્રતા જોતાં મને તો એમ લાગે છે કે આજે તે તમારો પ્રાણ લઈને જ જંપશે. હજી તો તમારે તમારા મિત્રના પડખે ઘણું ઝઝૂમવાનું છે તો અકાળે પ્રાણત્યાગ કરવાની શી જરૂર ? આના કરતાં આપણે પલાયન થઈ જઈએ તો કેમ ?"

પણ કર્ણ કદી પલાયનવાદને સ્વીકારે ? નહિ જ.

છેવટે પોતાની સત્તાથી સારથિએ રણમોરચેથી રથને દૂર લઈ લીધો.

આમ થતાં અર્જુને પણ તેને પડતો મૂક્યો અને પછી અર્જુનના કહેવાથી મેં દુર્યોધનની પાછળ રથ દોડાવી મૂક્યો.

### અન્તે... ગાયોને પાછી વાળતાં અર્જુન અને ઉત્તરકુમાર

અમને પોતાની પાછળ પડેલા જોઈને દુર્યોધન લડવા માટે તૈયાર થયો.

'એ પોતાનો મોટો ભાઈ છે' એવી સમજણમાંથી પેદા થયેલી કરૂણાને લીધે અર્જુન દુર્યોધનને જાનથી મારવાને બદલે બાણોથી સામાન્ય રીતે ઘાયલ કરતો હતો, પરન્તુ દુર્યોધને તો બાણોનો એટલો બધો ઉગ્ર મારો ચલાવ્યો કે જેથી અર્જુનના પ્રાણ જ નીકળી જાય. આથી અર્જુને સમસ્ત શત્રુસૈન્યમાં નિદ્રા લાવનારું પ્રસ્વાપનાસ્ત્ર છોડ્યું. થોડી જ વારમાં બધા શત્રુઓના હાથમાંથી આયુધો ધરતી ઉપર પડી ગયા અને બધા ઊંઘવા લાગ્યા; દુર્યોધન પણ.

અમે તેનું ઉત્તરીય વસ્ત્ર કાઢી લઈને ગાયોને વાળતાં પાછા ફરી ગયા ! પાછા ફરતી વખતે અર્જુને મને આગ્રહપૂર્વક કહ્યું હતું કે આ યુદ્ધમાં અર્જુને વિજય મેળવ્યો છે કે કોઈ કામગીરી કરી છે તેમ કહેવું નહિ. બધું પરાક્રમ ઉત્તરકુમારનું છે તેમ જ જાહેરાત થવા દેવી.

પણ પિતાજી ! એવો યશ-ચોર હું કેમ બની શકું ? માટે તેમની સાફ મનાઈ છતાં મેં તેમની યશોગાથાનું વર્ણન કર્યું છે.

પિતાજી ! અર્જુન ન હોત તો હું આપની સમક્ષ જીવતો ઊભો ન હોત. કાં હું યુદ્ધમાં મર્યો હોત, કાં પલાયન થવાના આઘાતથી ઝેર ખાઈને મર્યો હોત !"

### એકલવીર અર્જુનને વિરાટના અભિનંદન

આનંદવિભોર બની ગયેલા વિરાટ રાજાએ અર્જુનને બોલાવવા માટે તપાસ કરાવી. અર્જુન તો સ્ત્રીનો વેશ પહેરીને બૃહન્નટના દેખાવમાં નાટ્યશાળામાં બેઠો હતો. તે રાજાની પાસે આવીને ઊભો. તેણે પ્રણામ કર્યા. વિરાટ ઊભા થઈને તેને ભેટી પડ્યા. તેમણે કહ્યું, "હવે બહુ થયું. આ નાટક બંધ કરો. તમે પાંડુપુત્ર વીર અર્જુન છો એની અમને બધાને ખબર પડી ગઈ છે."

શરમથી અર્જુને માથું નીચે રાખી મૂક્યું.

અર્જુનનું એકલવીરપણું કેટલું બધું મોહક છે ? કેવું નેત્રદીપક છે?

રવીન્દ્રનાથ ટાગોરની પેલી પંક્તિ યાદ આવે છે :

***(૧) તારી જો હાક સૂણી કોઈ ના આવે તો એકલો જાને રે...***

*(૨) તારા સ્વજન તને જાય મૂકી હો...*
*તેથી કાંઈ ચિંતા કર્યે ચાલશે ના,*
*તારી આશાલતા પડશે તૂટી, ફૂલફળે એ ફાલશે ના....*
*તેથી કાંઈ ચિંતા કર્યે ચાલશે ના,*
*માર્ગે તિમિર ઘોર ઘેરાશે, એટલે તું શું અટકી જાશે ?*
*વારંવાર ચેતવો દીવો, ખેર દીવો જો ચેતશે ના....*
*તેથી કાંઈ ચિંતા કર્યે ચાલશે ના.*

માણસ જ્યારે મરણિયો બને, કેસરિયાં કરે ત્યારે તો તે 'એકે હજારો' બની જાય. એને જેર કરવાનું કામ લગભગ મુશ્કેલ બની જાય.

**શૌર્યમાં સંખ્યા નહિ, ગુણવત્તા જ વિજય અપાવે**

જેની પાસે સંખ્યાનું બળ ન હોય તેણે વિજય પામવા માટે મરણિયા થવું જ પડે, કેસરિયાં જ કરવા પડે. આમ થતાં એક માણસના શૌર્યની ગુણવત્તાનું બળ એટલું બધું વધી જાય છે કે તેની સામે ગમે તેવું મોટું સંખ્યાબળ પણ એક વાર તો સખત થાપ ખાઈને જ રહે છે.

જ્યારે યતિવર્ગ મહોપાધ્યાયશ્રી યશોવિજયજીના કટુ સત્યોની સામે પડી ગયો ત્યારે તેમણે ખૂબ સહવું પડ્યું છે. **'અબ મોહે ઐસી આય બની, શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર, મેરો તું એક ધણી...'** એવા પણ ઉદ્ગારો નીકળી જવાનો સમય એક વાર આવ્યો છે. પણ તો ય એકલવીર બનીને એમણે શિથિલાચારોનો પર્દાફાશ કર્યો છે. અને એમણે ભારે સફળતા હાંસલ કરી છે.

ગૂર્જરેશ્વર કુમારપાળનું સૈન્ય ફૂટી ગયું તે વખતે 'માત્ર મહાવત અને હાથી જ પોતાના પક્ષે છે' એ વાતની ખબર પડી ત્યારે તેમણે પોતાના વીરત્વને પરાકાષ્ટાએ પહોંચાડીને, કેસરિયાં કરીને-માત્ર ત્રણ આત્માઓએ વિરાટ સૈન્ય સામે વિજયડંકો વગાડી દીધો.

પેલો વનનો વૃદ્ધ થઈ ગયેલો સિંહ ! શું તે કદી સ્વપ્નમાં ય એવી ચિન્તા કરતો હશે કે હું એકલો છું, મને કોઈની સહાય નથી, શરીરે સુકાઈ ગયો છું, પરિવાર પાસે નથી. મારું શું થશે ?

**કિંમત છે સત્ત્વની, સંખ્યાની નહિ**

આપણે કાયમ માટે યાદ રાખીએ કે જ્યાં સત્ત્વ હશે ત્યાં સંખ્યાના બળની કશી જરૂર નથી. જ્યાં સત્ત્વ નથી ત્યાં સંખ્યાના વિરાટ બળની કોઈ કિંમત પણ નથી. શ્રીકૃષ્ણ-એકલા જ-પાંડવપક્ષે હતા. તેમનું કેટલુંક-વિરાટ સૈન્ય કૌરવપક્ષે ગયું હતું એવું વ્યાસ મુનિ કહે છે. પણ તો ય વિજય તો પાંડવોનો થયો. આ નાની ઘટનામાં સત્ત્વને સો સો હાર પહેરાવાયા છે એ વાત કોઈ ન ભૂલજો.

વર્તમાનકાલીન તે તે સમાજ, સંઘ, સંસ્થા વગેરેના કાર્યકરોએ આ વાત વિચારવાની ખૂબ જરૂર લાગે છે. સત્ત્વ વિનાના સંખ્યાબળને તેમણે પોતાનું બળ માન્યું છે તે બહુ મોટો ભ્રમ છે. ગમે તેવું સંખ્યાબળ તો સંસ્થા વગેરેનું તારક નથી પરંતુ વહેલા કે મોડા નિશ્ચિતપણે મારક છે.

દૂધ શુદ્ધ હોય તો થોડુંક પણ ઘણું છે અને પાણીના ભેળવાળું પુષ્કળ હોય તો પણ નકામું છે.

સંખ્યાના બળ તરફ હંમેશાં ન જુઓ. હંમેશાં તો સત્ત્વ તરફ જ નજર કરો. સત્ત્વ સાથે ઝઝૂમતા માણસોને સફળતા મળવામાં કોઈ શંકા રહેતી નથી.

જ્યારે આજે ધર્મ-સંસ્કૃતિના પક્ષમાં સંખ્યાબળ ઘટ્યું જ છે ત્યારે ધર્મ-સંસ્કૃતિના ચાહકોએ તેની રક્ષા કાજે સત્ત્વબળ વધારવું જ પડશે. એવા થોડાક પણ-ક્યારેક એકાદ પણ-માણસો રખોપાના

કાર્યમાં સફળતા પામી જશે.

આપણે અહીં ઝિંદાદિલીના કેટલાક પ્રસંગો જોઈએ.

## ઝિંદાદિલીના કેટલાક પ્રસંગો

### (૧) કુમારિલ ભટ્ટ

ઘણાં વર્ષો પૂર્વે ભારતની અંદર બૌદ્ધ સંસ્કૃતિનો પ્રચાર વ્યાપક બની રહ્યો હતો. બૌદ્ધ ધર્મ નિર્વાણપદને તેવા પ્રકારે નથી માનતો કે જેવા પ્રકારે વૈદિક ધર્મવાળા અને જૈન ધર્મવાળા-આપણે બધા માનીએ છીએ. એ નિર્વાણનો અર્થ એવો કરે છે કે આત્માનું દીપકની જેમ સંપૂર્ણપણે બુઝાઈ જવું. વૈદિકો અને જૈનો-આપણે નિર્વાણનું સ્વરૂપ 'આત્માનું સચ્ચિદાનંદ ઘનસ્વરૂપનું પ્રગટીકરણ થવું' તેવું માનીએ છીએ. આત્મામાં સત્, ચિત્ અને આનંદમયતા ઉત્પન્ન થવી એ આત્માની મુક્તિ છે એ આપણો અને વૈદિકોનો મત છે.

બૌદ્ધદર્શને આત્માનું સચ્ચિદાનંદમય જે નિર્વાણસ્વરૂપ છે એનો લોપ કરવા માંડ્યો, વૈદિક અને જૈનદર્શનને અભિમત આત્માના નિર્વાણમાર્ગનો વિલોપ કરવાનો પ્રારંભ કર્યો ત્યારે એક સંસ્કૃતિપ્રિય હૈયું આ વાત ખમી શક્યું નહિ.

કુમારિલ ભટ્ટ નામના બ્રાહ્મણ પંડિત કે જેઓ મીમાંસાદર્શનના પ્રણેતા છે એ બૌદ્ધો દ્વારા થતી નિર્વાણપદની આ વિકૃતિને જોઈને કકળી ઊઠ્યા. નિર્વાણપદ-સાધક સંસ્કૃતિના પ્રખર હિમાયતી કુમારિલ ભટ્ટનો આત્મા અકળાઈ ઊઠે છે. નિર્વાણપદનું વિકૃત સ્વરૂપ એમનાથી જોયું જતું નથી. અને...એ બૌદ્ધદર્શનનો પ્રતિકાર કરવા માટે સંકલ્પ કરે છે.

બૌદ્ધદર્શન મધ્યમમાર્ગી હતું એટલે ઉગ્ર દેહદમન અને તપ-ત્યાગાદિનું એમાં વિશેષ જોર ન હતું. આથી એમનો મત જલદીથી સ્વીકૃત થવા લાગ્યો. તે કાળના રાજાઓ પણ બૌદ્ધધર્મનો સ્વીકાર કરવા લાગ્યા. પ્રજામાં પણ બૌદ્ધધર્મ વ્યાપક બનવા લાગ્યો. 'મસ્તીમાં રહેવું, મોજ કરવી અને મુક્તિ મેળવવી.' આવો સરલ માર્ગ કોને ન ગમે ? સહુ એનો સ્વીકાર વ્યાપક રીતે કરવા લાગ્યા.

આ જોઈને કુમારિલ ભટ્ટનો અંતરાતમ અતિશય વેદના અનુભવવા લાગ્યો. એનાથી આ ખમી શકાતું નથી. આર્યાવર્ત્તીય સંસ્કૃતિના નિર્વાણપદની આ વિકૃતિને એ સહન કરી શકતો નથી અને કુમારિલ બૌદ્ધશાસ્ત્રોનો અભ્યાસ કરવા લાગ્યા.

આ કુમારિલ નિર્વાણસાધક સંસ્કૃતિનો સંરક્ષક હતો, સંસ્કૃતિની રક્ષા માટે પ્રાણની ન્યોચ્છાવરી કરવાની ખેવના ધરાવનાર હતો. એણે બૌદ્ધશાસ્ત્રોનો પ્રકાંડ અભ્યાસ કરીને એ શાસ્ત્રોની નબળી કડીઓ પકડી લીધી. ત્યાર બાદ બૌદ્ધ બની ગયેલા રાજાઓ પાસે જઈને એણે વાદ કરવા માટે આહ્વાનો આપ્યા. રાજાઓની ખુશામત કરવા કાજે બૌદ્ધ પંડિતોમાં રૂપાંતરિત થઈ ગયેલા બ્રાહ્મણ પંડિતો સાથે વાદ કરીને કુમારિલ ભટ્ટે ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો. નિર્વાણપ્રાપક-ધર્મની શાન બઢાવવા કાજે એણે તનતોડ પ્રયત્ન આદર્યો, પરંતુ કમનસીબી એ બની કે રાજાઓ કહેવા લાગ્યા કે, "કુમારિલ ! વાદ તમે ભલે જીતી ગયા, યુક્તિઓ ભલે તમારી પાસે વધારે રહી, પરંતુ અમે તો બૌદ્ધ ધર્મને જ સ્વીકારીશું. બૌદ્ધદર્શનનો પરિત્યાગ અમે કરી શકનાર નથી. અમને તો એ જ ધર્મ ગમે છે."

આ સાંભળીને કુમારિલની આંતરવેદના વધી જાય છે.

ઠેર ઠેર વાદો કરીને, વિજય પ્રાપ્ત કરીને એ બૌદ્ધસમ્મત નિર્વાણનો છેદ ઉડાડે છે, આર્ય-સંસ્કૃતિને માન્ય નિર્વાણમાર્ગની સ્થાપના કરે છે. છતાં ય એને એના કાર્યમાં સફળતા સાંપડતી નથી.

રાજાઓ અને પ્રજા બૌદ્ધ ધર્મનો ત્યાગ કરવા તૈયાર થતાં નથી.

અંતે કુમારિલ એક યુવાનની શોધમાં નીકળે છે કે જે એના 'મિશન'ના દોરને આગળ ધપાવે, જે એના શુદ્ધ નિર્વાણની વિચારધારાને વિશ્વમાં પ્રસરાવીને વિકૃત નિર્વાણની વિચારધારાને તોડે.

કુમારિલને એકની જ જરૂર છે. એને ઘણા ખપતા નથી. એક પણ વીર સપૂત એને મળી જાય એટલે એ પોતે આત્મસંતોષ માણી લેવા તૈયાર છે.

જેને કેસરિયાં જ કરવા છે એને ઘણાંની જરૂર નથી. ઘણાંની જરૂર તો યુદ્ધમાં લડીને વિજય મેળવવાની ખેવનાવાળાઓને હોય. કેસરિયાં કરનારાઓ લઘુમતી કે બહુમતીનો વિચાર કરતા નથી. ધર્મની સંરક્ષા કાજે એ લોકો બહુમતીના કુખ્યાત તૂતનો વિચાર સુધ્ધાં કરતા નથી.

જેને બલિદાન જ દેવું છે, જેને જીવન અર્પણ જ કરવું છે એને ઘણાંની જરૂર શી ? અમારે ત્યાં ધર્મસંતો પહેલાં ખૂબ જ સક્રિય બને, અથાગ પ્રયત્નો કરે, ધર્મરક્ષા કાજે તમારા જેવાઓને જગાડવા માટે રાડો પાડે, ધર્મસભાઓ યોજે અને ધર્મરક્ષા માટે કટિબદ્ધ બનવાનું એલાન પણ કરે તો ય જો તમે ન જ જાગો તો પછી અંતે, સંતો સક્રિયતામાંથી નિષ્ક્રિયતા તરફ વળે, પૂર્ણ નિષ્ક્રિય બની જાય. એમની એ નિષ્ક્રિયતામાંથી જ પછી સક્રિયતાનું પુનર્નિર્માણ થાય.

બલિદાન દેવા કાજે સંતોએ તૈયાર થવું પડે, કેસરિયાં કરવા માટે સજ્જ બનવું પડે. બલિદાન કોઈના નિષ્ફળ જતાં જ નથી.

બલિદાન ક્યારેય પણ સફળ થાય છે. બલિદાન દેનારાને પછી ઝાઝાં-ઓછાની ચિંતા રહેતી નથી.

જીજીબાઈ એક જ  હતા, સ્વામી કોંડદેવ એક જ હતા જેણે જીજીબાઈના પેટે અવતરેલા શિવાજીને 'શિવાજી' બનાવવાનું કામ કર્યું હતું ! શિવાજી એક જ હતા અને એ શિવાજીને શૂરવીર બનાવવામાં પ્રચંડ પ્રેરણા આપનાર રામાયણનો અરણ્યકાંડ પણ એક જ હતો. બધું જ એક ! છતાં ય એ એક-એકનો સરવાળો જ ધર્મ-સંસ્કૃતિના ધ્વજને ઊંચે આભમાં લહેરાવે છે.

કુમારિલ એકની શોધમાં છે. એને એક ખપે છે મર્દ, શૂરવીર અને ધર્મરક્ષા માટે પ્રાણ ધરનાર જવાંમર્દ !

અન્તે કુમારિલ નિર્વાણસાધક સંસ્કૃતિની ઘોર ખોદતી બૌદ્ધની નિર્વાણ-માન્યતાના પ્રચંડ પ્રચારથી દુઃખી થઈને, ત્રાસી જઈને, સંતપ્ત બની જઈને ગામબહાર મોટી તુષની ગંજી ઊભી કરાવે છે. ઘઉંના છોતરાના ઢગલા ઉપર જઈને કુમારિલ બેસે છે. નીચેથી એ ગંજી ધીરે ધીરે સળગાવાય છે. ધીરે ધીરે આખી ગંજીમાં દાહકતા ઉત્પન્ન થવા માંડે છે. ઉપર બેઠેલા કુમારિલનો દેહ પણ તપી રહ્યો છે. શાંત અને ધીરે ધીરે સળગતો એ અગ્નિ કુમારિલને બે-ચાર કલાકમાં ભડથું કરી નાંખતો નથી પરંતુ દિવસોના દિવસો જાય છે અને કુમારિલ શેકાતો જાય છે.

એના હૃદયમાં એક જ તમન્ના છે કે ધર્મની થઈ રહેલી આ ક્રૂર હાંસી કોક દિ' મને જોતાં કોઈના હૈયાને અડી જશે. હું સળગી રહ્યો છું એ જોઈને કોઈ મને પૂછશે કે 'તમે કેમ બળી રહ્યા છો ?' ત્યારે મારી આંતરવ્યથા હું એને કહીશ. આમ મારું આ મૃત્યુ નિહાળતાં કોકનો આતમ જાગશે અને ધર્મને એ બચાવશે.

કુમારિલ બલિદાન દેવા તૈયાર થઈ ગયો છે. એનું એ બલિદાન એળે જતું નથી. એ જે કોઈ યુવાનની શોધમાં છે એ યુવાન એને એક દિ' મળી જાય છે.

બધા લોકો એને જોવા જાય છે પરંતુ કોઈ પૂછતું નથી કે 'ભાઈ ! તમે કેમ બળી મરો છો ?'

દૂર-સુદૂર એક યુવાન ઊભો હતો. એ જઇ રહેલાં લોકોને પૂછે છે, 'ભાઈઓ ! તમે બધા ક્યાં જાઓ છો ?' ત્યારે લોકો જવાબ આપે છે, 'એક મહાન પંડિત બળી મરે છે એને જોવા જઈએ છીએ.' ત્યારે યુવાન પૂછે છે, 'એ કેમ બળી મરે છે ?' લોકો કહે છે કે,'એ અમે પૂછ્યું નથી.'

યુવાન અકળાઈ ઊઠીને કહે છે, "અરે ! તમે બધા મરતા પંડિતને જોવા જાઓ છો ? તમે કોઈ પૂછતાં ય નથી કે ભાઈ ! તમે કેમ મરી રહ્યા છો ? એટલા બધા તમે સ્વાર્થનિપુણ બની ગયા છો ?"

એ યુવાન લોકોની સાથે સાથે કુમારિલના દહનસ્થળે આવી ઊભો છે. આવીને દગ્ધ બનેલા કુમારિલને જોતાં જ એ અકળાઈ ઊઠે છે. ઉતાવળે એ કુમારિલને પૂછે છે, "ઓ મહાપંડિત ! તમે કેમ આમ મરી રહ્યા છો ? આ તમારી બળતી-ઝળતી કાયા મારાથી જોઈ જતી નથી."

ત્યારે આનંદિત બની ગયેલા કુમારિલ મનોમન બોલી ઊઠ્યા, "મારા આંતરનાદને સાંભળનાર યુવાન આજે મને મળ્યો ખરો ! મારું મૃત્યુ પણ હવે મંગલ બની જશે."

કુમારિલ યુવાનને કહે છે, "ભાઈ ! તું મારી આ બળતી-ઝળતી કાયા જોઈ શકતો નથી. મારી અને તારી ધર્મમાતા મરી રહી છે. એની બળતી-ઝળતી કાયા તું જોઈ શકે છે ? ઓ નવયુવાન ! મારી કાયા બળતી-ઝળતી જોવાતી ન હોય તો તું ધર્મમાતાના ખેંચાઈ રહેલાં ચીરની રક્ષા કરવાના શપથ લે. બૌદ્ધો આજે આપણા સચ્ચિદાનંદ ઘનસ્વરૂપ નિર્વાણપદને ઉડાડી રહ્યા છે. એને પરાસ્ત કરીને અહીંથી હાંકી કાઢવાનો સંકલ્પ કર. હું આર્યધર્મના થઈ રહેલા વિનાશને જોઈ શકતો નથી એથી જ મારી કાયાને જલાવી દઉં છું."

યુવાનનું હૃદય કંપી ઊઠે છે. કુમારિલની મનોવેદનાને એ યથાતથ રીતે પરખી જાય છે અને તે જ ઘડીએ હાથમાં પાણી લઈને સોગંદ લે છે, "ઓ મહાપંડિત ! તમારી આ ધર્મભક્તિને મારા લાખ લાખ વંદન છે. હું આ હાથમાં પાણી લઈને શપથ સ્વીકારું છું કે મારા શરીરમાં પ્રાણ હશે ત્યાં સુધી હું સત્યનિર્વાણપદસાધક ધર્મની રક્ષા કાજે પ્રયત્ન આદરીશ, મારા જાનની ફેસાની કરી દઈશ. તમે નિશ્ચિંત બની જાઓ."

યુવાનના એ શબ્દો સાંભળીને આનંદવિભોર બની ગયેલા પંડિત કુમારિલ ત્યારે મૃત્યુને વરે છે. દગ્ધ એમની કાયામાંથી પ્રાણપંખેરું ઊડી જાય છે. પોતાના 'મિશન'ને આગળ ધપાવનાર માડીજાયો પોતાને મળી ગયો એનો આત્મસંતોષ લઈનેસ્તો.

### (૨) બંગાલી રાણી

સ્વધર્મરક્ષા ખાતર એક નારીએ પોતાના પતિને છેવટે ખતમ કર્યાનો પ્રસંગ પણ ઇતિહાસના પાને અંકાયો છે. બંગાલમાં આ બીના બની હતી.

રાજાની રખાત મુસ્લિમ હતી. રાજાને વશ કરી લીધા બાદ આખી પ્રજાને મુસ્લિમ બનાવી દેવાની તેણે વાત મૂકી. રાજાએ સમગ્ર નગરમાં આદેશ જાહેર કર્યો કે તમામ બ્રાહ્મણો વગેરે હિન્દુ-પ્રજાએ ઈસ્લામ ધર્મનો અંગીકાર કરવો.

રાજાના આદેશથી ધ્રૂજી ઊઠેલા પાંચસો વિપ્રો રાણી પાસે ગયા. પોતાના સગા ભાઈના ચુનંદા પાંચસો સૈનિકો સાથે લઈને તેણે પતિના મહેલને અચાનક ઘેરી લીધો. કટારી સાથે પતિ પાસે ગઈ. આદેશ પાછો ખેંચી લેવાનું જણાવ્યું પણ રાજા કેમેય ન માન્યો ત્યારે પતિહત્યાનું પાપ એ રાણીને કરવાની ફરજ પડી.

### (૩) રામલાલ બારોટ

ગૂર્જરેશ્વર કુમારપાળની રાજગાદી ઉપર ચડી બેઠેલો રાજા અજયપાળ, ગૂર્જરેશ્વરની ધાર્મિકતાની જીવંત સાક્ષી રૂપે ઊભેલા જિનમંદિરોને ધરાશાયી કરવાના જાણે શપથ લઈ ચૂક્યો હોય તે રીતે એક પછી એક જિનમંદિર ધૂળભેગું કરતો તારંગા-તીર્થને ધરાશાયી કરવા આગળ ધસી રહ્યો હતો.

એના રસ્તામાં એક ગામ આવ્યું. ત્યાંના જૈનો ભારે ધર્મપ્રેમી. તારંગાની રક્ષા માટે વિચાર કરવા આખો સંઘ એકઠો થયો. આખી રાત વિચારણા કરી પણ કોઈ ઉપાય ન જડ્યો. એ વખતે રામલાલ નામના એક બારોટે તીર્થરક્ષાનું બીડું ઝડપ્યું. સંઘે એના બાળ-બચ્ચાં વગેરે કુટુંબીજનોની કાયમી સંભાળ રાખવાની જવાબદારી માથે લીધી. રામલાલ બારોટને સહુએ તિલક કર્યું. યુવતીઓએ આશિષ આપી. રામલાલે નાટક-મંડળી તૈયાર કરી. બીજા માણસો દ્વારા આ નાટક-મંડળીની ભારે પ્રશંસા અજયપાળ પાસે કરાવી. અજયપાળે રામલાલનું નાટક જોવાની ઈચ્છા દર્શાવી. રામલાલ બારોટે અજયપાળ સમક્ષ ઉપસ્થિત થઈને કહ્યું, "રાજન્ ! નાટક તો આપને જરૂર બતાવીશ, પણ મારી બે શરત પાળવી પડશે. નાટકમાં જે કાંઈ આવે તે જોવું જ પડશે અને નાટકના અંત સુધી ઉઠાશે નહિ."

રાજાએ શરતો કબૂલ કરી. રાત્રે દશ વાગે નાટક શરૂ થયું.

એના પહેલા અંકમાં આપબળે અઢળક સંપત્તિ પ્રાપ્ત કરીને શ્રીમંત થયેલો એક યુવાન દેખાયો. ગુરૂપદેશે એણે જિનમંદિર બનાવ્યું. ભારે ઠાઠથી અને આંતરમસ્તીથી એ ધનાઢ્ય માણસને રોજ જિનપૂજા કરતો દેખાડ્યો. આ દૃશ્ય જોતાં અજયપાળ સમસમી ઊઠ્યો પણ શરતને આધીન હોવાથી લાચાર બનીને બેસી રહ્યો.

બીજા અંકમાં એની વૃદ્ધાવસ્થા દેખાડી. બાપ મરણપથારીએ પડ્યો. ત્રણે પુત્રોને બોલાવ્યા. જિનમંદિરની રક્ષા કરવાનું કહ્યું અને પરમાત્માની સદૈવ ભક્તિ કરવાની પ્રેરણા કરી. પહેલા બે પુત્રોએ તો પિતાજીની આજ્ઞાને વધાવી લીધી પરંતુ સૌથી નાના નાસ્તિક પુત્રે તેમ કરવાની ઘસીને ના પાડી દીધી. એટલું જ નહિ પરંતુ ગુંડા જેવા પોતાના મિત્રોને તે લઈ આવ્યો અને પિતાએ નિર્માણ કરેલા ગગનચુંબી જિનમંદિરને ખતમ કરવા માટે શિખર ઉપર ચડીને પોતાના જ હાથે પહેલો ઘા કર્યો.

આ દૃશ્ય જોઈને કમકમી ઊઠેલા પિતાએ પથારીમાંથી બેઠા થઈ જઈને ભારે ઉશ્કેરાટથી રાડ નાંખતા કહ્યું, "ઓ કર્મચંડાલ ! પેલો અજયપાળ પણ તારા કરતાં સારો કે જે કુમારપાળના મૃત્યુ બાદ તેના બનાવેલાં મંદિરો તોડે છે. અને તું મારા જીવતાં જ મારું જિનમંદિર ખતમ કરવા તૈયાર થયો છે ?"

નાટકનું આ દૃશ્ય જોતાં રાજા અજયપાળ કંપી ઊઠ્યો. સિંહાસનેથી એકદમ ઊભા થઈ જઈને એણે બૂમ પાડીને કહ્યું, "ઓ રામલાલ બારોટ ! બસ કર, બહુ થયું. આ દૃશ્ય મારાથી જોવાતું નથી. આજથી હું પ્રતિજ્ઞા કરું છું કે એક પણ મંદિરનો કદાપિ નાશ કરીશ નહિ."

અને...તારંગા-તીર્થના શિખર ઉપર ફરફરતી ધજા અભયવચન પામી ગઈ.

શ્રીસંઘે રામલાલ બારોટનું વીરોચિત સન્માન કર્યું.

### (૪) બલિદાનથી શું ન મળે ?

હિટલરે નાનકડા હોલેન્ડ ઉપર આક્રમણ કરવાની તૈયારી કરી. હોલેન્ડની દેશભક્ત પ્રજાને એની ગંધ આવી ગઈ.

રાતોરાત સહુ ભેગા થયા. વિરાટ વંટોળ સામે નાનકડું ઝાડ શેં ટકી શકશે ? એ વિચારે સહુ મુંઝાતા હતા.

પણ અંતે હૃદયમાં ધૂંધવાતી દેશભક્તિ પ્રગટ થઈ ગઈ. સહુએ નિર્ણય કર્યો કે ગુલામીનું જીવન જીવવા કરતાં તો મોતને ભેટવું વધુ સારું છે.

આ મુદ્દા ઉપર એક વ્યૂહ ઘડી નાંખવામાં આવ્યો. હોલેન્ડના ગામો દરિયાઈ પાણીથી ઘેરાયેલાં રહેતાં હોવાથી તેને અટકાવતા યાંત્રિક દરવાજાઓ બનાવવામાં આવ્યા હતા.

જે ગામ ઉપર હિટલરનું સૈન્ય ઊતરી પડે તે ગામના દરવાજા ખોલી નાંખીને દરિયાના પાણીમાં ગામને અને હિટલરના સૈન્યને ડુબાડી દેવાનું નક્કી કરવામાં આવ્યું.

હિટલરે આક્રમણ શરૂ કર્યું. ત્રણ ગામોમાં ક્રમશઃ ત્રાટક્યો. ત્રણેય ગામોને શત્રુસૈન્ય સહિત ડુબાડી દેવાતાં હિટલર રાડ પાડી ઊઠ્યો. તેણે આક્રમણ સ્થગિત કરી દીધું.

તે બોલ્યો, "શસ્ત્રોથી ક્યો વિજય ન મળી શકે ? એવો સવાલ કરનારા અમે આજે બલિદાનની સામે હારી ગયા છીએ !"

### (૫) કોઈકે તો તૈયાર થવું જ રહ્યું

ફ્રાંસનો ભાગ્યવિધાતા ગણાયેલો નેપોલિયન માર માર કરતો ચારે બાજુ ત્રાટકી રહ્યો હતો. એના નામની ચોમેર હાક વાગતી. શત્રુ-રાજ્યોની રૈયતનું નાનકડું બાળક પણ એનું નામ સાંભળતાં જ રડતું બંધ થઈ જતું. એ રાજામાં સૌથી મોટી વાત હતી આત્મવિશ્વાસ. ગમે તેવી કફોડી સ્થિતિમાં એ હિંમતથી આગળ ધપતો અને પોતાના શૂરા સૈનિકોના દિલમાં હિંમત ભરી દેતો.

આવા સમ્રાટથી કોણ હેબતાઈ ન જાય ?

એક વખતની વાત છે. ઘણાબધા નાના નાના રાજાઓ એના આગમનની જાણથી કંપી ઊઠ્યા. પણ હવે કરવું ય શું ? બધા રાજાઓ એકઠા થયા. કોઈએ શરણે જવાની રજૂઆત કરી, કોઈએ નાસી છૂટવાની વાત કરી, કોઈએ આત્મહત્યા કરવાની વાત કરી.

રાજાઓની સાથે બેઠેલો એક નવયુવાન રાજવી આ બધાય બૂઝર્ગોને સાંભળી રહ્યો હતો. એને એકેય રજૂઆતમાં સારપ જણાતી ન હતી. નરી નિર્માલ્યતાને એ જોઈ ન શક્યો. એકદમ પોતાની બેઠક ઉપરથી એ યુવાન ઊભો થઈ ગયો. એણે કહ્યું, "આવી નમાલી વાતો કરવાનો કોઈ અર્થ નથી. શરણે જવાથી, નાસી જવાથી કે મરી જવાથી આપણી કોઈ ઈજ્જત રહેવાની છે ? હું તમને કહું છું કે એ સમ્રાટની વિજય-પરંપરાથી તમે હેબતાઈ ન જાઓ. જો આપણે વિજયી બનવું હોય તો જરાય અંજાયા વિના કોકે તો એ સમ્રાટને પડકારવો પડશે અને એને અહીં ધસી આવતો અટકાવવો પડશે. (**Somebody must stop him somewhere.**)"

પશ્ચિમના વાયરાઓના ભયાનક આક્રમણો સામે આપણે પણ જાણે હેબતાઈ જ ગયા છીએ ને ? આ જ વાક્યનો આપણે પણ જાપ કરવાની જરૂર નથી શું ? **Somebody must stop him somewhere !**

### (૬) જો દેવને પણ માનવ નમાવી શકે તો...

આ એવો પ્રસંગ છે જેમાં માનવીય બળો દૈવી તત્ત્વોને પણ નમવાની ફરજ પાડે છે. જો મોટા ખૂંખાર દૈવી તત્ત્વોને પણ માનવ નમાવી શકે તો સત્તા કે સંપત્તિના નશામાં ચકચૂર બનેલા માનવને આજનો માનવ કેમ ન નમાવી શકે ?

જાવડશા એટલે ? એમના સમયના ખૂબ જ શ્રીમંત અને ઉત્તમ કક્ષાના ધર્મીજન.

લક્ષ્મી અને ધર્મશ્રીએ જાણે કે એમના ઘરમાં સ્પર્ધા માંડી હતી.

એક વખત જાવડશાએ તીર્થાધિરાજ શ્રીશત્રુંજયના જિનાલયો વગેરેની જર્જરિત બનેલી હાલત જોઈ. પોતાના પરમાત્માના આલયો જર્જરિત બની રહ્યા છે એ જોઈને પોતાની બેદરકારી ઉપર એમને ફિટકાર વછૂટી ગયો.

વિશેષ ઊંડા ઊતરતાં જાણવા મળ્યું કે શત્રુંજય તીર્થનો અધિષ્ઠાયક દેવ મિથ્યાદૃષ્ટિ બની જતાં તેણે જ તીર્થની દુર્દશા કરી હતી.

એ વખતના યુગપ્રધાન આચાર્યશ્રી વજસ્વામીજી આ વાતથી વાકેફ હતા અને દુઃખી પણ હતા. પરંતુ સંપત્તિના ભૌતિક બળની ઓથ ન મળે ત્યાં સુધી એ મહાત્મા પોતે કાંઈ કરી શકતા ન હતા.

પણ એક દિ' અધ્યાત્મનું અને સંપત્તિનું-બે ય બળો ભેગા થઈ ગયા. જાવડશા અને વજસ્વામીજી શત્રુંજયના ઉદ્ધાર માટે કટિબદ્ધ બન્યા.

મંદિરો ઉપર ટાંકણાં લાગવા માંડ્યા. પહાડ ઉપર જ નૂતન પ્રતિમાઓનું નિર્માણ થવા લાગ્યું. વર્ષોની જહેમતે પ્રતિમાઓ તૈયાર થઈ ગઈ. આવતી કાલે પ્રતિમાઓને મંદિરમાં પ્રવેશ કરાવવાની વિધિ છે.

અને...આ શું ? સવારના પહોરમાં જ્યાં જાવડશા તળેટીથી પહાડ ઉપર ચડવા પગથિયે પગ મૂકે છે ત્યાં એ તમામ પ્રતિમાઓ પોતાના જ પગ આગળ ખંડિત થઈને પડેલી જોવા મળે છે.

જાવડને એક ક્ષણ તો વસમો આઘાત લાગ્યો. દુષ્ટ દેવનું આ તોફાન તેઓ સમજી ગયા.

જરાય હિંમત હાર્યા વિના નવેસરથી પહાડ ઉપર પ્રતિમા-નિર્માણ શરૂ થયું. પણ ફરી એ જ દશા... ફરી નવનિર્માણ... ફરી ખંડ-ખંડમાં ટૂકડા...

વીસ વીસ વાર આમ બન્યું. જાવડના માથે પળિયાં આવી ગયા. મોં ઉપરની કરચલીઓની બારીમાંથી વાર્ધક્ય સ્પષ્ટપણે દેખાવા લાગ્યું.

એકવીસમી વખત એ બુઢ્ઢાએ પુરુષાર્થ આરંભ્યો. પ્રતિમાઓ તૈયાર થતાં જ એ દંપતીએ બધી પ્રતિમાઓ રથમાં બેસાડી. રથના બે પૈડે બે ય પતિ-પત્ની સૂઈ ગયા. દુષ્ટ દેવને આહ્વાન કરીને જણાવ્યું કે, "હવે અમારી ઉપર પૈડાં ચલાવીને જ આ પ્રતિમાઓનો ભરેલો રથ આગળ હાંકજો."

અને...દેવે નમતું જોખ્યું. બત્રીસલક્ષણાનો ભોગ લેવા જેટલી ક્રૂરતા તે ન દાખવી શક્યો.

શ્રી વજસ્વામીજીના શુભ હસ્તે જ રંગેચંગે સઘળું કાર્ય પાર ઊતરી ગયું. પ્રતિષ્ઠા પણ મંગલમય થઈ ગઈ. એ દિવસે જાવડશા અને તેમના પત્ની પ્રભુપ્રતિષ્ઠા કરીને ધજા ફરકાવવા શિખર ઉપર ચડ્યા. કાર્યસિદ્ધિનો હર્ષાવેશ બે ય ના ઉરમાં સમાતો ન હતો. ધજા ફરકાવતાં જ હર્ષાવેશનો અતિરેક થયો અને ત્યાં જ શિખર ઉપર દંપતીનું હૃદય બંધ થતાં મૃત્યુ થઈ ગયું.

સર્વત્ર શોક છવાઈ ગયો. સૌથી વધુ આઘાત અને ઉશ્કેરાટ વ્યાપ્યો હતો; જાવડના સૌથી મોટા પુત્રના અંતરમાં.

એણે કલ્પના કરી કે, 'મુહૂર્ત અશુભ હોવાથી જ આ અમંગળ ઉદ્‌ભવ્યું છે. વજસ્વામીજીની જ આ ભૂલ છે.' ગુરુદેવની ઘણી સમજૂતી છતાં પુત્રના મનનું સમાધાન થયું નહિ. ત્યાં એકાએક આકાશમાંથી દેવ-દેવીનું યુગલ શત્રુંજય તીર્થે ઉતર્યું.

એ જ હતા; જાવડશા અને તેમના પત્ની, મૃત્યુ પામીને બનેલા દેવાત્માઓ. તેમણે સ્વપુત્રને

કહ્યું, "વત્સ ! આવો ખેદ ન કર. અમે તો મૃત્યુ પામીને અમર(દેવ) થયા છીએ. હવે વધુ શાસનસેવા કરીશું."

એ શબ્દોએ પુત્રને આશ્વાસન આપ્યું.

### (૭) ગામડે ગામડે ઊભા છે આવા પાળિયાઓ

એક હતું નગર. એનો રાજા ભારે આતતાયી, અત્યંત ખતરનાક, રૈયતને ખૂબ રંજાડતો.

પણ પાપી-અતિ પાપી-નું પાપ ઝાઝું ચાલતું નથી. ગમે તે રીતે પાપાત્માઓની પાપલીલાઓનો અંત કોક તો લાવી જ દેતું હોય છે.

નગરની એક માતા. એને છ સંતાનો હતા. રાજાની આ તાનાશાહીથી એ વાજ આવી ગઈ હતી. એણે પોતાના છ યે પુત્રોને સમગ્ર પરિસ્થિતિ સમજાવી. તેણે સ્વપુત્રોને કહ્યું, "રાષ્ટ્ર, પ્રજા, ધર્મ અને સંસ્કૃતિ-બધા ય સર્વનાશની ખાઈમાં ખાબકી રહ્યા હોય તેવા સમયે વ્યક્તિગત પુણ્યનું જીવન મોજથી જીવતા રહેવું એના જેવો અપરાધ જગતમાં ભાગ્યે જ બીજો કોઈ હશે."

આ વાત પુત્રોને બરોબર સમજાઈ. તેમણે સર્વનાશી પ્રલયસમા રાજાને સબક શીખવવાનું નક્કી કર્યું.

છ યુવાનોની ત્રણ ટૂકડી પાડવામાં આવી. પહેલાં બે યુવાનો તૈયાર થયા. માતાએ તેમને કંસાર જમાડ્યો. ઉત્તમ વસ્ત્રોથી તેઓ સજ્જ થયા. માતાની આશિષ પામીને તે યુવાનો રાજમહેલ તરફ જવા નીકળ્યા. કિલ્લા પાસે જતાં ચોકીદારોએ પડકાર્યા. રાજા પાસે જવાની તેમની માંગણીને દરવાનોએ નકારી નાંખી. બોલાચાલી શરૂ થઈ. એમાંથી ધિંગાણું થયું. અંતે બે ય યુવાનો ઘાયલ થઈને ઢળી પડ્યા. મૃત્યુ પામતા બન્નેયના છેલ્લા શબ્દો હતા, "અન્યાયનો નાશ કરો."

બીજા દિવસે બીજા પુત્રો તૈયાર થયા. એ જ રીતે માતાની આશિષ લઈને તેઓ પણ કિલ્લા પાસે આવ્યા. ચોકીદારો સાથે ભયંકર તુમુલ યુદ્ધ ચાલ્યું. એમની સંખ્યા ઝાઝી હતી. અંતે એ જ અંતિમ શબ્દો સાથે એમનું પણ વીર-મૃત્યુ થયું.

ત્રીજા દિવસે ત્રીજી ટુકડી નીકળી. હજારો લોકો આ બલિદાનોને અકથ્ય રીતે નિહાળી રહ્યા હતા. એમનો આત્મા જોરથી ઢંઢોળાતો હતો. એમના ઠંડા પડેલા લોહીમાં હવે કાંઈક ગરમી આવી ચૂકી હતી.

ત્રીજી ટૂકડીના જવાનોને કિલ્લા તરફ ધસતા જોઈને સહુના મોંમાંથી એક જ વાત નીકળી, "કમાલ કરી છે એ સ્ત્રીએ ! પોતાના છેલ્લા બે પુત્રોને પણ પ્રજાના સુખ-શાન્તિ પાછા મેળવવા માટે હોમી રહી છે!"

આખા નગરમાં હાહાકાર વ્યાપી ગયો.

ચોથે દિવસે રાજાએ છોકરાંઓની માતાને બોલાવી. ભરી રાજસભામાં માતા સાથે મશ્કરીભર્યો વર્તાવ કરવાનું પણ રાજા ન ચૂક્યો. ખુશામતખોરો પણ રાજાનું મોં જોઈને ઠઠ્ઠા કરવાની ચાલ રમવા લાગ્યા. રાજાએ કહ્યું, "બાઈ! શું તને ખબર ન હતી કે મારી પાસે સત્તા છે ? તેં શા માટે તારા તમામ પુત્રોને વધેરાવી નાંખ્યા ?"

સરકારી દરબારીઓએ પણ રાજાની આ વાતમાં સૂર પુરાવતાં વિધાનો કર્યા.

વીર પુત્રોની માતા હરામખોર માણસોની આવી બધી ખુશામતખોરી જોઈને સમસમી ઊઠી. તેણે રાજાને કહ્યું, "મારા દીકરાઓએ પ્રજાના હિત માટે આ બલિદાન એટલા માટે આપ્યા છે કે તેઓ

સિંહણના ધાવેલા હતા. આ તમારા ખુશામતખોર દરબારીઓને હું એ કહેવા માંગું છું કે તમે જલદી ઘરભેગા થાઓ. તમારી માતાઓ અને પત્નીઓ તમને ફિટકાર દેવા ડેલીએ રાહ જોઈને ઊભી રહી છે. એ બધી કહે છે કે અમારા પુત્રો અને પતિઓએ આવું અતિભવ્ય બલિદાન કેમ ન દીધું ? ખરેખર, અમારા એ પુરુષો નિર્માલ્ય પાક્યા !''

આગળ વધતાં તેણે કહ્યું, ''મારા સિંહ જેવા પુત્રો તો મરીને ય સ્વર્ગમાં સન્માન પામશે, પણ તમે લોકો જીવતાં ય આ લોકમાં અપમાનિત થશો. ભાવિ ઇતિહાસમાં લોકો આ સદીની નિર્માલ્ય પ્રજાની સખત ઝાટકણી સાથે નોંધ લેશે.''

સ્ત્રીની આ વાત સાંભળીને રાજાનો રોષ ભભૂકી ઊઠ્યો. તેણે તે સ્ત્રીને કારાગારમાં નાંખી. હસતી હસતી તે બાઈ લોખંડી દીવાલોમાં પુરાઈ ગઈ.

બીજા જ દિવસે રાજા સામે નગરમાં ભયંકર બળવો થયો. રાજા પદભ્રષ્ટ થયો. કોઈ શત્રુએ જંગલમાં તેનું શિર કાપી નાંખ્યું.

પેલી વીર માતાના શબ્દો આજે ય તે નગરજનો યાદ કરતાં બોલે છે, ''મારા દીકરાઓ તો સિંહણના ધાવેલા.''

### (૮) બેટા ! હવે પાણી પણ પછી...

મોગલોની સામે લડતાં લડતાં શીખો એક કિલ્લામાં ભરાઈ ગયા. કિલ્લાની ચોફેર મોટી મોગલસેના ગોઠવાઈ ગઈ. મુઠ્ઠીભર રહેલા શીખો હવે લડવા માટે કાયર બન્યા. તેઓ હિંમત હારી ગયા.

શીખોના સરદારનું નામ હતું ગોવિંદસિંહ. તેણે પરિસ્થિતિનો તાગ કાઢી લીધો. સૈન્યમાં શી રીતે પોરસ ચડાવવું તે સવાલ હતો. તેમને એકાએક વિચાર આવ્યો. પોતાના બે પુત્રો ત્યાં સાથે જ હતા.

તેમણે મોટા પુત્ર અજિતસિંહને કહ્યું, ''બેટા ! લે આ તલવાર અને પડ મેદાને !'' સોળ વર્ષનો કિશોર તલવાર લઈને એક જ કૂદકે ખંડની બહાર નીકળી ગયો. તૂટી પડ્યો મોગલોની સામે ! જોતજોતામાં મોગલોએ તેને વધેરી નાંખ્યો.

ગોવિંદસિંહે બીજા પુત્ર જોઝારને પણ તે જ આદેશ આપ્યો. તે પણ સજ્જ બની ગયો. તેણે પિતાજીને કહ્યું, ''પિતાજી ! તરસ બહુ લાગી છે, થોડુંક પાણી પીને જાઉં.''

હસતાં હસતાં ગોવિંદસિંહે કહ્યું, ''બેટા ! હવે પાણી પીવાની પણ વાર ન લગાડ ! હવે તરસ શું અને પાણી શું ?'' અને બીજી જ પળે જોઝારનો અશ્વ મોગલસેના તરફ ધસમસી ગયો !

પિતાની આંખમાં હર્ષના આંસુ ઊભરાયા ! હવે સહુને પોરસ ચડ્યું. બધા ખપી ગયા !

### (૯) આઝાદીની ચળવળમાં વરરાજાનું બલિદાન

જ્યારે રાષ્ટ્રીય આઝાદીનો જુવાળ ભારતમાં આગની જેમ ફેલાઈ ગયો ત્યારે કોઈ ગામમાં જાન ઘર તરફ પાછી ફરતી હતી. વર-વધૂએ છેડા બાંધ્યા હતા. હાથે મીંઢળ હતા. તે જ વખતે અંગ્રેજો સામે છેલ્લે લડતમાં યાહોમ કરીને ઝુકાવી દેવાનો ગાંધીજીનો આદેશ પ્રસારિત થયો હોવાથી એ અંગે મોટું સરઘસ રસ્તા ઉપરથી પસાર થતું હતું. વરરાજા સીધો સરઘસમાં કૂદી પડ્યો. અંતે જેલભેગો થયો.

જેલમાં કોઈના લાડકવાયાઓ અનેક હતા. એક માતા પોતાના પુત્રની પાસે આવીને કહેવા લાગી, ''દીકરા ! તું માફીપત્ર લખી આપીને ઘેર ચાલ. તારા વિના મારું શું થશે !''

દીકરાએ કહ્યું, "મા, પ્રણામ ! આવા સમયે તારે મારી લગીરે આશા રાખવી નહિ. તું ઘરભેગી થઈ જા."

મા ચાલી ગઈ.

અર્જુનના એકલવીરપણાની એક જ કથા ગૌરવવંતા ભારતીય ઇતિહાસના પાને લખાઈ નથી. આવી તો હજારો વીરકથાઓ સુવર્ણાક્ષરે નોંધાઈ છે.

### અભિમન્યુ અને ઉત્તરાના લગ્ન

વિરાટ રાજાએ પોતાની દીકરી ઉત્તરાના લગ્ન અર્જુન વેરે કરવાનો પ્રસ્તાવ યુધિષ્ઠિરની પાસે મૂક્યો. યુધિષ્ઠિરે અર્જુનને વાત કરી. તેણે કહ્યું, "જેને મેં વિદ્યા શીખવી છે તે તો મારી દીકરી બરોબર કહેવાય. પણ વિરાટ રાજા આપણી સાથે સંબંધ જ જોડવા ઈચ્છતા હોય તો મારા પુત્ર અભિમન્યુની સાથે તેના લગ્ન ભલે કરે."

અને... તેમ જ થયું.

યુધિષ્ઠિરે કાંપિલ્યપુરથી દ્રુપદ, સુભદ્રા, અભિમન્યુ, પાંચેય પાંચાલો (દ્રૌપદીના પાંચ પુત્રો)ને તથા દ્વારિકાથી શ્રીકૃષ્ણ વગેરેને દૂતો મોકલીને બોલાવી લીધા.

અભિમન્યુ અને ઉત્તરાના રંગેચંગે લગ્ન લેવાઈ ગયા.

### આવી મહાન હતી આર્યાવર્ત્તની મર્યાદાઓ

કેવી જબરી આપણી આર્યમર્યાદાઓ !

(૧) રાવણને ઉપરંભા રાણીએ આશાલિ વિદ્યા આપીને પત્ની તરીકે સ્વીકારવા કહ્યું. રાવણે સાફ ના પાડીને કહ્યું, "તું તો મારી ગુરુ કહેવાય જેણે મને વિદ્યા આપી."

(૨) લોચનદાસે ભૂલથી પોતાની ભાવિ પત્નીને 'બેન' કહી દીધું. એટલા માત્રથી બંને પરણીને પણ કાયમના ભાઈ-બેન બનીને જ રહ્યા.

(૩) સિરોહીમાં એક કુમારિકાએ ઉપાશ્રયમાં શ્વેત વસ્ત્રો પહેરીને ધર્મધ્યાન કરતા પોતાના ભાવિ પતિને ભૂલથી વંદન કર્યું અને પછી તે પતિ છે તેવો ખ્યાલ આવ્યો. ઘરે જઈને કન્યાએ માબાપને કહ્યું કે, "હવે તે મારા ગુરુ બની ગયા છે. વળી મારાથી બીજો પતિ થાય નહિ. એટલે હું સાધ્વી બનીને આત્મકલ્યાણ કરીશ !"

(૪) રામચન્દ્રજી પાસે શૂર્પણખાએ જરાક કામયાચના કરી ત્યારે તેમણે ના કહેતાં તે લક્ષ્મણ પાસે ગઈ. લક્ષ્મણે કહ્યું, "હવે તું મારી ભાભી બની ગઈ. મારાથી બીજું કશું ન થાય."

(૫) વિજય અને વિજયા ! ક્રમશઃ શુક્લ અને કૃષ્ણ-પક્ષના શીલવ્રતધારી ! તે બે ના જ લગ્ન થયા. બંનેએ આજીવન સુવિશુદ્ધ શીલ પાળ્યું.

(૬) પેલી મયણા ! પિતાએ કહ્યું, 'આ તારો પતિ !' અને...ખેલ ખલાસ. તેણે તે કોઢિયાનો હાથ પકડી લીધો. રાત્રે શયનખંડમાં આવેલી મયણાને કોઢિયાએ કહ્યું, 'હજી બગડ્યું નથી. તું પાછી જા.' આ સાંભળતાં જ મયણા ધ્રૂસકે રડી પડી ! અંતે પતિએ સ્વીકારવાની ફરજ પડી.

### દુઃખ કરતાં પાપની દયા ખાઓ

આવી હતી આર્યમર્યાદાઓ ! બેશક, આમાં કેટલાકને દુઃખી થવું પડતું હશે પણ આ દુઃખની દયા ખાઈને જે દયાપ્રેમી (!) લોકોએ આ મર્યાદાઓ તોડવાની સફળ ઝુંબેશો ઉપાડી છે તેના કારણે કદાચ તે દુઃખ ઓછું થયું હોય તો પણ સ્વચ્છંદતા, વ્યભિચાર અને છૂટાછેડાના પાપો ખૂબ વધ્યા

છે અને તેમાંથી પેદા થયેલી સમસ્યાના દુઃખોએ તો લાખો આત્માઓના જીવન ઊગતાં પહેલાં જ આથમી નાંખ્યા છે !

દીર્ઘદૃષ્ટિનો અભાવ શું કામ કરે છે તે આજના સુધારકો(!)એ ખૂબ વિચારવું પડશે.

આ દેશની પ્રજા દુઃખ કરતાં પાપને વધુ ખરાબ માનતી હતી. કોઈ સુખ મેળવવા જતાં જો પ્રજામાં વ્યાપક ધોરણે કોઈ પાપ ફેલાતું હોય તો વ્યક્તિ પોતે દુઃખ ભોગવી લેવાનું પસંદ કરતી, કેમકે ખરાબ રસ્તે જતા સમાજની ધારણા કરવી, તેને ખરાબ રસ્તે જતો અટકાવવો તે પણ એક ધર્મ જ છે એમ સહુ માનતા.

આ માન્યતા ઉપર જ પુનર્લગ્ન, છૂટાછેડા, ગર્ભપાત, સંતતિ-નિયમન, સહશિક્ષણ, નારીસ્વાતંત્ર્ય વગેરે બાબતો-વ્યક્તિના દુઃખ દૂર કરીને સમષ્ટિમાં પાપો ફેલાવતાં તત્ત્વો-આર્યદૃષ્ટિથી ખૂબ જ વિઘાતક ગણાયા છે.

### સહુએ બલિદાન તો દેવું જ પડશે

સહુએ બલિદાન તો દેવું જ પડે; રાષ્ટ્ર, પ્રજા, સંસ્કૃતિ કે ધર્મ ખાતર. એ વખતે કોઈ પણ વ્યક્તિ માત્ર વ્યક્તિગત દુઃખને દૂર કરવાનો કે કોઈ વ્યક્તિગત સુખ મેળવી લેવાનો વિચાર કરી લે અને તેમ કરીને સાંસ્કૃતિક મર્યાદાઓ છિન્નભિન્ન કરે તે કદી ચાલી ન શકે.

ઘણાં મોટા બલિદાનથી સીતાઓ, પદ્મિનીઓ, જગડૂશાહો કે ભામાશાહોના જે પાળિયાઓ આ ધરતી ઉપર ખડા થયા છે તેને કાંકરી પણ મારવાનો કે તેની કાંકરી પણ ખેરવવાનો કોઈને પણ અધિકાર ન હોઈ શકે.

### સર્વ અનિષ્ટોનું મૂળ : મર્યાદાલોપ

આજે દેશની પ્રજામાં જેટલી ઘેરી સમસ્યાઓ પેદા થઈ છે તે બધાયના મૂળમાં સમષ્ટિનું હિત સાધતી સાંસ્કૃતિક મર્યાદાઓને તોડી-ફોડીને ખતમ કરાઈ છે તે કારણ છે.

આ મર્યાદાઓની પુનઃપ્રતિષ્ઠા જ્યાં સુધી નહિ થાય ત્યાં સુધી થાગડથીગડ કરવા દ્વારા કદી કોઈ કાયમી ઉકેલ આવશે નહિ, બલ્કે પ્રજા વધુ ને વધુ કારમી અંધાધૂંધી તરફ ધકેલાઈને મહાવિનાશ પામી જશે.

## ૩૨.
# વિષ્ટિકાર શ્રીકૃષ્ણ

### દ્વારિકામાં પાંડવોનું આગમન

મહારાજા વિરાટની મહેમાનગીરી ઘણા દિવસો સુધી પામીને શ્રીકૃષ્ણ પાંડવો વગેરેને આગ્રહપૂર્વક દ્વારિકા લઈ ગયા. દ્વારિકા પહોંચીને તેમનું ભવ્ય સ્વાગત કર્યું. કેટલાય દિવસો સુધી દ્વારિકાના દર્શનીય સ્થળો દેખાડ્યા. ઉદ્યાનાદિમાં આનંદ કરાવ્યો.

એક દિવસ ભીમ અને દ્રૌપદીએ શ્રીકૃષ્ણને દુર્યોધનના જાન લેવા સુધીના પ્રયત્નોની સિલસિલાબંધ તમામ માહિતી આપી. આ સાંભળીને શ્રીકૃષ્ણ ઉશ્કેરાઈ ગયા. હવે બાર વર્ષનો વનવાસ અને તેરમા વર્ષના ગુપ્તવાસની પ્રતિજ્ઞા સાંગોપાંગ પૂરી થઈ છે માટે કાંઈક કરવું જોઈએ એમ શ્રીકૃષ્ણને લાગ્યું.

### કૃષ્ણનો દૂત હસ્તિનાપુરમાં

તેમણે વિચાર કરીને પોતાના તરફથી હસ્તિનાપુર તરફ પુરોહિતને રવાના કર્યો. તેની સાથે જે સંદેશો પાઠવ્યો તે પુરોહિતે ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય વગેરે સહિત બેઠેલા દુર્યોધનને નીચે પ્રમાણે સંભળાવ્યો.

પુરોહિતે કહ્યું :

"મને દ્વારિકાના મહારાજા શ્રીકૃષ્ણે મોકલ્યો છે. તેઓ આપને જણાવે છે કે હવે પાંડવોની તેર વર્ષની પ્રતિજ્ઞા અણિશુદ્ધ પૂર્ણ થઈ છે. માટે તારે તેમને માનભેર બોલાવવા જોઈએ અને તેમનું હસ્તિનાપુરનું રાજ તેમને સોંપી દેવું જોઈએ. હાલ પાંડવો મારા આગ્રહથી દ્વારિકામાં આવેલા છે. મારી ઈચ્છા એવી છે કે તમારા ભાઈઓ-ભાઈઓમાં નાહકનો સંઘર્ષ પેદા થવો ન જોઈએ. પણ જો તું તેમને તારા વચન મુજબ રાજ પાછું નહિ જ આપે તો સંઘર્ષ થઈને જ રહેશે. પાંડવો પોતાના બાહુબળે બળાત્કારથી તારી પાસેથી રાજ આંચકીને જ રહેશે. આમાં તારા કૌરવકુળનો ઘણો મોટો સંહાર થઈ જશે. માટે તું હવે સમજી જાય અને જે યોગ્ય કરવા જેવું હોય તેને અમલમાં મૂકે એવી મારી ઈચ્છા છે."

### કુરુક્ષેત્રમાં લડી લેવા પાંડવોને દુર્યોધનનું એલાન

કૃષ્ણનો આ સંદેશ સાંભળીને દુર્યોધન લાલપીળો થઈ ગયો. બરાડા પાડીને તે બોલવા લાગ્યો, "તે પાંડવો અને તે કૃષ્ણ મારી કાંઈ ગણતરીમાં નથી. તેમને ગર્વજ્વર લાગુ થયો છે."

આ શબ્દો સાંભળીને ક્રોધમાં આવી ગયેલો પુરોહિત બોલ્યો, "હે દુર્યોધન ! પાંડવોના બળને તમે જરાય ઓછું ન આંકશો. પ્રત્યેક પાંડવમાં પોતપોતાની આગવી પ્રચંડ શક્તિઓ પડી છે. વનવાસને લીધે તેઓ દુર્બળ થઈ ગયા હશે એવી જો તમારી કલ્પના હોય તો તમે ખરેખર ભ્રમણામાં છો. વળી તેમને મહાપ્રતાપી મહારાજા શ્રીકૃષ્ણનો પૂરો ટેકો છે તેનો તો જરા વિચાર કરો !"

દુર્યોધને તાડૂકી ઊઠીને પુરોહિતને કહ્યું,"એય પાગલ ! વધુ બોલ બોલ ન કર. તું અહીંથી હમણાં જ ચાલી જા અને તારા પાંડવોને કહી દે કે કુરુક્ષેત્રની ભૂમિ ઉપર બળનો મુકાબલો કરવા માટે હાજર થઈ જાય."

પુરોહિત તરત ત્યાંથી ચાલી નીકળ્યો.

## શ્રીકૃષ્ણ અને પાંડવોની યુદ્ધ માટે તૈયારી

પુરોહિતે શ્રીકૃષ્ણ અને પાંડવોને સઘળો વૃત્તાંત કહ્યો. વાતને સમેટી લેતાં તેણે કહ્યું કે, "હસ્તિનાપુરમાં તો સૈનિકોના શરીરમાં યુદ્ધજ્વર ક્યારનો પેદા કરાવાઈ ચૂક્યો છે. રથી અને મહારથી જેવાઓ તો પાંડવોમાં કોને કોણ હરાવશે ? તેની હુંસાતુંસીભરી સ્પર્ધામાં પડી ગયા છે."

શ્રીકૃષ્ણે કહ્યું, "પુરોહિતની સાથે સંદેશ મોકલવાનું જે પરિણામ મેં ધાર્યું હતું તે જ આવ્યું છે. છતાં મેં આ વિધિ એટલા માટે કરી છે કે આવતી કાલે કોઈને પણ આપણી ઉપર એવો આક્ષેપ કરવાનો ન રહે કે આપણે એકાએક સીધી યુદ્ધની જ ભેરીઓ વગાડી દીધી હતી ! ના, યુદ્ધ ન થાય તે જ આપણી ઈચ્છા છે અને તે મારે આ રીતે લોકો સમક્ષ મૂકવી હતી."

તે વખતે ભીમ બોલ્યો, "બહુ સારું થયું કે દુર્યોધને સમાધાનકારી વલણ ન બતાવ્યું. હવે યુદ્ધ થઈને જ રહેશે. મારે તો યુદ્ધ જ ખપે જેથી હું પાપિષ્ઠ દુર્યોધનની સાથળ ઉપર ગદા મારીને તેના ચૂરેચૂરા કરી શકું અને પેલા નીચ દુઃશાસનનો દ્રૌપદીના કેશ પકડેલો હાથ તોડી નાંખીને તેના લોહીથી ધરતીને રક્તવર્ણી કરી શકું."

બાકીના ત્રણ બંધુઓએ પણ હુંકાર કરીને તેવો જ પ્રતિભાવ દર્શાવ્યો.

યુધિષ્ઠિરે કહ્યું, "નથી ઈચ્છા બંધુવધ કરવાની. પણ નિયતિને જ એ ગમતું હોય ત્યાં હું પણ શું કરી શકું ? હવે તો યુદ્ધ એ જ કલ્યાણ."

ચારેબાજુ મિત્રરાજ્યોમાં યુદ્ધની નોબતના ડંકાઓના પડઘમ ફેલાઈ ગયા. સહુ પોતપોતાના સૈન્યને સજ્જ કરવા લાગ્યા.

બીજા દિવસે ધૃતરાષ્ટ્ર તરફથી પોતાના દૂત તરીકે મોકલવામાં આવેલો સંજય શ્રીકૃષ્ણ અને યુધિષ્ઠિર વગેરેની સમક્ષ આવીને ઊભો. તેણે નીચે પ્રમાણે ધૃતરાષ્ટ્રનો સંદેશ જણાવ્યો :

## દૂત સંજય દ્વારા ધૃતરાષ્ટ્રનો લુચ્ચાઈભર્યો સંદેશ

"હે યુધિષ્ઠિર ! યુદ્ધ નહિ છેડવા માટે મેં દુર્યોધનને ખૂબ સમજાવ્યો પરન્તુ તે કેમેય મારી વાત માનતો નથી. ઉપરથી મારો તે નાલાયક દીકરો મારી સામે ક્રોધ કરવા લાગી જાય છે. એ પાપીનો સર્વનાશ થવાનો લાગે છે, નહિ તો તેને યુદ્ધ કરવાની દુર્બુદ્ધિ ન સૂઝે.

હવે જ્યારે તે સમજવા માંગતો જ નથી ત્યારે મારે તમને કહેવું છે કે તમે યુદ્ધ માટે સજ્જ ન થાઓ તો સારું. ભાઈઓ-ભાઈઓ લડી મરે એ શું આપણા કૌરવકુળ માટે કલંક નથી ? શું તારા જેવા ધર્માત્માને મારે આ વાત સમજાવવી પડશે કે પરસ્પર લડીને વિજય પામીને રાજ કરવા કરતાં લડ્યા વિનાનો આજીવન વનવાસ પણ સારો ગણાય ? હવે તમે તો આમેય વનવાસથી ટેવાઈ જ ગયા છો તો શેષ જિંદગી પણ શું એ રીતે જ પૂરી કરી ન શકાય ? આથી યુદ્ધનો મહાસંહાર અટકી જશે અને કૌરવકુળને કલંક પણ નહિ લાગે.

વળી તમે કદાચ યુદ્ધમાં વિજય પામીને રાજ્યસુખ પામશો તો ય શું તે રાજ્યસુખ ક્ષણિક નથી ? શું તમે તેના શાશ્વત ભોક્તા બની જવાના છો? જો ના, તો પછી ક્ષણિક એવા રાજસુખ માટે યુદ્ધનો મહાસંહાર શા માટે કરવો જોઈએ ?

તમે કદાચ વનવાસના દુઃખોથી ત્રાસી ગયા હો એટલે આજીવન વનવાસ પસંદ ન કરતા હો તો તમે શ્રીકૃષ્ણને આ વાત કરો. તેમની પાસે વિશાળ રાજ્યસમૃદ્ધિ છે. એ તમને એટલા બધા ચાહે છે કે રાજનો થોડો ભાગ તમને જરૂર આપશે.

માટે હે યુધિષ્ઠિર ! તું મારો દીકરો છે. તારા જેવા ધર્માત્માએ તો આ વાત સમજવી જ જોઈએ.

દુર્યોધન તદ્દન નાલાયક છે અને અધર્મી છે. એને આ વાત સમજાવવી ખૂબ મુશ્કેલ છે.''

સંજય પાસેથી આ સંદેશ સાંભળીને યુધિષ્ઠિર આદિ તમામ ઉપસ્થિત સજ્જનો ખડખડાટ હસી પડ્યા. હા, ધૃતરાષ્ટ્રનું પ્રત્યેક વાક્ય તદ્દન સાચું હતું પણ તેની પાછળ પડેલી તેની સ્વપુત્રમોહની અંધતાનું 'બેકગ્રાઉન્ડ' ખૂબ જ ભયંકર હતું. સહુને એ વાતનો ખ્યાલ આવી ગયો કે ધૃતરાષ્ટ્ર 'મુખ મેં રામ બગલ મેં છૂરી'નો રોલ ભજવી રહ્યો છે. તેના મીઠાશભર્યા સંદેશમાં છુપાયેલું ભાવનાનું તાલપુટ વિષ કોઈથી અણદીઠું ન રહી શક્યું.

**દૂત દ્વારા યુદ્ધ અંગેનો અટલ નિર્ણય જણાવતા યુધિષ્ઠિર**

યુધિષ્ઠિરે સંજયને કહ્યું, ''તું ધૃતરાષ્ટ્રને અમારો આ સંદેશો આપજે કે તમે ખૂબ મીઠાશવાળો સંદેશ મોકલ્યો તે બદલ આપનો ઉપકાર.

આપે બંધુવધના કલંકની અમને વાત જણાવી તે બરોબર જણાઈ નથી. નિરપરાધી બંધુઓનો વધ અયોગ્ય છે પરંતુ જેઓ પ્રતિજ્ઞાભંગ કરે છે અને અમને મારી નાંખવાના પેંતરા રચે છે તેવા બંધુના વધમાં અમે લગીરે દોષ માનતા નથી. હવે તો પરિસ્થિતિ એવી સર્જાઈ છે કે કદાચ હું આ યુદ્ધથી પીછેહઠ કરીને વનવાસ સ્વીકારી લઈશ તો મારા ભાઈઓની મારી સાથે એકતા ટકી શકે તેમ નથી. મારે મારા ઘરમાં આવી ફાટફૂટ પાડવી નથી. અમે સહુએ સાથે મળીને યુદ્ધ લડવાનો નિર્ણય કરી લીધો છે. ભીમસેન તો મને કહે છે કે તે યુદ્ધ સિવાય બીજી કોઈ પણ વાત-સમાધાન વગેરેની-સાંભળવા ય તૈયાર નથી. બાકીના ત્રણ ભાઈઓ પણ તેની સાથે છે. માટે કાં આપ અમને અમારું હસ્તિનાપુરનું રાજ પાછું અપાવો, નહિ તો અમે યુદ્ધ દ્વારા રાજ પાછું મેળવીને જ જંપવાના છીએ. અમારી પાસે હવે બીજો કોઈ વિકલ્પ રહ્યો નથી.''

આ સંદેશ લઈને સંજય હસ્તિનાપુર તરફ વિદાય થયો.

**કાયરોની અહિંસા સાચી અહિંસા નથી**

ધૃતરાષ્ટ્રે સંજય દ્વારા મોકલેલા સંદેશમાં કેટલી બધી મીઠાશ હતી ! અને અહિંસાનું કાયરતાસૂચક પાલન કરવાની કેવી પ્રેરણા ભરી હતી !

ધર્મક્ષેત્રમાં પણ જ્યારે યુદ્ધના ભયથી ન્યાય કે સિદ્ધાન્તને અભરાઈએ મૂકવાની વાત સ્વીકારવામાં આવી ન હોય, ધર્મરક્ષા ખાતર જે કાંઈ-યુદ્ધ વગેરે-કરવું પડે તે કરવાની આજ્ઞા હોય તો રાજકારણના ક્ષેત્રમાં આવી વાત હોય જ ક્યાંથી ?

(૧) જ્યારે એક બાળસાધુએ ભૂલમાં કાજો (કચરો) મેડીની બારીમાંથી રસ્તા ઉપર ફેંક્યો અને તે કચરો રાજા વીસળદેવના મામા શૂરપાળના માથા ઉપર પડ્યો ત્યારે તેણે ખૂબ ક્રોધે ભરાઈને, મેડી ઉપર જઈને તે બાળસાધુને જોરથી તમાચો લગાવી દીધો હતો.

આ વાત ઘણી નાની પણ ગણી શકાય અને તેથી આ વાત જતી પણ કરી શકાય તેમ હતું. પરન્તુ અહીં ધર્મગુરુને તમાચો મારી દેવાનો અન્યાય વધુ ભયંકર મનાયો હતો. આ ખાતર જે કાંઈ કરવું પડે તે ઉચિત હતું.

આથી જ જૈન મન્ત્રીશ્વર વસ્તુપાળે યુવાનોને મોકલીને શૂરપાળનો હાથ કપાવી નાંખ્યો, જેના પ્રત્યાઘાતમાં રાજા ખૂબ ઉશ્કેરાયો. વસ્તુપાળને કેદ કરવાની તૈયારીઓ થઈ.

લાખો પ્રજાજનો વસ્તુપાળના પક્ષે ઊભા રહેતાં રાજાએ નમતું મૂકવું પડ્યું.

(૨) અહિંસા એ કાંઈ કાયરતા નથી. કુમારપાળ મહા-અહિંસક હતા. યુદ્ધના ઘોડા ઉપર સવાર થતાં અસ્વારે પણ પલાણ ઉપર ફરજિયાત પૂંજણી ફેરવવી પડતી હતી. આ જોઈને કેટલાકે

ગૂર્જરેશ્વરની ટીકા કરી કે, "આવો અહિંસાવાદી માણસ યુદ્ધભૂમિ ઉપર શત્રુઓના લીલુડાં માથાં શી રીતે વધેરી શકશે ?"

ગૂર્જરેશ્વરે તે વાત જાણીને તે જ વખતે તેમની સામે પોતાના પગની પાની ઉપર તીક્ષ્ણ ભાલો ઘોંચી દીધો, પછી હસતાં રહ્યા. ટીકાકારો સમજી ગયા કે તેઓ કેવા અહિંસાવાદી છે ! અવસરે તે બધું જ કરી શકે છે અને અનવસરે નિર્દોષના જાન લેવા માટે તે ધરાર લાચાર પણ છે.

કોઈ પણ ગુણ કાયરતાથી તો ન જ પળાય. સમતા પણ કાયરતાના ઘરની હોય તો તે નકામી છે.

યુધિષ્ઠિર જેવો મહાન ધર્માત્મા આટલી વાત બરોબર સમજતો હતો એટલે જ તેણે સંજયની સાથે મોકલેલા જવાબમાં દુર્યોધનને જરાય મચક આપી નહિ.

સંજયના સંદેશમાં ધૃતરાષ્ટ્રની પુત્રમોહજનિત અંધતા, કપટવૃત્તિ અને દાંભિક ઉપદેશકતાનું આપણને સ્પષ્ટ દર્શન થાય છે.

હા, એની વાત સાચી હતી પણ દૃષ્ટિ (મુરાદ) મેલી હતી.

**યુધિષ્ઠિરનો સંદેશ સાંભળી ખિન્ન વિદુર અને ધૃતરાષ્ટ્ર**

હસ્તિનાપુર પહોંચીને સંજયે ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણાચાર્ય અને દુર્યોધન વગેરેની સમક્ષ યુધિષ્ઠિરનો સંદેશો સંભળાવ્યો. તેની ઉપર તેણે પોતાનો અંગત અભિપ્રાય આપતાં કહ્યું કે, "તમે ધારો છો તેમ પાંડવો વનવાસથી નબળા પડ્યા નથી પરંતુ મારી નજરે તો વધુ તેજસ્વી અને શક્તિમાન બન્યા છે. યુદ્ધમાં વિજય મળવાનો તેમનો આત્મવિશ્વાસ ખૂબ જોરદાર છે. આથી મારી તો આપને વિનંતી છે કે યુદ્ધ દ્વારા આપ હરગીજ ફાવી શકો તેમ નથી, માટે સમાધાન કરવું તે જ ઉચિત છે."

સંજયના આ શબ્દો સાંભળીને દુર્યોધન ક્રોધથી રાતોપીળો થઈને કહેવા લાગ્યો, "સંજય ફૂટી ગયો લાગે છે. એ સિવાય તે આવું બોલે જ નહિ."

ખૂબ ઉશ્કેરાટપૂર્વક જેમતેમ બોલીને દુર્યોધન ત્યાંથી ચાલી ગયો.

તે વખતે ત્યાં બેઠેલા ધૃતરાષ્ટ્ર અને વિદુર ખૂબ ખિન્ન થયા. ધૃતરાષ્ટ્રે વિદુરની સલાહ માંગી કે, "હવે શું કરવું ?"

**દુર્યોધનને વિદુર અને ધૃતરાષ્ટ્રની સમજાવટ**

વિદુરે ઉશ્કેરાટપૂર્વક ધૃતરાષ્ટ્રને કહ્યું, "આ બધું તમારી જ ભૂલોનું પરિણામ છે. તમારો પુત્ર પ્રત્યેનો આંધળો પ્રેમ ! મેં તે નાલાયકના જન્મ વખતે જ કહ્યું હતું કે તેને મારી નાંખો. ત્યાર બાદ પણ આ વાત કરી હતી પણ તમે માન્યા નહિ. હજી પણ આ ક્રોધાન્ધને તમે નહિ સમજાવો તો કૌરવકુળનો મહાસંહાર મને ખૂબ જ નજીકમાં દેખાય છે."

ખૂબ આગ્રહપૂર્વક વિદુરને પોતાની સાથે લઈને ધૃતરાષ્ટ્ર દુર્યોધનની પાસે ગયા. બન્નેએ તેને ખૂબ સમજાવ્યો. ધૃતરાષ્ટ્રે તો પિતાની હેસિયતથી તેને સખત શબ્દોમાં ઠપકો પણ આપ્યો. તેમણે તેને કહ્યું કે, "વસ્ત્રાહરણના પ્રસંગ વખતે જે વાત નક્કી થઈ હતી કે 'તેર વર્ષનો વનવાસ-ગુપ્તવાસ પાંડવો પૂરો કરે તો તેમને હસ્તિનાપુરનું રાજ પાછું આપી દેવું' તે મુજબ હવે રાજ પરત કરી જ દેવું જોઈએ. વળી દ્વૈતવનમાં અને વિરાટનગરમાં જે ઘોર નાલેશીના પ્રસંગો બન્યા હતા તેની યાદી આપીને ધૃતરાષ્ટ્રે તેને કહ્યું કે તને તારા બળનું જે અભિમાન છે તે સાવ ખોટું છે. પાંડવોની

પાસે તારું બળ કોઈ વિસાતમાં નથી.''

### નાલાયકીભર્યો દુર્યોધનનો ઉત્તર

દુર્યોધને પિતાની કે કાકાની એક પણ વાત કાને ધરી નહિ. ઊલટો તે બન્ને તરફ દુર્યોધન ખૂબ ક્રોધાયમાન થઈ ગયો. તેણે કહ્યું, ''તમને મારા બળ અંગે આટલી બધી શંકા કેમ થાય છે તે જ મને સમજાતું નથી. વળી ક્ષત્રિય બચ્ચો કદી કોઈની આપેલી ભૂમિ સ્વીકારે જ નહિ. શું યુધિષ્ઠિર ક્ષત્રિય નથી ? ભૂમિની માલિકીનો નિર્ણય રણમેદાનમાં જ થાય.

તમને બન્નેને મારી હવે એક જ વિનંતી છે કે સમાધાન કરવાની કે રાજ્યનું દાન કરી દેવાની વાત મને-ક્ષત્રિયને-કદી કરશો નહિ. હું મારી રીતે યુદ્ધના નિર્ણયમાં આગળ જ વધવા માંગું છું.''

દુર્યોધનનો છેલ્લામાં છેલ્લો અભિપ્રાય જાણીને-હવે કાંઈ પણ કહેવું નિરર્થક છે એમ સમજીને-બે ય ભાઈઓ, ધૃતરાષ્ટ્ર અને વિદુર ત્યાંથી ઊઠીને ચાલતા થયા.

### વિદુરનો ઉજ્જવળ વૈરાગ્ય અને દીક્ષા

જ્યારે વિદુર પોતાના મહેલમાં એકલા પડ્યા ત્યારે તેમની નજરમાં કૌરવકુળનો મહાસંહાર કરતું કુરુક્ષેત્રનું લોહિયાળ યુદ્ધ તરવરવા લાગ્યું. તેમના કાને ઘાયલ થતાં સૈનિકોની કારમી ચીસો અથડાવા લાગી. તેમણે લાખો મડદાંઓ હાથી અને ઘોડાના પગ નીચે ફંગોળાતાં જોયા. એમની મિજબાની ઉડાવવા માટે ઉત્સુક બનીને ખૂબ નીચે આવીને આકાશમાં ચક્કર મારતાં હજારો ગીધડાં જોયા.

ક્ષણભર તો વિદુરનું મગજ ભમવા લાગ્યું. તેમનું મન રડતું હતું અને બોલતું હતું, ''અહો ! આ મહાસંહાર મારે જોવાનો ? હું તે જોઈ શકીશ ? ધિક્કાર છે આ સંસારને, તેના રાગ-દ્વેષના ભાવોને; ધન, સત્તા, નારી વગેરેની લાલસાઓને !

શા માટે આવા સંસારમાં હવે રહેવું જોઈએ ? હવે મારી વાત કોઈ માને તેવી સ્થિતિ રહી નથી. ધૃતરાષ્ટ્ર પુત્રમોહે અંધ છે, તો દુર્યોધન યુદ્ધના નશાથી પાગલ બની ગયો છે. આમાં હું ક્યાં ? મારું કોણ માનશે? તો પછી મારે આત્મકલ્યાણનો પંથ શા માટે પકડી ન લેવો ?''

આ જ વખતે તેમને સમાચાર મળ્યા કે નજીકના ઉદ્યાનમાં વિશ્વકીર્તિ નામના જ્ઞાની મુનિવર બિરાજમાન થયા છે. વિદુર તેમની પાસે ગયા. સંસારની અસારતાનું વર્ણન કરતી દેશના સાંભળીને તેમનો આત્મા વૈરાગ્યથી પૂરો વાસિત થઈ ગયો. ધૃતરાષ્ટ્ર, પાંડુ, ભીષ્મ વગેરેની અનુમતિ લઈને તેમણે સર્વસંગનો ત્યાગ કર્યો. ભાગવતી દીક્ષાનો સ્વીકાર કરીને આત્મકલ્યાણની વાટ પકડી.

કેવો કરૂણતાભર્યો છે આ સંસાર ! કોઈ પોતાની ઉપર આવી પડેલા દુઃખે કે પાપે વિરક્ત થાય. કોઈ બીજાઓના દુઃખ કે પાપ જોઈને વિરક્ત થાય.

### આઘાતોમાંથી આત્મકલ્યાણ-માર્ગના પ્રસંગો

(૧) મહારાજા વાલીએ રાવણની કારમી સત્તાલાલસાનું અને યુદ્ધકીય મહાસંહારનું દર્શન કરીને જ ચારિત્ર્યનો પંથ સ્વીકાર્યો હતો ને ?

(૨) મહારાજા દશરથે કંચુકીનું ભયાનક ઘડપણ જોઈને જ મહાપ્રયાણ આદર્યું હતું ને ?

(૩) જિનદાસ શ્રાવક પોતાની પત્નીના કાળાં કામ જોઈને જ સંસારથી વધુ વિરક્ત બની ગયો હતો ને ?

(૪) પોતાના એકાએક પેદા થતાં સોળ મહારોગોની જાણથી સાવધ બનીને સનતકુમાર

ચક્રવર્તીએ રાજપાટ ત્યાગી દીધા હતા ને ?

(૫) જન્મથી માંડીને જ સમગ્ર જીવન દુઃખમાં, અપહરણમાં અને જૂઠા આક્ષેપોમાં પસાર થયું માટે જ સીતાજીએ દિવ્યપરીક્ષા બાદ અયોધ્યા આવવાની રામચન્દ્રજીની વિનંતી અવગણીને સાધ્વી બનવાનો પંથ પકડ્યો હતો ને ?

(૬) કાકા લક્ષ્મણના અચાનક મૃત્યુથી આઘાત પામીને લવ અને કુશ દીક્ષાના માર્ગે વળી ગયા !

(૭) સંધ્યાના જામેલા રંગોને વિખરાઈ જતા જોઈને હનુમાન સંસાર-વિરક્ત બનીને ત્યાગી બની ગયા !

વંદન તે આર્યાવર્ત્તને; જ્યાં આઘાતો અને પ્રત્યાઘાતોમાંથી દીક્ષાની કલ્યાણકારી કેડી જ પકડાય છે.

અફસોસ ! પરદેશમાં તો આ દશામાં આપઘાત સિવાય કે ઝૂરી ઝૂરીને મરવા સિવાય કોઈ વિકલ્પ સૂઝતો નથી. પેલી મેરેલીન મનરો ! પેલો હેર-હિટલર ! પેલો ડલેસ !

### શ્રીકૃષ્ણનું હસ્તિનાપુરમાં આગમન

આ તરફ શ્રીકૃષ્ણ થોડાક સૈન્યની સાથે હસ્તિનાપુર તરફ જવા રવાના થયા. દુર્યોધન આદિને ખબર મળતાં તેમને સામે લેવા આવ્યા. રાજસભામાં રત્નજડિત સિંહાસન ઉપર શ્રીકૃષ્ણને બેસાડ્યા. તે વખતનું તેમનું દિવ્ય સ્વરૂપ જોઈને ભીષ્મ, દ્રોણ વગેરે સ્તબ્ધ થઈ ગયા.

તેમના આગમનથી સભામાં પૂરી ગંભીરતા છાઈ ગઈ.

થોડીવાર પછી શ્રીકૃષ્ણે ધૃતરાષ્ટ્રને ઉદ્દેશીને વાત શરૂ કરી. તેમણે તેને કહ્યું : (આ સઘળો વાર્તાલાપ જૈન-અજૈન મહાભારતમાંથી સંકલિત કરીને લેવામાં આવ્યો છે.)

### શ્રીકૃષ્ણની ધૃતરાષ્ટ્રને પ્રેમભરી સમજાવટ

"હે ધૃતરાષ્ટ્ર ! અનેક નિર્દોષ માનવોનો સંહાર અટકાવવાની એકમાત્ર બુદ્ધિથી હું અહીં ઉપસ્થિત થયો છું. મારા અહીં આવવાની પાછળ એક જ ભાવના છે કે કૌરવો અને પાંડવોની વચ્ચે હું શાન્તિની સ્થાપના કરું. કૌરવકુળ એ ઉત્તમ કોટિનું કુળ છે. તેના પૂર્વજોના અનેક ગુણો છે જે વંશપરંપરાગત ઊતરી રહ્યા છે ! તમારા પૂર્વજોમાં ન્યાય, નીતિ, ધર્મનિષ્ઠા વગેરે ટોચકક્ષાના હતા. આજે તમે તેનો નાશ કરી રહ્યા હો તેમ મને લાગે છે.

ધૃતરાષ્ટ્ર ! તમારા પુત્રોએ તે ગુણોને અને ખાસ કરીને ધર્મને તિલાંજલિ આપી દીધી છે. જંગલના શિકારી જેવા તેઓ ક્રૂર અને પાપી બની ગયા છે. મને તેમનામાં સંયમ જણાતો નથી અને વડીલો પ્રત્યેનો આદર પણ દેખાતો નથી. તમે પણ તેમના કૃત્યોથી કાંઈ અજાણ નથી. હવે આ સ્થિતિ તમામ ભયજનક સપાટીઓને વટાવીને એવી હદે પહોંચી છે કે તે તેમનો જ નાશ નહિ કરે પણ કૌરવકુળનો સમૂળગો નાશ કરી નાંખશે. હજી પણ બાજી હાથમાં છે. તમે જો ધારશો તો તે દુષ્ટ પુત્રોને કબજે લઈ શકશો. બેશક, આ કામ ખૂબ કઠિન જરૂર છે પરન્તુ તમારા દૃઢ નિશ્ચય આગળ અસાધ્ય તો નથી જ. મારે તમને એક જ વાત કરવી છે કે જ્યારે તમે તે દુષ્ટોના પિતા છો તો તમારી સત્તા વાપરીને પણ તેમને અંકુશમાં લો અને સર્વનાશના માર્ગેથી પાછા વાળો.

આ રાજસભામાં બધા સભાસદો જાણે છે કે જો તમે તમારી પિતા તરીકેની સત્તાનો ઉપયોગ કરો તો તમારા પુત્રોને મોતના મુખમાંથી ઉગારી શકો. તમારો હસ્તક્ષેપ આખા કૌરવવંશને બચાવશે, તેથી તમારી કીર્તિ દિગંતમાં વ્યાપશે. વળી જો કૌરવ-પાંડવો એક થશે તો તેવા વિશાળ

પરિવારના વડીલ તરીકેનું માન તમને જ મળશે. તે બન્ને તમારી જીવનભર સેવા કરશે. તે બધા ય જુદા જુદા વિભાગના મહારાજાઓ બનશે પણ તેઓ તમામ તમારી આજ્ઞા નીચે રહેશે. તમારા માટે આના કરતાં વધુ મોટું સદ્ભાગ્ય ક્યું હોઈ શકે ?''

### દિવ્યતેજભરી ચમકારા વેરતી શ્રીકૃષ્ણની વાણી

શ્રીકૃષ્ણની આ વાતમાં કોઈએ 'જી' પણ કહ્યું નહિ ત્યારે તેઓ જરાક વાર ચૂપ રહીને કહેવા લાગ્યા કે, ''આ રાજસભામાં ધર્મ જેવી વસ્તુ જ ક્યાં છે ? જો અહીં ધર્મ હોય તો અહીંના સભાસદો મૌન કેમ બેઠા છે ? અન્યાયની સામે એક શબ્દ પણ તેઓ કેમ બોલતા નથી ? હું એવી રાજસભાને ધર્મસભા ન કહેતાં પાપસભા જ કહું છું. ધૃતરાષ્ટ્ર ! મારા આ કથન ઉપર તમે ખૂબ ગંભીરતાપૂર્વક વિચાર કરો અને પાંડવોને રાજ પરત કરવાનો સત્વર નિર્ણય લો એવી મારી ઈચ્છા છે.

યુધિષ્ઠિર તો સાક્ષાત્ ધર્મમૂર્ત્તિ છે. તેને તમે રાજ સોંપશો એટલે તે સઘળો અન્યાય અને આતંકો ભરેલો ભૂતકાળ એક ક્ષણમાં ભૂલી જશે. તે તમારી સેવા કરશે. ધૃતરાષ્ટ્ર ! હું મારા કોઈ પણ સ્વાર્થ વિના આ વાત તમને કહી રહ્યો છું એ વાત ધ્યાનમાં લઈને મારી વાતનું ઓછું મૂલ્ય આંકશો નહિ. હું તમારો હિતૈષી છું અને તમારા પુત્રોને મારે બચાવવા છે. જો તમારા પુત્રોનો યુદ્ધમાં સંહાર થશે તો તમારી વૃદ્ધાવસ્થા ખૂબ બેચેનીભરી બની જશે અને મોત રિબામણું થશે. માટે મને તો આ સિવાય બીજો કોઈ વિકલ્પ દેખાતો નથી.''

શ્રીકૃષ્ણની વાત સાંભળતાં સહુ સભાસદો પોતાના સ્થાનમાં એકદમ જાણે જડાઈ જ ગયા હતા. શ્રીકૃષ્ણના મુખ ઉપરના દિવ્ય તેજમાં ચમકાર દેતી કરડાકી તેમની નજરે પડતી હતી અને તેથી તમામ સભાસદોના અંગમાંથી અવ્યક્ત ગભરાટની લાગણી સતત વહ્યા કરતી હતી.

શ્રીકૃષ્ણનું વક્તવ્ય પૂરું થયા બાદ કેટલીય વાર સુધી સભામાં સન્નાટો છવાઈ ગયો. કોઈમાં કશું જ બોલવાની હિંમત જ ન હતી.

અન્તે ધૃતરાષ્ટ્રે એ શાંતિનો ભંગ કરીને બોલવાનું શરૂ કર્યું.

### ધૃતરાષ્ટ્રનો અસહાય જવાબ અને દુર્યોધનને સમજાવવા વિનંતી

તેણે કહ્યું, ''કૃષ્ણ ! મેં તમને ખૂબ ધ્યાન દઈને સાંભળ્યા છે. તમે મારી ઉપર બધી જવાબદારી નાંખો છો પરંતુ તમે એક વાત બરોબર સમજી લો કે હું નિતાન્ત અસહાય છું. મારા પુત્રો મારું કશું જ સાંભળતાં નથી. મારા પ્રત્યે તેમને લેશ પણ માન નથી. તેઓ મારું માનવા પણ તૈયાર નથી. હવે તો તમે જ તેમને આ વાત સમજાવીને તેમનો યુદ્ધજ્વર દૂર કરો તો હું તમારો ખૂબ મોટો ઉપકાર માનીશ. માત્ર મેં જ નહિ; ગાંધારીએ, વિદુરે અને ભીષ્મ પિતામહે પણ તે નાલાયક દુર્યોધનને સમજાવવામાં કશી કમીના રાખી નથી. ફરીને તમને વિનંતી કરું છું કે તમે જ તેને સમજાવીને માર્ગે લાવી મૂકો તો બહુ સારું.''

ધૃતરાષ્ટ્રના શબ્દોમાં અંતરની વ્યથા હતી. બિચારાની ચિત્તસ્થિતિ ઘડિયાળના લોલક જેવી હતી; ક્યારેક દુર્યોધન તરફ તો ક્યારેક સત્ય તરફ ! એનામાં પોતાનામાં સ્થિર નિર્ણય લેવાની કોઈ શક્તિ જ ન હોય ત્યાં એ બિચારો બૂઢો બાપ કરે ય શું ?

### શ્રીકૃષ્ણની દુર્યોધનને સમજાવટ

હવે શ્રીકૃષ્ણે દુર્યોધન તરફ મોં ફેરવીને તેને કહ્યું, ''દુર્યોધન ! તું સમજે તો સારું. તને એમ લાગતું હશે કે તારા પક્ષે કર્ણ, શકુનિ, ભીષ્મ અને દ્રોણાચાર્ય જેવા વીર યોદ્ધાઓનું બળ છે એટલે યુદ્ધમાં તું જ વિજયશ્રી વરવાનો છે. પણ આ વાતમાં તું ભીંત ભૂલે છે. ભીમ કે અર્જુનની બરોબરી

કરે એવો એક પણ યોદ્ધો તારી પાસે નથી. ના, ભીષ્મ કે દ્રોણ તેમની હરોળમાં ઊભા રહી શકે તેમ નથી એ વાતની તું નમ્રતાપૂર્વક નોંધ કર.

જો તું યુદ્ધ નહિ કરવાનો નિર્ણય લે તો તમે બધા એક થઈ શકશો. આમ થશે તો તારા પિતા ધૃતરાષ્ટ્રનું જ બળ વધી જશે. તેના આધિપત્ય નીચે તમે બધા આવશો એટલે તમારા ભયથી ધૃતરાષ્ટ્રની સામે કોઈ રાજા આંખ પણ ઊંચી કરી શકશે નહિ.

દુર્યોધન ! એકતાના આ ખૂબ મોટા લાભ તરફ તું કેમ નજર કરતો નથી ! મને લાગે છે કે તારે મારી વાત માનવી જોઈએ. મને એમ પણ લાગે છે કે આ વાત તને મનાવવા માટે જો ભીષ્મ, દ્રોણાચાર્ય વગેરે પ્રયત્ન નહિ કરે તો તેઓ મહાપાતકના ભાગીદાર થશે.''

### દુર્યોધનનો ધૃષ્ટતાપૂર્ણ પ્રત્યુત્તર અને લડી લેવાનો અફર નિર્ણય

શ્રીકૃષ્ણના ભાષણથી અકળાઈ ગયેલો દુર્યોધન એકદમ બોલી ઊઠ્યો, ''શ્રીકૃષ્ણ ! તમે, મારા પિતાજી વગેરે મારી ઉપર જ બધું દોષારોપણ કેમ કરી રહ્યા છો એ મને સમજાતું નથી. આમાં ક્યાંય મારી શી ભૂલો છે એ તો મને બતાવો !

યુધિષ્ઠિર જુગાર રમ્યો. તે જ બધું હારી ગયો તો એમાં મારો કોઈ દોષ ખરો ?

કરાર પ્રમાણે તેણે વનવાસ સ્વીકારવો પડ્યો તો એમાં મારો કોઈ દોષ ખરો ? બધું જ કાયદેસર થયું છે. મેં ક્યાંય અન્યાય કર્યો જ નથી.

હવે તે જ યુદ્ધ કરવા માંગે છે તો એમાં મારો કોઈ દોષ ખરો ?

હું ક્ષત્રિય છું. મારે તેના યુદ્ધનો પડકાર ઝીલી લેવો ન જોઈએ શું? ક્ષત્રિય બચ્ચો કદી નમી જાય ખરો ? હું તેમ કરું તો તે કૌરવકુળને કલંક નથી શું ? ધારો કે યુદ્ધમાં મરવું પડ્યું તો તેથી શું થયું ? હું તો તેને વીર-મૃત્યુ માનીશ પણ માથું તો કદી નહિ ઝુકાવું.

શ્રીકૃષ્ણ ! તમે હવે એક વાત ખૂબ નિશ્ચિતપણે સમજી લો કે હવે યુધિષ્ઠિરને ઈન્દ્રપ્રસ્થ તો નહિ મળે પણ એક તસુ જેટલી પણ ધરતી નહિ મળે. તેને જોઈતી હોય તો આખી ધરતી તે લઈ જાય; પણ યુદ્ધમાં મને જીતીને, તે સિવાય કદાપિ નહિ. આ મારો અફર નિર્ણય છે. તમે યુધિષ્ઠિરને આટલું સ્પષ્ટ શબ્દોમાં જણાવી દેજો.''

દુર્યોધનના શબ્દો, ''બધું કાયદેસર જ થયું છે.''

વાહ રે કાયદો ! આજે ય આવી જ વાતો કરનારાઓનો ક્યાં તોટો છે !

દારૂ પીનારો માણસ કહે છે, ''મારી પાસે લાઈસન્સ છે.''

ગર્ભપાત કરાવતી સ્ત્રી કહે છે, ''મેં સારા ડૉક્ટર પાસે ગર્ભપાત કરાવ્યો છે.''

ઈન્કમટેક્ષ ઓફિસર કહે છે, ''ચોરી ખૂબ કરો, પણ કાયદેસર કરો.''

સરકારે ભેળસેળને ય એગ માર્કાથી કાયદેસર બનાવેલ છે !

છૂટાછેડા પણ કાયદેસર થઈ શકે છે !

### શ્રીકૃષ્ણની જડબાતોડ વાતો અને 'ના-યુદ્ધ'ની ભારપૂર્વક સલાહ

શ્રીકૃષ્ણે દુર્યોધનને કહ્યું, ''ભાઈ ! મને લાગે છે કે તારા દિવસો ભરાઈ ગયા છે. તારો પાપનો ઘડો હવે ફૂટવાની તૈયારીમાં છે. મને હવે મહાસંહારક યુદ્ધ દૂર જણાતું નથી અને તારું મોત પણ દૂર જણાતું નથી. મને લાગે છે કે હવે તું મરવાનું જ ઈચ્છી રહ્યો છે. તો ભલે, જેવી તારી ઈચ્છા. તું તો મરીશ પણ આખા કૌરવકુળને મારીશ.

બાકી તેં મને જે સવાલ કર્યો કે 'મેં પાંડવોનું શું બગાડ્યું છે ?' આ સવાલ પૂછતાં ય તને શરમ

ન આવી ? તેં પાંડવોનું શું બગાડ્યું છે તે વાત તો અહીં બેઠેલા બધા સભાસદો જાણે છે અને છતાં તેમની સમક્ષ જ તું આવું પૂછી રહ્યો છે ? ધિક્કાર છે તારી ધૃષ્ટતાને !

શું તેં શકુનિના કપટ દ્વારા યુધિષ્ઠિરને જુગારમાં હરાવીને બરબાદ કર્યો નથી ?

શું તેં ભરસભામાં તારી ભાભીની બેઈજ્જતી કરી નહોતી ? એ વખતે સભામાં બેઠેલા વડીલો વગેરેને મન શું એ તમાશો હતો કે તે બધા મૂંગા જ બેસી રહ્યા હતા ? એમણે તારો લગીરે વિરોધ ન કર્યો ?

તેં, કર્ણે અને શકુનિએ જે ગંદા બકવાસ કર્યા હતા તે શું દ્રૌપદી આજે ભૂલી ગઈ છે એમ તું માને છે ?

ઓ મૂર્ખ ! મને કહે કે વારણવાવમાં આગ કોણે લગાડી હતી ? ભીમને ઝેર કોણે આપ્યું હતું ? એને સાપ દ્વારા મારવાનું છાટકું કોણે ગોઠવ્યું હતું ?

અને તો ય...બેશરમ દુર્યોધન ! તું મને એમ પૂછવાની હિંમત કરે છે કે 'મેં યુધિષ્ઠિરનું શું બગાડ્યું છે ?' અરે ! શું તારી વિવેકબુદ્ધિ પણ ભ્રષ્ટ થઈ ગઈ છે કે ? ખરેખર, તું મહાપાપી છે, અત્યન્ત તિરસ્કારને પાત્ર છે.

વળી દુર્યોધન ! મને જ એમ લાગ્યું કે આ યુદ્ધનું નિવારણ કરવું જોઈએ. પાંડવોમાં હજી યુધિષ્ઠિર 'ના-યુદ્ધ'ને ઈચ્છશે પણ બાકીના ભાઈઓ તો તારી સાથે લડી લઈને વૈરની વસૂલાત કરવા સિવાય બીજી કોઈ વાત પણ કરવા માંગતા નથી, પણ મને વિશ્વાસ છે કે તેઓ મારી વાતની અવગણના કદી નહિ કરે.

દુર્યોધન ! મારે તને એટલું જ કહેવું છે કે પાંડવો ક્ષત્રિય છે. તેમના પોતાના જીવન માટે રાજ તો જોઈએ જ. જો તું કુશસ્થળ વગેરે પાંચ નાના નાના ગામો પણ તેમને આપી દે તો હું તેમને તેટલાથી જ સંતોષ માનીને બેસી જવાનું સમજાવીશ. તેમને આ વાત નહિ ગમે છતાં મારી ખાતર પણ તેઓ આ પ્રસ્તાવ માન્ય કરી લેશે. જો આમ થશે તો લાખો માનવોનો સંહાર કરતાં યુદ્ધને નિવારી શકાશે અને તમારો ભાઈઓ-ભાઈઓ વચ્ચેનો વૈરભાવ પણ દૂર થઈ જશે, જે યુદ્ધ કરતાં પણ ખૂબ ખતરનાક છે.

દુર્યોધન ! હવે છેલ્લે છેલ્લે મેં તને ખુલ્લંખુલ્લા મારી વાત કરી દીધી છે. મારી માંગણી છે માત્ર પાંચ ગામોની."

### 'એક તસુ ય જમીન નહિ મળે' દુર્યોધનના પ્રત્યુત્તરથી છંછેડાયેલા શ્રીકૃષ્ણ

ખડખડાટ હસી પડતો દુર્યોધન બોલ્યો, "શ્રીકૃષ્ણ ! ફરી કહું છું કે એક તસુ જેટલી પણ જમીન નહિ મળે. જે કાંઈ જોઈતું હોય તે યુદ્ધથી જ મેળવી લેવું પડશે."

દુર્યોધનના હાસ્યમાં પાંડવો કેટલા બધા નિર્બળ બની ગયા છે એ વિચારના પડઘમ પડતા જોઈને ભીતરમાં ખૂબ ઉશ્કેરાયેલા શ્રીકૃષ્ણ બોલ્યા, "સારું ત્યારે દુર્યોધન ! મને લાગે છે કે તું મને સમજી શકવામાં નિષ્ફળ ગયો છે. ભલે ત્યારે... હવે આપણે યુદ્ધભૂમિ ઉપર જ મળીશું."

### ક્રોધે ભરાયેલા દુર્યોધનની વિદાય

એ વખતે દુ:શાસન બોલ્યો, "ભાઈ દુર્યોધન ! મને તો ચોક્કસ લાગે છે કે પાંડવોને રાજ અપાવી દેવા અને આપણને બંદીખાને પૂરી દેવા માટે આ શ્રીકૃષ્ણે પિતા ધૃતરાષ્ટ્રની સંમતિ લઈને કોઈ ષડયંત્ર રચ્યું છે."

દુઃશાસનના આ શબ્દો સાંભળતાં જ દુર્યોધને જોરથી પગ પછાડ્યો. મોટો ફૂંફાડો મારીને તે ઊભો થઈને સભામાંથી ચાલી ગયો.

આ રીતે ચાલ્યા જઈને દુર્યોધને સભાસદોનું અપમાન કર્યું છે તેમ ભીષ્મને લાગ્યું. તેમને ખૂબ દુઃખ થયું અને ક્રોધ પણ ચડ્યો.

### નિયતિ આગળ ભીષ્મ પણ ના-ઈલાજ

તેમણે શ્રીકૃષ્ણને કહ્યું કે, "કૃષ્ણ ! મને લાગે છે કે દુર્યોધનાદિ પાપીઓનો અંતકાળ હવે ખૂબ નજીકમાં છે. તે સિવાય આટલી બધી નીચતા તેમને સૂઝે નહિ. મને તો એ પણ લાગે છે કે આ પાપી પુત્રો દ્વારા કૌરવકુળનો મૂળથી સંહાર થશે. પણ હવે કોઈથી કાંઈ થઈ શકે તેમ મને લાગતું નથી.

જ્યાં કાળ જ બળવાન હોય ત્યાં માનવ શું કરી શકે ? ભલે ત્યારે...નિયતિને તેનું કામ કરવા દો."

### દુર્યોધનને કેદ કરવાની શ્રીકૃષ્ણની ભીષ્મને સલાહ

શ્રીકૃષ્ણે ભીષ્મને કહ્યું, "વડીલ પુરુષ ! આ પાપમાં તમે પણ ભાગીદાર છો તે વાતની નોંધ કરજો. તમે લોકો વડીલ તરીકેની તમારી સત્તા વાપરીને પહેલેથી જ એ પાપી દુર્યોધનને અટકાવી શક્યા હોત પણ તમે કદી તેમ કર્યું જ નથી. હું તો હજી પણ તમને વડીલજનોને કહેવા માંગું છું કે એ પાપાત્માને તમે કેદ કરો. આમ કરવામાં તમે સંકોચ ન રાખો. તમે પુત્રમોહાદિને આડા ન લાવો. પ્રજાને ત્રાસ આપતા કંસને મેં ઘડીના છઠ્ઠા ભાગમાં પૂરો કર્યો હતો તે તમે ક્યાં નથી જાણતા ! તમે જાણો છો કે આ આર્યાવર્ત્તમાં કુટુંબના હિત ખાતર વ્યક્તિનો ત્યાગ, ગામના હિત ખાતર કુટુંબનો ત્યાગ, સમાજના હિત ખાતર ગામનો ત્યાગ અને આત્માના હિત ખાતર પૃથ્વીનો-સર્વસ્વનો-ત્યાગ કરવાની પવિત્ર પરંપરા છે. તો તમારે સમગ્ર કૌરવકુળના હિત ખાતર હજી પણ દુર્યોધનને કબજામાં લેવો જ જોઈએ. અને જો તમે તેમ નહિ કરો, ગમે તે કારણે તે વાતની ઉપેક્ષા કરશો તો ભારતવર્ષના ઇતિહાસમાં તમારી આ કથા કાળા અક્ષરે લખાઈને જ રહેશે."

શ્રીકૃષ્ણની વાત સાંભળીને ભીષ્મે શરમથી માથું નીચે નાંખી દીધું.

### દુર્યોધનને ફરી સમજાવવા ધૃતરાષ્ટ્રની ગાંધારીને ભલામણ

શ્રીકૃષ્ણના આગઝરતા અને કટુતાભર્યા છતાં સાચા નિવેદનને સાંભળીને ધૃતરાષ્ટ્રને મનમાં થયું કે ગાંધારી દ્વારા દુર્યોધનને સમજાવવાનો એક છેલ્લો પ્રયત્ન હજી કરી લેવો જોઈએ. તેણે ગાંધારીને બોલાવીને કહ્યું કે, "દુર્યોધન નીચતાની હદ વટાવી ગયો છે. હવે તું તેને સમજાવે તો સારું."

ગાંધારીએ ધૃતરાષ્ટ્રને કહ્યું, "અતિ લોભી માણસ રાજા થવા માટે નાલાયક ગણાય. દુર્યોધન તેવો જ માણસ છે પણ તમે તો તેનાથી ય વધુ દોષિત છો, કેમકે તમે જ પુત્રમોહે અંધ બનીને, આજ સુધી લાડ લડાવીને તેના અવગુણોને પુષ્ટ થવા દીધા છે. તમે જ પુત્રમોહે અંધ બનીને તે તે સમયના તમારા ધર્મો(કર્તવ્યો)ને તિલાંજલિ આપી છે. હવે બધી બાજી બગાડી નાંખ્યા પછી તમે મને તે સુધારવાનું કહો છો એ શી રીતે શક્ય છે ?"

એ જ વખતે દુર્યોધન સભામાં આવ્યો. તેની આંખો લાલચોળ હતી. ક્રોધથી તે કંપતો હતો.

### દુર્યોધનને માતા ગાંધારીની સલાહ

પોતાની બાજુમાં બેસાડીને ગાંધારીએ તેના માથા ઉપર વાત્સલ્યભરપૂર હાથ ફેરવ્યો અને પછી તેને કહ્યું, "બેટા ! આજે તારી માતાને ઠીક લાગે તે તને કહેવા દે. તું શાન્તિથી મને સાંભળ. મને

લાગે છે કે કુરુસમ્રાટ બનવા માટે તું તદ્દન અપાત્ર છે. આમ કહેવાનું કારણ એ છે કે તારામાં લોભ, અહંકાર, ઈર્ષ્યા, ક્રોધ વગેરે અવગુણો પુષ્કળ છે અને તીવ્રતાવાળા છે. દીકરા ! જેની ઇન્દ્રિયો વશમાં નથી તે રાજની ધૂરા સંભાળી શકે નહિ એવી તારી માવડીની સમજ છે. જે ઇન્દ્રિયોને જીતી ન શકે તે શત્રુઓને પણ ન જીતી શકે. તારી દુર્બળતાઓ જ તારો એકમેવ શત્રુ છે. તું પહેલાં તેને જ કાબૂમાં લે.

દીકરા ! વધુ તો શું કહું ? બાકી તને જન્મ આપતી વખતે જે અપશુકનો થયા હતા તે તારી કૌરવકુળ-સંહારકતાને સૂચિત કરતા હતા. આમ છતાં તું અમારા વડે લાલનપાલન કરાઈને મોટો કરાયો છે. હવે તું મહેરબાની કરીને કૌરવકુળનો ઘાતક ન બન.

દીકરા ! આ જે શ્રીકૃષ્ણ છે તે તો અતિ પરાક્રમી રાજા છે. તેનો મુકાબલો કરવાની વિશ્વના બધા રાજાઓની-ભેગા થઈને પણ-તાકાત નથી. તું તેમની પ્રત્યેક વાતને સ્વીકાર અને લડવાનું ટાળીને તેમના કહેવા મુજબ પાંડવોની સાથે પાંચ ગામ દઈને પણ સમાધાન કરી લે.

મને તો ખાતરી છે કે જેમના પક્ષે શ્રીકૃષ્ણ છે તેવા પાંડવોને તો તું કદાપિ જીતી શકે તેમ નથી.

મને તો ખાતરી છે કે જ્યાં ધર્મ છે ત્યાં જ વિજય છે. દીકરા ! તારા પક્ષે ધર્મ નથી માટે તારો વિજય શક્ય જ નથી."

ગાંધારીની વાતનું ધૃતરાષ્ટ્રે ફરીથી બોલીને સમર્થન કર્યું.

આ સાંભળીને ફરીથી દુર્યોધન ખૂબ અકળાઈને સભામાંથી પગ પછાડતો ચાલી ગયો.

### શ્રીકૃષ્ણને પકડી લેવા દુર્યોધનનું કાવતરું

તે બહાર નીકળ્યો કે તરત તેના મિત્રો તેની ફરતે વીંટળાઈ ગયા.

દુર્યોધને તેમને કહ્યું, "હવે તો મારા હિતચિંતકો (!) પણ મારી સામેના કાવતરામાં સામેલ થયા છે. કાંઈ વાંધો નહિ. હું તેમને પણ મારા ઝપાટામાં લઈને પૂરા કરીશ. પણ હાલ તુરતમાં તો આપણે પેલા કૃષ્ણને જ કેદ કરી લેવો પડશે, કેમકે આ બધા કારસ્તાનનો પ્રણેતા તે જ છે."

રાજસભામાં બેઠેલા શ્રીકૃષ્ણને સંકેત માત્રથી તેના ગાઢ સાથીદાર સાત્યકીએ જણાવી દીધું કે તમને પકડી લેવાનું કાવતરું ઘડાઈ ગયું છે.

### શ્રીકૃષ્ણનું રૌદ્રસ્વરૂપ

અને...ભારે ક્રોધાવેશમાં શ્રીકૃષ્ણ ઊભા થયા. આખી સભાને ધ્રુજાવી નાંખતા શબ્દોમાં તે બોલ્યા, "મને એમ લાગે છે કે મારે દુર્યોધનને અત્યારે જ ખતમ કરી નાંખવો જોઈએ.

પણ મારી કૃપા ઉપર જ હું તેને છોડી દઉં છું. વળી એ પાપાત્માને મારવાની મારે શી જરૂર ? પેલા પરાક્રમી પાંડવો જ એને પૂરો કરવાની તાકાત ક્યાં નથી ધરાવતા ? આથી જગતને પણ પાંડવોના પરાક્રમની ખબર તો પડશે !"

એ સમયના શ્રીકૃષ્ણનું જે રૌદ્રસ્વરૂપ હતું તેને જોઈને ભીષ્મ વગેરેને લાગ્યું કે આ રૌદ્રતા ખરેખર કૌરવકુળનું નિકંદન કાઢી નાંખશે. એટલે તેઓ શ્રીકૃષ્ણની પાછળ ચાલ્યા. તેમનો હાથ પકડી લઈને ભીષ્મે રોક્યા.

### શ્રીકૃષ્ણને ભીષ્મની લુચ્ચાઈભરી સલાહ

ભીષ્મે પોતાની પક્ષપાતભરી ચાલ રમી નાંખી. તેણે શ્રીકૃષ્ણને કહ્યું, "આપ ક્રોધ ન કરશો. આપનો ક્રોધ સમગ્ર કૌરવકુળનું અત્યારે જ નિકંદન કાઢવા સમર્થ છે. આપ એ અપકીર્તિ શા માટે

વહોરો છો ? હું તો આપને સલાહ આપું છું. આપે તે સ્વીકારવી જોઈએ કે આપ એ પાંડવ-કૌરવોની લડાઈમાં ક્યાંય વચ્ચે ન આવતા, કોઈનો ય પક્ષ ન લેતા. પાંડવો અને કૌરવોને પરસ્પર લડી મરવું હોય તો ભલે લડી મરે. પણ આપ પક્ષકાર બનીને એ અપકીર્તિનો ભોગ ન બનતા.''

**ભીષ્મ-વચનનો શ્રીકૃષ્ણ દ્વારા અંશતઃ આદર**

શ્રીકૃષ્ણે કહ્યું, ''પાંડવો તો મારા બળના સાથથી જ કૌરવો સામે ટકરાવાની તૈયારી કરે છે. હવે મારાથી તેમનો પક્ષ કેમ મૂકી દેવાય ! પણ તમારા જેવા વડીલોના વચનને નિષ્ફળ નહિ જવા દેવા માટે હું એટલું જરૂર કહીશ કે હવે હું અર્જુનના રથનો માત્ર સારથિ બનીશ, શસ્ત્ર નહીં ઉપાડું.

વળી પાંડવો તો એટલા બધા પરાક્રમી છે કે તેમને વિજય પામવામાં શસ્ત્રસજ્જ કૃષ્ણની જરૂર પણ નથી.''

**શ્રીકૃષ્ણ પાસે દુર્યોધન અને અર્જુનની યાચના**

વ્યાસકૃત મહાભારતમાં શ્રીકૃષ્ણની આ પ્રતિજ્ઞાને વિભિન્ન પ્રસંગમાં રજૂ કરવામાં આવી છે. તે પ્રસંગ આ મુજબ છે :

દુર્યોધન અને અર્જુન બન્ને યુદ્ધમાં શ્રીકૃષ્ણની  પોતાના પક્ષે સહાય માંગવા તેમની પાસે ગયા હતા. તે વખતે શ્રીકૃષ્ણ આરામ કરતા હતા. પ્રથમ દુર્યોધન આવ્યો અને તે શ્રીકૃષ્ણના મસ્તક આગળ બેસી ગયો. થોડી વાર બાદ અર્જુન આવ્યો. તે શ્રીકૃષ્ણના પગ પાસે બેસી ગયો.

જ્યારે શ્રીકૃષ્ણે આંખ ઉઘાડી ત્યારે તેમણે પગ પાસે બેઠેલા અર્જુનને પહેલો જોયો. ત્યાર પછી માથા પાસે બેઠેલા દુર્યોધનને જોયો.

શ્રીકૃષ્ણને દુર્યોધને કહ્યું, ''હું આપની પાસે પ્રથમ આવ્યો છું. મારે આપની યુદ્ધમાં મદદ જોઈએ છે.''

દુર્યોધનની ઉછાંછળી અને સ્વાર્થભરી લાગણી ઉપર કટાક્ષ કરતાં સ્મિતમાં શ્રીકૃષ્ણ બોલ્યા, ''ભાઈ ! તું ભલે પહેલો આવ્યો પરંતુ મેં તો અર્જુનને પહેલો જોયો છે માટે મારે તેની સાથે જ પહેલી વાતચીત કરવી જોઈએ. વળી તે તારાથી નાનો પણ છે માટે ય તેનો વાત કરવાનો અધિકાર પ્રથમ છે, માંગણી કરવાનો અધિકાર પણ પ્રથમ છે.

તમે બંને યુદ્ધમાં મારી મદદ માંગવા આવ્યા છો એ મને સમજાઈ ગયું છે. મારી પાસે બે વસ્તુ છે : એક હું પોતે અને બીજું મારું સૈન્ય. આમાંથી તમે બન્ને એકેકી વસ્તુ માંગી શકો છો. પણ તમે એટલું યાદ રાખજો કે જ્યાં હું હોઈશ ત્યાં નિઃશસ્ત્ર હોઈશ અને સૈન્યહીન હોઈશ. હવે અર્જુનને જે માંગવું હોય તે માંગી લે, શેષ દુર્યોધનનું.''

આ વખતે દુર્યોધનના હૃદયની ધડકન એકદમ વધી ગઈ. તેને થયું કે અર્જુન શસ્ત્રસજ્જ મહાબળવાન સૈન્ય માંગી લેશે અને મારે ભાગે એકલા કૃષ્ણ-તે પણ શસ્ત્રહીન-આવશે. અરેરેરે ! હવે શું થશે ?

પણ અર્જુને તો શ્રીકૃષ્ણને માંગ્યા. એ વખતે દુર્યોધનના આનંદનો કોઈ સુમાર ન રહ્યો. યુદ્ધમાં પોતાનો વિજય તે જ પળે તેણે નિશ્ચિત કરી લીધો.

દુર્યોધનને આનંદવિભોર બનીને જતો શ્રીકૃષ્ણે અને અર્જુને જોયો.

શ્રીકૃષ્ણે અર્જુનને પૂછ્યું, ''શું તને એમ નથી લાગતું કે શસ્ત્રહીન શ્રીકૃષ્ણને માંગીને તું થાપ ખાઈ ગયો છે ?''

સ્મિત કરીને પ્રણામ કરતાં અર્જુન બોલ્યો, ''જી નહિ, ભગવન્ ! મારે તે વિરાટ સૈન્યની શી

જરૂર જો મને આપ મળતા હો તો ! અને મારે તો આપની પણ શી જરૂર જો મને આપની હાર્દિક કૃપા મળી જતી હોય તો ! આપની કૃપા જ મારું સર્વસ્વ છે. યુદ્ધમાં વિજય અપાવવાની તાકાત કેવળ આપની કૃપામાં છે. દુર્યોધનને આપનું વિરાટ સૈન્ય પ્રાપ્ત થયું તેનો મારા મનમાં લગીરે પણ અફસોસ નથી."

અર્જુનની ઉત્તમતા કેટલી બધી છે તેનો ખ્યાલ આજે શ્રીકૃષ્ણને વિશેષ આવ્યો.

### આર્યાવર્તમાં કૃપાનું ઊંચું મહત્ત્વ

વ્યાસ-મુનિએ અર્જુનના હૈયામાં પડેલો ભગવદ્‌ભક્તિભાવ આ વાર્તાલાપમાં અત્યન્ત જીવંત બનાવી દીધો છે. આપણી નજર સમક્ષ શ્રીકૃષ્ણને પ્રણામ કરીને કહેતો અર્જુન આવે છે કે, "મારે તો આપની કૃપા હોય તો પણ ઘણું છે !"

આર્યાવર્ત્તના ઉત્તમ માણસો દેવ અને ગુરુની કૃપાને જ-તેના પ્રભાવને જ-પોતાના કોઈ પણ વિકાસમાં મુખ્ય કારણ માનતા હતા.

મહોપાધ્યાયજીએ એક સ્તવનમાં કહ્યું છે કે, "કાળ, સ્વભાવ, પુરુષાર્થ કે કર્મ એ બધા મોક્ષના ગૌણ હેતુ છે. મુખ્ય હેતુ તો ભગવાનની કૃપા જ છે."

આ જ વાત અવધૂત મહાત્મા આનંદઘનજીએ કરી છે કે, "હે ભગવાન ! સંસાર પાર ઊતરવાનું કામ અમારા માટે અતિશય મુશ્કેલ છે, પરંતુ જો તારી કૃપા થઈ જાય તો તે ય પછી છોકરાની રમત જેટલું સરળ થઈ જાય છે."

અન્યત્ર કહ્યું છે કે, "વિષય-વાસનાઓનો પરિત્યાગ, તત્ત્વનું દર્શન કે આત્માનો સાક્ષાત્કાર વગેરે તેને જ દુર્લભ છે જેને સદ્‌ગુરુની કૃપા મળી નથી."

નાસ્તિક તે છે જે પોતાના વિકાસમાં પોતાને(પુરુષાર્થને) કારણ માને છે.

આસ્તિક તે છે જે પોતાના વિકાસમાં પુણ્યકર્મને કારણ માને છે.

ધર્મી તે છે જે પોતાના વિકાસમાં દેવગુરુની કૃપાને જ કારણ માને છે.

દેવગુરુની કૃપાની ત્રણ મોટી તાકાત છે. એક તો એ જેને મળે છે તેની પાસે પાપો પેદા કરતી સામગ્રીઓ આવી શકતી નથી. બીજું, તેનો પુણ્ય-પ્રકર્ષ થઈ જઈને તે જ ભવમાં ઉદયભાવ પામી જાય છે. ત્રીજું, તેનામાં નમ્રતા, સરળતા, નિઃસ્પૃહતા અને ધર્મનિષ્ઠા-આ ચાર ગુણો અવશ્ય આવે છે.

### સંખ્યામાં શક્તિ માનતા દુર્યોધનની મહાભૂલ

અર્જુન સાચે જ કૃપાના પદાર્થને આત્મસાત્ કરી ગયો હતો, નહિ તો તે શ્રીકૃષ્ણને બદલે તેના વિરાટ સૈન્યને મેળવવાની ભયાનક ભૂલ કરી બેસત.

બિચારો દુર્યોધન ! સંખ્યામાં શક્તિ માનનારો ! ચાવીના ઝૂડામાં સૌથી મોટો ચાવો તો હલકા માલના ગોડાઉનનો હોય, મૂલ્યવાન ઘરેણાં-ભરેલી તિજોરીના ખાનાની તો સૂક્ષ્મ ચાવી હોય. પણ ચાવાની વિશાળતા ઉપર જે મૂલ્ય આંકવા જાય તે તો થાપ જ ખાય. દુર્યોધન આવી જ ભૂલ કરી બેઠો !

સંખ્યાનું બળ એ તો અસુર છે. જેટલું મોટું સંખ્યાબળ એટલો મોટો અસુર. એને સંખ્યાસુર કહેવાય. ગુણવત્તાનું બળ એ જ દેવ છે. એ દૈવીબળ કહેવાય.

### ભારતીય પ્રજાના સર્વનાશનું મૂળ : બહુમતવાદની માન્યતા

ભારતદેશની પ્રજાની ઉત્તરોત્તર વધતી જતી બરબાદીના મૂળમાં આ સંખ્યાસુર છે. આજના બુદ્ધિજીવી વર્ગે બહુમતીમાં ભગવાન શોધ્યો છે, માન્યો છે અને તેને પૂજ્યો છે. આ એક જ ભયાનક ભૂલ ભારતીય પ્રજાને સર્વનાશની ખાઈ તરફ ઢસડી રહી છે.

અભણો, ગરીબો, પછાતો, લુચ્ચાઓ, સત્ત્વહીનોની જ હંમેશ સર્વકાળમાં બહુમતી હોય. આ કક્ષામાં વિચારોની ગુણવત્તા અત્યંત ઓછી હોય. તેમનામાં દીર્ઘદૃષ્ટિ સામાન્યતઃ તો ન જ હોય. આવા લોકોના મત ઉપર જ જો નિર્ણય કરવાનો હોય અને તે ભગવાનનો નિર્ણય ગણાતો હોય તો એના જેવી મૂર્ખતા જગતમાં બીજી કોઈ નહિ હોય. આ રીતે જે નિર્ણયો લેવાતા ગયા છે તેણે ભારતમાં ભયાનક અંધાધૂંધી પેદા કરવાની પૂર્વભૂમિકા તૈયાર કરી લીધી છે.

અયોગ્યને વધુ યોગ્ય, અપાત્રને વધુ પાત્ર માનવાના પરિણામે તે અયોગ્યાદિને અજીર્ણ પેદા થાય છે. એ દેશ, પ્રજા, સંસ્કૃતિ અને ધર્મ- બધાયના ગૌરવોને ખંડિત કરીને ખતમ કરી નાંખતું હોય છે.

હાથ કરતાં માથાનું મૂલ્ય હંમેશ વધારે છે, પછી ભલે હાથ બે હોય અને માથું એક જ હોય.

### સંખ્યાસુર ઉપર નભતી લોકશાહી ખતરનાક

આલ્બર્ટ આઈન્સ્ટાઈન કે ગાંધીજી અને રસ્તે ચાલ્યો જતો ચીંથરેહાલ પાગલ-એ બે ય ની આંગળીનું સરખું મૂલ્ય કદાપિ ન હોઈ શકે. જ્યાં આવું સરખું મૂલ્ય ગણાતું હોય ત્યાં સર્વ ગુણોનું, સઘળાં ગૌરવોનું, સઘળી મર્યાદાઓનું અવમૂલ્યન થયા વિના રહી શકે નહિ.

લોકશાહીનો પ્રાણ જો સંખ્યાસુર હોય તો ખૂબ નિશ્ચિતરૂપે સમજી રાખવું જોઈએ કે એ લોકશાહી જેટલો વધુ સમય જીવે તેટલી પ્રજાની અને સંસ્કૃતિની વધુ ખાનાખરાબી થાય. હા, સરમુખત્યારશાહી દેશોની એક ઝાટકે થઈ જતી ખાનાખરાબીથી તો લોકશાહીથી થતી ખાનાખરાબી ખૂબ જ વધારે હોય, કેમકે લોકશાહીમાં ધીમા તાપે શેકાતી અને તેમાંથી સર્જાતી ખાનાખરાબી હોય.

ખેર, ધર્મમહાસત્તા જ્યારે જાગશે ત્યારે આ સંખ્યાસુર ધરતી ઉપર ચત્તોપાટ થઈને પડેલું માત્ર મડદું જ હશે.

સંતશાહી અને લોકશાહીમાં પાયાનો ફરક છે. સંતશાહીમાં સંતોના વિચારો રાજાઓને માન્ય, પ્રધાનોને માન્ય, રૈયતને માન્ય, શૂદ્ર સહિત સર્વને માન્ય હોય છે. ઉપરથી ઉતરેલો સુંદર વિચાર નીચે-નીચેના સહુને માન્ય થતો જાય.

લોકશાહીમાં નીચેના સ્તરની બહુમતીના જોરે નક્કી કરાયેલો વિચાર ઉપર ઉપરના બુદ્ધિમાન સ્તરોને માન્ય કરવો પડે, અન્યથા તેમની ખુરશી ઉલળી જાય.

ઉપરથી ઊતરતો સારો વિચાર જ્યાં સર્વમાન્ય બને તે સંતશાસન અને નીચેથી ઉપર જતો હલકો વિચાર સર્વમાન્ય કરવો પડે તે લોકશાસન.

આથી જ લોકશાહી ટોળાશાહીમાં રૂપાન્તર પામીને ગુંડાશાહીએ જઈ અટકી છે. એના કરતાં સંતોની કે સજ્જનોની સરમુખત્યારશાહી અત્યન્ત સારી ગણાય.

ક્યો ડાહ્યો રાષ્ટ્રભક્ત ગાંધીજીને ડિક્ટેટરશિપ આપવા સાથે રાજ કરવા દેવાની ના પાડત ?

જે ઘરમાં સારા વડીલનું શાસન-સરમુખત્યારી શાસન-છે તે જ ઘર બધી રીતે સમૃદ્ધ બને છે. જ્યાં આજે જ ઊગી નીકળેલા છોકરડાંઓની બહુમતીના વિચારે બાપાઓને અને દાદા-દાદીને ચાલવાની ફરજ પડે છે એ ઘર ટૂંક સમયમાં જ કુસંપાદિનો ભોગ બનીને ઊજડી જાય છે.

શ્રીકૃષ્ણે રાજા પાંડુને પોતાની સાથે આવવા અને પુત્રોની સાથે રહેવા માટે વિનંતી કરી પણ

તેમણે ના પાડીને કહ્યું, "પુત્રો વિજયી બને પછી જ હું તેમનો પ્રેમ ભોગવીશ. હવે તો યુદ્ધ અને વિજય બે જ મારા મનમાં રમે છે !"

ભીષ્માદિ વડીલોને વિદાય આપતી વખતે શ્રીકૃષ્ણે કર્ણનો હાથ પકડી રાખ્યો. જેવા બધા પાછા ફર્યા ત્યારે શ્રીકૃષ્ણે રથમાં ચડતી વખતે કર્ણને પણ રથમાં સાથે સાથે લઈ લીધો. રથ સડસડાટ ગતિ કાપવા લાગ્યો.

### છેવટે યુદ્ધ માટે ઉત્સુક શ્રીકૃષ્ણ

શ્રીકૃષ્ણ હજી પણ યુદ્ધ ન થાય તે માટે અત્યંત આતુર હતા તે વાત કર્ણ અંગેના છેલ્લા પ્રયત્નમાં આપણને સ્પષ્ટ જોવા મળશે. પણ જો યુદ્ધ થઈને જ રહેવાનું હોય તો શ્રીકૃષ્ણ યુદ્ધ માટે પણ એટલા જ ઉત્સુક હતા. એ યુદ્ધમાં તેઓ ના-યુદ્ધના દયાભાવને લગીરે વચમાં લાવવા માટે તૈયાર ન હતા. અરે, ભીષ્મ પિતામહ કે દ્રોણાચાર્યને માટે પણ તેઓ દયા ખાવા જરાય તૈયાર ન હતા, કેમકે તે અસંદિગ્ધપણે માનતા હતા કે દુષ્ટ જેટલો દુષ્ટ છે તેટલા જ દુષ્ટ તેની સાથે રહીને તેને સાથ આપનારા તત્ત્વો છે.

### ભીષ્મે અંતે નિષ્પક્ષ રહેવું જરૂરી હતું

ભીષ્મ પિતામહના સ્થાને હતા માટે તે પોતાની સત્તા વાપરીને પણ દુર્યોધનનો યુદ્ધમદ નિવારી શક્યા હોત. બેશક, તેમનાથી યુદ્ધ નિવારી ન શકાયું તો તેમણે યુદ્ધમાં દુર્યોધનના પક્ષે બિલકુલ ભાગ લેવો જોઈતો ન હતો. વિભીષણની જેમ તેમણે ન્યાયના પક્ષે રહેલા પાંડવોની તરફેણમાં ચાલ્યા જવું જોઈતું હતું અથવા છેવટે બે ય પક્ષોથી પર થવું જોઈતું હતું. આમ ન કરતાં તેમણે દુર્યોધનનો પક્ષ લઈને નિર્બળ દુર્યોધનને યુદ્ધ લડવા માટે ખૂબ જ બળવાન બનાવી દીધો.

### અપેક્ષાએ અર્જુનથી ય હેઠ દ્રોણ

આવું જ દ્રોણાચાર્યે પણ કર્યું છે. તે ગુરુના સ્થાને હતા. વિદ્યાગુરુ કૃપાચાર્યથી પણ વધુ મહાન જ્ઞાની હોવાથી તેમને ગુરુમહ પણ કહી શકાય. આવા ગુરુમહે પોતાના શિષ્યો : કૌરવોને યુદ્ધ કરતાં કેમ રોક્યા નહિ ? વળી જ્યારે તેમને પાંડવોમાં ય અર્જુન તો અત્યંત વહાલો હતો ત્યારે તે જ અર્જુનની સામે અંતે એ પોતે જ કેમ લડવા સજ્જ બન્યા ?

આ પિતામહ અને ગુરુમહ કેટલા નિષ્ઠુર થયા હશે ત્યારે તેઓ પુત્રો અને શિષ્યોને હણવા માટેનું યુદ્ધ લડ્યા હશે ? એ કરતાં તો ધન્યવાદ છે તે અર્જુનને કે જે તેઓની સામે લડવાને બદલે વનવાસ પસંદ કરી લઈને શ્રીકૃષ્ણને જણાવે છે કે, "રણમેદાનેથી રથ પાછો વાળી દો. મારાથી મારા જ વડીલોની સામે શસ્ત્ર ઉપાડવાનું કામ લગભગ અશક્ય છે."

### અંતે કર્ણને ય સમજાવતા શ્રીકૃષ્ણ

તેજ ગતિથી ચાલ્યા જતા રથમાં બેઠેલા શ્રીકૃષ્ણ કર્ણને પ્રેમથી કહેવા લાગ્યા, "કર્ણ ! તારા જેવા વીર પુરુષનું બળ દુર્યોધનને મળ્યું છે માટે જ તેને યુદ્ધજ્વર પેદા થયો છે એ વાત તું બરોબર સમજી લેજે. જો કૌરવપક્ષે કર્ણ ન હોય તો કુરુક્ષેત્રનું યુદ્ધ લડવા માટે દુર્યોધન હરગીજ તૈયાર ન હોય. કર્ણ ! શું તું પણ યુદ્ધકીય માનવસંહારને ઈચ્છે છે ? તું કેટલો દયાળુ છે ! અને છતાં આટલો નિર્દય થવા તૈયાર થયો છે ? શું આ મહાસંહારને નિવારવા માટે તારે દુર્યોધનના પક્ષેથી ખસી જવું ન જોઈએ ?"

'વળી કર્ણ !' એમ કહીને શ્રીકૃષ્ણ કર્ણની ખૂબ નજીકમાં આવ્યા. તેના કાન પાસે મોં લાવીને તેને ખૂબ ધીમેથી કહ્યું કે, "તું રાધેય નથી પણ તું કૌન્તેય છે ! આ વાત થોડા જ સમય પહેલાં મને મારી કુન્તી ફોઈએ-તારી સગી જનેતાએ-કરી છે."

### પોતે કૌન્તેય છે એ જાણીને કર્ણની સ્તબ્ધતા

આ શબ્દો સાંભળતાં જ જાણે કર્ણના માથે વીજળી પડી. "અરે ! હું કૌન્તેય છું ? શું પાંડવો મારા સગા ભાઈઓ છે ? શું પાંડુ મારા પિતાજી છે ? અરે, અરે, શું હું આટલો બધો ભાગ્યવાન છું ?"

કર્ણના મોં ઉપર ઝપાટાબંધ ફરતા જતાં વિસ્મય, ખેદ, આઘાત વગેરેના ભાવોને માપી રહેલા શ્રીકૃષ્ણ ફરી બોલ્યા, "કર્ણ ! તું પાંડવ છે અને પાંડવોમાં પ્રથમ છે. યુધિષ્ઠિરનો તું સગો મોટો ભાઈ છે ! જો તું પાંડવપક્ષે આવી જઈશ તો યુદ્ધ બંધ રહેશે અથવા યુદ્ધ થશે તો ય પાંડવોને રમતમાં વિજય મળશે અને ત્યારે હસ્તિનાપુરનો નરેશ જયેષ્ઠ પાંડુપુત્ર કર્ણ જ થશે. હવે તું મારી વાત સમજયો ?"

આમ કહ્યા પછી એકદમ ટૂંકમાં કર્ણ શી રીતે કૌન્તેય છે તે આખી ઘટના કુન્તીમુખે સાંભળેલી કર્ણને જણાવી દીધી.

કર્ણના મગજમાં વિચારોનું ઘમ્મરવલોણું ચાલુ થયું. તેણે પોતાનું માથું બે હાથે પકડી લીધું, દબાવી દીધું. થોડીક વાર તે જ સ્થિતિમાં તે બેસી રહ્યો.

### અંતે કર્ણને સમજાવવામાં ય કૃષ્ણની નિષ્ફળતા

કર્ણનું મન બોલતું હતું, "શું પાંડવો મારા નાના ભાઈઓ છે ? અર્જુન કે જેને મારવા માટે મેં સંકલ્પ કર્યો છે તે શું મારો સગો નાનકડો ભાઈલો છે ?

અરે ! અરે ! તો શું હવે મારે તેમને જ હણવાના છે ? અથવા શું તેઓ દ્વારા તેમના જ સગા મોટા ભાઈ કર્ણની હત્યા થશે ? હાય, આ શું ?"

થોડીવાર થઈ અને એનું મન બોલવા લાગ્યું, "ખેર, જે હોય તે સગપણ...પણ મારે તો દુર્યોધનના પક્ષે જ રહેવું પડશે, કેમકે મેં તેને પહેલેથી જ મારી આજીવન મૈત્રીનો કોલ આપી દીધો છે. મારો પ્રાણત્યાગ તેની સેવામાં જ કરવાનો મારો દૃઢ સંકલ્પ છે. કર્ણ કદી પોતાના વચનથી ચલાયમાન થનાર નથી, પછી એ કારણે જે પરિસ્થિતિ પેદા થવી હોય તે ભલે થાય અને જે પરિણામ આવવું હોય તે ભલે આવે.

વળી કૌન્તેય તરીકે પ્રસિદ્ધ થવામાં મારી શું ઈજ્જત છે ? જે માતા પોતાના માસૂમ સંતાનને નદીના પ્રવાહમાં વહેતો મૂકી દેવા સુધી ઘાતકી બને-પાપ એનું અને સજા કોકને-એવી ક્રૂર માતાના સંતાન તરીકે જાહેર થવામાં મને શું ગૌરવ ? અરે ! એ તો મને શરમભર્યું લાગે છે. બહેતર છે કે હું રાધાનો જ પુત્ર રહું. પોતાના પેટનું સંતાન ન હોવા છતાં જેણે ભરી ભરીને વહાલ આપ્યું એ જ મારી માતા છે. એના પુત્ર તરીકે, રાધેય તરીકે રહેવામાં જ મારું ગૌરવ છે. પછી ભલે હું સૂતપુત્ર તરીકેની અવહેલના જીવનના અન્ત સુધી પામતો રહું. મને તે ખૂબ મંજૂર છે.

ધિક્કાર છે તે ઉત્તમ ગણાતા ક્ષત્રિયકુળને, જેમાં કુન્તી જેવી ક્રૂર માતાઓ પાકી છે. મારે તેવા ક્ષત્રિયકુળના નભોમણિ બનવું નથી."

અને માથું ઊંચું કરીને શ્રીકૃષ્ણને કર્ણે પોતાના મનની બધી વાત કરી. શ્રીકૃષ્ણનો ના-યુદ્ધ માટેનો છેલ્લો પ્રયત્ન પણ નિષ્ફળ ગયો. તેમણે પણ તે પ્રયત્નો ઉપર છેલ્લો પડદો નાંખી દઈને રથ ઊભો રખાવીને કર્ણને ઉતારીને વહાલભરી વિદાય આપતા કહ્યું, "હવે આપણે કૃષ્ણ અને કર્ણ કુરુભૂમિના મેદાનમાં જ મળીશું."

કર્ણે સ્મિત કરીને તે વાતનો ખૂબ નિર્ભીકતાથી સ્વીકાર કર્યાનું સૂચન કરીને વિદાય લીધી.

### અર્જુન સિવાય પાંડવોને નહિ મારવાનું કર્ણનું વચન

માતા કુન્તી પ્રત્યે હૈયાના કોઈ અવાવરુ ખૂણે પેદા થયેલા ભક્તિભાવને લીધે વિદાય લેતાં પહેલાં કર્ણે શ્રીકૃષ્ણને કહ્યું, ''કૃષ્ણ ! એટલું તમને જણાવીશ કે જ્યારે પાંડવો મારા સગા ભાઈઓ છે ત્યારે હું અર્જુન સિવાયના ચારને હણીશ નહિ. હા, અર્જુનને તો હું મારીશ જ. મને પહેલેથી જ તેના તરફ ધિક્કાર છે. કદાચ હું તેને મારીશ અથવા તે મને મારશે. બેમાંથી જે કાંઈ પણ બનશે તેમાં પાંડવો તો પાંચ જ રહેશે, કેમકે હવે તો હું પણ પાંડવ જ છું ને ! આમ મારી માતા કુન્તી-જે પાંચ પાંડવોની માતા તરીકે ખ્યાતિ પામી છે તે-કાયમની બની રહેશે. મને લાગે છે કે તેથી માતાને ખૂબ સંતોષ થશે.''

અને કર્ણે વિદાય લીધી.

રથે એનો માર્ગ પકડ્યો.

### કર્ણ : દાનેશ્વરી, ઋણદૃષ્ટા છતાં અ-ન્યાયી

હા, કર્ણ દાનેશ્વરી હતો માટે જ કહેવાય છે કે તેણે જાનને જોખમમાં મૂકીને પણ ઈન્દ્રે માંગેલા-સૂર્યે ના પાડવા છતાં-કવચ અને કુંડલ આપી દીધા હતા.

હા, કર્ણ ઋણદૃષ્ટા હતો માટે જ તેણે દુર્યોધન અને રાધાના માથે ચડેલા ઋણનો સદા સ્વીકાર કર્યો છે.

પણ કર્ણ ન્યાયી ન હતો. એથી જ વસ્ત્રાહરણના પ્રસંગમાં અન્યાયના પક્ષે રહ્યો અને હલકી વાણી બોલ્યો. એથી જ 'ના-યુદ્ધ' માટે પ્રયત્ન ન કર્યો અને ફલતઃ કુરુક્ષેત્રના મેદાનના યુદ્ધનો પ્રેરક-પ્રણેતા પણ બની રહ્યો.

33.

# ઓળખી લો; સમષ્ટિના હત્યારાઓને !

શ્રીકૃષ્ણનો રથ તીવ્ર વેગથી દ્વારિકા તરફ જઈ રહ્યો છે. એ દ્વારિકા પહોંચે તે દરમ્યાન આપણે થોડું વિહંગાવલોકન કરીએ.

બને ત્યાં સુધી યુદ્ધ નહિ છેડવાની હૃદયની સાચુકલી ભાવના હોવા છતાં જ્યારે તેમાં દુર્યોધનાદિ તરફથી સાનુકૂળ પ્રતિભાવ સાંપડ્યો નહિ ત્યારે શ્રીકૃષ્ણે લડી લેવાનો દૃઢ સંકલ્પ કરી દીધો. ક્ષણ પૂર્વની કરુણાના સ્થાને કઠોરતા ગોઠવાઈ ગઈ. ક્ષણ પૂર્વેનું ગંભીર મુખ હવે વધુ ગંભીર બની ગયું.

શું શ્રીકૃષ્ણનો આ નિર્ણય વ્યાજબી હતો ?

**શ્રીકૃષ્ણની પક્કા રાજકારણી તરીકેની ભૂમિકા**

શ્રીકૃષ્ણ અત્યારે ભગવાનની ભૂમિકાએ નથી પણ પક્કા રાજકારણીની ભૂમિકામાં છે. ભગવાન તો યુદ્ધ છેડવાના અપરિહાર્ય પ્રસંગે પાંડવોને બોધ આપીને દીક્ષાના માર્ગે જ ચડાવી દે. આવું આદિનાથ ભગવાને કર્યું જ હતું.

શ્રીકૃષ્ણ તેમ કરતા નથી, પરંતુ હવે યુદ્ધ માટે તૈયાર થયેલા પાંડવોને ઉશ્કેરે છે, કારણ કે તેમની સામે સમગ્ર પ્રજાના સુખ, શાંતિ અને ધર્મની ધારણાનો સવાલ ઊભો હતો. દુષ્ટોના હાથમાં જો રાજ રહે તો પ્રજા પણ દુષ્ટ પાકે. '***राजा कालस्य कारणम्, यथा राजा तथा प्रजा*** એવી ઉક્તિઓ ખૂબ જ યથાર્થ છે.

આથી દુર્યોધનાદિ દુષ્ટ કૌરવોના શાસનને ખતમ કરીને રાજા તરીકે અત્યંત યોગ્ય એવા પાંડવોના શાસનને સ્થાપ્યા વિના શ્રીકૃષ્ણ પાસે બીજો કોઈ ઉપાય ન હતો. આ માટે જે કાંઈ ભોગ આપવો પડે તેમાં તેઓ પોતાનું અનિવાર્ય કર્તવ્ય સમજતા હતા.

અધિકારી પુરુષો જો આવા વખતે સ્વકર્તવ્ય બજાવે નહિ તો સમગ્ર પ્રજાનું નિકંદન નીકળી જાય.

**પ્રજા અને સંસ્કૃતિ આગળ વ્યક્તિનું કોઈ મૂલ્ય નથી**

દુર્યોધન એટલો બધો સ્વાર્થી, અન્યાયી અને નીચ હતો કે કૃષ્ણ તેને કોઈ પણ સંયોગમાં રાજા તરીકે નભાવી શકે તેમ ન હતા. જે માણસો પોતાના સ્વાર્થ ખાતર બીજાઓનું બધું જ ધનોતપનોત કરી નાંખવા સુધી તૈયાર થાય તે માણસો અધમથી પણ અધમ કહેવાય. દુર્યોધન આવી જ કક્ષાનો અધમાધમ માણસ હતો એવો શ્રીકૃષ્ણનો ખ્યાલ હતો, જે તદ્દન વાસ્તવિક હતો.

આવા માણસો જેટલો વધુ સમય શાસક તરીકે કોઈ પણ સ્થાનમાં રહે તેટલું વધુ નુકસાન સમગ્ર પ્રજાને થાય. પ્રજાના હિત આગળ ગમે તેટલી મોટી વ્યક્તિનું કોઈ મૂલ્ય નથી જો તે પ્રજાને નુકસાન કરતી હોય તો.

પૂર્વે થયેલા વેન વગેરે દુષ્ટ રાજાઓને આવા જ કારણે ઋષિઓએ ઉઠાડી મૂક્યા હતા. જૈનાચાર્ય કાલકસૂરિજીને-તેઓ સંસારત્યાગી હોવા છતાં-આતતાયી ગર્દભિલ્લ રાજાને હરાવીને જંગલનિકાલ કરવાની ફરજ પડી હતી.

ધર્મના બે પાસાં છે : જેનાથી પોતે દુર્ગતિમાં પડતો અટકે તે ધર્મ. વળી જેનાથી બીજાઓ-સમાજ કે સંઘ-દુર્ગતિમાં પડતા અટકે તે ધર્મ.

ધર્મ બંનેયની ધારણા કરે છે; સ્વની અને સર્વની. હેતુપૂર્વક બીજાઓના જીવનોને પાયમાલ કરતો ધર્મ પોતાના જીવનનું કલ્યાણ કદી હાંસલ કરી શકતો નથી.

શ્રીકૃષ્ણ એવા અધિકારી-સ્થાને હતા કે તેમને યુદ્ધ દ્વારા દુષ્ટોનો નાશ કરીને પ્રજાને ઉગારી લેવા સિવાય કોઈ વિકલ્પ જ ન હતો.

### વર્તમાનકાળ : દુર્યોધનોથી ભરેલો કાળ

વર્તમાનકાળ તરફ આપણે થોડોક દૃષ્ટિપાત કરીએ.

પોતાના સ્વાર્થોને સિદ્ધ કરવા માટે પ્રજાની, ન્યાયની, ધર્મની કે સંસ્કૃતિની તમામ મર્યાદાઓની પાયમાલી કરતી વખતે લગીરે ખેદ નહિ અનુભવતા હજારો દુર્યોધનોથી આ ભારતવર્ષ ઊભરાયું નથી શું ? પેલો દુર્યોધન તો સારો કે જે ખુલ્લંખુલ્લો હતો. આજના દુર્યોધનો તો યુધિષ્ઠિરના વાઘા સજીને પ્રજાકીય જીવનનું, સંસ્કૃતિનું, તમામ મર્યાદાઓનું નિકંદન કાઢી રહ્યા છે.

વળી નથી પાક્યો કોઈ શ્રીકૃષ્ણ કે જે આ લોકોને સખત પાઠ ભણાવી શકે.

બુદ્ધિજીવી લોકોએ આ દેશને પોતાના કબજે લઈને પ્રજાને સંપૂર્ણતઃ પોતાના આધારે જીવતી-પરાવલંબી-કરી દેવા માટે કેટલીક અતિ ભયાનક અને વિઘાતક તરકીબો અમલમાં મૂકી છે.

જે તે વસ્તુઓના વિકાસના નામે એનો વિનાશ કરાયો છે. આયુર્વેદ, સંસ્કૃત ભાષા, નારીગૌરવ, ખેતી, પશુપાલન વગેરે આના ઉઘાડાં દૃષ્ટાંતો છે.

### વિકાસના નામે જ વિનાશ

પ્રાચીન પરંપરાઓને નબળી પાડી નાંખવા માટે જે તે સ્થળે ‘ચીરો’ મૂકવામાં આવ્યો છે. વળી સબળ તત્ત્વને દૂર હડસેલીને ઉપેક્ષિત કરાયું છે અને નિર્બળને મજબૂત બનાવીને આગળ કરાયું છે. આનું દૃષ્ટાંત છે; પ્રજામાં પાડવામાં આવેલા હરિજન, ગિરિજન તથા સવર્ણ કોમના ભેદ તથા શિક્ષણમાં પાડવામાં આવેલા વ્યાવહારિક અને ધાર્મિક શિક્ષણના ભેદ.

આ લોકોએ ક્યાંક ભેળસેળની કરામત લગાવીને પણ પ્રાચીન તત્ત્વોની પાયમાલી કરી છે. પશુ, બિયારણ વગેરેનું કરેલું સાંકર્ય એ આનું સચોટ દૃષ્ટાંત છે.

આ બુદ્ધિજીવી લોકોએ ક્યાંક ‘એકતા’ના નામે કોમ-કોમને લડાવી મારવાના કામ કર્યા છે અને સુંદર મજાની એકસંપીને ખતમ કરી નાંખી છે. અયોગ્ય સ્થળોમાં સમાનતાના સિદ્ધાંતોને લાગુ કરવાથી આવા દુષ્પરિણામો જ્યાંત્યાં જોવા મળ્યા છે. આંતરજ્ઞાતીય લગ્નાદિ આ સત્યને પુરવાર કરી આપતા દૃષ્ટાંતો છે.

જેને આ લોકો ‘વિકાસ’ કરવાના બહાને અડે છે તેનો વિનાશ થઈ જાય છે.

અહા ! ચારેબાજુથી કેટકેટલી ખાનાખરાબી કરવામાં આવી છે !

નામ પશુપાલનખાતું; અને તેમાં ફાળવાતી રકમનો ઉપયોગ મરઘાં-ભૂંડ-ઉછેરમાં, જેમની કતલ કરવાની છે ! ગાય-ગાડરને કશું નહિ !

વાત કરે ઘઉંના વાવેતરની; જેથી પશુનાશ ઝટ થાય !

કથા કરે ડેરીવિકાસની; જ્યાં સારામાં સારી ગાય-ભેંસો ૬-૧૨ મહિનામાં નકામી થતાં પાછલે બારણેથી કસાઈવાડે આબાદ સરકી જાય!

નામ મરઘાં-બતકના ગૃહ-ઉદ્યોગનું; પણ હકીકતમાં ખેતર, ખેતરનું કસાઈખાનામાં રૂપાંતર, ખેડુ-ખેડુનું કસાઈ તરીકેનું જીવન !

કહેવાય દરિયાઈ ખેતી; પરંતુ હાય, કરોડો માછલીની કતલ ! ‘ખેતી’ જેવા નામનો ય કેટલો

ભયાનક દુરુપયોગ ! માછલાંના આ કસાઈના વેપારને ઉદ્યોગ-મત્સ્યોદ્યોગ-કહેવાયો છે !

### ઘોર જીવહિંસા અને સંસ્કૃતિહિંસા

હિંસાનું તો કોઈ અભૂતપૂર્વ તાંડવ ચલાવાયું છે.

રાસાયણિક ખાતર, ઈંડાંના પ્રોટીન, માછલીના વિટામિન્સ, તીડના અથાણાં, નકામી માછલીના બિસ્કીટ, બેબીફૂડમાં ઈંડાનો રસ !

ગર્ભપાત દ્વારા નીચેથી બાળકોની અને 'અનુકંપા-પ્રેરિત મૃત્યુ' દ્વારા ઉપરથી મા-બાપોની પણ કતલ !

આ જીવહિંસાથી વધુ ભયાનક હિંસા તો સંસ્કૃતિની હિંસા છે. છૂટાછેડા, શિક્ષણ, સહશિક્ષણ, સંતતિનિયમનના સાધનો, નસબંધીના ઓપરેશનો વગેરે આ હિંસાના કાતીલ ખૂની-ખંજરો બન્યા છે !

ખેતીમાં તો કઈ મોટી હિંસા છે ? આજના ખેડૂત કરતાં તો વકીલો, ડૉક્ટરો કે શેરદલાલો વધુ હિંસક છે કે જેઓ મોક્ષલક્ષી સંસ્કૃતિના હત્યારા છે.

### જ્ઞાનતંતુઓ ઉપર હુમલા

આ બધા કરતાં ય વધુ ભયંકર તો જ્ઞાનતંતુનું યુદ્ધ બન્યું છે. એણે જ આ મહાસંહારક શસ્ત્રોને જન્મ આપ્યો છે. તદ્દન જુઠ્ઠી વાતોને સાવ સાચી પ્રગતિ કે વિકાસ કરનારી ઠરાવી દેવા માટે પ્રચારના સાધનો રેડિયો, ટી.વી., અખબારો, સામયિકો, પરિસંવાદો, જેસીઝ, રોટરી વગેરે કલબો દ્વારા પ્રજાના જ્ઞાનતંતુઓ ઉપર જીવલેણ હુમલાઓ કરાઈ રહ્યા છે.

મને કહી દેવા દો કે આ એકધારા હુમલાથી પ્રજા મહાત થઈ ગઈ છે, નિસ્તેજ થઈ છે, લાચાર બની છે.

પ્રજાની પહેલી પેઢીએ એની સામે માથું ઊંચક્યું હતું, પણ બીજી પેઢી ડઘાઈ જ હતી, જ્યારે ત્રીજી પેઢીએ તે હુમલાને પ્રેયસી ઉપરના પ્રિયતમના હુમલા જેવો હૂંફાળો, સુખદ અને સ્વર્ગીય ગણીને વધાવી લીધો છે.

મને કહી દેવા દો કે પ્રચારના સાધનોએ આ રીતે ભારતીય પ્રજાના જ્ઞાનતંતુઓને બાળી નાંખીને સ્વવશ કરવા દ્વારા જે નુકસાન પહોંચાડ્યું છે તેવું નુકસાન કોઈ પણ પશુહિંસા કે વિઘાતક યોજનાઓ પણ પહોંચાડી શકેલ નથી.

મને કહેવા દો કે આ હુમલાનો ભોગ અચ્છા અચ્છા રૂસ્તમો સંતો, સંન્યાસીઓ, માણભટ્ટો, કથકો, મહંતો, સંસ્કૃતિના ઝંડાધારીઓ, પ્રાચીનતાના પુરસ્કર્તાઓ પણ બન્યા છે. આજે તેઓ પણ અધોગતિના તત્ત્વોમાં 'પ્રગતિ'નું બૂમરાણ મચાવીને દેશી ગોરાઓની ખુશામતખોરી કરી રહ્યા છે અથવા 'ઉલ્લુ' બની રહ્યા છે.

આજે તો સંતોને ય માન-સન્માનની કારમી ભૂખ જાગી છે. તેઓ ય હરિજન, નારી, વર્ણવ્યવસ્થા આદિ ગંભીર વિષયોમાં નવો વાયરો જ્યાં લઈ જતો હોય ત્યાં જવામાં જ સ્વકર્તવ્ય સમજી રહ્યા છે.

કાશ ! જ્યાં ધર્મસંસ્કૃતિના રખોપાના વેશમાં જ એ સંસ્કૃતિનું વસ્ત્રાહરણ કરનારા, એનું ખૂન સુદ્ધાં કરનારા પેદા થયા હોય ત્યાં !

હાય, કેવું ભયાવહ વાતાવરણ વ્યાપી ગયું છે !

મને તો લાગે છે કે 'પછાતોના ઉત્તેજન'ના તીવ્ર સ્પર્ધાવાળા પોકારો સાથે જે રીતે યોજનાઓ

આગળ ધપાવાઈ રહી છે તેનું પરિણામ કદાચ આતંક, અંધાધૂંધી અને આંતરવિગ્રહમાં જ આવીને ઊભું રહેશે.

કદાચ બૅન્કો ફડચામાં જશે, શિક્ષણ-સંસ્થાઓને તોફાનોના કારણે તાળાં લાગશે; રાજ્યો રાજ્યો વચ્ચે, હરિજન-સવર્ણો વચ્ચે, ખેડૂતો-હરિજનો વચ્ચે, ગિરિજનો અને ગ્રામજનો વચ્ચે, નગરો અને શહેરો વચ્ચે આંતરવિગ્રહો ફાટી નીકળશે.

**અરાજકતાનું મૂળ : સત્તાની લંપટતા**

સત્તાની કારમી લંપટતા આ બધી અરાજકતાનું મૂળ છે. ખુરશી મેળવવા માટે મતો જોઈએ. મતો મેળવવા માટે બહુમતી-લોકને રીઝવવા પડે. તે 'હલકી' કક્ષાના હોય તો ય તેમના ઉદ્ધારની વાતો અને તેનો અમલ કરવો પડે. તે માટે 'સારા' ગણાતા લોકોને ભાંડવા પડે, ઊંચેથી નીચે ઉતારી નાંખવા પડે. પ્રત્યેક પક્ષે ટકવા માટે આ કામ પૂર્વના સત્તાધારી કરતાં પણ વધારે જોરથી કરવું જ પડે, નહિ તો સત્તા મળે નહિ અથવા તે ટકે નહિ. કહો, આ વિષચક્ર કેટલું ભયંકર છે!

આ બધી વિચારણાને સારી રીતે સમજવી હોય તો તમારે રશિયન તત્ત્વવેત્તા સોલેનિત્ઝિનને ચોક્કસ વાંચવો પડશે. એણે આજના બુદ્ધિજીવીઓના કરતૂતોનો પર્દાફાશ કર્યો છે. એણે સમગ્ર વિશ્વના ભયાનક ભાવિનું દર્શન કરીને ભયની તીણી ચીસો નાંખી છે. એણે સામ્યવાદને ભયાનક કહ્યો છે તો મૂડીવાદને ખતરનાક જણાવ્યો છે.

ખરી વાત એ છે કે ધરતીના કોઈ પણ રાષ્ટ્રના કેટલાક બુદ્ધિજીવીઓ-માત્ર પાંચસોથી એક હજાર જેટલાની ટોળકી-જ પોતાના પેટ-પટારા ભરી લેવા માટે, પોતાની વાસનાપ્રચુર જિંદગી માણી લેવા માટે પોતાના દેશની પ્રજા ઉપર કાયદાઓના અનુશાસન વડે ભૂખ્યા વરુની જેમ તૂટી પડતા હોય છે. તેઓ જે કાંઈ સ્વહિત સાધી લેતા હોય છે તે બધાયના મૂળમાં તો માત્ર લોકહિતની વાતો જ હોય છે. ગરીબો, ગામડાંઓ(અને ભારતના ગાંધીજી)ના નામે આ લોકો શ્રીમંતોને અને શહેરોને લૂંટે છે ખરા, પરંતુ લૂંટનો માલ ઘરભેગો જ કરી લેતા હોય છે. દેખાવ પૂરતો થોડોક-ખૂબ જ થોડો-જ માલ ગરીબો વગેરેને અપાતો હોય છે.

માઓ, લેનિન, સ્ટેલીન, યાહ્યાખાન, ભુટ્ટો, હિટલર વગેરે કહેવાતા ક્રાન્તિકારીઓએ લોકહિતના નામે સત્તા હાથમાં લઈને પોતાના જ રાષ્ટ્રના લાખો માણસોને ફાંસીએ લટકાવી દીધા છે કે સદાના લાપત્તા કરી નાંખ્યા છે કે ગાંડાની હૉસ્પિટલમાં ધકેલી મૂક્યા છે.

**પોતાના જ હાથે પોતાની પ્રજાનું નિકંદન**

આ લોકોએ જ ભૂતકાલીન ઝારશાહી, રાજાશાહીને દારૂ આદિ દ્વારા ભ્રષ્ટ કરી, પછી પ્રજા સમક્ષ રજૂ કરીને વગોવી, પછી તેને ઉખેડી નાંખવા માટે પ્રજાનો જ સાથ માંગ્યો. પ્રજાએ ઉમળકાભેર સાથ આપ્યો, લોહી આપ્યું, જાનની કુરબાનીઓ કરી અને એ 'શાહી' ઉખેડી નાંખી; તે ય જંગી બહુમતીએ !

સબૂર ! કોઈ પણ ચાર બદમાશો કોઈ કરોડપતિને લૂંટી ભાગ પડાવી લેવાની યોજનામાં બહુમતીએ શું સંમત થાય ? ત્યાં તો સર્વાનુમતિ પણ સહેલાઈથી મળી જાય ! રાજાશાહીને આ રીતે ઉખેડી નાંખી; જંગી બહુમતીએ !

આથી એની પાછળ રહેલી સંતશાહીને પણ ગોળી દેવાઈ ગઈ ! પ્રજાને-બિચારીને-તેની ગંધ સુધ્ધાં ન આવી.

હવે ?

હવે એ જ સહાયક પ્રજાના સારા-ખુમારીવંતા તત્ત્વોનું સાફસૂફીના નામે નિકંદન ! એનું નામ શ્વેત ક્રાન્તિ, કટોકટી જે રાખવું હોય તે રાખી શકાય ! બસ, પછી યાવચ્ચન્દ્રદિવાકરૌ વંશવારસાગત આ ટોળકી રાજ કરતા રહેવાના પ્લાન ઘડ્યા કરે.

અરેરે ! દરેક રાષ્ટ્રના પાંચસોથી હજાર જ માણસોની ભૂખ્યા વરુની ભૂંડી ટોળકી કેવા કુકર્મ આચરી રહી છે ! પોતાના જ હાથે પોતાની જ પ્રજાનું નિકંદન !

### છ લેશ્યાઓ ઉપર જાંબુ-વૃક્ષનું દૃષ્ટાન્ત

જૈન શાસ્ત્રકારોએ આવા ક્રૂરતમ વૃત્તિવાળા માણસોને કૃષ્ણ-લેશ્યાવાળા કહ્યા છે. તે અંગે તેમણે જાંબુ વૃક્ષનું દૃષ્ટાંત આપીને આ વાત બહુ સરસ રીતે સમજાવી છે. અહીં આપણે તે દૃષ્ટાંતને વિચારી લઈએ.

એક દિવસ છ મિત્રો ફરતા ફરતા એક વનમાં પહોંચ્યા. ત્યાં તેમણે જાંબુનું વિરાટ વૃક્ષ જોયું. પાકીને સહજ રીતે ધરતી ઉપર પડી ગયેલા જાંબુના ઢગલા જોયા. વૃક્ષ ઉપર પણ જાંબુની અનેક લચી પડેલી લૂમો જોઈ.

આ વૃક્ષ ઉપર સેંકડો પંખીઓ બેઠાં હતા. કેટલાક પંખીઓએ તેની મોટી ડાળીઓમાં માળા બાંધ્યા હતા. આ ઘટાદાર વૃક્ષની નીચે કેટલાક વટેમાર્ગુઓ વિસામો લેતા આરામથી સૂતા હતા. થડની લગોલગ પરબ પણ બનાવાઈ હતી, જેનાથી તરસ્યા લોકોની તરસ છીપાતી.

આમ આ વૃક્ષ હજારો પશુ-પંખીઓને, સેંકડો માનવોને વિવિધ રીતે ઉપકારક પુરવાર થયું હતું.

છ મિત્રોએ આ વૃક્ષની મહત્તાને બરોબર જોઈ, આંખેઆંખ નિહાળી. બધાયને સારી એવી ભૂખ લાગી હતી. વળી પાકેલાં જાંબુ જોઈને જીભમાંથી પણ પાણી છૂટવા લાગ્યું હતું. પેટ ભરીને જાંબુ ખાવાની સહુને ઉતાવળ જણાતી હતી.

તેમાં એક મિત્ર બોલ્યો, ''આ વૃક્ષને મૂળમાંથી ઉખેડી નાંખીને ધરતી ઉપર પટકી નાંખીએ, પછી આરામથી ખવાય તેટલા જાંબુ ખાઈએ, ઘરે પણ ઉપાડી લઈ જઈએ.''

આ પ્રસ્તાવ સાંભળીને બીજા મિત્રે કહ્યું, ''રે ! આખું વૃક્ષ મૂળમાંથી ઉખેડવા કરતાં તેને મોટા થડથી કાપી નાંખીએ જેથી બે-પાંચ વર્ષે વળી ઊગશે અને આવું જ ઘટાદાર વૃક્ષ બની જશે.''

ત્રીજાએ કહ્યું,''ભાઈ ! મોટા થડથી તેને કાપવાની શી જરૂર છે ? આપણે જાંબુ જ ખાવા છે ને ? તો તેની મોટી ડાળીઓ-અનેક પેટા ડાળીઓ સાથે જોડાયેલી-તોડી નાંખીએ. આથી થડની બખોલમાં રહેલાં પંખીઓના માળાને આંચ ન આવે અને આપણું કામ થઈ જાય.''

ચોથાએ કહ્યું,''રે ! જો જાંબુ જ ખાવા છે તો જાંબુની લૂમને લગતી પેટા-ડાળીઓ ઉપર જ કુહાડાના ઘા કરીએ, એમાં મોટી પ્રધાન ડાળીઓ તોડી નાંખવાની શી જરૂર છે ? આમ થશે તો તે ડાળીઓ ઉપર લટકતા મધપૂડા અને પંખીના માળા જીવતા રહી જશે અને જાંબુ ખાવાનું આપણું કામ પણ થઈ જશે.''

પાંચમા મિત્રે કહ્યું, ''મિત્રો ! આપણે તો જાંબુ ખાવાથી કામ છે ને ? ડાળીઓ તો ખાવી નથી ને ? તો પછી ડાળીઓ શા માટે તોડવી ? માત્ર જાંબુની લૂમો જ તોડીએ. આથી ડાળીના પાંદડાનો છાંયડો વટેમાર્ગુઓને મળ્યા કરશે. કોઈને કશો વાંધો નહિ આવે અને આપણે આપણું પેટ ભરી લઈશું.''

છઠ્ઠા મિત્રે કહ્યું, ''ઓ બુદ્ધિમાન મિત્રો ! જ્યારે જાંબુ જ ખાવા છે તો આ ધરતી ઉપર સહજ

રીતે પાકીને નીચે પડેલાં જાંબુને જ વીણીને આપણે ક્યાં નથી ખાઈ શકતા ? એ માટે વૃક્ષની લૂમના જાંબુ તોડવાની શી જરૂર છે ? એ ભલે ને ત્યાં જ રહ્યા ! રાતના સમયે ભૂખી થયેલી ખિસકોલીઓ કે ભૂખ્યા થયેલાં માળાના પંખીઓ એ જાંબુ ખાઈ લઈને પોતાની ક્ષુધા શાન્ત કરી શકશે.''

જૈન શાસ્ત્રકારોએ આ દૃષ્ટાંત આપીને માનવ-સ્વભાવના છ પ્રકારો બતાવ્યા છે. કેટલાક માનવો અત્યંત ક્રૂર અને ઘાતકી માનસ ધરાવતા હોય છે જેમને બીજાઓનો કશો વિચાર કદી આવતો નથી. તેઓ પોતાની ઈષ્ટસિદ્ધિ બીજી નિર્દોષ રીતે થઈ શકતી હોય તો પણ તે રીત ન અપનાવતાં ક્રૂર અને ઘાતકી રીતોથી જ કામ લે છે. આવા માણસો પહેલા નંબરના મિત્ર જેવા છે. તેમના ક્રૂર સ્વભાવને કૃષ્ણલેશ્યા કહેવામાં આવી છે.

જેમ જેમ આ સ્વભાવમાં ક્રૂરતા ઘટતી જાય છે, સૌમ્યતા આવતી જાય છે તેમ તેમ તેમનામાં બીજાનો વિચાર કરવાની લાગણી પેદા થતી જાય છે. આ લોકો પોતાનું પેટ ભરે છે છતાં બીજાના પેટનો ઉત્તરોત્તર અધિક અધિક વિચાર કરતા એટલે સુધી વધે છે કે બીજાને જરાય નુકસાન ન થાય અને પોતાનું પેટ ભરાઈ જાય. આવા માણસોની ઉત્તરોત્તર સારી થતી જતી લાગણીઓને શાસ્ત્રજ્ઞોએ ક્રમશઃ નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા કહી છે.

સંસારમાં જીવતા માણસને વધુમાં વધુ શું જોઈએ ? બે ટંકનું ભોજન, અંગે વસ્ત્ર અને માનભેર સૂવા માટે થોડીક જમીન.... આટલેથી જેઓ સંતોષ માને છે અને બીજાઓને ત્રાસ દેવામાં જેઓ રાજી નથી તેઓ શુક્લલેશ્યાની માનવીય લાગણી ધરાવે છે. આમાં જેમ જેમ સ્વાર્થ વધતો જાય અને બીજાનો વિચાર કરવાની વૃત્તિ ખતમ થતી જાય, ક્રૂરતા આવતી જાય તેમ તેમ લેશ્યા વધુ ને વધુ કાળી યાવત્ કૃષ્ણલેશ્યા બને છે.

આજનો બુદ્ધિજીવી પાંચસોથી હજાર માણસોનો સત્તાધારી વર્ગ કૃષ્ણલેશ્યા ધરાવે છે એમ કહીએ તો તે ખોટું નહિ હોય. તેઓ સ્વના, કદાચ વધુમાં સ્વજનના અને સ્નેહીજનના હિત ખાતર કેટલા લાખો સ્વદેશી લોકોનું અહિત આચરતા હોય છે !

### શ્રીકૃષ્ણની દૈવી ભેરી

મને અહીં શ્રીકૃષ્ણની દેવદત્ત ભેરી યાદ આવે છે, જેનું દર છ મહિને એક વાર વાદન થતું, જેને સાંભળનારા સહુના રોગો નષ્ટ થઈ જતા હતા. પણ એક વાર કોઈ ધનાઢ્ય રોગી આદમી ભેરીવાદન વખતે પહોંચી ન શક્યો. બીજા છ માસ સુધી રોગની પીડા સહવાની તેનામાં શક્તિ ન હતી. તેણે ભેરીવાદકને સોનામહોરો આપીને ફોડી નાંખ્યો. ભેરીનો એક કટકો લઈ લીધો. ત્યાં બીજો લાકડાનો કટકો ગોઠવાઈ ગયો. ભેરીના કટકાને ઘસીને ચાટી જતાં તે ધનાઢ્યને રોગશાન્તિ થઈ.

આ સમાચાર પ્રસરવા લાગ્યા. બીજા પણ અનેક અસહિષ્ણુ રોગીઓ ભેરીવાદક પાસે જવા લાગ્યા. ધનની લાલચમાં લપેટાયેલા ભેરીવાદકે દરેકને ટૂકડો આપવાનું શરૂ કર્યું. કૃત્રિમ ટૂકડા ગોઠવાતા ગયા. એમ આખી ભેરી કૃત્રિમ ટૂકડાઓની બની ગઈ.

છ માસ થતાં ભેરીવાદનનો સમય આવી ગયો, હજારો રોગીઓ ત્યાં આવી ઊભા. શ્રીકૃષ્ણે ભેરી વગાડવાનો હુકમ કર્યો પણ ભેરી ન વાગી.

હાય, પાંચસો-હજાર ધનાઢ્યોએ પોતાનો સ્વાર્થ સાધી લઈને લાખો ગરીબોના આરોગ્યની કબર ખોદી નાંખી ! આજનો સત્તાધારી બુદ્ધિજીવી વર્ગ આવા પ્રકારનો છે. કરોડો વર્ષોની ભારતીય સંસ્કૃતિના સર્વહિતકર તત્ત્વોને તે ઉથલાવી રહેલ છે.

## ગુલાબને 'મોડ' ન આપો, તે ચીમળાઈ જશે

અરે, પૂરબહારમાં ખીલેલા ગુલાબની પાંખડીઓને ચીમળનારાઓ ! ઓ ક્રૂર આદમીઓ ! આ શું કરો છો ? તમે કોણ, તે ગુલાબને વધુ સારો મોડ આપનારા માણસો ? ખામોશ ! આ ગુલાબની સુવાસ હજારો માણસોના દિલ અને દિમાગને તરબતર કરે છે. તેનું જલ અનેક લોકોને ઠંડક આપે છે. તમે તેની પાંખડીને 'વિકાસ'ના નામે મોડ આપતા તો ચીમળી નાંખશો. તેથી તો તે સુવાસ ગુમાવશે અને તેમાં કીડા પડશે.

હાય ! તમારા તરંગી તુક્કાઓ !

હાય ! અનાદિસિદ્ધ હકીકતોને 'સંશોધન'ના નામે અડપલાં કરવાની તમારા લોકોની નીચ વૃત્તિઓ !

ઓ લાખોના હત્યારાઓ ! શું તમારા માટે આ જગતમાં કોઈ કોર્ટ નથી ? કોઈ પાંજરું નથી ? કોઈ ન્યાયાધીશ નથી ? કોઈ ન્યાય નથી ? સજા નથી ? તમે યાદ રાખજો કે રૂઢિના જે ઊંડા ચીલાઓ પડેલા છે તે એમ ને એમ એકાદ રાતમાં પડેલા નથી. તેની ઉપર અનેક વંટોળ પસાર થઈ ગયા છે. તેને ભૂંસી નાંખવા અનેક લોકો પેદા થયા છે પણ અંતે તેઓ જ ભુંસાઈ ગયા છે ! જે ચીલાની પાછળ ઘણો મોટો ઇતિહાસ ખડકાયો છે તેને ભૂંસી નાંખવાનું આ આંધળું સાહસ છે. નવા ચીલા પાડવાની તમારી નાદાન બાળક જેવી વૃત્તિઓ સખત શબ્દોમાં વખોડવાને પાત્ર છે. સમજી લો કે નવા ચીલા રહેવાના નથી અને જૂના બદ્ધમૂલ ચીલાને વેરવિખેર કરવાના પરિણામે અનેક ભદ્રક પરિણામી જીવોના જીવન વેરવિખેર થઈને રહેવાના છે.

આવા કારણે જ ભારતમાં ગરીબી ફેલાઈ છે. પ્રાચીન પરંપરાના ધંધાઓને તોડી નાંખવામાં આવ્યા, યંત્રોના ધંધાઓ વિકસાવાયા. તેનું જ પરિણામ ગરીબી, બેકારી અને કારમી મોંઘવારી અહીં છે.

## નિજ-પાપોને છુપાવવાની ચાલ

કાશ ! હજી એ સત્યદર્શન પણ આ લોકોને થયું નથી. કદાચ સત્યદર્શન થયું હોય તો પ્રજા સમક્ષ તેને જાહેર કરીને તેટલા પાપોનો એકરાર અને પશ્ચાત્તાપ તેમણે કદી કર્યો નથી. હાય, કેવી ખોપરીના આ માથાંઓ હશે !

પોતાના બધા પાપોને છુપાવવા માટે જ મહાસત્તાઓની અને વિશ્વબેંકની સહાયો લઈને દેશની પ્રજાને સમૃદ્ધિથી છલકાતી બનાવાઈ રહી છે.

ગાય, ભેંસ અને ગાડર ખૂટી  જવા લાગ્યા છે માટે જ તેમના માંસના અભાવની પૂર્તિ કરવા માટે ભૂંડ-ઉછેર ચાલુ કરાવાયો છે.

ગો-દૂધની અછતનો ગોકીરો ન મચે માટે જ 'પ્રોટીન' જેવી કોઈ વસ્તુને પૌષ્ટિક જાહેર કરીને તેવા પ્રોટીનની રેલમછેલ ઈંડામાં બતાવાય છે !

જો અનાજના ભરપૂર ભંડારો (બફર-સ્ટોક) પડેલા હોય તો બત્રીસ કરોડ માણસોને પેટ-પૂરતું ય ખાવાને ધાન કેમ મળતું નથી ?

વસ્તુતઃ 'વસતિ-વધારો' જ બોગસ હકીકત લાગે છે. અપોષણથી લાખો લોકો અકુદરતી મોતરૂપે સતત મરી રહ્યા છે. આથી જ અનાજનો જંગી વધારો થતો હોય તેમ લાગે છે.

ના; નથી સમજાતું, કાંઈ પણ નથી સમજાતું. સમજવાની કોશિશ કરતું મન વધુ ને વધુ વિહ્વળ બની જાય છે.

આથી જ એ વાત તદ્દન સાચી પુરવાર થઈ છે કે વિદાયવેળાએ પૂંછડી પછાડતો જતો ભસ્મગ્રહ ભારતના સામાજિક અને રાજકીય ક્ષેત્રે કારમી દુર્દશા સર્જતો જઈ રહ્યો છે.

જુઓ, એણે સર્જેલી તબાહીના દ્રશ્યો.

આ ગરીબી પણ ચૂંટણી-ટાંકણે સત્તાલોલુપીઓને માટે આશીર્વાદ રૂપ પુરવાર થઈ છે ! આ લોલુપીઓ દ્વારા પોતાના હિતો સધાય તે માટે સ્થાપિત હિતો નોટોના બંડલો તેમને ચરણે ધરે છે. આ બંડલોની વહેંચણી દ્વારા ગરીબો તેમના 'વોટ' ધરે છે. શ્રીમંતોની નોટ અને ગરીબોના વોટ દ્વારા સત્તાભૂખ્યા લોકો ખુરશી ઉપર આરૂઢ થાય છે.

આ ગરીબી તો ઈસાઈ ધર્મના પ્રચારક ધર્માન્ધ લોકોને ભારતમાં અત્યંત સારી રીતે ટકાવી રાખવા જેવી વસ્તુ બની છે. ગરીબીનો લાભ લઈને જ તેઓ એક દિ' હિન્દુસ્તાનને ખ્રિસ્તીસ્તાનમાં પલટી શકે તેમ છે.

### બુદ્ધિજીવીઓનો શેતાન બોલે છે

બુદ્ધિજીવીઓનો શેતાન બોલે છે કે : ભારતમાં ગરીબી કરતાં હિંસા કારમી અને વધુ વેગથી વ્યાપી છે.

મચ્છરો મારો, માંકડો મારો, ઉંદર મારો, દેડકાં-વાંદા-સસલાં મારો, સાપ મારો, મરઘાં મારો, ઈંડાના રસ પીઓ, માછલાનું ભોજન કરો, તીડ તળીને તેનું અથાણું ખાઓ.

હાય, આના જ પરિણામે માનવહૈયે પ્રવેશેલો શેતાન હવે મોટેથી રાડો પાડતો કહે છે, "તારી પત્નીને માર, રોગે રિબાતાં તારા મા-બાપને દયાબુદ્ધિથી મારી નાંખ, તારા સ્વાર્થે આડા અવરોધ ઊભા કરતાં બધાને મારી નાંખ; પેટમાં બાળકને માર, રાજકારણમાં પ્રતિસ્પર્ધીને ખતમ કર, નબળા ઢોરોને કાપી નાંખ, ગરીબ લોકોનો જીવનાધિકાર આંચકી લે, પીડાતા દર્દીઓને પતાવી નાંખ.

ખૂબ ઘેટાં-બકરાં ઉછેર, ખૂબ માંસનિકાસ કર, ખૂબ હૂંડિયામણ કમાઈ લે ! તેલ લે, બદલામાં માંસ દે !

બટર-ઓઈલનું નામ લગાવીને પશુઓની ચરબીના તેલની આયાત કર ! ભારતની શાકાહારી (અન્નાહારી) પ્રજાને-ઉલ્લુ અને મૂર્ખ પ્રજાને આ તેલ પાઈ દે ! એને ગાણાં ગાયા જ કરવા દે કે અમે નિરામિષાહારી છીએ !"

બુદ્ધિજીવી માનવોના હૈયે બેઠેલો શેતાન હજી બરાડતો બોલે છે તે સાંભળો :

"એય ! રચનાત્મક કામો કરો. વનોના વનો ભલે કપાઈ જતા, તેની બૂમરાણ ન મચાવો. તમે નવા ઝાડ વાવવાના રચનાત્મક કામમાં લાગી પડો.

દર વર્ષે ચાર લાખ હિન્દુઓ ભલે ઈસાઈ બનતા. તમે તેનો ગોકીરો ન મચાવો પણ તમારી શક્તિ મુજબ ચારસો-પાંચસો કે એક હજાર ઈસાઈઓને પાછા હિન્દુ બનાવી દેવાનું રચનાત્મક કામ કરો.

બંધો બાંધો. ભલે નદીના પટોમાં કાંપ જામે અને તેથી ભલે થોડા વરસાદે પૂર આવ્યા કરે !

ટ્યૂબવેલો તૈયાર કરો. ભલે વધુ પડતાં પાણી ધરતીમાંથી ખેંચાઈ જાય ! ભલે તે પોલાણોમાં સમુદ્રના ખારા પાણી ધસી આવીને નદી-તળાવો ખારા થવા લાગે !

બધા ધર્મોની એકતા કરી નાંખો ! વધુ મતે ઈસાઈ ધર્મને વિશ્વધર્મ તરીકે જાહેર કરો. બીજા બધા ધર્મોને તેમાં ભેળવી દો !

જમીનો ભલે બળી જતી, તો ય રાસાયણિક ખાતરોનો ઉપયોગ જોરમાં રાખતા રહો. બી.સી. વર્ગને ઉત્તેજન આપતા રહો. પાત્રાપાત્રતાના જૂનવાણી વિચારો ગમે તેટલા સારા હોય તો ય તેને ફગાવી દો ! આંતરવિગ્રહની જ્વાળાઓ ભલે પ્રગટે, એ ભડકામાંથી જ પ્રકાશ પ્રગટવાનો છે !

કરી નાંખો બધા ધંધાઓનું રાષ્ટ્રીયકરણ. મારી નાંખો બુદ્ધિમાન વેપારીવર્ગને!"

**આ શેતાનનો ઉત્પાદક કોણ ? માનવહૈયાનો દુર્યોધન !**

કોઈ મને પૂછશે કે આ શેતાનનું જન્મસ્થળ કયું ? એનું મોકળું મેદાન કયું ? ક્યાં એનું વધુ જોર ?

એનો ઉત્તર છે; માણસમાં વસેલો દુર્યોધન ! એની જન્મદાત્રી માતા છે; પાશ્ચાત્ય પદ્ધતિનું શિક્ષણ અને જીવન !

ઝટ ન માની શકાય તેવી આ વાત છે, પણ આજે કે કાલે દરેક પૂર્વગ્રહયુક્ત માણસે પણ આને સ્વીકાર્યા વિના છૂટકો થનાર નથી. વધુ ને વધુ વણસતી જતી પ્રજાની પરિસ્થિતિ જ આ વાતને સ્વીકારવાની ફરજ પાડીને જ રહેશે.

ગાંધીજી ભોળા નીકળ્યા, શ્રીકૃષ્ણનો રોલ ન ભજવી શક્યા, નહિ તો પ્રજાની આ દુર્દશા કદાપિ સંભવી ન હોત.

## ૩૪.

# યુદ્ધની પૂર્વતૈયારી

### જરાસંઘના દૂતનો સંદેશ

એક દિવસ રાજગૃહીના નરેશ જરાસંઘનો અશોક નામનો દૂત દ્વારકામાં આવ્યો. તેણે મહારાજા સમુદ્રવિજયને જરાસંઘનો સંદેશ આપતા કહ્યું, “બલરામ અને કૃષ્ણ નામના તમારી પાસે જે બે ગોપપુત્રો છે તેઓએ મારા જમાઈ કંસની હત્યા કરીને પોતાના મોતને આમંત્રણ આપ્યું છે. તમે એ બન્ને ગોપપુત્રો અમને સોંપી દો, નહિ તો મારે તમારી સાથે યુદ્ધ કરવું પડશે.”

વળી દૂતે સમુદ્રવિજયને કહ્યું, “હાલ પાંડવોની સામે લડવા માટે દુર્યોધન અને મારા સ્વામી જરાસંઘ એક થયા હોવાથી દુર્યોધન અગિયાર અક્ષૌહિણી સેના સાથે અમારી સાથે થતાં અમારું બળ પુષ્કળ પ્રમાણમાં વધ્યું છે. હાલ દુર્યોધન અમારે ત્યાં જ છે. વળી આપે દુર્યોધનના શત્રુ પાંડવોનો પક્ષ લીધો છે તે અમારા સ્વામી જરાસંઘને જરા પણ રુચ્યું નથી. આપે તેમનો પક્ષ સત્વર છોડી દેવો જોઈએ.”

### શ્રીકૃષ્ણનો ચમચમતો ઉત્તર

દૂતના વચનો સાંભળીને સમુદ્રવિજય રાજાની બાજુમાં બેઠેલા શ્રીકૃષ્ણે દૂતને કહ્યું,“તારા રાજાને કહે કે જેને તું ‘ગોપપુત્ર’ કહીને હલકા પાડી રહ્યો છે તે શ્રીકૃષ્ણ કહેવડાવે છે કે તાકાત હોય તો સત્વર યુદ્ધમાં મુકાબલો કરવા આવી જા. માત્ર હલકા શબ્દોથી ક્ષત્રિયો કદી મુકાબલો કરતા નથી.”

દૂતની વિદાય બાદ શ્રીકૃષ્ણે પાંડવોને સઘળી વાત કરી. પાંડવોએ એવી ઈચ્છા વ્યક્ત કરી કે દુર્યોધનની સાથે જરાસંઘનો મુકાબલો કરવાની તક પણ તેમને જ મળે.

### જરાસંઘ સાથે યુદ્ધાર્થે પાંડવો અને શ્રીકૃષ્ણનું પ્રયાણ

ત્યાર બાદ કુન્તીએ પાંડવોને અને દેવકીએ શ્રીકૃષ્ણને યુદ્ધપ્રયાણનું મંગળતિલક કરીને આશિષ આપ્યા.

સહુએ દ્વારકામાંથી પ્રયાણ આદર્યું. બધાના આગ્રહથી યુદ્ધમાં જોડાવા માટે સંમત થયેલા નેમિકુમાર પણ રથમાં આરૂઢ થઈને નગરના દ્વારે આવી ગયા. ત્યાં યુધિષ્ઠિર અને શ્રીકૃષ્ણની સેનાનો સંગમ થતાં સેનાનો સાગર જેવો વિશાળ દેખાવ થયો.

પ્રયાણ કરતી તે સેના દશાર્ણદેશમાં આવી. ત્યાં પડાવ કરવામાં આવ્યો. ત્યાં સહદેવ અને નકુળના મામા મદ્રરાજ શલ્ય પાંડવાદિને મળવા આવ્યા.

તેમણે યુધિષ્ઠિરને કહ્યું, “તમારા તરફથી મારી પાસે દૂત આવ્યો હતો. તેણે યુદ્ધમાં તમે માંગેલી મારી મદદની વિનંતી કરી, પરંતુ એ પહેલાં જ દુર્યોધન મારી પાસે એ જ કામ માટે આવી ગયો હતો અને મેં તેને સંમતિ આપી દીધી હતી. હવે હું તમને શી રીતે મદદની વિનંતિમાં સંમતિ આપી શકું ? આમ મારી પરિસ્થિતિ વિષમ બની ગઈ.”

યુધિષ્ઠિરે કહ્યું, “મામા ! આપ આવી ચિંતા લગીરે ન કરો. જેવા અમે આપના ભાણિયા છીએ તેવો જ દુર્યોધન પણ આપનો ભાણિયો છે. આપ તેની મદદમાં ઊભા રહો તેમાં ખોટું શું છે ? આપ ખુશીથી તેના પક્ષમાં રહીને યુદ્ધ લડી શકશો.”

યુધિષ્ઠિરના હૃદયની વિશાળતાનો ભાવ મદ્રરાજને સ્પર્શતાં તેના પ્રત્યે તેમને ખૂબ અહોભાવ પેદા થયો.

### મદ્રરાજની મૂંઝવણ અને અંતે ઉકેલ

પણ જેવા તે છાવણીની બહાર નીકળ્યા કે તરત તેમના સગા ભાણિયા (મદ્રરાજની સગી બહેન માદ્રીના પુત્રો) સહદેવ અને નકુલ તેમને મળ્યા. તેમણે કહ્યું, "મામા ! અમારો પક્ષ છોડીને તમે ખૂબ મોટી ભૂલ કરી છે. બીજું તો ઠીક, પણ માતા માદ્રીને આ જાણીને કેટલું બધું દુઃખ થશે ? શું તમે અમારી ઉપર બાણ ચલાવશો એમ ?"

ભાણિયાઓની વાતે મદ્રરાજ ભારે મૂંઝવણમાં પડી ગયા. તેમણે કહ્યું, "હવે તમે જ મને એવો રસ્તો કાઢી આપો કે જેથી મારો કોલ જાય નહિ અને તમારું પણ કામ થયા વિના રહે નહિ."

ભાણિયાઓએ કહ્યું, "તો તમે આટલું કામ કરજો. કૌરવોના પક્ષે અમારા માટે કોઈ ભયરૂપ હોય તો તે એકમાત્ર કર્ણ છે. તમે જ્યારે ને ત્યારે તક મેળવતા રહેજો અને તેનું પોરસ તૂટી જાય તેવા સખ્ત ટોણાં-મેણાં તેને મારતા રહેજો."

અને...મામાએ ભાણિયાઓની વાતનો સ્વીકાર કર્યો.

### કાતીલ છે સગાંવાદ

કેવો કાતીલ છે સગાંવાદ કે તે દુર્યોધનને પક્ષે રહેલા માણસને શત્રુના હિતમાં કામ કરાવીને પક્ષદ્રોહ કરવાની પ્રેરણા કરે છે ! પેલી અંગ્રેજી કહેવત 'Blood is thicker then Water' કેટલી બધી સાચી ઠરે છે !

વિભીષણ જેવા ન્યાયપક્ષી કેટલા-કે જે સગા ભાઈ રાવણને અન્યાયપક્ષે જોઈને તેનો ત્યાગ કરી દીધો !

પેલી મંદોદરી ! પતિ રાવણની દુરાચારિતા પોષવા માટે સીતા પાસે જઈને કાકલૂદીઓ કરતી હતી. લંકાની એ સતી સ્ત્રીને અયોધ્યાની સતીને આમ વાત કરવામાં સગાંવાદ (પતિ-પત્ની સંબંધ) સિવાય બીજું કયું કારણ બન્યું હતું ?

અરે ! પરમાત્મા મહાવીરદેવની સંસારીપણે પુત્રી સાધ્વી થઈ. પણ જ્યારે સંસારી પતિ જમાલિ મુનિને પ્રભુ સાથે મતભેદ પડ્યો અને તે છૂટા થયા ત્યારે સાધ્વી પ્રિયદર્શના જમાલિ મુનિના પક્ષે ગઈ. કેવી આશ્ચર્યની વાત !

પિતા કરતાં પતિનું આકર્ષણ નારીને વધુ હોય માટે જ આમ બન્યું હશે ?

### પાંડવ-શ્રીકૃષ્ણ અને કૌરવ-જરાસંઘની સેનાના પડાવ

દૈનંદિન પ્રયાણ કરતી પાંડવ-કૃષ્ણની સેનાએ એક દિવસ કુરુક્ષેત્રની સાવ નજીકમાં આવેલી સરસ્વતી નદીના તટે પડાવ નાંખ્યો.

ત્યાં શેખરક નામના દૂતે આવીને યુધિષ્ઠિર અને શ્રીકૃષ્ણને કહ્યું, "જરાસંઘનો અશોક નામનો દૂત આપની પાસેથી પ્રતિસંદેશ લઈને જરાસંઘ પાસે ગયો અને ત્યાં તેની પાસેથી જરાસંઘે સઘળી માહિતી મેળવતાં જરાસંઘ ક્રોધાયમાન થયો. તેણે દ્વારિકા ઉપર આક્રમણ કરવાનો વિચાર કર્યો. તે વખતે ત્યાં જ ઉપસ્થિત રહેલા દુર્યોધને તેમને કહ્યું કે શ્રીકૃષ્ણને પણ અમે જ પાંડવોની સાથે હણી નાંખીશું. આ માટે તમે જરાય ચિંતા ન કરો. વળી કૃષ્ણને મારવાનો યશ અમને જ લેવા દો."

એ જ વખતે અનેક પ્રકારના અમંગળોના સંકેત મળવા લાગ્યા. ભીષ્મ પિતામહ વગેરે વિચારવા લાગ્યા કે દુર્યોધન અને જરાસંઘ બે ભેગા થયા છે. બે ય દુષ્ટોમાં અગ્રણી છે. આ બે ય

ની એકતા મોટો સંહાર કરીને જ રહેશે. એમની દુષ્ટ બુદ્ધિ એમને જ મારશે.

કૌરવોની અને જરાસંઘની સેના એકઠી થવાથી ઘણી વિરાટ બની ગઈ હતી. તેણે પ્રયાણ શરૂ કર્યું અને તેઓએ પણ સરસ્વતી નદીના કાંઠે પાંડવ-કૃષ્ણની સેનાથી થોડે જ દૂર પડાવ કર્યો.

### પાંડવોને મારવાનો જશ લેવા દુર્યોધનની કામના

રાત્રિના સમયે જરાસંઘે તમામ મહારથીઓ વગેરેને એકઠા કરીને કહ્યું, "હું આવતી કાલે જ પાંડવો વગેરેને મારીને જ જંપીશ."

ફરીથી દુર્યોધને જરાસંઘને તેવો આગ્રહ નહિ રાખવા સાથે જણાવ્યું, "પાંડવો અને કૃષ્ણને મારવાનો યશ અમને જ લેવા દો. અમે આપને વડીલ તરીકે માન્યા છે માટે અમારો યશ તે આપનો જ યશ છે. મારી આપને નમ્ર વિનંતી છે કે તમે અમારું યુદ્ધ પૂર્ણ થાય ત્યાં સુધી ચૂપચાપ બેસી રહો અને બધું જોયા કરો. અમે બધું કામ પતાવી દઈશું."

દુર્યોધનની આ વિનંતીનો જરાસંઘે સ્વીકાર કર્યો. તેણે શાંતિ પકડીને બાજુ ઉપર ખસી જવાનું પસંદ કર્યું.

### સેનાપતિરૂપે ભીષ્મની વરણી

ત્યાર બાદ દુર્યોધને ભીષ્મ પિતામહ વગેરેને એકઠા કરીને સહુની યુદ્ધમાં મદદ માંગી અને સહુને પૂછ્યું, "આપણામાં મહારથી, અતિરથી, રથી, અર્ધરથી કોણ કોણ છે ? કોને આપણે સેનાધિપતિ બનાવીશું ? વગેરે."

પિતામહે તેને કહ્યું,"તું જ બધું ક્યાં નથી જાણતો ? આ બધું અમને પૂછવાની તારે શી જરૂર છે ? હા, એક વાત હું તને કરી દઉં કે જે રાધેય છે તે યુદ્ધના સમયમાં પણ બહુ પ્રમાદી રહે છે, માટે તેને મહારથી ન ગણતાં અર્ધરથી જ ગણવો જોઈએ."

આ શબ્દો સાંભળીને કર્ણ લાલપીળો થઈને બોલ્યો, "દુર્યોધન ! જ્યાં સુધી પિતામહનું યુદ્ધમાં અતિરથીપણું (નેતૃત્વ) રહેશે ત્યાં સુધી હું ધનુષ ધારણ કરીશ નહિ." આમ કહીને કર્ણ ત્યાંથી ચાલ્યો ગયો.

આથી દુર્યોધન ઉદાસ થઈ ગયો. તે જોઈને ભીષ્મે તેને કહ્યું, "હું બેઠો છું ત્યાં સુધી તું જરાય ચિંતા ન કર."

દુર્યોધને કહ્યું, "જો એમ જ હોય તો તમે જ યુદ્ધમાં સેનાધિપતિનું પદ સ્વીકારો."

ભીષ્મે દુર્યોધનની વિનંતી સ્વીકારતાં તરત તેમનો સેનાધિપતિપદે દુર્યોધને અભિષેક કર્યો.

### શ્રીકૃષ્ણ સારથિ : ધૃષ્ટદ્યુમ્ન સેનાપતિ

આ બાજુ યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને કૌરવોની સાથે સંગ્રામ ખેલવાનું નેતૃત્વ લેવા જણાવ્યું ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું, "કૌરવોને તો તમે પાંડવો જ જીતી શકો તેમ છો. મારી સહાયની તમારે કશી જરૂર નથી. છતાં તું ઈચ્છે છે તો હું અર્જુનના રથનો સારથિ બનીશ."

યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણની ભાવનાનો સ્વીકાર કર્યો અને યુદ્ધની તૈયારીઓ શરૂ કરી. અનેક રાજાઓની સાથે વિચારણા કરીને દ્રુપદ રાજાના પુત્ર ધૃષ્ટદ્યુમ્નને યુદ્ધના સેનાપતિપદે અભિષિક્ત કર્યો.

બીજી બાજુથી હેડંબાનો પુત્ર ઘટોત્કચ પણ શસ્ત્રસજ્જ બનીને યુદ્ધ માટે આવી ગયો.

અને...યુદ્ધ શરૂ કરવાના સમયને સૂચવતા વાજિંત્રોના નાદ વગેરે જોરથી શરૂ થઈ ગયા.

## યુદ્ધ માટે ઉભય પક્ષ સુસજ્જ

તે વખતે ધર્મરાજ યુધિષ્ઠિરે રથમાં પ્રયાણ કર્યું. શ્રીકૃષ્ણે સારથિ બનીને અર્જુનના રથને હાંક્યો.

ધર્મરાજાએ વ્યૂહ વિચારીને સઘળા રાજાઓને તે મુજબ ગોઠવી દીધા.

સામા પક્ષે પણ એ રીતે સૈન્ય આગળ ચાલ્યું અને પ્રતિવ્યૂહને ગોઠવીને ઊભું રહ્યું.

એક બાજુ વિરાટ જરાસંઘના સૈન્ય સહિત કૌરવ-સૈન્ય ખડું થઈ ગયું હતું.

બીજી બાજુ ખેચરોના વિરાટ સૈન્ય સહિત ધર્મરાજાનું સૈન્ય સજ્જ બનીને ઊભું રહ્યું હતું.

તે વખતે ઉભય પક્ષના યોદ્ધાઓએ સર્વ સંમતિથી નિર્ણય લીધો કે કોઈએ પણ શત્રુપક્ષના નિઃશસ્ત્ર ઉપર શસ્ત્ર ઉગામવું નહિ, જે સ્ત્રી હોય તેને હણવી નહિ.

૩૫.

# અર્જુનનો વિષાદ

પાંડવ-સૈન્યના સેનાધિપતિ ધૃષ્ટદ્યુમ્નની રક્ષા કરવા માટે તેની બંને બાજુએ ભીમ અને અર્જુનના રથો ગોઠવાયા હતા.

**અર્જુનને યોદ્ધાઓની ઓળખ આપતા શ્રીકૃષ્ણ**

તે વખતે અર્જુનના સારથિ તરીકે રહેલા શ્રીકૃષ્ણે તેને કહ્યું, "વત્સ અર્જુન ! આ જો તારી સામે વિરાટ કૌરવસૈન્ય શસ્ત્રસજ્જ બનીને ઊભું છે. એમાં સૌથી મોખરે જે દેખાય છે તે કૌરવકુળના **પિતામહ ભીષ્મ** છે. તેમનું ધનુષપરાક્રમ તેમની યુદ્ધકળામાં સર્વોત્કૃષ્ટ ગણાય છે. જો; તેમની ધજામાં કલશનું ચિહ્ન છે. તેમના રથના ઘોડાઓ લાલવર્ણી છે.

આ જો; કલશના ચિહ્નવાળી ધજાથી શોભતા રથમાં આરૂઢ થયેલા **દ્રોણાચાર્ય**.

આ જો; શ્વેત અશ્વોવાળા રથમાં બેઠેલા **કૃપાચાર્ય**.

અને આ બાજુ જો; નાગના ચિહ્નવાળી ધજાવાળા રથમાં બેઠેલો **દુર્યોધન** ! નીલવર્ણી એના ઘોડાઓ.

અને આ પીળા ઘોડાઓથી સજ્જ બનેલા રથમાં ઊભેલો **દુઃશાસન**.

આ કદી કોઈથી ય ન ડરતો દ્રોણપુત્ર **અશ્વત્થામા**.

આ દુષ્ટતામાં જેનો જોટો ન જડે તે **શકુનિ** જો.

ક્યારેક શત્રુઓને યુદ્ધની ધરતી ઉપર ઊભા રહેવું ભારે કરી મૂકે તેવો આ પરાક્રમી **મદ્રરાજ શલ્ય**.

આ વરાહથી અંકિત રથમાં બેઠેલો **જયદ્રથ**.

આ ભૂરિશ્રવા, આ ભગદત્ત, આ સુશર્મા વગેરે અનેક મહાપરાક્રમી રાજાઓ."

**અર્જુનનો વિષાદ : મારે રાજલક્ષ્મી ન ખપે**

શ્રીકૃષ્ણે પરપક્ષનો પરિચય આપ્યો અને અર્જુનના યુદ્ધ લડવાના હોશકોશ ઊડી ગયા. તેણે ખૂબ જ હતાશાભર્યા અવાજમાં શ્રીકૃષ્ણને કહ્યું, "મારાથી કોઈ પણ સંયોગમાં યુદ્ધ થઈ શકે તેમ નથી. આપે જેમની ઓળખ આપી તે બધા મારા જુદી જુદી રીતના નિકટના સંબંધીઓ છે. શું મારે એમને હણી નાંખવાના ? રે ! આ તો મારાથી કેમેય નહિ બની શકે.

અરે ! જો રાજલક્ષ્મી પામવા માટે સ્વજનો, સ્નેહીજનો, અરે ! ગુરુજનો અને વડીલજનોના લોહીનો ભોગ લેવાનો હોય તો ના... ના... શ્રીકૃષ્ણ ! મારાથી તે કદાપિ નહિ બની શકે.

મારે તે રાજલક્ષ્મી નથી જોઈતી. હું આજીવન વનવાસી બનીને રહેવા તૈયાર છું.

જેમના ખોળામાં હું રમ્યો છું, જેમણે મને અપાર વહાલ દાખવ્યું છે તે મારા પરમ પૂજનીય ભીષ્મ પિતામહને મારે બાણથી વીંધી નાંખવાના? હાય, અસંભવ.

જેમણે મને દિલ દઈને ધનુર્વિદ્યા શીખવી છે, જેમના હૈયામાં કોડ હતા મને વિશ્વનો સર્વશ્રેષ્ઠ બાણાવળી બનાવવાના અને તેથી જ પેલા નિર્દોષ ગુરુભક્ત એકલવ્યનો અંગૂઠો ગુરુદક્ષિણામાં જેમણે કપાવી નાંખ્યો તેવા મારા પ્રાણસ્વરૂપ ગુરુ દ્રોણાચાર્ય ઉપર મારે બાણોની વર્ષા કરવાની? ઓ ! એ શી રીતે મારાથી થઈ શકશે ?

અને પેલા કૃપાચાર્ય ! એ ય અમારા કૌરવકુળના વિદ્યાગુરુ ! મારે તેમને પણ હણી નાંખવાના ? ના, મારું પરમ પવિત્ર ગાંડીવ ધનુષ ગુરુજનોના લોહીથી ખરડાઈને કલંકિત થઈ નહિ શકે. હું ગાંડીવ નીચે મૂકી દઉં છું.''

અર્જુનના હૈયામાં આ પરિસ્થિતિનો પહેલેથી જ ખ્યાલ હશે, પરંતુ જ્યારે તે પરિસ્થિતિનું તેણે ઉઘાડી આંખે દર્શન કર્યું ત્યારે જ તેની ભયાનકતા તેને બરોબર સમજાઈ અને એના રોમરોમમાં રમતી કૃતજ્ઞતાએ એને ગાંડીવ ઊંચકતા હતાશ કરી દીધો.

રણભૂમિ માટે તદ્દન અપાત્ર એવા કોઈ ક્ષમાશીલ સાધુને રણભૂમિમાં લાવીને ખડા કરી દીધા હોય અને તેમની જે દશા થાય તેવી કરુણાર્ત્ત સ્થિતિ અર્જુન અનુભવવા લાગ્યો.

### અર્જુનને પાનો ચઢાવતા શ્રીકૃષ્ણ

શ્રીકૃષ્ણને લાગ્યું કે પરિસ્થિતિ ખૂબ વિકટ બની રહી છે. જો અર્જુનને યુદ્ધ માટે ઉત્સાહિત કરવામાં નહિ આવે તો પાંડવોનો પરાજય સુનિશ્ચિત છે.

કર્ણ વિનાના કૌરવો અને અર્જુન વિનાના પાંડવો સાવ 'વામણા' છે. ગમે તેમ કરીને અર્જુનના લોહીમાં યુદ્ધની ગરમી લાવી દેવાનો સંકલ્પ કરીને શ્રીકૃષ્ણ અર્જુનને કહેવા લાગ્યા, ''અર્જુન ! તું ક્ષત્રિય છે હોં ! તું કોઈ શ્રમણ નથી. આ સ્થળે તું 'સગા અને વહાલા'ના સંબંધો જોઈ રહ્યો છે તે તારા ક્ષાત્રવટને માટે ખૂબ શરમભરી બાબત છે.

જે પિતામહે પોતાના જ પુત્રો અને પૌત્રોની સામે શસ્ત્રો ઉગામ્યા હોય એને પિતામહ કહેવાય કે શત્રુ કહેવાય ?

જે વિદ્યાગુરુઓ પોતાના જ વહાલામાં વહાલા શિષ્યોને ખતમ કરી નાંખવા માટે થનગની રહ્યા હોય તેમને વિદ્યાગુરુ કહેવાય કે શત્રુ કહેવાય?

અર્જુન ! તારી બુદ્ધિ સાવ બહેર મારી ગઈ લાગે છે, નહિ તો આટલી સીધી વાત તને કેમ ન સમજાઈ ? આ પ્રશ્ને તારા હૈયામાં વડીલજનો અને ગુરુજનો પ્રત્યે જેમ ભક્તિભાવ ઊભરાયો છે તેમ તેઓના હૈયે તારા પ્રત્યેનો ભૂતપૂર્વ વાત્સલ્યભાવ કેમ ઊભરાયો નથી ? તેઓ તને-તમને બધાને-મારી નાંખવાની ક્રૂરતાની ઘાતકી લાગણીઓથી કેમ ઊભરાયા છે ? શું તું આવાઓને તારા ઉપકારીજન માને છે એમ ? શું આવાઓને તારે વિદ્યાગુરુ કહેવા છે એમ ?''

### 'પાપીઓ તેમના પાપે જ મરશે'

''વળી તું કહે છે કે હું તેમને મારી શકીશ નહિ. અરે અર્જુન ! તું શું તેમને મારવાનો હતો. એમના પાપકર્મો જ એમને મારવાના છે. તું તો નિમિત્તમાત્ર બનવાનો છે. અર્જુન ! એક વાત સમજી લે કે દુર્યોધન, દુઃશાસન, શકુનિ અને કર્ણે દ્રૌપદીના વસ્ત્રાહરણ વગેરે પ્રસંગો ઉપર જે પાપ કર્યું છે અને ભીષ્મ, દ્રોણ વગેરેએ મૌન રહીને તેમને જે પ્રકારે પાપ કરવામાં ઉત્તેજન આપ્યું છે એ પાપ એટલું બધું ભયંકર છે, એટલું બધું ઉગ્ર છે કે તેમને આ જ ભવમાં તેનું ફળ મળી રહેવાનું છે અને હવે તો તેને ઝાઝા દિવસો પણ લાગવાના નથી. ઉગ્ર પાપીઓ તેમના પાપે જ તે જ ભવમાં મરે છે એ શાસ્ત્રવચનને તું વીસરી ન જા. મારે તને એટલું જ કહેવું છે કે તું તારો ક્ષાત્રધર્મ બજાવ. સ્વયં મરનારાઓને મારવાની તારે તો માત્ર વિધિ જ કરવાની છે.

વળી સામેથી બાણોના પ્રહારો ચાલુ રહે ત્યારે ક્ષત્રિય બચ્ચો કોઈ પણ સ્થિતિમાં શાંત ઊભો રહે ખરો ? તું વીર ક્ષત્રિયાણી માતા કુન્તીનું સંતાન નથી ? શું તું મહાપરાક્રમી ક્ષત્રિય રાજા પાંડુનું

બીજ નથી ? ઓ અર્જુન ! અત્યારનું તારું વર્તન તે સાચી હકીકતમાં પણ શંકા પ્રેરે તેવું બની ગયું છે.''

### વ્યાસ દ્વારા અર્જુનનું વિષાદ-દર્શન

વ્યાસ-મુનિએ આ પ્રસંગે અર્જુનના અંતરમાં છાઈ ગયેલા ઘેરા વિષાદને અતિશય સુંદર ભાષામાં રજૂ કર્યો છે.

અર્જુન શ્રીકૃષ્ણને કહે છે, ''હું તે ગુરુજનો અને ભાઈઓ સાથે યુદ્ધ કરવા માટે અહીંથી આગળ વધી શકીશ નહિ. આ તો મારા જ ભાઈ-ભાંડુઓ છે. તેમને દુઃખી કરવાની મારી કોઈ તાકાત નથી. મારી સાથે લડવાની ઈચ્છાવાળા થયેલા સ્વજનાદિને જોઈને તો મારા ગાત્રો ઢીલાં પડી ગયા છે, મારું મુખ સુકાઈ ગયું છે, મારામાં લડવાની કોઈ શક્તિ જ રહી નથી.''

આ રહ્યા વ્યાસમુનિના પોતાના શબ્દો :

***न ह्यहं तत्र यास्यामि स्थितोऽस्मीति निवेद्यताम् ।***
***मत्संश्रयादिमे दूनाः सुखिनो भ्रातरो हि मे ॥***
***दृष्ट्वैनं स्वजनं कृष्ण ! युयुत्सुं समुपस्थितम् ।***
***सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ॥***

અર્જુનના વિષાદને નિર્મૂળ કરવા માટે તેના પાપોની જાણે કે બધી જવાબદારી શ્રીકૃષ્ણ લઈ લેતા હોય તેવી કટાક્ષવાણીમાં શ્રીકૃષ્ણના મુખમાં વ્યાસે એ શબ્દો મૂક્યા છે કે, ''હે અર્જુન ! તું મારા તરફ તારું મન કર, મારો ભક્ત બન, મને નમી જા, મારી વાત માની લે. હે કૌન્તેય ! હું તને નિશ્ચિતપણે કહું છું કે મારી આજ્ઞા પ્રમાણે ચાલતો મારો ભક્ત કદાપિ ક્યાંય નાશ પામતો નથી, નિષ્ફળ જતો નથી.''

આ રહ્યા વ્યાસમુનિના શબ્દો :

***मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।***
***कौन्तेय ! प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥***

બેશક, વ્યાસ શ્રીકૃષ્ણને અહીં ભગવત્સ્વરૂપે જુએ છે છતાં જૈન શૈલીને સાપેક્ષ રીતે વિચારતાં આ શ્લોકનો ભાવ પરમાત્મતત્ત્વ પ્રત્યેની પરાભક્તિને સૂચવતો હોવાથી બહુમાન્ય બની શકે છે.

શ્રીકૃષ્ણના માથે આ સમયે ખૂબ જ કપરી બે કામગીરી આવી પડી છે તેને આપણે વિગતથી જોઈએ.

'અર્જુન' શબ્દનો અર્થ 'સરળ' થાય છે. આ માણસ ખૂબ સરળ છે અને તેથી જ અત્યારે તે ખૂબ પીડાઈ રહ્યો છે. જો તે દુર્યોધન જેટલો દુષ્ટ હોત કે જો તે કૃષ્ણ જેવો સ્થિતપ્રજ્ઞ હોત તો આ યુદ્ધ લડવું તેના માટે જરાય મુશ્કેલ ન બનત. જે દુષ્ટ બની શકે છે કે સ્થિતપ્રજ્ઞ (અનાસક્ત) રહી શકે છે તે જ યુદ્ધ લડી શકે છે. અર્જુનને આ બે ભૂમિકામાંથી એક પણ ભૂમિકા પામવાનું હાલના તબક્કામાં મુશ્કેલ બની ગયું છે. એટલે જ 'ઇન્સાન' તરીકેની તેની ભૂમિકાને લીધે જ તે પીડાઈ રહ્યો છે.

પણ આ સ્થિતિમાં કૃષ્ણ અર્જુનના હૈયે અહંકાર પેદા થયેલો જુએ છે. તે જાણે છે કે અર્જુન હિંસાથી ડરે તેવો નથી, કેમકે તેણે આ પૂર્વે ઘણાં યુદ્ધો ખેલ્યા છે.

અર્જુનને ભય પેદા થયો છે; માનભંગનો.

"ઇતિહાસના પાને મારું નામ કાળા અક્ષરે લખાશે. હું પિતૃહત્યારો! હું બંધુહત્યારો ! હું ગુરુહત્યારો ! હાય, મારી આબરૂના ચૂરેચૂરા થઈ જશે !"

અર્જુનના હૈયાનો હુંકાર શ્રીકૃષ્ણની આંખે ચડી ગયો હતો. આથી 'હું..હું..હું..' કરતો અર્જુન કૃષ્ણને અહંકારી જણાતો હતો. હવે એક બાજુ અહંકારી દુર્યોધન હતો તો બીજી બાજુ અહંકારી અર્જુન હતો, છતાં શ્રીકૃષ્ણ દુર્યોધનને જાનથી મારવા માંગતા હતા જ્યારે અર્જુનના માત્ર અહંકારને મારવા માંગતા હતા, કેમકે અર્જુન ધર્માત્મા હતો. એના અહંકારને મારવા માટે જ નિઃશસ્ત્ર કૃષ્ણે ગીતા નામનું શસ્ત્ર ઉઠાવ્યું હતું.

બીજી વાત એ હતી કે અર્જુન ક્ષત્રિય હતો. તેણે પોતાનો સ્વધર્મ-દુષ્ટોના હાથમાં જતી ધરતીને દુષ્ટોથી બચાવવાનો-ધ્યાનમાં રાખવાનો હતો. આ સ્વધર્મને ધ્યાનમાં લેવાને બદલે તે ક્ષત્રિય બચ્ચો રણ છોડીને સંન્યાસનો સ્વીકાર કરે તે કૃષ્ણને મંજુર ન હતું. આથી જ ગીતા દ્વારા કૃષ્ણે અર્જુનને સ્વધર્મ સમજાવ્યો છે.

કૌશિક નામનો બ્રાહ્મણ માતાપિતાનો તિરસ્કાર કરીને, તેજોલેશ્યાની વિદ્યા સિદ્ધ કરીને ગુફામાંથી નીકળ્યો, એક ઝાડ નીચે બેઠો. તેના માથે ઝાડ ઉપર બેઠેલી ચકલી ચરકી. ભારે ક્રોધે ભરાઈને કૌશિકે તેને તેજોલેશ્યાથી બાળી નાંખી.

કૌશિક ભિક્ષાર્થે નજીકના ગામમાં ગયો. એક બાઈ બીમાર પતિની સેવામાં લીન હોવાથી તેના આંગણે ઊભેલા કૌશિકના'***भिक्षां देहि*** શબ્દો તેણે સાંભળ્યા નહિ. કૌશિકે ક્રોધે ભરાઈને ફરી તેજોલેશ્યા છોડી પણ આ શું ? બાઈને પ્રદક્ષિણા કરીને જ એ પાછી વળી ગઈ. તે વખતે બાઈએ કહ્યું, "કૌશિકજી ! હું પેલી ચકલી નથી કે બળી જાઉં."

કૌશિકે તેને પૂછ્યું, "મારી આ વાતની તને ક્યાંથી ખબર પડી ગઈ ?"

બાઈએ કહ્યું,"પતિની સેવા કરવાના મારા સ્વધર્મના અણિશુદ્ધ આચરણથી મને જ્ઞાનપ્રકાશ પ્રાપ્ત થયો છે. તમે મા-બાપની અવગણના કરી છે માટે જ ક્રોધથી જીવન જલાવી રહ્યા છો."

મહાભારતકાર વ્યાસ આ પ્રસંગથી સ્વધર્મનો મહિમા બતાવે છે.

કહેવાય છે કે પુંડલિક પોતાની માતાની સેવામાં લીન હતો ત્યારે જ પધારેલા વિઠ્ઠલને પુંડલિકે કહી દીધું, "પેલી ઈંટ ઉપર ઊભા રહેજો. હાલ હું તમારું સ્વાગત કરી શકું તેમ નથી."

વિઠ્ઠલને તેમ જ કરવું પડ્યું. પણ માતૃસેવાના તેના સ્વધર્મને જોઈને પ્રસન્ન થઈ ગયેલા વિઠ્ઠલે પુંડલિકને વરદાન આપ્યું. આથી જ વિઠ્ઠલના ભક્તો 'પુંડલિક વરદે વિઠ્ઠલ' બોલતા વિઠ્ઠલને જપે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે કૃષ્ણ અર્જુનને અહંનાશ અને સ્વધર્મ-પરાયણતા-આ બે કર્તવ્યો ગીતા દ્વારા સમજાવી રહ્યા છે જેમાં અંતે કૃષ્ણે પૂર્ણ સફળતા પ્રાપ્ત કરી છે.

### અર્જુન કહે છે : 'મારો મોહ હવે નષ્ટ થયો છે'

અને...એ જ વખતે અર્જુનના હૈયામાં યુદ્ધનો ઉત્સાહ પ્રગટ થાય છે, હાથમાં ગાંડીવ ઉઠાવે છે અને પણછ ઉપર બાણ ચઢાવતો તે કહે છે, "હે શ્રીકૃષ્ણ ! ક્ષાત્રવટનો ધર્મ સમજાવીને તમે મારી ઉપર ખૂબ ઉપકાર કર્યો છે. હું સગાં-વહાલાના વિચારની લાગણીઓના આવેગમાં સ્વકર્તવ્યને સાવ વીસરી ગયો.

હવે મારી એ અજ્ઞાનતા નષ્ટ થઈ છે. હવે મને જ્ઞાન પ્રાપ્ત થયું છે. હવે આપ જે કહેશો તે જ હું કરીશ."

વ્યાસના શબ્દોમાં : ***नष्टो मोहः स्मृतिर्लब्धा करिष्ये वचनं तव ।***

### આદિનાથ અને શ્રીકૃષ્ણની વિભિન્ન ભૂમિકા

અહીં એક સવાલ થશે કે જો પરમાત્મા આદિનાથે પોતાની પાસે આવેલા-મોટાભાઈ ભરતની સામે લડી લેવાના મૂડવાળા નાના અઠ્ઠાણું ભાઈઓ(પ્રભુના સંસારી પુત્રો)ને સંસારની અસારતાનો જોરદાર બોધ આપીને તેમને દીક્ષાના માર્ગે વાળી દીધા, યુદ્ધનો આતશ પ્રજ્વળવા જ ન દીધો તો શ્રીકૃષ્ણે તેનાથી સાવ વિપરીત કેમ કર્યું ?

આનો ઉત્તર એ છે કે પરમાત્મા આદિનાથ અને શ્રીકૃષ્ણની ભૂમિકાઓ સાવ ભિન્ન હતી. એક હતા સંસારથી પર ત્રિલોકગુરુ ભગવાન, બીજા હતા સંસારસ્થ ક્ષત્રિય રાજા !

પરમાત્મા આદિનાથનો આત્મા પણ જ્યારે સંસારસ્થ હતો ત્યારે તેમને પણ પ્રજાની ધારણા માટે શિલ્પાદિની સાવદ્ય કળાઓનું શિક્ષણ આપવું જ પડ્યું છે. શ્રીકૃષ્ણ પણ તેવી જ સંસારી ભૂમિકામાં હતા એટલે એ ગમે તેવા ધર્માત્મા હોય તો પણ તેમને કેટલીક કડવી ફરજો કમને પણ બજાવ્યા વિના છૂટકો રહેતો નથી.

બાકી એ વાત ચોક્કસ છે કે આવા યુદ્ધના દાવાનળને પેટાવ્યા વિના દુર્યોધનની કારમી સત્તાલાલસાને આંખેઆંખ નિહાળીને સમગ્ર સંસારથી પાંચેય પાંડવો વિરક્ત થઈને દીક્ષાના માર્ગે ચાલી નીકળ્યા હોત તો એના જેવું ઉત્તમ બીજું કશું જ ન હતું. પણ દરેક માટે દરેક સમયમાં દીક્ષા શક્ય હોતી નથી એ વાત આપણે વીસરવી ન જોઈએ.

### 'પાર્થને કહો ચડાવે બાણ'

આથી જ દુષ્ટોની દુષ્ટતાને પ્રોત્સાહન ન મળે, દીર્ઘ જીવન ન મળે તે માટે જ શ્રીકૃષ્ણને ખૂબ કડવી ફરજ બજાવીને કહેવું પડ્યું છે, **"પાર્થને કહો ચડાવે બાણ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ."**

અને... અર્જુનના ધનુષનો ગગનભેદી ટંકાર થયો.

કુરુક્ષેત્રનું દર્શન કરતાં અર્જુન જેટલો હતાશ થઈ ગયો હશે તેથી ઘણી વધુ હતાશા વર્તમાનકાલીન ભારતવર્ષનું દર્શન કરતા અચ્છા અચ્છા ધર્મસંસ્કૃતિના રક્ષકોમાં આવી ગઈ હોય તેમ મને લાગે છે.

અર્જુનમાં ઉત્સાહ લાવી દેનારા શ્રીકૃષ્ણ તે કાળમાં હતા. આજે તેમનો રોલ ભજવે તેવા કોઈ 'મીની કૃષ્ણ'ની તાતી જરૂર જણાય છે, અન્યથા હતાશ અર્જુનો લડ્યા વિના જ ધર્મયુદ્ધ હારી જશે.

આ વિષય ઉપર આપણે જરાક વિગતથી વિચાર કરીએ.

### હતાશ ન થાઓ

વર્તમાન પરિસ્થિતિનું ઝીણવટથી દર્શન કરતાં એ વાત તો ચોક્કસપણે સમજાય છે કે રોગ ધાર્યા કરતાં ઉગ્ર વધુ બની ચૂક્યો છે. કદાચ એમ પણ કહેવાનું કોઈ માણસ સાહસ કરી બેસે કે, "હવે મોત તો નિશ્ચિત જ છે, કદાચ પ્રયત્નોથી એને થોડું દૂર ઠેલી શકાશે પણ નિવારી તો નહીં જ શકાય."

અર્ધદગ્ધ માણસોને, સત્તા, સંપત્તિ આદિની પુણ્યાઈથી ફાટી ગયેલા સંતો અને જમાનાવાદી દેશી અંગ્રેજોને આ વાત પેટ ભરીને હસવા જેવી લાગે તો જરાય નવાઈ પામવા જેવું નથી. આવા તો આજે હિન્દુસ્તાનમાં લાખો નિર્માલ્ય નીરો છે જેઓ પોતાની ફિડલભક્તિમાંથી ઊંચા જ આવતા નથી.

હકીકતમાં આવા લોકોને આ દેશ, તેની પ્રજા, તેની સંસ્કૃતિ, તેના જાજરમાન મોક્ષપ્રાપક ધર્મો

વગેરે જીવે કે જહન્નમમાં જાય તે બધું સરખું જ જણાતું હોય છે. આ બધાયના નામે પોતાનું ચરી ખાવાની વૃત્તિએ એમના જીવનના તમામ ક્ષેત્રમાં પોતાના ડેરા-તંબુ નાંખી દીધા છે. માનપાન અને ખાનપાનમાંથી આ મહાસ્વાર્થાન્ધ અને દેશદ્રોહી લોકો કદી ઊંચા જ આવતા નથી. આવાઓની આસપાસ જી-હજૂરિયાઓનું ટોળું સતત જોવા મળે છે. અસ્તુ.

ગોરા લોકો-પછી તે અમેરીકન હોય કે રશિયન હોય-આજે પણ આ હિન્દુસ્તાન ઉપર રાજ કરી જ રહ્યા છે. એમણે આ દેશના 'હિન્દુસ્તાન' નામમાં હિન્દુ શબ્દ હતો માટે જ તે આખું નામ ઉડાવી દીધું અને 'ઇન્ડિયા' નામ ફેલાવી દીધું.

અને કંગાળ આપણે હિન્દુઓએ; રે ! ભૂલ્યો, દેશી અંગ્રેજોએ ! એમના ચમચાઓએ ! હિન્દુ-પ્રજાને નામશેષ કરતી એમની તરકીબને વધાવી લીધી !

### ઢાંચો જ ભયંકર

હવે તો પરિસ્થિતિ એવી વણસી છે કે એ લોકો જે ઢાંચો ગોઠવીને ગયા છે એથી ધર્મ કરો તો ય, સંસ્કૃતિ સામે ઝુંબેશ ઉઠાવવાની હાકલ કરો તો ય એ બધું ય ધર્મ અને સંસ્કૃતિનું નાશક જ બની રહે છે. પેટના આંતરડાં જ નબળાં પડી ગયા હોય પછી તેમાં ચણાનું બેસન નાંખો તો ય શક્તિશોષ થાય અને દૂધ-ઘી પીઓ તો ય શક્તિશોષ થાય.

પુસ્તકો છપાવીને આ સંસ્કૃતિનાશની ભેદી કારસાજી જાહેર કરવામાં ય પ્રેસના યંત્રવાદને ઉત્તેજન મળી જાય છે.

ધાર્મિક શાસ્ત્રગ્રંથોને પુનર્મુદ્રિત કરાવીને તેની રક્ષા કરવા જતાં હસ્તલિખિત સાહિત્યના સર્જનમાં ભયંકર ઘટાડો થાય છે.

તીર્થોમાં સગવડ આપીને યાત્રિકોની સંખ્યા વધારો તો ય તીર્થોની તારકતા નષ્ટ થઈને તે બધા ય હવા ખાવાના હિલ-સ્ટેશન જેવા બની જાય છે.

મુનિજીવન પામીને સંસ્કૃતિરક્ષા માટે બહુમતવાદ આદિ ઉપર જ આધારિત થતી સંસ્થા વગેરે સ્થપાય તો ય તેમાં અંતે એવો કંકાસ જાગે છે કે એ સંસ્થા મરતી મરતી પણ પ્રભુશાસનને ધક્કો મારતી જાય છે.

મંદિરોના જીર્ણોદ્ધાર દ્વારા જીવંત કરાતી તેની કલાકારીગીરી એ જ મંદિરોની દર્શનીયતાને નષ્ટ કરે છે અને 'પ્રદર્શન'નું સાધન બની જાય છે.

ધર્મપ્રચાર કે સંસ્કૃતિપ્રસારની ધૂન વેગ પકડે છે ત્યારે ધર્મનો મૂળભૂત પ્રભાવ નષ્ટ થઈ જાય છે.

સ્થૂળ પરિબળો દ્વારા સંસ્કૃતિરક્ષા કરનારાઓના પોતાના જ જીવનમાંથી સૂક્ષ્મ પરિબળો નષ્ટ થવા લાગે છે.

આમ સંસ્કૃતિરક્ષા કાજે આપણે જે કાંઈ હાર્દિક અને વાસ્તવિક પણ પ્રયત્ન કરીએ તે ય અંતે તો સંસ્કૃતિનાશમાં જ પરિણમે, કેમકે લોખંડી વાતાવરણ ગોરાઓએ ચોમેર જમાવી દીધું છે.

જે સંસ્કૃતિચાહકને આ કટુ વાસ્તવિકતાનું દર્શન થાય તે શું નીરો બનીને ફિડલ બજાવશે ? શું તે 'સબસલામત'ની સાયરન વગાડશે ? અફસોસ !

ખેર, પણ તો ય આપણે હતાશ થઈ જવાની કશી જરૂર નથી. આર્યાવર્ત્તની સંસ્કૃતિનો થઈ ચૂકેલો મહાનાશ જ આપણામાં તીવ્ર આશાવાદ પૂરે છે.

### વિકૃતિઓને હટાવવાનું અશક્ય નથી

આર્યાવર્ત્તની આ મોક્ષમૂલક ધર્મપ્રધાન સંસ્કૃતિ હજારો વર્ષોથી જીવંત રીતે આ ધરતી ઉપર છાઈ

ગઈ હતી. અઘોર આક્રમણો સામે પણ એ નષ્ટભ્રષ્ટ થઈ ન હતી. ક્યારેક એ સંસ્કૃતિની જીવાદોરીશાં મંદિર વગેરે ધર્મસ્થાનો, શાસ્ત્રગ્રંથો, ધર્માત્માઓ ઉપર વિનાશની તલવાર ચલાવાઈ તો તરત જ સંસ્કૃતિભક્તોએ તે ખાલી પડેલી જગ્યાઓ સવાયા વેગથી પૂરી દીધી ! રાજા-મહારાજાઓએ પણ આ માતા-સંસ્કૃતિની રક્ષા કરી છે. હજારો મંદિરોના નિર્માણમાં એમનો સક્રિય સાથ અને સહકાર મળ્યો છે. બિનસાંપ્રદાયિકતાના નામે તમામ મંદિરોની અવગણના કરવાનો ધિક્કારપાત્ર આજનો કીમિયો આ દેશના મુસ્લિમ રાજાઓએ પણ અપનાવ્યો નથી. હિન્દુઓએ મસ્જિદો બાંધી આપી છે. મુસ્લિમોએ મંદિરો ચણી આપ્યા છે.

આવી બદ્ધમૂલ હતી આપણી સંસ્કૃતિ. હવે જો હજારો વર્ષો જૂની આવી સંસ્કૃતિને પણ ભયજનક સ્થિતિ સુધી હચમચાવી શકાય તો હું એમ પૂછું કે માત્ર ૩૫૦-૪૦૦ વર્ષ જૂની, આ દેશમાં આવી પડેલી પાશ્ચાત્ય સંસ્કૃતિ (વિકૃતિ) આપણે હચમચાવીને ઉખેડી નાંખી નહિ શકીએ શું ?

ક્યાં હજારો વર્ષ ? ક્યાં ચારસો વર્ષ ?

તો શા માટે હતાશ થવું ?

યાદ રાખો, રાજાઓના રાજ પણ એક દિ' ઊખડી ગયા છે તો આપણી સંસ્કૃતિના સર્વનાશી વાયરાઓને આપણે કેમ મારી પાછા હઠાવી ન શકીએ ?

## આવો, પ્રતિ-આક્રમણ કરીએ

હવે આ પ્રતિ-આક્રમણ અંગે આપણે થોડું વિચારીએ.

આપણે જાણીએ છીએ કે 'મોક્ષ' જ જેનો મૂલ અને પ્રધાન આદર્શ છે એ આર્ય પ્રજાના જીવનમાં સુખ માટે ધર્મ તો ન જ હોય, પણ ધર્મ માટે સુખની અપેક્ષા રહે તો તે તદ્દન સ્વાભાવિક છે. એ પ્રજાનું જીવનધોરણ જો રફેદફે થઈ જાય તો આર્થિક ચિંતા વગેરેમાં જ એવી ગળાડૂબ આવી જાય કે ધર્મ-તત્ત્વને વાસ્તવિક રીતે સ્પર્શવાની સ્થિતિ જ ઊભી ન રહે.

આજે તો ખેડૂત અને ખેતીને યાંત્રિક અને રાસાયણિક સાધનોથી; પશુગણ અને તેના દૂધ-છાણ વગેરેને કતલખાનાં, ડેરી, ફર્ટિલાઈઝર- પ્લાન્ટ વગેરેથી; નારી અને તેના શીલને શિક્ષણ, સ્વાતંત્ર્ય, નોકરી વગેરેથી; ગામડાંઓને નગરાવલંબી બનાવવાથી; વેપારી અને વેપારને જાહેર-ઉદ્યોગોની કારમી ઘેલછા, પરવાનાના પરાવલંબનથી; યુવાન અને તેના બ્રહ્મચર્યને સિનેમા, સહશિક્ષણ, મતાધિકાર વગેરેથી; કૌટુંબિક પવિત્ર જીવનને ફેમિલી પ્લાનિંગ, વિભક્ત-વ્યવસ્થા, છૂટાછેડા, ગર્ભપાતપ્રચાર વગેરેથી અને શિક્ષણને ધર્મમુક્ત કરવાથી આ દેશની પ્રજાની પૂરેપૂરી પનોતી બેસાડી દેવામાં આવી છે. એને બધી બાજુએથી ઘેરી લેવામાં આવી છે.

દુઃખો અને પાપો-બંનેએ આર્યદેશની પવિત્ર પ્રજાના ગળે પોતપોતાનો ફાંસલો ઉતારી દીધો છે !

## ગામડે ગામડે લાખો અમીચંદો

આ બધા ય કરતાં વધુમાં વધુ કમનસીબીની વાત તો એ છે કે ભયજનક સપાટીને પણ વટાવી ગયેલી આ વાસ્તવિકતાને કબૂલવા પણ આ દેશની પ્રજાના અગ્રણીઓ લગીરે તૈયાર નથી. એનું કારણ એ છે કે પાશ્ચાત્ય શિક્ષણ અને સત્તા-સંપત્તિના કેટલાક દારૂના ચડેલા ઘેનને લીધે આ લોકો દેશી અંગ્રેજો જ છે, પેલા વિદેશી અંગ્રેજોના સગા મોટા ભાઈ જ છે. કાં આ લોકોને આપણે વાસ્તવિક સ્થિતિ સમજાવવી જોઈએ અથવા તો તેમની સામે સંસ્કૃતિરક્ષકોએ સંગઠિત બનીને તેમને સ્થાનભ્રષ્ટ કરી દેવા જોઈએ. આ દેશની પ્રજાનું ઘણું મોટું અહિત વિદેશી અંગ્રેજો આ દેશી અંગ્રેજો દ્વારા જ કરી રહ્યા છે. શા માટે આપણા લોકો કુહાડાના હાથા બન્યા છે તે જાણો છો ? પોતાના

સ્વાર્થોને સિદ્ધ કરવા માટે.

આજે તો લાખો અમીચંદો, જયચંદો કે મીરજાફરો આર્યપ્રજાના ગામડે ગામડે ઘૂસેલા છે. દેશની પ્રજાનો નાશ એમના જ હાથે થઈ રહ્યો છે.

હવે વિચાર કરો કે શું આ લોકોની સાન ઠેકાણે લાવી દેવાનું કામ એ અત્યંત ભગીરથ કામ નથી ? આપણે સંસ્કૃતિરક્ષકો જ એમની સામે સંગઠિત થવાને તૈયાર છીએ ખરા ? જો કોઈ સંગઠન કરીશું અને આપણી કામગીરી કરવા સંસ્થા સ્થાપીશું તો શું તે વ્યવસ્થિત રીતે ચાલશે ખરી ? શું તે વ્યાપક બનશે ખરી ? શું તેને વ્યાપક ટેકો મળશે ખરો ? વર્તમાન પ્રવાહને નજરમાં લેતાં આ બધા પ્રશ્નોના ઉત્તર નકારમાં જણાય છે.

### બહુમતીમાં ભગવાનની માન્યતા : એક ભૂત

વળી બીજી વાત એ કે પૂર્વે મેં જણાવ્યું તેમ ખેતી, વેપાર, શિક્ષણ, નારી વગેરે તમામ ક્ષેત્રોમાં જે ભયાનક બગાડ પેસી ગયો છે તે બધાને દૂર કરવાની આપણામાં આજે કોઈ તાકાત છે ખરી ? જો એ બધી ભૌતિક સ્થિતિઓ સુધરે નહિ તો જે પ્રજા પોતાનું જીવન પણ ટકાવી શકે તેમ નથી તેની પાસે આપણે ધર્મ અને સંસ્કૃતિરક્ષાની અપેક્ષા શી રીતે રાખી શકીશું ભલા ?

તો હવે શું કરવું ? આ માટે આપણી પાસે ખૂબ સરળ અને ખૂબ સરસ ઉપાય છે. એને સમજતાં પહેલાં આપણે મગજમાંથી એક ભૂત-કે જે ઈ.સ. ૧૮૮૦માં ચૂંટણીનો કાયદો ઘડીને ગોરાઓએ હિન્દુસ્તાનની પ્રજાના મગજમાં દાખલ કરી દીધું છે તેને કાઢી મૂકીએ કે બહુમતીમાં ભગવાન છે, વિજય હાંસલ કરવામાં બહુમતી હોવી જરૂરી છે વગેરે...

આ બહુ ખતરનાક વિચાર છે. ગિરના જંગલોમાં સિંહના ટોળાં કદી જડતાં નથી, જડે છે શિયાળોના કે ગાડરોના ટોળાં... તેથી શું સિંહને નબળો જાહેર કરી શકાય ખરો ? અને કદાચ બધા ય ગાડરો ભેગા થઈને તેવું સર્વાનુમતે જાહેર કરે એટલે શું સિંહ ખરેખર નબળો થઈ જાય ખરો ?

આકાશમાં તારલાં અસંખ્ય છે છતાં એકલા ચન્દ્રની ચમકની તોલે એ બિચારા આવી શકતા નથી.

બાવના ચંદનના વનના લાખો સાપ એક જ મોરલાના કેકારવે નાસભાગ કરી મૂકે છે.

મૂર્ખ, લુચ્ચા, અભણ, ગરીબ, સંસારીજનોની જ કાયમ બહુમતી રહી છે; તેથી શું ડાહ્યા, સરળ, સુખી, ભણેલા અને સાધુઓએ પોતાની સ્થિતિ છોડી દઈને મૂર્ખા, લુચ્ચા વગેરે બહુમતીની જમાતમાં ભળી જવું ?

જો આટલી વાત બરાબર નજરમાં આવી જાય તો બહુમતીનું આપણા જ મગજ ઉપર સવાર થયેલું ભૂત તરત ભાગી જાય. એ પછી આપણે કાંઈક બહેતર રીતે વિચાર કરી શકીએ.

### ઊંચા સ્તરોને જ વ્યવસ્થિત કરો

આ સંસ્કૃતિની રચના કોઈ અજાયબ છે. એના અનેક સ્તરો છે. પણ એ સ્તરો એવી રીતે ગોઠવાયા છે કે ઉપર ઉપરના સ્તરોમાં નીચે નીચેના સ્તરો આવી જ જાય.

સ્નાતકની પદવી લેતા વિદ્યાર્થી પાસે કૉલેજના પ્રાથમિક વર્ષોનું શિક્ષણ તો હોય જ ને ? તાજેતરમાં જ કૉલેજમાં પ્રવેશ કરેલા વિદ્યાર્થી પાસે એસ.એસ.સી. નું શિક્ષણ તો હોય જ ને ? એસ. એસ. સી.નો વિદ્યાર્થી ૭મી, ૮મી કે ૯મીના વર્ગનું અધ્યયન તો મેળવી ચૂક્યો હોય જ ને ?

આવું જ આપણા સાંસ્કૃતિક સ્તરોમાં છે. જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે તેનામાં નીચલા સ્તરનું માર્ગાનુસારી જીવન હોય જ. જેને ધર્મ પ્રાપ્ત થયો હોય તેનામાં સંસ્કૃતિ તો હોય જ. જેને શાસન પ્રાપ્ત થયું હોય તેનામાં ધર્મ હોય જ.

જે ધર્માત્મા ઉકાળેલું પાણી પીતો હશે તેને કોલા, ફેન્ટા, આઈસ્ક્રીમના ત્યાગનો ઉપદેશ આપવો જ નહિ પડે. જે નિત્ય બેસણાં કરતો હશે તે રસ્તે ચાલતાં ચાલતાં કેળાં, જામફળ તો નહિ જ ખાય. જે સાધુ થયા હશે તેમને સિનેમાદિનો ત્યાગ કે બીડી પીવાનો ત્યાગ આપમેળે થઈ જ જવાનો છે.

ઊંચા સ્તરોમાં સંખ્યાબળ ઘટતું જાય અને ગુણવત્તા ખૂબ વધતી જાય.

આપણે જેટલું ઊંચું સ્તર પકડીએ અને તેને જ વ્યવસ્થિત બનાવીએ તો નીચલા સ્તરમાં વધુ પ્રયત્નો કરવાની જરૂર જ ન રહે.

આ વાત બીજા દૃષ્ટાંતથી વિચારીએ.

આ દેશમાં જન્મ પામેલી વ્યક્તિ મહાન છે, તેથી પણ મહાન વિશિષ્ટ પુણ્યસંપન્ન વ્યક્તિ છે. પણ તેવી કોઈ ભૌતિક પુણ્યસંપન્ન વ્યક્તિ કરતાં આ દેશ-દેશની ધરતી-મહાન છે, તેનાથી ય મહાન આ દેશની આર્યપ્રજા છે, તેથી ય મહાન તેની ધર્મપ્રધાન ચાર પુરુષાર્થની સંસ્કૃતિ છે, તેથી પણ મહાન ધર્મો છે, તેથી પણ મહાન ઉત્કૃષ્ટ સાધુધર્મ છે, તેથી પણ મહાન વિશ્વકલ્યાણકર ધર્મશાસન છે.

આ બધા સ્તરોમાં આપણે જેટલું ઊંચું સ્તર પકડીશું તેટલી નીચેના સ્તરો ઉપર મહેનત કરવાની ઓછી થઈ જશે. ઉપલા સ્તરોને પકડવામાં લાભ એ છે કે ત્યાં સંખ્યાની વ્યાપકતા નથી. ત્યાં સંકોચ છે અને સૂક્ષ્મતા છે. આથી આપણું કાર્યક્ષેત્ર સીમિત થવાથી કામ કરવાની અનુકૂળતા રહે અને લાભ ખૂબ વધુ મળે.

### ધર્મરક્ષા જ એક ઉપાય

આ રીતે વિચારતાં એમ લાગે છે કે દેશની ધરતીની રક્ષા કાજે પ્રજાને તૈયાર કરવી જોઈએ. તેથી ઉપર જઈએ તો સંસ્કૃતિના તમામ પાસાંઓ-ન્યાય, નીતિ, દયા, પ્રેમ, શીલ, સદાચારાદિ-ને જીવંત કરવા પડે. પણ તેથી ઉપર જઈએ તો આર્યધર્મોને, તે તે ધર્મોના મોક્ષપ્રાપક ક્રિયાકાંડોને સજીવન કરવા જોઈએ.

જે સ્વધર્મનો ચુસ્ત ક્રિયાકાંડી આર્ય હશે તેને સંસ્કૃતિરક્ષા અંગે કહેવાની જરૂર નહિ પડે.

પણ આ ક્રિયાકાંડોમાં ય ભોગરાગની અભિમુખતા સંભવિત છે. તેને દૂર કરવા માટે છેલ્લું અને સૌથી ઊંચું સ્તર વિશ્વકલ્યાણકર ધર્મશાસનમાં પ્રવેશ છે. જેનો શાસનમાં પ્રવેશ થયો હોય (ભોગરાગની તીવ્ર સૂગવાળો જે થયો) તેનામાં નીચે નીચેના ધર્મસ્તર, સંસ્કૃતિસ્તર, પ્રજાપ્રેમ, રાષ્ટ્રની વફાદારી આપમેળે આવી જવાની છે.

આ ઉપરથી આપણે સમજી શકીશું કે રાષ્ટ્ર, પ્રજા અને સંસ્કૃતિના સ્તરોની સુરક્ષા કરવી હોય તો આપણે ધર્મરક્ષા કરવી જોઈએ. (સંસ્કૃતિથી વાનર મટીને નર બનાય. ધર્મથી નર મટીને નારાયણ બનાય.) જીવનમાં ચુસ્તપણે મોક્ષપ્રાપક સ્વધર્મના ક્રિયાકાંડોનો અમલ થવો જોઈએ. અને જો તેથી પણ ઉપરના 'શાસન' સ્તરે જઈએ તો તો આપણું કામ થઈ જાય.

શાસન કે જે ભોગસુખ પ્રત્યે તીવ્ર સૂગ પેદા કરવાનું જણાવે છે તેને વિશ્વમાત્રમાં પ્રસરાવવું જોઈએ. તેમ ન બને તો હિન્દુસ્તાનની પ્રજામાં ફેલાવવું જોઈએ. (સુખ પ્રત્યે નફરત જાગે એટલે ખુરશીની મારામારીઓ, સંપત્તિના કાળાં કામો, વાસનાની તીવ્રતાઓ, જીવમાત્ર તરફની ક્રૂર મનોવૃત્તિઓ-બધું ય આપમેળે કબરનશીન થવા લાગે.)

### જેટલું સ્વકલ્યાણ જોરદાર તેટલું સર્વકલ્યાણ વ્યાપક

જો હિન્દુસ્તાનમાં ધર્મશાસન ન ફેલાવી શકાય તો પોતાના ગામમાં, છેવટે પોતાના ઘરમાં તો

ફેલાવવું જ જોઈએ અને કદાચ તે ય ન બને તો પોતાની જાતમાં તો અચૂકપણે વ્યાપ્ત કરવું જોઈએ.

સબૂર ! આ ધર્મશાસન પામવા માટે ઘણી વાસનાઓ, એષણાઓ, કામનાઓ સળગાવી મારવી પડશે, સાંસારિક સુખો પ્રત્યે લાપરવાહ બની જવું પડશે, યાવત્ મુનિજીવન સ્વીકારવાપૂર્વક ઉત્કૃષ્ટ સંયમધર્મનો રસાસ્વાદ લેવા સુધી તૈયાર થવું પડશે.

આમ કરવામાં વાંધો પણ શા માટે હોવો જોઈએ ? જો ખરેખર આપણા હૃદયમાં વિશ્વમાત્રના જીવોનું હિત વસ્યું હોય, ધર્મ અને સંસ્કૃતિરક્ષાની તીવ્ર ખેવના હોય અને તે માટે આત્મશુદ્ધિ, પરમાત્મ-ભક્તિ અને જીવમૈત્રીને જીવનમાં ઓળઘોળ કરીને પ્રચંડ આધ્યાત્મિક બળ ઉત્પન્ન કરવા દ્વારા વિશ્વમાત્રના કલ્યાણના સરોવરમાં આપણી એક કાંકરી પડીને કૂંડાળું દોરતી હોય તો એ આપણું કેવું પરમ સદ્ભાગ્ય !

આપણી શુદ્ધિ, ભક્તિ અને મૈત્રીની તાકાત જો સ્વની સાથે સર્વના કલ્યાણનું નિર્માણ કરતી હોય તો આથી વિશેષ આનંદની વાત બીજી કઈ હોઈ શકે ? હવે જો આ ભોગ આપવાની આપણી તૈયારી ન હોય તો ધર્મ કે સંસ્કૃતિરક્ષાની અથવા શાસનરક્ષાની વાતો કરવી એ તો અત્યંત આઘાતજનક બાબત છે.

આ સઘળી વિચારણાનો નિષ્કર્ષ ખૂબ થોડા શબ્દોમાં આ રીતે કહી શકાય કે સર્વકલ્યાણની ભાવનાપૂર્વક જેટલું સ્વકલ્યાણ જોરદાર તેટલું સર્વકલ્યાણ વ્યાપક. સ્વની વિશુદ્ધિમાં જે પુણ્યની ઉત્પાદક શક્તિ છે તે પુણ્ય સર્વના હિતમાં પરિણમવા લાગે છે.

પણ સબૂર ! સ્વહિતની કોઈ પણ આરાધના પાછળ 'સર્વહિતની' જીવંત કામના હોય તો જ તે સ્વહિતજનિત પુણ્યબળ સર્વહિતમાં પરિણમે.

ચાલો ત્યારે; રાષ્ટ્ર, પ્રજા, સંસ્કૃતિ, ધર્મ અને શાસનની સેવા માટે અને વિશ્વ, દેશ, ગામ, કુટુંબના કલ્યાણ માટે આપણે સહુ આપણી 'જાત'ને જ સંભાળીએ. સૂક્ષ્મના પ્રચંડ આંતરિક બળના ઉત્પાદનનું કેન્દ્રસ્થાન આપણી 'જાત'ને જ બનાવીએ. એ સૂક્ષ્મ બળોમાંથી જ પુણ્યશક્તિનો જે આવકાર્ય પ્રસ્ફોટ થશે એ જ દુષ્ટોને દૂર કરશે, સજ્જનોને જન્મ આપશે, સંતોના સત્‌ને જીવંત બનાવશે. પછી બધા સ્તરોના બધા પ્રશ્નો ઉકેલાતા જશે.

ના, ફળ માટે અધીરા ન બનીએ, રે ! ફળની આકાંક્ષા પણ ન રાખીએ. આપણે તો જીવવાનું અને વિશુદ્ધિ માટે ઝઝૂમવાનું. યથાશક્ય ઉચિત રીતે પરકલ્યાણ માટે સીધો પ્રયત્ન પણ કરતા રહેવાનો. ફળની વાત તો ભવિતવ્યતા ઉપર છોડી દેવાની.

### ઘર-ઘરમાં વિશુદ્ધિનો દીપ જલાવો

ઘરઘરમાં જો એકેકો વિશુદ્ધિનો દીપક ઝળહળતો થઈ જાય તો ઓહ ! બધા જ પ્રશ્નો ઊકલી જાય. જો ઘરઘરમાં એકેકો શાસનસુભટ થઈ જાય તો ઓહ ! આક્રમકો છેટેથી જ પાછા ફરી જાય.

આમ થતાં જ ઘરઘરમાંથી અશુદ્ધિના તિમિર ઉલેચાઈ જશે, ધર્મશ્રદ્ધાનો પ્રકાશ રેલાઈ જશે, ખુમારીના ઓજ અને તેજ સઘળાં ય કુટુંબીજનોને લલાટે ઊપસી આવશે.

અંતમાં શ્રીભગવત્-ગીતાનો એક શ્લોકાર્થ મૂકીને આ પ્રકરણનું સમાપન કરું છું.

"હે અર્જુન ! મનમાં નબળા વિચાર લાવ નહિ. એ નબળાઈઓને ફગાવીને ઊઠ, ઊભો થા. અફસોસ ન કર. તર્કની જાળમાં સપડાઈશ નહિ. વીરો અને વિદ્વાનો વીતી ગયેલી બાબતોનો અને પ્રસિદ્ધિ ન જ મળી શકે તેવી બાબતોનો કદી ખેદ કરતા નથી."

૩૬.

# યુદ્ધારંભ : પહેલા દસ દિવસ (સેનાપતિ ભીષ્મ)

બન્ને પક્ષના સૈન્યો સામસામા ગોઠવાઈ ગયા પછી અર્જુને ધનુષનો ટંકાર કર્યો. પણ તે જ વખતે એકાએક યુધિષ્ઠિર રથમાંથી નીચે ઉતર્યા. નિઃશસ્ત્ર રીતે પગે ચાલીને તેઓ શત્રુસૈન્ય તરફ જવા લાગ્યા. તે જોઈને અનેક યોદ્ધાઓ વિચારમાં પડી ગયા.

### યુધિષ્ઠિરનો મહાન વિનય

કેટલાકને શંકા પડી કે, "આ ધર્મરાજાને અત્યારે તો કાંઈ ધર્મ યાદ આવી ગયો નથી ને ? યુદ્ધકીય મહાસંહાર મોકૂફ રાખી દઈને દુર્યોધનને હસ્તિનાપુરનો રાજા કાયમ માટે કરી દેવાની અને પોતે આજીવન વનવાસ સ્વીકારી લેવાની ઈચ્છા તો નથી પ્રગટી ને ? ભલું પૂછો આ ધર્મરાજાનું !"

અનેક મગજોમાં આવી શંકા-કુશંકાઓ ચાલતી રહી અને યુધિષ્ઠિર ભીષ્મ પિતામહની પાસે પહોંચી ગયા. તેમના પગમાં પડી જઈને તેમને ખૂબ ભાવપૂર્વક પ્રણામ કર્યા. ત્યાર બાદ ગુરુઓ દ્રોણાચાર્ય અને કૃપાચાર્યને પણ તે જ રીતે વંદન કર્યા. તે વખતે તે ત્રણેય વડીલો યુધિષ્ઠિરના ટોચ કક્ષાના વિનયને જોઈને ખૂબ શરમિંદા થઈ ગયા. ત્રણેય વડીલોએ યુધિષ્ઠિરના માથે હાથ મૂકીને આશિષ આપી કે, "યુદ્ધમાં તને વિજય પ્રાપ્ત થજો."

### ભીષ્મ પિતામહની ભવ્ય વાતો

તે વખતે ખૂબ ગદ્ગદ્ થઈ ગયેલા પિતામહ ભીષ્મે કહ્યું, "હે વત્સ! તમારા પ્રત્યેનું અમારું વાત્સલ્ય આજે પણ જેવું ને તેવું જ છે, પરન્તુ અમે ખૂબ લાચાર બની ગયા છીએ. અમને પણ સમજાતું નથી કે આટલી બધી લાચારી કરવાનું અમારે શું કારણ છે ? પરન્તુ તારી ગેરહાજરીના સમયમાં દુર્યોધને અમારી ઉત્કૃષ્ટ ભક્તિ કરીને અમને તમારા માટે કાંઈ પણ કરવા અંગે લાચાર બનાવી દીધા હોય તેમ લાગે છે. ખરેખર, અમને ધિક્કાર છે કે અમે ભૌતિક સુખોની સાહેબીના ગુલામ બનીને અમારું સત્ય ખોઈ બેઠા છીએ. સત્ય અને ન્યાય તમારા પક્ષે હોવા છતાં અમે અસત્ય અને અન્યાયને પક્ષે કાયર બનીને બેસી રહ્યા છીએ.

હાય, સુખ કેટલું ખરાબ ! રે, તેની સામગ્રીઓ કેટલી ખરાબ ! અરે, તેને મેળવી આપતી સંપત્તિ અને સત્તા કેટલા વધુ ખરાબ ! અમે પણ તેના મોહપાશમાં કેવા આબાદ જકડાઈ ગયા છીએ !

પણ યુધિષ્ઠિર ! સત્ત્વહીન બની ગયેલા ભીષ્મોથી કે દ્રોણાચાર્યોથી તમારો પરાજય કદી સંભવિત નથી. તમારો તો નિશ્ચિત વિજય છે, કેમકે સત્ય અને ન્યાય જેવા બે ધુરંધર યોદ્ધાઓ તમારા પક્ષે છે."

ભીષ્મ પિતામહે યુધિષ્ઠિરને કહેલી આ વાત કેટલી બધી યથાર્થ લાગે છે !

### ધનનો પાશ ભયંકર : ચર્ચિલનો પ્રસંગ

ધનનો પાશ કાળોતરા નાગના પાશ કરતાં પણ કેટલો ભયાનક હશે કે જેણે પિતામહને અને ગુરુજનોને પણ કબજે લીધા, કાયર બનાવ્યા, લાચાર કરી નાંખ્યા, સત્વહીન બનાવી દીધા ! એ ગુરુજનોને એટલું પણ ન સમજાયું કે સોનાના પિંજરે રહેલા પોપટને ખૂબ વહાલથી ખવડાવાતાં જામફળ જેટલા નથી ભાવતાં એટલા વનના સ્વૈરવિહાર સાથેના બોરાં ભાવે છે ! રાજાના શૉ-

કેસમાં-એ રત્નજડિત હોય તો ય-સજીવ કાચબો તો કદાપિ રહેવું પસંદ ન કરે. એને તો કૂવાના ગંદા-મીઠાં જળ મધથી પણ મધુર લાગે !

મને ચર્ચિલનો એક પ્રસંગ યાદ આવે છે. તે પોતે કોઈ મેદાનમાં ભાષણ કરવાના હતા. તેમને સાંભળવા માટે હજારો માણસો તે મેદાન તરફ વાહનો દ્વારા ધસી રહ્યા હતા. ચર્ચિલ પણ ટેક્સીમાં બેસીને તે મેદાન તરફ જવા નીકળ્યા. રસ્તામાં તેમના મિત્રનું ઘર આવ્યું. તેને મળવાની ચર્ચિલને ઈચ્છા થતાં તેમણે ડ્રાઈવરને પાંચ મિનિટ માટે તે ઘર પાસે ગાડી થોભવી દેવા જણાવ્યું. પણ ડ્રાઈવરે તેમ કરવાની સાફ ના પાડતાં જણાવ્યું કે, ''મારે મિ. ચર્ચિલનું ભાષણ સાંભળવાની ખૂબ ઉતાવળ છે માટે હું એક મિનિટ માટે પણ થોભી શકીશ નહિ.''

છેવટે નિષ્ફળ રકઝક કર્યા બાદ ચર્ચિલે ખિસ્સામાંથી એક પાઉન્ડ કાઢીને ડ્રાઈવરને બક્ષિસ (સુધરેલી લાંચ) આપી.

પાઉન્ડ જોતાંની સાથે ડ્રાઈવર બોલી ઊઠ્યો, ''સાહેબ ! પાંચ નહિ, દસ મિનિટ હું અહીં થોભી જઈશ. આપ નિરાંતે આપનું કામ પતાવીને આવો.''

મહાવિચક્ષણ ચર્ચિલે તેને પૂછ્યું, ''તો પછી પેલા ચર્ચિલના ભાષણનું તું શું કરીશ ?''

તેણે કહ્યું, ''એવા તો કેટલાય ચર્ચિલ આવે અને કેટલાય જાય. મારે તેમનું કાંઈ કામ નથી.''

જોઈ ને, પૈસાની કમાલ !

પેલા ગુજરાતી કવિએ પૈસા પાછળ પાગલ બનેલાઓને બિહામણાં પ્રેત જેવા, જીવતા જીવના હાડ-માંસ-લોહી ચૂસી લેનારા કહ્યા છે તે કેટલીક વાર ખૂબ યથાર્થ લાગે છે.

તેણે કહ્યું : ***'દોઢિયા ખાતર દોડતા જીવો, જુઓને જીવતાં પ્રેત !'***

પેલા ઈસુએ પણ કહ્યું છે,''હજી કદાચ સોંયના કાણાંમાંથી ઊંટ નીકળી જશે પણ ધનલંપટ માણસ સ્વર્ગમાં તો કદાપિ નહિ જ જઈ શકે.''

### ભૂવા જેવા ધર્મગુરુઓ ય ધનરૂપી ડાકણને વશ

જ્યારે ભીષ્મ જેવાઓ પણ ધન(સત્તા, સંપત્તિ, સગવડો અને માનપાન)ના કારણે લાચાર બની જાય તો બીજાઓની તો શી દશા ?

સત્યને ગૂંગળાવી મારવા માટે, સાચાઓને દબાવી દેવા માટે આ રૂપાની ગોળીઓ આજે તો કેટલી બધી રામબાણ પૂરવાર થઈ છે !

સહુ કોઈ પોતાની ડાયરીમાં લખી રાખે કે જ્યાં સુધી હૈયામાં પ્રતિષ્ઠિત થયેલી ધનમૂર્ચ્છાની પ્રતિમાના ટૂકડે ટૂકડા કરવાનું કામ ધર્મસંસ્કૃતિના રક્ષક કહેવાતા સંતો શરૂ નહિ કરી શકે ત્યાં સુધી ધર્મસંસ્કૃતિના આદરેલાં તમામ કાર્યો અધૂરા જ રહેશે, એમાં સરિયામ નિષ્ફળતા મળશે.

હાય, આજે તો સંપત્તિની ડાકણના જ ડાકલાં ચારેકોર બજી રહ્યા છે ! ભૂવા કહેવાતા કેટલાક ધર્મગુરુઓ પણ એ ડાકણને વશ થઈ ગયા છે !

### આર્યદેશની મહાનતા

આ દેશ કેટલો મહાન કહેવાય કે જેને યુધિષ્ઠિર જેવા કૃતજ્ઞ પુણ્યાત્માઓ મળ્યા છે, જેને ભીષ્મ જેવા પોતાની ક્ષતિનો ખુલ્લેઆમ એકરાર કરતા મહાત્માઓ મળ્યા છે અને દીકરા દુર્યોધનની કુપાત્રતાઓને સણસણાવીને સુણાવી શકતી ગાંધારીઓ મળી છે.

કમાલ છે આ દેશની પ્રાચીન આર્ય-મહાપ્રજાની !

અહીં થઈ ગયા કણાદ ! કદી ઈશ્વરનું નામ ન લે. મરતી વેળા ય નારાયણનું નામ ન લીધું,

તે ન જ લીધું. સહુના પ્રયત્નો નિષ્ફળ ગયા અને એ તો 'પીલવઃ પીલવઃ' રટતા જ મૃત્યુ પામ્યા. એમણે પરમાણુઓને (પીલુને) જ જગતનો કર્તા કહ્યો હતો, તેને જ ઈશ્વર માન્યો હતો. આવા નાસ્તિક જેવા કણાદ ઋષિને પણ આ દેશની મહાપ્રજાએ 'મહર્ષિ' કહીને નવાજ્યા હતા; એમની પરમાણુ અંગેના સંશોધનના ક્ષેત્રની સિદ્ધિઓને તેમણે મેળવ્યા બદલસ્તો.

આવી વાતો આ દેશમાં જ ઘણી બને, પરદેશોમાં તો ક્વચિત્ જ.

બિચારા ગેલિલિયો અને કોપરનિક્સ ! પૃથ્વી અંગેની બાઈબલની માન્યતા સામે બગાવત પોકારી તો કેવા ભૂંડા હાલ થયા ! ત્યાંના ધર્મઝનૂનીઓએ ગેલિલિયોને ખૂબ સતાવીને નમાવ્યો અને કોપરનિક્સને તો જીવતો સળગાવી મૂક્યો.

વિચારોની સહિષ્ણુતા એ તો ભારતની જ ભૂમિમાં પાકી શકતું ધાન્ય છે.

**પરદેશે 'બૉમ્બ' બનાવ્યા : ભારતે શત્રુતાને જ ખતમ કરી**

આ દેશની ધરતીના કણ કણ લાખો સંતોના ચરણે ચુમાયા છે. એથી એ એટલા બધા પવિત્ર બન્યા છે કે એને સ્પર્શતા ડાકુને સાધુ બની જતાં વાર લાગતી નથી.

અહા ! અહીં પતિતો ય ઝટ સંત બને.

અને ત્યાં ? સંતો ય ઝટ પતિત થઈ જાય.

પરદેશોએ 'બૉમ્બ' બનાવવામાં ભલે અંજાવી નાંખે તેવી પ્રગતિ કરી હોય, ભલે લાખો વૈજ્ઞાનિકોને પેદા કર્યા હોય પણ ભારતવર્ષે ક્રોડો સંતો પેદા કર્યા છે એ વાત કોઈ ભૂલજો મા. આ સંતોએ શત્રુઓની શત્રુતાઓનો જ ખાત્મો બોલાવી દઈને જાહેર કર્યું છે કે ધરતી ઉપર બૉમ્બ બનાવવાની કશી જરૂર નથી.

શત્રુતા ખતમ થઈ ગયા બાદ શત્રુ જ કોઈ નથી. બૉમ્બ ક્યાં ફેંકશો ?

પરદેશના વૈજ્ઞાનિકોને ભારતનું આ તત્ત્વજ્ઞાન સમજતાં હજી કદાચ એક સૈકો લાગશે એમ મને તેમના મગજમાં આસુરિતાનો ભભૂકતો દાવાનળ જોતાં લાગે છે.

**વિરોધી સાથે ય મૈત્રી કેળવો**

કહેવાય છે કે યુદ્ધના સમયમાં લડતા પાંડવ-કૌરવો સૂર્યાસ્ત થતાં યુદ્ધવિરામ થઈ ગયા બાદ એકબીજાને મળતા હતા, વડીલજનો સાથે પ્રેમથી વાતો પણ કરતા હતા.

પેલા કોર્ટના વકીલોની જેમ ! કેસ ચાલતો હોય તે સમયે નામદાર જજની સામે બે ય વકીલો બૂમબરાડા પાડે અને લડે, પરંતુ ત્યાંથી છૂટ્યા અને કેન્ટીનમાં ગયા એટલે પક્કા ભાઈબંધની જેમ બન્ને સાથે ચા પીએ કે ડ્રિન્કસ વગેરે પીએ.

આપસ-આપસમાં મતભેદ પડે અને ત્યારે વિરોધ પણ ઊભા થાય, પરન્તુ એ વિરોધ કે ઝગડો માત્ર તે પ્રશ્નની ચર્ચા કરતી વખત પૂરતો જ રહે અને બાકીના સમયમાં તો મસ્ત મૈત્રી જ બની રહે તો મને લાગે છે કે જગતમાં એવો કોઈ વિરોધ કે ઝગડો નથી જેનું નિવારણ ન થાય. બીજું, જે વિષયમાં વિરોધ કે ઝગડો હોય તે સિવાયના જેટલા વિષયો હોય તેમાં જો વિરોધી સાથે મૈત્રી(શાસ્ત્રનીતિ-મર્યાદાપૂર્વકનીસ્તો)નો હાથ લંબાવાય તો વિરોધ કે ઝગડાના વિષયમાં પણ એ મૈત્રી સમાધાનનો સાચો માર્ગ જરૂર લાવી શકે.

પણ જો ચોવીસે ય કલાક ઝગડો જીવંત રાખવાનો હોય, અન્ય વિષયોમાં પણ મૈત્રીનો હાથ લંબાવવાનો ન જ હોય તો તે ઝગડાનું નિવારણ કદાપિ થઈ શકે નહિ.

બેશક, કુરુક્ષેત્રના મેદાનમાં મૈત્રીનો દાવ માત્ર પાંડવ-પક્ષે હતો, યુધિષ્ઠિર ભીષ્માદિ પાસે જતા હતા પરન્તુ કૌરવ-પક્ષે તો હળાહળ ઝેર જ હતું. આથી જ આ એકપક્ષી મૈત્રી સમાધાન શોધી શકી નહિ. હા, પોતાના દુષ્ટ કાર્યો માટે દુર્યોધન પણ યુધિષ્ઠિર પાસે ચાલુ યુદ્ધે એક વાર ગયો હોવાનું સાંભળવા મળે છે પણ એમાં મૈત્રીભાવ ન હતો, સ્વાર્થભાવ હતો. એ પ્રસંગ આ પ્રમાણે મેં જાણ્યો છે.

### દુર્યોધનના અન્નથી ભીષ્મની બુદ્ધિ ભ્રષ્ટ

જ્યારે યુદ્ધના પહેલા દસ દિવસના સમયમાં સેનાપતિ ભીષ્મ યુદ્ધ બરોબર લડતા નથી એવું દુર્યોધનને લાગ્યું ત્યારે તેણે યુધિષ્ઠિરની પાસે જઈને 'ભીષ્મ આવું કેમ કરે છે ?' એમ પૂછ્યું હતું. તે વખતે યુધિષ્ઠિરે જવાબ આપ્યો હતો કે, "ભીષ્મ ન્યાયમાં માને છે. ન્યાય અમારા પક્ષે હોવાથી તે તમારી તરફેણમાં બરોબર લડતા નથી."

દુર્યોધને પૂછ્યું, "તે અમારા પક્ષમાં ખૂબ ઝનૂનથી લડે તે માટે શું કરવું જોઈએ ?"

યુધિષ્ઠિરે કહ્યું, "તે માટે ભીષ્મ પિતામહની ન્યાયબુદ્ધિ ભ્રષ્ટ કરવી જોઈએ અને તેમ કરવા માટે તેને કોઈ દુષ્ટ માણસનું ભોજન કરાવી દેવું જોઈએ."

દુર્યોધને પૂછ્યું, "એવો દુષ્ટ કોણ છે ?"

યુધિષ્ઠિરે કહ્યું, "તું પોતે જ."

તરત દુર્યોધન રવાના થયો.

ભીષ્મ રોજ જપ કરતા અને ત્યાર બાદ ત્યાં જ તેમનો માણસ પડદામાંથી ભોજનની થાળી સરકાવતો અને તે જમી લેતા. તે પછી જ તે જગ્યાએથી બહાર નીકળતા.

દુર્યોધને તે રસોઈયાને ફોડી નાંખ્યો અને પોતાના ભોજનનો થાળ તેના દ્વારા ભીષ્મને પહોંચાડ્યો.

કહે છે કે એ ભોજનથી તેમની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ. બીજે જ દિવસે દુર્યોધન તેમની પાસે ગયો અને મેણાં મારવા સાથે પૂછવા લાગ્યો કે, "તમે કેમ બરોબર મન દઈને લડતા નથી ?"

ભીષ્મ ખૂબ ઉશ્કેરાઈ ગયા અને તેમણે કહી દીધું કે,"કાં કાલે સાંજ સુધીમાં પાંડવો નહિ કાં રણમેદાનમાં હું નહિ. હવે જોઈ લેજે મારો ઝપાટો."

આ પ્રસંગનો ઉલ્લેખ પ્રસ્તુત જૈન મહાભારતમાં નથી એની સહુ નોંધ લે.

આમાંથી આપણે એ પણ જોઈ શકીએ ખરા કે આ દેશના ઉત્તમ લોકો કેટલું કડવું પણ સત્ય કેટલી સરસ રીતે રજૂ કરી શકતા હતા ! વળી આ દેશના અધમ લોકોને પણ એવા ઉત્તમ લોકોની વાત ઉપર કેટલો બધો વિશ્વાસ હતો !

દુષ્ટના ઘરના ભોજનની અસરો કેટલી વિઘાતક, બુદ્ધિભ્રંશકારી હોય છે તે બોધ પણ આ પ્રસંગમાંથી મળે છે.

### આહારશુદ્ધિ (અજૈન મહાભારત પ્રસંગ)

શરશય્યા ઉપર પોઢેલા ભીષ્મ બાણના ઘાની વેદનાથી કણસતા હતા. પાંડવો અને દ્રૌપદી એમની શુશ્રુષા કરતાં હતા. પિતામહની સહનશક્તિથી તેઓ અજાણ ન હતા. એટલે વેદનાની ચીસો સાંભળતાં તેમને ખૂબ આશ્ચર્ય થતું.

દ્રૌપદીએ ધીમે રહીને પિતામહને દુઃખ નહિ ખમવાનું કારણ પૂછ્યું. પિતામહે કહ્યું, "વેદના

પ્રત્યેની મારી અસહિષ્ણુતાના મૂળમાં તું જ કારણ છે. ભરસભામાં જ્યારે તારું વસ્ત્રાહરણ થયું ત્યારે બન્ને પક્ષના સન્માનનીય વડીલ તરીકેના મારા અધિકારની રૂએ હું તારી એ દુર્દશાને જરૂર નિવારી શક્યો હોત. પરંતુ હું મૌન જ રહ્યો અને તારા વસ્ત્રો ખેંચાવા લાગ્યા. કેવું અઘોર પાપ મેં કર્યું. ઓહ ! એના જ કારણે હું આજે વેદનાનું દુઃખ સહી શકતો નથી.''

દ્રૌપદીએ વિનીતભાવે પૂછ્યું, ''પિતામહ ! ઘણા વખતથી મારે આપને આ વાત પૂછવી જ હતી પરન્તુ આજે આપે જ મારા સંશયનું નિરાકરણ કર્યું. પણ હવે એક વધુ વાત પૂછી લઉં કે શા માટે એ વખતે આપ મૌન રહ્યા ? શું ધૃતરાષ્ટ્રે મૌન રહેવાની ફરજ પાડી હતી ?''

'દ્રૌપદી !' વેદનાની એક તીણી ચીસ નાંખીને ભીષ્મ ફરી બોલવા લાગ્યા.

''હું કેમ મૌન રહ્યો ? એમ પૂછે છે ને ?

કારણ કે હું તે વખતે દુષ્ટ દુર્યોધનનું અન્ન ખાતો હતો.''

### અનીતિના અન્નની જીવન ઉપર માઠી અસર

આ પ્રસંગો અનીતિનું ધન કમાતા માણસોના કે અન્યાયી દુષ્ટ માણસોના ભોજનની મન ઉપર કેટલી વિઘાતક અસરો પડે છે તેનો અતિ સુંદર બોધ આપે છે.

આજે મોટા ભાગનો શ્રીમંત ધર્મીવર્ગ વેપારમાં અનીતિ કરતો હોય છે. આ લોકોને ધર્મધ્યાનમાં એકાગ્રતા ન આવતી હોય અને તેવા સમયે પણ ખરાબ વિચારો ઘણા આવતા હોય તો હવે તેમાં નવાઈ પામવા જેવું કશું લાગતું નથી.

પેલો નીતિમાન પુણીઓ શ્રાવક ! એક દિ' પત્ની ભૂલથી પડોશીના ઘરનું એક છાણું પોતાના છાણાં ભેગી લઈ આવી તો પુણીઆનું સામાયિક બગડી ગયું. તેણે ભારે સૂક્ષ્મ રીતે તપાસ કરાવીને અનીતિનું એ પાપ પકડી પાડ્યું.

એક છાણામાં જો એક સામાયિક ડૂલ તો જીવનમાં પૂરી અનીતિમાં પૂરું જીવન ડૂલ ! આમાં નવાઈ શી છે ?

મને તો હોટલોના ખાનારાઓના પેટમાં જે ચા, પાણી દ્વારા ગંદામાં ગંદા પરમાણુઓ જાય છે તે કારણે, સિનેમાના ટોકીઝમાં દોઢ કલાક બેસનારાઓના શરીરમાં અનેક વ્યસની લોકોના ગંદામાં ગંદા શ્વાસ-પરમાણુઓના જે ઢગલા પેસે છે તેના કારણે અનીતિનું ધન કમાનારાના ભોજન કરતાં પણ વધુ ભ્રષ્ટ બુદ્ધિ હોટેલ, સિનેમા વગેરેમાં સંગદોષોથી થતી હશે તેમ લાગે છે. આથીસ્તો તે પવિત્ર બ્રાહ્મણ યજમાનને ત્યાં ભોજન કરતાં કરતાં ઊભો થઈ ગયો હતો, કેમકે એકાએક ઘરના છોકરાએ સિનેમાના ગીતો પ્રસારિત કરતું રેડિયો સ્ટેશન ચાલુ કરી દીધું હતું. 'એ ગીતના ગંદા શબ્દોના ગંદા પરમાણુ આ ભોજનમાં પડી ગયા, હવે મારાથી ન ખવાય' એમ બોલીને, અન્નદેવતાને પ્રણામ કરીને તે બ્રાહ્મણ ઊભો થઈ ગયો.

જૈન શાસ્ત્રકારોએ 'સારો માણસ' બનવા માટે જે પાંત્રીસ ગુણો બતાવ્યા છે તેમાં તેમણે સૌ પ્રથમ ગુણ 'ન્યાયસંપન્ન વૈભવ' જણાવ્યો છે તે કેટલું બધું સમુચિત છે !

નીતિનું ધન કમાવવું તે ગૃહસ્થનો ન્યાય. બેંતાલીસ દોષો વિનાની ભિક્ષા મેળવવી તે સાધુનો ન્યાય. એકનો ન્યાય બીજાને લાગુ થઈ શકે નહિ.

### વિરાટપુત્ર ઉત્તરકુમારનું આઘાતજનક મોત

અર્જુને કરેલા ધનુષના ટંકાર સાથે યુદ્ધનો આરંભ થઈ ગયો. ભીષ્મ પિતામહે કૌરવપક્ષ તરફથી અને ધૃષ્ટદ્યુમ્ને પાંડવપક્ષ તરફથી પહેલા ત્રણ દિવસમાં ભારે દેકારો મચાવી દીધો. બે ય પક્ષે

આ બન્ને સેનાપતિઓ દ્વારા ઘણી મોટી ખુવારી થઈ ગઈ છતાં કૌરવપક્ષની ખુવારીનો આંક ઊંચો હતો. પાંડવ-પક્ષે વિશેષ આઘાતજનક પ્રસંગ વિરાટ રાજાના વીરપુત્ર ઉત્તરકુમારના મૃત્યુનો બન્યો હતો. ભારે પરાક્રમ દાખવીને ઉત્તરકુમાર રણમાં પડ્યો હતો. તેની માતા સુદેષ્ણાને યુધિષ્ઠિરે ખૂબ આશ્વાસન આપવા સાથે પ્રતિજ્ઞા કરી હતી કે ઉત્તરને જે મદ્રરાજ શલ્યે હણ્યો તેને હું હણીને જ રહીશ.

રોજ રાત્રિના સમયે યુધિષ્ઠિર પોતાના ઘાયલ સૈનિકોની માવજત કરતા અને સહુને અનેક વાતો કરીને પુષ્કળ પોરસ ચડાવતા. જેણે જે પરાક્રમ દિવસ દરમ્યાન કર્યું હોય તેની ખૂબ ઉમળકાથી પીઠ થાબડતા.

### ભીષ્મને દુર્યોધનના કટાક્ષો

લગાતાર સાત દિવસ સુધી ભીષ્મ પિતામહે પાંડવ-સૈન્યનો કચ્ચરઘાણ બોલાવ્યે રાખ્યો પણ આઠમા દિવસે પાંડવોએ કૌરવોનો મહાસંહાર કરી નાંખ્યો. મોટા મોટા ધુરંધર યોદ્ધાઓ રણમાં પડ્યા તે જાણીને દુર્યોધન ખૂબ બેચેન બની ગયો.

તે રાત્રિએ ભીષ્મની પાસે જઈને તેણે કહ્યું, "તમે હંમેશ માટે પાંડવો પ્રત્યે અંતરથી પ્રેમ દાખવો છો એ વાતથી હું અજાણ નથી. આ જ કારણે યુદ્ધમાં તમે તમારું મૂળભૂત શૌર્ય દાખવતા નથી એવો મારો ખ્યાલ છે. તમે પાંડવપક્ષના ઘણા યોદ્ધાઓને જરૂર માર્યા છે પણ તમે તે પાંડવોની સામે એક તીર પણ ફેંક્યું નથી. તેઓ તમારા તીરથી ભૂલમાં પણ ઘાયલ ન થાય તેની તમે આઠેય દિવસ દરમ્યાન ખૂબ કાળજી રાખી છે.

પિતામહ ! રહેવું અમારા પક્ષે અને કામ કરવું સામા પક્ષનું એ શું કહેવાય ? તે આપ ક્યાં નથી જાણતા. મારે આજે આપને છેલ્લામાં છેલ્લી એટલી જ વાત કરવી છે કે જો અમે તમને ગમતાં જ ન હોઈએ અને હસ્તિનાપુરનું રાજ પાંડવોને હવાલે જ કરવાની તમારી અંદરની દાનત હોય તો હે તાત ! તમે હમણાં અમને-તમામ કૌરવોને-મારી નાંખો."

### ભીષ્મની ઉદાત્ત વાતો અને દુર્યોધનને આશ્વાસન

દુર્યોધનના અતિ કટુ આક્ષેપોથી હચમચી ઊઠેલા પિતામહે કહ્યું, "દુર્યોધન ! તું આટલું બધું કડવું અને હલકું પણ બોલી શકે છે તે તો હું પહેલેથી જ જાણું છું. પણ તને એક વાત હવે મારે સ્પષ્ટરૂપે કહેવી છે કે તે ન્યાયી પાંડવો મને ખૂબ પ્રિય છે છતાં મેં મારું જીવન તો તને જ વેચી માર્યું છે. આમાં મારી માનસિક નબળાઈઓ જ કામ કરી ગઈ છે.

હું તને વેચાયેલો છું માટે પાંડવો પ્રત્યેનું મારા અંતરમાં વહેતું વાત્સલ્ય કચડી નાંખીને જ હું દિલ દઈને ખૂનખાર જંગ ખેલી રહ્યો છું. પણ એક વાત તું એકદમ નિશ્ચિતપણે સમજી રાખ કે જ્યાં સુધી અર્જુન છે ત્યાં સુધી પાંડવો અજેય છે, અવધ્ય પણ છે.

છતાં પણ મારા મર્મસ્થાનોને ભેદીને ટૂકડે ટૂકડા કરી નાંખતા તારા શબ્દો સાંભળીને હું તને કહું છું કે આવતી કાલનો મારો ઝપાટો તું જોઈ લેજે. હવે કાલ કે પરમદિવસ ! બસ, આ બે દિ'માં કાં પાંડવો નહિ કાં આ રણભૂમિ ઉપર હું નહિ. પણ પાંડવો ખરેખર મહાપરાક્રમી છે, ન્યાયના પક્ષમાં છે એટલે તેમને હણવાનું કામ અતિ મુશ્કેલ છે."

ભીષ્મે કહેલા 'હવે કાલે હું જોરદાર ઝપાટો બોલાવું છું.' આ શબ્દોને અન્ય રીતે અજૈન મહાભારતમાં અવતરિત કર્યા છે. તે પ્રસંગ આ પ્રમાણે છે :

### ભીષ્મ પિતામહનો ઝપાટો

ક્યારેક ક્યારેક શ્રીકૃષ્ણ અર્જુનને કહેતા કે, 'અર્જુન ! ભીષ્મ જબ્બર પરાક્રમી છે. એની તોલે કોઈ ન આવે.' પરંતુ અર્જુનના મનમાં એમ જ થતું કે,'એ બૂઢામાં શું તાકાત હશે ?'

જ્યારે ભીષ્મ પિતામહે કૌરવ-સૈન્યનું નેતૃત્વ લીધું ત્યારે એક દિવસ સંધ્યા સમયે યુદ્ધવિરામ થયા પછી પાંડવોની છાવણીમાં શ્રીકૃષ્ણ અને અર્જુન આવતી કાલના યુદ્ધ અંગે વ્યૂહ ગોઠવતા વાતો કરતા હતા. દિવસના યુદ્ધની ચર્ચા કરતા અર્જુન શ્રીકૃષ્ણને કહે છે, "આપ તો એમ કહેતા હતા કે ભીષ્મ પિતામહમાં અપૂર્વ પરાક્રમ છે. એમનામાં બહુ તાકાત છે. પરંતુ આજે મેં જોયું તે હિસાબે તો મને તેમનામાં કશું જ પાણી દેખાયું નહિ. આપ કહો છો કે તેમનામાં બહુ પરાક્રમ છે તે વાત કદાચ તેમના યૌવન-કાળમાં જરૂર સાચી હશે. આજે તો મને તેમનામાં વાર્ધક્યની નિર્બળતા જ જોવા મળી."

એ વખતે એકદમ જ અર્જુનના મોં ઉપર હાથ મૂકી દેતાં કૃષ્ણ કહે છે, "અલ્યા મૂરખ અર્જુન ! બોલ મા. કો'ક સાંભળી જશે તો કાલે યુદ્ધ કરવું ભારે પડી જશે."

અર્જુન કહે છે, "આપ એમનો ખોટો પક્ષ લો છો. આજે તો હું યુદ્ધમાં રમત કરતો હતો, નહિ તો એક જ બાણ મારીને પિતામહને કદાચ પરલોકમાં પહોંચાડી દેત."

કૃષ્ણ અર્જુનને કહે છે, "અર્જુન ! તું ગાંડપણ કર મા, ચૂપ રહે. જો તારી વાત કૌરવોનો કોઈ ગુપ્તચર સાંભળી જશે તો આપણે ભારે મુશ્કેલીમાં મુકાઈ જઈશું, કાલે ભોં ભારે પડી જશે."

થોડી વારે ચર્ચા બંધ થાય છે અને સહુ ઊંઘી જાય છે.

સવારના પરોઢિયે પાંચ વાગ્યા ત્યાં જ યુદ્ધ માટેની નોબતો બજી ઊઠી. પૂર્વના કાળમાં શત્રુઓને ભ્રમમાં રાખીને યુદ્ધ લડાતાં નહિ. યુદ્ધમાં પણ ન્યાય અને નીતિના આધારપૂર્વક જ સહુ ચાલતા હતા. આજની જેમ અચાનક બૉમ્બાર્ડિંગ કરવાની અનીતિઓ ત્યારે ન હતી.

**અજબ હતા; નોબતના એ પડછંદા**

આજે બજતી નોબતોના પડછંદા કોઈ જુદા હતા. ધડડડડડડ ઢીમ...ધડડડડડડ ઢીમ...ધડડડડડડ ઢીમ...

નોબતના પડછંદાઓ સાંભળીને જ શ્રીકૃષ્ણે અર્જુનને તરત ઊઠાડ્યો ! "અલ્યા અર્જુન ! ઊઠ...ઊઠ...જો આ પડછંદાઓ સાંભળ તો ખરો. આવો જોરદાર અવાજ આજ પહેલાં કદી સાંભળેલો ખરો ?"

અર્જુન ઊઠતાંની સાથે કહે છે, "ના, આજનો અવાજ તો બાપ રે ! કાન ફાડી નાંખે એવો છે. કેવા છે આજના અવાજના પડછંદાઓ ! આજે આ નોબત કોણ વગાડતું હશે ?"

કૃષ્ણ કહે છે,"અર્જુન ! આ ચોક્કસ ભીષ્મ પિતામહનો ઝપાટો છે. આજે તેઓ જાતે જ નોબત બજાવી રહ્યા લાગે છે. અર્જુન ! હું કહેતો હતો તે તદ્દન સાચું પડ્યું છે. તું કાલે મને વાત કરતો હતો ત્યારે કૌરવોનો કોઈ ગુપ્તચર આપણો વાર્તાલાપ જરૂર સાંભળી ગયો લાગે છે અને એણે આપણી વાતચીત ભીષ્મને પહોંચાડી લાગે છે. આથી જ આ નોબતો ઉપર ભીષ્મ જાતે આવીને આપણને આહ્વાન કરે છે. અર્જુન ! યાદ રાખ, આજે આપણું આવી બન્યું છે."

અર્જુન શ્રીકૃષ્ણની વાત સાંભળીને સ્તબ્ધ બની ગયો. સૂર્યોદય થયો અને બન્ને સેનાઓ સામસામી ગોઠવાઈ ગઈ.

**ભીષ્મની હાકલ : શ્રીકૃષ્ણ ! સાવધાન**

કૌરવોની સેનાનું નેતૃત્વ આજે પણ ભીષ્મ પિતામહે લીધું હતું. મેદાનમાં આવતાંની સાથે જ શ્રીકૃષ્ણને હાક મારીને કહ્યું, "સાવધાન શ્રીકૃષ્ણ ! આજે તમને આર્યાવર્ત્તના બ્રહ્મચર્યના પ્રચંડ પ્રભાવની તાકાત બતાવું છું. તમારા વિશિષ્ટ બળોની સામે આજે એક આધ્યાત્મિક બળ ટકરાશે અને બતાવી આપશે કે જગતમાં તાકાત કોની છે ?"

હજી તો અર્જુન પણછ ઉપર બાણ ચઢાવે છે પણ એ પૂર્વે જ ભીષ્મે ધનુષ્યનો એવો ગગનભેદી ટંકાર કર્યો કે સમગ્ર વાતાવરણમાં ખળભળાટ મચી ગયો. પંખીઓ પોતાના માળા છોડીને ઊડી ગયા, પર્વતો ઉપરથી શિલાઓ ગબડવા લાગી અને અર્જુનના રથના સાત ઘોડાઓ ભડકીને દોડવા લાગ્યા !

## શ્રીકૃષ્ણની પીતાંબરીની ગાંઠ છૂટી ગઈ

એ જ વખતે સારથિ બનેલા શ્રીકૃષ્ણે જોરથી લગામ ખેંચી અને ઘોડાઓને કાબૂમાં રાખવા પ્રયત્ન કર્યો. પરંતુ થયું એવું કે લગામને જોરથી આંચકો મારીને ખેંચવા જતાં એમણે પહેરેલી પીતાંબરીની ગાંઠ છૂટી ગઈ. હવે શું થાય ?

શ્રીકૃષ્ણે એક હાથે એ પીતાંબરીની ગાંઠ પકડી રાખી અને બીજા હાથે ઘોડાઓની લગામ પકડી રાખી. બીજી બાજુ ભીષ્મના એક પછી એક ધનુષ્યના એવા ભયંકર ટંકાર થતા જ રહ્યા કે કૃષ્ણ પોતે ઘોડાઓની લગામ ઢીલી મૂકી શકતા નથી અને બે હાથ ભેગા કરીને ગાંઠ મારી શકતા નથી.

એમ કહેવાય છે કે ઠેઠ સંધ્યા થઈ અને યુદ્ધવિરામ થયો ત્યાં સુધી શ્રીકૃષ્ણ બે હાથ ભેગા કરી શક્યા નહિ અને પીતાંબરીની ગાંઠ મારી શક્યા નહિ. એ રીતે ઘોડાઓ ધનુષ્યટંકારથી સતત ભડકતા જ રહ્યા.

બ્રહ્મચર્યના સ્વામીનું આ તે કેવું અદ્‌ભુત પરાક્રમ !

આધ્યાત્મિક તાકાતથી કહેવાતી દૈવી તાકાત પણ કેવી વામણી બની જાય છે. આધ્યાત્મિકતા એક શક્તિ છે. એ શક્તિનો જે પ્રભાવ છે એની તોલે જગતનો કોઈ પ્રભાવ ઊભો રહી શકે તેમ નથી.

## ભીષ્મને હણી નાંખવાના કૃષ્ણના ઉત્સાહને અટકાવતો અર્જુન

નવમા દિવસે ભીષ્મ પિતામહે પાંડવ-સૈન્યમાં હાહાકાર મચાવી દીધો. પાંડવો પણ એમના આજના ઝપાટાથી ત્રાહિમામ્ પોકારી ગયા.

રાત્રિના સમયે યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણ પ્રમુખ તમામ મહારથીઓ, અતિરથીઓ વગેરેને એકઠા કરીને કહ્યું કે, "પિતામહનો આજનો સપાટો જોતાં તો એમ લાગે છે કે જો આવું આવતી કાલે પણ ચાલે તો કાલનો આથમતો સૂર્ય જોવા માટે આપણે કોઈ જીવતા ન રહીએ. પિતામહને દૂર કર્યા વિના આપણે આ યુદ્ધ કોઈ રીતે જીતી શકીએ તેમ નથી."

"રાજન્ ! મેં તો આજે જ ભીષ્મનું અસાધારણ ઝનૂન જોઈને તેમને મારા જ હાથે હણી નાંખવાનો નિર્ણય કરી લીધો હતો અને અર્જુનને વાત પણ કરી હતી. હું તો પિતામહની સામે ધસી જવાની તૈયારી જ કરતો હતો પરન્તુ આ અર્જુને અનેક પ્રકારના સોગંદ દઈને મારા ઉત્સાહને રોકી દીધો છે. અર્જુને મને વારંવાર એક જ વાત કરી કે આપ હાથમાં શસ્ત્ર લઈને નિઃશસ્ત્ર સારથિ તરીકે જ રહેવાના વચનનો ભંગ ન કરો. આ કાર્ય હું બનતી ત્વરાએ પૂરું કરીશ. કૃપા કરીને આપ વચનભગ્ન ન બનો. બાકી જો હજી પણ તમે બધા રજા આપતા હો તો આવતી કાલે જ ફેંસલો કરી દઉં." શ્રીકૃષ્ણે કહ્યું.

## ભીષ્મને માત્ર ઘાયલ કરવાનો ઉપાય પૂછતાં યુધિષ્ઠિર

યુધિષ્ઠિરે કહ્યું, "શ્રીકૃષ્ણ ! આપના સામર્થ્યની તો કોઈ વાત ન થાય. અમને એમાં લગીરે શંકા નથી, પરન્તુ અર્જુને આપને જણાવેલી વાત વિચારણીય તો છે જ.

વળી જેમના ખોળામાં ભીમ, અર્જુન વગેરે અમે સહુ રમ્યા છીએ, જે અમારા પિતામહ છે એમને હણી નાંખવા માટે અમે ખૂબ લાચાર અને નાહિંમત બની જતા હોઈએ તો તે ખૂબ સ્વાભાવિક બાબત છે. આપ અમને બીજો કોઈ ઉપાય બતાવો, જેમાં તે ઘાયલ થઈ જાય અને અમારા હાથે હણાય નહિ."

શ્રીકૃષ્ણે કહ્યું, "એ ઉપાય તો આખા જગતમાં પ્રસિદ્ધ થયેલો છે. સહુ જાણે છે કે પિતામહ નિઃશસ્ત્ર, સ્ત્રી, ભયભીત, નપુંસક અને ગરીબની સામે શસ્ત્ર નહિ છોડવાની પ્રતિજ્ઞાવાળા છે. તમે એક કામ કરો. દ્રુપદ રાજાનો પુત્ર નપુંસક છે. તેનું નામ શિખંડી છે. તેના દ્વારા કાલે પિતામહની સામે બાણોની વર્ષા કરાવો. પિતામહ તેને હણવા માટે બાણ નહિ છોડે. એટલે એકપક્ષી બાણવર્ષાથી પિતામહ ઘાયલ થઈને પડી જશે."

## શિખંડીની સામે શસ્ત્ર મૂકી દેતાં ભીષ્મ

સહુને આ વાત પસંદ પડી ગઈ. દસમા દિવસનું પ્રભાત ઊગ્યું. યુદ્ધનો આરંભ થયો. ભયાનક સંઘર્ષ ચાલ્યો. ધીમે રહીને પાંડવોએ અર્જુનના રથમાં અર્જુનને પાછળ કરીને શિખંડીને આગળ કર્યો. તેણે બાણવર્ષા શરૂ કરતાં જ પિતામહે ધનુષ્ય હેઠું મૂકી દીધું. પિતામહની રક્ષાર્થે બાજુમાં ઊભા રહેલા દુર્યોધનાદિએ શિખંડીની બાણવર્ષાને નિષ્ફળ કરવા માટે બાણોનો વળતો સફળ હુમલો કર્યો. શિખંડીના બાણો અધવચમાં તૂટી પડવા લાગ્યા. દુર્યોધનાદિએ શિખંડી ઉપર જોરદાર બાણવર્ષા શરૂ કરી પણ ભીમ અને અર્જુન વગેરેએ શિખંડીનું આબાદ રીતે રક્ષણ કર્યું.

## અંતે... ના-છૂટકે ભીષ્મને ઘાયલ કરતો અર્જુન

શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું,"ભાઈ ! ભીષ્મને એક પણ બાણ લાગતું નથી. હવે તું જ શિખંડીની પાછળ ઊભો રહીને જોરદાર બાણવર્ષા કરીને પિતામહને ઘાયલ કર. આ કપરી કામગીરી બજાવ્યા વિના છૂટકો નથી. 'પિતામહ ! પિતામહ !' કરીને વેવલો થા મા. હવે તો પરાક્રમી પાંડુના ઓ પુત્ર ! ઓ ક્ષત્રિય વીર ! ઊઠ, ઊભો થા અને દુષ્ટોના હાથમાંથી પ્રજાનું રક્ષણ કરવા માટે દુષ્ટોને અને દુષ્ટોના પક્ષકારોને સત્વર કાં જાનથી દૂર કર, કાં રણમેદાનમાંથી દૂર કર."

અને...અર્જુન શિખંડીની પાછળ ગોઠવાઈ ગયો. તેણે જોરદાર બાણવર્ષા ચાલુ કરી. તે વખતે દુર્યોધનાદિ પણ તે બાણવર્ષાને નિવારી ન શક્યા. પિતામહ સખત રીતે ઘાયલ થવા લાગ્યા. આગળ શિખંડી દેખાતો હતો એટલે પિતામહ બાણનો પ્રતિ-મારો કરી શકતા ન હતા.

## ભીષ્મના ગુણ-દર્શનની પરાકાષ્ટા

એ વખતે પિતામહે પોતાના સારથિને કહ્યું, "શું અદ્ભુત રીતે પ્રત્યેક બાણ આવી રહ્યું છે ! શું આ બાણાવલીની કલા છે ! સારથિ, મને તો લાગે છે કે અર્જુન સિવાય આવા અમોઘ બાણ બીજો કોઈ છોડી શકે નહિ. ધન્ય છે અર્જુન ! તને લાખ લાખ ધન્યવાદ છે કે તું આવી અજોડ કલાનો સ્વામી છે. મેં તો આજે જ તારી આ અનુપમ, અવર્ણનીય કલાનું દર્શન કર્યું. ભલે મારું મોત નજીક આવતું. મને તેના અફસોસ કરતાં અર્જુનની આ કલા જોવાનો આનંદ સવિશેષ છે."

કેવી કમાલ છે પિતામહના યુદ્ધભૂમિના ગુણદર્શનની !

## દોષમાં ય ગુણદર્શનની કલાના પ્રસંગો

(૧) મને પેલો માણસ યાદ આવે છે. કોઈ કારણે આગ લાગી જતાં તેનું ઘર ભડકે બળવા લાગ્યું. તે અને તેની પત્ની હેમખેમ બહાર નીકળી ગયા. તમામ ઘરવખરી અને બુદ્ધિતોડ મહેનત કરીને લખેલા ગ્રંથો તે ઘરમાં સળગી રહ્યા હતા. તે વખતે આગની લાલ-પીળી જ્વાળાઓ એકબીજામાં મળી જતી જોઈને, આકાશ તરફ ફૂંફાડા મારતી જોઈને પતિએ પત્નીને કહ્યું, "ઘર બળ્યું તો ભલે બળ્યું પણ તું આ આગની જ્વાળાઓમાં રહેલું સૌન્દર્ય ધરાઈ ધરાઈને આંખેથી પી લે. કેવી સુંદર જ્વાળાઓ છે !"

ચિત્તની સમતુલા જાળવવાની કેવી અનોખી સિદ્ધિ !

(૨) પહેલી જ વખત દીકરો બજારમાંથી એક ડઝન કેરી ખરીદીને લાવ્યો હોય અને તેમાંથી છ કેરી ખરાબ નીકળી હોય ત્યારે સમતોલ મગજનો આદમી દીકરાની પીઠ થાબડતો એમ જ કહેશે, "શાબાશ દીકરા! આજે પહેલી જ વાર ખરીદી કરવા ગયો તેમાં સોમાંથી પચાસ માર્ક લઈ આવ્યો. સંભાવના તો બારેબાર કેરી ખરાબ લાવવાની હતી પણ તું તો છ કેરી સારી લઈ આવ્યો !"

(૩) રસ્તેથી જતાં સંતના માથે કોઈ બાઈએ રાખનું ટોપલું ઊંધું વાળ્યું. સંતના માથે જ બધી રાખ પડી. સંત બોલ્યા, "ભગવાનની કેવી કરુણા કે જનમ જનમના મારા પાપોની સજારૂપે તો તેણે જીવતા અંગારા જ મારા માથે નાંખવા જોઈતા હતા, પણ તેણે તેવા અંગારાની ઠંડી હીમ રાખ નાંખીને જ મારા ગુનાની સજા પતાવી નાંખી !"

કેવો આ આર્યદેશ ! કેવી એની મહાન પ્રજા ! કેવા ભીષ્મ પિતામહ! બાણવર્ષા કરતાં શત્રુસ્વરૂપ અર્જુનની પણ બાણકલાની યુદ્ધભૂમિ ઉપર મરણના મુખમાં બેસીનેે બેમોંએ કદર કરે છે.

### ભીષ્મના પૂર્વજો ય મહાન પ્રતિજ્ઞાચુસ્ત

કેવા ભીષ્મ ! 'જાન જાય તો જાને દો, મત જાને દો વચન'નું સૂત્ર પકડીને શિખંડી સામે બાણ નહિ છોડવાની પ્રતિજ્ઞાનું અણિશુદ્ધ પાલન કરી રહ્યા છે !

આ જ ભીષ્મ પિતામહના પૂર્વજોમાં આવા જ પ્રતિજ્ઞાચુસ્ત બે રાજવીઓ મને યાદ આવે છે :

(૧) એક રાજાના દીવો બળે ત્યાં સુધીના કાયોત્સર્ગરૂપ ધ્યાનમાં 'અંધારાથી ખલેલ ન પહોંચે' એવા શુભાશયથી દાસી રાત્રિ દરમ્યાન દીવામાં નવું નવું ઘી પૂરતી રહી. સવારે દીવો હોલવાયો ત્યારે પૂરી ચિત્તપ્રસન્નતાથી દાસી ઉપર લગીરે ક્રોધ કર્યા વિના ધ્યાન પાર્યું. સતત ઊભા રહેવાથી રાજા ચાલવા માટે ડગ માંડતાં જ પડી ગયા, ચકરી આવી, મૃત્યુ પામ્યા. પણ છેલ્લા શ્વાસ સુધી ધર્મધ્યાન મળ્યાના આનંદમાં જ રહીને સદ્ગતિએ ગયા.

(૨) બીજા રાજા ચન્દ્રયશા ! પ્રત્યેક ચતુર્દશીએ પૌષધ કરવાનું વ્રત હતું. સ્વર્ગની દેવીઓએ વ્રતપાલનની તાકાત જોવા માટે રૂપનું મોહક પરિવર્તન કર્યું. ચન્દ્રયશા એ રૂપની જાળમાં માછલી બનીને ફસાયા. બન્ને રૂપવતીએ કરાર કર્યો કે તેઓ કહે તેમ જ તેમણે કરવું. કામાતુર રાજાએ વચન આપી દીધું. લગ્ન થયું અને ચતુર્દશી આવી. તેની પૂર્વસન્ધ્યાએ રાજાએ તે નવી રાણીઓને પૌષધવ્રતની પ્રતિજ્ઞાની યાદી આપી પણ તેમણે પૌષધવ્રત લેવાની સાફ ના પાડી.

હવે શું કરવું ? પૌષધવ્રત ન લે તો પ્રતિજ્ઞાભંગ ! રાણીઓની મરજી વિરુદ્ધ વ્રત લે તો વચનભંગ !

રાજા મુંઝાયો. એકેય ભંગ પોસાય તેમ ન હતો. છેવટે રાજાએ મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી. તેણે કહ્યું, "જીવતાં તો મને આવડે છે પણ મરતાં ય મને આવડે છે. વચનભંગ કે પ્રતિજ્ઞાભંગ- એકેય-મારાથી થઈ શકે તેમ નથી માટે હવે મારી જાતે જ જીવનભંગ કરું છું."

આમ કહીને પોતાના ગળા ઉપર જોરથી તલવારનો ઘા કર્યો. પણ આ શું થયું ? તલવાર જ બુઠ્ઠી

થઈ ગઈ હતી !

દેવીઓ સ્વરૂપે પ્રગટ થઈ. રાજા પ્રતિજ્ઞાપાલનની દઢતાની ખૂબ અનુમોદના કરીને વિદાય થઈ.

'પ્રાણ જાય અરુ વચન ન જાઈ.' ઓ તુલસી મહારાજ ! રામાયણના રામ જ આવા ન હતા. મહાભારતના ભીષ્મો, યુધિષ્ઠિરો અને કર્ણો પણ આવા હતા હોં !

### આ દેશના રાજાઓ, ચોરો, બહારવટિયા ય મહાન

આ દેશના રણયોદ્ધાને ય પ્રતિજ્ઞા ! આ દેશના જોગીદાસ ખુમાણો, બહારવટિયાઓ ય બ્રહ્મચારી ! આ દેશના ચોરો ય ચોરીના ઘરમાં ભૂલથી નિમક ખાઈ જવાય તો પાછા નીકળી જતા નિમકહલાલો ! આ દેશની રૂપકોશા ગણિકાઓ અને નમુંજલા નર્તકીઓ પણ શીલનું યથાશક્ય વધુમાં વધુ પાલન કરતી સન્નારીઓ ! આ દેશમાં પુત્રોને પણ તેમના અપરાધે સજા ફટકારી દેવામાં જરાય પાછા ન પડતાં શિવાજી, યોગરાજ વગેરે ન્યાયી રાજાઓ !

હાય, અને આજે ? જાણે ક્યાંય કોઈ પ્રકાશ દેખાતો નથી. અમારા સજ્જનો ! શાહુકારો ! વ્રતધારીઓ ! ધર્માત્માઓ ! ભલે, બગાડ હોય પાંચ જ ટકાનો ! પણ નથી જોવાતો, નથી સહેવાતો. સદાની ઊજળી ચાદરે એકાદ પણ ડાઘ-નાનો ય-શા માટે ?

### મુનિની ભવિષ્યવાણીને યાદ કરાવતા વિદ્યાધરો

સારથિ સાથેની પિતામહની વાત જયાં પૂરી થઈ કે તરત આકાશમાંથી વિદ્યાધરોની વાણી પ્રગટ થઈ. તેમણે કહ્યું, "ભીષ્મ ! તારી બાળવયને યાદ કર. પેલા મુનિચન્દ્ર નામના ગુરુદેવ તારા માટે જે ભાખી ગયા છે તે વીસરીશ નહિ."

આ આકાશવાણી સાંભળીને દુર્યોધને પિતામહની પાસે આવીને તે વાણીનો અર્થ સમજાવવા વિનંતી કરી.

### મુનિની વાણીનો મર્મ સમજાવતા ભીષ્મ

પિતામહે દુર્યોધનને પોતાનો બાલ્યકાળ જણાવ્યો. તેમણે કહ્યું કે, "ચારણમુનિઓના સતત સત્સંગથી હું પાંચેય વ્રતોને યથાશક્તિ ધારણ કરતો હતો. મેં પિતાજીની સત્યવતી નામની કન્યા સાથે લગ્ન કરવાની ઈચ્છા પૂર્ણ કરવા માટે આજીવન બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યું હતું. દુર્યોધન ! મને કોઈ પણ વખત સ્ત્રી પ્રત્યે કામવાસના જાગી નથી. દુર્યોધન ! આ બધું બીજાને બહુ કઠિન લાગશે પણ મને લાગે છે કે જૈનધર્મને જે બરોબર સમજયો હોય તેના માટે આ જરાય કઠિન નથી. મને સ્ત્રી તૃણવત્ જ દેખાઈ છે. મુનિ ભગવંતોની કૃપાથી હું હંમેશ દેવપૂજા, ગુરુસેવા, તપ, સ્વાધ્યાય અને સંયમમાં તત્પર રહેતો હતો.

એક દિવસ મુનિચન્દ્ર નામના જ્ઞાની ગુરુનો મેળાપ થયો. દુર્યોધન! હું આટલો ધર્મ કરતો હતો છતાં મને એથી કદી સંતોષ ન હતો. મને ખબર હતી કે સર્વસંગનો પરિત્યાગ કરીને તારક તીર્થંકરદેવોએ ફરમાવેલી ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર ન કરાય તો માનવભવ પૂરી સફળતા ન જ પામે. આથી હું હંમેશ એક વાતની ચિંતા કરતો હતો કે એ મહામંગલકારી ભાગવતી પ્રવ્રજ્યા મને મળશે કે નહિ ? આ ચિંતા મેં એ ગુરુદેવ પાસે રજૂ કરી. તેમણે મારો સમગ્ર ભાવિ જીવન-વૃત્તાન્ત જણાવતાં છેલ્લે કહ્યું કે જયારે કુરુક્ષેત્રની ભૂમિ ઉપર યુદ્ધ લડતાં દસમો દિવસ આવશે ત્યારે અર્જુનના અગણિત બાણો તારા શરીરમાં ભોંકાઈ ગયા હશે. તે વખતે તારું આયુષ્ય એક વર્ષનું બાકી હશે. ત્યારે મારા શિષ્ય ભદ્રગુપ્તાચાર્ય પાસે તું અવશ્ય ભાગવતી પ્રવ્રજ્યા લઈશ, સુંદર આરાધના કરીને બારમા

દેવલોકે જઈશ.

દુર્યોધન ! આ શબ્દોની યાદ મારા મિત્રતુલ્ય ખેચરોએ મને હમણાં કરાવી છે.''

### પિતામહની ચોફેર પાંડવો અને કૌરવો

આટલું બોલતાં જ પિતામહ રથમાં જ ઢળી પડ્યા, બેભાન થઈ ગયા. એ જ વખતે સૂર્ય અસ્ત થયો. હસ્તિનાપુરમાં ધૃતરાષ્ટ્રને સંજય દ્વારા સમાચાર મળ્યા. તેમને ખૂબ આઘાત લાગ્યો. તે રણભૂમિ ઉપર આવ્યા. પાંડવો અને કૌરવો સહુ ભારે આઘાત અનુભવવા લાગ્યા. બેભાન પિતામહની પાસે સહુ દોડી આવ્યા.

પિતામહને ઉપાડીને નજીકના ઉદ્યાનમાં વિદ્યમાન શ્રી ભદ્રગુપ્તાચાર્યની પાસે ખેચરો લઈ ગયા. કેટલાક ઉપચારો કરતાં ભીષ્મ ભાનમાં આવ્યા. પોતાની ચોફેર વીંટળાયેલા કૌરવો અને પાંડવો તરફ તેમણે અમી વરસાવતી નજર ફેરવી. સહુએ તેમને પ્રણામ કર્યા.

### જૈનમાત્ર દીક્ષાને ઝંખે

ભીષ્મ પિતામહની સર્વસંગત્યાગની જે ભાવના, તે તમામ સાચા જૈનની ભાવના. સાચો જૈન સદ્‌ગૃહસ્થ તે જ કહેવાય જે સર્વસંગત્યાગને અહર્નિશ ઝંખતો હોય. જેવું કોઈ નિમિત્ત મળી જાય કે સંસારના વાઘા ઉતારી નાંખવા માટે એ સજ્જ બની જાય. જૈનધર્મને હૃદયથી પામેલા રાજાઓ, મહારાજાઓ, શ્રીમંતો, મન્ત્રીઓ, પંડિતો; અરે ! ચોરી, લૂંટફાટ, ધાડ કે ખૂનામરકીના ધંધે ચડી ગયેલાઓ પણ જૈનધર્મને જ્યારે સ્પર્શે ત્યારે તેઓ સર્વસંગના ત્યાગને ઝંખે અને વરે જ.

પેલા વજ્રબાહુકુમાર ! હજી તો મનોરમા સાથે છેડા બાંધ્યા છે, હાથે મીંઢળ છે, ત્યાં મહામુનિના દર્શનમાત્રથી દીક્ષાની ભાવના ! તાબડતોબ અમલ ! મનોરમા ય દીક્ષાના માર્ગે ! સાથેનો તેનો ભાઈ ઉદયસુંદર પણ દીક્ષાના માર્ગે ! મા-બાપોને આ જાણ થતાં તેઓ પણ દીક્ષાના માર્ગે !

શાલિભદ્ર, જંબૂકુમાર, ગુણસાગર, પૃથ્વીચન્દ્ર, ઈલાચી અને દઢપ્રહારી, પૃથ્વીચન્દ્રકુમારનો પૂર્વભવીય પલ્લીપતિ, રામ, સીતા, લવ, કુશ, રાવણપુત્રો ઈન્દ્રજિત અને મેઘરથ, રે ! પાંડવો, વિદુર, દ્રૌપદી, કુન્તી... કેટલા નામ આપું ? પુસ્તકના સો પેજ ભરાય તો ય નામોની નોંધ ચાલુ જ રહે.

'સર્વસંગત્યાગ' એ જ માનવજીવનનો એકમેવ ઉદ્દેશ ! આત્મ-કલ્યાણનો એ એકમેવ માર્ગ ! તારક તીર્થંકરદેવોનો એ એકમેવ ઉપદેશ !

પિતામહ તો ઉત્તમ કોટિના ધર્માત્મા હતા. તેઓ ભાગવતી પ્રવ્રજ્યા પ્રાપ્ત કરવા માટે સતત ઝંખે અને અન્તે તે પામીને જ રહે તેમાં જૈનધર્મના અનુયાયીઓને જરાય નવાઈ જેવું ન લાગે.

### અર્જુનના બાણોના ઓશીકા ઉપર સૂતા ભીષ્મ

પિતામહે આંખો ખોલ્યા બાદ દડદડ આંસુ પાડતાં સહુને શાન્ત કર્યા. પછી તેમણે કૌરવોને કહ્યું, ''હે વત્સો ! આધાર વિનાની મારી ડોક બહુ દુઃખે છે.''

આ શબ્દો સાંભળતાં જ કૌરવો આસપાસમાં દોડી ગયા. જ્યાંત્યાં પડેલાં પંખીઓના પીછાં ભેગા કરીને તેનું ઓશીકું બનાવીને તરત લાવ્યા.

પિતામહે સ્મિત કરીને તેનો અસ્વીકાર કરીને અર્જુન તરફ નજર કરી. દૃષ્ટિની ભાષાના નિષ્ણાત અર્જુને તરત જ ધનુષ્ય ચડાવીને ધરતીમાં બાણો ખોસી દીધા. બાણોનું ઓશીકું બનાવી દીધું. બન્ને પક્ષના વીરોએ અર્જુનના આ કાર્યના ખૂબ વખાણ કર્યા. પિતામહે માથું તે બાણોના

ઓશીકા ઉપર મૂક્યું અને અર્જુન તરફ સ્મિત-નજર કરી.

વળી પાછું પિતામહે કહ્યું, "મને ખૂબ તરસ લાગી છે."

તરત કૌરવો નજીકમાંથી સ્વચ્છ જલ લઈ આવ્યા, પણ તેનો અસ્વીકાર કરીને પિતામહે અર્જુન તરફ નજર કરી. પિતામહે કહ્યું, "જે પાણી પશુ-પંખીથી કદી બોટાયું ન હોય અને સૂર્યના કિરણો વડે સ્પર્શાયું ન હોય તેવું પાણી મારે પીવું છે."

**ભીષ્મને અણબોટ્યું પાણી પાતો અર્જુન**

બધા મૂંઝવણમાં પડી ગયા કે એવું પાણી ક્યાંથી લાવવું ? પણ અર્જુને ગાંડીવ ઉપાડીને ધનુષ ઉપર બાણ ચડાવીને ધરતીમાં એવા તીવ્ર વેગથી બાણ (વરુણાસ્ત્ર) માર્યું કે તેણે પૃથ્વીના ઊંડા તળે વહી જતાં ઝરણાને સ્પર્શ કર્યો. એ ઝરણાનું પાણી તરત બહાર આવીને વહેવા લાગ્યું. પિતામહે એ પાણી પીને તૃષા દૂર કરી.

ત્યાર બાદ અર્જુનને 'તું-તમે પાંડવો-યુદ્ધમાં વિજયી થાઓ' તેવા આશિષ આપ્યા.

**ઘાની ચિકિત્સા કરવા દેવા ભીષ્મને યુધિષ્ઠિરની વિનંતી**

તે દરમ્યાન વચમાં યુધિષ્ઠિરે પિતામહને કહ્યું, "મારી પાસે ઘા રુઝાવતી ચમત્કારિક, અનુભૂત અંગૂઠી છે. આપ મને રજા આપો. આપના શરીરના બધા શલ્યોને હું ક્ષણમાં રુઝાવી નાંખું. એમાંથી વહેતી રક્તધારા મારાથી જોવાતી નથી. મને ખૂબ ત્રાસ થાય છે. વળી આ રીતે અર્જુને આપને ઘાયલ કર્યા હોવાથી તેના તો ત્રાસનો પાર નથી. એની ચિત્તશાન્તિ ખાતર પણ આપ મને રજા આપો."

**ભીતરી શલ્યોની ચિંતા કરતા ભીષ્મ**

તે વખતે ભીષ્મ પિતામહે કહ્યું, "યુધિષ્ઠિર ! આ તો બહારના શલ્યો છે. મને તેની કોઈ પીડા નથી. દેહ અને આત્માનું ભેદજ્ઞાન થયા પછી દેહને થતી પીડાઓનો અનુભવ આત્માને થતો નથી. મારા જે ભીતરી શલ્યો છે : ક્રોધ, માન, માયા, લોભ વગેરે તે જ મને ખૂબ ત્રાસરૂપ બન્યા છે. પણ તેને દૂર કરવાની તારી વીંટીમાં કોઈ શક્તિ નથી. એને તો મારા ગુરુદેવ ભદ્રગુપ્તાચાર્ય જ દૂર કરી શકશે. માટે તું-તમે બધા-મારા બાહ્ય શલ્યોની જરાય ચિંતા કરશો નહિ. વળી આ બહારના શલ્યોને રુઝાવવામાં તમે બધા મદદગાર બનો, પણ એ દૂર કરવામાં તો મને નુકસાન છે, ભલા !"

જે દુઃખે દીન નહિ અને સુખે લીન નહિ તે જ ધર્મીજન, તે જ સાધુ થવાને લાયક આત્મા.

**દુઃખે અદીન મહાપુરુષો : પ્રસંગો**

(૧) મહોપાધ્યાયજીના સમયમાં મણિઉદ્યોત મહારાજને બરડામાં પાઠું થયેલું. તેમાં પુષ્કળ જીવાતો ઊભરાઈ હતી. તેઓ અપૂર્વ સાધક હતા. રાત્રે કલાકો સુધી કાયોત્સર્ગમાં લીન રહેતા. એક વાર કોઈ દેવાત્મા આકાશમાંથી તે સમયે પસાર થતો હતો. મહાસાધકનું કીડાથી ખદબદતું પાઠું જોઈને ત્રાસી ગયો. ધરતી ઉપર આવીને મુનિવરને વંદના કરીને કહ્યું ,"એક ક્ષણમાં પાઠું મટાડી દઉં. મને રજા આપો."

મુનિએ કહ્યું, "ભાઈ ! જોજે કાંઈ કરતો. અહીંથી તું રવાના જ થઈ જા. જે પાઠું મારા અનંત અશુભ કર્મોનો નાશ કરે છે તેને મટાડવાને બદલે તું હમણાં જ રવાના થઈ જા."

અને...દેવ પાઠું ન જ મટાડી શક્યો.

(૨) પેલા જૈનાચાર્ય માનદેવસૂરિજી ! તેમની પાસે જ તાવ ઉતારવાનો મન્ત્ર હોવા છતાં સખ્ત તાવને પણ શરીરમાં રહેવા દેતા. માત્ર બે સમયની પ્રતિક્રમણની ધર્મક્રિયામાં ચિત્તની અપૂર્વ પ્રસન્નતા

રહે તેટલા પૂરતો તે તાવ મન્ત્રજપ દ્વારા ચાદરમાં ઉતારી દઈને તેને ટીંગાડી દેતા. ભક્તો તેનું કારણ પૂછતા ત્યારે તે જવાબ દેતા કે આ તાવ તો ભીતરના તાવ ઉતારી નાંખે છે. મારા માટે તે શાપરૂપ નથી, આશીર્વાદરૂપ બન્યો છે.

(૩) સનતકુમાર ચક્રવર્તી ! મુનિજીવનમાં સાતસો વર્ષ સોળ ભયાનક રોગો 'ત્રાહિમામ્' પોકરાવી દે તે રીતે ત્રાટક્યા પણ મુનિવરના મોં ઉપર ક્યારેય અપ્રસન્નતા ન મળે, ક્યારેય રોગનાબૂદીની ઈચ્છા પણ ન જાગે.

દેવોએ વૈદ્યરૂપે આવીને રોગો મટાડવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે તેમણે કહ્યું, "તમને મારા જે સોળ રોગો દેખાય છે તે મારે મટાડવા નથી. તમને મારા એકસો અઠ્ઠાવન રોગો (કર્મની ૧૫૮ પ્રકૃતિઓ) તો દેખાતા જ નથી, જે મટાડવાની મારી ખૂબ ઈચ્છા છે.

જો તમે તે ભીતરી રોગોને મટાડી શકતા હો તો હમણાં જ તેમ કરવાની રજા આપું છું. બાકી બાહ્ય રોગો તો હું ય ક્યાં નથી મટાડી શકતો? જુઓ', એમ કહીને માત્ર એક આંગળીને થૂંકવાળી કરી. તત્ક્ષણ તે આંગળી દાહ વગેરેથી મુક્ત થઈને સોના જેવી દેખાવા લાગી.

"ભાઈઓ ! સાધનાના પરિપાકથી આવી લબ્ધિ મારા થૂંક વગેરેમાં પેદા થઈ છે. પણ જે સોળ રોગો મારા અનંત આંતર કર્મોના ભુક્કા બોલાવી દે તેવી વેદના મને બક્ષિસ કરતા હોય તેમને દૂર કરી દેવાની વાતમાં હું કદી સંમતિ ન આપું."

દેવો નમીને ચાલી ગયા.

(૪) અરે ! પેલા સંન્યાસી પણ કૅન્સરની ગાંઠના જંતુઓની કારમી પીડા અનુભવતા હતા ત્યારે ભક્તોએ પૂછ્યું, "આપને શું થાય છે ?"

જવાબ મળ્યો, "પાંચ ભૂતોરૂપી કૂતરાઓ જોરથી ભસી રહ્યા છે. જન્તુઓ આ દેહમાં મિજબાની ઉડાવી રહ્યા છે. ખૂબ મજા આવે છે!"

આધ્યાત્મિક જગતના સાધકોની આવી વાતો સાંભળતાં ય ભોગરસિક ભમરાને તમ્મર આવી જાય !

## છેલ્લી પળ સુધી ભીષ્મની દુર્યોધનને શીખ

કૌરવો-પાંડવોની વચ્ચે સૂતેલા પિતામહે દુર્યોધન તરફ નજર કરીને તેને કહ્યું, "ભાઈ ! મેં જાણી જોઈને ઓશીકું અને પાણી માંગેલ હતા. મારે તમને અર્જુનની ભારે જબરી વિશેષતાઓ દેખાડવી હતી. તેં તારી આંખ સામે જોઈ ને ? આવા પરાક્રમી પાંડવો સાથે યુદ્ધ ખેલીને તું શા માટે કૌરવકુળનો ક્ષય કરી રહ્યો છે ? તારું પણ સામર્થ્ય કેટલું પ્રચંડ છે ? તમે સહુ એક થઈ જાઓ તો સમગ્ર ધરતીમાં તમારો મુકાબલો કરવાની કોઈની પણ તાકાત ન રહે. વત્સ ! હું હજી પણ તને કહું છું કે તું તારા અહંકાર, ઈર્ષ્યા વગેરે દોષોનો ત્યાગ કર અને પાંડવોની સાથે પ્રેમ કર."

ભીષ્મ પિતામહના મનમાં યુદ્ધ પૂર્વે અને યુદ્ધના ચાલુ દિવસોમાં પણ પ્રત્યેક પળે 'ના-યુદ્ધ'ની ભાવના કેટલા જોરથી ઘૂમતી હશે તે તેમની આ સમયની દુર્યોધનને અપાતી શીખમાં આપણને જોવા મળે છે.

## દુર્યોધનનો નફ્ફટ ઉત્તર અને ભીષ્મની વેદના

તે વખતે દુર્યોધને કહ્યું, "પિતામહ ! નખની ઉપર રહે તેટલી પણ ધરતી પાંડવોને દેવા માટે હું બિલકુલ તૈયાર નથી. યુદ્ધના મેદાન ઉપર જ મારે ફેંસલો કરવો છે. પછી એમને જે મળવું હોય તે ભલે મળે."

આ શબ્દો સાંભળતાં જ પિતામહના આખા શરીરમાં અતિ દુ:ખ ભરેલી ઝણઝણાટી પસાર થઈ

ગઈ. તેઓ કંપી ઊઠ્યા. તેમને તે જ પળે કૌરવકુળનો સર્વનાશ દેખાયો. તેમણે ઊંડો નિસાસો નાંખ્યો. તે મનોમન બોલ્યા,'નિયતિને કોણ મિથ્યા કરી શક્યું છે ?'

દુર્યોધન તરફથી નજર ઉઠાવી લઈને તેમણે પાંડવો વગેરેને છેલ્લી શીખ આપતા કહ્યું, "અરિહંતદેવના શાસનને તમારા જીવનમાં વધુ ને વધુ આત્મસાત્ કરજો."

શ્રીકૃષ્ણને પણ તે જ વાત કરી.

**ભીષ્મનો દીક્ષા-સ્વીકાર**

એ પછી તેમણે જૈનાચાર્ય ભદ્રગુપ્તસૂરિજીની પાસે સંયમવ્રત ગ્રહણ કર્યું.

જે આજ સુધી બાહ્ય જોરદાર સંગ્રામ ખેલતા હતા તેમણે હવે ભીતરના મોહરાજાની સાથે જોરદાર સંગ્રામ ખેલવા કમર કસી.

જે આત્મા કમ્મે શૂરો હતો તે હવે ધમ્મે (વિશેષ) શૂરો બન્યો. ઓલા બાહુબલિની જેમ ભાઈને મારવા ઉગામેલી મુટ્ઠીને પોતાના માથે મારીને માથાના વાળનો લોચ કરી નાંખ્યો.

જેણે આંખો ખુલ્લી રાખી હતી અને તેથી જે જગત-દર્શન કરતો હતો તેણે હવે આંખો બંધ કરી અને આંતર-દર્શન શરૂ કર્યું.

જે બાહ્ય શત્રુઓને હણતો હતો તે હવે આંતરશત્રુઓને હણવા માટે સજ્જ બન્યો.

કૌરવો અને પાંડવો મુનિવર બનેલા પિતામહને વંદન કરીને પોતપોતાની છાવણીઓ તરફ વિદાય થયા.

હા, હજી એક વર્ષ માટે પિતામહ આ ધરતી ઉપર જીવંત રહેવાના છે. પણ જગત માટે તો તેઓ આજથી મરી ગયા છે.

સાચો સાધુ તે જ બની શકે જે જગત માટે મરી જાય છે, એનું 'સિવિલ ડેથ' થાય છે.

## ૩૭.

# યુદ્ધના મધ્યાહ્નમાં દ્રોણાચાર્ય (પાંચ દિવસ) (સેનાપતિ દ્રોણાચાર્ય)

મહારથી ભીષ્મની વિદાયથી નિરાશ થઈ ગયેલા દુર્યોધનને તે રાત્રિએ દ્રોણાચાર્યે ખૂબ આશ્વાસન આપ્યું.

કૌરવ-પક્ષે દ્રોણાચાર્યનો સેનાપતિ તરીકે અભિષેક થયો. તેણે પ્રતિજ્ઞા કરી કે, "અર્જુનથી છૂટો પાડીને યુધિષ્ઠિરને હું જીવતો પકડી લઈશ અને દુર્યોધન પાસે ઊભો કરીશ."

અગિયારમા દિવસનું પ્રભાત ઊગ્યું. ભીષ્મની વિદાયથી પાંડવોને વિજય વધુ નજદીક આવી ગયેલો જણાયો, પણ તે તેમનો ભ્રમ સાબિત થયો.

### અર્જુન અને દ્રોણનું યુદ્ધ

અર્જુન અને દ્રોણાચાર્ય વચ્ચે આખો દિવસ સામસામી બાણવર્ષા ચાલી. બન્ને ગુરુ-શિષ્યે પોતાનું અદ્‌ભુત નૈપુણ્ય દાખવ્યું.

સૂર્ય આથમ્યો. યુદ્ધવિરામ થયો.

રાત્રિએ દુર્યોધને સંશપ્તક નામના દેશના મિત્ર-રાજાઓને એક કામ સોંપ્યું જેમાં તેમણે કપટ કરીને અર્જુનને યુધિષ્ઠિરથી જુદો પાડવાનો હતો. સંશપ્તકના રાજાઓએ અર્જુનને પોતાની સાથે લડવા ઉશ્કેરીને યુદ્ધભૂમિની બહાર લઈ જઈને યુધિષ્ઠિરથી જુદો પાડ્યો. યુદ્ધનો એ બારમો દિવસ હતો. યુધિષ્ઠિરની રક્ષા માટે અર્જુને તેની આસપાસ ધૃષ્ટદ્યુમ્ન, ભીમ વગેરેને ગોઠવી દીધા હતા.

### ભગદત્તનું મૃત્યુ

એ દિવસે કૌરવપક્ષના ભગદત્તે ભારે ઝપાટો બોલાવ્યો. તેથી પાંડવપક્ષની સ્થિતિ ખૂબ ગંભીર બનતી જણાતાં સંશપ્તક-રાજાઓ સાથેનું યુદ્ધ પડતું મૂકીને અર્જુન ભગદત્તની સામે ધસી ગયો. ઘણા પ્રયત્નો પછી તેણે ભગદત્તને માર્યો.

સંધ્યા થતાં યુદ્ધવિરામ થયો. યુધિષ્ઠિર જીવતો ન પકડાયો અને મહાપરાક્રમી ભગદત્ત મરાયો હોવાથી દ્રોણાચાર્ય અત્યન્ત ક્રોધાયમાન થયા હતા. તેમણે રાત્રે સહુને ભેગા કરીને બીજા દિવસે યુધિષ્ઠિરને પકડી લેવા માટે ચક્રવ્યૂહ રચવાની યોજના જણાવી.

### અભિમન્યુનો ચક્રવ્યૂહમાં પ્રવેશ

ગુપ્તચરો દ્વારા પાંડવ-છાવણીમાં આ યોજના જાણવા મળતાં સહુ એકઠા થયા. 'શી રીતે ચક્રવ્યૂહ ભેદીશું' તેનો વિચાર થતાં અભિમન્યુએ કહ્યું કે,"જ્યારે મારા પિતા અર્જુન સંશપ્તક-રાજાઓ સાથે શેષ યુદ્ધ પૂરું કરવા માટે કાલે જવાના છે તો તેમની ગેરહાજરીમાં ચક્રવ્યૂહમાં પ્રવેશ કરવાનું કામ તો હું કરીશ પણ તેમાંથી બહાર નીકળતાં મને આવડતું નથી, કેમકે શ્રીકૃષ્ણને ત્યાંના મારા નિવાસકાળ દરમ્યાન હું તેની માત્ર પ્રવેશકળા જ શીખ્યો છું."

તે વખતે ભીમે કહ્યું, "તને ચક્રવ્યૂહમાંથી બહાર લાવવાનું કામ અમે કરીશું. તું ચિંતા ન કર. ચારેબાજુથી કૌરવો ઉપર જોરદાર હુમલા કરીને અમે તે ચક્રવ્યૂહને છિન્નભિન્ન કરી નાંખીશું."

તેરમા દિવસનું પ્રભાત થયું. કૌરવપક્ષે દ્રોણાચાર્યે ચક્રવ્યૂહ ગોઠવ્યો. અર્જુન સંશપ્તકના રાજાઓ સાથે યુદ્ધ કરવા ગયો એટલે ચારેય પાંડવોની સાથે અભિમન્યુએ ચક્રવ્યૂહમાં પ્રવેશ કરવા માટે ભયંકર હુમલો કર્યો. અહીં દ્રોણાચાર્યે ચાલાકી કરી. જયદ્રથને ગોઠવીને પાંડવોને ચક્રવ્યૂહમાં પેસતા

રોકી દીધા. આથી એકલા અભિમન્યુએ ચક્રવ્યૂહમાં પ્રવેશ કર્યો.

એકલા અભિમન્યુએ પણ કૌરવસેનાનો પુષ્કળ કચ્ચરઘાણ બોલાવી દીધો.

### નિઃશસ્ત્ર અભિમન્યુનો વધ

આ બાજુ અભિમન્યુના અતુલ પરાક્રમથી ત્રાસી જઈને કર્ણ, કૃપાચાર્ય, કૃતવર્મા વગેરે એકીસાથે એની ઉપર તૂટી પડ્યા. તે વખતે તે દુઃશાસનના પુત્ર સાથે લડતો હતો. તે ઘાયલ થયો, નિઃશસ્ત્ર થઈને ભૂમિ ઉપર પડી ગયો. તે વખતે જયદ્રથે ત્યાં દોડી આવીને નિઃશસ્ત્ર અભિમન્યુના ગળા ઉપર તલવાર ચલાવીને મારી નાંખ્યો. આકાશમાં રહેલા વિદ્યાધરોએ તેને 'ધિક્કાર ! ધિક્કાર !' શબ્દથી સંબોધ્યો. જ્યારે એકલા પણ અભિમન્યુના પરાક્રમની તેમણે ખૂબ પ્રશંસા કરી.

### જયદ્રથને મારવાની અર્જુનની પ્રતિજ્ઞા

એ જ વખતે સૂર્યાસ્ત થયો. અર્જુને સંશપ્તકના રાજાઓ ઉપર અપૂર્વ વિજય મેળવ્યો હતો. તેના આનંદ સાથે તે પોતાની છાવણી તરફ આવ્યો ત્યારે ત્યાં ભેંકાર શોકનું વાતાવરણ જોઈને જ તેને અભિમન્યુના મૃત્યુની કલ્પના આવી ગઈ જે સાચી ઠરી. આથી ઉશ્કેરાઈ ગયેલા અર્જુને અભિમન્યુની માતા સુભદ્રા પાસે પ્રતિજ્ઞા કરી કે, "આવતી કાલની સાંજ સુધીમાં જો હું જયદ્રથને ન મારું તો અગ્નિપ્રવેશ કરીશ."

ચૌદમા દિવસનું પ્રભાત થયું. કૌરવપક્ષની આજે એક જ નેમ હતી કે જયદ્રથને આજે મરવા ન દેવો. તેની પૂરી રક્ષા કરવી. જો તેમાં સફળતા મળે તો પ્રતિજ્ઞા મુજબ અગ્નિપ્રવેશ કરીને અર્જુન બળી મરે. એક વાર અર્જુન ખતમ, પછી પાંડવોને જીતવાનું ખૂબ સરળ બની જાય.

### અર્જુન-દ્રોણ-દુર્યોધન અને ભૂરિશ્રવા-સાત્યકિનું યુદ્ધ

અર્જુનથી જયદ્રથને દૂર રાખવા માટે દ્રોણે અર્જુનની સામે શકટવ્યૂહ બનાવ્યો. અર્જુન સામે દ્રોણાચાર્ય ગોઠવાયા. ભયંકર ઘમસાણ મચ્યું. પુષ્કળ માનવસંહાર થયો. બાદ દુર્યોધન અને અર્જુન અથડાયા. એમ કરતાં અર્જુન જયદ્રથને પકડવા આગળ ગયો. આથી યુધિષ્ઠિર ચિંતાતુર થયા. તેમણે મહાપરાક્રમી સાત્યકિને અર્જુનની રક્ષા માટે મોકલ્યો. તેણે પણ શક્ટવ્યૂહમાં પ્રવેશ કર્યો. તેને અર્જુન સુધી ન પહોંચવા દેવા ભૂરિશ્રવા સામે આવ્યો.

બે વચ્ચે અતિ ભયાનક યુદ્ધ ચાલ્યું. લડતાં લડતાં સાત્યકિ અર્જુનના રથની સાવ પાસે આવ્યો, પણ તે જ વખતે ભૂરિશ્રવાના ઝપાટામાં સાત્યકિ આવી જતાં તેને હણવા જાય છે ત્યાં શ્રીકૃષ્ણે અર્જુનને સાવધાન કર્યો. તત્ક્ષણ અર્જુને બાણ છોડીને ભૂરિશ્રવાનો હાથ કાપી નાંખ્યો. બાદ સાત્યકિએ એકદમ ત્રાટકીને ભૂરિશ્રવાનો શિરચ્છેદ કરી નાંખ્યો.

### ભીમ અને કર્ણનું યુદ્ધ : કર્ણનું વચનપાલન

આ બાજુ સૂર્ય અસ્ત થવાની તૈયારી હતી. યુધિષ્ઠિર વધુ ચિંતાતુર બન્યા. તેમણે ભીમને અર્જુન તરફ રવાના કર્યો. તેણે પણ શક્ટવ્યૂહમાં પ્રવેશ કરીને કૌરવ-સેનાનો ભયંકર રીતે કચ્ચરઘાણ બોલાવવાનું શરૂ કર્યું. તેમાં એકાએક તેની સામે કર્ણનો રથ આવી ગયો. બંને વચ્ચે ભયંકર તુમુલ યુદ્ધ જામ્યું. ગદાના એક જોરદાર પ્રહારથી ભીમે કર્ણના રથના ચૂરેચૂરા કરી દેતાં કર્ણ બીજા રથમાં ચડીને બાણોની જોરદાર વર્ષા કરવા લાગ્યો.

એક બાણે ભીમને સખત રીતે ઘાયલ કર્યો. તે બેભાન થઈને રથમાં પડી ગયો.

તે જ વખતે કર્ણને પ્રતિજ્ઞા યાદ આવી કે,'પાંડવોમાં માત્ર અર્જુનને જ હું મારીશ.' આથી તેણે ભીમને કહ્યું, 'ભાગ, ભાગ. રસોડે જઈને લાડુ ખા. તારું એ જ કામ છે.' આવો હૈયું ચીરી નાંખે

એવો ઉપહાસ કરીને કર્ણે જાણે કે એક વાર ભીમ દ્વારા તેને કહેવાયેલા શબ્દો, 'તું સારથિપુત્ર! ચાબુક લઈને રથ હાંક રથ...'નો આ જોરદાર વળતો જવાબ આપ્યો. ભીમ પણ જીવ લઈને ભાગી ગયો.

કમાલ છે કર્ણની ! યુદ્ધભૂમિએ પણ વચનપાલન ! ભીમ જેવાને જીવતો જવા દીધો. વચનભંગ કરીને માર્યો હોત તો કદાચ વિજયનું પલ્લું કૌરવ-પક્ષ તરફ ઝૂકી જાત ! પણ ના, વચનભંગ પછીનો વિજય પણ કર્ણને મન પરાજય કરતાં ય ભૂંડો હતો.

### અંતે જયદ્રથનો અર્જુન દ્વારા વધ

આ બાજુ અર્જુને જયદ્રથને પકડી પાડ્યો. બે વચ્ચે કારમું તુમુલ યુદ્ધ જામ્યું. સૂર્ય અસ્ત થવા માટે હવે એકાદ બે ક્ષણની જ વાર હતી ત્યાં અર્જુને છોડેલા બાણથી જયદ્રથ હણાઈ ગયો.

પાંડવ-સૈન્યમાં ચારેબાજુ આનંદની ચિચિયારીઓ થઈ. ચૌદમો દિવસ પૂરો થયો. અત્યાર સુધીમાં કૌરવોનું સાત અક્ષૌહિણી સૈન્ય ખતમ થઈ ગયું હતું.

જયદ્રથના વધનો આ પ્રસંગ વ્યાસમુનિએ બીજી રીતે દર્શાવ્યો છે. એ પ્રસંગમાં શ્રીકૃષ્ણની યુદ્ધનીતિ-જેને દુનિયાની ભાષામાં કપટનીતિ કહેવાય તેને-રજૂ કરી છે. અર્જુનના અગ્નિ-પ્રવેશની પ્રતિજ્ઞા અર્જુને આવેશમાં લીધી, પણ તેથી કાંઈ અર્જુન જેવા વીર પુરુષને અગ્નિપ્રવેશ કરવા થોડો દેવાય ? તેવી પરિસ્થિતિનું નિવારણ કરવાની જવાબદારી પોતાની છે એમ માનતા શ્રીકૃષ્ણે તેને ઉગારી લેવા માટે કપટનો પણ આશ્રય કર્યો હતો. ના, ન છૂટકે તેમણે તેમ કરવું પડ્યું હતું.

બહુ મોટા દોષમાંથી બચવા માટે કરાતું નાના દોષનું સેવન રાજનીતિમાં અને અમુક વખતે ધર્મનીતિમાં પણ ક્ષન્તવ્ય હોય છે. અહીં આપણે તે પ્રસંગ જોઈએ.

### જબ્બર રાજનીતિજ્ઞ શ્રીકૃષ્ણ

મહાભારતના યુદ્ધમાં એક દિવસ અર્જુનના મહાબલિષ્ઠ પુત્ર અભિમન્યુનો જયદ્રથે સંહાર કરી નાંખ્યો. પોતાના પુત્રના મૃત્યુના સમાચારે અર્જુન અત્યંત ઉદ્વિગ્ન તો થયો પરંતુ તેથી વધુ પુત્ર-હત્યારા જયદ્રથનો પ્રાણ લેવા માટે એ તલપાપડ થઈ ગયો. અર્જુને તે જ સ્થળે પ્રતિજ્ઞા કરી કે, "જો જયદ્રથ આવતી કાલની સાંજ જુએ તો મારે અગ્નિમાં પ્રવેશ કરીને બળી મરવું."

અર્જુનની પ્રતિજ્ઞાના સમાચાર શ્રીકૃષ્ણને મળતાં તે ભારે ચિંતામાં પડી ગયા. 'જો અર્જુન આવતી કાલના યુદ્ધમાં જયદ્રથને મારી ન શકે તો સ્વવચનપાલક અર્જુન અવશ્યમેવ અગ્નિપ્રવેશ કરે.' આ વિચાર શ્રીકૃષ્ણને ખૂબ જ સતાવવા લાગ્યો.

બીજા દિવસનો સૂર્ય ઉગ્યો અને યુદ્ધ શરૂ થયું. અર્જુન અને જયદ્રથ સામસામા આવી ગયા. બંને વચ્ચે યુદ્ધનીતિના ઉત્કૃષ્ટ દાવપેચ ચાલવા લાગ્યા. બંને પક્ષનો સૈનિકગણ લડવાને બદલે એ જંગ જોવામાં તલ્લીન બની ગયો.

જોતજોતામાં બપોરના ચારેક વાગ્યાનો સમય થઈ ગયો. હજી જયદ્રથ જરાય મચક આપતો નથી એ શ્રીકૃષ્ણે જોયું. આમ ને આમ જો સંધ્યા ઢળી જાય તો અર્જુનનો અગ્નિપ્રવેશ નિશ્ચિત હતો. અર્જુન જેવા મહારથીને ગમે તે રીતે બચાવવો જોઈએ એવું શ્રીકૃષ્ણ માનતા હતા. એમને હવે કોઈ દાવ રમવા સિવાય બીજો કોઈ રસ્તો દેખાતો ન હતો.

થોડેક દૂર જઈને શ્રીકૃષ્ણે ધરતી ઉપર પોતાનું સુદર્શન ચક્ર ઘુમાવવાનું શરૂ કર્યું. ચોમેર ધૂળની ડમરી ઊડવા લાગી. ધૂળના ગોટા બનવા લાગ્યા.

થોડી જ વારમાં આખું આકાશ ધૂળથી ઢંકાઈ ગયું. સૂર્ય પણ ઢંકાઈ ગયો. ચોમેર અંધારું ઘોર થઈ ગયું.

સૂર્યાસ્ત થઈ ગયાની કલ્પનાથી યુદ્ધવિરામ જાહેર કરવામાં આવ્યો. જયદ્રથ મૂછે તાવ દેતો છાવણીમાં ગયો. અર્જુને અગ્નિપ્રવેશની તૈયારીઓ કરી. પોતાના પ્રિયતમ ગાંડીવ સાથે તે અગ્નિપ્રવેશ કરવા સજ્જ બન્યો.

છાવણીમાં થોડો વિરામ લઈને જયદ્રથ વગેરે યોદ્ધાઓ અર્જુનનો અગ્નિપ્રવેશ જોવા માટે ચિતા પાસે આવ્યા. થોડેક દૂર ઊભા રહીને અર્જુનની મશ્કરીઓ કરવા લાગ્યા. અર્જુન બધું સાંભળતો રહ્યો પણ હવે તેની સામે કોઈ ઉપાય ન હતો; સિવાય અગ્નિપ્રવેશ.

જ્યાં અર્જુન અગ્નિપ્રવેશ કરવાની તૈયારી કરે છે ત્યાં જ થોડાક સમય પૂર્વે સુદર્શન ચક્રની ગતિ સ્થગિત કરી હોવાથી આકાશમાં પથરાયેલી ધૂળ વીખરાવા લાગી. એકાએક સૂર્યના દર્શન થયા.

અને... શ્રીકૃષ્ણે મોટેથી રાડ પાડી, "અર્જુન ! ઓ અર્જુન ! હજી તો આકાશમાં સૂર્ય છે, માટે યુદ્ધવિરામ થઈ શકે જ નહિ. ઉઠાવ, ઝટ ઉઠાવ તારું ગાંડીવ. પણછ ઉપર ચઢાવ બાણ. જો પેલો જયદ્રથ !"

આ શબ્દ સાંભળતાં જ જયદ્રથ શ્રીકૃષ્ણનો ભેદ પામી ગયો. જીવ લઈને તે દોડવા લાગ્યો. પણ અફસોસ ! હવે તે મોડો પડી ગયો. શ્રીકૃષ્ણના યુદ્ધવ્યૂહના સાણસામાં તે આબાદ આવી ગયો હતો. અર્જુને પણછ ઉપર બાણ ચડાવીને જયદ્રથનું નિશાન તાક્યું. સનનન કરતું બાણ ધસ્યું અને જયદ્રથનું માથું ધડ ઉપરથી ઊડી ગયું. પાંડવપક્ષના સૈન્યે અર્જુનનો વિજયનાદ લલકાર્યો.

### કર્ણ દ્વારા ઘટોત્કચનો અને દ્રોણ દ્વારા વિરાટાદિનો વધ

જયદ્રથનો વધ થવાથી, અર્જુનનો અગ્નિપ્રવેશ ન થતાં દ્રોણાચાર્યનો રોષ ભભૂકી ઊઠ્યો. તેમણે તે રાત્રે પણ યુદ્ધ ચાલુ રાખવાનો તદ્દન અન્યાયપૂર્ણ આદેશ આપ્યો.

એ રાત્રિએ અતિશય ભયાનક યુદ્ધ ચાલ્યું. તેમાં પાંડવપક્ષે ભીમની પત્ની હેડંબાનો પુત્ર ઘટોત્કચ તેની રાક્ષસી સેનાને સાથે લઈને આવી ગયો. તે રાત્રિયુદ્ધના વ્યૂહનો નિષ્ણાત હતો. તેના અચાનક આગમનના સમાચારથી પાંડવસેના આનંદવિભોર બની ગઈ, જ્યારે કૌરવોમાં સોપો પડી ગયો. ઘટોત્કચે મહાસંહારપૂર્વક યુદ્ધ જારી રાખ્યું. અંતે એની સામે કર્ણ આવ્યો. બે વચ્ચે અત્યંત જોરદાર તુમુલ યુદ્ધ થયું. એક પળ તો એવી આવી ગઈ જેમાં કર્ણનો વધ નિશ્ચિત હતો પણ કર્ણે અર્જુનને મારવા માટે જ રાખી મૂકેલી-જેનો એક જ વાર ઉપયોગ થઈ શકે તેવી દેવે આપેલી એકાદની નામની વિદ્યાનો ઉપયોગ કર્યો. આથી ઘટોત્કચ મર્યો અને કર્ણ ઉગરી ગયો. પાંડવસેનામાં હાહાકાર મચી ગયો પણ તે વખતે શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું, "હવે તારો વધ કર્ણ કરી શકશે નહિ, કેમકે તેણે તે વિદ્યાનો ઉપયોગ કરી નાંખ્યો છે. આ રીતે ઘટોત્કચનું મૃત્યુ તારા લાભમાં પરિણમ્યું છે."

ઘટોત્કચના મૃત્યુથી કૌરવસેનામાં ઉત્સાહ પ્રગટ્યો. દ્રોણાચાર્યે ભયાનક સંહાર આદર્યો. એમાં દ્રુપદ અને વિરાટ રાજાઓનો તેણે વધ કર્યો.

### યુધિષ્ઠિરનું અસત્યોચ્ચારણ અને કૃષ્ણનો આક્રોશ

પંદરમા દિવસના પ્રભાતે આ વધ થયો. બીજા પણ સેંકડો વીર-યોદ્ધાઓનો બન્ને પક્ષે સંહાર થયો. દ્રોણાચાર્યનું એ વખતે એટલું બધું રૌદ્ર સ્વરૂપ હતું કે જાણે તે તાંડવ કરતા સાક્ષાત્ શંકર ન હોય તેમ લાગતું હતું.

તે યુદ્ધસમયમાં જ કૌરવોનો અશ્વત્થામા નામનો મહાબલિષ્ઠ હાથી મરાયો. આ પ્રસંગનો કૃષ્ણ વગેરેએ પૂરતો લાભ ઉઠાવી લીધો.

ચારેબાજુ બૂમો પડવા લાગી, 'અશ્વત્થામા હણાયો, અશ્વત્થામા હણાયો.'

દ્રોણાચાર્યે તે શબ્દો સાંભળ્યા. તેમને શંકા પડી કે,'કયો અશ્વત્થામા? મારો પુત્ર કે કૌરવપક્ષનો હાથી? યુધિષ્ઠિર સત્યવાદી છે માટે તેને જ પૂછું.' એમ વિચારીને તેને પૂછવા માટે પાતાનો રથ તેના રથની નજીક લાવવા લાગ્યા. તે વખતે કૃષ્ણ વગેરેએ યુધિષ્ઠિરને દબાણપૂર્વક દ્રોણાચાર્યને કહેવા જણાવ્યું કે, 'તમારો પુત્ર અશ્વત્થામા મરાયો છે.'

ભારે આગ્રહને નાછૂટકે વશ થઈને કચવાતા દિલે યુધિષ્ઠિરે દ્રોણાચાર્યને અસ્પષ્ટ ભાષામાં કહ્યું, 'અરેરે ! અશ્વત્થામા મૃત્યુ પામ્યો !'

આ શબ્દો સાંભળતાં જ દ્રોણાચાર્યને સખ્ત આઘાત લાગ્યો. તેમણે પુત્રશોકે શસ્ત્રોનો ત્યાગ કરી દીધો અને મૂઢની જેમ રથમાં બેસી ગયા. એ વખતે શ્રીકૃષ્ણના સંકેતથી ધૃષ્ટદ્યુમ્ને તેમની ઉપર તૂટી પડીને તેમને રથમાંથી નીચે પાડી નાંખ્યા.

આ બાજુ યુધિષ્ઠિરને પોતે અસ્પષ્ટ વાણી બોલ્યા તેનું ભારે દુઃખ થયું એટલે તે મોટેથી બોલ્યા કે, "હે દ્રોણાચાર્ય ! અશ્વત્થામા હાથી મરાયો છે, તમારો પુત્ર નહિ."

આ શબ્દો સાંભળતાં જ દ્રોણાચાર્ય ક્રોધે ભરાઈને લાલપીળા થઈને કહેવા લાગ્યા, "ઓ રાજન્ ! આજ સુધી તેં જે સત્યવ્રત ધારણ કર્યું તેનો શું આજે તારા વૃદ્ધ ગુરુની હત્યા માટે ત્યાગ કરી દીધો ? તેં બહુ ખોટું કર્યું !"

### શ્રીકૃષ્ણની રાજનીતિ

બેશક, યુધિષ્ઠિર અર્ધસત્યરૂપ અસત્ય બોલ્યા હતા. પણ શ્રીકૃષ્ણને મન એમાં કશું જ ખોટું ન હતું. રાજનીતિમાં ન્યાય એ ન્યાય નથી, પણ ન્યાયની સામે ન્યાય અને અન્યાયની સામે અન્યાય એ જ ન્યાય છે; સત્યની સામે સત્ય, અસત્યની સામે અસત્ય એ જ સત્ય છે.

જેવા સાથે તેવા થવું એ જ રાજનીતિ છે. જે દ્રોણાચાર્યે જયદ્રથ દ્વારા નિઃશસ્ત્ર અર્જુનપુત્ર અભિમન્યુને હણાવી દીધો, જેણે રાત્રે પણ યુદ્ધ ચાલુ રાખ્યું, રે ! જે ક્ષત્રિય ન હતો છતાં જેણે શસ્ત્રો ઊંચક્યા... આટલા બધા અન્યાયરૂપ જૂઠાણાંઓ સેવનારની સામે કોઈ નાનું જૂઠાણું સેવવું પડે તો તેમાં લેશ પણ દોષ નથી. આ શ્રીકૃષ્ણની અને આર્ય મહાપ્રજાની નીતિ છે.

પૌરાણિકો કહે છે કે યુધિષ્ઠિર અસત્ય બોલ્યા તે જ પળે સત્યના પ્રભાવે ચાર આંગળ અધ્ધર ચાલતો તેમનો રથ જમીનને અડી ગયો હતો.

ખેર, અસત્ય બોલતાં ય યુધિષ્ઠિરનો આત્મા કકળતો હતો તેથી જ એ અસ્પષ્ટ અસત્ય બોલ્યા અને છેવટે તેની પણ સ્પષ્ટતા કરીને જ રહ્યા એ જ યુધિષ્ઠિરના આત્માની સત્યવાદિતા છે.

### કેવો છે આ સંસાર !

કેવો છે સગપણનો કારમો સ્નેહ !

ધૃતરાષ્ટ્ર ! પુત્રમોહમાં અંધ !

મદ્રરાજ શલ્ય ! ભાણિયાઓના પક્ષે કર્ણને દગો દેનારા !

દ્રોણાચાર્ય ! પુત્રવધે હતાશ થઈને જિતાતું યુદ્ધ હારી જનારા !

નેપોલિયન ! પત્નીના પરપુરુષપ્રણયના સમાચારે ચાલતા યુદ્ધમાં હતાશ અને પરાજિત !

વીર યોદ્ધો બાજીરાવ ! મસ્તાનીના પ્રેમમાં ! આઘાતથી ખલાસ !

પરમાત્મા મહાવીરદેવની સંસારી પુત્રી સાધ્વી પ્રિયદર્શના ! પતિ એવા જમાલિમુનિના પક્ષે પિતાની સામેના જંગમાં !

### દ્રોણાચાર્યનું અન્યાય દ્વારા મૃત્યુ

ક્રોધથી આગબબૂલા બની ગયેલા દ્રોણાચાર્ય ફરી શસ્ત્રસજ્જ થવાની તૈયારી કરતા હતા ત્યાં આકાશવાણી થઈ, "હે દ્રોણ ! હવે જીવનનો ખૂબ થોડો સમય બાકી છે. હવે ક્રોધમાં નહિ પણ સમતામાં લીન થાઓ."

અને... દ્રોણ એકદમ શાન્ત થઈ ગયા. તેમણે પરમેષ્ઠી જપ શરૂ કરી દીધો. તેમાં તલ્લીન બની ગયા. તે જ વખતે તેમની ઉપર ધૃષ્ટદ્યુમ્ને તલવાર ચલાવીને માથું ઉડાવી દીધું. નિઃશસ્ત્ર અને ધ્યાનસ્થ ઉપર તલવાર ચલાવવાનો અઘોર અન્યાય કરીને ધૃષ્ટદ્યુમ્ને પોતાના લલાટે કાળું કલંક લગાડી દીધું.

દ્રોણાચાર્ય મૃત્યુ પામીને પાંચમા દેવલોકમાં ગયા.

### અંતિમ સમાધિ સદ્‌ગતિ આપે

મહાસંહારનું જીવન જીવી ચૂકેલો આત્મા શું પાંચમા સ્વર્ગમાં જઈ શકે ખરો ?

હા, જો તેનો અંત સમય સુધરી જાય તો...

પ્રભુવીર ઉપર આગ છોડનારો ગોશાલક અંત સમયને સુધારીને બારમા સ્વર્ગે ગયો છે.

પોતાની બે સ્ત્રીઓમાં કામાન્ધ વણકર છેલ્લી પળોમાં કોઈ મહાત્માના સત્સંગથી મન્ત્રજપ કરીને સ્વર્ગમાં ગયો છે.

ઈલાચી, ચિલાતી અને દઢપ્રહારી જેવા મોહાન્ધ કે ઘાતકી માણસો અને ક્રૂર બહારવટિયાઓ છેલ્લા કેટલાક મહિના કે છેલ્લા કેટલાક કલાકોની જ સાધના કરીને નરક તરફ ધસમસતા પ્રયાણને બ્રેક મારીને સ્વર્ગ કે મોક્ષ તરફ દોડ્યા છે.

અંત સમયની સમાધિ એ ભાવિના જીવન માટે ખૂબ મહત્ત્વની છે. કોઈ પણ ધર્માત્મા અંત સમયે ઈશ્વરનું નામ ઝંખતો હોય છે.

### મરણને સુધારી જતાં કુમારપાળ : માધવરાવ : પાટડીના વૈદ્ય

મહારાજા કુમારપાળ ઉપર વિષપ્રયોગ થયો ત્યારે તેમાંથી ઊગરી જવાના તેમણે પ્રયત્નો જરૂર કર્યા પણ જ્યારે ખબર પડી ગઈ કે કોઈ પ્રયત્ન સફળ થનાર નથી ત્યારે તે બોલી ઊઠ્યા, "***मरणेऽपि सज्जा वयम्***-હું મોતને ભેટવા માટે પણ તૈયાર છું." અને...પરમેષ્ઠી-સ્મરણમાં લીન બનીને તે સદ્‌ગતિમાં ગયા.

રામનું સદા નામ રટતાં માધવરાવ પેશ્વાને મરણસમયે શ્વાસનળીમાં કફ જામી જતાં રામનામ લેવાનું બંધ થયું તેથી તે રડવા લાગ્યા. અંતે કફને અતિસારમાં રૂપાન્તરિત કરીને વૈદ્યોએ મોટેથી રામનામ લેવાનું ચાલુ કર્યું કે પેશ્વા આનંદવિભોર બનીને રામનામ મોટેથી લેતાં લેતાં જ મૃત્યુ પામ્યા.

પાટડીના મુસ્લિમ વૈદરાજે મરણ સુધારવા માટે તમામ કુટુંબીજનોનો ત્યાગ કરીને અમદાવાદની મસ્જિદમાં મુકામ કર્યો હતો. છેલ્લે છેલ્લે બાર વર્ષના નોકરને ય કોઈ બહાના હેઠળ દૂર કરી દઈને નમાજ પઢવા ઘૂંટણીએ બેસી ગયા હતા અને તેમાં જ તેમનો જીવ ગયો હતો.

સુખભર્યા અને સગવડભર્યા જીવનકાળમાં ધર્મ કેવો કર્યો છે ? તેની પરીક્ષા દુઃખભર્યા મરણસમયમાં લેવામાં આવે છે. હજારે એકાદ બે પુણ્યાત્માઓ જ આ પરીક્ષામાં ઉત્તીર્ણ થાય એટલી કઠિન આ પરીક્ષા હોય છે. રે ! સુખે ય જેને રામ સાંભરતો નથી એને મોતના મુખમાં બેસીને રામ

સાંભરવાનું કામ તો કેટલું મુશ્કેલ છે !

### અશ્વત્થામાએ છોડેલું ભયાનક નારાયણાસ્ત્ર

દ્રોણાચાર્યના વધના સમાચાર સાંભળતાં જ તેમનો પુત્ર અશ્વત્થામા પોતાનો મોરચો છોડીને આ તરફ ધસી આવ્યો. તેનો ક્રોધ તેના હૈયે સમાતો ન હતો.

તેના હોઠ ક્રોધથી ધ્રૂજતા હતા, તેની આંખો લાલચોળ બની ગઈ હતી. તેણે મોટા બરાડા પાડતાં કહ્યું કે,"જેણે મારા પિતાનો વધ કર્યો હોય અને તેમાં જે કોઈ પ્રેરક બન્યા હોય, જેણે તે થતો જોયો હોય કે સાંભળ્યો હોય તે બધાનો હું કાળ છું. તે તમામને મારીને જ જંપીશ."

આમ કહીને તેણે પોતાનું સઘળું ય સામર્થ્ય લગાવીને અતિ ઉગ્રતાથી બાણવર્ષા શરૂ કરી. હજારો સૈનિકો ટપોટપ મરવા લાગ્યા. છેલ્લે તેણે પોતાનું છેલ્લામાં છેલ્લું નારાયણાસ્ત્ર છોડ્યું.

પ્રલયકાળનો અગ્નિ પણ જેની પાસે વિસાતમાં નથી એવો અગ્નિ પ્રગટ થયો, ચારેબાજુ વધતો ગયો અને આકાશમાં વ્યાપતો ગયો. આ ભયાનક આગમાંથી એક પણ શત્રુ બચી શકે તેમ જણાતું ન હતું. ગમે તેટલા વેગથી કોઈ ભાગી છૂટે તો તેને પણ પોતાના સપાટામાં લેવા જેટલી આ નારાયણાસ્ત્ર(અગ્નિ)માં વેગની તીવ્રતા હતી. (આજના ઍટમબૉમ્બને આની સાથે સરખાવી શકાય.) એ અગ્નિમાંથી પ્રગટ થયેલા ધુમાડાના ગોટેગોટા આકાશમાં વ્યાપી ગયા કે છતે સૂર્યે ચોમેર અંધારા જેવું વાતાવરણ થઈ ગયું.

એ વખતે શ્રીકૃષ્ણે મોટેથી વારંવાર બૂમો પાડીને પાંડવસૈન્યને કહ્યું, "હે વીરો ! નાસભાગ ન કરો. તેથી તમે ઊગરી શકનાર નથી. તમે તમામ તાબડતોબ શસ્ત્રનો ત્યાગ કરો, રથમાંથી નીચે ઊતરી જાઓ અને આવી રહેલા અગ્નિને નમસ્કાર કરવા દ્વારા તેની શરણાગતિ સ્વીકારો. જલદી કરો, ઉતાવળ કરો, બધા તેને નમી જાઓ, તેનું શરણ સ્વીકારી લો. આ સિવાય આ સર્વનાશી અસ્ત્ર શાન્ત થનાર નથી."

### ભીમને બોચી પકડીને નમસ્કાર કરાવતા શ્રીકૃષ્ણ

શ્રીકૃષ્ણની વારંવારની ચેતવણીનો તમામ સૈનિકોએ અમલ કર્યો, પણ ભીમે તેમ કરવાની સાફ ના પાડી દીધી. તેણે મોટેથી બૂમ પાડીને શ્રીકૃષ્ણ વગેરેને કહ્યું, "જેના માટે મહાપર્વતો કીડીના નગરાં બરોબર છે, કાળા સાપો પુષ્પની માળા જેવા છે, પૃથ્વી દડો રમવા જેવી વસ્તુ છે એને આ નારાયણાસ્ત્ર તણખલા બરોબર છે. એ ભીમ તેને કદાપિ નમશે નહિ અને શરણાગતિ સ્વીકારશે નહિ. હું હમણાં જ મારો ઝપાટો બતાવી દઉં છું."

શ્રીકૃષ્ણને નારાયણાસ્ત્રની અતિ ભયાનકતાની પાકી ખબર હતી, ભીમને તે જલાવીને જ રહેશે તેવો પૂરો વિશ્વાસ હતો એટલે તેમને ભીમની આ બહાદુરીમાં નાદાનિયત જણાઈ.

અર્જુનને સાથે લઈને તેઓ ભીમ પાસે ગયા. તેને પકડીને પરાણે- મહામુસીબતે-રથમાંથી ઉતારી દીધો, તેના શસ્ત્રો મુકાવી દીધા અને તેની બોચી વાળીને નમસ્કાર કરાવ્યો.

આમ થતાં જ નારાયણાસ્ત્રની જ્વાળાઓ શાન્ત પડવા લાગી, છેવટે સંપૂર્ણ શાંત થઈ ગઈ. શ્રીકૃષ્ણના કારણે જ પાંડવસૈન્ય આબાદ ઊગરી ગયું.

### વર્ત્તમાનકાળનો બીજો અશ્વત્થામા

મહાભારતના નારાયણાસ્ત્રના આક્રમણને ક્યાંય ટપી જાય તેવું આર્ય મહાપ્રજાને અસંખ્ય વર્ષોથી મળેલી સંસ્કૃતિનો સર્વનાશ બોલાવવાને સમર્થ ભેદી આક્રમણ આજે આવી રહ્યું છે, આવી ચૂક્યું છે, ઘણો સંહાર થઈ પણ ગયો છે. ઘરઘરમાં, જીવનની પ્રત્યેક ઘટનામાં, જીવનના તમામ

વ્યવહારોમાં આ ભેદી નારાયણાસ્ત્રે પોતાની આગ લગાડી દીધી છે અને તેણે તમામ સ્તરોમાં રહેલી આર્ય મહાપ્રજાની સંસ્કૃતિને જલાવી છે.

આ ભેદી શસ્ત્રનો અશ્વત્થામા છે; વિદેશી ગોરો.

એણે જ તમામ અ-ઈસાઈ અને અ-ગૌર પ્રજાને નામશેષ કરવાના સોગંદ લીધા છે. એની યોજના અત્યંત ભેદી છે. એણે બે મોરચે આ અસ્ત્ર ફેલાવ્યું છે : એક છે; પરસ્પર લડાવી મારીને પ્રજાનો અને તેના અર્થતંત્રનો નાશ કરવાનો મોરચો. બીજો છે; પ્રજાને નાસ્તિક બનાવી દઈને ઈન્દ્રલોકના ભોગોના નશામાં ચકચૂર કરીને, સંપૂર્ણપણે પરાવલંબી બનાવી દઈને તેની મૂળભૂત સંસ્કૃતિઓને ખતમ કરી નાંખવાનો મોરચો.

એક મોરચે પ્રજાનાશ, બીજા મોરચે ધર્મસંસ્કૃતિનો નાશ.

એક બાજુ તળાવમાં માછલીનાશ, બીજી બાજુ પાણીનાશ.

આ ભેદી નારાયણાસ્ત્રે ભારતીય પ્રજાને જીવતી સળગાવી દીધી હોત તો જે નુકસાન થાત તેથી ઘણુંબધું નુકસાન તેને જીવતી રાખીને તેની સંસ્કૃતિને સમૂળી સળગાવી નાંખવાની યોજનાથી થયું છે.

અશ્વત્થામા કરતાં ય આ ગોરો-અશ્વત્થામા વધુ ખતરનાક પુરવાર થયો છે.

કાશ ! પાશ્ચાત્ય પદ્ધતિના શિક્ષણ દ્વારા આ ગોરા અશ્વત્થામાએ ભારતીય પ્રજાના દિલમાં અને દિમાગમાં ધર્મ પ્રત્યે ધિક્કાર પેદા કરાવ્યો છે, સંસ્કૃતિને 'આઉટ ઓફ ડેટ' જાહેર કરાવી છે, અંતરને નાસ્તિક બનાવીને પરલોકદષ્ટિ અને પાપભીરુતામાં આગ ચાંપી છે. જેટલા લોકોએ આ શિક્ષણ લીધું લગભગ તે બધા ય અશ્વત્થામાની ઓલાદ બન્યા. તેઓ સ્વદેશી ગોરા બન્યા. એ વિદેશી ગોરાના ભક્ત બન્યા. તેથી તેમના કહેવા મુજબ તેઓ આ દેશની પ્રજા સાથે દ્રોહ રમ્યા, સંસ્કૃતિને છેહ દીધો.

સ્વદેશી ગોરાઓએ આ પ્રજાના તમામ ધાર્મિક, સાંસ્કૃતિક સ્તરોને સળગાવી નાંખ્યા છે.

આવા ગોરા-અશ્વત્થામાએ ભેદી નારાયણાસ્ત્રથી જલાવેલી આગ દ્વારા હજી બધું જ સળગીને સાફ થયું નથી. હજી કેટલાક અવશેષો પણ શેષ રહી ગયા છે. આપણે તેના ભંગારમાંથી પણ સંસ્કૃતિનું પુનરુત્થાન કરી શકીએ તેમ છીએ. પણ તેના માટે શું કરવું જોઈએ તે આપણે સમજી લેવું જોઈએ.

**મહાનારાયણાસ્ત્રથી બચવાનો ઉપાય : ઈશ્વરની શરણાગતિ**

આપણે કાંઈ ધનથી, વૈજ્ઞાનિક સાધનોથી, મોટા માનવબળથી તે નારાયણાસ્ત્ર સામે લડી શકીએ તેમ નથી, કેમકે આપણા બધા સાધનો ખૂબ ટાંચા છે અને વામણાં છે. મોટા માનવબળની તો આશા જ રાખવી નકામી છે, જ્યારે ઘર-ઘરના શિક્ષિતો પોતાની જ સંસ્કૃતિને ધિક્કારવામાં ફેશન જોઈ રહ્યા છે ત્યારે.

પણ આ મહાભારતની કથાએ જ આપણને વર્ત્તમાનકાલીન નારાયણાસ્ત્રને શાંત કરવા માટેનું અમોઘ શસ્ત્ર બતાવ્યું છે. તે કાળમાં એ જેટલું અમોઘ બન્યું હતું તેટલું જ આ કાળમાં પણ તે અમોઘ છે; પછી ભલે તે કાળના નારાયણાસ્ત્ર કરતાં હજારગણા વધુ બળવાળા વર્ત્તમાનકાલીન નારાયણાસ્ત્ર સામે તેણે કામગીરી બજાવવાની હોય.

એ અમોઘ શસ્ત્ર છે; શ્રીકૃષ્ણે જણાવેલી નમસ્કારપૂર્વકની શરણાગતિ, પંચ પરમેષ્ઠી ભગવંતોની પરા-ભક્તિસ્વરૂપ શરણાગતિ.

આ વિષય ઉપર જરાક વિગતથી આપણે વિચારીએ.

## અરિહંતની શરણાગતિમાં સૂક્ષ્મનું ઉત્પાદન

જ્યારે સહુ આપણને ચાવી ખાતા હતા, ભૂંજતા-શેકતા હતા; જ્યારે અનેકોથી આપણે ધિક્કારાતા હતા, તિરસ્કારાતા હતા; જ્યારે આપણા સુખ અને શાંતિ તરફ ઈર્ષ્યાથી સહુ જોતા હતા અને આપણને જીવનમાં દુઃખી દુઃખી કરી મૂકવાને કે જાનથી ખતમ કરી દેવાને અનેક આત્માઓ ઝંખતા હતા, એ માટે મળેલી તક કદી પણ જતી કરતા ન હતા એવા સમયે પણ જેમણે આપણા પ્રત્યે કરુણાભરી નજર કરી, જેમણે આપણને સઘળાં ય દુઃખો અને દુઃખોના મૂળભૂત કારણોથી ઉગારી લેવાની લાગણીસભર હૃદયે ભાવના ભાવી, જેમણે પોતાની વિરાટ કરુણાની બાથમાં આપણને પણ સમાવી લીધા એવા એક, બે કે પાંચ કરુણાના સાગર થયા નથી. આજ સુધીમાં એવા અનંત આત્માઓ થઈ ચૂક્યા છે જેઓ અંતે તીર્થંકરદેવ બન્યા છે, જેમણે વિષય-કષાયના સાગરમાં ડૂબતા આપણને બચાવી લેતી 'શાસન' નામની નાવડી તરતી મૂકી છે.

દુર્ભાગી આપણે જ રહ્યા ! જેમણે એ નાવડીનું, એ દેવાધિદેવનું શરણ લીધું તે તમામ તર્યા. આપણે શરણ જ ન લીધું એમના ચરણોનું, પરિણામે આજે ય આ અપાર સંસાર-પારાવારમાં ડૂબતા જ રહ્યા છીએ.

ઓ ઈશ ! હવે જ અમને સમજાયું છે કે, "અમારા સઘળાં દુઃખો, પરાભવો, યાતનાઓ અને સંતાપોનું મૂળ, અમારી સદા જીવંત રહેતી વાસનાઓનું મૂળ તારી અ-ભક્તિ જ છે. અમે પૂર્વભવોમાં કદી તારી સાચી ભક્તિ કરી જ નથી એથી જ સર્વ પરાભવોનું ભાજન બન્યા છીએ !"

ઈશના ચરણનું શરણ એ જ જો આપણું જીવન બની જાય તો સૂક્ષ્મનું પ્રચંડ બળ તદ્દન સહજ રીતે આપણા અંતસ્તલમાં ભરાતું જાય, અંતે વિશ્વમાં વહેતું થવા લાગી જાય.

જેને આ દેવાધિદેવ ગમતા નથી એ કોઈને ય ગમતો નથી.

જે આ પ્રભુને નમતો નથી એને કોઈ પણ નમતું નથી.

જે આ આર્હન્ત્યને ભજતો નથી તેને કોઈ યાદ કરવા પણ તૈયાર નથી.

જે આ માની સેવા કરતો નથી એની સેવા કરવા મોતની વેળાએ પણ કોઈ આવનાર નથી.

ત્રિભુવનપતિ, ત્રિલોકગુરુની શરણાગતિ જ આપણું સર્વસ્વ બની રહે. એ આપણા તમામ હિતો અને સુખો માટે અત્યંત જરૂરી છે.

આવી શરણાગતિ વિનાના તપ, ત્યાગ, જ્ઞાન, વિદ્વત્તા, પુણ્યજનિત વૈભવો વગેરે તમામ ગમે તે પળે ધર્મી-જીવનની ધરતીમાં ભયાનક કડાકો બોલાવી દેતાં હોય છે. અચ્છા અચ્છા રુસ્તમો પણ આધ્યાત્મિક જગતમાં અંતે દેવાળું કાઢી ચૂક્યાના, બરબાદ થઈ ગયાના પ્રસંગો સાંભળવા મળે છે.

**શરણાગતિ એ આપણો જ 'સેફટી વાલ્વ' છે.**

**શરણાગતિ એ આપણો જ 'સેઈફ ગાર્ડ' છે.**

**શરણાગતિ એ આપણો જ 'ડોગ-વૉચ' છે.**

એની અવગણના એટલે ખુલ્લંખુલ્લા હારાકીરી.

એની અવગણના જીવનમાત્રના સુખ અને શાંતિની અવગણનામાં પરિણમી જઈને આપણને હૃદયથી નિષ્ઠુર, દિલથી ક્રૂર, મનથી ઉન્મત્ત અને બુદ્ધિથી ભ્રષ્ટ કરી દીધા વિના રહેતી નથી.

બીજા બધાની અવગણના થઈ શકે પણ આપણી જ આધાર-શિલારૂપ, આપણા જ શ્વાસપ્રાણરૂપ, આપણા જ પ્રાણરૂપ શરણ્યની અવગણના આપણે કદી કરી ન શકીએ.

જેનું નામમાત્ર આપણા ચિત્તના તાપ ઠારે, જેની આકૃતિ(પ્રતિમા)નું સ્મરણ, પૂજન, વંદન માત્ર આપણા દારિદ્રય ફેડે, જેનું દ્રવ્ય માત્ર દેવેન્દ્રોના પણ કષાયોની આગ ઠારે તો એના ભાવનિક્ષેપની કમાલની તો શી વાત કરવી ? એવા તરણતારણહાર પરમકૃપાલુ, પરમપિતા, જગદંબા, પ્રાણેશ્વર, પરમાત્મા તીર્થંકરદેવની શરણાગતિ જેને ભાવતી નથી, ફાવતી નથી, જચતી નથી એ જીવનો તો જન્મારો એળે ગયો. એના જ્ઞાન, ધ્યાન, ત્યાગ, તપ કે વિરતિના વેષમાં ધૂળ પડી, ધૂળ પડી !

સૂક્ષ્મનું બળ પુષ્કળ હોવું જોઈએ તેમ ગુણવત્તાની દૃષ્ટિથી તે ખૂબ વિશુદ્ધ પણ હોવું જોઈએ. શરણાગતિ વિનાના તપ, ત્યાગાદિથી સૂક્ષ્મનું પ્રચંડ બળ કદાચ ઉત્પન્ન થઈ જશે પણ તેમાં વિશુદ્ધિનું તત્ત્વ નહિ જડે. આમાં મોટું જોખમ હોય છે.

### ભીતરનો ત્રીજો અશ્વત્થામા

આ બીજા નંબરના બાહ્ય ગોરા-અશ્વત્થામા કરતાં ય વધુ ખતરનાક તો ત્રીજા નંબરનો અશ્વત્થામા છે. એ પહેલા બે ની જેમ બહારની દુનિયામાં ક્યારેય વસવાટ કરતો નથી. એ તો પ્રત્યેક સંસાર-રસિક આત્માની અંદર જ ઘર કરીને બેઠેલો છે, એમાંથી ક્યારેય બહાર નીકળતો નથી. એના નારાયણાસ્ત્રના બે સ્વરૂપો છે : અર્ધું અંગ છે; અહંકાર સ્વરૂપ અને અર્ધું અંગ છે; મમકાર સ્વરૂપ. આ 'અહં અને મમ'માંથી જે આગ પ્રગટે છે એ આત્માના અનંત ગુણોને ખાખ કરી નાંખવાની તાકાત ધરાવે છે. આ ભીતરના નારાયણાસ્ત્રને શાન્ત કરવાની તાકાત પણ તે જ પરમેષ્ઠી-શરણાગતિમાં જ છે.

જરાક વિગતે આ વાત વિચારીએ.

વિરાટ શક્તિ ધરાવતી અશુભ લાગણીઓ છે; અહં અને મમની.

અહં જન્મ આપે છે ક્રોધને.

મમ ઉત્પન્ન કરે છે કામને.

કામ અને ક્રોધ જે આંતર-સંસારમાં હોય ત્યાં ભયાનક ઊથલપાથલો મચવા લાગી જાય છે. શુભ લાગણીઓ એક પછી એક જમીનદોસ્ત થતી જાય છે. એના વિનાશમાં જીવનના થોડા ઘણાં પણ સુખ અને શાંતિ ડચકાં લે છે.

શ્વાસોચ્છ્વાસમાં ઘૂંટાતો અહંનો નાદ મોળો ન પડે અને નષ્ટ ન થાય ત્યાં સુધી બાહ્ય સંસારનું સઘળું ય તત્ત્વ ગૂંચવાઈ જાય. 'મમ'ની ઉપાસના અટકે નહિ ત્યાં સુધી બાહ્ય સંસારની ગૂંચો વળી વધતી જાય. એ ગૂંચો એટલી બધી વધી જાય કે પછી એને ઉકેલવાનું કામ પડતું મૂકવું પડે.

થાકેલો, હારેલો અને હતાશ બનેલો માનવ એ ગૂંચવાડાભર્યા સંસારમાં જ સુખની કલ્પના કરીને મન વાળી લે, સમાધાન મેળવી લે.

તો શું એ ગૂંચો સદૈવ અણઉકલી જ રહે ?

ગૂંચવાડા ઊભા કરનાર અહં અને મમની લાગણીનો વિનાશ કોઈ રીતે શક્ય નથી ?

એકાદ ન્યુટ્રોન બોમ્બ એ આંતર-સંસારમાં ફેંકવામાં આવે તો એ બે ય લાગણીઓના હાડકાંની કણી પણ જોવા મળે ખરી ?

વૈજ્ઞાનિક મગજમાં તો ન્યુટ્રોન અને કોબાલ્ટ જ વરસ્યા કરે, રૉકેટો ઊડ્યા કરે કે ચન્દ્રલોકના સોહામણાં સ્વપ્નાં આવ્યા કરે ! એને ક્યાં ખબર છે કે આંતરસંસારની સામાન્ય શક્તિ બાહ્ય સિદ્ધિઓને થૂ કરે તેવી છે, કેમકે બાહ્ય સિદ્ધિઓના મંડાણ તો આંતરસંસારમાં જ થયા છે ને ?

ભલે એક વૈજ્ઞાનિક પોતાની ભાષામાં આવી વાતો કરતો રહે. એ વૈજ્ઞાનિક હોવા છતાં આંતરસંસારથી પૂરો અજ્ઞાત છે. એથી તો એ અત્યંત દયાપાત્ર છે. આપણે એને નહિ ધિક્કારીએ.

પણ હવે એ તો વિચારવું જ પડશે કે આંતરસંસારની અશુભ લાગણીઓને ધૂળ ચાટતી કરી દે કે ધારાશાયી બનાવી દે તેવું કોઈ વિજ્ઞાન છે કે નહિ ? તેવા વૈજ્ઞાનિકો ક્યાંય વસે છે કે નહિ ? આ પ્રશ્નનું સમાધાન ન થાય ત્યાં સુધી બીજી બધી જ વિચારણાઓને હવે સ્થગિત કર્યે જ છૂટકો છે.

અહં અને મમની લાગણીઓને કોઈ કબરમાં દફનાવ્યા વિના તો બાહ્ય સંસારમાં ક્યાંયથી પણ વાસ્તવિક સુખ ટપકી શકે તેમ નથી.

માનવજગતની આ સમસ્યાને એક મહામાનવે ઉકેલી નાંખી છે. એનો ઉકેલ બતાવી દઈને એણે આ વિશ્વમાંથી વિદાય લીધી છે. એ મહાદેવ બન્યા છે, વિશ્વોદ્ધારક બન્યા છે.

ક્યાં છે એ ઉકેલ ? અહં-મમની લાગણીઓ શી રીતે નાશ પામે ? કઈ જાતના બૉમ્બથી ? ક્યા રૉકેટથી કે કઈ આણ્વિક શક્તિથી ?

એ મહામાનવે ઉદ્‌ઘોષણાપૂર્વક કહ્યું, "આંતરસંસારના એ બે મોટા દૈત્યોને હત-પ્રહત કરી દેવા માટે સ્વીકારી લો; સર્વજ્ઞ વીતરાગ ભગવંતોની શરણાગતિ. શરણાગતિનો ભાવ અહંની લાગણીને મીણની જેમ ઓગાળી નાંખશે, મમની લાગણીને વાળી-ઝૂડીને સાફ કરી નાંખશે."

શરણ્યની શરણાગતિનો ભાવ એ જ કોબાલ્ટ બૉમ્બ, એ જ પ્રચંડ આણ્વિક બળ કે બીજું જે કાંઈ કહો તે એ જ છે.

આંતરસંસારમાંથી અહં-મમને દૂર કરવા માટે તારક દેવાધિદેવોનું અનન્ય શરણ અનિવાર્ય છે. અસીમ ઉપકારીઓના ચરણનું એ શરણ સઘળી માનસિક અશાંતિઓને, હાયવોયને અને જંજાળોને ઠારી દેવા ધરાર કાબેલ છે.

શરણ્યને શરણે ગયેલો પોતાના જીવનમાં એવો કોઈક અગમ, અગોચર આનંદ અનુભવે છે કે જે એના રૂંવાડેરૂંવાડામાંથી પસાર થાય છે, લોહીના કણેકણમાં એ આનંદ ઉછાળા મારતો રહે છે.

વિશ્વની દરિદ્રતા એને ત્યાં ઊભરાય, એની કાયાના રોમે-રોમમાં રોગો ખદબદી ઊઠે અને કૌટુંબિક કલેશ-કંકાસની આગમાં એ ઝડપાઈ જાય તો પણ શરણાગત કદી દુઃખની લાગણી અનુભવતો નથી. દરિદ્રતા એની નજરે ય ચડતી નથી, દીનતા એને દેખાતી નથી, રોગ એને કંઈ કરી શકતા નથી, કલેશ-કંકાસના હુતાશનમાં ય એ હિમગિરિઓની ઠંડક અનુભવતો જીવનભર પલાંઠી મારીને બેસી શકે છે.

શરણ્યના ગાનમાં, શરણ્યના તાનમાં, શરણ્યની ધૂનમાં એને બીજું કશુંય સંભળાતું નથી, દેખાતું નથી કે સ્પર્શતું નથી.

શું હશે સર્વજ્ઞ શ્રીવીતરાગ ભગવંતોની શરણાગતિના ભાવમાં ?

એવું તે કયું ચમત્કારિક બળ એમાં છુપાયું હશે જે માનવસંસારને દુર્લભપ્રાયઃ શાંતિ આપી શકે ? અને તે ય ભીષણ દુઃખમાં, કારમી યાતનાઓમાં અને કલેશ-કંકાસની હૈયાહોળીના ભડકાઓમાં.

માનવમસ્તિષ્ક આ પ્રશ્નનું સમાધાન આપી શકે તેમ નથી, કેમકે માનવમસ્તિષ્કનો એ વિષય જ નથી. કદાચ સાહસ કરીને પણ આ પ્રશ્નનું સમાધાન કોઈ આઈન્સ્ટાઈન ભેજું કસવા જાય તો ય તે સમાધાન કરતાં કરતાં તેની જીભ જ થોથવાઈ જાય, કેમકે માનવભેજાંની મર્યાદાતીત આ વાત

છે.

આ તો છે; હૃદયની વાત. માનવહૃદયના ઊંડાણમાંથી ભભૂકી ઊઠતી વાસના-દાહક આગની વાત.

હૃદય જ એને કહી શકે.

હૃદય જ એ સમજાવી શકે.

ઘણું બળ કરીને કદાચ બુદ્ધિ કહેવા લાગે તો એટલું જ કહી શકે કે આ ભાવમાં 'કાંઈક' એવું છે જે વિશ્વના સમગ્ર સુખને ચરણોમાં આળોટતું કરી મૂકે છે. એવું કાંઈક છે જે દુઃખોની આગભરી વેદનામાં પણ અનિર્વાચ્ય આનંદ બક્ષે છે.

એ ભાવનો રસ જ્યારે આત્માના પ્રદેશેપ્રદેશમાં રેલાઈ જાય છે ત્યારે શરણાગત ગાંડો બને છે. એને એવો કો'ક નશો ચડે છે કે એના ઘેનમાં ચક્રીના પણ સુખને એ ઠુકરાવે છે, દેવેન્દ્રોની રિદ્ધિને ય હસી નાંખે છે. અરે ! અહમિન્દ્રોના સુખને પણ તુચ્છકારી નાંખે છે. નથી સમજાતું આટલું સત્ત્વ શાથી આવે છે ? નથી કળાતું આ નશાનું ઉત્પાદક તત્ત્વ. એટલું જ સમજાય છે કે એ ભાવમાં અગમ-અગોચર આનંદ આપવાની પ્રચંડ શક્તિ પડેલી છે.

માનવલોકની ઊર્વશીઓના સ્નેહપાશમાં વીંટળાયેલો માનવલોકનો કુબેરપતિ ભૂલોકના નંદનવનમાં પડ્યોપાથર્યો રહે છતાં 'અહં' અને 'મમ'ની વરુવૃત્તિઓ તેને સુખ-શાંતિ અનુભવવા દેતી નથી એ તદ્દન સત્ય હકીકત છે. શરણાગતિનો ભાવ આ વરુવૃત્તિને તદ્દન શાંત કરી દે છે, ધીરે ધીરે એ વૃત્તિના પગદંડાને ઉખેડીને ફેંકી દે છે. આવું 'કાંઈક' બની જાય છે જે બુદ્ધિથી સમજાતું નથી, મોંઢેથી સ્પષ્ટ કહી શકાતું નથી.

ગમે તેમ હોય પણ શરણાગતિનો ભાવ એ માનવસંસારની અજબ-ગજબની બાબત છે, અનોખી વસ્તુ છે.

દુઃખને નોતરું દેતી અહં-મમની લાગણીઓને હત-પ્રહત કરી દેતી ધર્મમાતાની શરણાગતિની ઉપાસનામાં તો જવાંમર્દીની જરૂર પડે છે. કાયરનું તો અહીં કામ જ નથી. મોહ-માયાની અશુભ લાગણીઓને વધુ પડતો પરવશ બનેલો કોઈ પણ માનવ કાયર છે.

અહીં તો જરૂર છે મરજીવાની કે જે આ ભાવરત્ન હાથ ન લાગે ત્યાં સુધી જીવ-સટોસટના ખેલ ખેલતો રહે છે.

અહીં જરૂર છે લોખંડી છાતીની કે જેની એક રજકણ પણ આ ભાવસમ્રાટની સાધનામાં આડે આવતાં પ્રલોભનો સામે ખરે નહિ. અહીં આવશ્યક છે મદભરી ઘેલછા કે જેમાં સંસારના રંગે રંગાયેલું કોઈ સોણલું પ્રવેશ પણ પામી ન શકે.

શરણાગતિનો ભાવ એટલે સઘળા ય રસોનો રાજા. આ રસની જેમ જેમ જમાવટ થતી જાય છે તેમ તેમ માનવ પોતાનું ભાન ભૂલે, ખાન-પાન વીસરે, મમતાની આરાધના પણ ફગાવે, કાયાનું અસ્તિત્વ પણ એના ચિત્તમાંથી ખોઈ નાંખે.

એ વખતે રસેશ્વરના પાન કરતાં ભક્તની સૃષ્ટિમાં બે જ વસ્તુ વિદ્યમાન હોય : ભક્ત અને ભગવાન.

સમગ્ર સંસાર ઉપર કાળો અંધાર-પટ (Black out) છવાઈ ગયો હોય, ક્યાંય કશુંય ન દેખાય.

સમગ્ર આંતરસંસારમાં પ્રકાશ પ્રકાશ રેલાતો હોય, આત્માના પ્રદેશ પ્રદેશ ઉપર એ પ્રકાશ ફરી વળ્યો હોય.

શરણાગતના જીવનની આ જ ધન્યતમ પળો બને છે. અહીં શરણાગત સાચા અર્થમાં યોગી બને છે.

યોગી-જગતને માન્ય કુંડલિનીનું ઉત્થાન કે શાસ્ત્રકાર પરમર્ષિએ કહેલો ગ્રન્થિભેદથી ઉત્પન્ન થતો અવાચ્ય આનંદ આ રસેશ્વરની જમાવટમાં જ શું નહિ મણાતો હોય ?

એક વાર આ રસઝરણું અંતરમાં વહેતું થઈ જાય છે પછી તો વિશ્વના નવ રસ સુક્કા-ફિક્કા બની રહે છે. સાંસારિક કાર્યોમાં પણ જે કાંઈ સુખનું સંવેદન જણાય છે તેમાં ય આ રસ-ઝરણું તો ભળે જ છે, એટલે શરણાગતનો આત્મા સંસારમાં રહીને પણ જે સુખાનુભવ કરે છે તેમાં પણ એના મનમાં તો સંસારસુખથી પર એવા શરણાગતના સુખાનુભવની લાગણી જ બહુધા થનગનાટ કરતી હોય છે.

શરણાગત કદી પણ સંસારસુખને સારું માનતો નથી. 'સારા' જેવું એને કશું લાગતું નથી, કેમકે એ સુંદર પણ એને મન અત્યંત ભયજનક જણાઈ રહ્યું હોય છે.

જેની પાછળ આખો ય સંસાર ગાંડો બન્યો છે, જેના માટે સમગ્ર જીવનની કુરબાની કરવામાં આવે છે, રસ્તે ચાલતો કોઈ પણ સંસારી આત્મા જેમાં સુખના સંવેદનની જ વાત કરે છે એ રમા કે રામા, એ સ્વજનો કે એ સાત માળની હવેલીઓ, બધાયમાં આ ઓલિયો ઠાંસીને ભરેલા દુઃખની જ વાત કરે છે. હા, એ ય એ જ સંસારમાં રહે છે અને એમાં રહીને જ આ રસેશ્વરની મસ્તી માણે છે એટલે જ એ સંસારને ભયંકર માને છે, સદૈવ એનાથી બીતો રહે છે, સાવધાન રહે છે, માંહ્યલો હંમેશ ફફડતો રહે છે.

પોતાના ભાવિ જીવનોના સકળ સંતાપોના વિધ્વંસક આ રસરાજને એ પળભર વીસરી શકતો નથી. અનંતાનંત પાપવાસનાઓના વિષને ઉતારી નાંખનાર,પીયૂષનો છંટકાવ કરનાર એ શરણ્યના ગાનને ગાયા વિના એને ચાલતું નથી. હાલતાં ને ચાલતાં, બેસતાં ને ઊઠતાં એક જ વાત કહ્યા કરે છે,"શું રાચવું'તું આ ઈંટ-મટોડામાં ? રાખની ઢગલીઓમાં રાંચી-માચીને બદ્ધમૂલ કરવાની કુવાસનાઓને ? ફેરવવાના કાળા કરમના કૂચડા ઘાયલ આત્માને ? અને ઠુકરાવવાની એકાંતહિતવત્સલ દેવાધિદેવની આજ્ઞાને ? ઓહ ! એના જેવું તે બીજું ઘોરતમ પાપ ક્યું હોઈ શકે ? ન પોસાય, નહિ પાલવે, નહિ પરવડે આ સંસારના રંગરાગ ! અરે ઓ ! સહુ પાછા આવો. ગાંડા ન બનો, તુચ્છ સુખમાં મોહી ન પડો, ઝટ પાછા આવો, આ શરણ્યની શરણાગતિ સ્વીકારો. એના રસ-પાન કરો, ઘૂંટડે ઘૂંટડે ગટગટાવો. એ રસે તમારા જીવનના દેદાર બદલાઈ જશે. રસરાજને આસ્વાદ્યા પછી તો પેલા મોહમૂઢતાના રસ તો લુખ્ખા લાગી જશે."

કોઈ રખે આને ગાંડાનો બકવાસ માનવાની ભૂલ કરી બેસે ! આ તો છે; સમગ્ર શાસ્ત્રોનો નિચોડ, અનુભવીઓનું તારણ, આર્ષવાણી.

ભક્તને તો ભગવાન જ એનું સર્વસ્વ બની રહે છે. ભગવાનની ભક્તિ જ એનું જીવન બને છે. ભક્તિને ખોઈને કશું એને ખપતું નથી. ભક્તિ મેળવીને કશું એને જોઈતું નથી. હા, મુક્તિ પણ એને મન જરૂરની વસ્તુ રહેતી નથી.

જ્યાં સુધી આવા પ્રકારની મસ્તીભરી દશા પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી આ સંસારમાંથી સુખ

મેળવી શકાય નહિ.

અહીં પ્રશ્ન થાય કે ઈશ્વર સાથેનો આ પ્રણય-સંબંધ બીજે જોડવાથી, બીજાના શરણાગત બનવાથી, એની પાછળ ઘેલા બનવાથી શું આવું સુખ અનુભવી ન શકાય ?

આ પ્રશ્નનો ઉત્તર સાફ નકારમાં આપી શકાય. એનું કારણ એ છે કે 'ઈશ્વર' સિવાય જ્યાં ક્યાંય પણ જોડાણ થવાનું તે નશ્વરનું જ જોડાણ હશે. નશ્વરનો પ્રણય-સંબંધ થયા પછી જ્યારે એમાં તડો પડશે, તિરાડો પડશે અને એ સંબંધ તૂટી જશે, વેરવિખેર થઈ જશે ત્યારે એ જ પ્રણય રોકકળ મચાવશે, કાગારોળ કરી મૂકશે.

નશ્વર સઘળું ય નાશવંત.

ઈશ્વર છે અવિનાશી.

સંબંધ તો અવિનાશી સાથે બાંધ્યો કામનો કે જે ભવોભવની પ્રીતમાં પરિણમી જાય, અતૂટ પ્રીત તો આનું જ નામ.

એક ભવની પ્રીત અનેક ભવો સુધી રોવડાવે, રખડાવે અને રઝળાવે એ પ્રણય શા કામનો ?

તો શું માનવમાત્ર શરણ્યને શરણે જઈ શકે ખરો ? અંતિમ શ્વાસ સુધી શરણ્યના ચરણો ચૂમતો જ રહે એવી સિદ્ધિ એને વરી શકે ખરી ? શરણ્યના ભાનમાં બધું ભૂલી જાય તેમ પણ બને ખરું ?

હા, જરૂર બને પણ તે માટે માનવે સમગ્ર સંસારને પર્યાયાર્થિક નયની આંખોથી નિહાળવો પડશે, સઘળું ય નાશવંત છે એ વાત આત્મસાત્ કરી દેવી પડશે.

સંસાર ગમે તેટલો સારો મજાનો દેખાય છતાં મણિધર સર્પની જેમ અત્યંત ભયંકર છે. રામા અને રમાને એકાએક છોડીને અહીંથી ચાલી જવાનું છે અને તેથી જ આ સાધનો ચિરંજીવ સુખ આપી શકે તેમ નથી જ. આમાં કાંઈક ખૂટે છે; ક્યાંક, કશુંક ખોટવાય છે, ક્યાંક ભૂલ થતી હોય તેમ લાગે છે.

આવી કેટલીક સૂત્રાત્મક બાબતો જો હૈયે કોતરાઈ જાય તો હારેલા, થાકેલા અને મુંઝાયેલાં એ મનમાં એકદમ એક પ્રશ્ન ઊભો થઈ જાય કે તો પછી સુખ ક્યાં ?

સંસાર ભયંકર લાગ્યા પછી ત્યાંથી નાસી છુટવા માટે તલપતો આ માનવ હાથમાં ઝાલ્યો ન રહે, વાર્યો વરે નહિ. નવા ઊભા થઈ ગયેલા પ્રશ્નની ખોજમાં એના જીવનની ખેતી કરી નાંખે અને તેમાં જ એને હાથ લાગી જાય તારક તીર્થાધિપતિનું તત્ત્વજ્ઞાન. જન્મથી જ મળી ગયું હોય તો હવે હૈયાથી સમજાઈ જાય એ તત્ત્વજ્ઞાનમાં ખીચોખીચ ભરેલું સત્ય.

અને...એકદમ ઝૂકી પડે મસ્તક એ ત્રિભુવનપતિને : "પ્રભો ! આપે જ મારી સઘળી ગૂંચો ઉકેલી નાંખી. મારા રસ્તે પથરાયેલું ઘેરું ધુમ્મસ આજે આપે વિદારી નાંખ્યું. મારી દિશા સાફ થઈ ગઈ. મારું ચિત્ત સ્વસ્થ થઈ ગયું. મને અતીવ આશ્ચર્ય થાય છે એ બાબતનું કે આપે શી રીતે આ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કર્યું ? કોણે આપને બતાવ્યું ? તદ્દન અગમ્ય પ્રદેશોનું સફળ ખેડાણ આપે કેવી રીતે કરી નાંખ્યું ? મારા અનુભવની એકએક વાત આપના હિતવચનો સાથે મળી જાય છે."

અહીં જ ભોગી ભક્ત બને છે અને યોગીશ્વર એના ભગવાન બને છે. પછી તો સંસાર ભૂલી જવાય, ક્યારેક યાદ આવે તો ય ખટકે, ભોગવાય તો ય આકરો લાગે, એમાં ભરમાય તો ય પાછા સવેળા જાગી જાય, ક્યાંક ભૂલે તો ત્યાંથી ભાગી છૂટે.

અને આ બધુંય કદાચ જાણતાં કે અજાણતાં એનાથી બની ગયું તો ય તે માત્ર કાયાથી ! ચિત્ત તો શરણ્યના ચરણોમાં જ બહુધા આળોટતું રહ્યું.

શરણાગતિના ભાવનો સ્વામી શું કરતો હોય ? કેમ રહેતો હોય ? વગેરે વિચારણાને સ્થૂલ આકાર આપીને નિહાળવાથી હવે એ વાત હૈયે બરોબર રમી જાય છે કે શરણાગતના જેવો સુખી આ સંસારમાં કોઈ ન જ હોઈ શકે. શરણાગતિના ભાવ વિના વાસ્તવિક સુખની આછી-પાતળી છાંટ પણ ક્યાંય જોવા ન મળે.

વાસ્તવિક સુખના માર્ગે જવા સમગ્ર માનવસંસારે અહં-મમની લાગણીઓનો નાશ કરવો પડશે. દુઃખના ઉદ્ગમસ્થાનસમી એ લાગણીઓનો વિનાશ કરવા તારક તીર્થાધિપતિના શરણે જવું જ પડશે. મનોમંદિરમાં શરણાગતિના ભાવસમ્રાટના પધરામણાં કરાવ્યા સિવાય તો અહં અને મમની લાગણીઓ પોતાની ઉગ્રતા મૂકશે નહિ. એની સાથેના કોઈ પણ ક્રિયાકાંડ, કોઈ પણ જ્ઞાન, કોઈ પણ ધ્યાન સુખ-શાંતિનો લેશ પણ નહિ આપી શકે. અરે ! એવા જ્ઞાન, ધ્યાન કે ક્રિયાકાંડ તો વિષયભોગની જેમ કિંપાકફળની ઉપમા પ્રાપ્ત કરે છે.

એટલે જીવનવિકાસનું, વાસ્તવ સુખની પ્રાપ્તિનું, સમાધિરસની જમાવટનું આદ્ય સોપાન છે; તારક શ્રી તીર્થાધિપતિની શરણાગતિ.

### છેવટે અશ્વત્થામા પલાયન

આ બાજુ નારાયણાસ્ત્ર શાંત પડતાં અશ્વત્થામાએ અગ્ન્યસ્ત્ર છોડ્યું પણ બ્રહ્માસ્ત્ર છોડીને અર્જુને તેને નિષ્ફળ બનાવ્યું. ત્યાર બાદ અશ્વત્થામાએ સર્પાસ્ત્ર છોડ્યું તો અર્જુને ગરૂડાસ્ત્ર છોડીને તેને પણ નિષ્ફળ બનાવ્યું.

હવે અશ્વત્થામા નિરાશ થઈ ગયો. એ જ વખતે આકાશવાણી થઈ કે, "હે અશ્વત્થામા ! કૃષ્ણાર્જુનને તો દેવો પણ જીતવાને સમર્થ નથી. તું તેમને જીતવાના નાહકના ફાંફાં મારી રહ્યો છે."

અને...આ સાંભળીને વધુ હતાશ થઈ ગયેલો અશ્વત્થામા રણ- મેદાનમાંથી પલાયન થઈ ગયો.

તે જ વખતે યુદ્ધના પંદરમા દિવસનો સૂર્યાસ્ત થયો.

## ૩૮.

# યુદ્ધની આથમતી સન્ધ્યાએ સેનાપતિ કર્ણ (બે દિવસ)

પંદરમા દિવસની રાત્રે દુર્યોધને કર્ણનો સેનાપતિ તરીકે અભિષેક કર્યો.

કર્ણના નેતૃત્વ નીચે સોળમા દિવસના પ્રભાતે યુદ્ધ શરૂ થયું. સામા પક્ષે ધૃષ્ટદ્યુમ્નનું જ સેનાપતિ પદ પહેલા દિવસથી જ ચાલુ હતું. આજે દુઃશાસને ભારે ઝપાટો બોલાવીને પાંડવસેનાનો મહાસંહાર કરી નાંખ્યો.

### દુઃશાસનને મારવાની પ્રતિજ્ઞા પૂર્ણ કરતો ભીમ

સંધ્યાનો સમય થતાં દુઃશાસન અને ભીમ સામસામા આવી ગયા. દુઃશાસનને જોતાં જ ભીમને દ્રૌપદીના વસ્ત્રાહરણ પ્રસંગે લીધેલી પ્રતિજ્ઞા યાદ આવી. તેનો ક્રોધ એકદમ વધી ગયો. દુઃશાસને ભયાનક બાણવર્ષા કરીને ભીમના રથના સારથિને પૂરો કરી નાંખ્યો. આ રીતે રથભંગ થતાં ભીમ સ્વરથમાંથી ઉતરી ગયો અને દુઃશાસન તરફ ધસીને તેને પકડીને પછાડ્યો. તેની છાતી ઉપર પગ મૂકીને અતિ ક્રોધથી ભીમસેને કહ્યું, "ઓ કર્મચંડાલ ! કુરુકુળકલંકી ! દ્રૌપદીના કેશ ખેંચ્યા હતા તે તારો હાથ લાવ. તેને તોડી નાંખીને મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરું."

આમ કહીને ભીમે તે દુઃશાસનનો હાથ જોરથી ખેંચીને શરીરથી છૂટો કરી નાંખ્યો. એ વખતે જે લોહીની સેરો છુટી તેનાથી ભીમની છાતી રક્તરંગી થઈ. ધરતી ઉપર પણ લોહીની ધારા ચાલી.

દુઃશાસન મૃત્યુ પામ્યો. કૌરવસૈન્યમાં નાસભાગ થઈ. એ જ વખતે સૂર્ય પણ અસ્ત થયો.

દુઃશાસનના વધની પ્રતિજ્ઞા પૂર્ણ કરીને છાવણીમાં આવતા ભીમસેનને પાંડવોએ ખૂબ વહાલથી વધાવ્યો, પણ તેમાં ય દ્રૌપદીનો આનંદ તો આસમાનને આંબ્યો. તેણે ભીમને ખૂબ ભારે આદરથી સત્કાર્યો.

### કર્ણના સારથિ બનતા મદ્રરાજ શલ્ય

આ બાજુ દુઃશાસનના વધથી દુર્યોધન અત્યન્ત નિરાશ થઈ ગયો. તે વખતે કર્ણે તેની પાસે આવીને કહ્યું કે, "જ્યાં સુધી અર્જુન છે ત્યાં સુધી યુદ્ધ જીતવું અસંભવિત છે. માટે કાલે હું પ્રથમ તો અર્જુનને જ પૂરો કરવા માંગું છું. પરંતુ તે માટે મારે શ્રીકૃષ્ણ જેવો કાબેલ સારથિ જોઈએ. કાબેલ સારથિ વિનાનો ગમે તેવો કાબેલ રથી કદી યુદ્ધ જીતી શકે નહિ. એવો સારથિ જો કોઈ બની શકે તેમ હોય તો તે મદ્રરાજ શલ્ય છે. પણ તે ક્ષત્રિય છે, હું સૂતપુત્ર ગણાઉં છું. મારો સારથિ તે બનશે કે કેમ ? તે સવાલ છે. છતાં જો તું પ્રયત્ન કરે અને તેમાં સફળતા મળે તો કાલે જ હું અર્જુનને પતાવી દઉં."

દુર્યોધને મદ્રરાજ શલ્યને બોલાવ્યા. કર્ણે કરેલું અનુમાન તદ્દન સાચું પડ્યું. તેઓ સૂતપુત્રના સારથિ બનવા તૈયાર ન હતા. પણ દુર્યોધનનો અતિ આગ્રહ થયો અને તેમના મનમાં ભાણિયા સહદેવ અને નકુળના શબ્દો યાદ આવ્યા કે, "મામા ! ભલે તમે શત્રુપક્ષે રહો, પણ કર્ણના પોરસને બરોબર અવસરે તોડતા જ રહેજો."

ભાણિયાઓ પ્રત્યેનું અપાર હેત જીતી ગયું. તેણે દુર્યોધનનો પ્રસ્તાવ સ્વીકારી લેવાની પ્રેરણા કરી અને કર્ણના સારથિ થવાનું સ્વીકાર્યું. પણ તે જ વખતે તેમણે કર્ણને કબૂલ કરાવ્યું કે યુદ્ધભૂમિ ઉપર તે ગમે તેમ બોલી નાંખે તો પણ તે બધું તેણે સહન કરવું પડશે.

હાય, કેવો સગપણનો સ્નેહ ! જેને લીધે દેખાતા મિત્રોને મોતના ઘાટે ઉતારી દેવાની યોજનાઓ પણ ઘડાય છે.

### અર્જુનને હણવાની કર્ણની પ્રતિજ્ઞા

યુદ્ધના સત્તરમા દિવસનું પ્રભાત થયું. કર્ણ પ્રતિજ્ઞા કરી ચૂક્યો હતો કે, "જો આજે અર્જુનને હણું નહિ તો સાંજે અગ્નિપ્રવેશ કરું."

અને...યુદ્ધ શરૂ થયું. આજે કર્ણ પાંડવસૈનિકો માટે સાક્ષાત્ યમરાજના સ્વરૂપમાં દેખાતો હતો. શત્રુપક્ષના સૈન્યનો ખુરદો બોલાવતો તે એક વાર બૂમો પાડવા લાગ્યો કે, "અર્જુન ક્યાં છે ? ઓ અર્જુન ! જ્યાં હોય ત્યાંથી મારી સામે આવ. મારા બાણો તારું લોહી પીવા તલસી રહ્યા છે."

આ શબ્દો સાંભળીને સારથિ મદ્રરાજ તેને કહેવા લાગ્યા, "અરે કર્ણ! આમ પાગલની જેમ કાંઈ બૂમો પડાતી હશે ? વળી દેવો ય જેને હણી શકે તેમ નથી તેને હણવાની પ્રતિજ્ઞા કરીને તું તને જ હણી ચૂક્યો છે.

હં, પેલા દ્વૈતવનમાં દુર્યોધન પકડાયો ત્યારે તું ભાગી છૂટ્યો હતો તે તને યાદ છે ? વિરાટ નગરીમાં ગાયો હરવા જતાં અર્જુન સામે મુકાબલો કરતાં તારી શી વલે થઈ હતી તે ભૂલી ગયો ? મને તો લાગે છે કે આજે અર્જુન જ તને હણી નાંખશે. લે, આ જો. આ આવી રહ્યો છે; અર્જુનનો રથ." એમ કહીને મદ્રરાજે કર્ણને અર્જુન દેખાડ્યો.

### કર્ણ-યુધિષ્ઠિરનું યુદ્ધ અને યુધિષ્ઠિર ઘાયલ

કર્ણ જ્યારે અર્જુન તરફ ધસમસવા માટે સૈનિકોનો કચ્ચરઘાણ બોલાવીને રસ્તો સાફ કરતો હતો ત્યાં તેની સામે યુધિષ્ઠિર આવી ગયો. બે વચ્ચે ભયંકર તુમુલ યુદ્ધ જામ્યું. તેમાં એક વાર કર્ણના બાણોથી યુધિષ્ઠિર એવો ઘાયલ થયો કે તેણે પ્રતિકાર કરવાની શક્તિ ગુમાવી દીધી.

### કૃષ્ણની આગઝરતી પ્રેરણા

એ જોઈને શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું, "ઓ અર્જુન ! આ જો; તારો જયેષ્ઠ બંધુ તારી હાજરીમાં મરવાની તૈયારી કરી રહ્યો છે. ક્યાં ગયું તારું યુદ્ધકૌશલ્ય ? ક્યાં ગયો તારો ભ્રાતૃપ્રેમ ? ક્યાં ગયું તારું પૌરુષ ? તારા જીવતાં શું યુધિષ્ઠિર મરશે ? અને તેને મારનારો જીવતો રહેશે ? અરે ! માતા કુન્તીએ તારી જગ્યાએ કોઈ છોકરીને જન્મ આપ્યો હોત તો તે પણ મોટાભાઈ યુધિષ્ઠિરને ઘાયલ કરનાર શત્રુ ઉપર તૂટી પડી હોત અને તેને ખતમ કરીને જ રહી હોત. પણ અફસોસ ! કુન્તીએ તારા જેવા નિર્માલ્યને જન્મ આપ્યો છે.

શ્રીકૃષ્ણના આગઝરતા શબ્દોએ અર્જુનને નખશીશ સળગાવી દીધો. એનું ક્ષત્રિય લોહી ઉકળી પડ્યું. શ્રીકૃષ્ણને એ જ જોઈતું હતું.

### અર્જુન અને કર્ણનું તુમુલ યુદ્ધ

અને...અર્જુન કર્ણ ઉપર ત્રાટક્યો. બન્ને વીર બાણાવલીઓની અવર્ણનીય બાણવર્ષા જોઈને આકાશના વિદ્યાધરો પણ આભા થઈ ગયા.

એ વખતે પોતાના પિતાને મદદ કરવા માટે કર્ણનો પુત્ર વૃષસેન અર્જુનની સામે આવ્યો. અર્જુનને પોતાના પુત્ર અભિમન્યુનો વધ યાદ આવ્યો. એનું લોહી ગરમ થઈ ગયું. તેણે એક જ બાણથી વૃષસેનનું મસ્તક ઉડાવી દીધું.

પુત્રમૃત્યુથી કર્ણ અત્યંત ક્રોધે ભરાયો. બે ની વચ્ચે ભયાનક સંઘર્ષ શરૂ થયો.

કર્ણે પન્નગાસ્ત્ર છોડીને સર્પો છોડી મૂક્યા તો અર્જુને ગરુડાસ્ત્ર છોડીને ગરુડો છોડ્યા.

કર્ણે અંધકારાસ્ત્રથી અંધારું કરી નાંખ્યું તો અર્જુને પ્રકાશાસ્ત્રથી પુનઃ પ્રકાશ કરી દીધો.

એક વાર બન્ને ય ના રથોના ઘોડાઓ એવા ભડક્યા કે બન્ને સારથિઓએ મહામુસીબતે તેમને કબજે લીધા.

બે વચ્ચેના મહાસંહારમાં કચ્ચરઘાણ પામતી બંને સેનાઓ પલાયન થઈ ગઈ. હવે તે બે જ મહારથીઓ લડી રહ્યા હતા ત્યાં એકાએક કર્ણના રથનું એક પૈડું જમીનમાં ખૂંપી ગયું. મદ્રરાજ શલ્ય પોતે ક્ષત્રિય હોવાથી રથનું પૈડું હાથેથી ખેંચવા માટે લાચાર હતા. તેમણે ઘોડાઓને ખૂબ ઉછાળ્યા પણ કેમેય તે પૈડું બહાર ન નીકળ્યું. છેવટે કર્ણ નીચે ઉતર્યો. પૈડું કાઢવા માટે થોડો સમય યુદ્ધવિરામ કરવાની કર્ણે અર્જુનને વિનંતી કરી. અત્યંત દીનભાવે કર્ણે તેને કહ્યું કે, ''હાલ હું નિઃશસ્ત્ર બનીશ. તારે યુદ્ધના નિયમ મુજબ મારી ઉપર શસ્ત્ર છોડવું નહિ.''

### અંતે નિઃશસ્ત્ર કર્ણનો અર્જુન દ્વારા વધ

એ વખતે મદ્રરાજે કર્ણને કહ્યું, ''આવી દીન વાણી પરાક્રમી પુરુષ કદાપિ ન બોલે. દુર્યોધન આ સ્થળે હોત તો તે મરી જાત પણ આવા વચનો તો ન જ બોલત. તને સિંહ સમજીને સેનાપતિપદે નીમીને દુર્યોધને બહુ મોટી ભૂલ કરી છે એમ મને લાગે છે, કારણ કે તું તો સાવ શિયાળ જેવો છે.''

કર્ણમાં પોરસ ચડાવવાની વાત તો દૂર રહી પણ ભાણિયાઓને આપેલા વચન અનુસાર મદ્રરાજ તેને કટુ વચનો સંભળાવીને તેનું બળ તોડી રહ્યા હતા.

એ વખતે શ્રીકૃષ્ણે કર્ણને કહ્યું, ''હે રાધેય ! નિઃશસ્ત્ર એવા અભિમન્યુને તમે જ બધાએ પૂરો કરી નાંખ્યો હતો કે નહિ ? માટે તારી કહેલી યુદ્ધનીતિ જો તારા માટે ન હોય તો અમારા માટે પણ નથી એ સમજી રાખજે.''

શ્રીકૃષ્ણે આગળ વધીને અર્જુનને કહ્યું, ''અર્જુન ! તું શા માટે ઊભો રહ્યો છે ? ન્યાય તો ન્યાય સામે જ હોય. અન્યાયની સામે તો અન્યાય લડાવવો એ જ ન્યાય છે. તું ઝટ બાણ ચડાવ અને કર્ણને વીંધી નાંખ. જો આ પળ ચૂકીશ તો તે તને ખૂબ ભારે પડી જશે, પછીથી કર્ણને જીતવાનું કામ ખૂબ મુશ્કેલ બની જશે.''

અને...અર્જુને જોરદાર બાણ છોડી મૂક્યું. કર્ણ વીંધાઈને ખલાસ થઈ ગયો. બાણના વેગથી તેનું મસ્તક છૂટું પડીને આકાશમાં ફેંકાઈ ગયું. તેના બે ય કાનના કુંડળો ધરતી ઉપર ફેંકાઈ ગયા. એ જ વખતે સૂર્ય આથમી ગયો. ભીમે તે બન્ને કુંડળો લઈને કુન્તીના ચરણે મૂકવા દ્વારા ચરણપૂજા કરી.

### 'કર્ણ કુન્તીપુત્ર છે' એ જાણીને યુધિષ્ઠિરની વેદના

કર્ણના કુંડળોને જોઈને કુન્તીની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગતાં યુધિષ્ઠિરે તેનું કારણ પૂછ્યું. કુન્તીએ કહ્યું કે,''તે કર્ણ તારો સગો મોટો ભાઈ હતો. મેં જ તેને ત્યાગતી વખતે આ કુંડલો કાનમાં પહેરાવ્યા હતા.''

'મા ! તારે તેનો ત્યાગ શા માટે કરવો પડ્યો ?' યુધિષ્ઠિરે પૂછ્યું.

એનો ઉત્તર આપતા કુન્તી શરમિંદા બની ગઈ એટલે બધી વાત શ્રીકૃષ્ણે વિગતથી સહુને જણાવી.

''અરે મા ! તો પહેલેથી આ વાત કરવી હતી ને ? અમે અમારા સગા ભાઈ સાથે યુદ્ધ કરત જ નહિ.'' યુધિષ્ઠિરે કહ્યું.

શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું, ''ભાઈ ! કર્ણને તમારા પક્ષે લાવવા માટે મેં તેને બધી રહસ્યભરી

વાત કરી હતી પણ તે કેમેય માન્યો જ નહિ. છેવટે તેણે માત્ર અર્જુનને મારવાની તીવ્ર ભાવના દર્શાવી એટલે મેં તેની સાથેની વાત પડતી મૂકી અને નક્કી કર્યું કે હવે કર્ણને અર્જુનની તાકાતનો પરચો દેખાડવો જ પડશે.''

ત્યાર બાદ પાંડવોએ જ્યેષ્ઠ બંધુ કર્ણની સઘળી ઉત્તરક્રિયા કરી.

### પાંડવો પાસે નાગકુમાર-દેવોનું આગમન

યુદ્ધના સત્તરમા દિવસની રાતે પાંડવો વિશ્રામ લેતા હતા તે વખતે તેમની પાસે નાગકુમાર દેવો આવ્યા.

તેમણે કહ્યું, ''અમે તે નાગકુમાર દેવો છીએ જેમણે સરોવરમાંથી કમળગ્રહણ પ્રસંગે આપને પકડી લીધા હતા. પછી ઈન્દ્રના દેવે આવીને અમારા નાગરાજ પાસેથી આપને છોડાવ્યા હતા. અમે આપને પકડી લીધા તેથી નાગરાજે અમારી ઉપર રોષાયમાન થઈને અમને કાઢી મૂકતા કહ્યું હતું કે એક વાર તે જ પાંડવોને મદદગાર બનો પછી હું તમને નાગલોકમાં રહેવા દઈશ.

આજે કર્ણના રથના પૈડાંને ધરતીમાં ખેંચવાનું કામ કરીને અમે આપને મદદગાર બન્યા છીએ એટલે હવે અમે નાગરાજ પાસે જઈને નાગલોકમાં રહેવાનું શરૂ કરીશું. આવતી કાલે આપ આ યુદ્ધમાં વિજેતા બનવાના છો એની આપ નોંધ લેશો.''

યુધિષ્ઠિરની આજ્ઞા લઈને તે નાગદેવો વિદાય થયા.

## ૩૯.

# યુદ્ધનો છેલ્લો અંક : સેનાપતિ મદ્રરાજ શલ્ય (એક દિવસ)

### કર્ણ-મૃત્યુથી દુર્યોધનને આઘાત

કર્ણના મૃત્યુથી દુર્યોધનને આઘાત લાગ્યો. યુદ્ધ જીતવાની આશા ધૂળમાં મળી જતી લાગી. તે સાવ ઉત્સાહહીન બની ગયો. વારંવાર તે ભાન ગુમાવતો હોય તેવી અવસ્થા તે અનુભવવા લાગ્યો. પોતાના જિગરી સેવક કર્ણના વિરહને લીધે તે ધ્રુસકે ધ્રુસકે રડતો રહ્યો.

### અશ્વત્થામાનું પ્રોત્સાહન

તે વખતે અશ્વત્થામા ત્યાં આવી ચડ્યો. તેણે દુર્યોધનને જોરદાર આશ્વાસન આપ્યું અને ફરીથી એકદમ ઉત્સાહિત કર્યો. તેણે કહ્યું, "હજી તું પોતે જીવતો-જાગતો બેઠો છે પછી કર્ણના મૃત્યુથી નિરાશ થઈ જવાની કશી જરૂર નથી. હજી મદ્રરાજ શલ્ય મહારથી આપણી પાસે છે. તું એને સેનાપતિપદે નીમીને ભારે ઉત્સાહથી યુદ્ધ લડ."

અશ્વત્થામાના શબ્દોએ દુર્યોધન ઉપર ચમત્કારિક અસર કરી. તેણે મદ્રરાજને સેનાપતિપદે નિયુક્ત કર્યા.

અઢારમા દિવસનું પ્રભાત થયું. કૃતવર્મા, કૃપાચાર્ય, અશ્વત્થામા અને શકુનિથી દોરવાતા મદ્રરાજ યુદ્ધભૂમિ ઉપર આવી ગયા.

### અંતે મદ્રરાજનું મોત

આજે મદ્રરાજ જીવ ઉપર આવીને લડ્યા. એમણે પાંડવસૈન્યમાં કાળો કેર વર્તાવ્યો. સૈન્યનો બોલાતો ખાત્મો જોઈને ચિંતાતુર બનેલા શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને ઉશ્કેરવા માટે કહ્યું કે, "ઉત્તરકુમારનો વધ થતાં માતા સુદેષ્ણા પાસે તેં પ્રતિજ્ઞા કરી હતી કે તમારા પુત્રના હત્યારા મદ્રરાજ શલ્યનો આ યુદ્ધમાં વધ કરીને જ જંપીશ. યુધિષ્ઠિર ! એ પ્રતિજ્ઞા પૂર્ણ કરવાનો સમય અત્યારે જ છે. પણ તારામાં કૌવત હોય તો જ બને."

આ શબ્દોથી ઉશ્કેરાયેલા યુધિષ્ઠિરે શલ્યની સામે પડકાર કર્યો. બે વચ્ચે ખૂનખાર જંગ ખેલાયો. અંતે યુધિષ્ઠિરે શલ્યનું અમોઘ શક્તિરૂપ બાણ મારીને માથું ઉડાવી દીધું.

### ભીમે કાઢેલો કચ્ચરઘાણ અને દુર્યોધન પલાયન

ત્યાર બાદ ભીમસેને કૌરવસૈન્યનો અભૂતપૂર્વ કચ્ચરઘાણ કાઢી નાંખ્યો. તે જ વખતે શકુનિ વગેરેની સાથે દુર્યોધને કેસરિયાં કર્યાં. એ વખતે દુર્યોધનની સામે પાંડવોને પણ ટકવાનું મુશ્કેલ થઈ પડ્યું. પણ બીજી બાજુ સહદેવે શકુનિનો વધ કર્યો. તે સમાચાર સાંભળતાં જ દુર્યોધન હિંમત હારી ગયો. એ વખતે આકાશ ધૂળમય થઈ ગયું હતું. એ ધૂંધળા અંધકારની ઓથ લઈને દુર્યોધન યુદ્ધભૂમિમાંથી ભાગી છૂટ્યો. તે વખતે કૌરવસૈન્યમાં બે થી ત્રણ સૈનિકો જીવતા હતા.

કૃપાચાર્ય, કૃતવર્મા અને અશ્વત્થામા દુર્યોધનની શોધમાં નીકળ્યા. તેનું પગેરું કાઢતાં તેઓ વ્યાસ સરોવરે આવ્યા. 'આપણો સ્વામી (દુર્યોધન) આ સરોવરમાં છુપાયો છે' એમ અનુમાન કરીને તેમણે સરોવર-કિનારે વિશ્રાન્તિ લીધી.

એટલામાં પાંડવો આવી રહ્યાનું તેમણે ઊડેલા ધૂળના ગોટા ઉપરથી અનુમાન કર્યું. તેઓ મોટા

વૃક્ષના પોલાણમાં ભરાઈ ગયા.

કોઈ વનેચરે પાંડવોને દુર્યોધનના સરોવર-પ્રવેશના સમાચાર આપ્યા. પોતાની પાસે બાકી રહેલા એક અક્ષૌહિણી સૈન્ય દ્વારા પાંડવોએ સરોવરની ફરતો ઘેરો નાંખ્યો.

### ધર્મરાજની દુર્યોધનને હાકલ

કિનારે ઊભા રહીને ધર્મરાજા બોલ્યા, "ઓ દુર્યોધન ! બહાર નીકળ. બધા ય સ્વજનો વગેરેને યુદ્ધભૂમિમાં મરાવીને તું વીરની જેમ મરવાને બદલે ભાગી છૂટીને સરોવરમાં ભરાયો છે તે તારી હદ બહારની નિર્માલ્યતા કહેવાય. અમે તને સિંહ જેવો પરાક્રમી સમજતા હતા, પણ આજે તું શિયાળ જેવો સ્વાર્થી નીકળ્યો. તેં આમ પલાયન કરીને આપણા કૌરવકુળને કલંકિત કર્યું છે.

હવે તું વીર હોય તો બહાર નીકળ, નહીં તો તને પકડી લેતાં અમને જરાય વાર લાગવાની નથી. અમારે દ્રૌપદીના વસ્ત્રાહરણનો અત્યારે જ બદલો લેવાનો છે. તારા પ્રાણ લીધા વિના અમે જંપવાના નથી. જો તારે વીરમૃત્યુ જોઈતું હોય તો બહાર આવીને અમારી સાથે યુદ્ધ કર અને તેમાં જ તું મર. તું એકલો છે તો અમારામાંથી તું કહેશે તે એક જ તારી સાથે લડવા તૈયાર છે. તું જો તે એકને પણ જીતીશ તો અમને બધાને જીત્યા બરોબર અમે ગણીશું અને પૃથ્વીનું રાજ તારી પાસે રહેવા દઈશું."

યુધિષ્ઠિરે યુદ્ધમાં પણ કેવી નીતિમત્તા દેખાડી. 'જો સામે શત્રુ એકલો જ હોય તો તેની સામે પાંચ લડે તે યુદ્ધકીય નીતિ ન કહેવાય' એવા ખ્યાલથી યુધિષ્ઠિરે દુર્યોધનને આહ્વાન કર્યું કે અમારા પાંચમાંથી તું એક-કોઈ પણ એક-ને પસંદ કર. તમે લડો. તેમાં જો તું જીતે તો આખું હસ્તિનાપુરનું રાજ અમે જતું કરી દઈએ.

અહીં મને પેલો ચાંપો વાણિયો યાદ આવે છે.

કેટલુંક ધન લઈને, ઘોડા ઉપર બેસીને તે જંગલમાંથી પસાર થતો હતો ત્યારે ગુજરાતની અસ્મિતાનું સંવર્ધન કરવા માટે જરૂરી સંપત્તિ મેળવવા વનરાજ ચાવડો લૂંટનો પણ માર્ગ ક્યારેક અપનાવતો.

વનરાજની ટોળકીએ ચાંપાને પડકાર્યો, "અલ્યા ! જે હોય તે મૂકી દે અને જીવતો રવાના થા."

બહાદુર ચાંપાએ કહ્યું, "ભીખ માંગે તો બધું દઈ દઉં, બાકી તો રાતી પાઈ પણ નહિ મળે. તે માટે જીવસટોસટનો જંગ ખેલવો પડશે."

'તો થઈ જા તૈયાર.' વનરાજે હાકોટો કરતાં જ ચાંપો ઘોડા ઉપરથી નીચે ઊતરી ગયો.

વનરાજે તેને પૂછ્યું, "અલ્યા ! ઘોડેથી હેઠો કેમ ઊતર્યો ?"

ચાંપાએ કહ્યું, "તમે ધરતી ઉપર રહીને લડો તો મારાથી ઘોડે ચડીને ન જ લડાય. એ ન્યાય ન કહેવાય."

આમ બોલીને ચાંપાએ ભાથામાં ઘણા બાણ હતા તેમાંથી ત્રણ બાણ રાખીને બાકીના બધા તોડીને ફેંકી દીધા.

વનરાજે તેમ કરવાનું કારણ પૂછતાં ચાંપાએ કહ્યું, "તમે ત્રણ છો માટે મારે ત્રણ જ બાણ પૂરતાં છે. એટલે મેં બાકીના બાણ તોડી નાંખ્યા."

આવી નીડરતાભરી અને આત્મવિશ્વાસથી છલકાતી વાણી સાંભળીને વનરાજ તો સ્તબ્ધ થઈ ગયો. તેણે કહ્યું, "ભલા, તે શું તું એવો અમોઘ બાણાવળી છે કે તારું એક પણ બાણ નિષ્ફળ ન જાય ? જો તારો એવો ફાંકો હોય તો ખરું કરી બતાવ જોઉં. આ આકાશમાં પંખી ઊડે છે તેને વીંધી

નાંખ જોઉં.''

ચાંપાએ હસતાં હસતાં કહ્યું, ''એવા નિર્દોષ બિચારા પંખીઓને મારવાનું આ ચાંપા વાણિયાના સ્વભાવમાં નથી. બાકી તમારે મારી કલા જોવી જ હોય તો તમારામાંનો એક સો હાથ દૂર ઊભો રહે અને પોતાના માથા ઉપર ગળામાં રહેલી મોતીની માળા ગૂંચળું વાળીને મૂકે, એનું મોટું મોતી ઊંચું રાખે. હું તેને બરોબર વીંધી બતાડું.''

વનરાજનો એક સાગરિત આ પારખું જોવા તૈયાર થયો.

ખરેખર, ચાંપાએ લક્ષ્ય બરોબર વીંધી નાંખ્યું.

વનરાજ તો આવા વાતે વાતે નીતિમાન અને વીર પુરુષને પામ્યા બદલ અત્યન્ત આનંદિત થઈને તેને ભેટી પડ્યો. તેણે કહ્યું, ''મારે તારી સાથે લડવું નથી, તને લૂંટવો ય નથી. હું તો હવે તને એ આમંત્રણ આપું છું કે જ્યારે તને એવા સમાચાર મળે કે વનરાજ ચાવડો ગુજરાતનો રાજા થયો છે તે દિ' તું હાલ્યો આવજે. તારા જેવો નરરત્ન તો મારા મંત્રીપદે જ શોભશે.''

આ શબ્દો સાંભળતાં જ ચાંપાને ખબર પડી કે તે વીર વનરાજ છે. તરત જ વનરાજના ચરણોમાં ઢળી પડીને પ્રણામ કરવાપૂર્વક ચાંપાએ કહ્યું, ''મારી આ સઘળી સંપત્તિ એ ભાવી ગૂર્જરેશ્વરના ચરણોમાં હું સમર્પિત કરું છું. આપ તેનો સ્વીકાર કરીને મને રાષ્ટ્રનું ઋણ અદા કરવાની તક આપો.''

આવા હતા; નીતિમાન લોકો !

આવી થતી હતી; આપણા દેશમાં વીર-પૂજા !

યુધિષ્ઠિરે પણ પોતાનો નીતિમત્તાનો ધર્મ દુર્યોધનની સમક્ષ પ્રગટ કર્યો.

### દુર્યોધન દ્વારા ભીમને ભારે ગદાપ્રહાર

યુધિષ્ઠિરના આ શબ્દો સાંભળીને દુર્યોધન ક્રોધે ભરાઈને બહાર આવ્યો. તેણે ભીમ સાથે ગદાયુદ્ધ પસંદ કર્યું. દુર્યોધન ગદાના દાવોનો ભારે જબરો નિષ્ણાત હતો. બે વચ્ચે ભયંકર તુમુલ યુદ્ધ જામ્યું. તેમાં બે વખત દુર્યોધને ભીમના માથામાં જે ગદાપ્રહાર કર્યો તેનાથી ભીમ તમ્મર ખાઈ ગયો.

આ સ્થિતિ પાછળ પડેલું ભયાનક ભાવી જોઈને અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે, ''શું જરાક માટે અમે બધું હારી જઈશું ? ભીષ્મ, દ્રોણ, કર્ણ, શલ્ય, જયદ્રથ વગેરે મહારથીઓને માર્યા પછી પણ અમારો આજે પરાજય થશે ? આ ભીમ દુર્યોધનના હાથે હમણાં જ ખતમ થઈ જશે એમ મને લાગે છે.''

### શ્રીકૃષ્ણની સલાહ મુજબ ભીમનો ભયંકર ગદાપ્રહાર

શ્રીકૃષ્ણે કહ્યું કે, ''અર્જુન ! તારી કલ્પના નિરાધાર નથી. બાળપણથી જ દુર્યોધન ગદાના દાવોમાં ઘણી વાર ભીમને મહાત કરતો આવ્યો છે. એટલે સીધી રીતે તો ભીમ દુર્યોધનને જીતી શકે તેમ નથી. પરન્તુ જો દુર્યોધનની સાથળ ઉપર ભીમ ગદાનો ઘા કરે તો તેનું કામ થઈ જાય ખરું.''

આ સાંભળીને અર્જુને તરત ભીમને તેમ કરવાનો સંકેત કર્યો. દુર્યોધનની સાથળ ઉપર ગદાનો પ્રહાર કરવાના ઘણા પ્રયત્નો દુર્યોધને નિષ્ફળ કર્યા પણ છેવટે ભીમને તેમાં સફળતા મળી ગઈ. પોતાને ગદા ઝીંકવા કૂદેલા દુર્યોધનની સાથળ ઉપર જોરથી ગદા ઝીંકી દીધી. તે જ ક્ષણે દુર્યોધન ધરતી ઉપર જોરથી પટકાઈ ગયો.

### બળદેવનો ભારે રોષ

પટકાઈ ગયેલા દુર્યોધનના મસ્તકના મુગટને વારંવાર ભીમે લાતો મારીને તેના ચૂરા કરી નાંખ્યા. આ અન્યાયભર્યું દશ્ય જોઈને શ્રીકૃષ્ણના મોટાભાઈ બળદેવ ખૂબ ઉશ્કેરાઈ ગયા, ''ઓ ભીમ ! તું મરેલાને પાટુ મારે છે ? પાંડવોની સાથે અમારે મીઠો સંબંધ છે એટલે હું કાંઈ કરતો નથી, બાકી હમણાં જ મારા મુસળથી તમને પાંચેય પાંડવોને મારી નાંખત. સાથળ ઉપર ગદા મારવાનું અધમ કાર્ય કરવા બદલ હું આજથી તમારું પાંચેયનું મુખ જોઈશ નહિ.''

આમ કહીને બળદેવ પોતાના નિવાસમાં ચાલ્યા ગયા.

### પાંડવોને લઈને કૃષ્ણ વિદાય

આ બાજુ કોઈ નિગૂઢ કારણોસર શ્રીકૃષ્ણ પાંચેય પાંડવોને લઈને યુદ્ધસ્થળની છાવણી છોડીને બળભદ્ર અને રુકિમણીની પાસે જવાના બહાને પોતાના નિવાસસ્થળે જતા રહ્યા.

મરતા કૂતરાના છેલ્લા શ્વાસની જેમ દુર્યોધન જાણે છેલ્લા શ્વાસ લઈ રહ્યો હતો અને તૂટી ગયેલા પગની કારમી પીડાથી કણસતો ત્યાં જ પડી રહ્યો હતો.

યુદ્ધભૂમિની છાવણીનું રક્ષણ કરવાનું કાર્ય પાંડવોએ ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડીને સોંપ્યું હતું.

### દુર્યોધનની વેદનાથી ત્રસ્ત કૃપાચાર્યાદિ

જેમ રાત વધતી ગઈ તેમ દુર્યોધનની વેદના વધતી ગઈ. તે વખતે કૃતવર્મા, કૃપાચાર્ય અને અશ્વત્થામા ગાઢ અંધકારની ઓથ લઈને છુપાતા દુર્યોધનની પાસે આવ્યા.

દુર્યોધનની અસહ્ય વેદનાગ્રસ્ત સ્થિતિ જોઈને તેમના હૃદય કકળી ઊઠ્યા. તેમણે કહ્યું, ''હે દુર્યોધન ! તું જ વીરપુરુષોમાં અગ્રણી છે, કેમકે તેં છેલ્લે પણ પાંડવો પાસે અભયદાનની યાચના ન કરી કે તેમને રાજ ન જ આપ્યું. અમે કર્મચંડાળ છીએ, સર્વથા ધિક્કારને પાત્ર છીએ કે અમારા દેખતાં જ તારી આ દુર્દશા થઈ. તે વખતે અમે સામે રહેલા વિરાટ વૃક્ષના થડની બખોલમાં સંતાઈને રહ્યા હતા.

પણ આ બખોલમાં અમે પાંડવોને હણી નાંખવાનો એક ઉપાય શોધી કાઢ્યો છે. અમે રાતે જોયું કે એક ઘુવડે આવીને વૃક્ષના તમામ કાગડાના માળાઓની ઉપર આક્રમણ કરીને તમામ કાગડાને મારી નાંખ્યા છે.

દુર્યોધન ! આ ઉપરથી અમે પણ આજ રીતે એકાએક છાપો મારીને આજે રાતે જ પાંડવોને હણી નાંખવાની યોજના ઘડી નાંખી છે.

આજે રાતે વિજયના કેફમાં પાંડવો અને તેની એક અક્ષૌહિણી સેના ઘસઘસાટ ઊંઘતી હશે એટલે તેમને હણી નાંખવાનું અમને બહુ સરળ થઈ પડશે. અમે તારી આજ્ઞા લેવા આવ્યા છીએ. આવતી સવારે અમે પાંચેય પાંડવોના મસ્તકો તારી પાસે રજૂ કરી દઈશું.

દુર્યોધન ! તું આટલો સમય જીવતો રહે અને અમારો ઝપાટો જોઈ લે.''

### પાંડવોને મારવાની યોજનાથી દુર્યોધન પ્રસન્ન

આ શબ્દો સાંભળીને દુર્યોધન બધી વેદના વીસરી જઈને અતિ આનંદમાં આવી ગયો.'આ રીતનો અન્યાય આપણાથી ન કરાય' તેવું કહેવા માટે તે હરગીજ તૈયાર ન હતો. હવે તો ગમે તેવો અન્યાય કરીને પણ પાંડવોના મોત તેણે સાંભળવા હતા.

દુર્યોધન તે ત્રણેયને ખૂબ વહાલથી ભેટવા લાગ્યો. દુર્યોધને કહ્યું, ''હે વીરો ! તમે આ કાર્ય ઝટ પાર પાડો, કેમકે મારું આયુષ્ય હવે લાંબુ જણાતું નથી. હું પાંડવોના લોહિયાળ મસ્તકો જોઈને

મરીશ તો ખૂબ આનંદથી મરીશ. ઓ અશ્વત્થામા ! તું ગુરુ દ્રોણાચાર્યનો પુત્ર છે. તારું પરાક્રમ અજોડ છે. વળી તારી સાથે બે બે વીર યોદ્ધાઓ છે એટલે તારા માટે કશું જ અસાધ્ય નથી. હવે જલદી જાઓ, જલદી કરો.''

### પાંડવોને બદલે પાંચાલોના માથાં જોઈ અપ્રસન્ન દુર્યોધન

દુર્યોધન પાસેથી તેઓ નીકળ્યા અને ઝપાટાબંધ પાંડવોની છાવણીએ પહોંચ્યા. ત્યાં જતાંવેંત અશ્વત્થામાએ ઊંઘતા તમામને લડવા માટે આહ્વાન કર્યું. ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડી જાગી ગયા. સૈનિકો પણ ગભરાટ સાથે ઊઠીને એકદમ સજ્જ થવા લાગ્યા. રાત્રિના અંધકારમાં જ ઘમસાણ યુદ્ધ મચી ગયું. ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડીએ આડેધડ બાણવર્ષા શરૂ કરી પણ તેઓ ફાવ્યા નહિ. અંતે તે બન્નેને અશ્વત્થામાદિએ મારી નાંખ્યા. તેમના મસ્તકોને લાતો મારી મારીને છૂંદી નાંખ્યા.

પછી તેમની સામે પાંચ પાંચાલો ત્રાટક્યા. તેમનું પરાક્રમ જોઈને અશ્વત્થામાદિએ તેમને પાંડવો તરીકે કલ્પ્યા. ભયંકર યુદ્ધ થયું. અંતે પાંચાલો ધરતી ઉપર ઢળી પડ્યા. પાંચેયના મસ્તકો કાપી લીધા.

ત્યાર બાદ નાસભાગ કરતાં પાંડવસૈન્યનો શક્ય તેટલો વધુ કચ્ચરઘાણ અંધકારને લીધે અશ્વત્થામાએ બોલાવી દીધો. એક જ રાતમાં આ અન્યાયપૂર્ણ યુદ્ધથી અશ્વત્થામાએ પાંડવસૈન્યને લગભગ નામશેષ કરી નાંખ્યું.

પાંચાલોને પાંડવ સમજી હર્ષવિભોર બનેલા અશ્વત્થામાદિએ તેમના મસ્તકો લઈને દુર્યોધન તરફ દોટ મૂકી. પણ જેવા તેમણે તે મસ્તકો દુર્યોધનને દેખાડ્યા તેવો જ દુર્યોધને દુઃખથી ભરેલો ઊંડો નિસાસો નાંખીને કહ્યું, ''અરે ! આ તો પાંચાલો છે, પાંડવો નહિ. તમે આ શું કર્યું ? હાય, પાંડવો જીવતા રહી ગયા અને શું મારે મરી જવાનું ? ઓહ ! આ શું થયું ? અરે મૂર્ખાઓ ! તમે મારી છેલ્લી ભાવના પૂર્ણ ન કરી ?''

### અંતે દુર્યોધનનું મોત

આમ બોલીને દુર્યોધન ઊંડા નિસાસા નાંખવા લાગ્યો. તે રડવા લાગ્યો. તેની વેદના એકદમ વધી ગઈ. તેનો શ્વાસ જોરથી ચાલવા લાગ્યો. અને થોડી જ ક્ષણોમાં તેના પ્રાણ નીકળી ગયા.

મહાભારતની કથાનો ખલનાયક ચિરનિદ્રામાં પોઢી ગયો.

વ્યાસમુનિ કહે છે કે  છેલ્લે છેલ્લે પાંડવોને જીતી લેવાના આવેશમાં દુર્યોધને અશ્વત્થામાનો સરોવર-કિનારે અભિષેક કર્યો હતો, તેને સેના વિનાનો પણ સેનાપતિ બનાવ્યો હતો.

પેલો હિટલર અને આ દુર્યોધન ! બે વચ્ચે કેટલું બધું સામ્ય છે !

### ધૃતરાષ્ટ્ર-ગાંધારીને ભારે આઘાત

આ બાજુ સંજયે ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને દુર્યોધનના મૃત્યુ સહિતના તમામ સમાચારો આપ્યા. બન્ને આઘાતથી તત્કાળ બેભાન થઈ ગયા બાદ ચોધાર આંસુઓ પાડતાં રહીને બન્નેએ તે સમાચારો સાંભળ્યા. ત્યાર બાદ તે બન્ને વારંવાર મૂર્ચ્છિત થતાં રહ્યા. ગાંધારી જોરજોરથી છાતી-માથું કૂટવા લાગી. તેમનું જીવન મૃત્યુમય બની ગયું.

### કૃષ્ણ દ્વારા બળદેવનું સમાધાન

આ બાજુ પાંડવોને લઈને શ્રીકૃષ્ણ બળદેવની પાસે આવ્યા હતા. તેમણે બળદેવને ખૂબ સમજાવીને શાંત પાડતાં કહ્યું કે, ''ભીમની પ્રતિજ્ઞા હતી કે જે સાથળ ઉપર દ્રૌપદીને બેસાડવાનો

તેણે ભરસભામાં અભિનય કર્યો હતો તે સાથળને ગદાથી તોડીશ.'' આ પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે જ તેણે પગના ભાગે ગદા ઝીંકી હતી, નહિ તો તેવો યુદ્ધકીય અન્યાય તે ન જ કરત.

**પાંચાલોના મૃત્યુથી પાંડવોને આઘાત : શ્રીકૃષ્ણનું આશ્વાસન**

બળદેવના મનનું સમાધાન કરીને જ્યારે પાંડવો યુદ્ધની છાવણી તરફ જવા નીકળ્યા ત્યાં તેમને અશ્વત્થામાદિએ પાંચાલોની હત્યા સહિત સૈન્યના બોલાવેલા કચ્ચરઘાણના સમાચાર સાત્યકિએ આપ્યા. આ સમાચારે પાંડવોને અસહ્ય આઘાત લાગ્યો. તે વખતે શ્રીકૃષ્ણે તેમને આશ્વાસન દેતાં કહ્યું કે, ''અશ્વત્થામા આવી કોઈ નીચતાનું પ્રદર્શન કરશે જ એવી મને પાકી શંકા હતી. માટે જ હું તમને બળદેવને સમજાવવાના બહાને તેમની છાવણીમાં લઈ ગયો હતો. પાંચાલો હણાઈ ગયા છે એ વાત સાચી છે, પરંતુ તમે અને દ્રૌપદી તો જીવતા છો ને ! તો ફરીથી સંતાનપ્રાપ્તિ કરવામાં શું વિલંબ થવાનો છે ? માટે તમારા જેવાઓએ પુત્રમરણનો શોક નહિ કરવો જોઈએ.''

આ સાંભળીને પાંડવો શાન્ત થયા.

સહુ છાવણીએ આવ્યા. ત્યાં તેમણે દ્રૌપદીને જમીન ઉપર આળોટતી, કાળું કલ્પાન્ત કરતી અને ઊંચા સ્વરે ચીસો પાડતી જોઈ. શ્રીકૃષ્ણે તેને ભારે આશ્વાસન આપીને શાન્ત કરી.

**ધૃતરાષ્ટ્ર-ગાંધારીને આશ્વાસન આપવા જતા પાંડવો**

સવાર પડતાં જ પાંડવો ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને આશ્વાસન આપવા માટે ગયા. તે બન્નેની આંખો આખી રાત રડવાથી સૂઝી ગઈ હતી. બન્ને ય ના મોં સાવ કરમાઈ ગયા હતા. એક જ રાતમાં તેમનામાં ઘડપણ ધસી આવ્યું હોય તેમ જણાતું હતું.

બન્નેયને પાંડવોએ વંદન કર્યા પણ તેમણે જ પોતાના સો પુત્રોને હણ્યા છે તેથી આવેશમાં તેમની સામે પણ ન જોયું, મોં ફેરવી લીધું.

**શ્રીકૃષ્ણ દ્વારા સમાધાન અને પાંડવોને ધૃતરાષ્ટ્રાદિના આશિષ**

તે વખતે શ્રીકૃષ્ણે ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને કહ્યું, ''શું આ પાંડુપુત્રો તે તમારા જ પુત્રો નથી ? આ પાંડવો જેટલા ગાંધારીને પૂજ્યબુદ્ધિથી જુએ છે તેટલા કુન્તીને પણ જોતા નથી. આ યુધિષ્ઠિરે બાળવયમાં ભીમ કરતાં ય દુર્યોધન પ્રત્યે વધુ સ્નેહ દાખવ્યો છે.

આમ છતાં દુર્યોધનાદિ હણાયા છે તેમાં પાંડવોનો લેશ પણ દોષ નથી. તેમને માંગ્યા મુજબ જો પાંચ ગામો આપી દીધા હોત તો આમાંની કોઈ પરિસ્થિતિ સર્જાત નહિ. પરન્તુ દુર્યોધન જ અહંકારને આધીન થયો અને ભીંત ભૂલ્યો. તેનામાં યુદ્ધજ્વર પેદા થયો અને તેનું પરિણામ તેણે જ ભોગવ્યું. તમને યાદ હશે કે તમારી પણ સમાધાન કરવાની વાતોને તેણે તિરસ્કારી નાંખી હતી. જો તમે આ બધો વિચાર કરશો તો તમે પાંડવો પ્રત્યે પ્રેમ ધારણ કરશો. તમારા પુત્રોના વિયોગમાં તેઓ તમને લેશ પણ ઓછું આવવા દેવાના નથી. માટે હું તમને કહું છું કે તેમના પ્રત્યેનો ક્રોધ દૂર કરીને તેમના નમાવેલાં મસ્તક ઉપર આશીર્વાદ દર્શાવતો હાથ ફેરવો.''

શ્રીકૃષ્ણની વાણીમાં કોઈ અનેરું કામણ હતું, અદ્‌ભુત ઉત્તેજના હતી, ઠસોઠસ તર્ક ભર્યો હતો, હકીકતોથી તે ઝૂમતી હતી. ધૃતરાષ્ટ્ર અને ગાંધારીએ પાંચેય પાંડવોના મસ્તકો ઉપર હાથ ફેરવ્યો. તેઓ બોલ્યા, ''તમારો કોઈ અપરાધ નથી. અમારા પુત્રોના ભાગ્યનો જ અપરાધ છે કે જેણે તેમની બુદ્ધિ ભ્રષ્ટ કરી.''

ત્યાર બાદ ગાંધારીએ સો પુત્રોના મુખ છેલ્લે છેલ્લે જોવા માટે યુદ્ધભૂમિ ઉપર પોતાને લઈ

જવાનો પાંડવો સમક્ષ આગ્રહ કર્યો.

ધૃતરાષ્ટ્રને ત્યાં જ રાખીને પાંડવો ગાંધારી, દુર્યોધનની પત્ની ભાનુમતી વગેરેને યુદ્ધભૂમિએ લઈ ગયા.

સઘળી સ્ત્રીઓએ તે તે પુત્રો, પતિઓના દર્શન કરતાં છાતીફાટ વિલાપ કર્યો. બાદ સહુને પાંડવો છાવણીમાં પાછા લઈ આવ્યા.

### ધૃતરાષ્ટ્રાદિની હસ્તિનાપુર તરફ વિદાય

તમામ શબોનો અગ્નિસંસ્કાર થયો. બીજી બાજુ ધૃતરાષ્ટ્ર વગેરે તમામ સ્વજનોને સાત્યકિની સાથે હસ્તિનાપુર તરફ વિદાય કર્યા.

તે વખતે યુધિષ્ઠિરે પિતા પાંડુને હસ્તિનાપુરનું રાજ સંભાળવાની વિનંતી કરી, કેમકે જરાસંઘની સામે લડવા માટે શ્રીકૃષ્ણની સાથે પાંડવોને દ્વારકા જવાનું હતું.

## ૪૦.
# યુદ્ધ ઉપર દૃષ્ટિપાત

### બધું જ દુર્યોધનના વાંકે

કૌરવો અને પાંડવોનું યુદ્ધ સમાપ્ત થઈ ગયું. લાખો માણસોનો કચ્ચરઘાણ નીકળી ગયો. કેટલીય માતાઓના લાખો લાડકવાયાઓના અને લાખો પત્નીના વ્હાલસોયાઓના માનવજીવન રગદોળાઈ ગયા.

કોને ખાતર ?

કોના વાંકે ?

એકલા દુર્યોધનને ખાતર એના અહંકારને ખાતર.

એકલા દુર્યોધનના વાંકે.

ના, ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણ, અરે ! શકુનિ પણ શરૂઆતમાં એના અહંકારની વિરૂદ્ધમાં જ હતા માટે તે કોઈ તેટલા દૂષિત નથી જેટલો અપેક્ષાએ દુર્યોધન દોષિત છે.

એ જીવ્યો પાપી બનીને અને મર્યો દુઃખી થઈને...

### સર્વસ્વ ગુમાવતો દુર્યોધન

તો એણે મેળવ્યું શું ?

રે ! એણે મેળવ્યું શું તે ય પુછાય તેવું નથી. પુછાય તેવો સવાલ એક જ છે, 'તેણે શું ન ગુમાવ્યું ?' હાય, બધું જ ગુમાવ્યું. તન, મન, જીવન, સુખ, શાંતિ, સત્તા, સંપત્તિ, યશ, કીર્તિ, સમાધિ, સદ્‌ગતિ, મુક્તિ... બધું ય.

ઓ અહંકાર ! તારા પાપે કૌરવકુળનો સ્વરૂપે મહાન આત્મા; સત્, ચિત્ અને આનંદનો સ્વામી; અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને સુખનો સ્વરૂપે ભોક્તા દુર્ગતિ ભેગો થઈ ગયો.

### સ્ટમક : સેક્સ : ઈગો

મને પેલું સુપ્રસિદ્ધ અંગ્રેજી વાક્ય યાદ આવે છે, 'Man does not leave only for bread.' -માણસ માત્ર ખાવા-પીવા માટે જીવતો નથી. એ મળી જાય પછી એને 'કાંઈક' જોઈતું હોય છે.

એ છે; વાસના : કામની અને યશની.

જો ખાવા-પીવા વગેરે અનિવાર્ય જીવન-જરૂરિયાતોની પૂર્તિ થઈ જતાં માણસ સંતુષ્ટ થઈ જતો હોત તો આજનો બુદ્ધિજીવી, શ્રીમંત અને સત્તાધારી સુખી વર્ગ બીજાના માટે કેટલું બધું કુરબાન કરવા તૈયાર હોત. પણ તેઓમાંના ઘણાબધા તો ભિખારી કરતાં ય વધુ ભિખારી છે. આ જ એ વાતની સાબિતી છે કે 'સ્ટમક'(ભોજન) કરતાં ય બીજું 'કાંઈક' વિશેષ અપેક્ષિત રહે છે, જેનું નામ છે; 'સેક્સ'(વાસના). અને આ સેક્સ કરતાં ય વધુ 'કાંઈક' અપેક્ષિત રહે છે. તેનું નામ છે; 'ઈગો' (અહંકાર).

સ્ટમકની સમસ્યામાં અટવાયેલા એંસી માણસો છે, તે સમસ્યા સિવાયના વીસ માણસોમાં ઓગણીસ માણસો વળી પાછા સેક્સમાં ફસાયા છે અને સ્ટમક તથા સેક્સ બે ય સવાલો જેના ઊકલી ગયા હોય, તે બાબતમાં જેના ચિત્તમાં શાન્તિ હોય તેવો દર સોએ એક માણસ છે જે 'ઈગો'(અહંકાર)માં ફસાયો છે.

સ્ટમક અને સેક્સના ત્યાગી : સંસારત્યાગીમાં ય ક્યારેક 'ઈગો'નો આવેગ જોરદાર જોવા મળે છે.

## દુર્યોધન મર્યો પણ અહંકાર જીવતો રાખીને

દુર્યોધનને માનપાનની પડી નહોતી, તેની પત્ની ભાનુમતી આદિની પણ પડી નહોતી. ના, તે કોઈને એટલો ચાહતો ન હતો જેટલો એ પોતાને જ ચાહતો હતો.

દુર્યોધન એના પોતાના જ પ્રેમમાં પડી ગયો હતો એટલે જ એણે મરી જઈને પણ-મૃત્યુની પળે પણ-અહંકારને તો જીવતો જ રાખ્યો હતો, કેમકે તેને જ તે સૌથી વધુ પ્રેમ કરતો હતો.

જ્યાં અહંકાર હોય ત્યાં તેના ભાઈ-બહેન ક્રોધ અને ઈર્ષ્યા સહજ રીતે હોય જ.

દુર્યોધનનો ક્રોધ મરણના સમયે કેટલો કાતિલ હતો તે આપણે જોયું છે. પાંચ પાંડવોના કપાયેલા પાંચ મસ્તકોના તેને છેલ્લે છેલ્લે પણ દર્શન ન મળ્યા. જીવતા પાંડવોના રાજા તરીકેના ભાવિને નજરમાં લાવીને ઈર્ષ્યાથી તે દુર્યોધન બળવા લાગ્યો હતો. પાંડવોએ કરેલા અગ્નિસંસ્કારની પહેલાં એણે આ રીતે પોતે જ પોતાનો અગ્નિસંસ્કાર કરી લીધો હતો.

આખું ય મહાભારતનું કથાનક લગભગ 'મારો, કાપો, હણો' વગેરે ભાવનાઓથી ખીચોખીચ ભરેલું અને યુદ્ધના અઢાર દિવસોમાં તે જ ભાવનાઓથી ઊભરાઈ ગયેલું જોવા મળે છે.

આ કથાના પાને પાને અહંકાર, ક્રોધ અને ઈર્ષ્યાની આગમાંથી પેદા થતી ઘાતકી હિંસાનું નગ્ન તાંડવ જોવા મળે છે.

## મહાભારતનું નગ્ન તાંડવ : કેટલાક શબ્દોમાં

હું અહીં કેટલાક પાત્રો દ્વારા બોલાયેલા શબ્દો ફરીથી ટાંકીને આ નગ્ન તાંડવનો વાચકોને સાક્ષાત્કાર કરાવવાનો પ્રયત્ન કરું છું.

(૧) ઓ કર્ણ ! તું તો સારથિપુત્ર છે, ચાબુક લે ચાબુક અને ઘોડા હાંક; ધનુર્વિદ્યામાં તારું ગજું નહિ.- ભીમ

(૨) મારે પેલા સૂતપુત્ર સાથે લગ્નસંબંધ કરવો નથી. તે જો રાધાવેધ કરશે તો હાય ! હાય ! મારું શું થશે ? -દ્રૌપદી

(૩) આ દુર્યોધન તો કૌરવકુળને માટે અંગારો છે. એને તો જન્મતો જ મારી નાંખવો જોઈતો હતો. -વિદુર

(૪) ના, હાલ હું પાંડવો સાથે નહિ આવું. પહેલાં તે દુષ્ટ કૌરવોનો નાશ કરે અને હસ્તિનાપુરનું રાજ મેળવે પછી જ ભેગા થઈશું. -પાંડુ

(૫) ઓ અર્જુન ! શસ્ત્ર ઉઠાવ અને ખતમ કરી નાંખ પેલા કર્ણને, નહિ તો તે યુધિષ્ઠિરને તારા દેખતાં મારી નાંખશે. અફસોસ ! કુન્તીએ તારા બદલે કોઈ છોકરીને જન્મ આપ્યો હોત તો સારું થાત. -શ્રીકૃષ્ણ

(૬) ભીષ્મ પિતામહ હોય કે દ્રોણ વિદ્યાગુરુ હોય. જે આપણા નાશ માટે તૈયાર થાય તેનો નાશ કરી જ નાંખવો જોઈએ. વળી સહુ સહુના પાપે જ મરે છે, આપણે કોઈને મારી શકતા નથી. 'હું મારું છું' એ મિથ્યા ગર્વ છે. -શ્રીકૃષ્ણ

(૭) જો ભીષ્મને નહિ મરાય તો યુદ્ધ જીતવું મુશ્કેલ છે. તેમની શિખંડી વગેરેને નહિ મારવાની જે પ્રતિજ્ઞા છે તેનો ગેરલાભ ઉઠાવીને પણ આપણે તેમને મારવા જ રહ્યા. આ માટે શિખંડીને જ તેમની સામે ગોઠવવો જોઈએ. -શ્રીકૃષ્ણ

(૮) સૈનિકો ! રાત્રે પણ યુદ્ધ ચાલુ રાખો અને શક્ય તેટલો વધુ પાંડવ-સૈન્યનો કચ્ચરઘાણ

બોલાવી નાંખો. -દ્રોણ

(૯) કૌરવસૈન્યનો સંહાર કરવા માટે જ્યારે રાત્રે ઘટોત્કચ રાક્ષસી સેના સાથે આવીને ઊભો ત્યારે પાંડવો ખૂબ આનંદમાં આવી ગયા.

(૧૦) અભિમન્યુ ઉપર ચારેબાજુથી બધા તૂટી પડ્યા. છેલ્લે તે નિઃશસ્ત્ર થઈને ધરતી ઉપર ઢળી પડ્યો તે વખતે જયદ્રથે તેની ઉપર તૂટી પડીને તલવારથી ડોકું ઉડાવી દીધું.

(૧૧) યુધિષ્ઠિરે 'અશ્વત્થામા હતઃ' અર્ધસત્ય-જૂઠ-નો કૃષ્ણના આગ્રહથી આશ્રય લીધો.

(૧૨) ધ્યાનસ્થ બનેલા દ્રોણાચાર્ય ઉપર ધૃષ્ટદ્યુમ્ન ત્રાટક્યો, તેમનું માથું કાપી નાંખ્યું.

(૧૩) 'હે દુઃશાસન ! આજે હું તારો હાથ તોડી નાંખીને મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરીશ.' એમ કહીને ભીમે તેનો હાથ જોરથી ખેંચીને તોડી નાંખ્યો. ભીમની છાતી લોહીભીની થઈ ગઈ.

(૧૪) ઓ યુધિષ્ઠિર ! રાણી સુદેષ્ણા સમક્ષ લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરવાનો આ અવસર છે. મદ્રરાજ શલ્ય(યુધિષ્ઠિરના મામા)ને અત્યારે જ હણી નાંખ, જરાય વિલંબ ન કર. - શ્રીકૃષ્ણ

(૧૫) ઓ અર્જુન ! હવે પળનો ય વિલંબ કર્યા વિના બાણ છોડીને નિઃશસ્ત્ર કર્ણનું ડોકું ઉડાવી દે. -શ્રીકૃષ્ણ

(૧૬) અર્જુન ! હવે તો ભીમે જીતવું હોય તો તેણે દુર્યોધનની સાથળ ઉપર જ ગદા મારી દેવી જોઈએ. પછી ભલે તે અન્યાય કહેવાય. -શ્રીકૃષ્ણ

(૧૭) અમે આજે રાત્રે એક ઘુવડના અચાનક હુમલા દ્વારા મારી નંખાતા કાગડાઓ જોયા. એ ઉપરથી અમને પ્રેરણા મળી છે કે અમે આજે રાતે ઊંઘતા પાંડવોની છાવણી ઉપર ત્રાટકીએ અને તેમને ઊંઘતા જ કાપી નાંખીએ.-અશ્વત્થામા

(૧૮) ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડીને મારી નાંખ્યા બાદ અશ્વત્થામા વગેરેએ લાતો મારીને તેમના માથા છૂંદી નાંખ્યા.

(૧૯) 'હજી પણ જાઓ...' ઘાયલ થઈને મરવા પડેલા દુર્યોધને અશ્વત્થામા વગેરેને કહ્યું, "મને મરતાં મરતાં પણ જો પાંડવોના અન્યાય માર્ગે પણ કાપી નાંખેલા મસ્તકો જોવા મળશે તો મને એટલો બધો આનંદ થશે કે પછી હું ખૂબ શાન્તિથી મરી શકીશ."

આ અવતરણો યુદ્ધકીય, ઘાતકી અને સંહારક મનોવૃત્તિનું ખુલ્લું દર્શન કરાવે છે.

### યુદ્ધની નીતિની પાછળ ક્રૂર મનોવૃત્તિ

એટલે જ 'મારવા આવેલાને મારવો જોઈએ', 'અન્યાયની સામે અન્યાય અને અસત્યની સામે અસત્ય', 'જેવા સાથે તેવા' વગેરેને યુદ્ધની નીતિ ભલે કહેવાતી હોય પણ આ નીતિની પાછળ જે ક્રૂર મનોવૃત્તિ પેદા થાય છે તેને કારણે યુદ્ધની આવી નીતિ પણ ત્યાજ્ય છે. જેઓ આવી નીતિનો આશ્રય લે છે તેઓ નિશ્ચિતપણે તીવ્ર અશુભ કર્મનો બંધ કરે છે.

રજપૂતોની એવી માન્યતા છે કે, 'જો તે યુદ્ધ કરતો મરે તો ચોક્કસ સ્વર્ગે જાય.' આ માન્યતાની સાથે જૈન શૈલી લેશ પણ સંમત નથી. ઊલટું, એ તો એમ કહે છે કે આવો રાજા તો નરકે જાય; જો તે અવસ્થામાં તેની પાસે સમ્યક્ત્વ ન હોય તો અથવા જો તે સન્માર્ગગામી ન બને તો. રાજેશ્વરી તે નરકેશ્વરી.

### 'કષાયો ભયંકર છે' તેને નજરમાં લાવો

સાચે જ કષાયો-ક્રોધ, અભિમાન, માયા કે લોભ-ખૂબ જ ખતરનાક હોય છે. તેનાથી ક્યારેક બહુ ચીકણાં કર્મોનો બંધ થઈ જાય છે.

હંસ અને પરમહંસ-પોતાના સંસારી ભાણિયા મુનિઓના મૃત્યુમાં બૌદ્ધ સાધુઓ નિમિત્ત બન્યા

તેથી કષાયને આધીન થઈ ગયેલા જૈનાચાર્ય મહર્ષિ હરિભદ્રસૂરિજી કેટલા ભયાનક વિકલ્પોનો ભોગ બની ગયા હતા!

અહંકારને આધીન થયેલા બાહુબલિજી મુનિનું એક વર્ષનું અતિ કઠોર મુનિજીવન પણ કૈવલ્ય આપવામાં કેવું નિષ્ફળ બની રહ્યું હતું !

યુદ્ધ-સંબંધિત કષાય ખૂબ તીવ્ર બનતો હોય છે. અચ્છા અચ્છા આત્માઓને પણ એક વાર આ કષાય કર્મબંધનના ચક્કરમાં નાંખી દેવા સમર્થ બની જાય છે.

નજરમાં લાવો; એ જ ભવે મોક્ષ પામનારા પરમાત્મા આદિનાથના બે પુત્રો ભરત અને બાહુબલિનો યુદ્ધકીય અતિઘોર સંહાર !

નજરમાં લાવો; એક લાખ માણસોને મોતને ઘાટ ઉતારી દેતો કલિંગના યુદ્ધનો મહાસંહાર !

નજરમાં લાવો; મહારાજા ચેડા અને મગધપતિ કોણિક-બંને જૈન-ના બે યુદ્ધોમાં ઢળી પડેલી એક કરોડ એંસી લાખ માણસોની લાશો !

નજરમાં લાવો; એકવીસ વખત પૃથ્વીને ક્ષત્રિયવિહોણી બનાવતી પરશુરામની અઘોર કત્લેઆમ !

નજરમાં લાવો; હીરોશીમા અને નાગાસાકી ઉપર ઝીંકાયેલા અમેરિકન એટમબૉમ્બ દ્વારા સર્જાયેલું વિનાશનું મહાતાંડવ !

નજરમાં લાવો; વર્તમાનકાળમાં રશિયા, અમેરિકા, વિયેતનામ, કંપુચિયા, આફ્રિકન દેશો, કોરિયા, ઈસ્લામી દેશો વગેરેમાં પેદા કરાતી યાદવાસ્થળી અને અપાતી શસ્ત્રસહાયો દ્વારા ચલાવાતી અઘોર કત્લેઆમ!

નજર કરો; વિશ્વના ભાવિ ઉપર ! પાંચસો વખત આખા વિશ્વનો સર્વનાશ કરી શકે એટલો શસ્ત્રસરંજામ રશિયા, અમેરિકા પાસે આજની તારીખમાં તૈયાર પડ્યો છે.

કેવું હશે વિશ્વનું ભાવિ ? ભગવાન જાણે ! હવે માનવનું નહિ, માનવજાતિનું જ સ્મશાન બનશે આખું વિશ્વ પોતે જ.

### શ્રીકૃષ્ણ : મહાન રાજકારણી

યુદ્ધની નીતિઓના અગ્રદૂત અને મુખ્ય પ્રણેતા શ્રીકૃષ્ણને જે કાંઈ ફરજ બજાવવી પડી છે તે જોતાં એમ લાગે છે કે તેમને કમસેકમ મહાભારતીય યુદ્ધ પૂરતા તો ભગવાન તરીકે જોવા કરતાં જબરદસ્ત રાજકારણી તરીકે જોવા ઉચિત લાગે છે. ભગવાન 'જેવા સાથે તેવા' થવાની યુદ્ધનીતિના પ્રણેતા બને તે વાત બિલકુલ અસંભવિત લાગે છે.

પણ આ રાજનીતિ કેટલી બધી છલકપટોથી ભરપૂર છે ! તેના ક્ષેત્રમાં તે ગમે તેટલી યોગ્ય ગણાતી હોય પણ અંતે તો એ ત્યાજ્ય જ કહેવાય.

# ૪૧.

# જરાસંઘ-વધ

દુર્યોધનના મૃત્યુથી મગધેશ્વર જરાસંઘ ખૂબ રોષે ભરાયો. તેણે સોમક નામના દૂતને મોકલીને શ્રીકૃષ્ણને યુદ્ધ માટે પડકાર ફેંક્યો જેને શ્રીકૃષ્ણે ઝીલી લીધો.

### જરાસંઘ સાથેના યુદ્ધમાં શ્રીનેમિકુમાર

શ્રીકૃષ્ણે સરસ્વતી નદીના કિનારે આવેલી સનપલ્લી ગામે પડાવ નાંખ્યો. શ્રીકૃષ્ણની મદદમાં પાંડવો જોડાયા અને કાકા સમુદ્રવિજયના પુત્ર નેમિનાથ-જેઓ એ જ ભવમાં ભવિષ્યમાં તીર્થંકર થવાના છે તે-પણ જોડાયા. તેમણે શ્રીકૃષ્ણને યુદ્ધરક્ષક મહૌષધિ, જે પોતાના બાહુ ઉપર પૂર્વે દેવોએ બાંધી હતી તે છોડીને શ્રીકૃષ્ણના બાહુ ઉપર બાંધી.

શ્રી નેમિકુમાર યુદ્ધમાં જોડાઈ રહ્યાના સમાચાર જાણીને ઈન્દ્રે માતલિ નામના સારથિ સાથે આયુધોથી સજ્જ રથ નેમિકુમારની મદદે મોકલતાં તેઓ તે રથમાં આરૂઢ થયા.

### શ્રીનેમિકુમાર દ્વારા અહિંસક યુદ્ધ

બે પક્ષો વચ્ચે ખૂનખાર જંગ ખેલાયો. દક્ષિણ દિશાનો એક મોરચો નેમિકુમારે સંભાળ્યો હતો. તેમણે માત્ર શંખનાદ કરીને કેટલાક શત્રુ રાજાઓને ભગાડી મૂક્યા તો કેટલાકને સ્તંભિત કરી દીધા.

તે વખતે માતલિ સારથિએ નેમિકુમારને કહ્યું કે, ‘‘જ્યારે આપનામાં આટલી બધી તાકાત છે તો આપ જરાસંઘને જ હણી નાંખો ને ?’’

નેમિકુમારે કહ્યું,‘‘સંહાર કરવો એ અજ્ઞાનજનિત અકાર્ય છે. ભાઈઓના આગ્રહથી મારે આ યુદ્ધમાં જોડાવું પડ્યું છે એટલે મને સોંપાયેલી જવાબદારીને હું અહિંસક રીતે જ અદા કરીશ. બાકી એવો નિયમ છે કે વાસુદેવ દ્વારા જ પ્રતિવાસુદેવ હણાતો હોય છે માટે શ્રીકૃષ્ણ જ જરાસંઘને હણશે.’’

### ભીમ દ્વારા હિરણ્યનાભનું મૃત્યુ

બીજી બાજુના મોરચાઓમાં ભારે સંઘર્ષ થયો. ભીમસેન જરાસંઘના સેનાપતિ હિરણ્યનાભની સાથે ટકરાયો. બે વચ્ચે તીવ્ર સંઘર્ષ થયા બાદ હિરણ્યનાભને ભીમસેને મારી નાંખ્યો. જરાસંઘે તેના સ્થાને રાજા શિશુપાળને સેનાપતિ તરીકે નીમીને બીજા દિવસે યુદ્ધનો આરંભ કર્યો.

### શ્રીકૃષ્ણના હાથે જરાસંઘનો વધ

જરાસંઘના અઠ્ઠાવીસ પુત્રોને બળદેવે યુદ્ધમાં મારી નાંખ્યા. બાકીના એકતાલીસ પુત્રોને શ્રીકૃષ્ણે મારી નાંખ્યા.

ત્યાર બાદ શ્રીકૃષ્ણ અને જરાસંઘ સામસામા આવી ગયા. કારમો સંઘર્ષ થતાં છેલ્લે જરાસંઘે શ્રીકૃષ્ણ ઉપર સુદર્શન ચક્ર છોડ્યું. શ્રીકૃષ્ણે તેને પોતાની આંગળીમાં ઝીલી લઈને જોરથી ઘુમાવીને જરાસંઘ ઉપર છોડ્યું. તેનાથી જરાસંઘનું મસ્તક કપાઈ ગયું. યુદ્ધમાં શ્રીકૃષ્ણનો વિજયડંકો વાગ્યો.

નેમિકુમારે સ્તંભિત કરેલા રાજાઓને મુક્ત કર્યા. તેમણે અભયવચન માંગતા નેમિકુમારે શ્રીકૃષ્ણ પાસે સહુને અભયદાન અપાવ્યું.

મગધની ગાદી ઉપર જરાસંઘના પુત્ર સહદેવનો અભિષેક કરીને શ્રીકૃષ્ણ દ્વારકા પાછા ફર્યા.

### ત્રિખંડાધિપતિ બનતા શ્રીકૃષ્ણ

ત્યાર બાદ તેમણે ત્રણ ખંડ જીતવા માટે પ્રયાણ કર્યું અને છ માસમાં તમામ રાજાઓને પોતાની આજ્ઞામાં લીધા.

પછી પાંચ પાંડવો સહિત સોળ હજાર રાજાઓ સાથે શ્રીકૃષ્ણે દ્વારિકામાં પ્રવેશ કર્યો. ત્રિખંડાધિપતિ વાસુદેવ તરીકે શ્રીકૃષ્ણનો અભિષેક-વિધિ કરવામાં આવ્યો.

ત્યાર બાદ તેઓ પાંડવો સહિત હસ્તિનાપુર ગયા. ત્યાં શ્રીકૃષ્ણે હસ્તિનાપુરની ગાદી ઉપર યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક કર્યો. ત્યાંથી પુનઃ દ્વારિકા વિદાય થતાં શ્રીકૃષ્ણનો યુધિષ્ઠિરે ખૂબ ઉપકાર માન્યો.

રાજ્યાભિષેક નિમિત્તે દ્વારિકામાં અને હસ્તિનાપુરમાં ઠેર ઠેર જિનભક્તિ મહોત્સવ કરવામાં આવ્યો, ઠેર ઠેર ગરીબો માટે સદાવ્રતો ખોલવામાં આવ્યા. નાસિકમાં પણ કુન્તીએ સ્થાપિત કરેલા ચન્દ્રપ્રભ-સ્વામીજીના જિનાલયમાં મહોત્સવ યોજાયો.

### આર્યાવર્ત્તનો રાજા કેવો હોય ?

આર્યાવર્ત્તના રાજાની વ્યાખ્યા એ છે કે 'રાજતે ઇતિ રાજા. જે સિંહાસન ઉપર બેઠેલો શોભતો હોય તેનું નામ રાજા. જાણે કે શોભાનો ગાંઠિયો ન હોય ? આનું કારણ એ હતું કે તેણે ઝાઝાં કામો કરવાના રહેતાં નહિ. હા, તેના પાંચ યજ્ઞો હતા ખરા : (૧) દુષ્ટને સજા કરવી. (૨) સજ્જનોનું બહુમાન કરવું. (૩) ખજાનાની ન્યાયમાર્ગે વૃદ્ધિ કરવી. (૪) પક્ષપાત કદી નહિ કરવો. (૫) શત્રુઓથી રાષ્ટ્રની રક્ષા કરવી.

આ સિવાય તેને ખાસ કોઈ કામ રહેતું નથી. એના બે કારણો હતા : એક કારણ એ હતું કે રાજા સ્વયં ભગવાનનો ભક્ત બની રહેતો. આથી તેનું પુણ્ય ખૂબ વધતું. પુણ્યના જોરદાર ઉદયના કારણે જ તેના ઘણાં કામો આપમેળે પતી જતા. બીજું કારણ પ્રજામાં ધાર્મિકતાનો જોરદાર ફેલાવો હતો. જે પ્રજા ધાર્મિક બને તે પ્રજા કદી ચોરી, અન્યાય, અપ્રામાણિકતા, રાષ્ટ્રદ્રોહ, લાંચરુશ્વત, ખૂનામરકી કે લૂંટફાટ વગેરે કરવા માટે કદી તૈયાર થાય નહિ, કારણ કે આવું કાંઈ પણ કરવાની ધર્મશાસ્ત્રોએ મનાઈ જ કરી હોય.

વળી એમ કરે તો પ્રજાને પરલોકમાં દુર્ગતિ થઈ જવાનો ભય પેદા થાય. આ ભયને લીધે પણ આવા અકાર્યો કરવા તે તૈયાર થતી નહિ. (ભય તો આજે પણ ક્યાં નથી દેખાડાતો ? પણ આ ભયને પ્રજા ગળી જતી હોય છે. રાજનો ભય તેને કદી ડારી શકતો નથી.) પરલોકના દુઃખોનો ભય અથવા પરલોકના સુખોની પ્રીતિ-બેમાંથી કોઈ પણ એક- પ્રજાને અકાર્યથી પાછા હટાવવામાં પૂરી સફળતા પામે છે.

### ધર્મથી પ્રજાનું પરસ્પર રક્ષણ

મહારાજા વાલિ વગેરે રાજમાં જેટલો સમય આપતા તેથી વધુ સમય તીર્થયાત્રા વગેરે ધર્મધ્યાનમાં આપતા, કેમકે તે સહુ માનતા કે રાજ કાંઈ માનવીય બળોથી ચલાવી શકાય નહિ. એને તો ભગવાન (ભગવાનની ભક્તિ) જ ચલાવે.

આથી જ કહેવામાં આવ્યું છે કે, ''પૂર્વે પ્રજા ધર્મના સંબંધથી એકબીજાની રક્ષા કરતી હતી અને ફરજો સમજી લેતી હતી. તેમાં રાજાની ક્યાંય જરૂર રહેતી નહિ.''

આજની લોકશાહીમાં તો 'ધે-ઈઝમ'નો વાયરો ફૂંકાયો છે. કાંઈ પણ કામ આવી પડે ત્યારે સહુ સરકારને જ ભળાવી દે છે.

રસ્તા વચ્ચે કોઈ ઘાયલ થયો તો તેને ઉપાડીને હૉસ્પિટલ લઈ જવાનું કામ પણ સરકારી એમ્બ્યુલન્સનું !

રસ્તે પડેલો કચરો ઉઠાવવાનું કામ સરકારી મ્યુનિસિપાલિટીનું !

હવે દરેક પ્રજાજને સરકાર ચૂંટી આપીને નિષ્ક્રિયતાની શાલ ઓઢીને આરામથી સ્વાર્થમાં ઘોરવાનું પસંદ કર્યું છે.

### ભૂલ કરે તો રાજાને ય ઉઠાડી મુકાતો

આ પરિસ્થિતિ સમગ્ર પ્રજાને બેજવાબદાર, સ્વાર્થી અને એદી બનાવશે, જેના પરિણામો ભાવિમાં ખૂબ જ ખરાબ આવશે.

રાજાશાહીમાં રાજા નિષ્ક્રિય જેવો રહેતો, કેમકે પ્રજા ખૂબ સક્રિય હતી. ધર્મ તેને સક્રિય બનાવતો.

ક્યારેક રાજા ભૂલ કરે કે ખોટું કામ કરે તો તેને ઠપકો આપવાથી માંડીને સત્તા ઉપરથી દૂર કરવા સુધીની કામગીરી આઠ ઋષિઓનું બનેલું મંડળ-અષ્ટર્ષિ મંડળ-બજાવતું.

વેન, ગર્દભિલ્લ વગેરે રાજાઓને મહર્ષિઓએ રાજ ઉપરથી ઉઠાડી મૂક્યાના દાખલાઓ ઈતિહાસના પાને નોંધાયેલા છે.

રાજા થતાંની સાથે મહારાજા યુધિષ્ઠિરે અને શ્રીકૃષ્ણે સમગ્ર પ્રજામાં જે ધર્મનું પ્રસારણ કર્યું તેની પાછળ ધર્મ દ્વારા પ્રજારક્ષાનો ખૂબ મોટો વિચાર કામ કરતો હતો.

### 'સેક્યુલર સ્ટેટ'ના નામે ધર્મનો નાશ

આજે ધર્મને તમામ સ્તરોમાં સેક્યુલર સ્ટેટના સિદ્ધાંતના સ્ટીમરોલર નીચે કચડી નાંખવામાં આવ્યો છે. આથી જ યુવાન  પ્રજામાં પણ હિંસા, દુરાચાર અને નાસ્તિકતા જોરજોરથી ઊંડા અને વ્યાપક બન્યા છે. આ પાપોએ આખી પ્રજાને પોતાના ભરડામાં લીધી છે. તેણે જ છત્રીસ વર્ષના સ્વરાજના ખાસ્સા લાંબા સમય પછી પણ સમસ્ત પ્રજાને પેટપૂરતું ભોજન પણ જોવા દીધું નથી; બલકે ભૂખમરો, ગરીબી, બેકારી વધતાં જ જાય છે. દૂધ, ઘી, તેલ, ગોળ, અનાજ અદૃશ્ય થતાં જાય છે. દેશના ત્રીસ ટકા જેટલા ગામડાંઓ બારેમાસ પાણીનો દુકાળ અનુભવે છે.

હજી પણ પ્રજામાં જો ધર્મની પ્રતિષ્ઠા કરવામાં નહિ આવે તો દરેક આવતી કાલ વધુ ને વધુ ભયાનક બનતી જશે એમ સ્પષ્ટ લાગે છે.

૪૨.

## ભીષ્મ મુનિનો કાળધર્મ

### મુનિ ભીષ્મને વંદનાર્થે પાંડવોનું ગમન

એક દિવસ ધર્મરાજા યુધિષ્ઠિર પાંડવોની સાથે ભીષ્મ મુનિને વંદના કરવા ગયા. તેમની પાસે જઈને વિધિવત્ વંદન કરીને બેઠા. સહુ તરફ ભીષ્મ મુનિએ પ્રસન્ન નજર કરી.

યુધિષ્ઠિરે કહ્યું, "મુનિવર ! મારી રાજતૃષ્ણાએ મારા માનવજીવનને બરબાદ કરી નાંખ્યું. જો તે તૃષ્ણા મારામાં ન હોત તો આ કુરુક્ષેત્રના યુદ્ધનું સર્જન જ ન થયું હોત. દુર્યોધનને હસ્તિનાપુરનું રાજ સોંપીને હું સાધુ બની ગયો હોત.

મારી રાજતૃષ્ણાને લીધે લાખો માનવોનો સંહાર થઈ ગયો. મેં કેટલા કાળાં કર્મ બાંધ્યા. અમે અમારા ભાઈઓને, વિદ્યાગુરુને, રે ! આપને પણ માર્યા.

હે મુનિવર ! આપ મને આશીર્વાદ આપો જેથી વહેલી તકે સાધુ થઈને મેં બાંધેલા ચીકણાં કર્મોનો હું નાશ કરી શકું. આપે ગૃહસ્થ-જીવનમાં મને અનેક વાર રાજધર્મની સમજ આપી છે. આજે ફરી એક વાર મને મારો રાજધર્મ આપ સમજાવો એવી મારી નમ્ર વિનંતી છે."

### પાંડવોને આત્મધર્મ સમજાવતા ભીષ્મ મુનિ

ભીષ્મ મુનિએ કહ્યું, "યુધિષ્ઠિર ! હવે હું સાધુ બન્યો છું. સંસારની કોઈ પણ પ્રકારની રાજકાજ વગેરે સંબંધિત વાતો મારાથી થઈ શકે નહિ. હવે તો હું તને આત્મધર્મ શું છે એ જ સમજાવીશ. તમે બધા મને શાંતિથી સાંભળો."

આ પ્રમાણે જણાવીને ભીષ્મ મુનિએ પાંડવોને દાન, શીલ, તપ અને ભાવ-એ ચાર ધર્મો ઉપર સમજણ આપી.

ભીષ્મ મુનિનો કેવો જાગ્રત આત્મા !

સંસારને ત્યાગ્યા પછી સંસારના રાજકાજની કે અર્થ-કામની કોઈ વાત સાધુથી થાય નહિ. એમાં સગાંવાદ વગેરેને કારણે પણ લલચાઈ જવાય નહિ, તો અર્થ-કામાદિની પૂર્તિ માટે દોરા, ધાગા, મંત્ર-તંત્ર કે તાવીજ તો શેના કરી અપાય ?

ભીષ્મ મુનિએ આત્મધર્મ સમજાવ્યો ત્યારે યુધિષ્ઠિરે કહ્યું કે, "આપે અમારા ઉપર ખૂબ કૃપા કરી છે."

એ જ વખતે ગુરુદેવ ભદ્રગુપ્તાચાર્યે ભીષ્મ મુનિને કહ્યું, "હવે તમારો જીવનકાળ અત્યંત ટૂંકો છે. તમે પરમેષ્ઠીના ધ્યાનમાં લીન થઈ જાઓ એ જ હવે ઈચ્છનીય છે."

### આરાધના કરતાં ભીષ્મનું મૃત્યુ : બારમા સ્વર્ગે પ્રયાણ

આ સાંભળીને ભીષ્મ મુનિએ અંતસમયની આરાધના સ્વરૂપ દુષ્કૃતોની ગર્હા, સુકૃતોની અનુમોદના અને અરિહંતાદિ ચારનું શરણ સ્વીકાર્યું.

દુષ્કૃત-ગર્હા કરતી વખતે પાંડવો વગેરે સહુની હાર્દિક ક્ષમા માંગી. આંસુ વહેતી આંખે યુધિષ્ઠિર આદિએ પણ ક્ષમા માંગી ત્યારે તેમની પીઠ ઉપર હાથ ફેરવીને ઉદાર દિલે ભીષ્મ મુનિએ ક્ષમા આપી અને એક મહિનાના ઉપવાસની તપશ્ચર્યાની પ્રત્યેક ક્ષણે ચાલતી બાણોની તીવ્ર વેદના અને અપૂર્વ ચિત્તપ્રસન્નતા સાથે ભીષ્મ મુનિ પંચપરમેષ્ઠીના ધ્યાનમાં લીન બની ગયા. થોડી જ પળોમાં તેમના પ્રાણ નીકળી ગયા. તેઓનો આત્મા બારમા દેવલોકે સિધાવ્યો.

## અલ્પ પણ ધર્મનું બળ ખૂબ મહાન છે

ભીષ્મના આત્માએ યુદ્ધના પહેલા દસ દિવસમાં કેવો ખૂનખાર જંગ ખેલ્યો હતો ! હજારો માનવોનો કેવો ખાત્મો બોલાવી દીધો હતો ! આમ છતાં આ આત્મા સ્વર્ગમાં કેમ જઈ શક્યો ?

એનો ઉત્તર એ છે કે એણે એક વર્ષનું સુંદર સંયમપાલન કર્યું. કરેલાં પાપોનો ઘોર પશ્ચાત્તાપ કર્યો, પરમેષ્ઠી ભગવંતોમાં મનને લીન કર્યું, સર્વ પ્રત્યે હાર્દિક મૈત્રીભાવ ધારણ કરીને વૈરભાવનું વિસર્જન કર્યું.

ઘણાંબધા પાપો ! અને તેની સામે થોડોક પણ વિશુદ્ધ ધર્મ ગોઠવાય તો પાપો ખતમ થઈને જ રહે.

પુષ્કળ પાપો તે બે લાખ ટન રૂની ગંજી છે.

નાનકડો-થોડોક-પણ ધર્મ તે જીવતી ચિનગારી છે.

કોણ કોને મારે ? તમે જ વિચારજો.

જો ઘણાં પાપ કરતાં થોડાક પણ ધર્મનું બળ વિશેષ ન હોત તો કોઈ પણ આત્માની મુક્તિ થઈ શકત નહિ, કેમકે પ્રત્યેક પાપને ભોગવતાં જે અનંતકાળ જાય તેમાં નવા અનંત પાપો ફરી બંધાતા જાય. આમ માત્ર દુઃખો ભોગવવા દ્વારા તો આત્મા ઉપરથી પાપકર્મોનો સર્વથા નિકાલ શક્ય જ ન બને. એ તો ધર્મની ચિનગારીનું જ બળ છે જે ઘણાબધા કાળના, ઘણાંબધા કર્મોને ક્ષણમાં પણ સાફ કરી નાંખવાની અપ્રતિહત શક્તિ ધરાવે છે.

## પાપો પ્રત્યે તીવ્ર ધિક્કાર મુક્તિપ્રદાતા છે

ભીષ્મ મુનિએ તો એક વર્ષની ધર્મારાધના કરી અને તે પછી પણ તેઓ સ્વર્ગલોક જ પામ્યા. જૈન શાસ્ત્રોમાં તો એવા દૃષ્ટાંતો વાંચવા મળે છે જેમાં અતિ ક્રૂર કક્ષાના પાપાત્માઓ થોડાક જ કલાકોમાં કે થોડીક જ ક્ષણોમાં ધર્મ આરાધીને સીધા મોક્ષ પામી ગયા.

અરે, ધર્મસાધનાની પણ ક્યાં વાત કરવી ? માત્ર કરેલા ક્રૂર પાપો ઉપરના અતિ તીવ્ર પશ્ચાત્તાપથી, તેમના પ્રત્યેના તીવ્ર ધિક્કારભાવ (સમ્યક્ત્વ)થી જ સર્વે કર્મો ભસ્મ થઈ ગયા હોય અને તત્ક્ષણ મુક્તિ પ્રાપ્ત થઈ હોય એવા પણ પ્રસંગો સાંભળવા મળે છે.

પણ સબૂર ! ધર્મની સાધનાનો કોઈ પણ પ્રકાર હોય : ઘોર તપનો, જપનો, વ્રતનો કે સ્વાધ્યાયનો; પરંતુ તે દરેકની સાથે એક વાત તો હોવી જ જોઈએ. તેના વિનાના તે બધા ભેગા થઈને પણ મુક્તિ અપાવી શકતા નથી.

એ છે; દેહ અને આત્માનું નક્કર અને જીવંત ભેદજ્ઞાન.

ભીષ્મ મુનિએ યુદ્ધમાં લાગેલા બાણ જેમના તેમ શરીરમાં રહેવા દઈને દેહ-આત્માનો ભેદ આત્મસાત્ કર્યો હતો. આથી જ તેઓ દેહની અપાર વેદનામાં પણ પરમેષ્ઠી ભગવંતોને ભાવભરી વંદનાઓ ભારે પ્રસન્નતા સાથે કરી શક્યા હતા.

## સાચો સાધુ તે જે શરીર સાથે યુદ્ધ ખેલે

મહોપાધ્યાયજીએ કહ્યું છે કે, "સાચો સાધુ તે છે જે શરીરની મમતા સાથે જ સતત યુદ્ધ ખેલતો રહીને તેને ખતમ કરે છે, કેમકે સાધુનો સૌથી મોટો દુશ્મન દેહાધ્યાસ જ છે."

વંદન તે મહામુનિઓને; જેઓ શારીરિક વેદનાઓની વચ્ચે રહીને પણ પરમેષ્ઠી ભગવંતોને ભાવભરી વંદનાઓ આપી શક્યા છે અને અનંતકાળમાં બાંધેલા અનંતાનંત કર્મોને કલાકોમાં, દિવસોમાં કે વર્ષોમાં જ ખતમ કરી ચૂક્યા છે.

૪૩.

## શ્રીનેમિનાથ : વિવાહ, દીક્ષા, કૈવલ્ય

એક વાર નેમિકુમાર કૃષ્ણ વાસુદેવની આયુધશાળામાં ગયા. નેમિકુમારે કુતૂહલ વિના પણ મિત્રોના આગ્રહથી વાસુદેવનું અતિ ભારે સુદર્શન ચક્ર આંગળીના ટેરવા ઉપર લઈને કુંભારના ચાકડાની માફક સહેલાઈથી ફેરવ્યું, તેમનું ધનુષ્ય કમળની દાંડીની માફક નમાવ્યું, કૌમુદીની ગદાને લાકડીની માફક ઊંચકી લીધી અને તેમનો પાંચજન્ય શંખ જોરથી ફૂંક્યો. પાંચજન્ય શંખના આ અવાજથી ચોમેર ખળભળાટ થઈ ગયો. ચારેબાજુ ધમાલ મચી ગઈ. હાથી, ઘોડા પોતાના બંધનો તોડીને નાસભાગ કરવા લાગ્યા.

શ્રીકૃષ્ણને આ અવાજ સંભળાતા વિચાર આવ્યો કે, 'શું કોઈ શત્રુ ઉત્પન્ન થયો છે ?' તે આયુધશાળામાં આવ્યા અને ત્યાં નેમિકુમારને જોઈને આશ્ચર્ય પામ્યા. તેમને થયું કે નેમિકુમારના બળની પરીક્ષા તો કરી જ લેવી જોઈએ. તે મારાથી વધુ બળિયો હોય તો મારા રાજ્ય માટે ચિંતાજનક પરિસ્થિતિ ઊભી થાય. તેથી કૃષ્ણે તેમને યુદ્ધ કરવાનું કહ્યું પણ નેમિકુમાર બોલ્યા કે,"બળની પરીક્ષા કરવા માટે આપણને મલ્લયુદ્ધ કરવાનું ન શોભે. તેના કરતાં હાથ લાંબો કરીએ અને એકબીજા વારાફરતી એકબીજાનો હાથ વાળી આપે એમાં બળની પરીક્ષા સહેલાઈથી થઈ જાય."

એ વાત માનીને પહેલાં શ્રીકૃષ્ણે પોતાનો હાથ લંબાવ્યો. નેમિકુમારે નેતરની સોટીની માફક સહેજ માત્રમાં તેને વાળી નાંખ્યો. પછી નેમિકુમારે પોતાનો હાથ લંબાવ્યો. શ્રીકૃષ્ણે ખૂબ મથામણ કરી. તે વાળી શક્યા નહીં. છેવટે વૃક્ષની ડાળી જેવા હાથને શ્રીકૃષ્ણ વાંદરાની પેઠે લટકી પડ્યા પણ તો ય હાથ તો ન જ નમાવી શક્યા. તેથી તેમને મનમાં ઘણી ચિંતા થઈ કે આવા બળવાન નેમિકુમાર આવતી કાલે મારું રાજ્ય લઈ લેશે તો ? આથી શ્રીકૃષ્ણે તેમના મોટાભાઈ બલભદ્ર સાથે વિચારણા કરી કે, 'હવે આપણે શું કરવું ? નેમિ તો ખૂબ બળવાન છે અને રાજ્યની ઈચ્છાવાળા છે.'

એટલામાં આકાશવાણી થઈ કે, "હે કૃષ્ણ વાસુદેવ ! પૂર્વે નમિનાથ પ્રભુએ કહેલ જ છે કે બાવીસમા તીર્થંકર નેમિનાથ કુમારાવસ્થામાં જ દીક્ષા લેશે."

આ સાંભળીને કૃષ્ણ કાંઈક નિશ્ચિંત તો થયા પણ પાકું કરી લેવા માટે તેમણે જળક્રીડા ગોઠવી. શ્રીકૃષ્ણ પોતાની રાણીઓ સાથે સરોવરે ગયા. ત્યાં નેમિ સાથે નિઃશંકપણે ક્રીડા કરવાનું શ્રીકૃષ્ણે રુક્મિણી વગેરેને કહી રાખ્યું હતું. તેથી ત્યાં શ્રીકૃષ્ણની રાણીઓ નેમિકુમારને હેરાન કરવા લાગી; પુષ્પોના દડા મારવા લાગી, કેશરવર્ણું જળ તેમની ઉપર છાંટવા લાગી, જાતજાતની મશ્કરીઓ કરવા લાગી, કામયુક્ત હાસ્ય કરવા લાગી, રંગની પિચકારીઓ ભરીને નેમિકુમાર ઉપર રંગ છાંટવા લાગી.

તે વખતે ફરીથી આકાશવાણી થઈ કે, "હે સ્ત્રીઓ ! તમે મુગ્ધા છો, કારણ કે આ પ્રભુનો તો બાળપણમાં ચોસઠ ઈન્દ્રોએ એક યોજનના પહોળા મુખવાળા હજારો મોટા કળશોથી મેરુ પર્વત ઉપર અભિષેક કર્યો હતો પણ તે પ્રભુ જરા પણ વ્યાકુળ થયા ન હતા તો તમારા આ ફૂલના દડાના પ્રહારથી કે પિચકારીથી મુંઝાઈ જશે શું ?"

પછી નેમિકુમારને સરોવરકાંઠે બેસાડ્યા. તેની આસપાસ સ્ત્રીઓ ઊભી રહી.

રુક્મિણીએ કહ્યું,"હે નેમિકુમાર ! તમે આજીવિકાના ભયથી ડરીને પરણતા નથી તે અયોગ્ય છે. તમારા ભાઈ તે માટે સમર્થ છે. તમારી પત્નીને તે પાળશે."

સત્યભામા બોલી,"ઋષભદેવ અને અન્ય તીર્થંકરોએ લગ્ન કર્યા હતા, રાજ્ય ભોગવ્યું હતું, તેમને પુત્રો થયા હતા અને તો ય છેવટે મોક્ષે ગયા છે. તો તમે આજે કોઈ નવા મોક્ષગામી પાક્યા છો શું ?"

જાંબુવતી બોલી,"આપણા કુળના મુનિસુવ્રત તીર્થંકર પણ ગૃહસ્થાવસ્થામાં રહીને પુત્ર થયા પછી મોક્ષે ગયા છે."

પદ્માવતીએ કહ્યું,"સ્ત્રી વગર પુરુષની શોભા જ નથી. સ્ત્રી વગરના પુરુષનો કોઈ વિશ્વાસ કરતું નથી."

ગાંધારીએ કહ્યું,"આતિથ્ય કરવા માટે, સંઘ કાઢવા માટે, વિવાહ, ઉજાણી, પોખણું વગેરેમાં બધે સ્ત્રીની જરૂર રહે છે."

ગૌરી બોલી,"પક્ષી પણ પોતાની સ્ત્રી સાથે રહે છે. તમે પક્ષી કરતાં ય ગયા."

લક્ષ્મણાએ કહ્યું,"સ્ત્રી વગર તો બધું શૂન્ય છે."

આવું ઘણું કહ્યા છતાં નેમિકુમાર મૌન રહ્યા. મૌનને બધાએ સંમતિ માની લીધી. 'જ્યાં નિષેધ નહીં ત્યાં સ્વીકાર' એવું માનીને બધી ગોપીઓ કહેવા લાગી કે, 'નેમિકુમારે લગ્નની સંમતિ આપી છે.'

તરત કૃષ્ણે ક્રોષ્ટુકી નામના જ્યોતિષીને બોલાવ્યા. તેણે ચોમાસામાં લગ્નનો નિષેધ જણાવ્યો. સમુદ્રવિજય રાજાએ કહ્યું કે, "માંડ માંડ નેમિકુમારે હા પાડી છે તો ગમે તેમ કરીને નજીકનું મુહૂર્ત શોધવું જ રહ્યું."

જ્યોતિષીએ શ્રાવણ સુદ છઠ્ઠનો દિવસ બતાવ્યો. તાબડતોબ તૈયારી થઈ ગઈ. લગ્નનો વરઘોડો નીકળ્યો. આગળ ચાલતાં સફેદ મહેલ દેખાયો.

નેમિકુમારે પૂછ્યું, 'આ મહેલ કોનો છે ?'

સારથિ : તે મહેલ તમારા સસરા ઉગ્રસેન રાજાનો છે.

તે મહેલના ઝરૂખામાં રાજીમતીની સખીઓ મૃગલોચના અને ચંદ્રાનના વાતચીત કરી રહી હતી. રાજીમતી વચ્ચે આવીને ઊભી. સખીઓ વરના વખાણ કરતી હતી અને આવા પતિને મેળવવા બદલ રાજીમતીને ભાગ્યશાળી ગણતી હતી. રાજીમતી નેમિકુમારને જોઈને આશ્ચર્યમુગ્ધ બની ગઈ, "શું આ પાતાલકુમાર છે ? કામદેવ છે ? ઇન્દ્ર છે કે મૂર્તિમાન પુણ્ય છે ? વિધાતાએ કેવો પુરુષ સર્જ્યો છે ?"

આ વખતે સખીઓને ટીખળ કરવાનું સૂઝ્યું. મૃગલોચનાએ ચંદ્રાનનાને કહ્યું,"આ વર ભલે સર્વગુણસંપન્ન હોય પણ તેનામાં એક દોષ જરૂર છે કે તે કાળિયો છે."

આ સાંભળીને રાજીમતીએ કહ્યું કે,"આજે તમારી બુદ્ધિમત્તા અંગેનો મારો ભ્રમ ભાંગી ગયો. ચિત્રાવલી, અગરુ, કસ્તૂરી, મેઘ, આંખની કીકી, કેશ, કસોટીનો પથ્થર, મેશ વગેરે શ્યામ રંગના હોવા છતાં મહા ફળવાળા છે. આંખની કીકી, ભોજનમાં મરી તથા ચિત્રમાં રેખા શ્યામ રંગના હોવા છતાં ગુણવાળા છે. વળી મીઠું સફેદ છે છતાં ખારું છે. બરફ ધોળો છે છતાં દહન કરનારો છે. આમ ધોળા રંગમાં અવગુણો પણ છે."

એમ ટીખળ ચાલુ હતી ત્યારે.....

આ બાજુ રથ આગળ વધ્યો. પશુના કરુણ સ્વરો સંભળાવા લાગ્યા. નેમિકુમારે સારથિને કારણ પૂછ્યું. સારથિએ કહ્યું કે,"આપના સસરા ઉગ્રસેન તો ક્ષત્રિય રાજા છે પણ તેમને અજૈન ક્ષત્રિય રાજાઓ, મિત્રો હોઈ તેમના ભોજન માટેના માંસ માટે આ પશુ-પક્ષીઓ એકઠાં કર્યા છે."

આ સાંભળતાં જ નેમિકુમારને ઝાટકો લાગ્યો. નેમિકુમારે કહ્યું, "અરે, આ શું ? મારા લગ્નના ઉત્સવમાં આ જીવોનો અનુત્સવ ? ધિક્કાર છે; આવા પશુઓનું મોત લાવતા મહોત્સવને. સારથિ ! હમણાં જ રથ પાછો વાળી નાંખ."

તે જ સમયે રાજીમતીની જમણી આંખ ફરકી. સ્ત્રીની જમણી આંખ ફરકે તે અમંગળ સૂચક છે. પુરુષની ડાબી આંખ ફરકે તે અમંગળ સૂચક છે.

રાજીમતી બોલી,"મારી જમણી આંખ અત્યારે કેમ ફરકે છે ?"

સખીઓ થૂ થૂ કરવા લાગી અને બોલી, "અમંગલ નાશ પામો, અમંગલ નાશ પામો."

કવિ કલ્પના કરે છે કે એ વખતે કોઈ હરણ પોતાની ગરદનથી હરણીની ગરદન ઢાંકીને સૂનમૂન ઊભો રહ્યો હતો. હરિણી જાણે કે તેને કહેતી હોય કે, "તમે ચિંતા ન કરો. આ તો વિશ્વના જીવમાત્રનો ઉદ્ધાર કરનારા નેમિકુમાર છે. તેને વાત કરો તો જરૂર આપણને તે છોડાવી દેશે."

તે હરણ પણ જાણે એમ કહેવા લાગ્યો કે, "હે ત્રણ ભુવનના સ્વામી ! અમે જંગલના તરણાં ખાઈએ છીએ અને ઝરણાના પાણી પીને સંતોષ માનીએ છીએ, માનવજાતિથી કેટલાય ગાઉ દૂર રહીએ છીએ તો પછી અમારા જેવા નિરપરાધીનો જીવ લઈને અમોને શા માટે હેરાન કરો છો ?"

તે વખતે નેમિકુમારે પક્ષુરક્ષકોને કહ્યું, "ઉઘાડી નાંખો દરવાજા અને છોડી દો આ બધા પશુ-પક્ષીઓને. મારે નથી કરવા લગ્ન."

જેવા દરવાજા ખૂલ્યા કે પશુઓ હર્ષની ચિચિયારીઓ કરતાં દોડવા લાગ્યા.

આ કવિ કલ્પના કરે છે કે હરણ એટલે રંગમાં ભંગ પડાવનાર પશુ. માટે જ તેને સંસ્કૃતમાં કુરંગ કહેવાય છે તે સાચું છે. રામને સીતાનો વિરહ હરણે કરાવ્યો, ચન્દ્રને કલંકિત કરનાર હરણ છે અને નેમિકુમારને રાજીમતીનો વિરહ કરાવનાર પણ આ હરણ જ છે.

આ વખતે સમુદ્રવિજય તથા શિવાદેવી માતાએ આડા ઊભા રહીને રથને અટકાવ્યો. શિવાદેવીએ આંખમાં આંસુ લાવીને લગ્ન કરવા વિનંતી કરી ત્યારે નેમિકુમારે કહ્યું,"હે માતા ! તમે આ આગ્રહ છોડી દો. રાગી ઉપર પણ વિરાગી (વિશેષ રાગી) થાય તેવી માનવી-સ્ત્રી મારે પરણવી નથી. મારે તો વિરાગી (વિગત-રાગી) ઉપર રાગ કરે તેવી મુક્તિરૂપી સ્ત્રીને જ પરણવી છે."

પિતા સમુદ્રવિજયે કહ્યું, "વત્સ ! કાંઈક વહેવાર તો સમજ. આમ પાછા ફરી જવું તે ઉચિત નથી."

નેમિકુમાર : પિતાજી ! મને આવો આગ્રહ ન કરો. સંસારની ભોગક્રિયા અનેક પ્રાણોનો ઘાણ કાઢનારી છે. એક વખત સંસારનું સુખ ભોગવવા જતાં બે થી નવ લાખ પંચેન્દ્રિય ગર્ભજ જીવો તથા અસંખ્ય સંમૂર્ચ્છિમ જીવોનો નાશ થાય છે.

સમુદ્રવિજય રાજાએ કહ્યું, "વત્સ ! ઋષભદેવ આદિ જિનેશ્વરો વિવાહ કરીને મોક્ષે ગયા છે તો શું તું નવાઈનો મોક્ષ પામવા માંગે છે ?"

નેમિકુમારે ઉત્તર આપતા પિતાને કહ્યું, "પિતાજી ! તેમના નિકાચિત ભોગાવલી કર્મ બાકી હતા. મારા ભોગાવલી કર્મો હવે ક્ષીણ થયા છે."

આ બાજુ રથને પાછો વાળેલો જોઈને રાજીમતી બોલી,'હે દૈવ ! આ શું થયું ?' એમ કહીને

બેભાન થઈ ગઈ. સખીઓએ ઉપચાર કરીને તેને શુદ્ધિમાં આણી. પછી રાજીમતી આક્રંદ કરતી, ભાગ્યને વખોડતી પોતાને જ ઉપાલંભ આપવા લાગી. એ વખતે સખીઓ બોલી, "અમે કહ્યું જ હતું કે કાળાનો કદી વિશ્વાસ ન કરવો તે વાત સાચી પડી. પણ કાંઈ નહિ, રાજુલ ! હવે તારા માટે અમે બીજો પતિ શોધી કાઢીશું."

આ સાંભળતાં જ રાજીમતીએ કાને હાથ દીધા અને કહ્યું, "આવા શબ્દો સાંભળવા માટે હું તૈયાર નથી. સૂર્ય પશ્ચિમમાં ઊગે તો ય હવે જેને એક વાર પતિ માન્યો છે તે જ મારો પતિ રહેશે."

આવો હતો આર્ય સંસ્કૃતિનો ઉત્કૃષ્ટ આદર્શ ! જાણતાં-અજાણતાં ય જે સંબંધ થાય તેમાં ફેરફાર થઈ શકતો નહિ.

એક વખત હીરસૂરિજી મહારાજ સીરોહીમાં હતા ત્યારે ઘણા યુવકો સવારે પ્રતિક્રમણ કરવા માટે ઉપાશ્રયે આવતા. શિયાળાનો સમય હોવાથી બધા કામળી ઓઢીને બેસતા હતા. જાણે બધા ય સાધુ જ લાગે. ત્યાં એક બાઈ વંદનાર્થે આવી. એક યુવક શ્રાવકને સાધુ માનીને વંદના કરી. પછી જ્યાં કહેવા જાય છે 'સ્વામી ! શાતા છે જી !' ત્યાં જ તે યુવકે માથું ઊંચું કરીને કહ્યું, 'અરે ! હું સાધુ નથી.' તેને જોઈને બાઈ ચોંકી ઊઠી, કેમકે આ યુવક સાથે જ તે બાઈનું વેવિશાળ થયું હતું. તે બાઈએ ઘેર આવીને માતાપિતાને વાત કરી કે, 'હવે જિંદગીભર એ મારા ગુરુના સ્થાને રહેશે. હું કોઈની પણ સાથે લગ્ન કરીશ નહીં.' અજાણતાં થઈ ગયેલ વંદન હતું છતાં ય તે યુવકને ગુરુ તરીકે માન્ય રાખ્યા અને તે બાઈ જિંદગીભર બ્રહ્મચારિણી રહી. પાછળથી તેણે દીક્ષા લીધી.

સખીઓને બીજા પતિની વાત અસંભવિત જણાવીને રાજીમતી નેમિકુમારને કહેવા લાગી : "હે વિભુ ! તમારી પાસે આવેલા યાચકોને તેમની ઈચ્છા અનુસાર તમે આપો છો, પરંતુ જેની હું માંગણી કરતી હતી તે હાથ આપે મને આપ્યો નહિ. ખેર ! કાંઈ વાંધો નહિ. આપે મારા હાથ ઉપર હાથ આપ્યો નહીં પણ યાદ રાખજો કે હું દીક્ષા વખતે હવે મારા મસ્તક ઉપર હાથ લઈને જંપીશ."

ત્યાર પછી પ્રભુએ એક વર્ષનું વર્ષીદાન આપવાનું શરૂ કરી દીધું. એક વર્ષ પૂરું થતાં પ્રભુનો દીક્ષાનો વરઘોડો નીકળ્યો. શ્રાવણ સુદ છઠના રોજ ઉત્તરકુરા નામની પાલખીમાં બેસીને દ્વારિકા નગરીની મધ્યમાંથી પસાર થઈને રૈવતક ઉદ્યાનમાં અશોકવૃક્ષ નીચે ઊતર્યા. ત્યાં આભૂષણોનો ત્યાગ કરીને છઠના તપપૂર્વક પંચમુષ્ટિ લોચ કર્યો. દેવે દેવદૂષ્ય આપ્યું. એક હજાર પુરુષોની સાથે ચિત્રા નક્ષત્રમાં પ્રભુએ દીક્ષા લીધી.

શ્રીનેમિનાથ પ્રભુએ ૫૪ દિવસની છદ્મસ્થપણે સાધના કરી. પછી આસો વદ અમાસને દિવસે ગિરનાર પર્વતના શિખર ઉપર, વેતસ નામના વૃક્ષ નીચે, અઠ્ઠમના તપપૂર્વક નેમિનાથ પ્રભુને ચિત્રા નક્ષત્રમાં સહસ્રામ્ર વનમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થયા. શ્રીકૃષ્ણ મોટા આડંબરથી પ્રભુને વાંદવા આવ્યા. તે વખતે રાજીમતી પણ ત્યાં આવ્યા. પછી પ્રભુની દેશના સાંભળીને વરદત્ત રાજાએ બે હજાર રાજાઓ સાથે દીક્ષા લીધી. પછી શ્રીકૃષ્ણે રાજીમતીના સ્નેહનું કારણ પૂછ્યું એટલે પ્રભુએ ધનવતીના ભવથી માંડીને તેની સાથેનો પોતાનો નવ ભવનો સંબંધ કહી સંભળાવ્યો.

### નેમ-રાજુલના નવ ભવ

પ્રભુએ કહ્યું : (૧) પહેલા ભવમાં હું ધન રાજપુત્ર હતો, તે મારી ધનવતી પત્ની હતી. (૨) બીજા ભવમાં અમે બંને પહેલા દેવલોકમાં દેવ-દેવી હતા. (૩) ત્રીજા ભવમાં હું ચિત્રગતિ વિદ્યાધર હતો, તે રત્નવતી મારી સ્ત્રી હતી. (૪) ચોથા ભવમાં અમે બંને દેવલોકમાં દેવ હતા. (૫) પાંચમા ભવમાં હું અપરાજિત રાજા હતો, તે મારી પ્રિયતમા રાણી હતી. (૬) છઠ્ઠા ભવમાં અમે બંને અગિયારમા દેવલોકમાં દેવ હતા. (૭) સાતમા ભવમાં હું શંખ નામે રાજા હતો, તે યશોમતી નામે

રાણી હતી. (૮) આઠમા ભવમાં અમે અપરાજિત દેવલોકમાં દેવ હતા. (૯) નવમા ભવમાં હું નેમિનાથ છું, તે રાજીમતી છે.

### રહનેમિ પ્રસંગ

ત્યાર પછી વિહાર કરીને પ્રભુ એકદા પાછા ગિરનાર પધાર્યા. ત્યાં રાજીમતીએ તથા રહનેમિએ દીક્ષા લીધી.

હવે એક વખત રાજીમતી વંદના કરવા જતી હતી ત્યાં રસ્તામાં વરસાદ પડ્યો તેથી સાધ્વીવૃંદ આમતેમ રક્ષણ લેવા વિખરાઈ ગયું. રાજીમતીએ એક ગુફામાં આશરો લીધો. આ જ ગુફામાં રહનેમિ ધ્યાનસ્થ અવસ્થામાં બેઠા હતા. આની રાજીમતીને ખબર ન હતી. તેણે પોતાના ભીના વસ્ત્રો વિરાધનાથી બચવા માટે શિલા ઉપર નાંખ્યા. રહનેમિમાં ઉત્કટ સંયમની ભાવના હતી. તેઓ શાસ્ત્રના પ્રખર અભ્યાસી હતા. પણ તો ય જુઓ; નિમિત્ત મળતાં જ કેવા ભયંકર વિચારો તેમના અંતરમાં ઊભરાઈ ગયા! રાજીમતીને વસ્ત્રરહિત જોઈને દિયર રહનેમિનું મન વિકારયુક્ત બન્યું. કુલલજ્જા છોડીને રાજીમતીને તે કહેવા લાગ્યા : "આપણે ભોગવિલાસથી આપણો જન્મ સફળ કરીએ અને પછી આપણે તપશ્ચર્યા આદરીશું."

કામની ભાષા સાંભળતાં જ રાજીમતી ચમકી ગયા. તરત જ ભીનાં કપડાં પહેરી લીધા.

મહોપાધ્યાયજીએ કહ્યું છે કે, "અધ્યાત્મશાસ્ત્રના જે જાણકાર છે અને જેના ઉપર ગુરુની કૃપા વરસી છે તેને જ નિર્દય કામચંડાળ પીડતો નથી."

સનતકુમાર ચક્રવર્તીની રાણીના વાળની એક જ લટે સંભૂતિ-મુનિને નિયાણાપૂર્વક બ્રહ્મદત્ત ચક્રી બનાવીને સાતમી નારકે ધકેલી મૂક્યા.

કૂલવાલકે ગુરુનો દ્રોહ કર્યો. તેને ગુરુએ શાપ દીધો તેથી અભિમાનથી તે બોલ્યો કે, 'પડ્યા પડ્યા હવે સ્ત્રીથી !' તે ગયો નિર્જન જંગલમાં, ત્યાં પછી સ્ત્રી હોય જ ક્યાંથી ? પણ ગુરુની કૃપા તેની ઉપર ન હતી એથી એક વેશ્યા ત્યાં ગઈ અને તેનાથી કૂલવાલક મુનિનું ઘોર પતન થયું.

ગુરુકૃપા એ ખૂબ મહત્ત્વનો ગુણ છે. 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' ટીકામાં ઉમાસ્વાતિ મહારાજાએ ગુરુકુલવાસને જ બ્રહ્મચર્ય કહ્યું છે.

રહનેમિના કામયુક્ત શબ્દો સાંભળીને રાજીમતી ભાવાવેશમાં આવી ગયા. તે બોલ્યા, "અરે ! આ તમે શું બોલો છો ? દેવરિયા મુનિવર! આવી અઘટિત માંગણી કાં કરો ! તમે કેવી ઘોર તપશ્ચર્યા કરી છે ! ઘરબાર, સંસાર, સાવદ્ય કામકાજ-બધું-છોડ્યા પછી આવી ઈચ્છા કરતાં લજ્જા પણ નથી આવતી ! અગંધન કુળના નાગ કોઈને કરડે પછી ગારુડિક તેને દીધેલ ડંખમાંથી ઝેર ચૂસી લેવા કહે એટલે માથું ડોલાવીને તે નાગ સ્પષ્ટ ના પાડે. પછી ગારુડિક ગુસ્સે થઈને કહે : 'ખબર છે ને; આ 'ના' પાડવાનું પરિણામ ? આ ભડભડતા અગ્નિમાં ખાખ થવું પડશે.' પરન્તુ તો ય તે નાગ ઝેર ચૂસતો નથી પણ અગ્નિમાં બળીને ખાખ થાય છે. રાજીમતી કહે છે કે અગંધન કુળમાં જન્મેલ નાગ પણ પોતાનું વમેલ-ઊલટી કરેલ-પાછું લેતો નથી તો શું તેનાથી પણ વધુ હલકા અધમ તમે છો?"

આ શબ્દો સાંભળીને રહનેમિને પોતાની ભૂલ સમજાઈ. તેમણે રાજીમતીની માફી માંગી. તે બોલ્યા : 'તમે મને બચાવી લીધો !' પછી પાપની આલોચના કરવા ભગવાન પાસે ગયા. ત્યાં દેશના સાંભળીને ભગવાન સમક્ષ દુષ્કૃત્ય જણાવ્યું. પ્રભુએ ફરમાવેલ આલોચના પાળીને તપ તપીને કેવલી થઈને તે મોક્ષે ગયા. રાજીમતી પણ દીક્ષા પાળીને કેવલી થઈ મોક્ષે ગયા.

૪૪.

## દ્રૌપદીનું અપહરણ : પાંડવોની હકાલપટ્ટી : ગજકુસુમાલ

એક વખત દ્રૌપદી બેઠી હતી ત્યારે ત્યાં નારદજી પધાર્યા. નારદજી આવ્યા છતાં દ્રૌપદીએ તેમનું માન-સન્માન ન કર્યું, વિનય-વિવેક ન જાળવ્યા. દ્રૌપદીને થયું કે આ ક્યાં એવા સાધુ મહાત્મા છે ? આથી નારદજીને અપમાન લાગ્યું. તેમને થયું, "આ દ્રૌપદીને કાંઈ વિનય-વિવેકની ગતાગમ નથી, તેને અભિમાન આવી ગયું છે તો હવે તેની ખબર લઈ નાંખું." પછી નારદ પહોંચ્યા ધાતકીખંડમાં. આપણા જંબુદ્વીપ પછી લવણસમુદ્ર આવે, ત્યાર પછી ધાતકીખંડ આવે છે. આ ધાતકીખંડના ભરતક્ષેત્રની અપરકંકા નામની રાજધાની હતી ત્યાં રાજા પદ્મનાભ પાસે નારદજી પહોંચ્યા. તે રાજા પાસે દ્રૌપદીના સૌંદર્યના એવા ગુણગાન ગાયા કે રાજા એટલો બધો કામાસક્ત થઈ ગયો કે દ્રૌપદીને દેવની આરાધના દ્વારા તે પોતાના મહેલમાં લાવ્યો. આ બાજુ દ્રૌપદીને ન જોવાથી કુન્તી-સાસુ રડારોળ કરવા લાગ્યા. તેણે કૃષ્ણને ઠપકો આપ્યો. કૃષ્ણે દ્રૌપદીની શોધ ચાલુ કરી પણ ક્યાંય પત્તો ન લાગ્યો. એકદા તેઓ ઉદાસ થઈને બેઠા હતા ત્યાં નારદજી આવી ચડ્યા.

નારદજી બોલ્યા, "કેમ કૃષ્ણ વાસુદેવ ! આમ ઉદાસીન કેમ ? કૃષ્ણ: 'દ્રૌપદીનું અપહરણ થયું છે. આપને કાંઈ દ્રૌપદી અંગે ખબર છે?' નારદજી : અરે, દ્રૌપદીનું તો ધાતકીખંડની રાજધાની અપરકંકાના રાજવી પદ્મનાભે અપહરણ કર્યું છે.' ત્યાર બાદ સુસ્થિત નામના દેવની સહાયથી લવણસમુદ્ર ઉલ્લંઘીને કૃષ્ણ વાસુદેવ અપરકંકામાં પહોંચ્યા. ત્યાં નૃસિંહનું રૂપ લઈને રાજા સાથે લડ્યા, તેને પરાજિત કર્યો અને દ્રૌપદીને મેળવી. કૃષ્ણ શત્રુ રાજાને મારી નાંખવા તૈયાર થયા. એ વખતે રાજાએ દ્રૌપદીનું શરણ લીધું. તેણે કહ્યું, "તું સ્ત્રીનો વેષ લઈને મારી પાછળ પાછળ ચાલીને આવે અને શ્રીકૃષ્ણનું શરણ લે તો જ તે તને જીવતો છોડશે." પદ્મનાભે તે શરત કબૂલી અને તેનો અમલ કર્યો. આથી શ્રીકૃષ્ણે તેને જીવતો છોડ્યો. પાંડવોને દ્રૌપદી સોંપી.

જે રીતે શ્રીકૃષ્ણ આવ્યા હતા તે જ રીતે તે માર્ગેથી દ્વારિકા જવા નીકળ્યા.

શ્રીકૃષ્ણ સમુદ્ર ઉતરી પાંડવો પ્રત્યે બોલ્યા, "હે પાંડવો ! જ્યાં સુધીમાં હું સુસ્થિત દેવની વિદાય ન લઉં ત્યાં સુધીમાં તમે ગંગા ઉતરી જાઓ." પછી તેઓ નાવમાં બેસીને સાડીબાસઠ યોજન વિસ્તારવાળા ગંગાના ભયંકર પ્રવાહને ઉતરીને પરસ્પર કહેવા લાગ્યા કે અહીં આપણે નાવ ઊભી રાખીને શ્રીકૃષ્ણનું બળ જોઈએ કે  શ્રીકૃષ્ણ નાવ વિના આ ગંગાના પ્રવાહને શી રીતે ઉતરે છે. તે પ્રમાણે સંકેત કરીને તેઓ નદીના તટમાં સંતાઈ રહ્યા.પછી શ્રીકૃષ્ણ કાર્ય સાધીને કૃતકૃત્ય થઈ ગંગાને તીરે આવ્યા. નાવને જોઈ નહીં એટલે એક ભુજા ઉપર અશ્વ સહિત રથને રાખીને બીજા હાથથી જળ તરવા લાગ્યા. એ પ્રમાણે તરતા તરતા જ્યારે ગંગાના મધ્યમાં આવ્યા ત્યાર બાદ શ્રાંત થઈને વિચારવા લાગ્યા કે, "અહો ! પાંડવો ઘણી શક્તિવાળા કે જેઓ નાવ વિના ગંગાને તરી ગયા." શ્રીકૃષ્ણના આ પ્રમાણેના વિચારને જાણીને ગંગાદેવીએ તત્કાળ સ્થળ કરી આપ્યું. એટલે વિસામો લઈને હરિને મુખે કરી તેને ઉતરી ગયા. તીરે આવીને પાંડવોને પૂછ્યું કે, "તમે વહાણ વગર શી રીતે ગંગા ઉતર્યા ?" પાંડવોએ કહ્યું, 'અમે તો નાવથી ગંગા ઊતર્યા.' શ્રીકૃષ્ણે કહ્યું કે, 'ત્યારે નાવને પાછી વાળીને મારે માટે કેમ ન મોકલી ?' પાંડવો બોલ્યા, 'તમારા બળની પરીક્ષા કરવા અમે નાવને મોકલી નહીં.' તે સાંભળીને શ્રીકૃષ્ણે કોપ કરીને કહ્યું કે, "તમે સમુદ્ર તરવામાં કે

અપરકંકા નગરી જીતવામાં શું મારું બળ જાણ્યું ન હતું કે હવે મારું બળ જાણવું હતું? આ પ્રમાણે કહીને પાંડવોના પાંચેય રથને લોહદંડ વડે ચૂર્ણ કરી નાંખ્યા અને તે ઠેકાણે રથમર્દન નામે નગર વસાવ્યું. પછી શ્રીકૃષ્ણે પાંડવોને દેશપાર કર્યા અને પોતે છાવણીમાં આવીને સર્વની સાથે દ્વારકામાં આવ્યા.

પાંડવોએ પોતાના નગરમાં આવીને એ વૃત્તાન્ત કુન્તી માતાને કહ્યો એટલે કુન્તી દ્વારકામાં આવ્યા અને શ્રીકૃષ્ણને કહ્યું કે, "હે શ્રીકૃષ્ણ ! તમે દેશપાર કરેલા મારા પુત્રો ક્યાં રહેશે ? કારણ કે આ ભરતાર્દ્ધમાં તો એવી પૃથ્વી નથી કે જે તમારી ન હોય."

શ્રીકૃષ્ણ બોલ્યા, "દક્ષિણ સમુદ્રના તટ ઉપર પાંડુમથુરા નામે નવી નગરી વસાવીને તમારા પુત્રો નિવાસ કરે." કુન્તીએ આવીને એ વાત પુત્રોને કરી એટલે તેઓ સમુદ્ર પાર કરીને પવિત્ર એવા પાંડુ દેશમાં ગયા. શ્રીકૃષ્ણે હસ્તિનાપુરના રાજ્ય ઉપર પોતાની બહેન સુભદ્રાના પૌત્ર અને અભિમન્યુના પુત્ર પરિક્ષિતનો રાજ્યાભિષેક કર્યો.

ભગવાન નેમિનાથ પૃથ્વીતળને પવિત્ર કરતાં અનુક્રમે સર્વ નગરશ્રેષ્ઠ એવા ભદ્રિલપુર પધાર્યા. ત્યાં સુલસા અને નાગના પુત્રો કે જે દેવકીના ઉદરથી ઉત્પન્ન થયા હતા અને જેમને દેવતાઓ ઉપાડી લાવીને સુલસાને આપ્યા હતા તેઓ પ્રત્યેક બત્રીસ બત્રીસ કન્યાઓ પરણ્યા હતા. તેમણે શ્રી નેમિનાથના બોધથી તેમની પાસે વ્રત ગ્રહણ કર્યું. તે છયે ચરમશરીરી હતા. તેઓ દ્વાધ્ય ધારણ કરી ઉગ્ર તપ કરતા પ્રભુની સાથે વિહાર કરવા લાગ્યા.

### દેવકીના છ પુત્રો

શ્રી નેમિનાથ પ્રભુ વિહાર કરતા કરતા અન્યદા દ્વારકા સમીપે પધાર્યા. સહસ્રામ્રવન નામના ઉપવનમાં સમોસર્યા. તે સમયે દેવકીના છ પુત્રોએ છઠ્ઠ તપના પારણાને અર્થે બે બે ની જોડ થઈને ત્રણ ભાગે જુદા જુદા વહોરવા માટે દ્વારકામાં પ્રવેશ કર્યો. તેમાં પ્રથમ અનીકયશા અને અનંતસેન દેવકીને ઘેર ગયા. તેમને શ્રીકૃષ્ણના જેવા જોઈને દેવકી ઘણો હર્ષ પામી. પછી તેણે સિંહકેશરીઆ મોદકથી તેમને પ્રતિલાભિત કર્યા. તેઓ ત્યાંથી બીજે ગયા એટલામાં તેમના સહોદર અજિતસેન અને નિહતશત્રુ નામે બે મહામુનિ ત્યાં આવ્યા. તેમને પણ દેવકીએ પ્રતિલાભિત કર્યા. એટલામાં દેવયશા અને શત્રુસેન નામે ત્રીજા બે મુનિ પણ ત્યાં પધાર્યા. તેમને નમસ્કાર કરીને અંજલિ જોડીને દેવકીએ પૂછ્યું,"હે મુનિરાજ ! શું તમે દિશાના મોહભ્રમથી વારંવાર અહીં આવો છો ? કે શું મારી મતિમાં ભ્રમ થઈ ગયો છે ? તમે તેના તે નથી ? અથવા સંપત્તિથી સ્વર્ગપુરી જેવી આ નગરીમાં શું મહર્ષિઓને યોગ્ય ભક્તિપાન નથી મળતું ?"

આવા દેવકીના પ્રશ્નથી તે મુનિ બોલ્યા, "અમને કાંઈ પણ દિશામોહ થયો નથી પણ અમે છ સહોદર ભાઈઓ છીએ, ભદ્રિલપુરના રહેવાસી છીએ અને સુલસા-નાગદેવના પુત્રો છીએ. શ્રી નેમિનાથની પાસે ધર્મ સાંભળીને અમે છયે બંધુએ દીક્ષા લીધી છે. આજે ત્રણ જોડ થઈને વહોરવા નીકળેલા છીએ. તે ત્રણે યુગલ અનુક્રમે તમારે ઘેર આવ્યા છીએ."

તે સાંભળીને દેવકી વિચારમાં પડ્યા કે, "આ છયે મુનિઓ શ્રીકૃષ્ણના જેવા કેમ હશે ? એક તલમાત્ર જેટલો પણ ફેર નથી. પૂર્વે અતિમુક્ત સાધુએ મને કહ્યું હતું કે તમારે આઠ પુત્રો થશે અને તે જીવતા રહેશે. તો શું આ છયે મારા પુત્રો નહીં હોય ?" આવો વિચાર કરીને બીજે દિવસે તેઓ દેવરચિત સમોસરણમાં શ્રી નેમિનાથને પૂછવા ગયા. દેવકીના હૃદયનો ભાવ જાણીને તેના પૂછ્યા પહેલાં પ્રભુએ કહ્યું કે, "હે દેવકી ! તમે કાલે જોયા તે છયે તમારા પુત્રો છે. તેને નૈગમેષી દેવે

જીવતા જ તમારી પાસેથી લઈને સુલસાને આપ્યા હતા.'' પછી ત્યાં એ છ સાધુઓને જોઈને દેવકીને સ્તનમાંથી પય ઝરવા લાગ્યું. તેણે છએ મુનિને પ્રેમથી વંદના કરીને કહ્યું કે, ''હે પુત્રો ! તમારા દર્શન થયા તે બહુ સારું થયું. મારા ઉદરમાંથી જન્મ લેનાર પૈકી એકને ઉત્કૃષ્ટ રાજ્ય મળ્યું અને તમને છને દીક્ષા પ્રાપ્ત થઈ તે તો બહુ સારી વાત થઈ, પણ મને એમાં એટલો જ ખેદ છે કે તમારામાંથી મેં કોઈને રમાડ્યા કે ઉછેર્યા નહીં.''

ભગવાન નેમિનાથ બોલ્યા, ''દેવકી ! વૃથા ખેદ શા માટે કરો છો ? પૂર્વજન્મના કૃત્યનું ફળ આ જન્મને વિશે પ્રાપ્ત થયું છે, કેમકે પૂર્વભવમાં તમારી સપત્નીના સાત રત્નો ચોર્યા હતા, પછી જ્યારે તે રોવા લાગી ત્યારે તમે તેમાંથી માત્ર એક રત્ન પાછું આપ્યું હતું.'' આ પ્રમાણે સાંભળીને દેવકી પોતાના પૂર્વભવનું દુષ્કૃત નિંદતી ઘેર ગઈ અને પુત્રજન્મની ઈચ્છાથી ખેદયુક્ત રહેવા લાગી. તેવામાં શ્રીકૃષ્ણે આવીને પૂછ્યું કે, ''હે માતા ! તમે ખેદ કેમ કરો છો ?'' દેવકી બોલ્યા, ''હે વત્સ ! મારું બધું જીવિત નિષ્ફળ ગયું છે, કેમકે તમે બાળપણમાં નંદને ઘેર મોટા થયા અને તમારા અગ્રજ છ સહોદર નાગ સાર્થવાહને ઘેર ઉછર્યા. મેં તો સાતમાંથી એકેય પુત્રને બાલ્યવયમાં પ્રેમ કર્યો નહીં. તેથી હે વત્સ ! બાળકનું લાલન-પાલન કરવાની ઈચ્છાવાળી હું પુત્રને ઈચ્છું છું. તે પશુઓને પણ ધન્ય છે કે જેઓ પોતાના બચ્ચાને વહાલ કરે છે.''

### ગજસુકુમાલ

માતાના આવા વચન સાંભળીને 'હું તમારો મનોરથ પૂરો કરીશ' એમ કહીને શ્રીકૃષ્ણે સૌધર્મ ઈન્દ્રના સેનાપતિ નૈગમેષી દેવની આરાધના કરી. દેવ પ્રત્યક્ષ થઈને બોલ્યા, ''હે ભદ્ર ! તમારી માતાને આઠમો પુત્ર થશે, પણ જ્યારે તે બુદ્ધિમાન યુવાવસ્થા પામશે ત્યારે દીક્ષા લેશે.''

તેના આ પ્રમાણેના કથન પછી સ્વલ્પ વખતમાં એક મહર્દ્ધિક દેવ સ્વર્ગથી આવીને દેવકીના ઉદરમાં ઉત્પન્ન થયો અને સમય આવતા પુત્રરૂપે અવતર્યો. તેનું ગજસુકુમાલ નામ પાડ્યું. બીજા શ્રીકૃષ્ણ હોય તેવા એ દેવ સમાન પુત્રનું દેવકી લાલનપાલન કરવા લાગ્યા. માતાને અતિ વહાલો અને ભ્રાતાને પ્રાણ સમાન કુમાર બંનેના નેત્રરૂપી કુમુદને ચંદ્રરૂપ થયો. અનુકૂળ યુવાન વયને પામ્યો, પિતાની આજ્ઞાથી દ્રુમ રાજાની પુત્રી પ્રભાવતીને પરણ્યો. વળી તે બ્રાહ્મણની ક્ષત્રિયાણી સ્ત્રીથી ઉત્પન્ન થયેલી સોમા નામની કન્યાને પણ જો કે ઈચ્છતો હતો, છતાં ય માતા અને ભ્રાતાની આજ્ઞાથી પરણ્યો. તેવામાં શ્રી નેમિનાથ પ્રભુ ત્યાં સમોસર્યા. તેમની પાસે સ્ત્રીઓ સહિત જઈને ગજસુકુમાલે સાવધાનપણે ધર્મ સાંભળ્યો. તેથી અપૂર્વ વૈરાગ્ય ઉત્પન્ન થતાં બન્ને પત્નીઓ સહિત માતા-પિતાની આજ્ઞા મેળવીને તેણે પ્રભુની પાસે દીક્ષા લીધી. જ્યારે ગજસુકુમાલે દીક્ષા લીધી ત્યારે તેના વિયોગને સહન ન કરી શકતા એવા તેના માતાપિતાએ, શ્રીકૃષ્ણ પ્રમુખ ભાઈઓએ ઊંચે સ્વરે રુદન કર્યું.

જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસે ગજસુકુમાલ મુનિ પ્રભુની આજ્ઞા લઈને સાયંકાળે સ્મશાનમાં જઈને કાયોત્સર્ગધ્યાને રહ્યા. તેવામાં કંઈક કારણે બહાર ગયેલા સોમશર્મા બ્રાહ્મણે તેમને જોયા. તેમને જોઈને તે સોમશર્માએ ચિંતવ્યું કે, ''આ ગજસુકુમાળ ખરેખરો પાખંડી છે. વિડંબના કરવા માટે જ એ મારી પુત્રીને પરણ્યો હતો.'' આમ વિચારીને એ મહાવિરોધી બુદ્ધિવાળા સોમશર્માએ અતિ ક્રોધાયમાન થઈને બળતી ચિતાના અંગારાથી ભરેલી એક ઘડાની ઠીબ તેના માથા પર મૂકી. તેનાથી અત્યંત દહન થયા છતાં તેમણે ખૂબ સમાધિપૂર્વક સર્વ સહન કર્યું. તેથી ગજસુકુમાળ મુનિના કર્મરૂપી સર્વ ઈંધન બળીને ભસ્મ થઈ ગયા અને તત્કાળ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને આયુષ્ય પૂર્ણ થવાથી

તે મુનિ મોક્ષે ગયા.

પ્રાતઃકાળે શ્રીકૃષ્ણ પોતાના પરિવાર સહિત રથમાં બેસીને પૂર્ણ ઉત્કંઠિત મનથી ગજસુકુમાળ મુનિને વાંદવા માટે ચાલ્યા. દ્વારકાની બહાર નીકળ્યા. તેવામાં તેમણે એક વૃદ્ધ બ્રાહ્મણને માથે થોડી ઈંટો લઈને કોઈ દેવાલય તરફ જતો જોયો. શ્રીકૃષ્ણ તેની ઉપર દયા લાવીને તેમાંથી એક ઈંટ પોતાની જાતે તે દેવાલયમાં લઈ ગયા એટલે લોકો તે પ્રમાણે એક એક ઈંટ લઈ ગયા જેથી તેનું કામ થઈ ગયું. આ પ્રમાણે તે બ્રાહ્મણને કૃતાર્થ કરીને નેમિનાથ પાસે આવ્યા. ત્યાં પોતાના ભાઈ ગજસુકુમાળને તેમણે દીઠા નહિ એટલે શ્રીકૃષ્ણે ભગવંતને પૂછ્યું કે, "પ્રભુ ! મારા ભાઈ ગજસુકુમાળ ક્યાં છે ?"

ભગવંતે કહ્યું કે, "સોમશર્મા બ્રાહ્મણને હાથે તેનો મોક્ષ થયો." તે વાત વિસ્તારથી સાંભળતાં જ શ્રીકૃષ્ણને મૂર્ચ્છા આવી. થોડી વારે સંજ્ઞા પામીને શ્રીકૃષ્ણે ફરી વાર પ્રભુને પૂછ્યું, "પ્રભુ ! એ મારા ભાઈનો વધ કરનાર બ્રાહ્મણને મારે શી રીતે ઓળખવો ?" પ્રભુ બોલ્યા, "શ્રીકૃષ્ણ ! સોમશર્મા ઉપર તમે કોપ કરશો નહીં, કારણ કે તે તમારા ભ્રાતાને સદ્ય મોક્ષ થવામાં સહાયકારી થયો છે. લાંબે કાળે સાધ્ય થાય તેવી સિદ્ધિ હોય તે પણ સહાય મળવાથી ક્ષણમાં સિદ્ધ થાય છે. જેમ તમે પેલા વૃદ્ધ બ્રાહ્મણને સહાય કરી તો તેની સર્વ ઈંટો સ્વલ્પ સમયમાં ઈચ્છિત સ્થાનકે પહોંચી ગઈ. જો સોમશર્મા તમારા ભાઈને આવો ઉપસર્ગ ન કરત તો કાળક્ષેપ વગર તેની સિદ્ધિ શી રીતે થાય ? હવે તમારે તેને ઓળખવો છે તો અહીંથી પાછા વળીને નગરીમાં પેસતા તમને જોઈને જે મસ્તક ફાટવાથી મરી જાય તેને તમારા ભાઈનો વધ કરનાર જાણી લેજો."

પછી શ્રીકૃષ્ણે રુદન કરતાં પોતાના ભાઈનો ઉત્તમ સંસ્કાર કર્યો. ત્યાંથી ખેદયુક્ત ચિત્તે પાછા વળીને દ્વારકા નગરીમાં પેસતાં તેમણે પેલા સોમશર્મા બ્રાહ્મણને મસ્તક ફાટીને મરી જતો જોયો. એટલે તત્કાળ તેને પગે દોરડી બાંધીને માણસોની પાસે આખી નગરીમાં ફેરવાવીને ગીધ વગેરે પક્ષીઓને નવું બલિદાન આપવા માટે બહાર ફેંકાવી દીધો.

ગજસુકુમાળના શોકથી પ્રભુની પાસે ઘણા યાદવોએ અને વસુદેવ વિના નવ દશાર્હોએ દીક્ષા લીધી. પ્રભુની માતા શિવાદેવીએ, નેમિનાથના બંધુએ અને શ્રીકૃષ્ણના અનેક કુમારોએ પણ દીક્ષા લીધી. તેની સાથે નંદની કન્યા એકનાશાએ અને યાદવોની અનેક સ્ત્રીઓએ દીક્ષા લીધી. તે વખતે શ્રીકૃષ્ણે કન્યાના વિવાહ ન કરવા માટે અભિગ્રહ અંગીકાર કર્યો એટલે તેમની સર્વ પુત્રીઓએ પણ પ્રભુની સમીપે દીક્ષા લીધી. કનકવાડીમાં દેવકી અને રોહિણી વિના વસુદેવની બીજી સર્વ સ્ત્રીઓએ વ્રત ગ્રહણ કર્યું. કનકવાડીમાં તેઓ રહી. સંસારની સ્થિતિ ચિંતવતા સદ્ય ઘાતિકર્મ તૂટી જવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવતાઓએ તેમનો મહિમા કર્યો. પછી પોતાની મેળે મુનિવેશ અંગીકાર કરીને તેઓ પ્રભુની પાસે ગઈ. ત્યાં નેમિનાથના દર્શન કરીને વનમાં જઈને એક માસનું અનશન કરીને તે કનકવાડીમાં મોક્ષે ગઈ.

૪૫.

# ધર્માત્મા શ્રીકૃષ્ણ

એક દિવસ વર્ષાઋતુના આરંભમાં મેઘની જેમ જગતને તૃપ્ત કરનારા શ્રી નેમિનાથ પ્રભુ દ્વારિકા નગરીની સમીપે આવીને સમોસર્યા. શ્રીકૃષ્ણે ભગવંત પાસે આવીને સેવા કરતાં પ્રભુને પૂછ્યું, "હે પ્રભુ ! તમે અને બીજા સાધુઓ વર્ષાઋતુમાં કેમ વિહાર કરતા નથી ?" પ્રભુ બોલ્યા, "વર્ષાઋતુમાં બધી પૃથ્વી વિવિધ જંતુઓથી વ્યાપ્ત થાય છે તેથી જીવને અભય આપનારા સાધુઓ તે સમયમાં વિહાર કરતા નથી." શ્રીકૃષ્ણે કહ્યું કે, "ત્યારે હું પણ પરિવાર સહિત વારંવાર ગમનાગમન કરીશ તો એથી ઘણા જીવોનો ક્ષય થશે. માટે હું પણ વર્ષાકાળમાં રાજમહેલની બહાર નીકળીશ નહિ. આવો અભિગ્રહ લઈને શ્રીકૃષ્ણે ત્યાંથી જઈને પોતાના રાજમહેલમાં પ્રવેશ કર્યો અને દ્વારપાળને આજ્ઞા કરી કે વર્ષાઋતુના ચાર માસ કોઈને પણ રાજમહેલમાં પ્રવેશ કરવા દેવો નહીં.

**વીરો સાળવી**

દ્વારકા નગરીમાં વીરો નામે એક સાળવી વિષ્ણુનો અતિ ભક્ત હતો. તે શ્રીકૃષ્ણના દર્શન અને તેમની પૂજા કરીને જ ભોજન કરતો, નહિ તો જમતો નહીં. શ્રીકૃષ્ણે પૂર્વોક્ત હુકમથી દ્વારપાળે વર્ષાકાળમાં તેને કૃષ્ણમંદિરમાં પ્રવેશ કરવા દીધો નહીં તેથી તે દ્વારે જ બેસી રહીને શ્રીકૃષ્ણને ઉદ્દેશીને પ્રતિદિન પૂજા કરતો, પરંતુ શ્રીકૃષ્ણના દર્શન ન થવાથી તે ભોજન કરતો નહીં. એ પ્રમાણે જ્યારે વર્ષાકાળ વીતી ગયો અને શ્રીકૃષ્ણ રાજમહેલની બહાર નીકળ્યા તે વખતે સર્વ રાજાઓ અને એ વીરો સાળવી દ્વાર પાસે આવીને ઊભા હતા. તેમાં વીરા સાળવીને અત્યંત કૃશ થઈ ગયેલો જોઈને વાસુદેવે પૂછ્યું કે, "કેમ તું કૃશ થઈ ગયો છે ?" એટલે દ્વારપાળોએ કૃશ થવાનું જે યથાર્થ કારણ હતું તે કહી જણાવ્યું. પછી શ્રીકૃષ્ણે કૃપા કરીને તેને હંમેશા રાજમહેલમાં અસ્ખલિતપણે આવવા દેવાનો હુકમ કર્યો.

પછી શ્રીકૃષ્ણ પરિવાર સહિત શ્રી નેમિનાથને વાંદવા ગયા. ત્યાં ભગવંતે કહેલો યતિધર્મ સાંભળીને શ્રીકૃષ્ણ બોલ્યા, "હે નાથ ! હું યતિધર્મ પાળવાને સમર્થ નથી, પણ બીજાઓને અપાવવાનો અને તેની અનુમોદના કરવાનો મારે નિયમ હો. જે કોઈ દીક્ષા લેશે તેને રોકીશ નહીં પણ પુત્રની જેમ તેનો નિષ્ક્રમણોત્સવ કરીશ." આવો અભિગ્રહ લઈને સ્વસ્થાને ગયા. તેવામાં પોતાની વિવાહ કરવાને યોગ્ય કન્યાઓ નમવા માટે આવી. તેમને શ્રીકૃષ્ણે કહ્યું કે, "હે પુત્રીઓ ! તમે સ્વામિની થશો કે દાસી થશો ?" તેઓ બોલી કે, "અમે સ્વામિની થઈશું." એટલે શ્રીકૃષ્ણે કહ્યું કે, "હે પાપ વિનાની પુત્રીઓ ! જો સ્વામિની થવું હોય તો નેમિનાથ પ્રભુની પાસે જઈને દીક્ષા લ્યો." આ પ્રમાણે કહીને વિવાહને યોગ્ય તે કન્યાઓને શ્રીકૃષ્ણે દીક્ષા અપાવી. તેમજ જે જે કન્યાઓ વિવાહ યોગ્ય થાય તેમને દીક્ષા અપાવવા લાગ્યા.

એક દિ' એક રાણીએ પોતાની કેતુમંજરી નામની કન્યાને શીખવ્યું કે, "વત્સે ! જો તારા પિતા પૂછે તો તું નિઃશંક થઈને કહેજે કે મારે દાસી થવું છે, રાણી થવું નથી." અનુક્રમે જ્યારે તે વિવાહને યોગ્ય થઈ ત્યારે તેને તેની માતાએ તેના પિતા (શ્રીકૃષ્ણની) પાસે મોકલી. તે ગઈ એટલે શ્રીકૃષ્ણે પૂછ્યું કે, "દાસી થવું છે કે રાણી ?" એટલે જેમ માતાએ શીખવ્યું હતું તેમ તેણે કહ્યું. તે સાંભળીને શ્રીકૃષ્ણ વિચારવા લાગ્યા કે, "બીજી પુત્રીઓ પણ આમ કહેશે તો તે મારી પુત્રીઓ ભવાટવીમાં

ભમીને સર્વથા અપમાન પામ્યા કરશે. માટે હવે બીજી પુત્રીઓને આવું બોલે નહીં તેવો ઉપાય કરું.''

બીજે દિવસે સભાસ્થાનમાં આવીને સભાજનોને કહીને શ્રીકૃષ્ણે તે વીરકને કહ્યું, ''તું આ કેતુમંજરીને ગ્રહણ કર.'' વીરકે તેમ કરવાનું ઈચ્છ્યું નહીં એટલે શ્રીકૃષ્ણે ભ્રુકુટિ ચડાવીને કહ્યું, જેથી તત્કાળ કેતુમંજરીને પરણીને તે પોતાને ઘેર લઈ ગયો. કેતુમંજરી તેને ઘેર શય્યા પર બેસી રહેવા લાગી અને બિચારો વીરક રાત-દિવસ તેની આજ્ઞામાં વર્તવા લાગ્યો. એક વખત શ્રીકૃષ્ણે વીરકને કહ્યું કે, 'કેતુમંજરી તારી આજ્ઞામાં વર્તે છે?' ત્યારે તે બોલ્યો કે, 'હું તેની આજ્ઞામાં વર્તું છું.' શ્રીકૃષ્ણે કહ્યું કે, 'જો તારું બધું કામ તેની પાસે નહીં કરાવે તો તને કારાગૃહમાં નાંખીશ.' શ્રીકૃષ્ણના આશયને જાણી લઈને વીરક ઘરે આવ્યો અને તેણે કેતુમંજરીને કહ્યું, 'અરે સ્ત્રી ! તું કેમ બેસી રહી છે ? વસ્ત્ર વણવાને માટે પાન તૈયાર કર.' કેતુમંજરી ક્રોધિત થઈને બોલી કે, 'અરે કોળી ! તું શું મને નથી ઓળખતો ?' તે સાંભળીને વીરકે દોરડી વડે કેતુમંજરીને નિર્દય થઈને માર માર્યો, જેથી તે રોતી રોતી શ્રીકૃષ્ણ પાસે ગઈ અને પોતાના પરાભવની વાર્તા કહી સંભળાવી. ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે, 'તેં સ્વામીપણું છોડીને દાસીપણું માંગી લીધું છે. હવે હું શું કરું ?' તે બોલી, 'પિતા ! તો અદ્યાપિ મને સ્વામીપણું આપો.' શ્રીકૃષ્ણ બોલ્યા કે, 'હવે તો તું વીરકને સ્વાધીન છે, મને સ્વાધીન નથી.' જ્યારે કેતુમંજરીએ અતિ આગ્રહથી કહ્યું ત્યારે શ્રીકૃષ્ણે વીરકને સમજાવીને કેતુમંજરીને રજા આપી. શ્રી નેમિપ્રભુ પાસે દીક્ષા લેવરાવી.

## શ્રીકૃષ્ણની સર્વસંગત્યાગની ઉત્કટતા

શ્રીકૃષ્ણના અંતરમાં સર્વસંગત્યાગની ભાવના કેવી તીવ્રતાથી ઘૂમતી હશે તેની કલ્પના સ્વજનાદિને સર્વસંગત્યાગી બનાવવાની તેમની ઉત્કટ સક્રિયતા ઉપરથી આપણે કરી શકીએ છીએ. સંસારમાં રહેવા છતાં જે પુણ્યાત્માઓનું મન સંસારમાં રમતું ન હોય, જલકમલવત્ નિર્લેપ રહેતું હોય તેમની આવી જ સ્થિતિ હોય. જે પોતે ન કરી શકે તે જો ખરેખર ધર્મપ્રેમી હોય તો બીજાઓને ધર્મ કરવામાં જોરદાર પ્રેરક બન્યા વિના તો ન જ રહે અને સર્વના એ સુ-ધર્મોની હાર્દિક અનુમોદના કર્યા વિનાની કોઈ પળ જવા ન દે.

અશુભ કર્મોના તીવ્ર ઉદયો ધર્મને આચરવામાં અવરોધ ઊભો કરી શકે, પરંતુ ધર્મ કરાવવામાં કે અનુમોદવામાં અવરોધ ઊભો કરવાની તેમની પણ તાકાત નથી.

આથી જ શ્રીકૃષ્ણને અમુક કાળમાં વિશિષ્ટ કક્ષાના ધર્માત્મા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ કહેવામાં આવ્યા છે. આથી જ શ્રીકૃષ્ણને જૈનોએ આગામી ચોવીસીના અગિયારમા અમમ નામના તીર્થંકર ભગવાન તરીકે થનારા કહ્યા છે.

કેવા છે શ્રીકૃષ્ણ ! તે ભવમાં તીર્થંકર પરમાત્મા નેમિનાથના પરમભક્ત અને આગામી ભવમાં સ્વયં પરમાત્મા અમમ નામના તીર્થંકર. જેમને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે તેમણે સુખમય સંસારને પણ સર્વથા અસાર માન્યો છે. આથી જ સંસારના સર્વસંગનો ત્યાગ કર્યા વિના જંપતા નથી પણ કેટલીક વાર તીવ્ર કર્મોનો ઉદય એવો જાગી પડતો હોય કે તે વખતે આ આત્માઓ સર્વસંગત્યાગી બનવા માટે ગમે તેટલા ધમપછાડા કરે તો ય તેમને સફળતા મળતી નથી. આવા આત્માઓ સંસારમાં રહેવા છતાં અતિ દુઃખી અવસ્થા ભોગવતા હોય છે. તેમનું અંતર અહર્નિશ રડતું બોલતું હોય છે :

***સસનેહી પ્યારા રે, સંયમ કબહી મિલે.***
***મને સંસારશેરી વીસરી રે લોલ...***

*શીતળ નહિ છાયા રે આ સંસારની,*
*રૂડી એક માયા રે જિન અણગારની.*

ગૂર્જરેશ્વર કુમારપાળ પરમાત્માની સમક્ષ વારંવાર યાચના કરતાં કહેતા, '***तव शासनस्य भिक्षुत्वं देहि मे परमेश्वर !***'

"ભગવંત ! મારું અઢાર દેશનું સ્વામિત્વ તું લઈ લે અને મને તારા શાસનનું સાધુપણું આપ."

શ્રીકૃષ્ણ આવી કક્ષાના ઉત્તમ આત્મા હતા. તેઓ તીવ્ર ચારિત્રમોહનીય કર્મના ઉદયમાં સપડાયા હોવાથી સર્વસંગત્યાગી બની શક્યા નહિ પરન્તુ એમણે અનેકોને પ્રવ્રજ્યાના માર્ગે વાળ્યા. પોતાની દીકરીઓને પણ કાયમ તેની જ પ્રેરણા કરી.

જે આત્મા સમ્યગ્દર્શન પામે છે તેની બે બહુ મોટી વિશિષ્ટતાઓ પૂરબહારમાં વિકસે છે : (૧) પોતાના પાપોની તીવ્ર નિંદા અને (૨) બીજાના ગુણો-ગુણીજનોની ભરપૂર અનુમોદના.

૪૬.

# દ્વારકાનો દાહ અને શ્રીકૃષ્ણનું અવસાન

એક વખત દેશનાને અંતે વિનયવાન શ્રીકૃષ્ણે નમસ્કાર કરીને અંજલિ જોડીને શ્રી નેમિનાથને પ્રત્યક્ષ પૂછ્યું, ‘‘ભગવન્ ! આ દ્વારકા નગરીનો, યાદવોનો અને મારો શી રીતે નાશ થશે ? તે કોઈ બીજા વડે થશે કે કાળના વશથી સ્વયમેવ થશે ?’’ પ્રભુ બોલ્યા, ‘‘શૌર્યપુરની બહાર એક આશ્રમમાં કોઈ પવિત્ર તાપસ રહે છે. કોઈ વખત તેણે યમુના દ્વીપમાં જઈને કોઈ નીચ કુળની કન્યા સાથે લગ્ન કર્યા. તેનાથી દ્વૈપાયન નામે એક પુત્ર થયો છે. બ્રહ્મચર્યને પાળનાર અને ઈન્દ્રિયોનું દમન કરનાર તે દ્વૈપાયન ઋષિ યાદવોના સ્નેહથી દ્વારકાના સમીપ ભાગમાં રહેશે. તેને કોઈ વાર શાંબ વગેરે યદુકુમારો મદિરાથી અંધ થઈને મારશે. તેથી ક્રોધાંધ થયેલો તે દ્વૈપાયન યાદવો સહિત દ્વારકાને બાળી નાંખશે અને તમારા ભાઈ જરાકુમારથી તમારો નાશ થશે.’’

### નિશ્ચિત ભાવિ

જેનું ભાવિ સર્વજ્ઞ ભગવંતોના જ્ઞાનમાં નિશ્ચિત હોય તેમાં કોઈ ફેરફારને કદી અવકાશ નથી.

પરમાત્મા મહાવીરદેવના જીવનકાળમાં બે જૈન રાજા-ચેડા અને કોણિક-ના બે મહાયુદ્ધો થઈ ગયા જેમાં એક કરોડ, એંસી લાખ માનવોની લાશો પડી ગઈ. પરમાત્મા મહાવીરદેવ કંઈ જ કરી ન શક્યા !

પરમાત્મા આદિનાથના જ બે સંસારી પુત્રો-ભરત અને બાહુબલિ વચ્ચે ભયાનક સંઘર્ષ થયો અને મહાસંહાર થઈ ગયો. તે વખતે પરમાત્મા આદિનાથ કશું જ ન કરી શક્યા. પરમાત્મા નેમિનાથની કુમાર અવસ્થામાં અને શ્રીકૃષ્ણની ઉપસ્થિતિમાં યુદ્ધ નિવારવાની શ્રીકૃષ્ણની સખત મહેનત છતાં મહાભારતનું મહાભયાનક યુદ્ધ ખેલાઈ ગયું અને યાદવાસ્થળી પણ જામી ગઈ. કોઈ કશું જ ન કરી શક્યું.

વીર-પ્રભુથી ગોશાલકને તેજોલેશ્યાનો પાઠ અપાઈ ગયો તેમાં નિશ્ચિત ભાવિ સિવાય બીજું કયું કારણ હતું ?

શ્રીકૃષ્ણની તીવ્ર ભાવના છતાં તેઓ સર્વસંગત્યાગી બની શક્યા નહિ તેમાં ય નિશ્ચિત નિયતિ સિવાય બીજું કયું કારણ હતું ?

પ્રભુના આવા વચન સાંભળીને ‘અરે આ જરાકુમાર આપણા કુળમાં અંગારા રૂપ છે’ એમ સર્વ યાદવો હૃદયમાં ક્ષોભ પામીને તેને જોવા લાગ્યા. જરાકુમાર પણ તે સાંભળીને વિચારવા લાગ્યા કે, ‘‘શું હું વસુદેવનો પુત્ર થઈને ભાઈનો ઘાત કરનાર થાઉં ? માટે પ્રભુનું વચન સર્વથા અન્યથા કરવાનો હું પ્રયત્ન કરું.’’

આવો વિચાર કરીને પ્રભુને નમીને તે ત્યાંથી ઊઠ્યો અને બે ભાથાં તથા ધનુષ ધારણ કરીને શ્રીકૃષ્ણની રક્ષા કરવાના વિચારથી (પોતાનાથી તેનો વિનાશ ન થાય તેટલા માટે) વનવાસનો અંગીકાર કર્યો. દ્વૈપાયન પણ જનશ્રુતિથી પ્રભુના વચન સાંભળીને દ્વારકા અને યાદવોની રક્ષાને માટે વનવાસી થયો. શ્રીકૃષ્ણ પણ પ્રભુને નમીને દ્વારકાપુરી આવ્યા અને ‘મદિરાના કારણથી અનર્થ થશે’ એમ ધારીને મદિરાપાન કરવાનો સર્વથા નિષેધ કર્યો. શ્રીકૃષ્ણની આજ્ઞાથી સમીપના પર્વત ઉપર આવેલા કંદબવનની મધ્યમાં કાદંબરી નામે ગુફાની પાસે અનેક શિલાકુંડોની અંદર ઘરની ખાળના

જળની જેમ દ્વારકાના લોકો પૂર્વે તૈયાર કરેલા બધી જાતના મદ્ય લાવી લાવીને નાંખવા લાગ્યા.

**સિદ્ધાર્થ સારથિની દીક્ષા**

એ સમયે સિદ્ધાર્થ નામના સારથિએ શુભ ભાવ આવવાથી બળદેવને કહ્યું,"આ દ્વારકા નગરીની અને યાદવકુળની આવી દશાને હું શી રીતે જોઈ શકીશ ? માટે મને પ્રભુના ચરણને શરણે જવા દો કે જેથી હું ત્યાં જઈને હમણાં જ વ્રત ગ્રહણ કરું. હું જરા પણ કાળક્ષેપ સહન કરી શકું એમ નથી."

બળદેવ નેત્રમાં આંસુ લાવીને બોલ્યા, "હે અનઘ ! હે ભગત ! તું તો યુક્ત કહે છે પણ હું તને છોડવાને અસમર્થ છું, તથાપિ તને વિદાયગીરી આપું છું, પણ જો તું તપસ્યા કરીને દેવ થાય તે પછી જ્યારે મારો વિપત્તિનો સમય આવે ત્યારે તું ભ્રાતૃ-સ્નેહને સંભારીને મને પ્રતિબોધ કરજે."

બળભદ્રના આ પ્રમાણેના વચનો સાંભળીને 'બહુ સારું' એમ કહીને સિદ્ધાર્થે પ્રભુની પાસે દીક્ષા લીધી અને છ માસ સુધી તીવ્ર તપસ્યા કરીને સ્વર્ગે ગયો.

સિદ્ધાર્થને પરલોકમાં પોતાનું શું થશે ? એની કેવી જોરદાર ચિંતા હતી. વર્તમાનકાલીન દુનિયાને તો પુણ્યના ઉદય અને થોડાક પુરુષાર્થથી સુખ-ભરપૂર કદાચ બનાવી શકાય પરન્તુ એ રીતે બધા પુણ્યે પરવારેલા આત્માનું પરલોકમાં કોણ ?

સ્વપ્નની દુનિયા આંખ ઉઘડે નહિ ત્યાં સુધી.

જીવનની દુનિયા આંખ મીંચાય નહિ ત્યાં સુધી.

એક સંન્યાસીએ કેટલાક શ્લોક બનાવ્યા છે. તેમાં આ જગતના ભોગસુખો અને તેની સામગ્રીઓનું દરેક શ્લોકના ત્રણ ત્રણ ચરણોમાં વર્ણન કર્યું અને કહ્યું છે કે મને આટલું આટલું આ જગતમાં પ્રાપ્ત થયું છે, પરંતુ એ દરેક શ્લોકના છેલ્લા ચરણમાં એક જ વાત મૂકી છે, '***ततः किम्, ततः किम्, ततः किम् ।***'તેથી શું થઈ ગયું ? તેથી શું થઈ ગયું ? અથવા 'ત્યાર પછી શું ? ત્યાર પછી શું ?

આ ચોથું ચરણ પ્રત્યેક ભોગરસિક આત્માને લપડાક મારીને જગાડવાની તાકાત ધરાવે છે.

***'किमाश्चर्यमतः परम्'***

અજૈન મહાભારતમાં એક બોધક પ્રસંગ આવે છે. યુધિષ્ઠિર સિવાયના ચાર પાંડવો તૃષા છિપાવવા માટે વારાફરતી કોઈ જંગલની વાવમાં ઉતર્યા. વાવમાં યક્ષરાજે દરેકને પાણી પીતાં અટકાવીને કહ્યું કે, "પહેલાં મારા સવાલનો જવાબ આપો. તે પછી પાણી પીજો."

પણ પાંડવો ન માન્યા અને સીધું પાણી પીવા ગયા એટલે કોપાયમાન થઈને યક્ષરાજે વિદ્યાબળથી ચારેયને બેભાન કરીને ત્યાં જ સુવડાવી દીધા. પછી ભાઈઓની શોધ કરતાં કરતાં યુધિષ્ઠિર તૃષાર્ત્ત થઈને તે જ વાવમાં આવ્યા. તે જ પરિસ્થિતિનો તેમણે પણ મુકાબલો કરવો પડ્યો. પણ યુધિષ્ઠિરે પાણી ન પીતાં યક્ષરાજને વિનયભાવે સવાલ પૂછવા કહ્યું.

તેણે કહ્યું કે, "હું એક સમસ્યા આપું છું તેની તમે પૂર્તિ કરો. મારું આ ચોથું ચરણ છે : કિમાશ્ચર્યમતઃ પરમ્ ! પહેલાં ત્રણ ચરણો તમે પૂરા કરી આપો."

ચરણોની પૂર્તિ કરવાપૂર્વક યુધિષ્ઠિરે કહ્યું :

***अहनि अहनि भूतानि, गच्छन्ति स्म यमालयम् ।***

***शेषाः स्थावरं तिष्ठन्ति, किमाश्चर्यमतः परम् ॥***

તેણે કહ્યું કે, "રોજ રોજ અનેક જીવો મરીને પરલોક જાય છે. આવું જોનાર જીવતા રહેલા

કેટલાક અબુધ માણસો તો ય પોતાના પરલોકને યાદ કરતા નથી અને જાણે કે કાયમ માટે આ જીવનમાં તેઓ જીવતા જ રહેવાના હોય તે રીતે જીવન જીવે છે. આના જેવું ઉત્કૃષ્ટ આશ્ચર્ય આ જગતમાં બીજું શું હોઈ શકે ?''

યુધિષ્ઠિરની સમસ્યાપૂર્તિથી યક્ષરાજ પ્રસન્ન થઈ ગયો. તેણે જલપાન કરવા દીધું અને ભાઈઓને સ્વસ્થ કર્યા.

આવો છે; ભારત દેશ ! આવી છે; ભારતીય પ્રજા ! આવા છે; ભારતીય શાસ્ત્રોના ચિંતનો !

અહીં પરલોકદૃષ્ટિ ખૂબ જ જીવંત રહેતી. આ લોકમાં સુખ ભોગવતા માણસોને પ્રત્યેક પળે પરલોક બગડી ન જાય અને તે કેમ સુધરી જાય તેનો વિચાર આવતા હતા.

કહેવાય છે કે પ્રસન્ન થયેલા યમરાજે નચિકેતાને કહ્યું કે, ''તારે શું જોઈએ ?''

ત્યારે તેણે કહ્યું કે, ''મૃત્યુ પછીની દુનિયા કેવી કેવી હોય છે ? તે મને જણાવો.''

યમરાજે આ જાણવાનો આગ્રહ છોડી દેવા નચિકેતાને ખૂબ સમજાવ્યો. તેને કહ્યું, '***नचिकेतो ! मरणं मानुप्राक्षीं*** અરે ! નચિકેતા મરણોત્તર જીવનની વાતો તું ન પૂછ. (તે ખૂબ બિહામણી પણ છે.) તું કહે તો હું તને સ્વર્ગની સુંદરીઓના નૃત્યો બતાવું અથવા અનુપમ અશ્વો દેખાડું.''

તે વાતને તિરસ્કારીને નચિકેતાએ કહ્યું, ''***तवैव अस्तु तत्र नृत्यवाहाः***–મારે તે નૃત્ય અને ઘોડા જોવા જ નથી. એ તમારી પાસે જ રહો. મને તો મરણોત્તર જીવનનો વૈભવ જણાવો.''

આવી હતી પરલોકચિંતા ! આર્યદેશની મધ્યમ કક્ષાની પ્રજા પણ પરલોક બગડી ન જાય તેની સતત ચિંતા કરતી. આ લોકના ભોગસુખની પેન્સિલ તે એવી રીતે છોલતી કે તેમાં પરલોકની આંગળી કપાઈ ન જાય.

પોતાની જ રાણીઓ સાથે મોજ કરતા રાજકુમાર ગોપીચંદ માટે તેની રાજમાતા દુઃખી દુઃખી રહેતી હતી. તેના મનમાં સતત એ ચિંતા રહેતી કે,''આ છોકરાનું પરલોકમાં શું થશે ? રાત ને દિ' તેની પત્નીઓ સાથે જ વિલાસ માણ્યા કરે છે.''

અને...એક દિ' માતાએ એ વાત ખુલ્લા મને કહી. એ જ પળે રાજકુમારે ભગવાં પહેર્યા.

અને મહાસતી મદાલસાને કેમ ભૂલાય ? ઘોડિયામાં રહેલું બાળક કેમેય શાંત ન પડતાં રડ્યા જ કરતું હતું ત્યારે મદાલસાએ તેને કહ્યું, ''અરે બાળક ! શું તારી નજરમાં જમડો આવી ગયો છે ? શું તેથી તું ચીસો પાડે છે ? જો તેમ જ હોય તો તારું વર્તન બરાબર નથી, કેમકે જો તું મોતથી જ ગભરાતું હોય તો તારે મારા પેટે જન્મ જ લેવો જોઈતો ન હતો, કેમકે જે જન્મતા નથી તેને જ જમડો પકડતો નથી. બાકી તો તમામને-ગમે તેટલું રડે તો ય તેને પણ-જમડો પકડ્યા વિના રહેતો નથી.''

મુસ્લિમ રાજા ઈબ્રાહીમને ફકીરી અપાવનાર આ દેશના સંતો હતા.

પોતાના પતિને ધોળા વાળ દેખાડીને ચેતવી દેનારી આ દેશની પત્નીઓ હતી.

છલ કરીને દીકરાને સાધુ બનાવી દેનારી આ દેશની માતાઓ હતી.

ઉસ્તાદી કરીને પિતાને ધર્મ પમાડી દેનારા આ દેશના પુત્રો હતા.

રે ! માર્ગ ભૂલેલા સંતોને ઠેકાણે લાવતી આ દેશમાં નર્તકીઓ થઈ હતી.

આ દેશની પનિહારીઓએ કામાંધ બિલ્વમંગળોને સંત સૂરદાસો બનાવ્યા છે અને કંઈક રત્નાવલીઓએ પોતાનામાં આસક્ત પતિ તુલસીને તુલસીદાસો બનાવ્યા છે.

પરલોકદૃષ્ટિ હોવાને કારણે આ દેશમાં અગણિત ચમત્કારોના સર્જન થયા છે.

ભારતની અને પરદેશોની પ્રજા વચ્ચે માત્ર પરલોકદૃષ્ટિ હોવા-ન હોવાને કારણે જ કેટલો બધો ફરક પડી જાય છે તે જણાવું.

ભારતમાં વૃદ્ધ થયેલા માણસોને પણ નવરાશ મળતી નથી. તમામ ધર્મોના અનુયાયી વૃદ્ધો પરલોકનું ભાથું તૈયાર કરવાના કામમાં લાગી જાય છે. સવારે ચાર વાગ્યાથી જ તેમના ભજન, કીર્તન, પાઠ, પ્રતિક્રમણાદિ શરૂ થાય છે તે ઠેઠ રાત સુધી દર્શન, વંદન, પૂજનાદિ ચાલ્યા કરે છે. અહીં વળી વૃદ્ધોને ય ફુરસદ કેવી ?

કાશ ! પરદેશી ઈસાઈ વગેરે લોકો તો પૂર્વજન્માદિને માનતા જ નથી. આથી તેમનો બુઢાપાનો સમય અત્યંત ભયાનક જાય છે. આમેય ત્યાં કૌટુમ્બિક જીવન હોતું નથી. દીકરા-દીકરી પરણતાંની સાથે જ માબાપથી છૂટાં થઈ જતાં હોય છે. ભારતની જેમ ત્યાં કોઈ પણ ઘરમાં દાદી-પોતરાનો સહવાસ જોવા મળી શકે તેમ નથી. રે ! બાપ-દીકરાનો સહવાસ પણ ત્યાં સંભવિત નથી. આવા બિહામણા એકલવાયાપણાથી જ તે વડીલો ત્રાસી જતાં હોય છે. વૃદ્ધ પતિ અને પત્નીના જીવનનો પસાર થતો પ્રત્યેક દિવસ અત્યંત કંટાળાજનક બની રહે છે. વળી બિચારાઓ પરલોકને માનતા નથી એટલે તે સમયને પસાર કરી દેતાં ધર્મ-ધ્યાન પણ તેમના નસીબમાં જ નથી.

આથી જ આવા એકલવાયાપણાથી રઘવાયા બની ગયેલા વૃદ્ધોને આશ્વાસન આપવા માટે ત્યાં અનેક સંસ્થાઓ સ્થપાઈ છે. તેમના માણસો કલાક ઉપર ચાર્જ લઈને તે લોકોને 'હીમ્સ'-ભજનો વગેરે સંભળાવે છે. રે ! કેટલીક સંસ્થાઓમાં તો વૃદ્ધોનો માત્ર હાથ પકડીને અમુક સમય બેસી રહેવાનો અમુક ચાર્જ રાખવામાં આવ્યો હોય છે.

વૃદ્ધાવસ્થામાં ભારતમાં કૌટુમ્બિક જીવનની હૂંફ હોય છે. આ પ્રજાને માતાપિતાની સેવા, ભક્તિનું શિક્ષણ ગળથૂંથીમાંથી જ મળેલું હોય છે એટલે વૃદ્ધ વડીલોની સેવા કરવાનો કંટાળો ભારતના લોકોને કદી આવતો હોતો નથી. ઘરની વહુઓ પણ પોતાના સાસુ-સસરાની પ્રેમથી સેવા કરતી હોય છે.

જો કે આજે તો પાશ્ચાત્ય શિક્ષણ અને બુદ્ધિને ભ્રષ્ટ કરતી શ્રીમંતાઈએ આવા કૌટુંબિક જીવનને નાપસંદ કરવાનું શરૂ કર્યું છે. પણ એવા લોકોને ભારતીય ન કહેતાં દેશી અંગ્રેજ જ કહેવા જોઈએ, જેથી તેમના કાળાં કામો ભારતીય પ્રજાને લાંછન ન લગાડી દે.

પરદેશોમાં માતાપિતાની સેવા, ભક્તિના કોઈ પાઠ નથી. તેથી જ હવે તો'અનુકમ્પા-પ્રેરિત મૃત્યુ'ના ક્રૂર અને સ્વાર્થી વિચારોનો 'ન્યૂ-વેવ' ત્યાં ફેલાવા લાગ્યો છે. સગા વૃદ્ધ મા-બાપની વ્યવહારથી પણ કાળજી કરવી પડે તેના કંટાળા અને ખર્ચમાંથી પોતે છૂટવા માટે મા-બાપને જ મારી નાંખવાનો વિચાર ત્યાં અમલમાં મુકાતો ચાલ્યો છે. આશ્ચર્યની અવધિ તો ત્યાં છે કે મારી નાંખવાની આ ક્રિયાને પણ દયાભાવની ક્રિયાનું નામ અપાયું છે. ધિક્કાર હો, એ બુદ્ધિને !

થોડાક સમય પૂર્વે કેન્સરથી પીડાતી માતાને ગળે તેના જ સાડલાનો ગાળિયો નાંખીને બે પુત્રોએ જોરથી ખેંચ્યો અને માતાને પૂરી કરી નાંખી. તેમણે કહ્યું કે, "અમે તો માતાને માત્ર ત્રાસમાંથી મુક્ત કરી છે."

માનવનું કાર્ય છેલ્લી ક્ષણ સુધી જિવાડવાનું કે મારવાનું ? આ રીતે મારવાની રીતો હોઈ શકે ખરી ?

અસ્તુ. મૂળ વાત ઉપર આવીએ.

જ્યાં પરલોકદૃષ્ટિ નથી ત્યાં કેટકેટલા ત્રાસ છે, દુઃખ છે, અકળામણો છે, કોયડાઓ છે એનો કોઈ જ હિસાબ નીકળી શકે તેમ નથી.

પાડ માનીએ કર્મરાજાનો કે તેણે આપણને ભારતમાં-આર્યદેશમાં-જન્મ આપ્યો જ્યાં માતાપિતાની સેવા છે, જ્યાં પરાર્થકરણ છે, જ્યાં વૃદ્ધાવસ્થામાં પરમાત્મભક્તિ છે, પુણ્યના કાર્યો છે, જ્યાં પરલોકદૃષ્ટિ છે.

## યાદવોનું દારૂપાન અને તોફાન

અહીં દ્વારકાના લોકોએ જે શિલાકુંડોમાં મદિરા નાંખી હતી ત્યાં વિવિધ વૃક્ષોના સુગંધી પુષ્પોથી તે ઘણી સ્વાદિષ્ટ થઈ ગઈ. એક વખત વૈશાખ માસમાં શાંબકુમારનો કોઈ સેવક પુરુષ ફરતો ત્યાં આવ્યો. તેણે તૃષા લાગવાથી એ કુંડમાંથી મદિરા પીધી. તેના સ્વાદથી હર્ષ પામીને તે મદિરાની એક મસક ભરી લઈને શાંબકુમારને ઘેર આવ્યો અને તે મદિરાની શાંબકુમારને ભેટ કરી. તેને જોઈને જ તે કૃષ્ણકુમાર અતિ હર્ષ પામ્યો. પછી તૃપ્તિ પર્યંત તેનું ખૂબ પાન કરીને તે બોલ્યો કે,"આવી ઉત્તમ મદિરા તને ક્યાંથી મળી ?" તેણે તે સ્થાન બતાવ્યું.

બીજે દિવસે શાંબ યાદવોના અનેક દુર્દાંત કુમારોને લઈને કાદંબરી ગુફા પાસે આવ્યો. કાદંબરી ગુફાના યોગથી વિવિધ જાતની સ્વાદિષ્ટ મદિરાને જોઈને તૃષિત માણસ નદીને જોઈને જેમ હર્ષ પામે તેમ તે ઘણો હર્ષ પામ્યો.

પછી ત્યાં પુષ્પવાળા વૃક્ષોની વાટિકામાં બેસીને શાંબકુમારે પોતાના ભાઈઓ અને ભ્રાતૃપુત્રોની સાથે પાનગોષ્ઠિ રચી અને સેવકોની પાસે મંગાવીને તેઓ મદિરા પીવા લાગ્યા. લાંબા કાળે પ્રાપ્ત થયેલ, જીર્ણ થયેલ અને અનેક સુગંધી તેમજ સ્વાદુ દ્રવ્યોથી સંસ્કાર પામેલ તે મદિરાનું પાન કરતા તેઓ તૃપ્તિ પામ્યા નહીં. પછી ક્રીડા કરતા અને ચાલતા મદિરાપાનથી અંધ થયેલા તે કુમારોએ તે જ ગિરિનો આશ્રય કરીને રહેલા ધ્યાનસ્થ દ્વૈપાયન ઋષિને જોયા. તેને જોઈને શાંબકુમાર બોલ્યો કે,"આ તાપસ અમારી નગરીને અને અમારા કુળનો હણી નાંખનાર છે, માટે તેને જ મારી નાંખો કે જેથી તે મરાયા પછી બીજાને શી રીતે હણી શકશે ?" આવા શાંબકુમારના વચનથી તત્કાળ કોપ કરીને સર્વે યદુકુમારો ઢેખાળાથી, પાટુઓથી, લપડાકોથી અને મુષ્ટિઓથી તેને વારંવાર મારવા લાગ્યા. એ પ્રમાણે તેને પૃથ્વી ઉપર પાડી નાંખીને મૃતપ્રાયઃ કરીને તેઓ સર્વ દ્વારકામાં આવીને પોતપોતાના ઘરમાં પેસી ગયા.

કૃષ્ણ પોતાના માણસો પાસેથી આ બધી ખબર સાંભળીને ખેદયુક્ત થઈને વિચારવા લાગ્યા કે, "અહો ! આ કુમારોએ કુળનો અંત કરે તેવું આ કેવું ઉન્મત્તપણું આચર્યું છે !"

પછી શ્રીકૃષ્ણ બળદેવને લઈને દ્વૈપાયન ઋષિ પાસે આવ્યા. ત્યાં દૃષ્ટિવિષ સર્પની જેમ ક્રોધથી રાતાં નેત્રવાળા થયેલા તે દ્વૈપાયનને દીઠા. પછી ઉન્મત્ત હાથીને મહાવત શાંત કરે તેમ અતિ ભયંકર ત્રિદંડીને શ્રીકૃષ્ણ આ પ્રમાણેના વચનો વડે શાંત કરવા લાગ્યા : "ક્રોધ એ જ મોટો શત્રુ છે કે જે કેવળ પ્રાણીને આ જન્મમાં જ દુઃખ આપતો નથી પણ લાખો જન્મ સુધી તે આપ્યા કરે છે. હે મહર્ષિ ! મદ્યપાનથી અંધ થયેલા મારા અજ્ઞાની પુત્રોએ જે તમારો મોટો અપરાધ કર્યો છે તેમને ક્ષમા કરો, કેમકે આપના જેવા મહાશયને ક્રોધ કરવો યુક્ત નથી. શ્રીકૃષ્ણે આ પ્રમાણે ઘણું કહ્યું તો પણ તે ત્રિદંડી શાંત થયો નહીં અને તે બોલ્યો કે, "હે કૃષ્ણ! તમારા સાંત્વનથી હવે સર્યું, કારણ કે જ્યારે તમારા પુત્રોએ મને માર્યો ત્યારે મેં સર્વે લોક સહિત દ્વારકા નગરીને બાળી નાંખવાનું નિયાણું (સંકલ્પ) કરેલ છે. તેમાંથી તમારા બે વિના બીજા કોઈનો છુટકારો થશે નહીં."

આ પ્રમાણેના તેમના વચન સાંભળીને બળદેવે શ્રીકૃષ્ણને નિષેધ કરીને કહ્યું કે, "હે બાંધવ ! એ સંન્યાસીને વૃથા શા માટે મનાવવો છે ? જેમના મુખ, ચરણ, નાસિકા અને હાથ વાંકા હોય, જેમના હોઠ, દાંત અને નાસિકા સ્થૂલ હોય, જેઓની ઈન્દ્રિયો વિલક્ષણ હોય અને જે હીન અંગવાળા હોય તેઓ કદી પણ શાંતિ પામતા નથી. આ વિષે એને બીજું કહેવાનું પણ શું છે ? કારણ કે ભાવી વસ્તુનો નાશ કોઈ પણ રીતે થતો નથી અને સર્વજ્ઞનું વચન અન્યથા થતું નથી."

પછી શ્રીકૃષ્ણ સશોક વદને ઘેર આવ્યા અને દ્વારકામાં તે દ્વૈપાયનના નિયાણાની વાત ફેલાઈ ગઈ.

બીજે દિવસે શ્રીકૃષ્ણે દ્વારકામાં ઘોષણા કરાવી કે, "હવેથી સર્વ લોકોએ ધર્મમાં વિશેષ રીતે તત્પર રહેવું." પછી સર્વજનોએ તે પ્રમાણે આરંભ કર્યો, તેવામાં ભગવાન નેમિનાથ પણ રૈવતાચલ ઉપર આવીને સમોસર્યા. તે ખબર સાંભળીને શ્રીકૃષ્ણ ત્યાં ગયા અને જગતની મોહરૂપી મહાનિદ્રાને દૂર કરવામાં રવિની કાંતિ જેવી ધર્મદેશના સાંભળવા લાગ્યા. ધર્મદેશના સાંભળીને પ્રદ્યુમ્ન, શાંબ, નિષેધ, ઉલ્મુક અને સારણ વગેરે કેટલાય કુમારોએ દીક્ષા લીધી તેમજ રુક્મિણી અને જાંબુવતી વગેરે ઘણી યાદવોની સ્ત્રીઓએ પણ સંસાર ઉપર ઉદ્વેગ પામીને પ્રભુની પાસે દીક્ષા લીધી.

પછી શ્રીકૃષ્ણના પૂછવાથી પ્રભુએ કહ્યું કે, "દ્વૈપાયન આજથી બારમે વર્ષે દ્વારકાનું દહન કરશે." તે સાંભળીને શ્રીકૃષ્ણ ચિંતા કરવા લાગ્યા કે, "તે સમુદ્રવિજય વગેરેને ધન્ય છે કે જેઓએ આગળથી જ દીક્ષા લીધી છે અને હું કે જે રાજ્યમાં લુબ્ધ થઈને દીક્ષા લીધા વિના પડ્યો રહ્યો છું. મને ધિક્કાર છે."

દ્વૈપાયન મૃત્યુ પામીને અગ્નિકુમાર નિકાયમાં દેવપણે ઉત્પન્ન થયો. પૂર્વનું વૈર સંભારીને તત્કાળ દ્વારકામાં આવ્યો. ત્યાં સર્વ લોકો ચતુર્થ, છઠ્ઠ, અઠ્ઠમ વગેરે તપતત્પર અને દેવપૂજામાં આસક્ત તેના જોવામાં આવ્યા. તેથી ધર્મના પ્રભાવથી તે કાંઈ પણ ઉપસર્ગ કરવાને અશક્ત થયો. તેથી તેમના છિદ્ર જોતો જોતો તે અગિયાર વર્ષ સુધી રાહ જોતો રહ્યો.

### ધર્મક્રિયાની પ્રચંડ તાકાત

તપ, ત્યાગ, વ્રત, જપ વગેરે સ્વરૂપ ધર્મક્રિયાઓની તાકાત કેટલી જોરદાર હોય છે તે વાત દ્વારિકાદહનને અગિયાર વર્ષ સુધી અટકાવી દેતાં પ્રસંગ ઉપરથી આપણે સમજવી જોઈએ. જો કે અહીં તો ધર્મની પાછળ સાક્ષાત્ મોક્ષનો અભિલાષ નથી છતાં પણ જો તે(ધર્મક્રિયા)માં દૈવીબળોને પણ 'રુક-જાઓ'નો આદેશ આપવાની તાકાત હોય તો મોક્ષના એકમાત્ર લક્ષવાળા, વિધિ અને શુદ્ધિવાળા શાસ્ત્રસાપેક્ષ ધર્મમાં તો કેટલું બધું બળ હોય ! એના દ્વારા સ્વાત્મા ઉપર ત્રાટકતાં કર્મના પ્રચંડ બળોને; દેશ, સમાજ કે કુટુંબ ઉપર ત્રાટકતાં બાહ્ય બળોને કે ધર્મસંસ્થાઓને છિન્નભિન્ન કરતાં આસુરી બળોને 'રુક-જાવ'નો આદેશ આપવાની શક્તિ ધરબાયેલી હોય તો તેમાં શી નવાઈ છે !

મોક્ષલક્ષી સદ્ધર્મ દ્વારા આત્મામાં સૂક્ષ્મની પ્રચંડ તાકાત પેદા થાય છે. આવી તાકાતથી જ વર્તમાનકાલીન ધર્મનાશક સ્થૂળ, સ્થૂળતમ પરિબળોને હવે નાથી શકાશે. ધર્મના બાહ્ય સ્થૂળ બળોથી મુકાબલો કરવામાં સફળતા મળવાની શક્યતા ઘણી ઓછી લાગે છે.

જો દેવપ્રેરિત દ્વારિકાના દહનને ધર્મથી અટકાવી શકાયું છે તો માનવપ્રેરિત આર્યસંસ્કૃતિના દહનકાર્યને ધર્મબળે કેમ અટકાવી ન શકાય? હા, હવે આપણે તે કામ કરવું જોઈએ. તે માટે સૂક્ષ્મ ધર્મને આરાધવો જોઈએ. ધર્મોની સ્થૂળ ઉપાસના દ્વારા સૂક્ષ્મ ઉપાસનામાં પ્રવેશ કરવો જોઈએ, કેમકે

સૂક્ષ્મમાં જે તાકાત છે એ ઘણી વિરાટ છે અને ઘણી તેજ છે.

હા, સૂક્ષ્મ પરિબળોની પેદાશ માટેની શરૂઆત તો પરમાત્મભક્તિ અને જીવમૈત્રીથી જ કરી શકાશે.

### સૂક્ષ્મનું પ્રચંડ બળ

તાકાત ક્રોધની કેટલી ? અને મૌનની કેટલી ?

કાગળ લખેલો કેટલો વંચાય ? અને કોરો કેટલો વંચાય ?

બોલે વક્તા કેટલું ? અને સંત મૌન રાખે કેટલું ?

વિશ્વના માનવોને બોલવામાં, દોડવામાં, ઘણું કામ કરવામાં સક્રિયતા દેખાય છે. જે બોલતો ન હોય, દોડાદોડ કરતો ન હોય, નિષ્ક્રિય બનીને બેસી રહેતો હોય એ નકામો, આળસુ ગણાય છે.

અધ્યાત્મના સૂક્ષ્મ વિશ્વની સમજણ આથી સાવ જુદી છે. એ તો એવું માને છે કે ક્રોધ કરતા મૌનની, દોડાદોડ કરતા ઈશ્વર-પ્રણિધાનની, લખેલા કાગળ કરતા કોરા કાગળની તાકાત ઘણી વધુ છે. ક્રોધના આગનીતરતા શબ્દોથી પિતા પોતાના પુત્રને કદી સુધારી શકતો નથી. પુત્રને જો સુધારી શકાશે તો બેઠા મૌનથી, હોઠ સદા માટે સીવી રાખવાથી જ સુધારી શકાશે.

'ધી હેરમીટ ઈન હિમાલયાઝ' નામના પુસ્તકમાં લેખક પોલ બ્રન્ટોને એક વાત જણાવી છે કે, '**Stillness is Strength**.' સ્થિરતા એ તાકાત છે, તાકાતની જનેતા છે. આ સિદ્ધાંતને સાબિત કરતાં તેણે જણાવ્યું છે કે મોટા મોટા મકાનો અને વડલાઓને ઊંચકીને પછાડી નાંખતા ભયાનક વંટોળિયામાં એટલી બધી તાકાત આવે છે ક્યાંથી ? એ તાકાતનું ઉત્પત્તિ-સ્થાન તે વંટોળના ઉદ્ગમ-સ્થાન ઉપરના નાનકડા જ બિંદુમાં છે. વાયુનું એ વર્તુળ કોઈ રણની રેતીમાં સ્થિરપ્રાયઃ બનીને જે ચક્કર કાપે છે ત્યાં જ તેની પ્રચંડ તાકાત છે. ધીમે ધીમે એ તાકાત વિકસતી જાય છે. વાયુ વધુ ને વધુ વેગ પકડતો પકડતો અંતે ભયાનક વંટોળમાં ફેરવાઈ જાય છે.

વંટોળની અંધાધૂંધ સક્રિયતાની જનેતા તો નાનકડા વાયુની સ્થિરતામાં જ પડેલી છે.

આ ઉપરથી સાબિત થાય છે કે સ્થૂલની  તાકાત પણ સૂક્ષ્મમાં છે.

હાથી ગમે તેટલો સ્થૂલ હોય પણ તાકાત તો તેનાથી ઘણા સૂક્ષ્મ મહાવતમાં છે. મહાવત કરતાં ય વધુ તાકાત સૂક્ષ્મ અંકુશમાં છે. અંકુશ કરતાં ય વધુ તાકાત સૂક્ષ્મતમ બુદ્ધિમાં છે.

જેની પાસે સૂક્ષ્મનું સ્થિર બળ છે તેનું અસ્તિત્વ માત્ર પ્રચંડ સક્રિયતા ઉત્પન્ન કરે છે. ગગનમાં સૂર્યના અસ્તિત્વ માત્રથી ધરતીના અબજો લોકોમાં, અનંત કીટાણુંઓમાં કેવી જોરદાર સક્રિયતા આવી જાય છે !

સ્થૂલનો જ સ્વામી મંચ ઉપર આવે, બૂમબરાડા પાડે તો ય સભાજનો માંડ શાંત પડે. પણ કોઈ સૂક્ષ્મના સ્વામીને મંચ ઉપર લાવો. એ હાથ હલાવવા જેટલો જ સક્રિય થશે કે તરત સભાજનો શાંત થઈ જશે.

પણ કોઈ સૂક્ષ્મતમ બળના સ્વામીને મંચ ઉપર લાવો. એને તો હાથ હલાવવા જેટલી ય ક્રિયા નહિ કરવી પડે. મંચ ઉપરના એના અસ્તિત્વમાત્રથી સભાજનોમાં નિઃસ્તબ્ધ શાંતિ છાઈ જશે.

આપણે જો જગતને જગાડવું હોય, મોહનિદ્રામાંથી બહાર કાઢવું હોય તો વધુ ને વધુ સ્થૂળ બળોનો આશ્રય લેવાનું બંધ કરવું જોઈએ. આ બળોથી વિજય પામવાની આપણી શ્રદ્ધાને આપણે ખતમ કરી દેવી જોઈએ.

તેવી સ્થિતિ ન આવે ત્યાં સુધી ભલે આપણે સ્થૂળ પરિબળોના આશ્રિત બનીએ પણ તેની સાથે જ સૂક્ષ્મ બળોના ઉત્પાદન માટે નાનકડું પણ તંત્ર આપણે ગોઠવી દેવું જોઈએ.

ભલે ઉપદેશ દેવો પડે, લેખો લખવા પડે, બૂમબરાડા પાડવા પડે પણ જેવું તે કામ પત્યું કે તરત જ પરમાત્માની-માતાની ગોદમાં જ ચાલ્યા જવાનું.

સ્થૂલમાંથી છુટ્યા કે તરત જ અરિહંતના શરણમાં, સૂક્ષ્મતમ બળોના સર્જનની આરાધનામાં.

સ્થૂલમાં જ રાચીશું, સૂક્ષ્મને અવગણીશું તો મોત તો બગડવાનું હશે ત્યારે બગડશે પણ સ્થૂલ અંગેનું 'મિશન' પણ નિષ્ફળ જઈને જ રહેશે.

સૂક્ષ્મ બળોના પ્રાગટ્ય તરફ દુર્લક્ષ સેવતાં મહાત્માઓ ચાહે તેટલો સ્થૂલ અને સ્થૂલતમ પરિબળોનો પથારો ધરતી ઉપર પ્રસારી દે પણ અંતે તો પછડાટ જ ખાય છે. કોઈ અગમ્ય રીતે એમનું તંત્ર એકાએક ઉથલી પડે છે. તેઓ માર ખાઈ જાય છે.

આવી પછડાટ ખાવા પાછળ બાહ્ય જગતનું કોઈ પણ કારણ એ તો માત્ર નિમિત્ત કારણ જ હોય છે. હકીકતમાં તો સૂક્ષ્મ બળનું દેવાળું જ મુખ્ય કારણ હોય છે. પણ એમને ય કેટલીક વાર પછડાટ ખાધા પછી ય આ કારણ જડતું જ નથી એટલે પેલા નિમિત્ત કારણો સાથે માથાં અફાળવાના વધુ સ્થૂલતમ બળોના વિષચક્રમાં ફસાઈ પડવા જેટલી દયાપાત્ર દશા ઊભી થાય છે.

ત્રિલોકગુરુ પરમાત્મા મહાવીરદેવ ! વિશ્વમાત્રને મોક્ષમાર્ગે દોડતા-એકદમ સક્રિય-કરી દેવાની તીવ્રતમ કરુણાના સ્વામી હતા. પણ જ્યારે વાઘા બદલ્યા ત્યારે વિશ્વમાં ઘૂમવાને બદલે તેઓ વનમાં ચાલ્યા ગયા, ખૂબ બોલવાને બદલે મૌન થઈ ગયા, દોડાદોડ કરવાને બદલે કાયોત્સર્ગમાં સ્થિર થઈ ગયા, કેમકે પ્રભુને સૂક્ષ્મ બળો જાગ્રત કરવા હતા. અને...તે દિ'થી માત્ર ત્રીસ વર્ષના ગાળામાં પરમાત્માએ કરોડો માનવો અબજો કલાકોમાં જે ન કરી શકે તે કર્યું. આજે ૨૫૦૦ વર્ષે પણ પ્રભુના એ સૂક્ષ્મતમ બળોનું જાગરણ જગતનું જાગરણ કરી જ રહ્યું છે. હજારો વર્ષો સુધી એ જાગરણ અવિરતપણે ચાલુ રહેશે.

આ છે; સૂક્ષ્મ બળોના પ્રાગટ્યના પ્રતિભાવો.

સ્થૂળમાં જ જન્મેલા અને સ્થૂળમાં જ જીવતા આપણને સૂક્ષ્મના બળોની તાકાતમાં જો શ્રદ્ધા બેસી જાય તો સ્થૂલની પાછળ આપણી બરબાદ થતી ઘણી શક્તિઓ ઉગરી જાય અને એ જ વિરાટ શક્તિઓ દ્વારા સૂક્ષ્મનું પ્રાગટ્ય કરીને વિશ્વમાત્રના કલ્યાણમાં આપણે અલ્પ હિસ્સો પણ નોંધાવી શકીએ.

**દ્વારકા-દહન**

જ્યારે બારમું વર્ષ આવ્યું ત્યારે લોકોએ વિચાર્યું કે, "આપણા તપથી દ્વૈપાયન ભ્રષ્ટ થઈને નાસી ગયો અને આપણે જીવતા રહ્યા, માટે હવે આપણે સ્વેચ્છાએ રમીએ. પછી મદ્યપાન કરતા અને અભક્ષ્ય ખાતા તેઓ સ્વેચ્છાએ ક્રીડા કરવામાં પ્રવર્ત્યા. તે વખતે છિદ્રને જોનારા દ્વૈપાયનને અવકાશ મળ્યો એટલે તેની કટુ દૃષ્ટિથી તત્કાળ કલ્પાંત કાળના જેવા અને યમરાજા દ્વારા થતાં વિવિધ ઉત્પાતો દ્વારકામાં ઉત્પન્ન થયા. આકાશમાં ઉલ્કાપાતના નિર્ધાર થવા લાગ્યા. પૃથ્વી કંપવા લાગી. ગ્રહોમાંથી ધૂમકેતુને વિડંબના પમાડે તેવા ધૂમ છૂટવા લાગ્યા. અંગારાની વૃષ્ટિ થવા લાગી. સૂર્યમંડળમાં છિદ્ર જોવામાં આવ્યું. સૂર્ય-ચંદ્રના અકસ્માત્ ગ્રહણો થવા લાગ્યા. મહેલોમાં રહેલી લેપ્યમય પૂતળીયો અટ્ટહાસ્ય કરવા લાગી. ચિત્રમાં આલેખેલા દેવતાઓ ભ્રુકુટિ ચઢાવીને હસવા લાગ્યા અને નગરીમાં પણ હિંસક જાનવરો વિચરવા લાગ્યા. એ વખતે તે દ્વૈપાયન દેવ પણ અનેક શાકિની, ભૂત અને

વેતાલ વગેરેથી પરવર્યો નગરીમાં ભમવા લાગ્યો. નગરજનો સ્વપ્નોમાં રક્ત વસ્ત્ર અને રક્ત વિલેપનવાળા કાદવમાં મગ્ન થયેલા અને દક્ષિણાભિમુખ ખેંચાતા પોતાના આત્માને જોવા લાગ્યા. રામ અને કૃષ્ણના હળ અને ચક્ર વગેરે આયુધરત્નો નાશ પામી ગયા. પછી દ્વૈપાયને સંવર્ત વાયુ વિકુર્વ્યો. તે વાયુએ કાષ્ઠ અને તૃણ વગેરે સર્વ તરફથી લાવી લાવીને નગરીમાં નાંખ્યા અને જે લોકો ચારે દિશાઓમાં નાસવા માંડ્યા તેઓને પણ પાછા નગરીમાં લાવી લાવીને નાંખ્યા. વળી તે પવને આઠે દિશાઓમાંથી વૃક્ષોને ઉન્મૂલન કરી લાવીને સમગ્ર દ્વારકા નગરીને કાષ્ઠ વડે પૂરી દીધી. સાઠ કુલકોટી બહાર રહેનારા અને બોંતેર કુલકોટી દ્વારકામાં રહેનારા એમ સર્વે યાદવોને દ્વારકામાં એકઠા કરીને એ દ્વૈપાયન અસુરે અગ્નિ પ્રકટ કર્યો. એ અગ્નિ પ્રલયકાળના અગ્નિની જેમ પોતાના ઘાટા ધુમાડાથી આખા વિશ્વમાં અંધકાર કરતો, ધગ ધગ શબ્દ કરતો પ્રજ્વલિત થયો. બાળકથી તે વૃદ્ધ સુધીના બધા લોકો જાણે બેડી વડે કેદ કરેલા હોય તેમ એક પગલું પણ ત્યાંથી ચાલવાને સમર્થ થયા નહીં. સર્વે પિંડાકાર પણ એક થઈ રહ્યા.

તે વખતે બળદેવે અને શ્રીકૃષ્ણે વસુદેવ, દેવકી અને રોહિણીને અગ્નિમાંથી બહાર કાઢવાને માટે રથમાં બેસાડ્યા. પણ વાદી જેમ સર્પને સ્તંભિત કરે તેમ દેવતાએ સ્તંભિત કરેલા અશ્વો અને વૃષભો ત્યાંથી જરા પણ ચાલી શક્યા નહિ. પછી રામ, શ્રીકૃષ્ણ ઘોડા અને વૃષભને છોડી દઈને પોતે જ રથને ખેંચવા લાગ્યા. એટલે તે રથની ધરી તડ તડ શબ્દ કરતી લાકડાના કકડાની જેમ ભાંગી પડી તો પણ તેઓ 'હે રાજા બળદેવ ! હે કૃષ્ણ ! અમારું રક્ષણ કરો, રક્ષણ કરો' એમ દીનપણે પોકાર કરતાં માતા-પિતાને બચાવવા માટે અતિ સામર્થ્યથી તે રથને માંડ માંડ નગરના દરવાજા પાસે લાવ્યા એટલામાં તેના બંને કમાડ બંધ થઈ ગયા. રામે પગની પાનીના પ્રહારથી તે બંને કમાડને લીલામાત્રમાં ભાંગી નાંખ્યા તો પણ તો પણ જાણે પૃથ્વીએ ગ્રસ્ત કર્યો હોય તેમ જમીનમાં ખૂંચી ગયેલો રથ બહાર નીકળી શક્યો નહીં.

તે વખતે દ્વૈપાયન દેવે આવીને કહ્યું, "અરે બળદેવ-શ્રીકૃષ્ણ ! તમને આ શો મોહ થયો છે ? મેં તમને પૂર્વે કહ્યું હતું કે તમારા વિના બીજા કોઈનો અગ્નિમાંથી મોક્ષ થવાનો નથી, કારણ કે મેં તેને માટે મારું મહાતપ વેચી દીધું છે, અર્થાત્ નિયાણા વડે નિષ્ફળ કરી નાંખ્યું છે."

તે સાંભળીને તેમના માતાપિતા બોલ્યા, "હે વત્સો ! હવે તમે ચાલ્યા જાવ. તમે બે જીવતા રહેશો તો બધા યાદવો જીવતા જ છે. માટે હવે વધારે પુરુષાર્થ કરો નહીં. તમે તો અમને બચાવવા માટે ઘણું કર્યું પરંતુ ભવિતવ્યતા બળવાન અને દુલંઘ્ય છે. અમે અભાગિયાઓએ પ્રભુની પાસે દીક્ષા લીધી નહી, તો હવે અત્યારે અમે અમારા કર્મનું ફળ ભોગવીશું."

તેમણે આ પ્રમાણે કહ્યું તો પણ જ્યારે બળદેવ અને શ્રીકૃષ્ણ તેમને મૂકીને ગયા નહીં ત્યારે વસુદેવ, દેવકી અને રોહિણીએ કહ્યું કે, "અત્યારથી અમારે ત્રિજગદ્ગુરુ શ્રીનેમિનાથનું જ શરણ છે. અમે ચતુર્વિધ આહારના પચ્ચક્ખાણ કરીએ છીએ અને શરણેચ્છુ એવા અમે અર્હત્, સિદ્ધ, સાધુ અને અર્હત્કથિત ધર્મનું શરણ અંગીકાર કરીએ છીએ. અમે કોઈના નથી અને કોઈ અમારું નથી."

આ પ્રમાણે આરાધના કરીને તેઓ નવકારમંત્રના ધ્યાનમાં તત્પર થયા એટલે દ્વૈપાયને તેમની ઉપર અગ્નિના મેઘની જેમ અગ્નિ વરસાવ્યો જેથી તે ત્રણે તત્કાળ મૃત્યુ પામીને સ્વર્ગે ગયા. પછી બળદેવ અને શ્રીકૃષ્ણ નગરીની બહાર નીકળીને જીર્ણોદ્યાનમાં ગયા અને ત્યાં ઊભા રહીને બળતી દ્વારકાપુરીને જોવા લાગ્યા.

દ્વારકાની અંદર અગ્નિ વડે બળવાથી માણેકની દીવાલો પાષાણના ખંડની જેમ ચૂર્ણ થતી હતી.

ગોશીર્ષચંદનના સ્તંભ પરાળની જેમ ભસ્મ થતા હતા. કિલ્લાના કાંગરાઓ તડ તડ શબ્દ કરતા તૂટી પડતા હતા અને ઘરોના નળિયાં ફટ્ ફટ્ શબ્દ કરતાં ફૂટતાં હતા. સમુદ્રમાં જળની જેમ અગ્નિજ્વાળાઓમાં જરા પણ અંતર હતું નહીં. પ્રલયકાળમાં જેમ સર્વત્ર એકાર્ણવ થઈ જાય તેમ સર્વે નગરી એકાનલરૂપ થઈ ગઈ હતી. અગ્નિ પોતાની જ્વાળાથી નાચતો હતો, પોતાના શબ્દોથી ગર્જના કરતો હતો અને વિસ્તાર પામતા ધુમાડાના બહાનાથી નગરજન રૂપ માછલાંની ઉપર જાણે જાળ પાથરતો હોય તેવો દેખાતો હતો.

### જલતી દ્વારકામાંથી બળદેવ અને કૃષ્ણની વિદાય

આ પ્રમાણેની દ્વારકાની સ્થિતિને જોઈને શ્રીકૃષ્ણે બળભદ્રને કહ્યું, ‘‘નપુંસક જેવા મને ધિક્કાર છે કે હું તટસ્થ રહીને આ મારી નગરીને બળતી જોઉં છું. આર્ય બંધુ ! જેમ આ નગરીની રક્ષા કરવાને હું સમર્થ નથી તેમ તેને જોવાને પણ હું ઉત્સાહ રાખતો નથી, માટે કહો, હવે આપણે ક્યાં જઈશું ? કેમકે સર્વત્ર આપણા વિરોધી રાજાઓ છે.’’

બલદેવ બોલ્યા, ‘‘ભાઈ ! આ વખતે આપણા ખરા સગા, સંબંધી, બાંધવ કે મિત્ર પાંડવો જ છે, માટે તેમને ઘેર જઈએ.’’

શ્રીકૃષ્ણે કહ્યું, ‘‘આર્ય ! મેં પ્રથમ તેમને દેશનિકાલ કર્યા હતા તો એ અપકારની લજ્જાએ આપણે ત્યાં શી રીતે જઈશું ?’’

બળદેવ બોલ્યા, ‘‘સત્પુરુષો પોતાના હૃદયમાં ઉપકારને જ ધારણ કરે છે. તેઓ નઠારાં સ્વપ્નોની જેમ કદી પણ અપકારને તો સંભારતા જ નથી. હે ભ્રાતા ! આપણે અનેકવાર સત્કારેલા એવા પાંડવો કૃતજ્ઞ હોવાથી આપણી પૂજા કરશે. તેના સંબંધમાં બીજો વિચાર લાવશે નહીં.’’

આ પ્રમાણે બળદેવે કહ્યું એટલે શ્રીકૃષ્ણ પાંડવની પાંડુમથુરા નગરીને ઉદ્દેશીને નૈર્ઋત્ય દિશા તરફ ચાલ્યા.

અહીં દ્વારકા નગરી બળતી હતી તે વખતે બળદેવનો પુત્ર કુબ્જવારક જે ચરમશરીરી હતો તે મહેલના અગ્રભાગ ઉપર ચડી ઊંચા હાથ કરીને આ પ્રમાણે બોલ્યો કે, ‘‘આ વખતે હું શ્રી નેમિનાથનો વ્રતધારી શિષ્ય છું. મને પ્રભુએ ચરમશરીરી અને મોક્ષગામી કહ્યો છે. જો અર્હત્‌ની આજ્ઞા પ્રમાણે હોય તો હું અગ્નિથી કેમ બળું ?’’

આવી રીતે તે બોલ્યો એટલે જૃંભક દેવતાઓ તેને ત્યાંથી ઉપાડી પ્રભુની પાસે લઈ ગયા. તે વખતે શ્રી નેમિપ્રભુ પાંડવના દેશમાં સમોસર્યા હતા ત્યાં જઈને તે કુબ્જવારકે દીક્ષા લીધી. જે બળદેવ, શ્રીકૃષ્ણની સ્ત્રીઓએ દીક્ષા લીધી નો’તી તેઓ શ્રી નેમિનાથને સંભારતી અનશન કરીને અગ્નિના ઉપદ્રવ વડે જ મૃત્યુ પામી ગઈ. એ અગ્નિમાં કુલકોટી બોંતેર યાદવો બળીને ભસ્મ થઈ ગયા. છ માસ સુધી દ્વારકા નગરી બળ્યા કરી, પછી તેને સમુદ્રે જળ વડે પ્લાવિત કરી નાંખી.

### દારૂની ભયાનકતા

દારૂ કેટલી ખરાબ ચીજ છે ? તે મહાભારતની કથાના પ્રસ્તુત પ્રસંગ ઉપરથી સ્પષ્ટ સમજાય છે. સાતેય વ્યસનોમાં સૌથી વધુ ખરાબ દારૂ છે, કેમકે એની લતે ચડેલો માણસ બાકીના છયે વ્યસનોનો શિકાર બની જાય છે.

જે અધિકારી વર્ગને દારૂના દૈત્યની ભયાનકતા સમજાઈ છે તેમણે પોતાના શાસનકાળમાં દારૂને પ્રજામાંથી દેશવટો અપાવ્યો છે. આ વાત ગાંધીજી સમજ્યા હતા તેથી જ તેમણે પ્રજાસત્તાક ભારતના બંધારણમાં સમગ્ર ભારતમાં દારૂબંધીનો સખત અમલ જણાવતી આદેશાત્મક કલમ મુકાવી હતી.

પણ અફસોસ ! તેમાં આબાદ રીતે ગોઠવવામાં આવેલી છટકબારીઓના કારણે એ અમલ ધરાર નિષ્ફળ ગયો છે અને હવે તો કરોડો રૂપિયા કમાવી આપતો હોવાથી દારૂનો ધંધો સરકારે પરમિટો આપીને ચોફેર વિકસાવ્યો છે. દારૂબંધીનો અમલ લગભગ દૂર થઈ ગયો છે.

પૈસા ખાતર પ્રજાને દારૂ પાતી સરકાર ! ભારતના વડાપ્રધાનને જો દારૂપાન કરતાં કુટુંબોમાં થતી કારમી મારપીટ જોવા મળે, ત્યાં કાયમી ઘર કરી ગયેલી ગરીબી નજરે દેખવા મળે, ત્યાંના બાળકોના ભૂખમરો અને નગ્નતા તેમની આંખે ચડે તો કદાચ દારૂના દૈત્યની ભયાનકતા સમજાય; જો તેમના હૈયે ભગવાન હોય તો.

ક્યારે આવશે એ દિન, જ્યારે હૈયે ભગવાનવાળો કોઈ ભારતનો વડાપ્રધાન બનશે ? અને ગુપ્તવેષે ઝૂંપડપટ્ટીની દુનિયાના દર્શને નીકળશે !

રવીન્દ્રનાથ ટાગોરે દારૂ કેટલો ભયંકર દૈત્ય છે તે અંગે બહુ સુંદર દૃષ્ટાંતથી સમજાવ્યું છે, જે આ પ્રમાણે છે :

બે જિગરજાન મિત્રો હતા. એક ખૂબ સરળ હતો, બીજો અત્યંત ઈર્ષ્યાળુ હતો. પોતાના જિગરી દોસ્તના કૌટુંબિક સુખ-શાંતિને પણ તે જોઈ શકતો નહિ. એક વાર તેણે એ શાંતિમાં સળગતો પૂળો નાંખી દીધો.

તેણે તેના મિત્રને કહ્યું, 'તું મારી એક વાત માન કે આજે ખૂબ દારૂ પી.' પેલાએ સાફ ના પાડી એટલે તે મિત્રે કહ્યું કે,'તો બીજી વાત માન કે તું તારા બાપુજીને ખૂબ માર.'

તે વાતનો અમલ કરવાની પણ તે મિત્રે સાફ ના પાડી ત્યારે રિસાઈને ત્રીજી વાત માનવા માટે કહ્યું કે, 'તારી વહાલી પત્નીનું ખૂન કર.'

હવે પેલો સરળ મિત્ર અકળાયો. તેણે તેને કહ્યું, "આજે તને થયું છે શું કે તું આવી નકામી વાતો મારી પાસે રજૂ કરે છે !"

ત્યારે પેલા ઈર્ષ્યાળુ મિત્રે કહ્યું,"તારે જેમ કહેવું હોય તેમ તું કહે, પણ તારે તે ત્રણમાંથી કોઈ પણ એક વાતનો તો આજે અમલ કરવો જ પડશે. જો તેમ નહિ કરે તો હું તારી સાથેની મૈત્રીનો સદંતર ત્યાગ કરીશ."

અને...સરળ મિત્રે નમતું જોખીને દારૂ પીવાની વાત કબૂલ કરી. તેને લાગ્યું કે તેથી થોડો નશો ચડશે, બીજું શું થઈ જવાનું છે !

મિત્રે તેને પોતાના ઘેર ખૂબ દારૂ પાયો, પછી તેને ઘેર રવાના કર્યો. તેના બદલાઈ ગયેલા રંગ જોઈને માતાપિતા ખૂબ અકળાઈ ગયા અને તેને સખત ઠપકો આપવા લાગ્યા. પેલાથી તે સહન ન થયું. તે લાકડી લઈને માતાપિતાને જોરજોરથી ફટકારવા લાગ્યો. માબાપ ચીસો પાડવા લાગ્યા. તે સાંભળીને પડોશીને ત્યાં ગયેલી તેની પત્ની દોડી આવી. તેણે પતિને ઠપકો આપ્યો, તે વચમાં પડી. આથી પતિ ખૂબ ઉશ્કેરાયો. દોડીને રસોડામાંથી છરી લઈ આવ્યો અને પત્ની ઉપર હુમલો કરીને, વારંવાર છરીઓ મારીને તેને મારી નાંખી.

ઈર્ષ્યાળુ મિત્રે જણાવેલી ત્રણેય વાતનો અમલ થઈ ગયો !

દારૂપાનનું એક પાપ બધા પાપોને ખેંચી લાવે.

ભારત સરકાર કહે છે કે દારૂ છૂટો મૂકવાથી અમને કરોડોની આવક થાય છે પણ તેને એ વાતનો ખ્યાલ કેમ આવતો નથી કે છૂટો મુકાયેલો પાંચ રૂપિયાનો દારૂ કોઈ રેલ્વે ફાટકનો સાંધાવાળો પીએ અને તેના નશાને કારણે ટ્રેનને તે ઝંડી બતાવવાનું ભૂલી જાય તો આવી એક જ

વખતની ભૂલમાં જે એક્સિડન્ટ થાય તેનાથી કરોડો રૂપિયાનું નુકસાન થાય અને જાનહાનિ થાય તે તો વધારામાં.

પણ ના...હવે આ વાત ખૂબ આગળ વધી ગઈ છે. આને માનવીય બળોથી રોકવાનું કામ ખૂબ મુશ્કેલ બની ગયું છે.

મહાભારતની કથાની દારૂમાંથી જાગેલી યાદવાસ્થળી અને તેના કારણે શ્રીકૃષ્ણ જેવાની હાજરીમાં થયેલો યાદવકુળનો સર્વનાશ; રે ! શ્રીકૃષ્ણનું પણ મૃત્યુ તે દેશમાં દારૂબંધી સત્વર લાવવા માટેનો કેટલો જબ્બર, કેવો પ્રેરક બોધપાઠ છે !

પણ બહેરાના કાને આ શબ્દો શી રીતે અથડાશે ?

વળી આ પણ કેવી કમાલ ! અગિયાર વર્ષ સુધી તો લગાતાર સહુએ ધર્મ આરાધ્યો અને છોડ્યો ત્યારે બધાએ એકીસાથે છોડી દીધો.

પેલા સુભૂમ ચક્રવર્તીની પાલખી જેવું થયું. દરિયા ઉપરથી દેવો તેની પાલખી લઈને જઈ રહ્યા હતા. એકીસાથે બધાને એક જ વિચાર આવ્યો કે,'હું એકલો પાલખી છોડી દઈશ તો પાલખી થોડી સમુદ્રમાં પડી જશે ?' આ વિચારે બધાએ એકીસાથે પાલખી છોડી અને બિચારો સુભૂમ ! દરિયામાં ડૂબી મર્યો, સીધો સાતમી નરકમાં ગયો !

એકવાર સમ્રાટ અકબરે આખા નગરને આદેશ કર્યો કે, 'દરેકે એક એક ગ્લાસ દૂધ અમુક ખાલી હોજમાં નાંખી જવું.' દરેક નગરજને વિચાર્યું કે, 'કદાચ હું એકલો પાણી ભરેલો ગ્લાસ હોજમાં નાંખી આવીશ તો કોઈને થોડી ખબર પડી જશે ?'

બીજે દિ' અકબર બાદશાહે આખો હોજ માત્ર પાણીથી ભરાયેલો જોયો !

શાસ્ત્રકાર પરમર્ષિઓ કહે છે કે કેટલીક વાર જે આખા સમુદાયે એકીસાથે પાપ બાંધ્યું હોય તેને એકીસાથે જ તેનું દુષ્ટ ફળ પ્રાપ્ત થતું હોય છે.

સિનેમાના પડદા ઉપરના કેટલાક દૃશ્યો વખતે આખો પ્રેક્ષક-વર્ગ એકીસાથે કામની કે ક્રોધની અશુભ લાગણીને સ્પર્શીને જે અશુભ કર્મ બાંધે છે તેના કારણે ક્યારેક એવું પણ બની જાય કે તે પ્રેક્ષક-વર્ગના બધા આત્માઓ અમુક જ જગ્યાએ એકત્રિત થાય, જન્મ લે, જીવન જીવે અને ત્યાં જ ધરતીકંપ વગેરે થતાં તે એકીસાથે ખલાસ થાય.

સગર ચક્રવર્તીના સાઇઠ હજાર પુત્રો 'અષ્ટાપદ તીર્થ'ની રક્ષાનું કાર્ય કરતાં એકીસાથે મૃત્યુ પામ્યા હતા. તેનું કારણ એ હતું કે તેઓ ભૂતપૂર્વ ભવમાં લૂંટારા હતા અને તેમણે એકીસાથે કોઈ તીર્થયાત્રાના સંઘ ઉપર આક્રમણ કરીને લૂંટ ચલાવવાનું પાપ બાંધ્યું હતું.

સામૂહિક પાપ ! સામૂહિક ફળ !

દ્વારિકાનું દહન થયું તેમાં જે આત્માઓ હોમાયા તેમણે એકીસાથે પૂર્વે પાપ કર્યું હતું કે કેમ તે જાણમાં નથી, પરંતુ તેમણે એકીસાથે દહનનિવારણના લક્ષપૂર્વક અગિયાર વર્ષે ખૂબ ધર્મ કર્યા બાદ તેનો પરિત્યાગ જરૂર કરી દીધો હતો.

### જરાકુમાર દ્વારા શ્રીકૃષ્ણની હત્યા

અહીં માર્ગે ચાલતાં શ્રીકૃષ્ણ હસ્તિકલ્પ નામના નગર પાસે આવ્યા એટલે તેમને ક્ષુધાની પીડા ઉત્પન્ન થઈ. તેથી તેમણે તે વાત બળદેવને જણાવી. બળદેવ બોલ્યા, "હે બાંધવ ! હું તમારા માટે ભોજન લેવા આ નગરમાં જાઉં છું, પરંતુ તમે અહીં પ્રમાદરહિત રહેજો. અને જો મને નગરમાં કાંઈ પણ કષ્ટ ઉત્પન્ન થશે તો હું સિંહનાદ કરીશ એટલે તમે તે સાંભળીને તરત ત્યાં આવજો."

આ પ્રમાણે કહીને બળદેવ નગરમાં પેઠા. તે વખતે નગરજનો તેમને જોઈને 'આ દેવાકૃતિ પુરુષ કોણ છે ?' એમ આશ્ચર્ય પામતા નીરખવા લાગ્યા. વિચાર કરતાં તેઓને સમજાયું કે દ્વારિકા અગ્નિથી બળી ગઈ છે તેથી તેમાંથી નીકળીને આ બળભદ્ર અહીં આવ્યા જણાય છે.

પછી બળભદ્રે કંદોઈની દુકાને જઈને આંગળીમાંથી મુદ્રિકા(વીંટી) આપીને વિવિધ ભોજન લીધું અને કલાલની દુકાને કડું આપીને મદિરા લીધી. તે લઈને બળદેવ જેવા નગરના દરવાજા તરફ ચાલ્યા તેવા જ રાજાના ચોકીદારો તેમને જોઈને વિસ્મય પામીને તે વાત જણાવવા માટે ત્યાંના રાજાની પાસે આવ્યા.

તે નગરમાં ધૃતરાષ્ટ્રનો પુત્ર અચ્છદંત રાજ્ય કરતો હતો. પૂર્વે પાંડવોએ કૃષ્ણનો આશ્રય લઈને જ્યારે સર્વ કૌરવોનો નાશ કર્યો ત્યારે માત્ર તેને બાકી રાખ્યો હતો.

રક્ષકોએ આવીને તે રાજાને કહ્યું કે, "કોઈ બળદેવના જેવો પુરુષ ચોરની જેમ મહામૂલ્યવાળું કડું અને મુદ્રિકા આપીને તેના બદલામાં આપણા નગરમાંથી મદ્ય અને ભોજન લઈને નગર બહાર જાય છે. તે બળદેવ હો કે કોઈ ચોર હો, પણ અમે આપને જાહેર કરીએ છીએ, તેથી હવે પછી અમારો કોઈ અપરાધ નથી."

આ પ્રમાણેના ખબર સાંભળીને અચ્છદંત સૈન્ય લઈને બળદેવને મારવા માટે તેની સમીપે આવ્યો અને નગરના દરવાજા બંધ કરાવી દીધા. તત્કાળ બળદેવ બધી વસ્તુ બાજુ પર તજી દઈને હાથીનો આલાનસ્થંભ ઉખેડીને સિંહનાદ કરીને શત્રુના સૈન્યને મારવા લાગ્યા.

સિંહનાદ સાંભળીને કૃષ્ણ ત્યાં આવવા દોડ્યા. દરવાજા બંધ જોઈને પગની પાનીના પ્રહારથી તેના કમાડને ભાંગી નાંખીને સમુદ્રમાં વડવાનલ પેસે તેમ તે નગરમાં પેઠા. કૃષ્ણે તે દરવાજાની જ ભોગળ લઈને શત્રુના તમામ સૈનિકોને મારી નાંખ્યા. પછી વશ થઈ ગયેલા અચ્છદંતને તેણે કહ્યું કે, "અરે મૂર્ખ ! હજુ અમારી ભુજાનું બળ ગયું નથી તે જાણવા છતાં પણ આ શું કર્યું ? માટે જા, હવે નિશ્ચિંત થઈને તારા રાજને ભોગવ. તારા આ અપરાધથી અમે તને છોડી મૂકીએ છીએ."

આ પ્રમાણે કહીને નગરીની બહાર આવીને તેઓએ ઉદ્યાનમાં બેસીને ભોજન કર્યું. પછી ત્યાંથી દક્ષિણ દિશા તરફ ચાલીને કૌશાંબી નગરીના વનમાં આવ્યા.

તે વખતે લવણ સહિત ભોજન કરવાથી, ગ્રીષ્મ ઋતુના યોગથી, શ્રમથી, શોક અને પુણ્યના ક્ષયથી શ્રીકૃષ્ણને ઘણી તૃષા લાગી હતી તેથી તેમણે બલરામને કહ્યું કે, "ભાઈ ! અતિ તૃષાથી મારું તાળવું સુકાય છે જેથી આ વૃક્ષની છાયાવાળા વનમાં પણ હું ચાલવાને શક્તિમાન નથી."

બળદેવે કહ્યું, "ભ્રાતા ! હું ઉતાવળે જળને માટે જાઉં છું માટે તમે અહીં વૃક્ષની નીચે વિશ્રાંત અને પ્રમાદરહિત થઈને ક્ષણવાર બેસો."

આ પ્રમાણે કહીને બળભદ્ર ગયા એટલે શ્રીકૃષ્ણ એક પગ બીજા પગ ઉપર ચઢાવીને પીળું વસ્ત્ર ઓઢીને કોઈ માર્ગમાં વૃક્ષની નીચે સૂતા અને ક્ષણમાં નિદ્રાવશ પણ થઈ ગયા.

બળદેવે જતાં જતાં પણ કહ્યું, 'હે પ્રાણવલ્લભ બંધુ ! જ્યાં સુધીમાં હું પાછો આવું ત્યાં સુધીમાં ક્ષણ વાર પણ તમે પ્રમાદી થશો નહીં.' પછી ઊંચું મુખ કરીને બળદેવ બોલ્યા કે, 'હે વનદેવીઓ ! આ મારા અનુજ બંધુ તમારે શરણે છે માટે એ વિશ્વવત્સલ પુરુષની રક્ષા કરજો.'

આ પ્રમાણે કહીને બળદેવ જળ લેવા ગયા એટલામાં હાથમાં ધનુષ્યને રાખતો, વ્યાઘ્રચર્મના વસ્ત્રો ધારણ કરતો અને લાંબી દાઢીવાળો શિકારી થયેલો જરાકુમાર ત્યાં આવ્યો. શિકારને માટે

ભમતાં ભમતાં જરાકુમારે શ્રીકૃષ્ણને આ પ્રમાણે સૂતેલા જોયા જેથી તેણે મૃગની બુદ્ધિથી તેમના ચરણતળમાં તીક્ષ્ણ બાણ માર્યું.

**પુણ્ય પરવારે ત્યારે**

ત્રિખંડાધિપતિ શ્રીકૃષ્ણ !

મહાભારતના યુદ્ધમાં પાંડવોને વિજય અપાવવામાં સૌથી મોટો ફાળો નોંધાવનાર શ્રીકૃષ્ણ !

દેવો જેનું સાન્નિધ્ય કરે, રાજાધિરાજો જેના ચરણો ચૂમે તે શ્રીકૃષ્ણ !

જેની દ્વારિકાને રાતોરાત દેવોએ રચી આપી તેવી દેવનગરી જેવી સમૃદ્ધ દ્વારિકાના સ્વામી શ્રીકૃષ્ણ !

પણ હાય ! તેમનું ય એક દિ' પુણ્ય પરવારી ગયું અને ત્યારે તેમણે જ બોલવું પડ્યું કે, 'નપુંસક જેવા મને ધિક્કાર છે કે હું કાંઈ જ કરી શકતો નથી.'

હાય ! ઘોડાની લગામે ય તૂટી ગઈ. રથનું પૈડું ભાંગી ગયું. માબાપને જિવાડી ન શકાયા. બળદેવને સોનાનું કડું વેચવું પડ્યું ત્યારે જ એક ટંકનું ખાવાનું મળ્યું. તરસ લાગી અને પાણી ન મળ્યું ત્યાં મોત ભેટ્યું. બાણથી વીંધાવું પડ્યું.

પુણ્ય પરવાર્યું ત્યારે ભૂખ્યા થયેલા મહારાણા પ્રતાપને એક રોટલા માટે ભિખારી પાસે યાચના કરવી પડી અને દયાથી ભિખારી રોટલો દેવા ગયો તો બાજપક્ષી ચીલઝડપથી તેને ઉઠાવી ગયો. પ્રતાપની આંખે આંસુ ધસી આવ્યા.

પુણ્ય પરવાર્યું ત્યારે એકત્રીસ તોપોથી અંગ્રેજ હાકેમો દ્વારા સલામી પામતા ભારતના રાજાધિરાજોની રાજાશાહી ખતમ થઈ. સાલિયાણાં ય ઝૂંટવાઈ ગયા.

પુણ્ય પરવાર્યું ત્યારે રાયબરેલીમાં એક જોકર જેવા રાજનારાયણના હાથે ઇંદિરા ગાંધીનો ઘોર પરાજય થયો.

પુણ્ય પરવાર્યું ત્યારે બ્રહ્મદત્ત ચક્રવર્તીની આંખોને કોઈ ભિખારીએ ફોડી નાંખી. આંધળો ચક્રવર્તી રિબાઈ રિબાઈને મર્યો !

પુણ્ય પરવાર્યું ત્યારે અતિ રૂપવાન સનત ચક્રવર્તીના દેહમાં રાડ બોલાવી દે તેવા સોળ મહારોગોએ પ્રવેશ કર્યો અને સાતસો વરસના ધામા નાંખી દીધા.

પુણ્ય પરવાર્યું ત્યારે અબજોપતિ માઘ રોટલા માટે ટળવળવા લાગ્યો. આવેલા યાચકને કશું ન દઈ શકવાથી લાગેલા આઘાતમાં જ તરફડીને મરી ગયો !

પુણ્ય પરવાર્યું ત્યારે અજયપાળ રાજા કૂતરાથી પણ ભૂંડા મોતે ગટરની ખાળમાં રિબાઈને મરણ પામ્યો.

પુણ્ય પરવાર્યું ત્યારે ભારતની સાથે એક હજાર વર્ષ સુધી યુદ્ધ ખેલવાના કસમ ખાઈ ચૂકેલા પાકિસ્તાનના પ્રમુખ ભુટ્ટોને તેના જ નોકર ઝિયાએ ફાંસીના માંચડે લટકાવી દીધો.

પુણ્ય પરવાર્યું ત્યારે વીસ અબજ ડોલરનો માલિક હાર્વર્ડ હ્યુજીસ એક હોટલમાં એકલો મરી ગયો. પેલા ગાયકવાડ ! ભયાનક ગંધ મારતા શરીરમાં દિવસો સુધી રિબાઈને મર્યા અને પેલા પરદુ:ખભંજક ગોંડલનરેશ કરુણ રીતે સહુથી ત્યજાઈને હૉસ્પિટલના ખાટલે એકાકી મર્યા.

પુણ્ય પરવાર્યું ત્યારે દુર્યોધનની સાથળના હાડકાંના ચૂરેચૂરા થયા, એ સ્થિતિમાં તળાવના કિનારે કલાકો સુધી પડી રહીને હતાશાના નિસાસા નાંખતો મર્યો !

પુણ્ય પરવાર્યું ત્યારે મગધપતિ શ્રેણિક વૃદ્ધાવસ્થામાં દીકરા તરફથી હંટરના સો માર રોજ ખાવા લાગ્યો, અંતે ઝેર ખાઈને મર્યો.

પેલો આલ્પ્સ પર્વતને ખસેડી નાંખતો નેપોલિયન ! સેંટ હેલીના ટાપુમાં સડી ગયો !

પેલી રૂપગર્વિણી વાસવદત્તા ! રક્તપિત્તે રિબાઈને મરી.

પેલો એશિયાનો યમરાજ ડલેસ ! કેન્સરની વેદનામાં રિબાઈને ગયો.

પેલો '**V for Victory**'ના નારાનો પ્રણેતા ચર્ચિલ ! દિવસો સુધી બેભાન રહીને વિદાય થયો.

પેલા નિઝામ કે જૂનાગઢના નવાબો ! હોટલો ચલાવે છે.

પાકિસ્તાનમાં પેલો મહમદ ગીઝની ! પાગલ અવસ્થામાં મરણને શરણ થયો.

ના, પુરુષાર્થ 'બિચારો' વામણો છે. એને પુણ્યનો સધિયારો ન મળે તો સાવ નપુંસક છે.

પુરુષાર્થે તો હજી પેટ ભરાય. પટારા તો પુણ્યે જ ભરાય.

અભણ અકબર ! ભારત-સમ્રાટ શાથી થયો ?

અબૂજ ગોવિંદરામ સેક્સરીઆ ! સટ્ટા-બજારનો કિંગ શી રીતે બન્યો ?

જડ કિશોર આઈન્સ્ટાઈન ! વિશ્વનો સર્વોત્કૃષ્ટ વૈજ્ઞાનિક તરીકે એક જ સાલમાં શી રીતે જાહેર થયો ?

કારાવાસમાં સબડતા મોરારજીભાઈ એકાએક ભારતના વડાપ્રધાન શી રીતે થયા ?

એક માસનો દશરથ-બાળ (રામચન્દ્રજીના પિતા) રાજ્યાભિષેક શી રીતે પામ્યો ?

ના, તે પુણ્યકર્મ દેખાતું નથી. પણ માન્યા વિના કોઈને ય છુટકો નથી. પછી ભલે તેને કોઈ ભગવાન કહે, તેમાં જરાય વાંધો નથી.

પુણ્યની તાકાતને અવગણી શકાય તેમ નથી. આ વાતને આપણે વિગતથી વિચારીએ.

### પુણ્ય : એક અપરિહાર્ય શક્તિ

આપણા જીવનમાં જંગો તો એકસાથે અવિરતપણે ચાલી રહ્યા છે. સૌથી મોટો જંગ આંતરિક વાસનાઓનો છે. અનાદિકાલીન વાસનાઓના કાતિલ હુમલાઓ સામે આત્મા લગભગ મહાત-પરાજિત થઈ ચૂક્યો હોય તેવો આભાસ થયા કરે છે. આથીસ્તો ત્રિલોકગુરુ પરમાત્માએ કહ્યું છે ને કે, 'જેણે આત્મા જીત્યો તેણે બધું જીત્યું.'

સંતોએ પ્રબોધ્યું છે, "બીજા જંગો શા માટે ખેલે ? ખેલવા જેવો જંગ તો તારા ઘરનો જ છે. તારા ઘરમાં જ ખૂનખાર લડાઈ ચાલી રહી છે. ઘોર પરાજય તને સાંપડી રહ્યો છે. તારા ગુણોની કત્લેઆમ થઈ રહી છે. ઘાસની જેમ વઢાઈ રહ્યા છે; તારા ગુણો, તારી શક્તિઓ, તારું આંતરસૌન્દર્ય...બધું ય.

માટે હે આત્મન્ ! અંદર જ યુદ્ધ કર, બહારના છમકલાં જેવા યુદ્ધોથી ફારેગ થા."

સંતપુરુષોની આ આર્ષવાણી વાસનાઓના જંગને સૌથી વધુ ભયંકર જણાવે છે.

આ જંગ પછી બીજો પણ એક જંગ છે જે બાહ્ય છે, જેની અવગણના કરવાનું આપણને પાલવે તેવું નથી.

એ જંગ છે; આપણા અસીમ ઉપકારી ધર્મશાસન-ધર્મસંસ્કૃતિ ઉપરના ભૌતિક પાશ્ચાત્ય આક્રમણો સંબંધિત.

જે રીતે નવી પેઢી વિકૃતિઓના ઘોડાપૂરમાં હોંશભેર તણાઈ રહી છે, જે રીતે લોહીના સીંચેલા અને મડદાંના ખાતરે ઉગાડાયેલા શીલ, સદાચાર, આતિથ્યના વડલાઓ જમાનાવાદની ભયાનક આંધીમાં મૂળિયાંમાંથી ઊખડી રહ્યા છે એ જોતાં તો એમ જ લાગે છે કે આ આક્રમણોના પડછાયાને પણ પડકારવાનું કાર્ય આપણા ક્ષેત્રની બહાર છે.

આ તો થયા બે જંગ. હજી એક નાનકડો જંગ પણ ચાલી જ રહ્યો છે. હા, સત્ત્વશાળી આત્માઓ એની પરવાહ નથી કરતા એ વાત તદ્દન સાચી છે અને સારી પણ છે. પણ બધાયની તો એ તાકાત હોતી નથી. જીવનમાં દુઃખો આવીને ઊભા રહે છે તેમાં ટકી જવું, અદીન બની રહેવું તે લગભગ મુશ્કેલ બની જાય છે. એવી વિષમ સ્થિતિમાં રહીને પણ ચિત્તની પૂરી પ્રસન્નતા અબાધિત રાખીને ધર્મધ્યાનમાં ઓતપ્રોત રહેવાની કળા તો કોક વીરલાને જ હસ્તગત થઈ હોય છે. એટલે નાનકડો પણ આ ય જંગ છે જેની સાવ અવગણના તો ન જ કરી શકાય.

વાસનાનો જંગ સૌથી મોટો, ધર્મસંસ્કૃતિ ઉપરના આક્રમણોના મુકાબલાનો જંગ પણ ઘણો ગંભીર અને આવી પડતાં દુઃખોના તણખાઓ પણ સાવ અવગણના કરી દેવા લાયક તો નહિ જ.

શું કરવું ? શો ઉપાય હશે આ જંગોમાં યશશ્રી વરવાનો ?

વાસનાઓ દ્વારા આત્માને મળતી પછડાટો એટલી બધી જોરદાર હોય છે કે એમાંથી ભવોના ભવ સુધી પાછા બેઠાં થવાતું નથી.

ધર્મસંસ્કૃતિ ઉપરના આક્રમણોનો ઝપાટો એટલો સખત હોય છે કે એ સંસ્કૃતિને ફરી બેઠાં થતાં સેંકડો વર્ષો નીકળી જતાં હોય છે.

અને કૌટુમ્બિક, શારીરિક વગેરે દુઃખો પણ ભલે ટૂંક સમયમાં વિદાય થતાં હોય તો ય તેનો ફૂંફાડો એકદમ ગભરાવી દઈને ધર્મવિમુખ કરી દેતો હોય છે.

એટલે કોઈ ઉપાય તો ખોળવો જ રહ્યો.

આ રહ્યો તે ઉપાય.

એ છે; પુણ્યનું-વિશુદ્ધ પુણ્યનું-ઉત્પાદન.

વાસનાને જન્મ દેતાં પાપકર્મો સાથે લડવામાં બમણા વેગથી હુમલાઓ આવવાની પૂરી શક્યતા છે. લડીને જીતી લેવાય તેટલી સરળ એ લડાઈ નથી. પાપકર્મોને તો એના જેવા કોઈ કર્મ સાથે લડાવી મારીને ખતમ કરી દેવા જોઈએ. એ કર્મ છે; પુણ્યકર્મ.

પુણ્યકર્મ સાથે પાપકર્મને લડાવી મારો અને તે પાપકર્મો નષ્ટ કરો. જેટલા મજબૂત પાપકર્મો હોય તેટલું મજબૂત આપણું પુણ્યકર્મ પણ હોવું જોઈએ, નહિ તો ટકી ન શકે.

વિશિષ્ટ કોટિના પુણ્યથી એવો સદ્ગુરુયોગ, કલ્યાણમિત્રોનો સંગ, અનુકૂળ ધર્મક્ષેત્ર વગેરે પ્રાપ્ત થઈ જાય છે કે તેથી વાસનાઓ સહજ રીતે શાન્ત-ઉપશાન્ત બની જાય છે.

બેશક, આ પુણ્ય જેમ શુદ્ધ (અર્થ-કામની આકાંક્ષા વિનાનું) હોવું જોઈએ તેમ ઉગ્ર પણ હોવું જોઈએ. તો જ તે ઝટ ફળે.

મયણાસુંદરીના જીવન-પ્રસંગોમાં તેણે ઉત્પન્ન કરેલા ઉગ્ર પુણ્યના ચમકારા આપણને જોવા મળે છે.

ઉગ્ર પુણ્યની નીપજ ખાસ કરીને તો પરમાત્માની અનન્ય અને શુદ્ધ શરણાગતિથી જ થાય છે.

જો આવું શુદ્ધ અને ઉગ્ર પુણ્ય હાંસલ થાય તો ધર્મીજનો કે ધર્મસંઘ ઉપર આવતાં ધર્મનાશક આક્રમણોની પણ પીછેહઠ થવા લાગે. જે સંઘ પાસે પુણ્યની મૂડી ઓછી થઈ ગઈ હોય કે પરવારી

ગઈ હોય તેવા સંઘને જ કોઈ સળી કરી શકે કે અડપલું કરી શકે ને ? પુણ્યશાળીને આંગળી શી ? અને અડપલું ય શેનું ? આક્રમણની તો વાત જ ક્યાં રહી ?

આજે ધાર્મિક જનોનું પુણ્ય ઘટ્યું છે એ પણ એક હકીકત છે. એનો ઈન્કાર થઈ શકે તેમ નથી. વાસનાઓને ખતમ કરતું પુણ્ય આ રીતે ધર્મશાસન ઉપરના આક્રમણોને પણ મારી હઠાવવામાં ખૂબ સરસ રીતે સહાયક બની જાય છે.

અને...પેલા દુ:ખોના જે છમકલાં ગેરીલા પદ્ધતિના હોવાથી અપેક્ષાએ મોટા જંગ કરતાં ય વધુ થકવી નાંખનારા હોય છે તેને ય આ જ પુણ્ય શાંત કરી દે છે.

દુ:ખ તો પુણ્યહીણાને જ આવે ને ? પુણ્યના વ્યાપક ઉદયકાળમાં દુ:ખ તો ડોકાય જ શી રીતે ? ગરીબી, બેકારી, મોંઘવારી, અનારોગ્ય, કૌટુંબિક અશાંતિ વગેરે સંબંધિત દુ:ખો પુણ્યોદય કાળમાં તો શે સંભવે? એ રીતે દુ:ખો દૂર રહેતાં એ આત્માને ધર્મ કરવામાં ખૂબ સરળતા પડી જાય. ધર્મમાં રસવૃત્તિ પણ સતેજ બની જાય.

પુણ્ય એક; અને લડાઈ ત્રણ ખેલવાની. આવી પુણ્યશક્તિની અવગણના થઈ શકે નહિ. એ પુણ્ય અર્થ-કામની વાસનાઓથી અલિપ્ત રહીને શુદ્ધ હોવું જોઈએ અને પરમાત્માની અનન્ય શરણાગતિની તીવ્રતામાંથી ઉત્પન્ન કરેલું ઉગ્ર  હોવું જોઈએ.

પુણ્ય હોય તો જ આપણે બીજાને પ્રિય, આદેય થઈ શકીએ.

પુણ્ય હોય તો જ ગાંડી-ઘેલી પણ વાત સહુને રસમય બનીને અંતરમાં વસી જાય.

આત્મામાં વિદ્વત્તા ચાહે તેટલી હોય પણ પુણ્ય ન હોય તો તેની વિદ્વત્તા બે ડગલાં પાછી જ પડતી હોય છે.

જેમ શુદ્ધિ એ એક અપરિહાર્ય શક્તિ છે તેમ સર્વ હિત-પ્રવૃત્તિઓમાં પુણ્ય પણ એક અપરિહાર્ય શક્તિ છે. એનું ઉત્પાદન અને એનો કુશલાનુબંધી સંગ્રહ ખૂબ જરૂરી છે; સર્વ પ્રકારના સાધકો માટે...

### હત્યારા પ્રત્યે શ્રીકૃષ્ણની કરુણા

બાણ વાગતાં જ શ્રીકૃષ્ણ વેગથી બેઠા થઈને બોલ્યા કે, ''અરે મને નિરપરાધીને છળ કરીને કહ્યા વિના ચરણ-તળમાં કોણે બાણ માર્યું ? પૂર્વે ક્યારેય પણ જ્ઞાતિ અને નામ કહ્યા વગર કોઈએ મને પ્રહાર કર્યો નથી. માટે જે હોય તે પોતાનું ગોત્ર અને નામ કહો.''

આ પ્રમાણેનો પ્રશ્ન સાંભળીને જરાકુમારે વૃક્ષની ઘટામાં રહીને કહ્યું કે, ''હરિવંશ રૂપી સાગરમાં ચંદ્ર જેવા દશમા દશાર્હ વસુદેવની સ્ત્રી જરાદેવીના ઉદરેથી જન્મેલો જરાકુમાર નામે હું પુત્ર છું. બળદેવ અને શ્રીકૃષ્ણનો અગ્રજ બંધુ છું. અને શ્રી નેમિનાથના વચન સાંભળીને શ્રીકૃષ્ણની રક્ષા કરવાને (મારાથી તેનો વધ ન થાય તે માટે)હું અહીં આ વનમાં આવ્યો છું. અહીં રહેતાં મને બાર વર્ષ થઈ ગયા છે પણ આજ સુધી મેં અહીં કોઈ મનુષ્યને જોયો નથી. માટે આમ બોલનારા તમે કોણ છો તે કહો.''

શ્રીકૃષ્ણ બોલ્યા, ''અરે, બંધુ ! અહીં આવ. હું તારો જ બંધુ શ્રીકૃષ્ણ જ છું કે જેને માટે તું વનવાસી થયો છે. હે બાંધવ ! દિઙ્મોહથી ઘણા દૂર માર્ગને ઉલ્લંઘન કરનાર પાંથની જેમ તારો બાર વર્ષનો પ્રયાસ વૃથા થયો છે.''

તે સાંભળીને 'શું આ કૃષ્ણ છે ?' એમ બોલતો જરાકુમાર તેમની નજીક આવ્યો અને શ્રીકૃષ્ણને જોઈને તત્કાળ મૂર્ચ્છા પામ્યો. પછી માંડ માંડ સંજ્ઞા પામીને જરાકુમારે કરુણ સ્વરે રુદન કરતાં પૂછ્યું,

"અરે ભ્રાત ! આ શું થયું ? તમે અહીં ક્યાંથી ? દ્વારિકા દહન થઈ ? શું યાદવોનો ક્ષય થયો ? અરે ! તમારી અવસ્થા જોતાં નેમિનાથ પ્રભુની બધી વાણી સત્ય થઈ હોય તેમ લાગે છે !"

પછી શ્રીકૃષ્ણે બધો વૃત્તાંત કહ્યો એટલે જરાકુમારે રુદન કરતાં કરતાં કહ્યું કે, "અરે ભાઈ ! મેં આ શત્રુને યોગ્ય એવું કાર્ય કર્યું છે. કનિષ્ઠ દુર્દશામાં મગ્ન અને ભ્રાતૃવત્સલ એવા તમને મારવાથી મને નરકભૂમિમાં સ્થાન મળવા સંભવ નથી. તમારી રક્ષા કરવાને મેં વનવાસ કર્યો, પણ મને આવી ખબર નહીં કે વિધિએ આગળથી જ મને તમારા કાળરૂપે કલ્પેલો છે. હે પૃથ્વી ! તું માર્ગ આપ કે જેથી હું આ શરીરે જ નરકભૂમિમાં જાઉં, કારણ કે સર્વ દુઃખથી અધિક એવું ભ્રાતૃહત્યાનું દુઃખ આવી પડતાં હવે અહીં રહેવું તે મને નરકથી પણ અધિક દુઃખદાયી છે. મેં આવું અકાર્ય કર્યું તો શું હવે હું વસુદેવનો પુત્ર કે તમારો ભ્રાતા કે મનુષ્ય પણ રહી શકું ? તે વખતે સર્વજ્ઞનું વચન સાંભળીને હું મરી કેમ ગયો નહીં ? કારણ કે તમે વિદ્યમાન છતાં હું એક અસાધારણ માણસ મરી જાત તો તેથી શી ન્યૂનતા થઈ જાત ?"

શ્રીકૃષ્ણ બોલ્યા, "હે ભાઈ ! હવે શોક કરો નહીં. વૃથા શોક કરવાથી સર્યું ! કારણ કે તમારાથી કે મારાથી ભવિતવ્યતાનું ઉલ્લંઘન થઈ શકતું નથી. તમે યાદવોમાં માત્ર એક જ અવશેષ છો માટે ચિરકાળ જીવો અને અહીંથી સત્વર ચાલ્યા જાઓ, કેમકે બળદેવ અહીં આવી પહોંચશે તો તે મારા વધના ક્રોધથી તમને મારી નાંખશે. આ મારું કૌસ્તુભ રત્ન એંધાણી તરીકે લઈને તમે પાંડવોની પાસે જાવ. તેમને આ સત્ય વૃત્તાન્ત કહેજો. તેઓ જરૂર તમને સહાયકારી થશે. તમારે અહીંથી અવળે પગે ચાલવું જેથી બળદેવ તમારા પગલાંને અનુસરીને આવે તો પણ તમને સદ્ય ભેળા થઈ શકે નહીં. મારા વચનથી સર્વ પાંડવોને અને બીજાઓને પણ ખમાવજો, કારણ કે પૂર્વે મારા ઐશ્વર્યના સમયમાં મેં તેઓને દેશપાર કરીને ક્લેશ પમાડેલો છે."

આવી રીતે શ્રીકૃષ્ણે વારંવાર કહ્યું તેથી તે જરાકુમાર શ્રીકૃષ્ણના ચરણમાંથી પોતાનું બાણ ખેંચી કાઢીને કૌસ્તુભ રત્ન લઈને ત્યાંથી ચાલ્યો ગયો.

જરાકુમારના ગયા પછી શ્રીકૃષ્ણ ચરણની વેદનાથી પીડિત થતાં ઉત્તરાભિમુખે રહીને અંજલિ જોડીને આ પ્રમાણે કહેવા લાગ્યા કે, "અરિહંત ભગવંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓને મન, વચન, કાયાથી મારા નમસ્કાર છે. વળી જેણે અમારા જેવા પાપીઓનો ત્યાગ કરીને આ પૃથ્વી ઉપર ધર્મતીર્થ પ્રવર્તાવ્યું તેવા ભગવંત શ્રી અરિષ્ટનેમિ પરમેષ્ઠિને મારા નમસ્કાર છે."

આ પ્રમાણે કહીને તૃણના સંથારા ઉપર સૂઈને જાનુ ઉપર ચરણ મૂકી વસ્ત્ર ઓઢીને શ્રીકૃષ્ણ ચિંતવવા લાગ્યા કે, "ભગવાન્ શ્રી નેમિનાથ, વરદત્ત વગેરે ગણધરો, પ્રદ્યુમન પ્રમુખ કુમારો, રુક્મિણિ વગેરે મારી સ્ત્રીઓને ધન્ય છે કે જેઓ સતત સંસારવાસના કારણ રૂપ ગૃહવાસને છોડી દઈને દીક્ષા લઈને ચાલી નીકળ્યા અને આ સંસારમાં વિડંબના પામનાર એવા મને ધિક્કાર છે !"

આ પ્રમાણે શુભ ભાવના ભાવતાં ભાવતાં શ્રીકૃષ્ણનું અંગ સર્વ તરફથી ભગ્ન થવા લાગ્યું અને યમરાજાના સહોદર જેવો પ્રબળ વાયુ કોપ પામ્યો. તેથી તૃષ્ણા, શોક અને વાયુથી પીડાયેલા શ્રીકૃષ્ણ વિચાર કરવા લાગ્યા કે મને જન્મથી કોઈ પણ મનુષ્ય કે દેવતા પણ પરાભવ કરી શક્યો નહોતો તેને દ્વૈપાયને કેવી માઠી દશાને પમાડ્યો. આટલું છતાં પણ જો હું તેને દેખું તો અત્યારે પણ ઊઠીને તેનો અંત લાવું. મારી પાસે તે કોણ માત્ર છે અને તેનું રક્ષણ કરવાને પણ કોણ સમર્થ છે ?

આ પ્રમાણે ક્ષણ માત્ર શ્રીકૃષ્ણ ભયાનક આવેશમાં રહ્યા. એ જ વખતે એક હજાર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને મૃત્યુ પામ્યા.

૪૭.

# બળદેવનો સંસારત્યાગ, અદ્‌ભુત સાધના અને સ્વર્ગગમન તથા શ્રી નેમિનાથનું નિર્વાણ અને પાંડવ-દીક્ષા

### બળદેવનો વિલાપ

અહીં બળદેવને માર્ગે અપશુકનો થવાથી સ્ખલિત થતાં થતાં કમળના પત્રપુટમાં જળ લઈને સત્વર કૃષ્ણની પાસે આવ્યા. આ વખતે 'આ સુખે સૂઈ ગયા છે' એવું ધારીને ક્ષણ વાર તેઓ બેસી રહ્યા. એટલામાં તો કૃષ્ણવર્ણી મક્ષિકાઓને ત્યાં બણબણતી જોઈને તેમણે મુખ ઉપરથી વસ્ત્ર ખેંચી લીધું. એટલે પોતાના પ્રિય બંધુને મૃત્યુ પામેલા જોઈને છેદેલા વૃક્ષની જેમ બળદેવ મૂર્ચ્છા ખાઈને પૃથ્વી ઉપર પડ્યા. પછી કોઈ પ્રકારે સંજ્ઞા પામીને તેમણે મોટો સિંહનાદ કર્યો કે જેથી શિકારી પ્રાણીઓ પણ ત્રાસ પામી ગયા અને વનો કંપાયમાન થયા. પછી તેઓ બોલ્યા કે, "જે પાપીએ સુખે સુતેલા મારા આ વિશ્વવીર બંધુને મારી નાંખ્યા છે તે પોતાના આત્માને જણાવો અને જો તે ખરેખરો બળવાન હોય તો મારી સમક્ષ થાઓ. ખરો બળવાન તો સૂતેલ, પ્રમાદી, બાળક, મુનિ અને સ્ત્રીને કેમ પ્રહાર કરે ?"

આ પ્રમાણે ઊંચે શબ્દે આક્રોશ કરતા બળદેવ તે વનમાં ભમવા લાગ્યા. પણ કોઈ મનુષ્ય ન જણાવાથી પાછા શ્રીકૃષ્ણની પાસે આવીને આલિંગન કરીને રુદન કરવા લાગ્યા કે, "હે ભ્રાત ! હે પૃથ્વીમાં અદ્વિતીય વીર ! હે મારા ઉત્સંગમાં લાલિત થયેલા ! હે કનિષ્ઠ છતાં ગુણ વડે જ્યેષ્ઠ ! અને હે વિશ્વશ્રેષ્ઠ ! તમે ક્યાં છો ? અરે વાસુદેવ ! તમે પ્રથમ કહેતા હતા કે તમારા વિના હું રહી શકતો નથી. અને આ વખતે તો સામો ઉત્તર પણ આપતા નથી, તો તે પ્રીતિ ક્યાં ગઈ ? તમને કાંઈ રોષ થયો હોય અને તેથી રિસાણા હો તેમ લાગે છે. પણ મારો કાંઈ પણ અપરાધ મને યાદ આવતો નથી. અથવા શું મને જળ લાવતાં વિલંબ થયો તે તમને રોષ થવાનું કારણ છે ? હે ભ્રાતા ! તે કારણથી તમે રોષ કર્યો હોય તો તે ઘટિત છે તો પણ હમણાં તો બેઠા થાઓ, કેમકે સૂર્ય અસ્ત પામે છે તેથી આ સમય મહાત્માઓનો સૂવાનો નથી."

આ પ્રમાણે પ્રલાપ કરતાં કરતાં બળદેવે રાત્રિ નિર્ગમન કરી. પાછા પ્રાતઃકાળે કહેવા લાગ્યા કે, 'ભાઈ ! બેઠા થાઓ.' એમ વારંવાર કહેવા છતાં પણ શ્રીકૃષ્ણ બેઠા થયા નહીં ત્યારે બળદેવ સ્નેહથી મોહિત થઈને તેને સ્કંધ ઉપર ચઢાવીને ગિરિ, વન વગેરેમાં ભમવા લાગ્યા. એ પ્રમાણે સ્નેહથી મોહિત થઈને શ્રીકૃષ્ણની મૃત કાયાને પ્રતિદિન પુષ્પાદિથી પૂજન કરતાં બલરામે છ માસ પસાર કર્યા. અહો, કેવી મોહદશા !

### મોહના તોફાન

રામચન્દ્રજી જેવા તદ્‌ભવ મોક્ષગામી છતાં મોહદશામાં કેવા ફસાયા'તા. જ્યારે હનુમાનજીની દીક્ષાના તેમને સમાચાર મળ્યા ત્યારે તેની સામે આશ્ચર્ય વ્યક્ત કરીને રામચન્દ્રજીએ કહ્યું,"બસ, દીક્ષા. અત્યારથી હનુમાને સંસાર ત્યાગી દીધો !"

જ્યારે સીતાજીએ દીક્ષા લીધાના સમાચાર મળ્યા ત્યારે રામચન્દ્રજીએ તલવાર ખેંચી કાઢીને કહ્યું, "કોણે તેને દીક્ષા આપી ? સીતાને અહીં પકડી લાવો. મારે તેને દીક્ષા નથી આપવી." એ તો લક્ષ્મણજીએ ખૂબ સમજાવ્યા ત્યારે શાંત પડ્યા.

ચરમશરીરી જ હતા ને રહનેમિ ! પણ ભાભી રાજીમતીના નિર્વસ્ત્ર શરીરના દર્શનમાત્રથી

ધ્યાનભ્રષ્ટ થઈ ગયા અને ભોગની માંગણી કરતાં ય ન લાજ્યા !

ખુદ વીરપ્રભુના આત્માએ મરીચિના ભવમાં આ મોહદશાથી જ શરીરમોહે ચારિત્રજીવન નબળું પાડ્યું અને શિષ્યમોહે સમકિત ખોયું ને !

પેલા સિંહગુફાવાસી મુનિ ! પેલા કંડરિક મુનિ ! પેલા મંગુ આચાર્ય ! પેલા અષાઢાભૂતિ મુનિ ! ઓ, મોહદશા ! તારા જ આ કરતૂકો છે ને; મહાત્માઓને ગબડાવી દેવાના !

## સિદ્ધાર્થ દેવ દ્વારા બળદેવનો પ્રતિબોધ

તેવી રીતે ભ્રમણ કરતાં વર્ષાકાળ આવ્યો એટલે સિદ્ધાર્થ જે દેવ થયો હતો તેણે અવધિજ્ઞાનથી જોયું કે મારો ભ્રાતૃવત્સલ ભાઈ બળદેવ શ્રીકૃષ્ણના મૃત શરીરને ઊંચકીને ભમે છે માટે હું ત્યાં જઈને તેને બોધ આપું, કેમકે તેણે પૂર્વે મારી પાસેથી માંગી લીધું છે કે જ્યારે મને વિપત્તિ આવે ત્યારે તું દેવ થાય તો આવીને મને બોધ કરજે.

આ પ્રમાણે વિચાર કરીને તેણે પર્વત ઉપરથી ઊતરતો એક પાષાણમય રથ વિકુર્વ્યો અને પોતે કૌટુંબિક બનીને વિષમ એવા પર્વત ઉપરથી ઊતરતા તે રથને ભાંગી નાંખ્યો. પછી પોતે તેને સાંધવાની મહેનત કરવા લાગ્યો. તેને પાષાણનો રથ સાંધતો જોઈને બળદેવ બોલ્યા, ''અરે મૂર્ખ ! વિષમ ગિરિ ઉપરથી ઊતરતાં જેના ખંડેખંડ થઈ ગયા છે એવા આ પાષાણના રથને સાંધવા કેમ ઈચ્છે છે ?''

તે દેવે કહ્યું, ''હજારો યુદ્ધમાં નહીં હણાયેલો પુરુષ પાણી વિના મરી જાય અને તે જો પાછો જીવે તો આ મારો રથ પણ પાછો સજ્જ થાય.''

પછી તે દેવે આગળ જઈને પાષાણ ઉપર કમળ રોપવા માંડ્યા.

બળદેવે પૂછ્યું કે,'શું પાષાણભૂમિ ઉપર કમળવન ઉગે ?'

દેવતાએ કહ્યું, 'જો આ તમારો અનુજ બંધુ પાછો જીવશે તો આ કમળ પણ પાષાણ ઉપર ઊગશે.'

વળી તેની આગળ જઈને તે દેવ એક બળી ગયેલા વૃક્ષને જળ વડે સિંચવા લાગ્યો. તે જોઈને બળદેવે કહ્યું કે, 'શું દગ્ધ થયેલું વૃક્ષ પાણી સિંચવાથી પણ ફરી વાર ઊગે ?' ત્યારે દેવે પ્રત્યુત્તર આપ્યો કે, 'જો તમારા સ્કંધ ઉપર રહેલું આ શબ જીવશે તો આ વૃક્ષ પણ પુનઃ ઊગશે.'

વળી તે દેવ આગળના ભાગમાં ગોવાળ થઈને ગાયોના શબના મુખમાં જીવતી ગાયોની જેમ નવીન ઘાસ નાંખવા લાગ્યો. તે જોઈને બળદેવે કહ્યું કે, 'અરે મૂઢ હૃદયવાળા ! આ મરી ગયેલી ગાયો શું તારા આ આપેલા ઘાસને ક્યારે પણ ચરશે ?' દેવ બોલ્યો કે, 'જો આ તમારો બંધુ જીવશે તો આ મૃત ગાયો ઘાસને ચરશે.'

તે સાંભળીને બળદેવે વિચાર્યું કે, 'શું આ મારો નાનો બંધુ ખરેખર મૃત્યુ પામ્યો હશે કે જેથી આ જુદા જુદા માણસો એકસરખા જવાબ આપે છે ?'

બળદેવનો આ પ્રમાણેનો વિચાર જાણીને તત્કાળ દેવતાએ સિદ્ધાર્થનું રૂપ કર્યું અને બળદેવની પાસે આવીને કહ્યું કે, ''હું તમારો સારથિ સિદ્ધાર્થ છું અને દીક્ષા લઈને મૃત્યુ પામીને દેવપણાને પ્રાપ્ત થયો છું. તમે પૂર્વે મારી પાસે માંગણી કરી હતી તેથી તમને બોધ આપવાને માટે હું અહીં આવ્યો છું. નેમિ પ્રભુએ કહ્યું હતું કે જરાકુમારથી શ્રીકૃષ્ણનું મૃત્યુ થશે. તે પ્રમાણે જ થયું છે, કેમકે સર્વજ્ઞનું ભાષિત કદી પણ અન્યથા થતું નથી અને પોતાનું કૌસ્તુભ રત્ન નિશાની તરીકે આપીને શ્રીકૃષ્ણે જરાકુમારને પાંડવોની પાસે મોકલ્યો છે.''

બળદેવ બોલ્યા, "હે સિદ્ધાર્થ ! તમે અહીં આવીને મને બોધ કર્યો તે બહુ સારું કર્યું, પણ આ ભ્રાતાના મૃત્યુદુઃખથી પીડિત થયેલો હું હવે શું કરું તે કહો."

સિદ્ધાર્થ બોલ્યો, "શ્રી નેમિનાથ પ્રભુના વિવેકી ભ્રાતા એવા જે તમે, તેને માટે હવે દીક્ષા વિના બીજું કાંઈ પણ કરવું યોગ્ય નથી."

'બહુ સારું' એમ કહીને બળદેવે તે દેવતાની સાથે સિંધુ અને સમુદ્રના સંગમને સ્થાનકે આવીને શ્રીકૃષ્ણના શરીરનો સંસ્કાર કર્યો. તે વખતે બળદેવને દીક્ષા લેવાની ઈચ્છાવાળા જાણીને મહાકૃપાળુ શ્રી નેમિનાથે એક વિદ્યાધર મુનિને સત્વર ત્યાં મોકલ્યા. બળદેવે તેમની પાસે દીક્ષા લીધી. પછી તુંગિકા શિખર ઉપર જઈને તીવ્ર તપ કરવા લાગ્યા. ત્યાં સિદ્ધાર્થ દેવ તેમનો રક્ષક થઈને રહ્યો.

### પનિહારી પ્રસંગ

એક વખત બળદેવ મુનિ માસખમણના પારણાને માટે નગરમાં ગયા ત્યાં કોઈ સ્ત્રી બાળકને લઈને કૂવાને કાંઠે ઊભી હતી. તે બળદેવનું અતિશય રૂપ જોઈને તેને જોવામાં જ વ્યગ્ર થઈ ગઈ. તેથી વ્યગ્ર ચિત્તવાળી તેણે ઘડાને બાંધવાનું દોરડું ઘડાને બદલે પેલા બાળકના કંઠમાં બાંધ્યું. પછી જ્યાં તે બાળકને કૂવામાં નાંખવા માંડી તેવામાં બળદેવે જોયું. તેથી વિચાર્યું કે, "આવા અનર્થકારી મારા રૂપને ધિક્કાર છે ! હવેથી હું કોઈ પણ ગામ કે નગરમાં જઈશ નહીં. માત્ર વનમાં કાષ્ઠાદિકને લેવા આવનાર લોકો પાસેથી જ જે ભિક્ષા મળશે તેનાથી પારણું કરીશ."

આ પ્રમાણે નિર્ધાર કરીને તે સ્ત્રીને નિવારીને બળદેવ મુનિ તરત વનમાં ચાલ્યા ગયા.

વનમાં રહીને ઘોર તપ આચર્યું અને તૃણ, કષ્ઠાદિકને વહન કરનારા લોકો પાસેથી પ્રાપ્ત ભાતપાણીથી પોતાનો નિર્વાહ કરવા લાગ્યા.

### કોઈના પાપમાં ય નિમિત્ત ન બનવું

જો કોઈના દુઃખમાં નિમિત્ત થવાનું સજ્જનને પરવડતું ન હોય તો કોઈના પાપમાં પણ શા માટે નિમિત્ત બનવું જોઈએ ? પૂરો સજ્જન તે છે જે દુઃખની જેમ પાપમાં પણ નિમિત્ત ન બની જવાની પૂરી કાળજી રાખે છે.

બળદેવ મુનિનું રૂપ પનિહારીને કામવાસનાનું પાપ કરાવનારું બન્યું તેની જાણ થતાં જ બળદેવ મુનિએ નગરભિક્ષાનો સદા માટે ત્યાગ કરી દીધો !

### શીલ માટે ત્રણ બલિદાનો

ભારતના એક રાજ્યનો એ રાજા હતો. એનું નામ હતું વલ્લરાજ. ઈશ્વરનો એ ભક્ત હતો. દુઃખિતોનો એ મિત્ર હતો. જાતે એ પવિત્ર હતો. એના વિશુદ્ધ જીવનના પ્રભાવથી જ એનું રાજ્ય સમૃદ્ધ હતું, સ્વસ્થ હતું અને ખૂબ શાંત હતું. પ્રજા એને ચાહતી હતી. મિત્રો એનો સત્સંગ ઈચ્છતા હતા. સેવકગણ આવો સ્વામી મળ્યાની ખુમારી માણતો હતો.

ધર્માત્મા વલ્લરાજને એક વખત તીર્થયાત્રાઓ કરવાનો મનોરથ જાગ્યો. યુવરાજને રાજ્યનો ભાર સોંપી દઈને સારા દિવસે એણે યાત્રા- પ્રવાસ શરૂ કર્યો.

બે દિવસ પસાર થયા હશે ત્યાં યુવરાજના જીવનમાં એક ભયંકર ઘટના બની ગઈ.

એક દિવસ યુવરાજ મહેલના ઝરૂખે પોતાના મિત્ર સાથે વાતો કરતા બેઠા હતા તે સમયે રાજમાર્ગ ઉપરથી કેટલીક પનિહારિઓ પસાર થઈ.

કોણ જાણે કેમ એ દિવસે નીચેથી પસાર થતી બે બ્રાહ્મણ કન્યાઓ ઉપર યુવરાજની નજર કાંઈક કામુક બની ગઈ. લસલસતું એમનું જોબન યુવરાજના દિલને સ્પર્શી ગયું.

પણ પળ-બે પળ વીતી ન વીતી ત્યાં જ યુવરાજ એકદમ સ્વસ્થ બની ગયા. ચિત્તના ગગનમાં ધસી આવેલી વિચારની કાળી વાદળી એકદમ વિખરાઈ ગઈ !

પરન્તુ યુવરાજને કેમેય ચેન પડતું નથી. 'મારાથી આ કેવું અકાર્ય થઈ ગયું ?' એ વિચાર શત-શત કીડીઓના ચટકાથી પણ વધુ વેદના તેના અંતરે જન્માવી ગયો !

વેદના અસહ્ય બનતાં સમીપવર્તી મિત્રને એણે વાત કરી અને પછી કહ્યું, "મિત્ર ! આજે તો મનથી પાપ થયું છે પણ કાલે કોણ જાણે કાયાથી ય શું નહિ થાય ? મારું જીવન-ભવન ભ્રષ્ટ થાય એ પહેલાં જ એને ધરતી ઉપર પછાડી દઈને ખતમ કરી નાંખવું જ સારું.' આટલું કહીને તરત જ યુવરાજે બારીમાંથી બહાર ઝંપલાવી દીધું. ધરતી ઉપર પછડાતાં જ ખોપરી ફાટી ગઈ. યુવરાજ તત્ક્ષણ મૃત્યુ પામ્યા.

થોડી જ ક્ષણોમાં યુવરાજના આપઘાતની અને તેના કારણની વાત ફેલાઈ. પેલી બે વિપ્ર કન્યાઓને પણ આ વાવડ મળ્યા. વધુ તપાસ કરતાં એ વાતની પણ જાણકારી મળી કે તે બે વિપ્ર કન્યાઓનું રૂપ યુવરાજનો પ્રાણ લેનાર ગોઝારો કૂવો બન્યું છે.

આ હકીકત જાણીને વિપ્ર કન્યાઓને ભારે આઘાત લાગ્યો. એમણે વિચાર કર્યો કે આપણા રૂપમાં જ કામુકતાનો પ્રવેશ થયો હોય તો જ બીજાના અંતરમાં કામ જાગે. શું આવો સામાન્ય નિયમ નથી ?

હવે જો આપણી જ સ્થિતિ આવી હોય તો આવતી કાલે આપણું પતન નહિ થાય ? એવું પતિતાનું જીવન જીવવા કરતાં તો બહેતર છે કે પવિત્ર જીવનમાં જ આપણે પ્રાણ છોડી દેવા.

બે ય બહેનોએ આ વિચાર કરીને એ જ રાત્રિએ પોતાના પ્રાણત્યાગ કરી દીધા.

બીજે દિવસે સવારે આખા નગરમાં આ ઘટનાના સમાચાર વ્યાપી ગયા ત્યારે ઘર ઘરની નારીઓએ તે વિપ્ર કન્યાઓને અંતરથી વધામણાં આપ્યા. એમના શબ ઉપર પુષ્પાંજલિ અર્પી વૃદ્ધાઓ કહેવા લાગી,"આ બલિદાનો કદી એળે નહિ જાય. ભારતની ધરતી ઉપર થનારી ભાવી પ્રજાના શીલનો ગઢ આ બલિદાનોના રક્તથી વધુ જીવન પામી ગયો !"

દિવસો જતાં રાજા વલ્લરાજ નગરમાં આવ્યા. આવતાંવેંત તેમને સઘળા સમાચારો મળ્યા. નગરના અગ્રણી નાગરિકોએ અત્યંત શોકાર્ત્ત બનીને વલ્લરાજને આ સમાચાર આપ્યા હતા. સહુના અંતરમાં એક જ કોયડો ચક્રાવા મારી રહ્યો હતો કે પુત્રના તથા બે પ્રજાજનોના મૃત્યુના સમાચાર સાંભળતાં રાજાસાહેબને કેવો કારમો આઘાત લાગશે ? એ આઘાતને નહિ જીરવતાં અંતે તેમને પણ કદાચ યમરાજ આ દુનિયામાંથી ઉપાડી લેશે.

પણ નાગરિકોની આ માન્યતા ધરાર મિથ્યા હતી. જ્યારે તેમણે રાજાસાહેબને આ સમાચાર આપ્યા ત્યારે જરાય અસ્વસ્થ થયા વિના વલ્લરાજે તેમને કહ્યું, "હજી મારા પૂર્વજોનું પુણ્ય ગગનમાં મધ્યાહ્ને તપી રહ્યું છે. એથી જ મારો પુત્ર અને મારી દીકરીઓ કુશીલતાનો માનસિક સ્પર્શ પણ ન કરી શક્યા. જીવનમાં કોઈ કલંકનો કાળો ડાઘ લાગતાં પહેલાં જ તેમણે પોતાના પવિત્ર દેહમાંથી પ્રાણ છોડી દીધા. ઓ ઈશ ! તારી આથી વધુ મહેરબાની મારા ઉપર બીજી શી હોઈ શકે ?"

## બળદેવ મુનિની અનુપમ સાધના

એક વખત કાષ્ઠાદિકને લઈ જનારા લોકોએ પોતપોતાના રાજા પાસે જઈને કહ્યું કે, 'કોઈ દેવરૂપી પુરુષ આ વનમાં તપ કરે છે.' તે સાંભળીને તે રાજાઓને શંકા થઈ કે 'શું અમારા રાજ્યની ઈચ્છાથી તે આવું તપ કરે છે કે શું કોઈ મંત્ર સાધે છે ? માટે ચાલો, આપણે સર્વે ત્યાં જઈને તેને

મારી નાંખીએ.' આવું વિચારીને તેઓ એકસાથે યુદ્ધની સામગ્રી સહિત બળદેવ મુનિ સમીપે જવા ચાલ્યા. તેમને આવતા જોઈને ત્યાં રહેલા સિદ્ધાર્થ દેવે અતિ ભયંકર એવા અનેક સિંહો વિકુર્વ્યા. તેથી રાજાઓ આશ્ચર્ય સાથે ભય પામીને બળદેવ મુનિને નમીને પોતાને સ્થાનકે ગયા. ત્યારથી બળદેવ'નરસિંહ' એવા નામે પ્રખ્યાત થયા. વનમાં તપ કરતાં એવા બળદેવ મુનિની ધર્મદેશનાથી પ્રતિબોધ પામીને ઘણા સિંહ, વ્યાઘ્રાદિક પ્રાણીઓ શાંતિને પામી ગયા. તેમાંથી કેટલાક શ્રાવક થયા, કેટલાક ભદ્રિકભાવી થયા, કેટલાક કાયોત્સર્ગ કરવા લાગ્યા અને કેટલાકે અનશન અંગીકાર કર્યું. તેઓ માંસાહારથી તદ્દન નિવૃત્ત થઈને તિર્યંચ રૂપધારી બળદેવ મુનિના શિષ્યતુલ્ય બની ગયા.

### *'अहिंसाप्रतिष्ठायां वैरत्यागः'*

'***अहिंसाप्रतिष्ठायां वैरत्यागः***' આ છે; પાતંજલ-સૂત્ર. જો એક વ્યક્તિ પોતાના આત્મામાં અહિંસાની પ્રતિષ્ઠા કરે તો તેની આસપાસના વર્તુળમાં ઝડપાતા જીવોનો હિંસક ભાવ ખતમ થઈ જાય. આ હકીકતનું સમર્થન તારક તીર્થંકરદેવોની દેશનામાં જાત્ય-વૈરી પશુઓનું સાથે બેસીને કરાતું શ્રવણ કરે છે. સહુ આપસ-આપસના વૈરભાવને સદંતર વીસરી જાય છે.

હજી થોડા જ વર્ષો પૂર્વે આવું કાંઈક રમણ મહર્ષિના સંબંધમાં પણ બન્યું છે. તેઓ સાંજે જંગલમાં ફરવા નીકળતા ત્યારે તેમની સાથે સાપ, નોળિયો વગેરે પરસ્પર ગેલ કરતાં ચાલતા.

આ દૃશ્ય જોઈને ભારતની વિશિષ્ટતાઓ જોવા આવેલો મિકેન્સ નામનો જર્મન વૈજ્ઞાનિક આશ્ચર્યમુગ્ધ થઈ ગયો હતો. તેણે તેની નોંધમાં લખ્યું હતું કે, ''જો આ મહર્ષિના શરીરમાંથી છૂટતાં રશ્મિઓને કોઈ રીતે એકઠા કરીને વાઘ, સિંહને પીવડાવી દેવાય તો તેની આખી ભાવી જાતિમાંથી હિંસકતા નષ્ટ થઈ જાય.''

વાતાવરણની અસર ઉપર જૈન શાસ્ત્રોમાં યુદ્ધકીય હાથીનો પ્રસંગ ઉલ્લેખાયો છે. તેમાં આલાનસ્થંભની સામે જ આવેલા ઉપાશ્રયમાં રહેલા મુનિઓની જીવદયાપાલનથી ભરપૂર ક્રિયાઓને જોઈને હાથી એકદમ અહિંસક બની ગયો. તેનો સમય થતાં યુદ્ધભૂમિ ઉપર લઈ જવામાં આવ્યો તો તે શત્રુઓની સામે સાવ નિષ્ક્રિય બની રહ્યો. આથી તેને ફરી આલાનસ્થંભે બાંધવો પડ્યો. ખૂબ વિચાર કરતાં મહાવતે તેનું કારણ પકડી પાડ્યું. તેને ત્યાંથી અન્યત્ર ખસેડીને તેની સામે ખોટું યુદ્ધ કરવામાં આવ્યું અને ખોટા 'મારો' 'કાપો'ના બૂમબરાડા પાડવામાં આવ્યા ત્યારે હાથીમાં ફરી હિંસકતાનો ઉશ્કેરાટ પેદા થઈ ગયો.

આવી જ વાત આદ્ય શંકરાચાર્યના જીવનમાં બની છે.

તેમણે એક જગ્યાએથી પાણીમાંથી છૂટીને રેતીમાં ફસાયેલા દેડકાની ઉપર તાપથી તેની રક્ષા કરવા માટે ફણા કરીને રહેલો સાપ જોયો. આવી સાપની અહિંસકતાથી તે સ્તબ્ધ બની ગયા. પછી તપાસ કરતાં તેમને ખબર પડી કે તે જ સ્થળે પૂર્વે શૃંગેરી ઋષિનું તપોવન હતું તેના પ્રભાવે વાતાવરણ અત્યંત અહિંસક બની ગયું છે. શંકરાચાર્યે ત્યાં શૃંગેરી-મઠની સ્થાપના કરી.

આ વાતની પુષ્ટિમાં બીજો પણ એક પ્રસંગ જાણવા મળ્યો છે.

કોઈ એક વેશ્યાએ પોતાનો બંગલો બોર્ડિંગના છાત્રો માટે ભેટ કર્યો. પણ ત્યાં રહેવા આવેલા છાત્રોમાં કામવાસના-સંબંધિત પુષ્કળ ફરિયાદો આવતાં તપાસાર્થે ટ્રસ્ટીઓની મીટિંગ મળી. સાચી હકીકત શોધી કાઢીને તે બંગલો વેચી કાઢીને છાત્રોને મૂળ સ્થાને પાછા લાવવામાં આવ્યા.

જેવો ધ્વનિ તેવો પ્રતિધ્વનિ. મોત આપે તેને મોત મળે, જીવન આપે તેને જીવન. સુખ આપે તેને સુખ મળે, દુઃખ આપે તેને દુઃખ.

જે વરુને કોઈ જ કબજે કરી શક્યું ન હતુ એવા માણસખાઉં ઝનૂની વરુને જંગલમાં એકલા જઈને વહાલની બૂમો પાડતા, ભેટવા માટે હાથ પહોળા કરવાના અભિનય સાથે ફ્રાન્સીસ તેની સામે દોડ્યો. તેની પ્રેમ ઊભરાતી મુખમુદ્રા જોઈને જ વરુ ઠંડુંગાર થઈ ગયું. વરુને ખૂબ પંપાળવા સાથે ફ્રાન્સીસે તોફાન કરવાની ના પાડી. શી ખબર ? વરુ કાયમ માટે અહિંસક થઈ ગયું.

તાજેતરમાં જ કોઈ ગૌશાળામાં આવેલા અતિ ભયંકર સાંઢને કોઈ કબજે કરી ન શક્યું ત્યારે ચૌદ વર્ષના આદિવાસી કિશોરે માત્ર પંપાળીને તેને કબજે કરીને ઠંડોગાર કરી દીધો. કાર્યકરોએ તેનું રહસ્ય પૂછ્યું ત્યારે કિશોરે કહ્યું,'એમાં રહસ્ય જેવું કાંઈ જ નથી. પ્રેમ આપીએ તો પ્રેમ મળે જ !'

યોગશાસ્ત્રમાં કલિકાલસર્વજ્ઞ ભગવંતે જે આત્મૌપમ્યભાવ જણાવ્યો છે તેનો જ આ પ્રભાવ છે કે વૈરીઓ પણ વૈર ભૂલી જાય છે.

રામકૃષ્ણ પરમહંસને છેલ્લી અવસ્થામાં કૅન્સર થયું ત્યારે છેલ્લે ખાવાનું પણ બંધ થઈ ગયું. તેમણે કાલિમાતાને કહ્યું, "બીજું કાંઈ નહીં પણ થોડું ખાઈ શકાય એટલું તો મા ! કરી આપ."

કાલિએ જવાબ આપ્યો, "બેટા ! તું લાખો મોંએ ખાઈ જ રહ્યો છે. એમાં એકાદ મોંએ ખાવાનું બંધ થયું તેમાં અકળાયો કેમ ?"

અને...રામ ચૂપ થઈ ગયા !

વિશ્વમાત્રના સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ, સમભાવ અને અભેદભાવ એ જ માનવજીવનની વાસ્તવિક આરાધના છે. જૈન શાસ્ત્રકારોએ તો માર્ગાનુસારી જીવનમાં ધર્મની સાવ પાયાની ભૂમિકામાં જીવમાત્ર પ્રત્યે દયાભાવ આવશ્યક જણાવ્યો છે. તે પછી ધર્મની વિકસિત અવસ્થારૂપ સમ્યગ્દર્શનની સાથે અનુકંપાને ગાઢ રીતે જોડેલ છે અને તે પછી ચારિત્રજીવનના ધર્મની સુ-વિકસિત અવસ્થામાં તો ચારિત્ર એટલે સર્વ જીવો સાથે સ્નેહપરિણામ, સર્વસત્ત્વહિતાશય વગેરે કહેલ છે.

જો ધર્મની જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ત્રણેય અવસ્થાઓમાં જીવમાત્ર પ્રત્યે કરુણાભાવ આવશ્યક ગણાવાયો હોય ત્યારે તેનું મહત્ત્વ કેટલું બધું વધી જાય છે !

આથી જ પોતે ત્રિશૂળની વેદનાથી પીડાતા હતા છતાં પોતાના શરીરમાંથી પાણીમાં પડતી લોહીની ધારાથી નાશ પામતા અસંખ્ય જીવોની કરુણાથી અન્નિકાપુત્ર આચાર્યનું હૈયું દુઃખાર્દ્ર બની ગયું હતું.

આથી જ કડવી તુંબડીનું ઝેરી બનેલું શાક બીજા જીવોને ન મરવા દેવા માટે ધર્મરુચિ અણગારે પોતે વાપરી જઈને હાથે કરીને મોત બોલાવી લીધું હતું.

જો જીવમાત્ર સાથે સ્નેહપરિણામ એ જ કોઈ પણ કક્ષાના ધર્મ સાથે જોડાયેલો ગુણ હોય તો માતાપિતા સાથે, નોકરો સાથે, બાળકો સાથે, શિષ્યો સાથે, ગુરુજનો સાથે, સાધર્મિક બંધુઓ અને બહેનો સાથે સ્નેહપરિણામ તો કેવું જોઈએ ? શું નાની નાની વાતે એમની સાથે કટુ-પરિણામ પેદા કરનારને હવે ધર્મી કહી શકાય ખરો ?

જૈનોમાં જે પ્રભાવના (વસ્તુનું દાન) કરાય છે તે પ્રાયઃ મીઠી વસ્તુઓની જ કરાય છે. તેના દ્વારા એવું સૂચવવામાં આવે છે કે સહુને તમે વાણીની, હૈયાની મીઠાશ જ આપો, કડવાશ તો કદાપિ નહિ.

જે પરપીડન કરશે તે કદી નહિ કેળવી શકે; પરગુણાનુરાગ અને સ્વદોષદર્શન.

હાય, પરગુણાનુરાગ વિના અને સ્વદોષદર્શન વિના ઘણો બધો કરાતો ધર્મ કદી 'ધર્મ' કહી શકાય ખરો ?

## ભાવ આપો : સદ્ભાવ પામો

"કોઈને કેમ મારી ઉપર સદ્ભાવ જાગતો નથી ? આટલા બધા હું કામ કરું, દરેકને માટે હું મરી પડું છતાં આ બધા લોકોને મારી ઉપર તિરસ્કાર કેમ જાગે છે ? ખરેખર એમ લાગે છે કે આ દુનિયામાં કોઈને કોઈની પડી નથી. બધા સ્વાર્થે શૂરા છે. ગમે તેટલો ઉપકાર કરવામાં આવે તો ય તેને ભૂલી જતાં એક ક્ષણની પણ વાર લાગતી નથી. હાય, કેટલું બધું સ્વાર્થી આ જગત છે ?"

આ ઉદ્ગારો કયા કુટુંબના કયા માણસના નહિ હોય ? સહુની જાણે કે આ ફરિયાદ છે કે, "આ દુનિયાને કોઈની પડી નથી. બધા સ્વાર્થના સગાં છે. આવા લોકો માટે આપણે તૂટી મરવું એ મુર્ખાઈનું કામ છે. અમે બધી વાતે સાચા છતાં એની કદરબૂઝ ક્યાંય જોવા મળતી નથી."

હા, મને પણ આ વાતમાં તથ્યાંશ જણાય છે. ઉપકારી જનો પ્રત્યે જેવો કૃતજ્ઞતાભાવ દેખાડવો જોઈએ તેવો ભાવ પ્રાયઃ દેખાડાતો નથી.

પણ આ રોગનું મૂળ તો તપાસવું જ પડશે. કદાચ એનું મૂળ આપણામાં જ કેમ ન હોય ? આપણી જ ભૂલના કારણે આમ બનતું હોય તે શું સંભવિત નથી ?

આપણી પાસે ખૂબ શાન્તિ હોય, સારો એવો સમય હોય, મનને સઘળી જીદથી અને સઘળા પૂર્વગ્રહોથી મુક્ત કરી દેવાની પૂરી તૈયારી હોય તો આ પ્રશ્નનો ઉકેલ જડી જાય તેમ છે. મેં તેનો ઉકેલ શોધ્યો છે અને મને આ દુઃખદ પરિસ્થિતિની વહી જતી નદીના વહેળાનું ઉદ્ગમસ્થાન આપણામાં જ જણાયું છે. અહીં થોડીક રજૂઆત કરું :

આ જગતનો નિયમ છે કે તમે જે આપો તેનાથી સવાયું, બમણું, દશ ગણું કે તેથી પણ વધુ પામો.

એકવાર કોઈને મોત આપનાર ભવચક્રમાં અનેક વાર મર્યો હોય તેવા અનેક દૃષ્ટાન્તો ધર્મશાસ્ત્રમાં સાંભળવા મળે છે.

કુદરતમાં ય 'લઈને ઘણું આપવાનો' નિયમ જોવા મળે છે.

ખેતરમાં બીજ પડે છે કેટલા ? અને તેના બદલામાં મળી જાય છે કેટલા ?

વાદળો પાણી લે છે કેટલું ? અને છેવટે દે છે કેટલું ?

ગાય ઘાસ કેટલું ખાય છે ? અને ચોવીસ જ કલાકમાં દે છે કેટલું દૂધ, કેટલું છાણ ? અને થોડા થોડા સમયે કેટલા વાછરડાં ?

ગરીબને ધન કેટલું અપાય છે ? અને આંતરડીની દુવા તથા જન્માન્તરનું પુણ્ય તત્ક્ષણ કેટલા મળી જાય છે ?

આ જ નિયમ પ્રસ્તુત વિષયમાં આપણે લગાડીએ.

આપણી જાતને પૂછીએ કે, "તને સામેથી દુર્ભાવ મળે છે ? તો જરૂર સામી વ્યક્તિને દુર્ભાવ જ અપાતો હશે. તારા હૈયે ક્યાંય દુર્ભાવ ન હોય અને તું સામેથી સદ્ભાવ ન પામે એ સામાન્યતઃ સંભવિત નથી. તું ભાવ આપ, તને સદ્ભાવ જરૂર મળશે."

જો ખૂબ ઊંડું ચિંતન કરવામાં આવશે તો જ આ વાત સમજાશે કે આપણામાં પડેલા સામી વ્યક્તિના દુર્ભાવને કારણે જ આપણને સામી વ્યક્તિ તરફથી સદ્ભાવ મળતો નથી. એમાં વળી આપણે પર વ્યક્તિ ઉપર કાંઈ ને કાંઈ ઉપકાર કર્યો હોય તો આ માનસિક ત્રાસને બદલે 'મને તેના તરફથી સદ્ભાવ કેમ મળતો નથી ?' તે અંગેનો ત્રાસ એકદમ વધી જાય છે.

કમાલ તો એ વાતની છે કે આ દુર્ભાવ પણ દૂરના-પરાયા-માણસો તરફ જેટલો નથી જાગતો તેટલો નજીક-નજીકના માણસો ઉપર જાગે છે. તેમાંય જે સાવ નજીકના છે; બા-બાપુજી, પત્ની, પુત્રો વગેરે કે જેઓ પોતે વધુમાં વધુ સહન કરે છે તેઓ જ દુર્ભાવનો ભોગ બની જાય છે. તેમના પ્રત્યે જ એટલી બધી અપેક્ષાઓ રાખવામાં આવે છે કે તેઓ ગમે તેટલી અપેક્ષા પૂરી કરે તો ય અનેક અપેક્ષાઓ ઊભી જ રહે છે. તે માટે અધીરાઈ આવે છે અને છેલ્લે આવેશ-જોરદાર ગુસ્સો અને ધોધમાર સલાહ, શિખામણ અને ડહાપણની વાતો 'વડીલ' તરીકેના અધિકારથી થવા લાગે છે.

આમ દુર્ભાવના દાનનું ચક્ર આપણા તરફથી શરૂ થાય છે અને નિકટના સ્નેહીજનો કે સ્વજનો દ્વારા પ્રત્યાઘાત રૂપે દુર્ભાવ વછૂટતાં તે ચક્ર પૂરું થાય છે.

સજાતીય વ્યક્તિ પ્રત્યે જ સામાન્યતઃ સવિશેષ દુર્ભાવ જાગતો હોય છે તેનું ખૂબ જ સુંદર દૃષ્ટાંત અકબર-બિરબલના એક વાર્તાલાપમાં જોવા મળે છે.

અકબરે બિરબલને પૂછ્યું કે, "કૂતરો અત્યંત વફાદાર પ્રાણી હોવા છતાં તેની જોઈએ તેટલી કદર થવાને બદલે માનવો તેને હટ્...હટ્... કેમ કરતા હશે ?"

બિરબલે તરત એક મોટો અરીસો અને એક કૂતરો મંગાવ્યા. અરીસાની સામે જેવો કૂતરાને ખડો કર્યો કે તરત જ તે અરીસામાં પોતાના જાતભાઈને જોઈને જોરજોરથી ભસવા લાગ્યો અને તેની સાથે ઉગ્રતાથી લડવા લાગ્યો.

બિરબલે અકબરને કહ્યું, "જહાંપનાહ ! પોતાના જાત-ભાઈ પ્રત્યેનો આ ધિક્કારભાવ જ વફાદારી ઉપર પાણી ઢોળી નાંખે છે."

અકબરને આ વાત બરોબર સમજાઈ ગઈ.

નિકટના સ્વજનો પ્રત્યેની વધુ પડતી અપેક્ષા, અધીરાઈ અને આવેશમાંથી આપણા હૈયે દુર્ભાવ જાગે છે એ વાત જો નિશ્ચિત થઈ જતી હોય તો હવે રોગ પકડાઈ ગયો. જો આપણે એમના તરફની વધુ ને વધુ અપેક્ષાઓનો સદંતર ત્યાગ કરી દઈએ તો અધીરાઈ અને છેલ્લે આવેશ ઉત્પન્ન થવાનો કોઈ સવાલ જ ઊભો થતો નથી.

વધુ પડતી અપેક્ષાઓ શાંત કરી દેવા માટે એક વાત સતત વિચારવી કે,"તેઓ મારા માટે કેટકેટલું કરે છે ? મને એ કેમ દેખાતું જ નથી ? છેવટે તેઓ પણ માણસ છે. મારે તેમની પાસે ઢોર-વૈતરું તો કેમ જ કરાવાય ? મારા માટે તેઓ જેટલું કરે છે તેટલું બીજાઓ પોતાના વડીલો કે સ્વજનો માટે ય કરતા હશે કે કેમ તે સવાલ છે. તો શા માટે મારે જ તેમના કામની કદર કરવી ન જોઈએ ? અને ઉપરથી વધુ ને વધુ અપેક્ષા રાખવી જોઈએ ? હું જ જ્યાં બેકદર છું ત્યાં સામી વ્યક્તિ બેકદર બને તો તેમાં વાંધો લેવાનો કે અકળાઈ જવાનો અને વડીલશાહીનો ક્રૂર અધિકાર જમાવવાનો મને શો હક્ક છે ?"

આ વિચાર 'અપેક્ષા'ને નિર્મૂળ કરશે. પછી તરત જ આપણા હૈયામાં સામી વ્યક્તિ પ્રત્યે સદ્ભાવ જાગવા લાગશે. પછી તરત જ તેના પ્રત્યાઘાત રૂપે સામી વ્યક્તિના હૈયામાં સદ્ભાવ જાગશે. પછી હણાઈ ગયેલી કૌટુંબિક શાંતિની પુનઃપ્રતિષ્ઠા થશે, હરાઈ ગયેલી નીંદ આવવા લાગશે, ઝેર થઈ ગયેલું ભોજન અમૃત બનશે, સહુના મોં હસમુખાં બનશે.

આ ભાવ-દાનની શરૂઆત વડીલે જ કરવાની છે. જે વધુ સમજદાર હોય તે જ શરૂઆત કરે ને ?

## બળદેવ મુનિ, રથકાર અને હરણિયું

પૂર્વભવના સંબંધે એક મૃગ જાતિસ્મરણ પામીને અતિ સંવેગવાળો થઈને તેમનો સદાનો સહચર થયો. બળદેવ મુનિની નિરંતર ઉપાસના કરનારો તે મૃગ વનમાં ભમતો અને કાષ્ઠાદિકને લેવા આવનારાઓની શોધ કરતો. તેઓને શોધ્યા પછી તે બળદેવ મુનિની પાસે આવતો. ત્યાં બળદેવ મુનિને ધ્યાન ધરતા જોતો એટલે તે તેમના ચરણમાં મસ્તક નમાવી નમાવીને 'ભિક્ષા આપનાર અહીં છે' એમ જણાવતો. બળદેવ મુનિ તેના આગ્રહથી તરત જ ધ્યાન મૂકીને તે હરણને આગળ કરીને તેની સાથે ભિક્ષા માંગવા નીકળતા.

અન્યદા કેટલાક રથકારો ઉત્તમ કાષ્ઠો લેવાને માટે તે વનમાં આવ્યા. તેઓએ ઘણાં સરળ વૃક્ષો છેદ્યા. તેમને જોઈને તે મૃગે બળદેવ મુનિને જણાવ્યું એટલે તેના આગ્રહથી તે મહામુનિ ધ્યાનમાંથી જાગ્રત થયા. તે રથકારો ભોજન કરવા બેઠા હતા તે વખતે તે મુનિ તે મૃગને આગળ કરીને માસખમણના પારણાને માટે ભિક્ષા લેવા ત્યાં ગયા.

તે રથકારોનો જે અગ્રેસર હતો તે બળદેવ મુનિને જોઈને ઘણો હર્ષ પામ્યો અને વિચારવા લાગ્યો કે, "આ અરણ્યમાં સાક્ષાત્ કલ્પવૃક્ષ જેવા આ કોઈ મુનિ છે. કેવું એમનું રૂપ ! કેવું તેજ ! અને કેવી મહાન સમતા! આ મુનિરૂપ અતિથિ મળવાથી હું તો કૃતાર્થ થયો."

આ પ્રમાણે ચિંતવીને તે રથકાર પાંચે અંગે ભૂમિનો સ્પર્શ કરીને (પંચાગ પ્રણામ કરી) તેમને ભાતપાણી આપવા આવ્યો.

તે વખતે બળદેવ મુનિએ વિચાર્યું કે, "કોઈ આ શુદ્ધ બુદ્ધિવાળો શ્રાવક છે તેથી જ જે કાર્ય વડે સ્વર્ગનું ફળ ઉપાર્જન થઈ શકે એવી આ ભિક્ષા મને આપવાને ઉત્સુક થયો છે. તેથી જો હું આ ભિક્ષા નહિ લઉં તો તેની સદ્‌ગતિમાં મેં અંતરાય કરેલો ગણાશે, માટે હું આ ભિક્ષા ગ્રહણ કરું."

આ પ્રમાણે વિચારીને કરુણાના સાગર એવા તે મુનિ જો કે પોતાના શરીરમાં પણ નિરપેક્ષ હતા તો પણ તેમણે તેની પાસેથી ભિક્ષા ગ્રહણ કરી. પેલો મૃગ મુનિને અને વનને છેદનાર રથકારને જોઈને મુખ ઊંચું કરીને નેત્રમાં અશ્રુ લાવીને વિચારવા લાગ્યો કે, "અહો તપના એક આશ્રયભૂત અને શરીરને વિશે પણ નિઃસ્પૃહ એવા આ મહામુનિ ખરેખરા કૃપાનિધિ છે કે જેમણે આ રથકારની ઉપર અનુગ્રહ કર્યો. અને અહો ! આ વનને છેદનાર રથકારને પણ ધન્ય છે કે જેણે આ મહામુનિને અન્નપાનથી પ્રતિલાભિત કરીને પોતાના મનુષ્યજન્મનું મહાફળ પ્રાપ્ત કર્યું. માત્ર હું જ એક મંદભાગી છું કે જે આવો મહાતપ કરવાને કે આવા મુનિને પ્રતિલાભિત કરવાને સમર્થ નથી. તેથી તિર્યંચપણાથી દૂષિત એવા મને ધિક્કાર છે."

આવી રીતે તે ત્રણે જણાં ધર્મધ્યાનમાં તત્પર થઈને રહ્યા તેવામાં તેઓ જે વૃક્ષ નીચે ઊભા હતા તે વૃક્ષનો અડધો ભાગ છેદેલો હોવાથી મોટા પવનથી બાકીનો ભાગ ભાંગી જઈને તે વૃક્ષ તેમના ઉપર પડ્યું. તે પડવાથી તે ત્રણે તત્કાળ મૃત્યુ પામ્યા અને બ્રહ્મદેવલોકને વિષે પદ્મોત્તર નામના વિમાનમાં ત્રણે દેવ થયા.

### પરગુણપ્રમોદ અને સ્વદોષદર્શન

આપણે પૂર્વે જ જોયા છે; દુષ્કૃતોની ગર્હાનો મહિમા અને સુકૃતોની અનુમોદનાના ચમકારાઓ.

ધર્મની શરૂઆત જ સ્વદોષદર્શનથી અને પરગુણપ્રમોદથી થાય છે.

માત્ર સ્વદોષદર્શન એવો ધર્મ છે જે આત્માને સર્વકર્મથી મુક્ત કરીને મોક્ષ અપાવી શકે, પરલોકમાં સદ્‌ગતિ અપાવી શકે, આ લોકમાં મૃત્યુ વખતે સમાધિ અપાવી શકે અને જીવનકાળમાં મનસા, વાચા, કર્મણા બ્રહ્મચર્યની શુદ્ધિ અપાવી શકે.

પેલા રડતા સંતની એક વાત છે. એણે ગૃહસ્થજીવનમાં સગી બહેન સાથે એક વખત પાપ કરી

નાંખ્યું હતું. ત્યાર પછી તે રડવા લાગ્યો, તે બસ રડતો જ રહ્યો.

એક દિ' તે ઘરમાંથી નીકળી ગયો. વાયરો જ્યાં લઈ જાય ત્યાં તેને જવું હતું. રસ્તામાં જે ઝાડ, પાન, પશુ, પંખી, માણસો મળ્યા તે દરેકને તે પગે લાગવા માંડ્યો અને દરેકની પાસે માફી માંગતો કહેવા લાગ્યો કે, "મેં બહુ મોટી ભૂલ કરી નાંખી છે. મને ક્ષમા આપો. તમે બહુ મહાન છો, નિર્દોષ છો. હું અધમ છું."

આ એકધારા પશ્ચાત્તાપને લીધે તે રડતા સંત તરીકેની ખ્યાતિ પામ્યો. તેના શરીરમાં એવી કોઈ લબ્ધિ પેદા થઈ કે જે કોઈ રોગી માણસ તેના ચરણસ્પર્શ કરે તેનો રોગ પ્રાયઃ નાબૂદ થઈ જાય.

આ છે; તાકાત સ્વદોષદર્શનની.

પેલું વાક્ય : **'અધમાધમ અધિકો પતિત સકળ જગતમાં હું,**
**એ નિશ્ચય આવ્યા વિના સાધન કરશે શું ?'**

આ વાક્યના મર્મને આત્મસાત્ કરવો જોઈએ.

પરસ્પર થઈ ગયેલી ભૂલ બદલ જે મા-દીકરાએ જાહેરસભામાં જોરદાર એકરાર કર્યો. બે કુટુંબ સિવાય તમામ લોકોએ તેમની ખૂબ નિંદા કરી. તેને તેમણે સમભાવે સહન કરી તો તેમના તમામ ભવો કપાઈ ગયા, માત્ર બે બાકી રહ્યા.

દૃઢપ્રહારી, ચિલાતી અને ઈલાચી સ્વદોષદર્શન અને પરગુણ-પ્રમોદના પ્રભાવે જ અનુક્રમે મહિનાઓના ક્રૂર કર્મોનો કલાકોમાં અને ક્ષણોમાં નાશ કરી નાંખીને વીતરાગભાવ પામી ગયા.

સ્વદોષદર્શન જેટલો જ અદ્ભુત ગુણ છે; પરગુણપ્રમોદ.

આના અંગે વિશ્વામિત્ર અને વસિષ્ઠની અજૈન ઘટના ખાસ જાણવા જેવી છે.

### ધર્મના બે પાયા : ગર્હા અને અનુમોદના

જે આત્માને સંસાર સુખમય હોય તો પણ અસાર લાગ્યો હોય, જેને મોક્ષ પામવાની તાલાવેલી જાગી હોય, તે માટે તેને સંસાર ત્યાગીને સાચા સાધુ થવાની અભિલાષા પેદા થઈ હોય, રે ! સંસારમાં રહેવાની ફરજ પડે તો ય ઉત્તમ કક્ષાના ગૃહસ્થ બનવાની ભાવના પ્રગટી હોય તે બધાએ ગર્હા અને અનુમોદનાના બે પાયાઓને પકડવા જ પડશે.

આ બે પાયાને સ્પર્શ્યા વિના જે આત્માઓ બીજા કોઈ પ્રકારથી આધ્યાત્મિક માર્ગે વિકાસ સાધવા જાય છે તે બધા ગોથાં ખાય છે.

ગર્હા દુષ્કૃતોની કરવાની અને અનુમોદના સુકૃતોની કરવાની.

આપણે બહુ મોટી બે ભૂલો કરી છે.

**પહેલી ભૂલ :** પોતાના દુષ્કૃત્યોની ગર્હા કદી કરી નથી અને દુષ્કૃત્યો ત્યાગી દીધા છે. સિનેમા છોડ્યા છે પણ જોયેલા સિનેમાઓની ગર્હા (નિંદા) કદી કરી નથી.

**બીજી ભૂલ :** ગર્હા પણ કરી તો છે જ, પરંતુ તે બીજાઓના દુષ્કૃત્યોની. પોતાના દુષ્કૃત્યોની ગર્હા તો કદી કરી નથી.

આવું જ અનુમોદનાના વિષયમાં બને છે.

આપણે પોતે સુકૃતો ખૂબ સેવ્યા છે પણ (બીજાના) સુકૃતોની અનુમોદના તો કદી કરી નથી. વળી અનુમોદના પણ ખૂબ કરી છે, પરંતુ તે આપણા પોતાના સુકૃત્યોની : આપબડાઈ રૂપ. બીજાના

સુકૃત્યોની અનુમોદના કરવામાં આપણે સદા કાયર બની રહ્યા છીએ.

લાખનું દાન જરૂર દીધું છે પણ કોઈના દસ લાખ રૂપિયાના દાનની અનુમોદના તો ભૂલથી સ્વપ્નમાં ન થઈ જાય તેની ભારે કાળજી રાખી છે.

ધર્મના બે પાયા છે : તમારા પોતાના પાપોની તમે નિંદા કરો. પાપો ભલે કદાચ ન પણ ત્યાગી શકાય.

બીજાઓના સુકૃત્યોની અનુમોદના (હાર્દિક અને યથાયોગ્ય જાહેર પ્રશંસા) કરો. ભલે કદાચ તમે સુકૃતો ન પણ આચરી શકો.

વસ્તુતઃ આપણા પાપો છોડવા કરતાં ય એ પાપોની નિંદા કરવી તે જ ખૂબ મુશ્કેલ છે. એ જ રીતે સુકૃત્યો સેવવા કરતાં બીજાના સુકૃત્યોની અનુમોદના કરવી તે ખૂબ મુશ્કેલ છે.

જીવને સામાન્ય રીતે કર્મવશાત્ પોતાના ઉપર રાગ હોય છે અને બીજા ઉપર દ્વેષ હોય છે. પોતાની ઉપરના રાગને લીધે પોતાના દુષ્કૃત્યોની નિંદા ઝટ કરી શકતો નથી. બીજાની ઉપરના દ્વેષને લીધે બીજાના સત્કાર્યોની અનુમોદના (યથાયોગ્ય પ્રશંસા) પણ કરી શકતો નથી.

બીજા જીવો ઉપર રાગ ત્યારે જ થાય છે જ્યારે તે બીજા જીવો આપણી જાત ઉપર રાગ કરે છે. જો તે આપણી ઉપર રાગ ન કરે તો તરત તેની ઉપર દ્વેષ પેદા થઈ જાય છે.

આ સ્વ-રાગ અને પર-દ્વેષ એ જ જીવના ભવભ્રમણનું મૂળ છે.

આ ગર્હા અને અનુમોદનાને સ્વ અને પર શબ્દ સાથે યોગ્ય રીતે એકદમ ફીટ કરી દેવા જોઈએ, અર્થાત્ પોતાના જ દુષ્કૃત્યોની ગર્હા કરવી જોઈએ. એ જ રીતે બીજાના જ સુકૃત્યોની અનુમોદના કરવી જોઈએ.

જેમ સાચો ગવૈયો પોતાની સાથેના બીજા ઉસ્તાદોને 'વાહ ! વાહ કમાલ !' કહીને કેવો ઉત્તેજિત કરતો હોય છે.

જો સ્વ-દુષ્કૃતગર્હા ન કરાય તો 'સ્વ'ના અનેક ગુણોનું નિકંદન નીકળી જાય અને જો પર-સુકૃતની યોગ્ય રીતે અનુમોદના ન થાય તો અનેક પર-જીવોનો વિકાસ સ્થગિત થઈ જાય. જીવમાત્ર ઉપબૃંહણા- અનુમોદના-યોગ્ય રીતની પ્રશંસાથી ઉલ્લાસ પામીને વધુ જોરથી તે ગુણને વિકસાવવા માટે પ્રોત્સાહિત બને છે. જો તે રીતે યોગ્ય સમયે તેના કરેલા કામની અનુમોદના ન થાય તો તેનો ઉત્સાહ મરી જાય. જે કાળમાં સત્કાર્યો કરનારાઓની સંખ્યા સાવ ઘટવા લાગી છે તે કાળમાં જે થોડા આત્માઓ જે થોડા પણ સત્કાર્યો કરતા હોય તેમની યોગ્ય રીતે અનુમોદના કરીને તેમને પ્રોત્સાહિત કરતાં રહેવાનું કાર્ય વડીલોએ પૂરતી સભાનતા સાથે કરતાં રહેવું જોઈએ.

વીરપ્રભુના પરમભક્ત મગધરાજ શ્રેણિકે શિકારના પોતાના દુષ્કૃતની ગર્હા જ કરવી જોઈતી હતી પણ તેણે તો તેની જોરદાર અનુમોદના કરી નાંખી તો તેમને નરકમાં જવું પડ્યું અને વીરપ્રભુના કટ્ટર શત્રુ તરીકે પંકાયેલા ગોશાલકે જીવનના છેલ્લા કલાકોમાં જ પોતે કરેલા કાળા દુષ્કૃતોની જોરદાર ગર્હા કરી તો મરીને તે દેવલોકમાં ચાલ્યો ગયો.

ભક્ત નરકે અને શત્રુ દેવલોકે ! આવા છે; ગર્હા અને અનુમોદનાના ગણિત.

હવે આવું ગણિત અનુમોદનાના સંબંધમાં જોઈએ.

ભીમા કુંડલીયાએ દાનેશ્વરીઓના પર-સુકૃતોની ભારોભાર અનુમોદના કરી તો તે કેવો ફાવી ગયો ? તેનું દારિદ્રય ફેડાઈ ગયું. અને પેલા ઘોર તપસ્વી સિંહગુફાવાસી મુનિ ? એમનાથી

સ્થૂલભદ્રજી મુનિના સુકૃતની અનુમોદના ન થઈ, ઉલટો તિરસ્કાર કર્યો તો બિચારા એક વાર તો રૂપકોશાને ત્યાં કેવું અધઃપતન પામી ગયા !

કાળા દુષ્કૃતોની ગર્હા કરીને યમુન-રાજા આત્મકલ્યાણ સાધી ગયા અને તેમ ન કરવાને કારણે સામયિક મુનિએ (આર્દ્રકુમારનો પૂર્વભવ) અનાર્યદેશમાં જન્મ લેવો પડ્યો.

સુકૃતની અનુમોદના કરીને સંગમક અને પેલું હરણ કામ કાઢી ગયા અને તેમ ન કરીને, ઉલટો પસ્તાવો કરીને પેલો શેઠ મમ્મણ થયો.

સાધના બે જ પ્રકારની છે; એક છોડવાની અને બીજી રડવાની.

કાં પાપોને ત્યાગી દો અથવા ન ત્યજાતા પાપો ઉપર ખૂબ રડ્યા કરો; આંખોથી અથવા હૈયેથી.

સુકૃતની અનુમોદનાના વિષયમાં એક ભયસ્થાન જણાવું.

જેને જે સુકૃત ખૂબ ગમી જાય છે તે આત્મા શક્તિ હોય તો તે સુકૃતને સ્વયં સેવે જ છે. પરંતુ પોતે સુકૃત કેટલું સેવી શકશે ?

જેને પ્રભુભક્તિ ખૂબ ગમી ગઈ તે પ્રભુભક્તિ કરશે. તેનાથી તેને તૃપ્તિ તો નહિ જ થાય. આથી જ સહજ રીતે તે અતૃપ્ત આત્મા બીજા અનેકોને પ્રભુભક્તિ કરવાની પ્રેરણા કરશે : પ્રભુભક્તિ કરાવશે. પણ તેનાથી ય તેને તૃપ્તિ નહીં થાય ત્યારે જગતમાં જ્યાં ક્યાંય પણ પ્રભુભક્તિ ચાલતી હશે, ભૂતકાળમાં થઈ હશે, ભવિષ્યમાં થવાની હશે તે તમામ પ્રભુભક્તિની ભારોભાર અનુમોદના કરવા લાગશે. આમ શક્તિ હોય ત્યારે તો સુકૃતનો પ્રેમી તે સુકૃત સ્વયં કરશે જ, પછી કરાવશે, અંતે પછી અનુમોદના કરશે.

આજે કેટલેક સ્થળે શક્તિ હોવા છતાં કેટલાક આત્માઓ સુકૃત સેવતા નથી અને જેઓ તે કરતા હોય તેમની અનુમોદના જાહેર કરે છે. ખરેખર આ અનુમોદના એ છલ છે, દંભ છે. વાસ્તવિક અનુમોદના પૂર્વોક્ત રીતે કર્યા-કરાવ્યાની અતૃપ્તિમાંથી પેદા થતો સાહજિક મનોભાવ છે.

પોતે હજાર રૂપિયાનું દાન કરવાની શક્તિ ધરાવતો હોવા છતાં તેમ ન કરીને બીજાના તેવા દાનની અનુમોદના કરવા લાગી જાય તો વ્યવહારથી પણ તે કેટલું વિષમ લાગે ?

પરના સુકૃતોની જેમ પોતાના સુકૃતોની પણ નિરભિમાનાદિપૂર્વક અનુમોદના પણ ખૂબ ઉત્સાહ-બળ પૂરું પાડતી હોય છે. મરણ વખતે જેમ સ્વ-દુષ્કૃતોની ગર્હા કરવાની છે તેમ સ્વસુકૃતોની અનુમોદના પણ કરી શકાય. ગર્હાથી નકારાત્મક બળ પેદા થાય તો અનુમોદનાથી હકારાત્મક બળ પેદા થાય.

મરણ વખતે પોતાના સુકૃતોની સુંદર મજાની અનુમોદના કરીને ઉત્સાહ પામવા માટે પણ જીવનમાં એક, બે, પાંચ સુકૃતો તો એવા જોરદાર કરી લેવા જોઈએ કે એની મનોમન ખૂબ ખૂબ અનુમોદના (આપબડાશ નહિ) થયા જ કરે.

સુકૃત-સેવનનો બમણો લાભ છે. સુકૃત સેવવાનો એક લાભ અને પછી મરણ સમય સુધી તેની અનુમોદના કરીને પુણ્યબંધનો અગણિત લાભ. અનુમોદના એ ઘંટ વાગ્યા પછી ચાલતા મધુર રણકાર જેવી છે.

બીજાને સુધારવો હોય, એના દોષને ખરેખર નિર્મૂળ કરવો હોય તો પહેલાં તેના સારા અને સાચા બે-ચાર ગુણોની અનુમોદના કરવી જ જોઈએ. એથી તે વ્યક્તિને ખૂબ સારું લાગે છે, સામી વ્યક્તિ ઉપર પ્રેમ જાગે છે. આ પછી એ વ્યક્તિ એના બે દોષોનું સૂચન કરે તો એ સૂચન એ વ્યક્તિને મધથી પણ વધુ મીઠું લાગે છે.

એવો નિયમ બનાવવો જોઈએ કે જેના જેટલા દોષ કહેવાની ફરજ પડે તેના તેથી બમણાં ગુણોની પહેલાં વાસ્તવિક અનુમોદના કરવી.

જે સારી બાબતની અનુમોદના થશે તે બાબત વ્યક્તિના જીવનમાં અને જગતમાં ઝડપથી વ્યાપી જશે. જૈનોમાં દૈનંદિન તપ વધતો જવાનું અને સાધુ-સંસ્થામાં વિદ્વત્તા વધતી જવાનું કારણ આ જ છે કે તપ અને વિદ્વત્તાની ખૂબ અનુમોદના (પ્રભાવનાદિ દ્વારા) થતી હોય છે.

ઘણી જાતની તીર્થયાત્રાદિ ટ્રેઈનો નીકળે છે. આવી જ એકાદ ટ્રેઈન જુદા-જુદા ૧૦-૨૦ ગામોના સુકૃતારાધકોના દર્શન, અનુમોદના કરવા નીકળે તો તે ગામમાં તે આરાધકો-જિનભક્તો, સાધુભક્તો, સ્વાધ્યાયીઓ, પાઠશાળાના શાસ્ત્રનીતિના કર્મઠ શિક્ષકો, શીલવતી નારીઓ, માનવતાના નિખાલસ કાર્યકરો, પાંજરાપોળોના ભેખધારીઓ વગેરેને કેટલું જબ્બર પ્રોત્સાહન મળી જાય ? આસપાસમાં-સર્વત્ર-તેમાંથી પ્રેરણાનું બળ પામીને તેવા સજાતીય કેટલાય નવા સુકૃતારાધકો જન્મ પામી જાય.

દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનાની જોડલીનો તો શો મહિમા ગાવો?

આ બે ના પ્રભાવે એવા જ સુંદર દ્રવ્ય, દેશ અને કાળ આવીને અથડાય કે ચિત્તમાં સારા ભાવો જ જાગ્યા કરે, પાપો કરવાની તો વાત જ દૂર રહી.

આવા સારા ભાવોના પ્રભાવે સરસ ધર્મસામગ્રીઓથી ભરપૂર ભવ મળે.

આવા ભવમાં વળી પાછી ગર્હા-અનુમોદનાની જોડલી જામે. તેથી વળી દ્રવ્યાદિ પણ સારા મળે. તેથી ભાવ સારા જામે, તેથી ભવ સુંદર મળે.

આમ સતત ચાલે તો આઠ ભવમાં તો ભવફેરો ટળી જાય, આત્માનું કલ્યાણ કલ્યાણ થઈ જાય.

## પાંડવો દીક્ષાના માર્ગે

જરાકુમાર પાંડવોની પાસે આવ્યા અને કૃષ્ણનું કૌસ્તુભરત્ન આપીને દ્વારકા નગરીના દાહ વગેરેની સર્વ વાત કહી સંભળાવી. તેઓ તે વાત સાંભળીને શોકમગ્ન થઈ ગયા. પછી તેઓને દીક્ષા લેવાની ઈચ્છા થઈ.

શ્રીકૃષ્ણના મૃત્યુના આઘાતજનક સમાચારોએ પાંડવોના જીવનને નવો વળાંક આપી દીધો.

નિમિત્ત મળે અને તો ય જો માંહ્યલો જાગે નહિ તો પછી એને કોણ જગાડી શકે ?

## નિમિત્ત મળતાં તો સંસારત્યાગ કરવો જ

મહારાજા દશરથને બુઢ્ઢા કંચુકીનું દર્શન થયું. ઘડપણની ભયાનકતા જોતાં જ તેમના મોંમાંથી શબ્દો નીકળી પડ્યા કે, "હું આવું ઘડપણ પામું તે પહેલાં જ સર્વસંગનો ત્યાગી બનીને આત્મકલ્યાણ કરી લઉં."

પોતાના માથે વળી બીજો ય કોઈ (પ્રભુવીર સિવાય) ધણી છે-મગધના રાજા શ્રેણિક-એ જાણ થતાં જ શાલિભદ્રે નવાણું દૈવી પેટીઓના અને બત્રીસ પત્નીઓના સંસારને લાત લગાવી દીધી, ભાગવતી પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો.

લક્ષ્મણના અકાળે મૃત્યુની વેળાએ તેમનું શબ જોઈને ભત્રીજાઓ લવ અને કુશ મહાભિનિષ્ક્રમણના પંથે રવાના થયા.

સૂર્યાસ્તના વિખરતા રંગો જોઈને હનુમાનજી સંસારથી વિરક્ત થયા.

'નથી આવવાનું અડધી રાતે ઘેર.' માતાના આ શબ્દોએ દુરાચારી આદમીને સંત બનાવ્યો.

'શરમ નથી આવતી અમારા ચામડાના રૂપરંગ જોતા. આંખોનો આ દુરુપયોગ ?' પનિહારીના આ શબ્દોએ બિલ્વમંગળનો રાહ પલટી નંખાવ્યો.

'લાજ ન લાગત આપકો...' વહાલી પત્ની રત્નાવલીના આ કથને ભારતને, હિન્દુપ્રજાને સંત તુલસીદાસની બક્ષિસ કરી.

ગુરુની મમતાએ સિદ્ધ નામના જુગારીને સિદ્ધર્ષિ બનાવ્યો.

ત્રાસમય સંસાર અનુભવીને સીતાજી સાધ્વી બન્યા.

પાંડવોના દીક્ષા લેવાના મનોભાવ જાણીને શ્રી નેમિનાથે ચતુર્જ્ઞાની એવા ધર્મઘોષ નામના મુનિને પાંચસો મુનિઓની સાથે ત્યાં મોકલ્યા. તેમના આવવાથી જરાકુમારને રાજ્ય ઉપર બેસાડી દ્રૌપદી સહિત તે મુનિની પાસે દીક્ષા લીધી અને તેમણે અભિગ્રહ સહિત તપ આરંભ્યું. ભીમે એવો અભિગ્રહ કર્યો કે જો કોઈ ભાલાના અગ્રભાગથી ભિક્ષા આપશે તો જ હું ગ્રહણ કરીશ. અભિગ્રહ છ માસે પૂરો થયો.

દ્વાદશાંગધારી તે પાંડવો અનુક્રમે પૃથ્વી ઉપર વિહાર કરતા કરતા શ્રી નેમિનાથ પ્રભુને વાંદવાની ઉત્કંઠાએ ચાલ્યા.

### દીક્ષા લેવી સહેલી, પાળવી બહુ મુશ્કેલ

મુનિજીવન લેવું હજી સરળ છે પણ પાળવું તો અતિ દુષ્કર છે.

પહેલો ખાવાનો ખેલ છે, બીજો ખાંડાનો ખેલ છે.

જે સંસારત્યાગી આત્મા સગવડોનો શિકાર બને છે તે મુનિભાવથી પતન પામે છે. પણ જે અગવડોને જ પોતાનો જીવન-પ્રાણ બનાવે છે તે દૈનંદિન ઉત્કૃષ્ટ ભાવોની ધારા સાથે જીવનવિકાસ પામતો જાય છે.

જેણે મુનિજીવન મેળવીને તેમાં સફળતા પામવી હોય તેણે જાત (શરીર) માટે ખૂબ કઠોર બનવું પડે, જીવો પ્રત્યે ખૂબ કોમળ થવું પડે અને ઉપકારી દેવ-ગુરુ પ્રત્યે ખૂબ કૃતજ્ઞ થવું જોઈએ. એમની સેવામાં લયલીન બનવું જોઈએ. જેઓ શરીર પ્રત્યે કોમળ, જીવો પ્રત્યે કઠોર અને ઉપકારી પ્રત્યે કૃતઘ્ન (અથવા ઉપેક્ષિત) બને છે તેમનું મુનિજીવન ઊથલી ગયા વિના રહેતું નથી. ખાનદાની આદિના કારણે કે સમાજ આદિના ભયથી કદાચ કાયાથી ન ઊથલી પડે તો ય માનસિક રીતે તેમના પતન અગણિત વખત થઈને જ રહેતાં હોય છે, કેમકે જીવમાત્ર પ્રત્યેનો દુર્ભાવ અને ઉપકારીઓ પ્રત્યેનો ઉપેક્ષાભાવ અતિ ઘોર કક્ષાનું પાપ છે. એના અંજામ ખૂબ ખરાબ આવતા હોય છે.

દીક્ષા તો સર્વકર્મનાશિની સાધના છે, પણ તે માત્ર લેવાની જ નથી કિન્તુ યથાવત્ પાળવાની પણ છે.

મને યાદ આવે છે; વૈભારગિરિ ઉપર ધગધગતી શિલા ઉપર અનશન કરીને સૂતેલા ધન્નાજી અને શાલિભદ્રજી ! એક જ વાર સામે જોવા માટે કાકલૂદીભરી આજીજી કરતી અને ચોધાર આંસુએ રડતી માતા ભદ્રાની સામે પાંપણો ઊંચી ન કરી.

મને યાદ આવે છે; પોતાના તીવ્ર અંતરાય કર્મને ખતમ કરવા માટે સ્વલબ્ધિથી જ ભિક્ષા વાપરવાનો અભિગ્રહ કરતા શ્રીકૃષ્ણ-પુત્ર મુનિ ઢંઢણ ! સ્વલબ્ધિથી મોદક મળ્યાની ભ્રમણાનો પ્રભુએ નાશ કર્યો તો મોદકને ધૂળમાં મેળવવાની ક્રિયા કરતાં કૈવલ્ય પામી જતાં ઢંઢણ મુનિ.

મને યાદ આવે છે; વજસ્વામીજીના તે બાળ સાધુ, જેમને રથાવર્ત્તગિરિ ઉપર પોતાની સાથે

અનશન કરવાની ગુરુએ-બાળવયને કારણે-ના કહી તો ય છાનાછૂપા પાછળથી આવીને સહુ પ્રથમ અનશન લગાવી દઈને આત્મકલ્યાણની કેડી પકડી લીધી.

મને યાદ આવે છે; ઘોર અને વિચિત્ર અભિગ્રહોને ધારણ કરીને અનંત કર્મોનો બૂકડો બોલાવી દેતા ખેમર્ષિ અને કૃષ્ણર્ષિ ! પારણાંની લગીરે ચિન્તા ન કરતા.

મને યાદ આવે છે; મહામુનિઓ ચિલાતી મુનિ ! દઢપ્રહારી મુનિ! યમન મુનિ ! પોતાની ભૂલો ઉપર કારમો પશ્ચાત્તાપ કરતાં મુનિવેષમાં કૈવલ્ય પામનારા.

ભીમ-મુનિએ ભાલાની અણી ઉપર ભિક્ષા મળે ત્યારે પારણું કરવાની પ્રતિજ્ઞા કરી હતી જે છ માસના ઉપવાસના અન્તે પૂર્ણ થઈ હતી.

વાહ ! ક્યાં ગદા લઈને ત્રાટકતો ભીમ ! અને ક્યાં આ ભીમમુનિ!

શ્રી નેમિનાથ પ્રભુએ મધ્યદેશ વગેરેમાં વિહાર કરીને ઉત્તર દિશામાં રાજપુર વગેરે શહેરમાં વિહાર કરી, ત્યાંથી ગિરિ ઉપર જઈ આવી તેમજ અનેક મ્લેચ્છ દેશમાં વિહાર કરીને ઘણા રાજાઓ અને મંત્રીઓને પ્રતિબોધ કર્યો. વિશ્વના મોહને હરનારા પ્રભુ આર્ય-અનાર્ય દેશમાં વિહાર કરીને પાછા હ્રીમાન નામના પર્વત ઉપર આવ્યા અને ત્યાંથી પાછા કિરાત દેશમાં વિચર્યા. તે પર્વત પરથી ઊતરી દક્ષિણ પથ દેશમાં આવ્યા અને ત્યાં સૂર્યની જેમ અનેક આત્માઓને બોધ આપ્યો.

### પરમાત્મા નેમિનાથનું નિર્વાણ

દીર્ઘકાળ સુધી પરમાત્મા નેમિનાથ આ ધરતી ઉપર વિચર્યા બાદ એક વાર ગિરનાર ઉપર પધાર્યા. ત્યાં છેલ્લી દેશના આપીને તેઓ અષાઢ સુદ આઠમે નિર્વાણ પામ્યા. પરમાત્મા નેમિનાથનું આયુષ્ય એક હજાર વર્ષનું હતું. દેવો અને દેવેન્દ્રોએ પરમાત્માના અગ્નિસંસ્કારની વિધિ કરી.

આ બાજુ પાંડવો વિહાર કરતાં કરતાં હસ્તીકલ્પ નગરે આવ્યા. ત્યાં તેઓ પરસ્પર પ્રીતિથી કહેવા લાગ્યા કે, ''હવે અહીંથી રૈવતાચલ ગિરિ માત્ર બાર યોજન દૂર છે, તેથી કાલે પ્રાતઃકાળે શ્રી નેમિનાથ પ્રભુના દર્શન કરીને જ આપણે માસિક તપનું પારણું કરીશું.''

એવામાં તો લોકો પાસેથી તેમણે સાંભળ્યું કે, 'ભગવાન શ્રી નેમિનાથ પોતાના તે તે સાધુઓની સાથે નિર્વાણપદને પામ્યા.' તે સાંભળતાં જ મોટો શોક કરતા તેઓ સિદ્ધાચલગિરિ ઉપર આવ્યા અને ત્યાં અનશન કરીને કેવળજ્ઞાન પામીને મોક્ષપદને પામી ગયા. સાધ્વી દ્રૌપદી મૃત્યુ પામીને બ્રહ્મ નામના દેવલોકમાં ગયા.

૪૮.

# લેખકની વાત

આ વાણી છે; પરમકૃપાળુ તારક તીર્થંકરદેવ પરમાત્મા મહાવીરદેવની.

તેમણે જણાવ્યું છે કે,"મારા નિર્વાણ પછી પચીસસો વર્ષ બાદ ભારતમાં ધર્મસંસ્કૃતિનો અભ્યુદય થવા લાગશે."

હા, હવે તે સમય પૂરો થઈ ગયો છે.

જ્યારે કાળ આપણી તરફેણમાં પલટાયો છે, એણે હવે સુખદ પડખું ફેરવ્યું છે તો સાનુકૂળ પરિવર્તનની શક્યતા પૂરેપૂરી છે. પણ સબૂર ! એકલા કાળની અનુકૂળતાથી કાંઈ પરિવર્તન આવી ન જાય. તેની સાથોસાથ માનવીય પુરુષાર્થ પણ અપેક્ષિત છે જ. દેવી સરસ્વતીજી પ્રસન્ન થઈ જાય એટલે કાંઈ જ્ઞાની ન બની જવાય. તે માટે તે વ્યક્તિએ પુસ્તક ખોલવાનો, વાંચવાનો પુરુષાર્થ તો કરવો જ જોઈએ. હા, બીજાને જે સિદ્ધિ દશ કલાકે મળે તે સિદ્ધિ સરસ્વતીજીના કૃપાપાત્રને દશ જ મિનિટના પરિશ્રમથી મળી જાય. પણ દશ મિનિટનો શ્રમ તો જરૂરી ખરો જ ને !

આવું જ કાળની તરફેણ સંબંધમાં છે. જ્યાં સુધી કાળ વધુ વકર્યો હતો ત્યાં સુધી આપણો હિમાલયન પુરુષાર્થ પણ નિષ્ફળ ગયો હતો. હવે અલ્પ પુરુષાર્થે પણ સફળતા મળી જાય તેમ છે. પરંતુ અલ્પ કે અધિક, પુરુષાર્થ તો કરવો જ રહ્યો.

ભાણામાં પડેલું ભોજન પુરુષાર્થ વિના મોંમાં ન આવી જાય.

વગડામાં વાતો પવન બંધ બારીવાળા પૅક ઘરમાં શી રીતે પેસી જાય?

ધરતીમાં આવી ગયેલું પાણી ખોદ્યા વિના તો શેં ઘરના ઘડામાં ભરાઈ જાય ?

એટલે જ્યારે કાળપુરુષ સલામ કરીને આપણી સેવામાં આવી ખડો છે તો આપણે કાંઈક તો કરવું જ જોઈશે.

ભસ્મગ્રહની વિદાયવેળાના છેલ્લા પાંચસો વર્ષો ઉત્તરોત્તર વધુ ને વધુ ભયાનક સ્થિતિવાળા બનતા ગયા છે તે તો હવે આપણે જ જોઈ લીધું છે. એ 'કેન્સર' જેટલી જીવલેણ પરિસ્થિતિ હતી એ આપણે કબૂલી જ લીધું છે.

પણ રોગ પકડાયા પછી નિરાશ બનીને, લમણે હાથ દઈને બેસી રહેવાનું આપણને જરાય ન પાલવે. હા, કદાચ આપણા જીવનકાળમાં પણ આપણે વાવેલા સત્પુરુષાર્થના બીજના બનેલા ઝાડ અને તેના ફળ, અને તે ફળોનું ભોજન ન પણ પામી શકીએ એ અત્યંત સંભવિત છે, પરન્તુ તેથી શું ? આ કાંઈ એકાદ પેઢીમાં જ આવી જનારું પરિવર્તન થોડું જ છે ? પાંચસો વર્ષોના રોગના નિવારણ માટે કમસેકમ પચાસ વર્ષ તો આપણે રાહ જોવી જ પડશે. તે પચાસે ય વર્ષ કાળી મજૂરી જેવા આપણે પસાર કરીશું, નીંદ પણ હરામ કરીશું, મગજના બધા જ સેલને વિચારવા માટે 'ચાર્જ' કરી દઈશું, ખાવાનું પણ ભૂલી જઈશું, બાહ્ય માનપાન, આડંબરોને પણ ત્યાગી દઈશું ત્યારે કદાચ તે બીજના ઝાડ અને તેના મીઠા ફળ તૈયાર થશે.

ખેર, ભલે આપણા વંશજો એ ફળની મધુરપ માણે. આપણને તેમાં શો વાંધો છે ? સવાલ છે; કામે ચઢી જવાનો, કામ ચાલુ કરી દેવાનો. ભલે પછી તે કામ કરનાર વ્યક્તિ એક જ હોય. ભલે પછી તે વ્યક્તિનું કામ ગુજરાત જેવા એકાદ રાજ્યમાં જ સીમિત રહેનારું હોય.

નાના પાયે પણ કામ તો ચાલું કરવું જ પડશે. અતિ ગંભીર પરિસ્થિતિનું દર્શન કરીને 'આભ ફાટ્યું છે, થીંગડું ક્યાં દેવું ?' એવા રાંડીરાંડ ડોશીના મરી ગયેલા મડદા જેવા ગંધાતા વિચારો આપણાથી કદી કરી શકાય નહિ.

જ્યારે કુરુક્ષેત્રની ભૂમિ ઉપર શત્રુપક્ષમાં પોતાના જ વડીલો અને પ્રિયજનોને જોઈને અર્જુન શસ્ત્ર ઊંચકવા માટે કાયર બની ગયો હતો ત્યારે તેને તેવા શ્રીકૃષ્ણ મળી ગયા હતા જેણે તેને ગર્જના કરીને કહ્યું હતું, "હે અર્જુન ! મનમાં ખરાબ વિચાર લાવ નહિ અને નબળાઈઓને ફગાવી ઊઠ, ઊભો થા. અફસોસ ન કર. તર્કની જાળમાં સપડાઈશ નહિ. વીરો અને વિદ્વાનો વીતી ગયેલી બાબતોનો અને પ્રસિદ્ધિ ન જ મળી શકે તેવી બાબતોનો કદી ખેદ કરતા નથી."

આવા કોઈ શ્રીકૃષ્ણની શું અત્યારે જરૂર નથી ? કે જે ગંભીર પરિસ્થિતિના દર્શનમાંથી પેદા થયેલી હતાશાને ખંખેરી નાંખે તેવી એક ભીષણ રાડ પાડે અને આપણા ગાત્રોમાં થીજી ગયેલી હતાશા અને નિર્માલ્યતાને ધ્રુજાવી મૂકે ?

એવા શ્રીકૃષ્ણને ક્યાંથી લાવવા ? એકાએક આકાશમાંથી થોડા જ ઊતરી પડવાના છે ? રે ! એનો પાઠ પણ આપણામાંથી જ કોઈકે ભજવવાનો છે અને સત્તાવાહી સૂરમાં આદેશ આપવાનો છે, **'પાર્થને કહો ચડાવે બાણ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ.'**

આર્યોની પેલી વાણીને યાદ કરીએ અને ઢંઢોળીએ આપણા મહાન આત્માને, ***'उत्तिष्ठ ! जाग्रत ! प्राप्यवरान् निबोधत !'***

છેલ્લા પાંચસો વર્ષોમાં આપણી જ કેટલીક ભૂલોને કારણે આપણે ભલે યુદ્ધ હારી ગયા છીએ, ભારત દેશ(ધરતી) આબાદ થયો પણ આ યુદ્ધમાં આપણે ભારતીય પ્રજા, આર્યાવર્તની મોક્ષલક્ષી સંસ્કૃતિ, ધર્મો અને ધર્મશાસન-અસ્મિતા, તેજસ્વિતા અને પવિત્રતા-હારી ચૂક્યા છીએ એ કબૂલ છે, પણ સબૂર ! જો આપણે હિંમત નહિ હારીએ તો હારેલું યુદ્ધ પાછું જીતી લેવામાં બહુ વાર નહિ લાગે, બહુ મહેનત પણ નહિ પડે.

જે યુદ્ધ હાર્યો તે હાર્યો નથી, પણ જે હિંમત હાર્યો તે યુદ્ધ હાર્યો છે, બધું જ હારી ગયો છે.

ચાલો, હિંમત ભરો હૈયે....અને પછી....

દે દોટ સમંદરમાં કે રામલો રાખણહાર.

કેવો હતો એ સ્વરાજપ્રાપ્તિનો જંગ !

કેવી જાનની બાજીઓ ખેલાઈ હતી !

કેવા લોહી રેડાયા હતા !

જાન અને જાનૈયાને પડતા મૂકીને કોક વરરાજા ક્રાન્તિના સરઘસમાં જોડાઈ જઈને તરત પકડાયા હતા અને હોંશે હોંશે જેલભેગા થયા હતા !

પેલા ગાંધી ડોસાએ એક દિ' હાકલ કરી કે, 'સ્વરાજ ન મળે ત્યાં સુધી દરેક સુખી રાષ્ટ્રપ્રેમીએ પણ રોજના માત્ર ૨૪ પૈસામાં પોતાનું ગુજરાન ચલાવવાની પ્રતિજ્ઞા કરવી જોઈએ, કેમકે દેશના કરોડો ગરીબોની માથાદીઠ કમાણી સરેરાશ ૨૪ પૈસા છે.'

અને...કેટલાય યુવાનો, વકીલો, ડૉક્ટરોએ ધીકતી કમાણીના ધંધા સમેટી લઈને ગાંધીચીંધ્યા કઠોર માર્ગે ડગ માંડી દીધા હતા.

ગોવિંદસિંહના બે વહાલા દીકરાઓ ! મોગલો સામેના યુદ્ધમાં કેસરિયાં કરવાનો સમય આવ્યો ત્યારે પિતાએ મોટા દીકરાને આદેશ આપ્યો. અને તે વિરાટ મોગલસેના વચ્ચે ધસી ગયો, ન જાણે

કેટલાયને ખતમ કરીને અંતે ખતમ થયો.

પિતાએ બીજા દીકરાને કેસરિયાં કરવા માટે આદેશ કર્યો. તે વખતે દીકરાએ કહ્યું, 'પિતાજી ! જરાક પાણી પીને આવું.'

હસતાં હસતાં ગોવિંદસિંહે કહ્યું, 'બેટા ! હવે પાણી પણ પછી.' અને બીજી જ સેકંડે નવજવાન દીકરો મોગલોના ટોળાંની વચ્ચે ખૂનખાર જંગ ખેલતો પિતાને જોવા મળ્યો.

શું વાત કહું ? ભારતમાંથી મૂલ્યવાન પુસ્તકોની ભેટ મેળવીને ચીની યાત્રી હ્યુ એન સંગ સ્વદેશ ભણી વિદાય લઈ રહ્યો હતો. એને નદી પાર કરાવવા માટે ભારતના કોઈ પ્રાધ્યાપકે પોતાનો યુવાન વિદ્યાર્થી સોંપ્યો. અધવચમાં હોડી આવતાં હોડી ડૂબવા લાગી. નાવિકે ભાર ઓછો કરવાનો ચીની યાત્રીને આદેશ આપ્યો. મૂલ્યવાન પુસ્તકોનો કોથળો પાણીમાં પધરાવી દેવાની કલ્પનાથી ચીની યાત્રીની આંખમાં આંસુડાં ધસી આવ્યા. પળમાં જ તે પરિસ્થિતિ પામી જઈને પેલા ભારતીય યુવાને નદીના ધસમસતા પ્રવાહમાં પોતાની જાતને ફેંકી દીધી. ભાર ઓછો થઈ ગયો, પણ એક તરવરિયા યુવાનનો ભોગ લઈને. ડૂબતા વિદ્યાર્થીએ હસતે મોંએ ચીની યાત્રીને છેલ્લા પ્રણામ કર્યા અને તરત જ તળિયે જઈને સમાધિ લીધી.

કેવું બલિદાન ! કેવી યશોગાથા ! કેવું ભારત ! કેવી પ્રજા ! કેવી સંસ્કૃતિ ! કેવો ધર્મ !

સીતાનું રાવણ અપહરણ કરી રહ્યો હતો. તે વખતે તે અન્યાય જટાયુથી સહન ન થયો અને ગરુડરાજ રાવણ ઉપર તૂટી પડ્યો. રાવણના પ્રહારથી ગરૂડ ઘાયલ થઈને મરી ગયું. મરણ સમયની છેલ્લી પળોમાં વનવાસીઓએ તેને સવાલ કર્યો કે, 'શક્તિનું માપ કાઢ્યા વિના તમે આવું સાહસ કેમ કર્યું ?'

જટાયુએ કહ્યું, 'કેમકે મારાથી એ અધર્મ જોઈ શકાયો નહિ.'

આવું જ સર્વત્ર વિજેતા બની રહેલા નેપોલિયનને આંતરવા માટે ભેગા થયેલા યુવાન રાજકુમારોની મીટિંગમાં બન્યું. જયારે બધા ય રાજકુમારો હતાશ થઈ ગયા હતા ત્યારે એક રાજકુમારે એવું એક જ વાક્ય આવેશમાં આવીને કહ્યું કે તરત જ બધાયમાં વીજળી જેવો શક્તિનો પ્રવાહ ઘૂમવા લાગ્યો. સહુ લડવાને સજ્જ બની ગયા. એ રાજકુમારનું વાક્ય હતું : **Somebody must stop him somewhere.**'

બલિદાનની આવી યશોજ્જવલ ગાથાઓ જાણીને ય શું આપણે હતાશા નહિ ખંખેરીએ ? આપણું કામ પુરુષાર્થ કરવાનું, ફળ ગમે તે આવે. વસ્તુતઃ સત્પુરુષાર્થનું ફળ સારું જ આવે છે. રે ! આપણે આ પુરુષાર્થ ધોળે દિ' આસમાનના તારા તોડવા જેવો, રેતીમાં નાવ દોડાવવા જેવો કે લોહચણા ચાવવા જેવો કેમ ન હોય ? પણ તો ય આપણે તે કરવો જ પડશે.

હિંમત હારવાની કશી જરૂર નથી. જો ઉદેપુરના મંત્રીએ માંસાહારી પ્રાણી સિંહને દૂધ પીતો કરી દીધો હતો, જો બહાદૂરસિંહજીએ અંગ્રેજોના પગમાંથી જોડા ઉતરાવીને જ શિખરજીનો પહાડ ચડવા દીધો હતો, જો લાલભાઈ શેઠ બૂટ પહેરીને આબુના મંદિરમાં પેઠેલા અંગ્રેજ સાહેબની સામે કેસ કરીને અંગ્રેજોના શાસન-કાળમાં વિજય મેળવી શક્યા હતા, જો રામલો બારોટ અત્યંત ક્રૂર અજયપાળની તારંગાતીર્થનો ધ્વંસ કરવાની મુરાદને નાટક કરવા દ્વારા ધૂળમાં મેળવી શક્યો હતો, જો આજે પણ ભારતમાં ભૂતપૂર્વ વડાપ્રધાન મોરારજીભાઈ વિશ્વના કાયદા(પરદેશ જતાં પ્રાણિજ રસી મૂકવાના)ને અવગણીને અહિંસાનું આચરણ ચુસ્તપણે કરી શકતા હોય અને રશિયન રાજકારણી અગ્રણીઓના ટેબલ ઉપરથી દારૂ અને પછી ચાના કપ પણ દૂર કરાવી શકતા હોય તો આપણે

આપણા સિદ્ધાન્તોની પુનઃપ્રતિષ્ઠા કરવાના પુણ્યકાર્યમાં નાહિંમત અને નિરાશ શા માટે થવું જોઈએ ?

મને ફરીથી એ વાત જણાવવા દો કે આપણા કાર્યનું પરિણામ આપણા જીવનકાળમાં ભલે કદાચ ન પણ આવે. મહારાણા પ્રતાપે મરતી વખતે જે વફાદાર હિન્દુ રાજપૂતોને મોગલોને તાબે નહિ થવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી તેનું ફળ ઠેઠ એકસો વર્ષ બાદ આવ્યું હતું. ત્યારે મોગલ સલ્તનતનો અસ્ત થયો હતો.

તો ચાલો, હતાશાને ખંખેરી નાંખીએ અને મહાભારત-કથામાંથી અડાબીડ ઉભરાયેલી પ્રેરણાઓ દ્વારા પ્રથમ પોતાના જીવનને યશોજ્જવલ બનાવીએ. ભારતને અને જગતને પણ યશોજ્જવલ બનાવવાનો યજ્ઞ માંડીએ.